શ્રી કચ્છી
મારૂ કંસારા-સોની
જ્ઞાતિ મંડળ
અમદાવાદ

પાના નં. ૧ • કુલ પેજ : ૧૭૬

શ્રી કચ્છી મારૂ કંસારા-સોની જ્ઞાતિનું
પારિવારીક સામાયિક

# જ્ઞાતિસેતુ

કિંમત ₹ ૨૦/-

તંત્રી મંડળ : હંસરાજ કંસારા (મુખ્ય તંત્રી) • અતુલ સોની • કુ. એક્તા કટ્ટા • વર્ષ -૧૧ • અંક-૨ • ઑક્ટોબર - નવેમ્બર-૧૫

## વિરાસત વિશેષાંક





## આપણા પરિવારો અને
## આપણી પરંપરાઓ

*With Best Compliments From........*

મગનલાલભાઈ વલમજીભાઈ બારમેડ઼ા
પ્રફુલ્લ મગનલાલભાઈ બારમેડ઼ા 93022 20888, 94242 26637
પરેશ મગનલાલભાઈ બારમેડ઼ા 93297 73777, 94255 13684

JAS-ANZ ISO
9001 - 2008 CERTIFIED COMPANY






# asian PVC(TM)

## PVC & Plastics

**Manufacturer & Traders of All Type PVC Pipe & Fittings**

Factory - Sec - C, Industrial Area, Urla, Raipur (CG)

Email: asian_plast@hotmail.com

# AARYAN

## COLONIZERS & DEVELOPER PVT. LTD

107- 1st Floor, Arihant Complex, Station Road, Raipur (C.G.)

એકમેકને ઓળખવાનો

# જ્ઞાતિસેતુ

વર્ષ : ૧૧ ● અંક : ૨

ઓક્ટો.-નવેમ્બર'૧૫

**મુખ્ય તંત્રી**

હંસરાજ કંસારા ૦૭૯ ૨૬૮૭૨૩૫૦

**તંત્રી મંડળ**

અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦

તુલસીદાસ કંસારા ૯૮૨૫૦ ૮૨૬૩૯

કુ. એકતા કટ્ટા ૯૮૭૯૧ ૯૪૩૩૪

**વ્યવસ્થાપક સમિતિ**

**ચેરમેન**

મનુભાઈ કોટડીયા ૯૬૦૧૨ ૭૫૦૭૮

**માનદ્ સંયોજક**

અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦

**મુદ્રણ આયોજન**

સૂર્યકાંત સોની ૯૬૮૭૦ ૭૫૬૩૩

**વેબસાઈટ**

ચિરાગ બુદ્ધભટ્ટી ૯૭૨૫૪ ૭૯૧૩૧

**નાણાકીય આયોજન**

કનુભાઈ બીજલાણી ૯૨૭૬૮ ૪૦૯૧૩

(સંપર્ક સમય : રાત્રે ૯ થી ૧૧)

**જાહેરાત તથા લવાજમ માટે સંપર્ક :**

● **અમદાવાદ**

ઉદય પરમાર ૯૮૭૯૧ ૦૬૩૫૩

● **ભુજ**

ઈશ્વરભાઈ વી. હેડાઉ ૯૪૨૯૦ ૮૩૨૯૫

વિજયભાઈ એમ. બુદ્ધભટ્ટી ૯૯૭૯૭ ૯૭૫૮૪ (રૂલપ્રેસવાળા)

● **અંજાર**

અનિલ એસ. સોની ૯૮૨૪૨ ૮૫૨૧૦

● **નખત્રાણા**

પ્રફુલભાઈ કંસારા ૯૮૭૯૧ ૨૨૨૬૫ (પાર્થ સ્ટેશનરી માર્ટ)

● **માધાપર**

હિતેશ સોની (કરણ જ્વેલર્સ) ૯૪૨૭૪ ૪૩૮૭૪

● **સાબરકાંઠા**

દિનેશભાઈ સોની (વૈશાલી જ્વેલર્સ-તલોદ) ૯૬૦૧૭૧૭૫૫૫

**માનદ્ સંયોજક (ભુજ)**

શૈલેષ કંસારા ૯૮૨૫૦ ૧૨૫૦૩

સુધા બુદ્ધભટ્ટી ૯૯૨૫૩ ૧૩૭૩૪

**જ્ઞાતિસેતુ પત્ર-વ્યવહાર માટે સંપર્ક :**

અતુલ સોની, ઈ-૫૦૪, આર્યમાન આવાસ, સાંઈબાબા મંદિર સામે, દેવાશિષ સ્કુલ પાસે, સેટેલાઈટ, અમદાવાદ-૧૫.

**કાર્યાલય :** રાજેન્દ્ર સોની

ધવલ જ્વેલર્સ, ચાંલ્લા ઓળ, માણેકચોક, અમદાવાદ-૧ ફોન : ૦૭૯-૨૨૧૪ ૪૦૦૮

**વેબ સાઈટ :** www.gnyatisetu.com

**ઈ-મેલ :** gnyatisetu@gmail.com

છુટક કિંમત રૂા. ૨૦/-

ત્રિ-વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/-

**'જ્ઞાતિસેતુ'માં પ્રસ્તુત રચનાઓમાં રજૂ કરેલા વિચારો જે તે લેખકોના છે. 'જ્ઞાતિસેતુ'નું એની સાથે સંમત હોવું આવશ્યક નથી.**

## તંત્રી સ્થાનેથી

'સેતુ'ના સ્વજનોને નૂતનવર્ષની શુભકામના. આગામી વર્ષ આપણા સૌના માટે મંગલમયી બની રહે તેવી શુભકામના.

આપણી મારૂ કંસારા સોની જ્ઞાતિ પરિવારો ૩૦૦-૪૦૦ વર્ષ પૂર્વેથી કચ્છમાં સ્થાયી થયેલ છે. પૂર્વજો રાજસ્થાન-મારવાડ વિસ્તારમાંથી સમયાંતરે સ્થળાંતર કરી કચ્છના વિવિધ ગામ-શહેરોમાં સ્થાયી થયા છે. આપણા પૂર્વજોનાં ઈતિહાસની ભાગ્યે જ કોઈ વિગત લેખિત સ્વરૂપમાં ઉપલબ્ધ છે. મહદઅંશે રાજસ્થાનથી આવતા ભાટ-વહીવંચાઓ પાસે પરિવારોની વંશાવળી મળી રહે છે.

આ માહિતી સ્ત્રોત પણ હવે છેલ્લા કેટલાક વર્ષોથી કાર્યરત નથી. આ વિગતો પણ માત્ર વંશાવળી દર્શાવે છે, પરંતુ પરિવારોની પરંપરાઓ અને અસ્મિતાઓ વિશે કિંવદંતીઓ સિવાય બીજું કંઈ લેખિતમાં ઉપલબ્ધ નથી.

સમગ્ર વિશ્વમાં દરેક સમાજને પોતાની વિરાસત, સંસ્કૃતિ અને પૂર્વજોના ઈતિહાસ જાણવાની અને એને જાળવવાની ઇચ્છા સ્વાભાવિકરૂપે રહેલ છે.


જ્ઞાતિસેતુ એ આ બાબતે પ્રારંભથી જ જાગૃતિ કેળવવા પ્રયાસ કરેલ છે. જ્ઞાતિસેતુના નેજા હેઠળ શ્રી તુલસીદાસ કંસારા અને કુ. એકતા કટ્ટા દ્વારા સંશોધનાત્મક માહિતી મેળવવા પ્રયાસો કરવામાં આવેલ જે જ્ઞાતિસેતુમાં છેલ્લા દશ વર્ષ દરમિયાન શૃંખલારૂપે પ્રકાશિત કરવામાં આવેલ છે. આ માહિતીને વધુ સમૃદ્ધ બનાવવા ગત અંકમાં આહવાન કરવામાં આવેલ જેને ખૂબ ખૂબ પ્રતિસાદ મળેલ છે. સમાજના વિવિધ ગોત્રના પરિવારો તરફથી મૂલ્યવાન માહિતી પ્રાપ્ત થયેલ છે. આ માહિતીને વ્યવસ્થિત સ્વરૂપે મૂકવા પ્રયાસરૂપે આપણા પરિવારો અને આપણી પરંપરાઓનો આ **"વિરાસત વિશેષાંક"**નું પ્રકાશિત કરેલ છે. જ્ઞાતિસેતુનો આ અંક ઈતિહાસલક્ષી બની રહેશે તેવો વિશ્વાસ છે.

તાજેતરમાં મહામંડળ દ્વારા પણ આપણા પૂર્વજોના વિસ્તારમાં રાજસ્થાન સ્થિત સમાજ સાથે સંવાદ સાધવા વડાલીખાતે એક મિલન યોજી પહેલ કરવામાં આવેલ છે. આ મીટિંગ દરમિયાન ભુજ જ્ઞાતિ દ્વારા જ્ઞાતિસમાજના રીતરિવાજો અંગેની મહત્ત્વપૂર્ણ સંકલિત માહિતીનું વિતરણ કરવામાં આવેલ છે જેનો આ અંકમાં ગૌરવભેર સમાવેશ કરેલ છે.

આ વિશેષાંકને તૈયાર કરવામાં શ્રી તુલસીદાસ કંસારા અને કુ. એકતા કટ્ટાનું મહત્ત્વપૂર્ણ યોગદાન રહે છે. જ્ઞાતિના વિવિધ ગોત્ર પરિવારોની પરંપરાઓ વિશે માહિતી મોકલનાર સર્વે લેખકોનો તંત્રીમંડળ હૃદયપૂર્વક આભાર માને છે.

**- અતુલ સોની**

# વહાલનાં વધામણાં



જ્ઞાતિસેતુના સ્વજનોને નૂતન વર્ષની હાર્દિક શુભકામના......

આપણા સમાજના દરેક વિભાગમાંથી છેલ્લા અગિયાર વર્ષથી 'જ્ઞાતિસેતુ'ને અપ્રતિમ સાથ સહકાર અને સહયોગ મળેલ છે તેનાથી સેતુ ટીમને સતત પ્રોત્સાહન મળેલ છે.

જ્ઞાતિસેતુના મુખ્ય તંત્રી વડીલ શ્રી હંસરાજ કંસારાની નાદુરસ્ત તબિયત હોવા છતાં તેમના સક્રિય માર્ગદર્શન હેઠળ શ્રી તુલસીદાસ કંસારા અને શ્રી અતુલ સોનીએ જહેમત લઈ આપણા પરિવારો અને પરંપરાઓનો વિરાસત વિશેષાંક તૈયાર કરેલ છે તે જ્ઞાતિસેતુના વાંચકોને પસંદ પડશે તેવો મને વિશ્વાસ છે.

આ અંકમાં કુ. એકતા કટ્ટાની સંશોધનાત્મક સામગ્રી તથા વિવિધ નુખના પરિવારો તરફથી મળેલ માહિતીનો સમાવેશ થયેલ. માહિતીઓ મોકલનાર સર્વેનો ખૂબ ખૂબ આભાર. આપણી જ્ઞાતિના એક જ અટક ધરાવનાર પરિવારોમાં પણ અલગ-અલગ દેવસ્થાન અને પરંપરાઓ છે. આ અંકમાં આપવામાં આવેલી માહિતી સંપૂર્ણ કે અંતિમ ગણી શકાય નહીં પરંતુ તે આવતી પેઢી માટે પૂર્વજોના વિરાસતોને આગળ લઈ જવામાં માર્ગદર્શક બની રહેશે તેવી આશા છે.


વિશેષમાં સર્વે ઘટક સમાજ દ્વારા વિશેષાંકના પ્રકાશન માટે શુભેચ્છા, જાહેરાત સ્વરૂપે સહયોગ પ્રાપ્ત થયેલ તે માટે જ્ઞાતિસેતુ પરિવાર સદૈવ આભારી રહેશે.

વિવિધ ગામ અને શહેરોમાં નિઃસ્વાર્થ કાર્ય કરતા સેતુના સર્વે સહયોગીઓના યોગદાનની નોંધ લઈ નૂતનવર્ષની શુભકામના સાથે આભારની લાગણી વ્યક્ત કરું છું.

**- મનુભાઈ કોટડીયા**

ચેરમેન, જ્ઞાતિસેતુ વ્યવસ્થાપક સમિતિ

## પ્રીતિભાવ



'જ્ઞાતિસેતુ'ના આ 'ઐતિહાસિક અંક' વિષે હું એનો તંત્રી જ કંઈક કહું તો તે આત્મશ્લાઘા ગણાય એ જાણતો હોવા છતાંય એક તંત્રી તરીકે મારી ફરજ બને છે કે વાંચકોને એ હકીકતથી વાકેફ કરું કે આ અંકની વિષયવસ્તુના વિચારને આકાર આપવામાં મારા સહયોગી શ્રી અતુલ સોની અને મનુભાઈનું મહત્ત્વપૂર્ણ યોગદાન રહ્યું છે. વાસ્તવમાં છેલ્લા છએક માસથી હું અસ્વસ્થ હોતા મહદ્અંશે દિલ્હી હતો.

આ ગાળા દરમ્યાન જે ત્રણ અંકો પ્રકાશિત થયા તેમાં નવા વિચારો, અને એ વિચારોને વાસ્તવમાં પરિવર્તિત કરવાની મક્કમતા જે મારા યુવા સહયોગીઓએ દાખવી છે તેના પરિણામે સેતુ ઉત્તરોત્તર મજબૂત અને નવા વિચારોથી અભિભૂત થઈ રહ્યું છે, જેનું મને ગૌરવ છે.

આ અંકમાં શ્રી તુલસીદાસભાઈ કંસારા તેમજ એકતા કટ્ટાના અગાઉ પ્રકાશિત લેખોને નવતર રૂપ આપવાનું શ્રેય તુલસીદાસભાઈને જાય છે. મારા સહયોગી તરીકે એમને પણ મારે બિરદાવવાના જ રહ્યાં.

આ અંકના સર્વે લેખકો તેમજ આપણા સમાજના સર્વે મોભીઓ તેમણે આ અંક માટે યોગદાન અને પ્રોત્સાહન આપ્યું તે બદલ તેમનો સહુનો હું આભાર માનું છું. વાંચકો જેઓ 'સેતુ'ના સમગ્ર અસ્તિત્ત્વ સમાન છે તેમને સૌને મારા - નવ વર્ષ - અભિનંદન.

**- હંસરાજ કંસારા**

મુખ્ય તંત્રી, 'જ્ઞાતિસેતુ'

## સૌનું અનેરુ પર્વ દીપાવલી પર્વ

૧૧મી સદીમાં ભારત પ્રવાસે આવેલા પ્રવાસી આલ્બુરેહનખીવે પોતાની નોંધમાં લખ્યું છે કે અહીં લોકો અનેક ઉત્સવો ઉજવે છે. તેમાં લગભગ ૯૦૦ વર્ષથી પણ વધારે સમયથી ''દીપાવલી''નામનો મહાઉત્સવ દેશભરમાં ઉજવવામાં આવે છે. આજે પણ કાશ્મીરથી લઈ કન્યાકુમારી સુધી જુદા જુદા સ્વરૂપે આ ઉત્સવ ઉજવાઈ રહ્યો છે.

આસો વદ ૧૫(અમાસ) એટલે દિપાવલી, દિપોની હારમાળ દિપોત્સવ, અમાસની કાજળઘેરી અંધારી રાતને નાનકડાં ટમટમતાં દિવડા પણ પૂનમની પ્રકાશમય જ્યોતિર્મય રાત્રી બનાવી શકે છે. એ જ આ દિવસનો શુભ સંદેશ છે. આ દિવસ વિષ્ણુ અને લક્ષ્મીના લગ્નોત્સવ દિવસ તરીકે ઉજવાય છે. બંગાળમાં કાલિકાપૂજનનાં દિવસ તરીકે ઉજવાય છે. રાવણ વધ બાદ રામનો અયોધ્યા પુનપ્રવેશ દિવસ તેમજ રામરાજ્યાભિષેક દિવસ તરીકે ઉજવાય છે. શીખ ધર્મના સુવર્ણ મંદિરની પહેલી ઈંટ મૂકાયાનો દિવસ, જૈન ધર્મના મહાવીર સ્વામીનો નિર્વાણ દિવસ. હનુમાનજીને સિંદૂરપ્રિય બનાવનારો દિવસ. આજના દિવસે જ રામરાજ્યાભિષેક સમયે જેમાં રામના દર્શન થાય તેવી વસ્તુ જ્યારે માતા સીતા પાસે માગી ત્યારે માતાજીએ પોતાના સેંથાનું સિંદૂરની ચુટકી ભરી હનુમાનજીને આપી. તેમાં હનુમાનજીને પ્રભુ શ્રીરામનાં દર્શન થયાં અને તે સિંદૂર હનુમાનજીએ મસ્તક પર ચઢાવ્યું હનુમાનજી આ દિવસથી સિંદૂરપ્રિય બન્યા હતા, તેથી આ દિવસે હનુમાનજીની પૂજા સિંદૂરથી કરવાનું વિશેષ મહત્ત્વ છે. વિક્રમ સંવતનો છેલ્લો દિવસ છે.

## ગુલામ એક નહિં - બે

એક શ્રીમંત હતો. એની પાસે ગણ્યું ગણાય નહિ એટલું ધન હતું. સંતાનમાં માત્ર એક દીકરો હતો. પોતે દેશનો મોટો શ્રીમંત અને પોતાનો દીકરો ગામના બીજા આલતુ-ફાલતુ છોકરાઓ ભેગો ભણે એ શ્રીમંતને ગમ્યું નહિં. એણે દીકરા માટે સ્વતંત્ર શિક્ષક રોકવાનો વિચાર કર્યો. તે માટે તેણે ગામના એક ખૂબ જ જાણીતા વિદ્વાન પુરુષને બોલાવ્યોને તેને કહ્યું, 'તમે મારા દીકરાને ભણાવો.' વિદ્વાને આ દરખાસ્તનો સ્વીકાર કર્યો પછી સોદા કરવામાં જ જેની જિંદગી ગઈ છે તેવા આ શ્રીમંતે વિદ્વાનનો સીધો પ્રશ્ન કર્યો : 'છોકરાને ભણાવીને એકદમ હોંશિયાર કરવાનો છે બોલો મહેનતાણું શું લેશો?'

વિદ્વાન તો સાચો વિદ્યાપુરુષ હતો. તેને ઘેર અનેક બાળકો ભણવા જતા કોઈનીયે પાસેથી તે કશું લેતો નહિ. વિદ્યા વેચાય નહિ. વિદ્યાદાન સામે બદલાની આશા રખાય નહિ, આ તેનો સિદ્ધાંત હતો, પણ અહીં શ્રીમંતે વિદ્યાદાનના બદલામાં મહેનતાણું શું લેશો એમ પૂછ્યું ત્યારે તે શ્રીમંતના પ્રશ્નની પાછળ રહેલા શ્રીમંતાઈનો ગર્વ તેનાથી છાનો રહ્યો નહીં. એ ગર્વની સામે ઝુકી જાય ને પોતાને વામણો દેખાડે તેવો એ તકલાદી આદમી નહોતો, સાચો વિદ્યા પુરુષ હતો. તેણે સિનો ટટ્ટાર કરી સોદાની ભાષામાં જ જવાબ દીધો કે... આટલા રૂપિયા થશે.

જિંદગીભર રૂપિયા ગણ ગણ કર્યા છે જેણે, એવા આ શ્રીમંતે અહીં પણ રૂપિયા ગણ્યા. તેને થયું કે આટલા બધા રૂપિયા કોઈ માસ્તરને અપાય નહિ એટલે તેણે કહ્યું, ''આટલા બધા રૂપિયા?'' આટલા રૂપિયામાં તો હું મારા ઘરમાં ચોવીશે કલાક કામ કરે એવો ગુલામ રાખી શકું.

વિદ્યા પુરુષે આ તક જોઈ બરાબરનો ટોણો માર્યો, ''તે રાખી લેજો એટલા રૂપિયામાં એક નહિ બે ગુલામ મળશે, એક એ ગુલામને બીજો તમારો ભણ્યા ગણ્યા વિનાનો દીકરો ગુલામ.''

આપણે સૌએ સમજવા જેવી વાત છે. સંતાનની કેળવણીનો આપણી કમાણી પર પહેલો અધિકાર છે. ઓછું ખાધુ નહિ દેખાય. પણ ઓછું ભણ્યું, ઓછું વિચાર્યું, ઓછું સમજ્યું તરત દેખાશે અને આપણને ભુંડા દેખાડશે.

માટે બાળકોની વિદ્યા પ્રાપ્તિના માર્ગમાં કોઈ વિઘ્ન આવવા દેવું નહિ, એનો વિદ્યાનો માર્ગ બને તેટલો સરળ કરી આપવો એ અર્થ શ્રીમંતોની હરીફાઈ કરી કશું જ કરવાની જરૂર નથી પણ જે અનિવાર્ય પણે કરવાનું છે તે બાળક પ્રત્યે અને વિદ્યા પ્રત્યે પૂર્ણ ભાવે શ્રદ્ધા ભાવે યથાશક્તિ, યથામતી યથાસમયે કરવાનું છે.

**- રમણલાલ સોની**

# મહામંડળના હોદ્દેદારશ્રીઓ, ઘટક સમાજના પ્રમુખશ્રીઓ અને મંત્રીશ્રીઓ સાથે રાજસ્થાન-મારવાડી સોની સમાજ આગેવાનો સાથે મીટીંગ


**- અતુલ સોની (અમદાવાદ)**


કચ્છ અને કચ્છ બહાર વસતા આપણી જ્ઞાતિ-મારૂ કંસારા સોની જ્ઞાતિના પરિવારો વર્ષો પૂર્વે રાજસ્થાન-મારવાડથી આવેલ છે. મારવાડી સોની સમાજ આગેવાનો સાથે વડાલી ગામે, ગત તા. ૪-૧૦-૧૫ના રોજ એક મીટિંગનું આયોજન કરવામાં આવેલ. મહામંડળના હોદ્દેદારો અને ઘટક સમાજના પ્રમુખ-મંત્રી સહિત સમાજ આગેવાનોએ મારવાડી સમાજ સાથે સામાજિક એકતાનો વ્યાપ વધારવા સહચિંતન કરેલ. મહામંડળના ઉપપ્રમુખશ્રી લખમશીભાઈ કોટડીયાના અધ્યક્ષપદે યોજાયેલ સભામાં સાબરકાંઠા તથા રાજસ્થાનથી આવેલ મારવાડી સોની સમાજના આગેવાઓને ભાગ લીધેલ.

ઐતિહાસિક રીતે આપણા સમાજના પૂર્વજો રાજસ્થાનથી આવેલ હોઈ ત્યાંના સમાજ સાથે સંપર્ક સ્થાપિત કરવા અંગેનો મુદ્દો કચ્છ સ્થિત જ્ઞાતિ આગેવાનો વચ્ચે અવારનવાર ચર્ચાતો રહેલ છે. જ્ઞાતિ મહામંડળના મહામંત્રી પ્રેમજીભાઈ કેશવજી સોનીએ આ અંગે પહેલ કરી ભારે જહેમત ઉઠાવી વડાલી ખાતે ચર્ચાબેઠકનું આયોજન કરેલ. ભુજ, અંજાર, ગાંધીધામ, નખત્રાણા, માંડવી, અમદાવાદ, સાબરકાંઠા જ્ઞાતિના આગેવાનો અને મહામંડળના હોદ્દેદારો આ પ્રસંગ વિશેષ ઉપસ્થિત રહેલ.

કાર્યક્રમની શરૂઆત શ્રી વિષ્ણુભાઈ સોની દ્વારા રજૂ કરાયેલ પ્રાર્થનાથી થઈ. ત્યારબાદ ભુજ જ્ઞાતિ પ્રમુખશ્રી દિલીપભાઈ બગ્ગા પધારેલ સર્વે અગ્રણીઓનું સ્વાગત કરેલ તેમણે જણાવેલ કે પૂર્વ પ્રમુખ સ્વ. કિશોરભાઈ ચનાણીનું

મહામંડળના ઉપપ્રમુખ શ્રી લખમશીભાઈ સોની






મહામંત્રી શ્રી પ્રેમજીભાઈ સોલંકી

મારવાડી સમાજ સાથેના મિલનનું સ્વપ્ન આજ સાકાર થયેલ છે. મહામંડળના મહામંત્રીશ્રી પ્રેમજીભાઈ સોનીએ આજની મીટિંગને ઐતિહાસિક ગણાવી એકતા માટે કાર્ય કરવા અનુરોધ કરેલ.

મહામંડળના ઉપપ્રમુખશ્રી અમૃતલાલ જેઠાલાલ સોલંકીએ આનંદ વ્યક્ત કરતા જણાવેલ કે ૪૦૦ વર્ષ બાદ મળીએ છીએ. મારવાડથી ફતેહપુર, વાગડ, ધમડકા થઈને પૂર્વજો કચ્છમાં સ્થાઈ થયેલ. રાજસ્થાનથી આવતા ભાટ, બારોટ એ અંગે રેકોર્ડ રાખેલ છે. વિશેષમાં તેઓએ જણાવેલ કે વાસણ કામ સાથે સંકળાયેલ હોવાથી કંસારા નામે ઓળખાયેલ છે અને અમારા સમાજ કોઈ છૂત, અછૂત કે ઉંચનીચ કે ભેદભાવ રાખવામાં આવતા નથી.

આ પ્રસંગે ઈડરના શ્રી ગીરધારીલાલ ગુલાબચંદ સોની જેઓ શ્રી અખિલ ભારતીય સર્વ હિતકારી ટ્રસ્ટના પ્રમુખ છે તેઓ વિશેષરૂપે ઉપસ્થિત રહેલ. સ્વાગતના પ્રત્યુત્તરમાં તેઓએ શ્રી પ્રેમજીભાઈ સોની દ્વારા કરવામાં આવેલ પહેલને આવકારીને જણાવેલ કે વર્તમાન સમયમાં ખૂબ એકતા અને સંગઠન ખૂબ જરૂરી છે. આપણે એકબીજાના પ્રસંગોમાં હાજરી આપી સંબંધો વિકસાવવા જોઈએ. તેઓએ અખિલ ભારતીય સર્વ હિતકારી ટ્રસ્ટની કામગીરીની માહિતી આપી અને સમાજના વિકાસ કાર્ય માટે પ્રતિબદ્ધ થવા હાકલ કરેલ. ત્યારબાદ અંબાજીથી પધારેલ શ્રી પુષ્પરાજન સોનીએ પરસ્પર સંવાદ માટે એક સમિતિની રચના કરવા સૂચન કરેલ. મહામંડળના સંગઠનમંત્રીશ્રી હેમેન્દ્રભાઈ કંસારાએ સામાજિક



મારવાડી આગેવાન શ્રી ગીરધરલાલજી સોની

એકતાનો વ્યાપ વિસ્તારવા અનુરોધ કરતા જણાવેલ કે હાલના સમયમાં સંગઠિત થઈને ઓબીસી સહિતના સમાજ પ્રશ્નો અંગે અવાજો ઉઠાવવો જરૂરી છે.

જ્ઞાતિસેતુના તંત્રીશ્રી અતુલ સોનીએ જણાવેલ કે પારિવારિક સંપર્ક વિકસાવવા માટે સમાજના મુખપત્રો ઉપયોગી શકે છે.

મહામંડળના સહમંત્રીશ્રી ફોરમભાઈ સોનીએ રાજસ્થાન સાથેના સંબંધો માટે વિશેષ સંશોધન કરવાની જરૂરિયાત જણાવી મહામંડળને આ કાર્ય માટે વિશેષ ફંડની વ્યવસ્થા કરવા સૂચન કરેલ તે ઉપરાંત સમાજમાં બેટી બચાવ અભિયાન જરૂરી હોવાનું મંતવ્ય વ્યક્ત કરેલ. ચાંડવના મારવાડી આગેવાન શ્રી મુલચંદજી સોનીએ એકતા માટે સતત પ્રયત્નોની જરૂરત દર્શાવેલ.

શ્રી મારૂ કંસારા સોની ઉત્કર્ષ મંડળ ગાંધીધામના પ્રમુખશ્રી ભરતભાઈ બગ્ગાએ સમાજ વિકાસ કાર્યોમાં મહિલાઓની ભાગીદારી પર ભાર આપી મહામંડળના આ કાર્યને અશ્વમેઘ યજ્ઞ સમાજ જણાવેલ. ત્યારબાદ મારવાડી આગેવાનો શ્રી શાંતિલાલ સોની (ખેડબ્રહ્મા) અને ટોડરમલજી (અમીગઢ), ઘેબરલાલજી (વડાલી) એ પ્રસંગોચિત ઉદ્બોધન કરેલ.

સ્વઉત્કર્ષ મંડળના સ્થાપક પ્રમુખ શ્રી અરૂણભાઈ કંસારાએ એકતા અંગેના કાર્યને વ્યવસ્થિત કમિટી બનાવી સુદૃઢ કરવા સચૂન કરેલ. 'હેમલેખા'ના તંત્રીશ્રી શાંતિલાલ સોનીએ જ્ઞાતિનામમાં રહેલ 'મારૂ' શબ્દ એકતા દર્શાવતો હોવાનું જણાવી લોકશિક્ષણની મહત્તા પર ભાર મૂકેલ. વડાલીના યુવા કાર્યકર શ્રી અતુલ પ્રેમજીભાઈ સોનીએ આ પહેલ બંને સમાજ વચ્ચે વ્યવસાયિક સંબંધના વિકાસ માટે ઉપયોગી હોવાનું જણાવી આવકારેલ.

ભુજ જ્ઞાતિ પ્રમુખશ્રી દિલીપભાઈ બગ્ગાએ આર્થિક પછાતપણા અને શિક્ષણના અભાવને સમાજ વિકાસ માટે બાધારૂપ જણાવી નક્કર કાર્ય કરવાની હિમાયત કરેલ. સમાજ પ્રત્યે લાગણી જરૂરી હોવાનું જણાવેલ. મારવાડી સમાજના વડોદરા વિભાગના પ્રમુખશ્રી બાલકૃષ્ણ ભંડેસાએ યોજવા બદલ આનંદ વ્યક્ત કરેલ.

કાર્યક્રમના સમાપન વેળાએ અધ્યક્ષશ્રી લખમશીભાઈ કોટડીયાએ સ્વ. કિશોરભાઈ ચનાણીને યાદ કરી ભાવાંજલી આપેલ. સમાજમાં ભણતરની સાથે જ્ઞાતિ પ્રત્યે ભાવ જાગે તે જરૂરી હોવાનું જણાવી તેઓએ સમાજના મુખપત્રો 'જ્ઞાતિસેતુ' અને 'હેમલેખા' દરેક ઘરમાં જવું જોઈએ તેવો ભાવ વ્યક્ત કરેલ. તેઓએ આજની મીટિંગથી પરસ્પર વિશ્વાસ અને એકતા ભાવના વિકસસે તેવો વિશ્વાસ વ્યક્ત કરેલ. કાર્યક્રમનું સફળ સંચાલન અમદાવાદ જ્ઞાતિના માનદમંત્રીશ્રી અતુલ સોની દ્વારા કરવામાં આવેલ.

આ પ્રસંગે ભુજથી દિલીપભાઈ બગ્ગા, નિતિનભાઈ હેડાઉ, સુનિલભાઈ કંસારા, અમૃતલાલ જેઠાલાલ સોલંકી, નખત્રાણાથી શ્રી હેમેન્દ્ર કંસારા, માંડવીથી શ્રી વિનોદભાઈ હેડાઉ, ગાંધીધામથી શ્રી અરૂણભાઈ કંસારા, ભરતભાઈ બગ્ગા, અમદાવાદથી જ્ઞાતિપ્રમુખ શ્રી રાજેન્દ્ર સોની, જ્ઞાતિસેતુના વ્યવસ્થાપક મનુભાઈ કોટડીયા, શ્રી અતુલ સોની, તલોદથી શ્રી રશ્મીનભાઈ બારમેડા, દહેગામથી શ્રી ગોપાલભાઈ સોની, અંજારથી શ્રી રાજેશભાઈ વિશા પરમાર, અનિલ સોની, કિરણભાઈ સોની, ભરતભાઈ કંસારા સહિત જ્ઞાતિ આગેવાનો ઉપસ્થિત રહેલ.

આ પ્રસંગ સમૂહ ભોજનની સુંદર વ્યવસ્થા કરવામાં આવેલ. બપોર બાદ બીજા સત્રમાં મહામંડળ હોદ્દેદારોની બેઠક મળેલ જેમાં સંયુક્ત સમિતિની રચના ઉપરાંત અન્ય વિષયો પર વ્યાપક ચર્ચા કરવામાં આવેલ.



# નવરાત્રીની ઉજવણી - અંજાર

- અંજના પોમલ (અંજાર)

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ યુવક મંડળ તથા મહિલા મંડળ દ્વારા આ સાલ રાત્રિના જ્ઞાતિ સમાજવાડી મધ્યે નવરાત્રીમાં રાસ ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. દર વર્ષે સાંજે આયોજન કરવામાં આવતું હતું જે બહેનો પૂરતું રહેતું. ભાઈઓ તથા બહેનો દરેક જણ ભાગ લઈ શકે



તેવી સાંપ્રત સમયની જરૂરિયાતને ધ્યાનમાં લઈ આ સાલ રાત્રીના નવરાત્રીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રોજના ૮ ઈનામો રાખવામાં આવ્યા હતા. વેલડ્રેસ તથા વેલ પ્લેઅર માટેના તે ઉપરાંત બેસ્ટ કપલ, બેસ્ટ જોડી, બેસ્ટ પર્સનાલીટી તેમજ આઠમના સોળ શણગાર તથા બેસ્ટ મહેંદીની સ્પર્ધાઓ રાખવામાં આવી હતી. જેમાં બાળકો, યુવાનો તથા મોટેરાઓએ પણ આ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. રોજના ૮ ઈનામોના દાતાઓ સાવિત્રીબેન મનસુખલાલ બારમેડા, સ્મીતાબેન હરીલાલ વીશાપરમાર તથા પુષ્પાબેન સુરેશભાઈ પોમલ રહેલ. તેમજ રોજ બાળકોને આશ્વાસન ઈનામો મહિલા મંડળ તરફથી તથા હરીશભાઈ કટ્ટા તરફથી આપવામાં આવ્યા હતા. તેમજ અન્ય સ્પર્ધાઓના ઈનામો જ્ઞાતિ બહેનોના દ્વારા આપવામાં આવ્યા હતા.

નવરાત્રી દરમ્યાન જુજ બહેનોના ગ્રુપ દ્વારા રોજ વિવિધ મિષ્ટાનની પ્રસાદી માતાજીને ચડાવવામાં આવતી. જ્ઞાતિના તમામ લોકોએ કાર્યક્રમને સફળ બનાવવા તન-મન-ધનથી ખૂબ જ સરસ સહયોગ આપ્યો હતો. જે જ્ઞાતિની એકતાને આવા યુવાનો દ્વારા વધુ સંગઠિત બનાવે છે.

નવરાત્રી દરમ્યાન મહિલા મંડળ દ્વારા ૬૪ જોગણી (કુમારિકાઓ) માટે હર સાલ શ્રી કાલિકા માતાજી મંદિર મધ્યે જમણવાર રાખવામાં આવે છે. આ સાલ તા. ૧૮-૧૦ના રવિવારના દિને કુમારિકાઓ માટે ભોજનપ્રસાદ રાખવામાં આવ્યું હતું, જેમાં જ્ઞાતિ કારોબારી, યુવક મંડળ તથા મહિલા મંડળના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. દર વર્ષે જ્ઞાતિની ૬૪થી પણ વધુ કુમારિકાઓ આવે છે અને તેઓને જ મંડળ દ્વારા તથા જ્ઞાતિ શ્રેષ્ઠીઓ દ્વારા યથાયોગ્ય દક્ષિણા તેમજ વિવિધ વસ્તુઓ આપવામાં આવે છે. આ કાર્યક્રમ જ્ઞાતિજનોના સહયોગથી ખૂબ જ સફળ બની રહ્યો છે.

આપણી જ્ઞાતિની જુની પરંપરા મુજબ હર સાલ નવરાત્રીના નવમા નોરતે (નોમના) શ્રી કાલિકા માતાજી મંદિર મધ્યે દેવકી પૂજન કરવામાં આવે છે તે મુજબ આ વર્ષે પણ કરવામાં આવ્યું હતું. દેવકીપૂજન તથા ૬૪ જોગણીની પૂજામાં બેસવા માટે માતાજીનો ચડાવો કરવામાં આવે છે જે પણ પૂજામાં બેસવા ઈચ્છિત હોય છે તે વધુ ચડાવો કરે છે. આ વર્ષે પ્રકાશભાઈ પોમલે દેવકીપૂજન તથા હરીશભાઈ બારમેડાએ ૬૪ જોગણીની પૂજાનો લ્હાવો લીધો હતો.

આ રીતે નના મોટા સહુનો પ્રિય તહેવાર નવરાત્રી પર્વ જ્ઞાતિજનોએ સંગઠિત થઈ ઉજવવામાં આવ્યો હતો.

હવે આવી રહી છે દિવાળી. દિવાળીની દરેક વાંચક મિત્રોને અંજાર જ્ઞાતિની કારોબારી, યુવક મંડળ તથા મહિલા મંડળ તરફથી ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવીએ છીએ.

## નવરાત્રી આયોજન - માધાપર

- રામજીભાઈ હરીલાલ સોલંકી (માધાપર)




માધાપર ફ્રેન્ડસ ગ્રુપ દ્વારા આ વખતે જ્ઞાતિની વાડી મધ્યે નવરાત્રીનું આયોજન કરેલ જેમાં ખૂબ જ મોટી સંખ્યામાં બહેનો, બાળકો તથા ભાઈઓએ ભાગ લીધેલ. દરરોજ ૧ થી ૩ મુખ્ય ઈનામ તથા ભાગ લેનાર બાળકો તથા બાલીકાઓ માટે લ્હાણી કરવામાં આવેલ.

તેમજ શરદપુનમના પણ દાંડીયા-રાસ તથા ગરબાનું આયોજન કરેલ તેમજ સર્વે જ્ઞાતિજનો તથા બહેનો બાળકોએ ભાગ લીધેલ. તે પ્રસંગે દુધપૌઆ પીરસવામાં આવેલ.

નવરાત્રી દરમ્યાન ભુજના ધારાસભ્ય ડૉ. નિમાબેન આચાર્ય તથા અન્ય મહેમાનોએ મુલાકાત લીધેલ.

*નવા વર્ષની હાર્દિક શુભેચ્છા.....*

**શ્રી સાબરકાંઠા કચ્છ મારૂ કંસારા સોની જ્ઞાતિમંડળ**

તલોદ - સાબરકાંઠા.

*આપ સર્વેને સવંત ૨૦૭૨ નું વર્ષ સુખમય, નિરામય, પસાર થાઓ તેવી હાર્દિક શુભેચ્છા પાઠવીએ છીએ. મંડળને આપના તરફથી સહકાર મળ્યો છે અને હજુ પણ મળતો રહેશે તેવી અપેક્ષા સહ...*

| | | |
|---|---|---|
| ગોપાલભાઈ શામજીભાઈ સોની<br>પ્રમુખ - દહેગામ | શાન્તીલાલ કલ્યાણજી સોની<br>ઉપપ્રમુખ - વડાલી | રશ્મીનભાઈ જેઠાલાલ સોની<br>ખજાનચી - તલોદ |
| કમલેશભાઈ જયંતીભાઈ કોટડીયા<br>મંત્રી - ઈડર | | અતુલભાઈ પ્રેમજીભાઈ સોની<br>સહમંત્રી - વડાલી |

**કારોબારી સભ્યો**

| | | |
|---|---|---|
| ગીરીશભાઈ દામજીભાઈ સોની<br>ખેડબ્રહ્મા | હર્ષદભાઈ રમેશભાઈ સોની<br>નરોડા | નીતીનભાઈ રજનીકાંત સોની<br>ખેડબ્રહ્મા |
| રાજુભાઈ છોટાલાલ સોની<br>વડોદરા | સંદીપભાઈ વિઠ્ઠલભાઈ સોની<br>ખેડબ્રહ્મા | દિલીપભાઈ કલ્યાણજી સોની<br>સતલાસણ |

FREE Registration

લગ્ન વિષયક

# SoniRocks

Soni Samaj Social & Business Network

● Matrimonial ❍ Family Tree ❍ Communities ❍ Business Hub

**Find a Life Partner in Your Community**

**Soni Sonar Swarnkar Samaj**



**સોનીરોક્સ, સોની સમાજનું એક અને અદ્વિતીય સમાજિક અને વ્યાવસાયિક નેટવર્ક!**
**2200થી વધુ સક્રિય લગ્નવિષયક સભ્યો (પ્રોફાઈલ) સાથે સદા અગ્રસર...**

**આજે જ FREE રજીસ્ટર થાવ! Miss Call કરો... 9555 411 722**

**Create your matrimony profile today and get 10 contacts for FREE!!!**

આપની માહિતી અમારા વિશ્વાસુ હાથોમાં...

માહિતી 'શેર' કરવાની સંમતિ આપના હાથોમાં!

આપની વ્યક્તિગત માહિતી (i.e Name/Number) સંપૂર્ણ સલામત રાખવાની બાંહેધરી.
આપની સંમતિના 'બટન' પર ક્લીક નહીં થાય ત્યાં સુધી તે કોઈને પણ મળી શકશે નહીં!
જરા પણ સંકોચ, ડર કે અસલામતી અનુભવ્યા વિના આપની માહિતી રજીસ્ટર કરો.
તમારી લગ્નવિષયક પ્રોફાઈલ (Profile) ક્રિએટ કરવા માટે, વિઝિટ કરો :

www.SoniRocks.in/Matrimony

અમે આ પ્લેટફોર્મ પરથી સોની, સુનાર, સ્વર્ણકાર સમાજના પ્રત્યેક લગ્નોત્સુક યુવા-યુવતીઓને સહાય આપી રહ્યા છીએ.
સોનીરોક્સ આપની સાથે... આપના માટે...

**વધુ માહિતી અને ફ્રી રજીસ્ટ્રેશન માટે અમારી વેબસાઈટ વિઝિટ કરો.**

**www.SoniRocks.in**

સ્થાપક : હેમલ નવિનચંદ્ર સોની
(સોની મોહનલાલ ઝવેરભાઈ, ધ્રાંગધ્રાવાળા) Ahmedabad, Gujarat, India.

940 916 1234

Monday to Friday, 12:00 - 6:00pm

Call: +91 940 898 1164 / 65

**Coming Soon! Business Hub - Soni Samaj Multi-trade Business Network**

# શુભ દીપાવલી અને નવા વર્ષની હાર્દિક શુભકામના

SoniRocks

Soni Samaj Social & Business Network

## ખાસ કરીને સોની સમાજની યુવા પેઢી માટે રચાયેલ એક વૈશ્વિક નેટવર્ક પ્લેટફોર્મ

**'સોની રોક્સ' માં આપનું હાર્દિક સ્વાગત છે !**

વિશ્વસ્તરે પ્રસરેલા સોની, સુનાર, સ્વર્ણકાર સમુદાયની યુવા પેઢી માટે સમાજિક અને બિઝનેસ નેટવર્કનું આ પ્લેટફોર્મ નિર્માણ કરવામાં આવ્યું છે. જે ફક્ત આપના માટે જ છે ! આપના પરિવાર માટે, વ્યવસાયના વિકાસ માટે અને આપણી જ્ઞાતિ, સમુદાય કે મંડળોના વિકાસ સાથે આપને આપણા જ સમાજના અન્ય સભ્યો સાથે આત્મિય સંબંધોથી જોડે છે. સામાજિક રીતે મજ્બુતિનું અને આર્થિક ઉન્નતિનું ઓનલાઈન પ્લેટફોર્મ... આપણા સોની માટે !

**Matrimony**

**લગ્ન વિષયક**

સોની સમાજમાં યોગ્ય જીવનસાથી મેળવવા રજીસ્ટર્ડ કરો તમારી પ્રોફાઈલ...

**Communities**

**સમાજ વિષયક**

સમાજના તમામ મંડળો, ટ્રસ્ટો, ગ્રુપ, ઓર્ગેનાઈઝેશન, ક્લબ, કે એસોસીએશન ને જોડો આ પ્લેફોર્મ સાથે...

*2000થી વધુ સક્રિય લગ્નવિષયક પ્રોફાઈલ (Profile) સાથે સદા અગ્રસર...

**Business Hub**

**વ્યવસાય વિકાસ**

તમારા અનુભવ, કૌશલ્ય અને વ્યવસાયને વિકાસાવવા માટે અનન્ય નેટવર્ક આપણા સમુદાય સાથે રજી. બનો...

**Family Tree**

**વંશાવલી**

આપણી વિરાસત, આપણા મુળને ઓળખવા, આપણી સાચી ઓળખને માટે રજી. કરીએ...

**આજે જ FREE રજીસ્ટર થાવ! Miss Call કરો... 9555 411 722**

**ફ્રી રજીસ્ટ્રેશન કરો સોની રોક્સ સાથે અને અનન્ય સન્માન અને સમૃદ્ધ જીવનના હકદાર બનો.**

વૈશ્વિક બિઝનેસની તકો મેળવી સામાજિક ગઠબંધન સાથે આજીવન આપણા સમાજના બની રહો. દરેક વ્યકિત આપણા સમાજના સશકિતકરણમાં મોટું પરિણામ લાવી શકે છે. આપણામાંની દરેક વ્યકિત પરિવર્તન અને પ્રગતિમાં સહભાગી થઈ શકે છે. સાથે જોડાઈને સફળતાના શિખરો આંબીએ. જયાં કાંઈ જ કઠિન નથી.

**વધુ માહિતી અને ફ્રી રજીસ્ટ્રેશન માટે અમારી વેબસાઈટ વિઝિટ કરો.**


**www.SoniRocks.in**

* * * નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ * * *


# શ્રી મારુ કંસારા સોની જ્ઞાતિ - અંજાર



પ્રમુખ
શ્રી રાજેશભાઈ કે. વિસાપરમાર



ઉપપ્રમુખ
શ્રી કિરણભાઈ કે. હેડાઉ



મંત્રી
શ્રી અનિલભાઈ એસ. બગ્ગા



સહમંત્રી
શ્રી ફોરમભાઈ એસ. પોમલ



ખજાનચી
શ્રી કિરણભાઈ એમ. સોલંકી



સહખજાનચી
શ્રી જગદીશભાઈ એચ. છત્રાળા

## કારોબારી સભ્યો



ઈશ્વરલાલ વી. બારમેડા



શાંતિલાલ એચ. બુદ્ધભટ્ટી



હરીશભાઈ વી. મહિચા



શરદભાઈ કે. પોમલ



કિશોરભાઈ પી. સોલકી



અમૃતલાલ જી. પોમલ



કિશોરચંદ્ર કે. બુદ્ધભટ્ટી



અરૂણભાઈ પી. વિસાપરમાર

# સમાજની અપેક્ષા અને આપણે - એક સમીક્ષા

- ધર્મેન્દ્રભાઈ બી. સોલંકી (મું. તલોદ, જિ. સા.કાં.)

સમાજ પ્રત્યે દરેક વ્યક્તિની અપેક્ષાઓ ઘણી ઊંચી હોય છે. સામાજિક પરિવર્તન માટે આપણા સમાજમાં છેલ્લા ઘણા વર્ષોથી પ્રયત્નો ચાલે છે. કેટલાંક પરિવર્તનો સમાજના પ્રયત્નોથી, કેટલાક બદલાતા સમય સાથે તાલમેલ મેળવવા માટે અને કેટલાંક પોતાની જરૂરિયાત મુજબ થયાં છે. પરિવર્તન માટે હિંમતપૂર્વક પહેલ કરનારા થોડાક જ મળે! સામાજિક પરિવર્તન માટે સંગઠિત સમાજની તાતી જરૂર છે.

**સંગઠિત સમાજ :**

જે સમાજની દરેકે દરેક વ્યક્તિ સભ્યપદ ધરાવતી હોય, સમાજના કાર્યોમાં સામેલ થઈ સામાજિક પરિવર્તનના પ્રણેતા બનતા હોય, પોતાના વિચારો રજૂ કરે પણ તે વાસ્તવિક હોય, અમલમાં મૂકી શકાય તેવા સકારાત્મક વિચારો સ્વીકારવા તૈયાર હોય, પોતાનો સહકાર અને સહયોગ આપતા હોય, સમાજના આદર્શો અને આદેશોનું સંપૂર્ણપણે પાલન કરતા હોય તેને સંગઠિત સમાજ ગણી શકાય.

**કાર્યકર/પદાધિકારીઓની જવાબદારી :**

સમાજના કાર્યકર કે પદાધિકારી બનનારની જવાબદારી સવિશેષ હોય છે. સમાજમાં કોઈ નાનું નથી કે કોઈ મોટું નથી. સમાજ જ મોટો, સંગઠન જ મોટું. સામાજિક કાર્યકર નિષ્ઠાપૂર્વક પ્રામાણિકપણે તન-મન-ધનથી પોતાની સેવા આપતા હોવા જોઈએ. જ્યારે આપણા ત્યાં પરિસ્થિતિ જુદી જોવા મળે છે. કેટલાક પદ પ્રાપ્તિ કરે છે પણ નિષ્ક્રિય રહે છે. સમાજમાં પદપ્રાપ્તિ એ સ્વેચ્છાએ સ્વીકારેલી જવાબદારી છે અને સ્વેચ્છાએ તે જવાબદારી નિષ્ઠાપૂર્વક બજાવવાની હોય છે. નિષ્ક્રિયતા સમાજને ઊંડી ખાઈમાં ધકેલી શકે છે. સમાજમાં સક્રિય રહી પોતાની સેવા આપવા ઉત્સુક હોય તેમને પણ તક મળવી જોઈએ, તક આપવી જોઈએ. સમાજ સેવાના કાર્યમાં જોડાયેલ તમામ તન-મન-ધનથી સમાજને સમર્પિત હોવા જોઈએ. કોઈપણ સત્કાર્ય કોઈ પણ ભોગે અદા કરવાની પ્રતિજ્ઞા એટલે પ્રતિબદ્ધતા અને જો પદાધિકારીમાં સમાજ સેવા માટેની પ્રતિબદ્ધતા હશે તો તે પોતાના કાર્યોને આનંદમય બનાવી શકશે અને પોતાને આંતરિક આનંદની અનુભૂતિ થશે. પરિવાર, સમાજ અને વિશ્વ કલ્યાણ સમજનાર ત્યાગ વૃત્તિવાળી વ્યક્તિ એ સમાજની મહાન સંપદા છે. જો પદાધિકારીઓ ઉત્કૃષ્ટતા પરત્વે પ્રતિબદ્ધ હશે તો સમાજનું ભાવિ ઉજ્જવળ બની રહેશે.

**આપણું કર્તવ્ય :**

સૌ પ્રથમ તો સમાજનું કામ એટલે આપણું કામ. સમાજના કામમાં દરેકે દરેક વ્યક્તિનો સહયોગ હોય તો તે સમાજ વધુ સારી પ્રગતિ કરી શકે. સૌની અપેક્ષાઓ પરિપૂર્ણ કરી શકે. સમાજ એટલે 'ફંડ-ફાળો' એવું સમજવાની જરૂર નથી. સમાજના કાર્યકરો કોના માટે કામ કરે છે, તે કેવી રીતે કામ કરે છે, તેને માટે નાણાં, ભંડોળ કેવી રીતે એકત્રિત કરે છે, તે સમજવાની-જાણવાની સૌએ જરૂર છે. સમાજના કાર્યો માટે કાર્યકરો ફક્ત સુખી-સમૃદ્ધિ વ્યક્તિઓ તરફથી ફંડ-ફાળાની અપેક્ષા રાખે છે તો આપણું શું? આપણે કેમ બાકાત? એવું આપણને થવું જોઈએ. આ માટે પદાધિકારીઓ કે કાર્યકરો આપણી પાસે આવે, ફંડ-ફાળા માટે વિનંતી કરે તો આપણે કંઈક આપીએ, પછી તે ઉઘરાણી કરવા આવે ત્યારે તેમને કંઈક સંભળાવીએ, આવી મનોવૃત્તિ પણ સમાજને નુકસાનકર્તા છે. આપણે આપણાથી શક્ય "ફૂલ નહિ તો ફૂલની પાંખડી" ગણી જે ઇચ્છા થાય તે સામેથી જમા કરાવીએ દર વર્ષે સભ્ય બનીને અને પારદર્શક વહીવટ થાય તેની કાળજી રાખીએ તો જ આપણે કોઈ કાર્યકર/પદાધિકારીએ કરેલી ભૂલ સામે અંગૂલિનિર્દેશ કરી શકીએ અને આ માટે શિષ્ટ ભાષાનો પ્રયોગ થાય તે આવકારદાયક ગણાય. ધનથી મદદ થઈ શકે તેમ ન હોય તો તનથી અને તે પણ ન થઈ શકે તેમ હોય તો મનથી સમાજના સારા કાર્યોમાં સામેલ થઈ પ્રેરણાદાયક ઉદાહરણ પૂરું પાડીએ તો કાર્યકરોમાં ઉત્સાહ વધે. સામાજિક કાર્યોમાં નકારાત્મક વિચારોને ક્યાંય અવકાશ ન હોઈ શકે.

**સમાજના કર્તવ્યો :**

- સમાજની દરેકે દરેક વ્યક્તિને સમાન ગણીએ.
- દરેક પરિવારના સુખ-દુઃખમાં ભાગીદાર થઈએ.
- સામાજિક ઉત્થાન માટેનો કાર્યક્રમ ઘડી તબક્કાવાર તે કાર્યક્રમ અમલમાં મૂકવા માટેનું આયોજન કરીએ અને તે આયોજનમાં જેને જેમાં રસ હોય, શક્તિ હોય, સૂઝ હોય અને નિષ્ઠાપૂર્વક કામ કરી શકે તેમ હોય તેમને જવાબદારી સોંપીએ. કોઈપણ ક્ષેત્રની તેજસ્વિતાને

અભિપ્રેરણા પૂરી પાડીએ.

- સામાજિક કુરિવાજો પણ રાતોરાત દૂર ન થઈ શકે. ઠરાવ કરી છૂટી જઈએ તો કુરિવાજો બંધ થાય તેમ માની ન શકાય. આ માટે સૌના સાથ લઈ તબક્કાવાર એક એક કુરિવાજ દૂર કરવા પ્રયત્ન કરવો જોઈએ અને તેની પહેલ પણ દરેક કાર્યકરને ત્યાંથી શરૂ થાય તેની કાળજી રાખીએ.
- જરૂરિયાતવાળાને કેવી રીતે મદદરૂપ થઈએ તે અંગે ચિંતન કરીએ.

**સામાજિક પ્રશ્નો :**

સમાજ હોય ત્યાં સામાજિક પ્રશ્નો તો હોય જ. બધા સામાજિક પ્રશ્નો ન ઉકલી શકે તેવા હોતા નથી. પણ જેને ત્યાં પ્રશ્ન હોય તેને સમાજ સુધી આવવું પડે સમાજના કાર્યકરોને જાણ કરવી પડે, સમાજે બંને પક્ષને સાંભળી ખોટી રજૂઆત કરનારને તમે ખોટા છો તેવું કહી દેવું જોઈએ અને તેનો યોગ્ય ઉકેલ લાવવાનો પ્રયત્ન કરે તો ઘણા પ્રશ્નો હલ થઈ શકે.

સામાજિક પ્રશ્નો ઘણીવાર 'મમત' નો સવાલ ઊભો થાય છે. બંને પક્ષ કોઈ બાંધછોડ કરવા તૈયાર ન થાય ત્યાં પરિસ્થિતિ વિકટ બને ત્યારે સમાજના પદાધિકારીઓ-કાર્યકરોએ યથાયોગ્ય પ્રયત્ન કરવો જોઈએ. જે વ્યક્તિ સમાજને ગણતો નથી, તેના પ્રશ્નનો ઉકેલ નિયમો/કાયદાની મર્યાદામાં રહી કેવી રીતે ઉકેલવો તે વિચારવાનો અને ચિંતાનો વિષય બને છે.

કેટલાંક પ્રશ્નો જૂની પેઢી અને નવી પેઢીના વિચાર-ભેદને કારણે છે. જૂની પેઢીને સમજવાની અને નવી પેઢીની અપેક્ષાઓ ધ્યાનમાં રાખી સંનિષ્ઠ પ્રયાસ થવા જોઈએ.

આવો, આજ નૂતનવર્ષાભિનંદનના ટાણે આપણે સૌ સંકલ્પ કરીએ કે 'સમાજ મારો છે. સમાજના દરેક કાર્યોમાં મારે સહકાર આપવો છે. મારો યથાયોગ્ય સહયોગ પણ આપવો છે. નકારાત્મક વિચારો ખંખેરી નાખું છું અને સકારાત્મક વિચારો સાથે સમાજના કાર્યોમાં જોડાઉં છું. દર વર્ષે મારી સભ્ય ફી ભરી સક્રિય રહી સમાજ સેવામાં જોતરાઈ મારા સમાજના ઉત્થાન માટેનાં કાર્યોમાં જોડાઉં છું. દર વર્ષે મારી સભ્ય ફી ભરી સક્રિય રહી સમાજ સેવામાં જોતરાઈ મારા સમાજના ઉત્થાન માટેના કાર્યો કરીશ.' આટલું કરીશું તો આપણો સમાજ ચોક્કસપણે ગતિમાન થઈ સામાજિક ક્ષેત્રે નોંધપાત્ર પ્રગતિ કરી દરેકે દરેકને ફળદાયી બનશે.

## જ્ઞાતિ-ગંગા

*॥ માનો તો મૈ ગંગા માં હુ, ન માનો તો બહેતા પાની ॥*

ભગીરથરાજાના તપથી ભારતવર્ષમાં મહાદેવજીની જટા દ્વારા ગંગાજીનું પ્રાગટ્ય થયું. ગંગાજીની પવિત્રતા વિષે ગ્રંથો પણ લખાયા છે. પ્રાચીન ઋષિઓએ ગંગાજીની પવિત્રતાના પ્રમાણ પણ શાસ્ત્રોમાં આપ્યા છે. એકવાર શિવ અને પાર્વતિજી કૈલાસ પર્વત ઉપર જગતની ચિંતા કરતા વાતો કરી રહ્યા છે. પાર્વતીજીએ મહાદેવજીને કહ્યું કે તમે હંમેશા ગંગાજીની પવિત્રતા વિષે કહ્યા કરો છો તો મને પ્રત્યક્ષ અનુભવ કરાવો કે ખરેખર ગંગાજીમાં સ્નાન કરવાથી પુણ્ય મળે છે અને પાપનો નાશ થાય છે. ઘણા લાંબા સમય સુધી વાદ-વિવાદ થયા પછી મહાદેવજી તથા પાર્વતીજી ભૂતળ પર પધાર્યા. હરિદ્વારના કિનારે એક ઊંડા ખાડામાં મહાદેવજી વૃદ્ધ ડોસાનું રૂપ લઈને સૂઈ ગયા. આવતા જતા યાત્રાળુઓ મદદ માટે દોડી આવ્યા. પાર્વતીજીએ યાત્રાળુઓને સમજાવ્યું કે જે મનુષ્ય એ જીવનમાં જાણે અજાણ્યે ક્યારેય પાપ નથી કર્યું તે જ મનુષ્ય ડોસાને બહાર કાઢી શકશે નહિંતર તે મનુષ્ય બળીને ભસ્મ થઈ જશે. બધા જ યાત્રાળુ વિખેરાઈ ગયા. કોઈએ ડોસાને બહાર કાઢવાની હિંમત કરી નહીં. થોડા સમય પછી એક ગામડાનો ગમાર માણસ ત્યાં આવી ચઢ્યો અને ડોસીને પૂછ્યું કેમ બૂમો પાડો છો? ત્યારે પાર્વતીજીએ પોતાની શરત સમજાવી. ગમાર માણસ તરત જ દોડીને ગંગાજીમાં સ્નાન કરી આવીને ડોસાને હાથ પકડીને ખાડામાંથી બહાર કાઢી લીધા. મહાદેવજીએ પૂછ્યું, "અલ્યા" તને બાળીને ભસ્મ થઈ જવાની બીક ન લાગી? ત્યારે એ ગમાર માણસે બહુ સુંદર જવાબ આપ્યો કે, ગંગાજીમાં સ્નાન કરવાથી સઘળા પાપ નાશ પામે છે તેમ શાસ્ત્રો કહે છે. અને તેમ છતાંય હું બળીને ભસ્મ થઈ ગયો હોત તો આખા જગતની ભ્રમણા તુટી જાત કે ગંગાજીમાં સ્નાન કરવાથી પાપનો નાશ થાય છે. મારા જેવા ગમાર વ્યક્તિનું આ જગતમાં કાંઈ જ વજુદ નથી. પણ મારા મરવાથી આખું જગત એ અંધશ્રદ્ધામાંથી મુક્ત થઈ જાત કે ગંગામાં સ્નાન કરવાથી પવિત્ર થવાય છે. હું કેવળ એ શ્રદ્ધાથી જ ગંગાજીમાં ડૂબકી મારવા ગયો હતો.

વ્હાલા જ્ઞાતિજનો, આપણો સમાન જ આપણી જ્ઞાતિ ગંગા સ્વરૂપ જ છે. જ્ઞાતિની સેવા એ ગંગા સ્નાનનું પુણ્ય છે. આવો નવા વર્ષમાં આપણે સૌ આ જ્ઞાતિગંગાના પ્રવાહમાં જોડાઈએ અને મારૂ કંસારા સોની સમાજના સર્વાંગી વિકાસ માટે પ્રયત્ન કરીએ. **પ્રે. દિનેશ સોની-તલોદ**

ચિંતન

# તમે સુખી છો કે દુઃખી એ કોણ નક્કી કરે? જવાબ છે તમે પોતે જ

- પરેશભાઈ ગુજરાતી (ભુજ)

એક વખત એક ટેલિવિઝન કાર્યક્રમમાં સંચાલક સાથે મોટી ઉંમરની વ્યક્તિ કોઈપણ જાતની પૂર્વ તૈયારી વિના સહજ રીતે વાતો કરતી હતી. ખુશનુમા અને પ્રફુલચિત્ત વ્યક્તિત્વ ધરાવતા એ વ્યક્તિના સહજ અને સીધા સાદા જવાબો સાંભળીને શ્રોતાઓ ખુશખુશાલ થઈ જતા હતા. સંચાલકને પણ મઝા પડતી હતી. કાર્યક્રમના સમાપન બાદ સંચાલકે એ વ્યક્તિને પ્રશ્ન કર્યો કે - 'તમારા આવા હળવાફૂલ, પ્રસન્નચિત્ત વ્યક્તિત્વનું રહસ્ય શું છે?' એ વ્યક્તિએ જવાબ આપ્યો, 'મારી પ્રસન્નતા પાછળ કોઈ રહસ્ય નથી. હું સવારે જાગુ છું ત્યારે મારી પાસે બે જ વિકલ્પ હોય છે - હું ખુશ રહું અથવા તો દુઃખી રહું. તેમાંથી હું ખુશ રહેવાનું જ પસંદ કરું છું. બસ, એ જ કારણ છે.'

દેખીતી રીતે આ ખૂબ સાધરણ વાત લાગે છે. લોકો જેટલું ખુશ રહેવાનું નક્કી કરે છે. એટલા એ ખુશ થઈ શકે છે. તમે દુઃખી થવા માંગતા હશો તો દુઃખી જ થશો. તમારી જાતને કહેતા ફરતા રહેશો કે કશું સારું બનતું નથી, કશું જ સંતોષકારક નથી તો અવશ્ય દુઃખી રહેશો પરંતુ જો તમારી જાતને કહેશો. 'બધું સારી રીતે બની રહ્યું છે, જિંદગી સારી રીતે ચાલે છે. હું સુખ પર પસંદગી ઉતારું છું.' તો તમે તમારી પસંદગી પ્રમાણે સુખી-પ્રસન્ન રહી શકશો. બીજા શબ્દોમાં કહીએ તો ક્યારેય માનસિક રીતે વૃદ્ધ, નિરસ અને જડ બનો નહિ.

સુખ બે પ્રકારનું છે. પહેલું તે બહાર દેખાતું સુખ. બીજું તે આપણા મનનું ભીતરનું સુખ. આપણે બધી રીતે સુખી હોઈએ. છપ્પનભોગ જમતા હોઈએ, સારા વસ્ત્રો પહેરતા હોઈએ, મનોરંજનના તમામ સાધનો હોય પણ ચિંતા અને ભયગ્રસ્ત રહેતા હોઈએ તો ભીતરમાં આપણે દુઃખી જ છીએ. આપણે મનથી સુખી હોઈએ તે સાચું સુખ છે. જેમ હાથીના બહારના દાંત દેખાય માત્ર છે તેનાથી તે ખોરાક ખાઈ શકતો નથી. ખોરાક ખાવા તેને અંદરના દાંતની જરૂર પડે છે. એવી રીતે આપણા સુખનું છે. બહારનું સુખ તો દેખાવનું છે. સાચું કાયમી સુખ તો ભીતરનું છે.

જેવી રીતે 'કસ્તુરી' મૃગમાં 'કસ્તુરી' તેની ડૂંટીમાં હોવા છતાં તે મૃગ 'કસ્તુરી'ની સુગંધ પામવા જંગલમાં બીજે ભટકે છે તેમ આપણે પણ સુખ મેળવવા માટે સંસારમાં બહાર દોડાદોડી કરીએ છીએ. સુખી રહેવા માટે સૌપ્રથમ પ્રસન્ન ચિત્ત રહેવાની, ખુશ તમારા મગજને ચિંતામુક્ત કરી દો. સાદાઈથી જીવો. ઓછાની અપેક્ષા રાખો, ઘણુ આપો, જાતને ભૂલી જાઓ, અન્ય લોકો વિશે વિચારો. બીજા લોકો સાથે એવો જ વ્યવહાર કરો જેવો તમે તમારા માટે ઈચ્છો છો.

ગુલાબના છોડ ઉપર દરરોજ ફુલ ઉગતા નથી પણ કાંટા તો દરરોજ હોય છે. ફુલ કરમાય છે, કાંટા કરમાતા નથી. જ્યારે ફુલ ઉગે છે ત્યારે આપણે ફુલને જ જોઈએ છીએ. કાંટા દેખાતા નથી. જેવું ફુલ કરમાય છે કે તરત જ કાંટા દેખાવા માંડે છે. જિંદગીનું પણ એવું જ છે. સુખ હોય ત્યારે દુઃખ દેખાતું નથી અને સુખ જાય પછી દુઃખ મોટું લાગવા માંડે છે. સુખનું એક દ્વાર બંધ થઈ જાય તો બીજા અનેક દ્વારો ઉઘડી આવે છે પણ આપણે બંધ દ્વાર જોવામાં એટલા વ્યસ્ત હોઈએ છીએ કે ઉઘડેલા નવા દ્વાર તરફ આપણું ધ્યાન જ જતું નથી.

દરેક માણસ સુખી થવા અને સારી રીતે જીવવા પ્રયત્નો કરતો હોય છે. કોઈને દુઃખી થવું ગમતું નથી. સત્ય એ છે કે દરેક વખતે આપણું ધાર્યું થતું હોતું નથી. યુદ્ધમાં ક્યારે ઢાલ વાપરવી અને ક્યારે તલવાર વાપરવી એ જેને આવડે એ જ વ્યક્તિ જીતી શકે. બસ આવું જ જિંદગીનું છે. સુદર્શનજીના મતે સુખી થવું હોય તો પાપ થાય તેવું કમાવું નહિ, માંદા પડીએ તેવું ખાવું નહિ, દેવું થાય તેવું ખર્ચવું નહિ અને લડાઈ-ઝઘડા થાય તેવું બોલવું નહિ.

અંતે નવા વર્ષના પ્રારંભે નિર્ણય કરીએ કે આવનારા દરેક દિવસને પૂરી રીતે જીવીશ. આનંદને પણ માણીશ અને તકલીફોને પણ હસતા મોઢે સામનો કરીશ.

❖

**સુજ્ઞ જ્ઞાતિજનોને હૃદયપૂર્વક નમ્ર અપીલ**

**કચ્છમાંથી સિવીલ હોસ્પિટલ, યુ. એન. મહેતા, કેન્સર હોસ્પિટલ અમદાવાદ ખાતે રોગ નિવારણ અર્થે આવતા આપણા જ્ઞાતિજનો માટે નિઃશુલ્ક ટીફીન સેવાઓ મેળવવા માટે આપણા સમાજના શ્રી સુરજભાઈ કંસારાનો સંપર્ક કરવા વિનંતી. સંપર્ક : શ્રી સુરજભાઈ કંસારા (મો.) ૯૩૨૮૨ ૩૪૩૭૯**

# જ્વેલરી મેકીંગ વીથ ડીઝાઈનીંગ

- સં. : સુધા એ. બુદ્ધભટ્ટી

હાલમાં મહામંડળ કલા સાંસ્કૃતિક સમિતિ દ્વારા પ્રોજેક્ટ 'જ્વેલરી મેકીંગ' નંગ-મોતીની હુન્નર કલાની તાલીમ સમાજના બહેનો-ભાઈઓ લઈ રહ્યા છે ત્યારે તેની થોડી પ્રાથમિક માહિતી મેળવીને જ્વેલરી ડિઝાઈન એ આજની બહેનો માટે ખૂબ ઉપયોગી સાબિત થયું છે. જ્વેલરી ડીઝાઈનના કોર્ષ દ્વારા વ્યક્તિ એક આગવું પોતાનું કેરિયર બનાવી શકે છે. જેમ બહેનોની વિવિધ સ્ટાઈલ બદલાતી રહે છે તેમ તેમ જ્વેલરી ડીઝાઈનીંગ નવું સ્વરૂપ ધારણ કરતી જાય કે પહેલા બહેનો માત્ર સોના-ચાંદીના ઘરેણા જ પહેરતી જ્યારે આજે હીરા અને બીજા રત્નોનો પણ ઉપયોગ થવા લાગ્યો. જેથી ઘરેણાના શોખીનોને અવનવા ડીઝાઈનના ઘરેણા જોવા મળે છે.

સારી ડીઝાઈનની જ્વેલરી ખરીદવાની વધતી લાલસાને કારણે પહેલાની ડીઝાઈનથી અલગ નવી-નવી ડીઝાઈન તૈયાર કરવામાં આવી રહી છે જ્વેલરી ડીઝાઈનીંગના વ્યવસાયમાં બહેનો અને ભાઈઓ બંને હોય છે. જ્વેલરી ડિઝાઈન અને જેમોલોજીના ક્ષેત્રમાં કેરિયર બનાવનારને સોનું ચાંદી પારખતા સ્ટોનની સાચી પસંદગી કરતા, ઘરેણાની કિંમતનો અંદાજ લગાવતા અને ઘરેણા તરાશવા કામ શીખવાડવામાં આવે છે. આ ઉપરાંત જ્વેલરી ડિઝાઈનીંગમાં પિયર્સિંગ, સોઈ સોલરિંગ, કાસ્ટિંગ, પોલિશિંગ અને સેટિંગનું જ્ઞાન આપવામાં આવે છે. મોતી, હીરો, કુન્દન, હાથીદાંત તેમજ દરેક પ્રકારની બીજી ધાતુઓ સાથે સોનાના ઘરેણા કેમ બનાવવા તે પણ શીખવાડવામાં આવે છે. આજકાલ લોકો ડ્રેસ સાથે મેચીંગ જ્વેલરી પહેરવા લાગ્યા છે ત્યારે ડીઝાઈનીંગ જ્વેલરીનો સ્કોપ પણ વધી રહ્યો છે. હવે આપણને પ્રશ્ન થાય કે જ્વેલરી ડીઝાઈનીંગની વિશેષ તાલીમ મેળવવી હોય તો તે ક્યાં મળે છે?

જ્વેલરી ડિઝાઈનીંગની તાલીમ મેળવવા માટે ઓછામાં ઓછું ઈન્ટરમીડીએટ સુધીનું શિક્ષણ મેળવેલું જરૂરી છે. સામાન્ય રીતે લોકો સ્નાતકની ડિગ્રી મેળવી પછી જ જ્વેલરી ડિઝાઈનીંગનો કોર્ષ કરે છે. આ કોર્ષ માટે ઈંગ્લીશ તેમજ મેથ્સનું નોલેજ હોવું જરૂરી છે. દિલ્હી, મુંબઈ, જયપુર, કલકત્તા, સુરતમાં પણ જ્વેલરી ડિઝાઈનીંગનો કોર્ષ ચાલે છે. લોકો જ્વેલરી ડિઝાઈનીંગનો કોર્ષ કરીને ફેશન ડિઝાઈનર તરીકે પોતાની ક્ષમતા વધારી શકે છે. આ કોર્ષ છ મહિનાનો, સર્ટિફિકેટ કોર્ષ, એક વર્ષનો ડિપ્લોમા કોર્ષ અને બે વર્ષનો અંડર ગ્રેજ્યુએટ કોર્ષ ઘણી સંસ્થાઓ દ્વારા કરાવવામાં આવે છે. રત્ન પરીક્ષણ પ્રયોગશાળા જયપુર, રત્ન અને આભુષણ નિકાસ સંવર્ધન પરિષદ મુંબઈ, ભારતીય હીરક સંસ્થાના સુરતની સાથે ઉત્તરપ્રદેશના નોએડામાં જ્વેલરી ડિઝાઈન એન્ડ ટેકનોલોજી સંસ્થા બે વર્ષના ડિપ્લોમા કોર્ષ કરાવે છે. આ સિવાય ફેશન ડિઝાઈનીંગ શીખવતી બધી સંસ્થાઓ પણ જ્વેલરી ડિઝાઈનીંગ શીખવાડે છે. અમદાવાદની નિફ્ટ સંસ્થા પણ ત્રણ વર્ષનો સ્પેશિયલાઈઝેશન કોર્ષ પણ ચલાવે છે.

## મોતી

## એક બુંદ બને છે મોતી...

પર્લ એટલે કે મોતી. સમુદ્રમાંથી નીકળેલા .. અન્યેમાનું એક છે મોતી. વર્ષો પહેલાની વાત હોય કે ૨૧મી સદીની વાત, મોતીની ચાહત ક્યારેય ઓછી નથી થઈ. આમ્રપાલી અને ચિત્રલેખાના શણગારનો મુખ્ય ભાગ રહ્યો છે મોતી. પેન્સિલ સ્કર્ટ અને કોટની સાથે કાનમાં મોતીના ટોપસનો ક્યારેક બ્લેક પર્લનાં સેટિંગ અને ગળામાં મોતી સાઈઝની પર્લ નેકલાઈનએ મોતીની જ ખાસિયત છે. કેઝ્યુઅલ આઉટફિટની સાથે પર્લ બધી જ રીતના વ્યક્તિત્વ સાથે ઘણું સુટ થાય છે. પાર્ટીવેરની સાથે કાંડામાં સ્લીક રિસ્ટ બેન્ડ બ્રેસલેટ, કાનની બુટી, ગળામાં પાતળી ચેન સાથે પર્લ પેન્ડેન્ટ વ્યક્તિત્વમાં અનેરો ઉઠાવ આપે છે. વ્યવસાય કરતી સ્ત્રીઓને મોતી એક સ્માર્ટ લુક આપે. એ જ રીતે પર્લ-ડાયમન્ડનું મિક્સ એન્ડ મેચ પેન્ડેન્ટ એક અનેરી ઈમેજ તૈયાર



કરે છે. બીજું કંઈ નહીં તો સિલ્ક કે શિફોનની સાડી સાથે એકદમ સિમ્પલ મોતીની બુટી અને સીંગલસેરની માળા પર્સનાલીટીને ન્યુ લુક આપે છે.

**છીપમાં મોતી :**

કહેવા છે જ્યારે સ્વાતિ નક્ષત્રનું પાણી કોઈક છીપમાં પડે છે ત્યારે તે મોતી બની જાય છે. ખરેખર સ્વાતિ નક્ષત્ર છે જ મોતીનું જન્મસ્થાન. કદાચ એ સાચું હોઈ શકે પરંતુ આવા મોતી મળવા ખૂબ જ મુશ્કેલ છે. અને મળે તે મુલ્યવાન પણ છે. જો કે આધુનિક જમાનામાં મોતી શોધવા માટે દરિયો ખુંદવાની જરૂર નથી. કારણ હવે કુત્રિમ રીતે પણ મોતી બની રહ્યા છે. વૈજ્ઞાનિકોના કહેવા અનુસાર છીપનો જીવ પોતાની લાળથી મોતી તૈયાર કરે છે. કેટલીક વિશેષ પ્રકારની સમુદ્રી છીપ અને મીઠા પાણીની છીપની અંદર ક્યારેક કોઈક અજાણતા રેતી પેસી જાય છે. આ રેતીને છીપની અંદર રહેલો જળચર જીવ બહાર કાઢવામાં ક્યારેક અસફળ રહે છે. આનાથી છીપનો જીવ તેની અંદર રહેલી સ્વાભાવિક પ્રતિકારક શક્તિનો ઉપયોગ કરે છે જેથી તેના શરીરમાંથી રાસાયણિક પદાર્થ ઝરે છે. આ રસાયણ નિકેરના નામથી ઓળખાય છે. જે રસાયણ રેતીની બહારની સપાટી પર જામવા માંડે છે અને તેનાથી બને છે મોતી અને ખરેખર તે મોતી જ સાચુ બને છે.



કુદરતી અને કૃત્રિમ રીતે થતા મોતીના ઉત્પાદનમાં એટલો જ ફેર છે કે કુદરતી મોતીમાં અજાણતા જ છીપમાં રેતી પેસી જાય છે. જ્યારે કૃત્રિમ રીતે મોતીનું ઉત્પાદન કરવા માટે છીપમાં રેતી પેસાડવામાં આવે છે. આજ રેતીના કણોને 'ન્યુક્લિયસ' કહેવાય છે. રેતીના કણને છીપમાં નાખી દીધા પછી મોતી બનવાની બાકીની બધી પ્રક્રિયા કુદરતી મોતીની સ્વાભાવિક પ્રક્રિયા જેવી જ હોય છે. પણ મોતીની ક્વોલીટી છીપની પેટા જાતિ પર આધાર રાખે છે. સારી પેટાજાતિની છીપમાં સારી ક્વોલીટીના મોતી બને છે.

**મોતી અને ફેશન :**

મોતીની ખાસિયત એ છે કે તે ક્યારેય 'આઉટ ઓફ ફેશન થતા નથી, સાથે જ તેની બાય-બેક વેલ્યુ પણ છે તેનું કારણ કે તેનાથી એકથી એક ચઢિયાતી ડિઝાઈનો તૈયાર કરી શકાય છે. મોતીઓને ગુંથવાની ઘણી રીતો છે. ગળાના હાર, જુના જમાનામાં સીતાહાર, જડતર, મોતીના પેન્ડેન્ટ, ટ્રેન્ડી ડ્યુ ડ્રોપ, મોગલકાળની પેરાસેર, સાત સેર કે પછી વેર્સ્ટન લુકની સલીક ડિઝાઈન આવી ડિઝાઈનનો કોઈ અંત જ નથી એટલે જ આજે બધી જગ્યાએ મોતીના ઘરેણા નજરે પડે છે. પરંતુ બજારમાં મળતા મોતીના ઘરેણાઓના વાપરવામાં આવતા મોતી ક્યાં છે? ચંદાણી પર્લ્સના કુલદીપ નાયરનું કહેવું છે કે એ વાત સાચી છે કે મોતી છીપમાં જ બને છે. કૃત્રિમ રીતે તો છીપમાં મોતી તૈયાર કરવામાં આવે છે. દરિયાના ઉંડાણમાંથી સપાટી પર આવતી છીપમાં જે રીતે મોતી બને છે. બિલકુલ એવી જ રીતે કૃત્રિમ રીતે મોતી તૈયાર કરવાનું કામ દેશના જુદા જુદા ભાગોમાં થઈ રહ્યું છે. હવે પ્રશ્ન એ થાય કે કૃત્રિમ મોતી કઈ રીતે તૈયાર કરાય છે? તો મધર પર્લમાં એક નાનકડો સેલ ન્યુક્લિયસ નાખી દેવામાં આવે છે હવે તેને પોતાના શરીર પરથી દૂર કરવા માટે જે રસાયણ ઝરે છે તે જ રસાયણ જામીને મોતી બની જાય છે.'

**મોતીનું આંતરરાષ્ટ્રીય કક્ષાએ બજાર :**

સમગ્ર દુનિયામાં દિનપ્રતિદિન મોતીની માંગ વધી રહી છે. સોનાની કિંમત વધવાથી અને હીરાનું નવું બજાર બનવાની સાથે મોતીની માંગમાં પણ વધારો થયો છે. આજકાલ પર્લની સાથે ડાયમંડ અને ગોલ્ડની સાથે પર્લની માંગ આખી દુનિયામાં જોવા મળે છે. જો કે મોતીના બજારમાં ચીન અને જાપાનનો રેકોર્ડ છે. જે આજ સુધી કોઈ તોડી શક્યું નથી. ભારતના જ્વેલરી ઉદ્યોગમાં મોતીની માંગને પૂરી કરવા માટે ચીન અને જાપાનની ૧૨૦ કરોડ રૂપિયાની મોતી આયાત કરવામાં આવે છે તે જ કારણ છે કે દેશમાં કૃત્રિમ રીતે મોતીનું ઉત્પાદન કરવા માટે સરકાર પ્રોત્સાહન આપી રહી છે. અત્યાર સુધી કૃત્રિમ મોતીના ઉત્પાદનનું જેટલું પણ કામ થયું છે તેનાથી જ્વેલરી ઉદ્યોગને ઘણો ફાયદો થયો છે.

**કૃત્રિમ મોતી ઉત્પાદન :**

વૈજ્ઞાનિકોનું માનવું છે કે પશ્ચિમ બંગાળનું પર્યાવરણ

કૃત્રિમ મોતીના ઉત્પાદન માટે એકદમ યોગ્ય છે. રાજ્યમાં મોતીની માંગને જોતાં એમ લાગી રહ્યું છે કે કૃત્રિમ મોતીનું બજાર બનવા માટે કોઈપણ પ્રકારની મુશ્કેલી નથી આવવાની કારણ કે તેની માંગ દિન-પ્રતિદિન વધતી જ જાય છે.

પણ જો કૃત્રિમ મોતીના વિશ્વ બજારની વાત કરીએ તો રાજ્ય જ્વેલરી ઉદ્યોગના રતનલાલ રાઠીનું કહેવું છે કે ફક્ત ભારતમાં જ નહીં પણ ચીન અને જાપાનમાં પણ તેનો ઉપાડ વધી ગયો છે. તેના નિકાસની પણ ઘણી શક્યતાઓ છે. જ્યારે આપણા દેશમાં તો મોતીના ઉત્પાદન ક્ષેત્રમાં ઓરિસ્સા જ અગ્રણી રહ્યું છે. ૧૯૮૭માં ઓરિસ્સાના ભુવનેશ્વરના કૌશલગંગા સ્થિત સેન્ટ્રલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફ્રેશ વોટર એકવાલ્ચરે કૃત્રિમ રીતે મોતીઓનું ઉત્પાદન શરૂ કર્યું. અહીં કુદરતી રીતે મોતી જે રીતે છીપમાં બને છે તે જ પદ્ધતિને અપનાવીને કૃત્રિમ મોતીનું ઉત્પાદન શરૂ કર્યું.

## સૌંદર્યમાં અજોડ - પ્લેટિનમ

સૌંદર્ય અને ચળકાટમાં અજોડ પ્લેટિનમ વર્ષોથી સૌંદર્ય અને ઘરેણાની ચાહનાને સાકાર કરતું આવ્યું છે. બજારમાં સોનું, ચાંદી, કુંદન, હીરા વગેરે અનેક પ્રકારની ધાતુઓથી બનેલા ઘરેણા મળે છે. પરંતુ પ્લેટિનમના ઘરેણાનું એક અનોખું જ આકર્ષણ છે. સાદગી અને એલિગેન્ટ દેખાવ માટે પ્લેટિનમ હમેશાંથી કિંમતી અને પસંદગીમાં પ્રિય રહ્યું છે.

**સોનાનો (ગોલ્ડ) સાથી :**

પ્લેટિનમ સોના કરતાં ૩૦ ગણુ ઓછું મળી આવે છે. કુદરતી રીતે પ્લેટિનમ ૯૫ ટકા સુધી જ શુદ્ધ હોય છે તેની મજબૂતી અને ઘનત્વને કારણે નંગને પકડમાં રાખનારી વીંટીના સ્વરૂપમાં તેની ખૂબ જ માંગ છે. પ્લેટિનમને સોના(ગોલ્ડ)નો સૌથી સારો મિત્ર પણ કહેવામાં આવે છે. પ્લેટિનમના ઘરેણા બનાવવા માટે તેમાં કોઈ ધાતુનું મિશ્રણ કરવાની જરૂર હોતી નથી. સોના-ચાંદી વગેરેના ઘરેણા ઉપર બદલાતી ઋતુની ઉલટી અસર પડી શકે છે, પરંતુ પ્લેટિનમમાં આવું કશું થતું નથી. સોનું અને ચાંદીમાં મિશ્ર થતી બીજી ધાતુઓને કારણે ઘણા લોકોને ગમતું નથી અને તેમને સ્કીન પર એલર્જી જેવી ફરિયાદો થવા લાગે છે પરંતુ પ્લેટિનમના ઘરેણા પહેરવાથી આ પ્રકારની કોઈ મુશ્કેલી થતી નથી. ખૂબ જ કિંમતી અને ઓછું મળતું હોવાને કારણે પ્લેટિનમને ખરીદીને આવનારી પેઢી માટે સંગ્રહ કરી રાખી શકાય છે.

સંસારમાં સૌથી વધારે ફેમશ થયેલ હીરો જેવો કે બ્રિટીશ તાજના રત્નોમાંનો એક 'કોહિનુર' અને વિશ્વના સૌથી મોટા કટવાળા ડાયમંડ 'સ્ટાર ઓફ આફ્રિકા' 'ધ હોથ' જેવા હીરા પ્લેટિનમની મજબૂતી અને ઘનત્વના કારણે પ્લેટિનમમાં સેટ થઈ જાય છે. આ કારણથી જ પ્રસિદ્ધ જ્વેલરી ડિઝાઈનર જેવા કે કર્ટિયર, ટિફેની, ફેબેરેઝ દ્વારા સમયની સાથે પાલે તેવી જ્વેલરી બનાવવામાં આવી.

**સૌથી અનોખું :**

પ્લેટિનમ ઘણી ઓછી જગ્યાએ મળી આવે છે. જો આખા સંસારમાં પ્લેટિનમને ઓલમ્પિક સ્વિમિંગ પુલમાં ડૂબાડી દેવામાં આવે તો તે ઘણી ઓછી જગ્યા રોકશે જ્યારે સોનું એટલું બધું હોય છે કે તેનાથી ત્રણ જેટલા સ્વિમીંગ પુલ ભરાઈ જાય તે સિવાય કોઈ ખાણમાંથી બે ટન ધાતુ કાઢવામાં આવે તો તેમાંથી પ્લેટિનમ બસ એટલું જ મળી આવે જેમાંથી માત્ર એક ઘરેણું બનાવી શકાય. બીજી ધાતુઓની સરખામણીમાં સ્ટોક પ્લેટિનમને મેળવવું એ મહેનત માંગી લેતું કામ છે. લગભગ ૧૦ ટન કાચી ધાતુની ૮ અઠવાડિયા સુધી શુદ્ધિકરણ કર્યા પછી ૧ ઔંસ પ્લેટિનમ મળે છે. પ્લેટિનમ મેળવવું મુશ્કેલ છે તેથી તે ખૂબ કિંમતી બની ગયું છે.

**લાંબો સમય સાથે રાખે :**

પ્લેટિનમથી બનેલી જ્વેલરી વર્ષોથી આપણા ઈતિહાસના વારસોમાં રહેલી છે. એટલે તેની માંગ સૌથી વધારે છે. પ્લેટિનમની જ્વેલરી લેવાના ઘણા ફાયદા પણ છે. પ્લેટિનમથી જ્વેલરી સતત લાંબા સમય સુધી પહેર્યા પછી પણ ખરાબ થતી નથી. વધારે ચમક લાવવા માટે વ્હાઈટ ગોલ્ડની જેમ પોલિસ કરવાની જરૂર નથી હોતી. કારણ તેનો રંગ કુદરતી રીતે જ સફેદ હોય છે. એટલે રોજીંદા જીવનમાં પહેરવા માટે પ્લેટિનમ ખૂબ સારુ ટકે છે. એને પોલિસની જરૂર નથી અને ક્યારેય કાળી પણ થતી નથી. બ્રાઈડલ જ્વેલરીમાં પ્લેટિનમના બનેલા ઘરેણાની જગ્યા કોઈ લઈ શકે તેમ નથી, કારણ તે સમગ્ર રીતે સફેદ હોવાને લીધે દરેક રંગના કપડાની સાથે મેચ થાય છે. હીરા અને બીજા મોંઘા રત્નો જડેલી વીંટી માટે આજકાલ પ્લેટિનમમાંથી બનેલી વીંટીની માંગ સ્ત્રીઓમાં ઘણી વધી ગઈ છે. વિદેશોમાં ખાસ કરીને અમેરિકામાં આ ધાતુ પાછળની ઘેલછા વધી છે. તેની આકર્ષક ચમકને કારણે ઘણા દેશોમાં પ્લેટિનમના ઘરેણા સ્ટેટસ સિમ્બોલ પણ બનવા લાગ્યા છે. તેથી જ તો પ્લેટિનમ બધાની પસંદગી છે.

# પપ્પા એટલે પપ્પા જ...

- સં. અતુલ સોની

એક જાપાનીઝ વાર્તા છે. વાર્તામાં એક સાત વર્ષની દીકરી ચર્ચમાંગોડનેપ્રેયર કરી રહી છે, 'હે ગોડ, મને એક નાનકડો ભાઈ, નવા લીધેલા ડ્રેસ સાથે મેચ થાય તેવી બ્લુ-પિંક અને પર્પલ હેરક્લીપ્સ, એક નાની ઢીંગલી- જે બોબ્ડ કટ હોય અને ઓરેન્જ ફ્લેવરના વેફર બિસ્કીટસ જોઈએ છે. આવતા ફ્રાઈડે પ્રેયર માટે ફરી ચર્ચમાં આવું ત્યારે આ બધું જ મને આપી દે. જે...! નહિંતર મારા પપ્પાને બોલાવી લાવીશ...!'

આ સાત વર્ષની દીકરી ભગવાન પાસે એક વિશ લીસ્ટ મૂકે છે. એણે આપેલી સમય મર્યાદામાં જો ભગવાન એના વિશે લીસ્ટ પૂરું ન કરી શકે તો એ પપ્પાને બોલાવી લાવીશ એવી ધમકી પણ આપે છે. મજાની વાત તો એ છે કે, પપ્પા ભગવાન પાસે ધાર્યું કરાવી શકે છે એવો વિશ્વાસ હોવા છતાં એ પપ્પાને વિશે લીસ્ટ નથી આપતી. કારણ કે એને પપ્પાનો ડર છે. પણ ભગવાન જો દીકરીની ઈચ્છા પૂરી ન કરી શકે તો એનાં પપ્પા ભગવાનની ખબર લઈ નાંખશે એવો એને વિશ્વાસ પણ છે.

પપ્પા સલામતીની દિવાલ હોય છે. એમની છાતી પહ્નની હોય. રાક્ષસો એમનાથી બીતા હોય. બોટલોમાંનો જીન એમના કહ્યામાં હોય. એમને બધું જ આવડતું હોય. ગજવામાં હોય એના કરતાં વધારે પૈસા એ ખર્ચી શકતા હોય. મમ્મી એમનાથી બીતી હોય. જો કે, પપ્પા પણ મમ્મીથી બીતા જ હોય, પણ એમની બીક એ પોતાની પહ્નની છાતી પરના કાળા-ધોળાં વાળ વચ્ચે છુપાવી શકતા હોય. પપ્પા એટલે એક એવા મર્દ, જેમની આંખી પાણી ભરાય પણ આંસુની મજાલ નથી કે એમની આંખ સુધી પહોંચી શકે. પપ્પા...પપ્પા જ હોય.

રોજ સવારે વહેલા ઉઠી છાપાના પાના વચ્ચે દેશ-વિદેશના સમાચારો શોધી લેતા પપ્પાને ન્હાવા જતી વખતે ટુવાલના રેંકમાં મૂકેલો ટુવાલ જડતો નથી હોતો અને પપ્પાની આ અણઆવડત છતી ન થઈ જાય એટલે મમ્મી એમને ટુવાલ હાથમાં આપી દેતી હોય છે. મમ્મી-પપ્પાને છાવરી લે છે. 'પપ્પાને કહી દઈશ...!' આ વાક્ય એનું તકિયાકલામ બની જતું હોય છે. રિમોર્ટ કંટ્રોલ કારને તોડીફોડીને એનું મિકેનિઝમ ચેક કરતા નાના અમથા દીકરાને એ 'પપ્પાને કહી દઈશ...!' એવું કહીને એ ગણિતના દાખલા ગણવા બેસાડી શકે છે.

પપ્પાનું નામ જ દીકરાને કૂતુહલના વિશ્વમાંથી દુનિયાદારીની દુનિયામાં લઈ આવતું હોય છે. દીકરી માટે આવું નથી હોતું. ઢીંગલીના વાળ ઓળવામાં બિઝી દીકરી પાસે પપ્પાનું નામ કિચનમાં રોટલીઓ નથી વણાવી શકતું. દીકરાએ ગણવું જ પડે અને દીકરીએ રમવું તો પડે જ ને...એવું માનતા પપ્પા દીકરા માટે જુદા અને દીકરી માટે જુદા હોય છે.

દીકરી માટે પપ્પા સલામતી હોય. દીકરી પપ્પાએ દોરી આપેલી સલામતીની લાઈન ન ઓળંગવામાં ગૌરવ અનુભવતી હોય જ્યારે દીકરો પપ્પાને ઓળંગી જવામાં ગૌરવ અનુભવતો હોય. દીકરી માટે પપ્પા 'આઈડિઅલ મેન' હોય - બહારની દુનિયામાંના બધા જ પુરૂષોને એ પપ્પાના માપદંડે માપી લેતી હોય. દીકરીને પપ્પાને સાચા પાડવામાં અને દીકરાને પપ્પાને ખોટા પાડવામાં મજા પડતી હોય. પોતાનો દીકરો પોતાને ખોટા સાબિત કરે છે એ વાતે પપ્પાની નસોમાં વહેતું લાલ રંગનું લોહી થોડું વધારે ગાઢું બની જતું હોય છે. દીકરી માટે જીતી જવાની અને દીકરા સામે હારી જવાની પપ્પાને મજા પડતી હોય છે. દીકરીના ભાવ વિશ્વમાં પપ્પાનો ભાવ આસમાને હોય છે. દીકરાના ભાવ વિશ્વમાં પપ્પાનો ભાવ શેરબજારના માર્કેટની જેમ ચડઉતર થતો રહે છે.

દીકરા માટે પપ્પા જરૂરિયાત છે. લેટેસ્ટ આઈપેડથી લઈને પોલિસે જપ્ત કરી લીધેલા બાઈકને છોડાવવા સુધીનાં દરેક કામમાં દીકરાને પપ્પાની જરૂર પડે છે. એ પપ્પા પાસે બહુ જ સરળતાથી બધું જ માંગી શકે છે. પપ્પાનું શર્ટ પહેરીને આખા ઘરમાં રોફ મારી શકતો દીકરો પપ્પા જેવા ન બનવાની કોશિષ વચ્ચે મોટો થતો રહે છે. દીકરી આવું નથી કરી શકતી. એને તો એનો વર પણ પપ્પા જેવો જ જોઈતો હોય છે. ચશ્મા પાછળથી પપ્પાની ઉંચી થતી આંખો દીકરીને જલદી સમજાય છે. દીકરી કશું પણ કરતાં પહેલાં પપ્પાની પરમિશન લે છે, દીકરાને પપ્પાનાં બધાં જ નિર્ણયો ખોટાં લાગે છે. 'તમને કશી જ સમજણ નથી પડતી' આવું એ ખૂબ સરળતાથી પપ્પાને કહી શકે છે. જો કે, પપ્પાને ખોટાં સાબિત કરવા મથતાં દીકરાને પપ્પા સાચાં હતાં એવું સમજાવા માંડે ત્યારે એનો દીકરો એને ખોટો સાબિત કરવા તૈયાર

ઊભો હોય છે. દીકરા માટે પપ્પા તાકાત હોય છે. પિતાને અગ્નિદાહ આપ્યા પછી વિરાટ કોહલી મેદાનમાં સદી ફટકારી શકે છે. એક સદી ફટકાર્યા પછી આકાશમાં જોઈને પિતાને યાદ કરતો સચીન તેંડુલકર તરત જ બીજી સદી ફટકારી શકે છે. પણ દીકરી માટે પપ્પા નબળાઈ છે. ઈન્દિરા ગાંધી એક પત્રમાં પિતા જવાહરલાલ નહેરુને લખે છે, 'શરીરમાં કરોડરજ્જુ જરૂરી છે, એમ દીકરીના જીવનમાં પિતાનું હોવું જરૂરી છે. કરોડરજ્જુ વિનાનું શરીર અક્કડ રહી શકતું નથી, એમ પિતા વિનાની દીકરી પણ અક્કડ રહી શકતી નથી. મારી નબળાઈ તમે છો...!'

પિતાના મૃત્યુ પછી સાવ ઢીલી પડી ગયેલી પ્રિયંકા ચોપરા કેટલાય દિવસો સુધી લોકોની સામે આવતી નથી. પિતાનું મૃત્યુ દીકરાને મર્દ બનવાની પ્રક્રિયા સુધી લઈ જાય છે, જ્યારે દીકરીને એ તોડી નાંખે છે, સલામતીના વિશ્વમાંથી અસલામતીની દુનિયામાં ફેંકી દે છે. દીકરો પિતાને અગ્નિદાહ આપે છે ત્યારે પિતાની ચિતામાં એનાં આંસુઓ સૂકવીને એ મર્દ બની જાય છે. પિતાની ચિતા દીકરીને આગ જેવી લાગે છે, જેમાં એ એનું બધું જ સળગાવી દેતી હોય છે. પપ્પાનું મૃત્યુ અકળાવી મૂકે એવું ભયાનક હોય છે. પપ્પા ક્યારેય કશું બોલતાં નથી હોતાં. ઓફિસેથી ઘરે પાછાં ફરે ત્યારે ટીવીનું રિમોટ એમનાં જ હાથમાં રહેવું જોઈએ- એનો આગ્રહ રાખતાં પપ્પા બહુ જ સરળતાથી દીકરા અને દીકરીનું જીંદગીનું રિમોટ બીજાં કોઈનાં હાથમાં સોંપી શકતાં હોય છે. મમ્મી આવું નથી કરી શકતી. દરેક મમ્મી સારી સાસુ પુરવાર થાય એ જરૂરી નથી, પણ દરેક પપ્પા સારા સસરાં તો બની જ શકે છે. જેમનું નામ આપણાં નામની પાછળ લખાતું હોય, જેમનું લોહી આપણી નસોમાં વહેતું હોય.

જેમનો ગુસ્સો આપણને વારસામાં મળ્યો હોય... જેમને ખોટાં સાબિત કરવામાં આપણો અહમ સચવાતો હોય - જેમનાં શુઝ આપણાં પગમાં મોટાં પડતાં હોય - જે ખૂબ ગુસ્સો કર્યા પછી ધ્રુજવા માંડે-જેમને આપણે ક્યારેય આઈ લવ યુ ન કહ્યું હોય - એ આપણાં માટે કેટલાં અગત્યનાં છે એવું જેમને જતાવવાનું આપણે કાયમ ચૂકી જતાં હોઈએ અને જેમનાં પ્રાયોરિટી લીસ્ટમાં કાયમ આપણે જ ટોપ પર રહ્યાં હોઈએ - એ આપણાં પપ્પા એટલે પપ્પા જ...!!

**સંદર્ભ : માયા એન્જલો (અમેરિકન કવયિત્રી ૧૯૨૮-૨૦૧૪)**

## -: ગુજરાત સરકારશ્રીની 'શ્રમિક કાર્ડ' યોજના :-

માનનીય ગુજરાત સરકારશ્રી દ્વારા સમાજના છેવાડાના લોકોની સામાજીક સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે અનેક યોજનાઓ અમલમાં મુકવામાં આવેલી છે. આ યોજના પૈકી અતિ મહત્વની યોજના "શ્રમિક કાર્ડ" યોજના શ્રમિકોના જીવનમાં આરોગ્ય તેમજ જીવનના ખતરા સામે સુરક્ષા આપતી અતિ મહત્વનીયોજના છે. આ યોજનાના લાભ જરૂરીયાતમંદ લોકોને સહેલાઈથી મળે તે હેતુથી સરકારશ્રીની આ યોજનાનો લાભ લેવા જરૂરીયાત મંદ લોકોએ "શ્રમિક કાર્ડ" કઢાવી યોજનાનો લાભ લેવો

લાભ કોણ મેળવી શકે ?

નીચે સુચવેલી યાદીમાં આવતા હોય તેવા ૧૬ વર્ષથી ઉપરના તથા ૭૦ વર્ષથી નીચેના કોઈપણ ભાઈબહેનો

(૧) ખેતમજૂર (૨) કડિયાકામ (૩) સુથારકામ (૪) વાયરમેન (૫) વેલ્ડર (૬) ઈલેક્ટ્રીશીયન (૭) પ્લમ્બર (૮) હામાલ (૯) મોચીકામ (૧૦) દરજીકામ (૧૧) માળી (૧૨) ફેરિયા (૧૩) રસોયા (૧૪) ક્લીનર અને ડ્રાઈવર (૧૫) સોના-ચાંદીનું કામ કરતા કારીગરો તથા રત્નકલાકારો

**આ યોજનાના લાભો જેવા કે,**

(૧) અકસ્માત સહાય રૂા. ૫૦,૦૦૦ (૨) મૃત્યુના કેસમાં રૂા. ૧,૦૦,૦૦૦

(૩) ગંભીર બિમારી જેવી કે હૃદયરોગ, કેન્સર, કિડની સારવાર વગેરે સારવાર માટે રૂા. ૨,૦૦૦૦/- સુધીી સહાય.

(૪) શ્રમિકોના બાળકોના અભ્યાસ માટે શિષ્યવૃત્તિ તેમજ હોસ્ટેલમાં મફત રહેવાની, જમવાની સુવિધા.

(૫) અટલ પેન્શન યોજનાનો લાભ. (૬) બાંધકામ શ્રમિકોને મફત નિપૂણા કેળવવા માટેની તાલીમ.

**અરજી કરવા માટેના જરૂરી પુરાવા જેવા કે,**

(૧) આધારકાર્ડની ઝેરોક્ષ (૨) રેશનકાર્ડની ઝેરોક્ષ (૩) રૂા. ૧,૨૦,૦૦૦ થી નીચેની આવકનો દાખલો.

**નોંધ :** (૧) સોના-ચાંદીના વ્યવસાય સાથે સંકળાયેલા છટક કામ કરતા કારીગર ભાઈઓ તથા રત્નકલાકારો આ યોજનાનો લાભ લઈ શકે છે.

(૨) ઉપરોક્ત શ્રમિક કાર્ડ કઢાવવા માટે તાલુકા સેવા સદન શ્રમ અને રોજગાર વિભાગમાંથી ફોર્મ મેળવી શકાશે.

(૩) આપના વિસ્તારના સમાજિક કાયકર અને ધારાસભ્યોની મદદી સમુહમાં પણ ધાર્મિક યોજનાના કાર્ડ કઢાવી શકાય છે.

(૪) ઉપરોક્ત માહિતી માટે વધારે વિગતવાર જાણકારી મેળવવા માટે શ્રી દિનેશકુમાર જે. સોની (તલોદવાળા)નો **મો. ૯૪૨૬૬૪૮૫૬૭.** સંપર્ક કરવો.

(૫) દરેક ગામ તથા શહેરોના સ્થાનિક મંડળોએ આ યોજનાની સંપૂર્ણ માહિતી મેળવી અને આપણા જરૂરીયાતમંદ જ્ઞાતિજનોને "શ્રમિક કાર્ડ" કઢાવવામાં મદદરૂપ થવા નમ્ર વિનંતી છે.


प्रमाणित असली रत्न ग्यारंटी कार्ड के साथ
हीरा
मोती
मूंगा
गोमेद
नीलम
लहसुनिया
पुखराज
पन्ना
माणिक्य
अनमोल ज्वेलर्स एवं रत्न केन्द्र
सभी राशियों के रत्नों व उपरत्नों के थोक व चिल्हर विक्रेता
श्रीराम संगीत महाविद्यालय के सामने, श्याम टॉकीज रोड़, बुढ़ापारा, रायपुर ( छ.ग. ) 492001
Tel. : 0771-2235657, Mo. : 98271-76512, 94061-21399, 94790 35657
Email : anmolkk9@gmail.com, Web : www.anmolratna.net


autovent
VENTILATION AUTOMATIC NO ELECTRIC
उद्योगों में प्रदूषण रोकने का आसान उपाय
सभी फैक्ट्री में लगाने योग्य, बिना बिजली के चलने वाला वेन्टीलेटर जो दे
गर्मी, धुआं, दुर्गंध से मुक्ति
लगातार चले 24 घंटे 365 दिन
ANMOL INDUSTRIES
City Office : Opp. Shriram Sangeet Mahavidhyalaya, Shyam Talkies Road, Budhapara, RAIPUR (C.G.)
Fatcory : Bhanpuri Chowk, Opp. Dammani Petrol Pump, Bhanpuri, RAIPUR (C.G.)
Phone : 0771-2235657, Mobile : 98271-76512, 94061-21399, 94790 35657
Email : autoventk@gmail.com, Web : www.anmoindustries.co.in

KANSARA

Dream Dare Do

Rollers for Bearings
World - Class Worldwide

Kansara Modler Limited
an Indo-German Joint Venture

A-41(B), M.I.A. Phase II, Basni, Jodhpur - 342005.
Tel: +91 291 2741656, 5120656 Fax : +91 291 270657
Website : www.kansara.com Email : info@kansara.com

*Wishing you a Joyous New Year!*



# LUCKY
JEWELLERS

BAZ-2 Rajendra Chowk, 64 Bazar, Adipur-Kutch

ANAND J. SONI
+91 9574444467

silver utensils | cz jewellery | italian jewellery | antique jewellery

Jayendra K. Soni 9825391470
Anand J. Soni 9574444467
Amit J. Soni 9879713570

# LUCKY
## Gold Smith

**Deals In Gold & Silvers Ornaments**

Shop No. 1, Rajendra Chowk, 64 Bazar, Adipur-Kutch.
Ph. 260199 (S), 261984(R)

# શ્રદ્ધાંજલી



સ્વ. નરોત્તમભાઈ
પ્રાગજીભાઈ બિજલાણી

જન્મ-૦૬.૦૬.૧૯૩૮
સ્વર્ગવાસ-૧૬.૦૮.૨૦૧૪



સ્વ. વસંતબેન
નરોત્તમભાઈ બિજલાણી

જન્મ-૦૬.૦૮.૧૯૪૨
સ્વર્ગવાસ-૧૧.૦૯.૨૦૦૩



સ્વ.મનોજકુમાર
નરોત્તમભાઈ બિજલાણી

જન્મ-૦૨.૧૦.૧૯૭૫
સ્વર્ગવાસ-૦૮.૦૪.૨૦૧૫

ચાલ્યા ગયા તમે મોક્ષના માર્ગે, છાયા તમારી ભુલાતી નથી
વિદાય તમે અણધારી લીધી પળ એ વિસરાતી નથી...

મરણ કરતા સ્મરણ બળવાન છે આપની સમૃતિ એક વરદાન છે
પ્રભુ આપના દિવ્ય આત્માને ચિર શાંતિ અર્પે એજ પ્રાર્થના...

## - શ્રદ્ધાન્વત -

બિજલાણી કમલેશકુમાર નરોત્તમભાઈ
બિજલાણી ભારતીબેન કમલેશકુમાર

બિજલાણી જ્યોતિબેન મનોજકુમાર

બિજલાણી અંકીતાબેન કમલેશકુમાર
બિજલાણી ખુશી કમલેશકુમાર


બિજલાણી નીધી મનોજકુમાર
બિજલાણી પ્રિયાંક મનોજકુમાર

# જંગલમાં મંગલ

- લતાબેન સોલંકી (ભુજ)

જગતના બધા પશુ પક્ષીઓ મેળામાં મહાલવાની ને આનંદ મેળવવા મેળાની રાહ (વાટ) જોવા લાગ્યા. જોતજોતામાં મેળાનો દિવસ આવી પહોંચ્યો. સ્ટોલ ધારકોએ સ્ટોલ શણગાર્યા. પંડાલ બંધાવ્યા. ખુરશી ટેબલ ગોઠવ્યા. સૌથી પહેલો સ્ટોલ કાગળાકાકાનો હતો. મીઠાઈનો સ્ટોલ. લાઉડ સ્પીકર પર કાગળી કાકી બધાને વેલકમ કરતા ડોલતા હતા. આવો આવો... મનભરીને મીઠાઈ આરોગો. મોહનથાળ, લાડુ, ગુલાબજાબું, જલેબી, મેસુક.... આવો આવો.... મીઠું મોં કરતા જાવ. અમારી મીઠાઈ ખાઓ ને મેળામાં ફરવાની એનર્જી મેળવતા જાઓ. એકવાર ખાશો તો વારંવાર ખાવાની ઈચ્છા થશે. આવો... આવો... મોજીલા માકડાનો પરિવાર.. ચીં ચી કરતી ચકલીના બચ્ચાં. કાળીયાર, ઘુવાડ, શિયાળ જેવા બધા પ્રાણીઓએ મીઠાઈના સ્ટોલમાં જલેબી, લાડુ, બરફી, પેંડા, ગાઠિયા, ચવાણાની લિજ્જત માણી. વાહ કાગડા કાકા વાહ....સરસ મીઠાઈ છે. સ્વાદિષ્ટ મીઠાઈ છે. કહી પ્રશંસા રી. હરખચંદ હરણના રમકડાના સ્ટોલ પર તો પ્રાણીઓના બચ્ચાઓની ભારે મીડ જામી હતી. ચાલણ ગાડી, બેટ બોલ, હૉકી-સ્ટીક, ફલાઈંગ ડીશ, ગુલાટ ખાતો વાંદરો, ઢીંગલા-ઢીંગલી, કેરમ, ચેસ, મોટર, બસ, ગાડું, ઉડતો પોપટ, વિમાન હરખચંદ હરણનો સમસ્ત પરિવાર હસતે મોઢે રમકડા બાવતો. તે બાળકો હોંશે હોંશે લઈ રાજી થતા. ઘેલજી ઘુવડ અને કાગડા, મંકોડાનો જાદુનો શો જોવા લાંબી લાઈનો લાગી'તી. ખાલી ટોપીમાંથી રમકડા નીકળે, સિંહ વાંસળી વગાડે તો હરણ થઈ જાય. આ બિસ્કીટના થોકડે થોકડા પેકેટ ખાલી હાથમાંથી નીકળે એવા બે જુદા જુદા ખેલ કાગડા કાકીંડા ને ઘેવજી ઘુવડે બતાવી પ્રાણીઓને ખુશ કર્યા. ચકડોળનું નામ સાંભળી સસલાના બચ્ચાઓ તો દોડવા માંડ્યા. ખીસકોલી ચકડોળમાં વારાફરતી શિયાળ, બીલાડી વાઘના બચ્ચા પણ ચકડોળમાં વારાફરતી ગોઠવાયા. ચકડોળ ગોળ ગોળ ફરતુ ગયું અને બચ્ચાઓની કિલકારીઓથી મેળો ગાજી ઊઠ્યો. જાળીમાં વાઘણના જમ્પીંગ શૉમાંવાંદરા, બીલાડી, સીંહ, ચીતા, કાળીયાર, હરણના બચ્ચાઓ જમ્પ લગાવતા જાય ને વ્હાલીમાં વ્હાણીમાં મજા પડે છે. કહેતા જાય... હરજી હાથી અને ઉત્તમચંદ ઊંટના હોર્સ-રાઈડીંગ અને કમલ રાઈડીંગમાં જંગલી ગધેડા, મીતલ હરણ, જીરાફના બચ્ચા સાથે મોર, કોયલ, ઘુવડ, સસલા, વરૂના બચ્ચાઓએ પણ સવારી કરી. સવારી કરી ગાતા જાય "ચાલ ચાલ મારા ઘોડા ચાલ ચાલ મરા ઊંટડા, લઈ ચાલ અમને નદીએ નાવા ને જંગલમાં ફરવા.." ચાલ ચાલ....

મેળામાં ફરતા ફરતા ભૂખ લાગી તો બધા પોપટલાલના સ્ટૉલમાં પહોંચતા. જ્યાં પોપકોર્ન, ભાખરી, શાક, પુરી, દહીં, પકોડા, દહીં, દૂધ, લસ્સી, છાસ, પરોઠા, ખારી ભાત, સુખડી, રોટલો, માખણ, ઓળો એવી તો કેટકેટલી વાનગીઓનું મેનુ હતું. જે આરામથી આસન પર બેસી પાટલા પર થાળી પીરસાતી તો, પોપટલાલ, મેનાબેન સહુને આગ્રહ કરી કરી જમાડતા. અને કહેતા કોઈ પણ એઠું મુકશો નહીં. અન્નો બગાડ કરશો નહી. છતાં ગલખા શિયાળે એઠું મુક્યું. ગલખા શિયાળને અડધો કલાક ત્યાં વાસણ સાફ કરવાની સજા મળી ને પછી તો ગલખો શિયાળ જ બધાને સમજાવવા લાગ્યો કે એઠું મુકવું પાપ છે. ડાયાલા ડૉબર મેનના ડૉગ શૉમાં કુતરાઓ જુદા જુદા કરતબ દેખાડતા હતા. બળતી રીંગમાંથી સલામત કુદવું. સાયકલ ચલાવવી. ફુટબોલ રમવું. સુંઘીને બિસ્કીટનું પેકેટ લાવવું. આવા તો હજી અનેક શૉ મેળામાં છે. બીજા શૉ વિશે આવતા અંકે...



## દીવાળી

આવી દીવાળી આવી દીવાળી
ચાલો ફટાકડા લઈને ઝટપટ
ફુલઝરી, લાઈટ, કોઠી, --
જમીન ચક્કર, હાથ ચક્કર

ફોડશું જગ થાશે ઝગમગ
આવી દીવાળી આવી દીવાળી
બનીગીયા એટમ બોમ્બ
દેરાણી જેઠાણી સીંદરી બોમ્બ

ફોડશું અવાજ થાશે ફટફટ
આવી દીવાળી આવી દીવાળી
હવાઈ, રોકેટ, સાત ધડાકા
પેરાશૂટ ને સત ચલંગી

ફોડશું તો ગગન થાશે ઝગમગ
આવી દીવાળી આવી દીવાળી
લાડુ, મોહનથાળ, જલેબી,
ઘારી, ઘેવર, ફરસાણ

આરોગશું તો તનડું ઝગમગ
આવી દીવાળી આવી દીવાળી
પ્રભુજી, માતાપિતા ગુરૂ
વડીલોને વંદન કરીએ તો
જીંદગીનાં અજવાળા રમઝમ
આવી દીવાળી આવી દીવાળી

(ટબલી)

-લતા સોલંકી

# શો મસ્ટ ગો ઓન

- મીતા નિતીન સોલંકી (ભુજ)



જેઠાલાલના સુપુત્રોએ પણ તોડાવાલા પરિવાર તરીકે ખુબ નામના કરી છે. તથા સમાજ ક્ષેત્રે પણ અમૃતલાલ જેવા મોભાદાર સામાજીક અગ્રણી પણ મળ્યા છે. તેઓ તોડા બનાવવાનો પારંપરિક વ્યવસાય ૪ પેઢીથી ચલાવે છે. અને ત્રીજા ભાઈ માધવજીભાઈના સુપુત્રોએ પણ વર્ષો સુધી આ તોડા બનાવવાની પરંપરાને જ પોતાનું જીવનનિર્વાહ બનાવ્યું અને પારંપરિક બિઝનેસ ક્ષેત્રે નામના મેળવી છે.

'જ્ઞાતિસેતુ'ની સમગ્ર ઉત્સાહી મહેનતુ ટીમને દિવાળીની શુભકામના.

આગામી વર્ષ તેઓની જીંદગીમાં વધુને વધુ પ્રગતિના સોપાન સર કરાવે તેવી મીતા સોલંકીની અભ્યર્થના સ્વીકારશો...

"વ્યકિત અને સમગ્ર સમાજની પ્રગતિમાં પરિવારના વડીલો, પુર્વજોનું યોગદાન હોય છે, સતત પરિવર્તનશીલ યુગમાં પારંપરિક પરંપરાઓ આપણી સાંસ્કૃતિક ધરોહર છે.

એ વાત ખુબ જ સાચી છે, "આપણા પરિવારો અને પારંપરિક પરંપરાઓ"ના વિષય પર લખવાનું આહવાન કરી 'જ્ઞાતિસેતુ'ની સમગ્ર ટીમે ફરી એક વખત સિદ્ધ કરી આપ્યું છે કે તે "એકમેકને ઓળખવાનો સેતુ" સાચા અર્થમાં સાબિત કરે છે. બ્રેવો !

આજે હું પારંપરિક સંભાળણાંમાં ભુજના ખાનદાન (તોડાવાલા) પરિવારની વાત ટૂંકમાં કહીશ..

ચારથી પાંચ પેઢી શ્રી નાનજી ઘેલા સોલંકી પરિવાર ખુબ મહેનતુ રહ્યો છે. દેવશી નાનજી, માધવજી નાનજી તેમજ જેઠાલાલ નાનજીના કુટુંબોના પારંપરિક ધંધાને તેમના વારસદારોએ ખુબીથી આગળ વધાર્યા છે. આજે પણ દેવશીભાઈના પુત્ર, જટાશંકરના પુત્ર ઊમેશભાઈએ પોતાનો પારંપરિક ધંધો બખુબી સંભાળી આગળ વધાર્યા છે. કડલી અને ઝાંઝરી બનાવવાના તેઓ માસ્ટર્સ છે. આજ રીતે

સમયાંતરે બધુ બદલાતું રહ્યું... પણ કાળની થપાડો, કુદરતી આફતો, વિઘ્નો, સ્વજનો ગુમાવ્યાના શોક, વચ્ચે પણ જીવનના અનેક ચડઊતાર જોયા પછી પણ માધવજીના પૌત્ર એવા "નીતિન રામદાસ સોલંકી" હિમ્મત ન હાર્યા, અડગ રહી વડીલોના આશીર્વાદથી તોડા બનાવવાનો કાર્ય ધગશપૂર્વક કરતા રહ્યા છે.


તેઓશ્રી આ ધંધાને વડીલોના આશીર્વાદ જ સમજે છે. તે સમયે પણ બી.એસસી. જેવું ઉચ્ચ અભ્યાસ કરી વારસાગત ધરોહર, સંભાળી બેઠા છે. ૫૦ વર્ષની ઉંમરે પણ ૧૧-૧૨ કલાક રોજ મહેનત કરે છે. પોતાનો વારસાગત વ્યવસાય જ આગળ વધારવો જોઈએ એવા તેમના શુભ આશયનો સમગ્ર પરિવારને ગૌરવ છે.

સાંપ્રત સમયમાં "વ્હાઈટ કોલર જોબ" ઈચ્છતા યુવાનોને આવો સતત મહેનત અને ખંત માંગતો વ્યવસાય ઓછો પસંદ પડે છે. પણ જો નવી પેઢી પોતાનું ધરોહર સમજી આ કાર્ય આગળ વધારે તો પરપ્રાંતીય લોકો ફાવી ન જાય... સ્વમાનભેર કાર્ય કરી નોકરી ન કરવી પડે, પોતે જ પોતાના માલિક હોય... ઘરની સ્ત્રીઓ પણ આ કાર્યમાં પોતાનું યોગદાન આપી શકે.....

❖

- રોહિણી બુદ્ધભટ્ટી (ભુજ)

# સેન્ડવીચ વીથ વેજીટેબલ



**રીત :** બ્રેડની બે સ્લાઈસ લો. તેની બોર્ડર કાપી મનગમતો શેઈપ આપો. (બ્રાઉન બ્રેડ પણ ચાલે.)

❖ એક સ્લાઈસ પર બટર લગાડો. બીજી પર લીલી ચટણી.

❖ ભાવતા શાકભાજી બટેટા, વટાણા, ગાજર, ટમેટા, વગેરે ઝીણા સમારીને બાફીને બધું મિક્સ કરી તેમાં કાંકડીનું છીણ, દહીંનો મસ્કો, નમક, મરી, ખાંડ અને લીલા મરચાના ઝીણા પીસ બધું મિક્સ કરો.

❖ બંને સ્લાઈસ વચ્ચે પૂરણ મૂકીને બી બંને સ્લાઈસ ટોસ્ટ પણ કરી શકાય. અથવા એમજ કાપી પણ ખાઈ શકાય.

(૨) મિક્સ ફ્રૂટ સેન્ડવીચ :

રીત : બ્રેડની બે સ્લાઈસ ને મનગમતા આકારમાં કાપો. બંને સ્લાઈસ પર બટર અને મિક્સ ફ્રૂટ્સ જામ લગાડી દો.

❖ લીલી દ્રાક્ષ, સંતરાના પીસ, એપલ પીસ, ચિકૂ પીસ, દાડમના દાણા મિક્સ કરો. તેમાં ભાવે તો ચાટ મસાલો મિક્સ કરો.

❖ બે બ્રેડ સ્લાઈસ વચ્ચે મિક્સ ફ્રૂટસનું પૂરણ ભરી જોઈન્ટ કરી ઉપર ડેકોરેશન માટે સંતરાની ચીટી ગોઠવો. અર્ધાભાગની સેન્ડવીચ પર જામ લગાડો. લીલી દ્રાક્ષને ઉભી સ્લાઈસ કરીને ગોઠવો. વચ્ચે દાડમનાં દાણાથી ડેકોરેટ કરો.

# અજમાવી જુઓ...

❖ પાણીમાં થોડું નમક નાખી ફ્લોર ધોવાથી જીવજંતુઓ જેવા કે કીડી, મંકોડા, માખીનો ઉપદ્રવ દૂર થશે.

❖ દાઝ્યા પર મધ, છાશ કે દહીં લગાડી દેવાથી બળતરા દૂર થશે અને ફોડલા પણ થશે નહીં.

❖ કાંદા કાપવાથી પહેલાં થોડીવાર ફ્રીજમાં મૂકી દેવાથી કાંદા સુધારતી વખતે આંખમાંથી આંસુ નહીં નીકળે.

❖ કાચના ગ્લાસ એકબીજામાં ભરાઈ ગયા હોય તો તેને છૂટા પાડવા બહુ મથામણ કરવા કરતાં એક રાત ફ્રીજમાં મૂકી દેવાથી સવારે બહાર છૂટા પાડો તરત છૂટા પડી જશે.

❖ રાત્રે દૂધ ફ્રીજમાં મૂકવાનું ભૂલાઈ ગયું હોય તો બીજે દિવસે ગરમ કરતાં પહેલાં તેમાં થોડો સોડાબાઈકાર્બ બરાબર ભેળવી અને પછી ગરમ કરવું.

❖ કડક પૂરીને કંચી બનાવવા માટે લોટમાં થોડો (૨ થી ૪ ચમચા) રવો ભેળવવો.

❖ ભાત તળિયે ચોંટી ગયા હોય અને બળેલી વાસ દૂર કરવા માટે તેમાં ભાત પર થોડું નમક ભભરાવી દેવું.

❖ રસોડાના સિન્કના પાઈપમાં કચરો ભરાઈ ગયો હોય તો એક કપ મીઠું, એક કપ સોડા બાઈકાર્બ તથા ઉકળતું પાણી નાખી દેવું. થોડીવારમાં જ કચરો સાફ થઈ જશે.

❖ લાકડાના ફર્નિચર પર શ્યાહીના ડાઘા દૂર કરવા માટે મેટલ પોલિશનો ઉપયોગ કરવો. લાકડા પર જો વેક્સ ફિનિશીંગ હોય તો ટર્પેન્ટાઈનનો ઉપયોગ કરવો.

❖ કાંદા સમારયા હોય એની વાસ હાથમાંથી દૂર કરવા લીંબુનો ટૂકડો હાથ પર ઘસવો. વાસ દૂર થઈ જશે.

❖ વેકસિંગ કરતી વખતે વેકસમાં લીંબુનો રસ ઉમેરવાથી ચામડી પરનો મેલ તેમજ કાળાશ પણ દૂર થાય છે.

## દાન અને ત્યાગ

**એ આપણી ગેરસમજ છે કે આપણે દાનને ત્યાગ સમજી બેઠા છીએ. ખરી હકીકત એ છે કે ત્યાગ એ જ ધર્મ છે કે જેનાથી આત્માની ગતિ સુધરે છે. દાનથી પુણ્ય જરૂર બંધાય છે. પણ તેમ છતાં સંસાર પરિભ્રમણ તો ચાલુ જ રહે છે. મોહ અને રાગમાંથી એક ક્ષણ પણ બહાર નીકળવું તે ત્યાગ ધર્મનું પ્રથમ પગથિયું છે. ત્યાગ બૂરાઈઓનો જ હોય. આપણી કુટેવો, કુરિવાજો, અનિષ્ટો વગેરે જેણે છોડ્યા પછી તેના વિશે કોઈ મોહ કે વિકલ્પ ન રહે તેને જ ત્યાગ કહેવાય. દાન કરતાં ત્યાગી હંમેશા મહાન છે. દાન પુણ્ય છે જ્યારે ત્યાગ ધર્મ છે.**

# આયુર્વેદિક ઉપચાર

- સરોજબેન આર. બુદ્ધભટ્ટી (ભુજ)

સામાન્ય શરદી : લક્ષ્મી વિલાસ રસ(નારદીય), ત્રિભુવન કિર્તીરસ, કફ-ક્યુ-કેપ્સુલ, સંજીવની વટી, કોલ્ડવીન ટેબલેટ

શરદીનો તાવ : ત્રિભુવન કિર્તી રસ, લક્ષ્મી વિલાસ રસ, ફીવરીન કેપ્સુલ

તાવ (ટાઢિયો) : સુદર્શનઘટી, ત્રિભુવન કિર્તી રસ, ફીવરીન કેપ્સુલ

ઉધરસ : ખદીરાવટી, સિતોપલાદી ચૂર્ણ, કંઠમયુરી, અક્ષયવટી

કબજિયાત : યશ ચૂર્ણ, ત્રિફળા ચૂર્ણ, હરડે ચૂર્ણ, હિંગાષ્ટક ચૂર્ણ, સુરૂચી ચૂર્ણ, ત્રિફળા ટીકડી, હરડે ટીકડી, સેફલેક્ષ ટેબલેટ

ગેસ : ગેસારીપીલ્સ, ચિત્રકાદી વટી, યશચૂર્ણ

અપચો : જલજીરા, શંખવટી, ગેસારીપીલ્સ, લવણ ભાસ્કર ચૂર્ણ, ચિત્રકાદી વટી, આમપાચનવટી, હિંગાષ્ટક ચૂર્ણ

એસીડીટી : એસીસોલ ટેબલેટ, અવિપતીકર ચૂર્ણ અને ટેબલેટ સુતશેખર રસ

હરસમસા : પાઈલ્સોલ કેપ્સુલ, અર્શોદની વટી, સ્વાદિષ્ટ વિરેચન ચૂર્ણ, સુરૂચિ ચૂર્ણ

મરડો-ઝાડા માટે : ડાઈસોલ ટેબલેટ, બિલ્વાદી ચૂર્ણ, વૃદ્ધ ગંગાધર ચૂર્ણ, કુટજ ધનવટી, ઈન્દ્રજવ ચૂર્ણ

ઊલટી : વોમીટેક્ષ ટેબલેટ

મધુમેહ : મધુમેહારી ચૂર્ણ, મધુવિન ટેબલેટ, વસંતકુસુમાકર રસ, શિલાજીત કેપ્સુલ, ચંદ્રપ્રભાવટી, મેહન ચૂર્ણ

કમળો : આરોગ્યવર્ધની રસ, લીવકેર કેપ્સુલ

લોહીનું ઊંચું દબાણ : બ્રાહ્મીવટી, સર્પગંધા ઘનવટી, કેલીબર કેપ્સુલ

ચામડીના રોગો : ગંધક રસાયણ, મહામંજીષ્ઠાદિ ઘનવટી, મહા મરિચ્યાદિ તેલ, રક્તરાજ ટેબલેટ, નિમાયુ ટેબલેટ

વા-સંધિવા : યોગરાજ ગુગળ, આમવાતારિ રસ, મહાનારાયણ તેલ, વાત ચિંતામણી રસ, વિષગર્ભ તેલ, રૂમાફિ તેલ, રૂમાફિ ટેબલેટ, અજમોદાદી ચૂર્ણ

પથરી : ચંદ્રપ્રભાવટી, ગોક્ષુરાદી ગુગળ, ગોખરૂ ચૂર્ણ, શીલાજિત કેપ્સુલ

સ્ત્રીરોગ માટે : લ્યુકો કેર કેપ્સુલ, ચંદ્રપ્રભાવટી

પગના તળિયામાં બળતરા : શીતોપલાદિ ચૂર્ણ, સપ્તામૃત લોહ, સુદર્શન ટીકડી

કરમીયા : કૃમિકુઠાર રસ, વાવડીંગ ચૂર્ણ, નિમાયુ ટેબલેટ

અનિંદ્રા : અશ્વગંધા ચૂર્ણ, બ્રાહ્મી ચૂર્ણ, વિધારસ ટેબલેટ, બ્રાહ્મીવટી, સર્પાઈન કેપ્સુલ, સરસ્વતી ચૂર્ણ

નબળાઈ : મકરધ્વજ વટી, સુવર્ણ માલતી, અશ્વગંધા ચૂર્ણ, કૌચા કલ્પ, રસાયણ ચૂર્ણ, અગ્નિતુંડીવટી, નારસિંહ ચૂર્ણ, નારસિંહ વટી

ધાતુપુષ્ટિ : કૌચાકલ્પ, નારસિંહ વટી, મઝો કેપ્સુલ, મકરધ્વજી વટી, અશ્વગંધા ચૂર્ણ અને ટેબ, શુક્રવલ્લભરસ

શ્વેતકોઢ : એનવિટા કેપ્સુલ, આરોગ્યવર્ધની, બાવચી ઘનવટી અને તેલ, મહામંજીષ્ટાધિ ઘનાવટી, રક્તરાજ ટેબલેટ

દાંતનો રોગ : દર્શન સંસ્કાર ચૂર્ણ, ખદીરાદી ગુટીકા, ઈરમેદાદી તેલ

મોઢું આવવું : ખદીરાદી, ઈરમેદાદી તેલ, કંઠમયુરી

કાનનો દુખાવો : ક્ષાર તેલ, લક્ષ્મીવિલાસ રસ(નારદીય), દશમૂલ તેલ, સારીવાદી વટી, કર્ણામૃત તેલ

નેત્ર રોગ : સપ્તામૃત લોહ, ત્રિફળા ટેબલેટ, ત્રિફળા ચૂર્ણ, આમળા ચૂર્ણ

વાળની સમસ્યા : કેશ સરિતા કેપ્સુલ અને તેલ, કેશરક્ષા (વાળ ધોવાનો પાવડર)

યાદશક્તિ માટે : સરસ્વતી ચૂર્ણ, વિદ્યારસ ટેબલેટ, બ્રાહ્મીવટી, કેબિલર કેપ્સુલ

ચહેરાની સુંદરતા માટે : રૂપલેપ, કંકુમાદી તેલ, સ્નાનધારા

અસ્થમા માટે : અસ્મથા કેપ્સુલ, શ્વાસ કુઠાર રસ, શ્વાસકાસ ચિંતામણી

શરીરનું ભારેપણું : ઓબેસિસોલ ટેબ, મદોહર ગુગળ, આરોગ્યવર્ધની રસ

***ઔષધિ સેવનની રીત અને નિયમો :***

(૧) સવારે લેવાની દવા નરણા કોઠે લેવી. ત્યારબાદ અડધો કલાક સુધી કશું લેવું નહિ.

(૨) જમ્યા પહેલાં અને પછી લેવાની દવાનો ગાળો પંદરથી વીસ મિનિટનો હોવો જોઈએ.

(૩) તેલની માલિસ સવારે અથવા રાત્રે જ કરવી.

(૪) શક્તિની દવાઓ સવારે અને સાંજે ભોજન બાદ લેવી.

(૫) મૃદુ વિરેચનની દવાઓ રાત્રે સૂતી વખતે લેવી.

(૬) જુલાબની દવા ખાલી પેટે સવારે આપવી.

(૭) ફળ ખાવા હોય તો ભોજન બાદ જ લેવા.

**Youth Corner**

# The Life : All About Two Sides of a Coin

**Kirtan Soni (Anjar)**



*It is a matter of pleasure that more and more youth are attracted by about youth corner colomn of Gnyatisetu. They want to express themself in a way they feel comfortable.*

*In this edition Mr. Kirtan Soni from Anjar has vicely expressed his views 'Life' and 'Success'. Mr. Kirtan is persueing gratuation in commerce stream and taking keen interest in bussiness development plan of family business Prabhu Krupa Jwellers at Anjar.*

***- Atul Soni***

Whats life about? How one is determined to live it? What factors to be faced for the determination? Everyone has their own definition of life, whatsoever it may be. All people live a life with some or the other determination or aim or some even live just to live it. Every common has desires to be fulfiled, dreams to be right, alongwith their families happiness. Every poor man works with a thought to just get their bread. Yes even they have dreams. Every rich man thinks to multiply what he has or to maintain the same. Thus, self happiness and families happiness are most prior factors for every person. But do everyone gets it?

All knows one has to work hard for what he wants. Or who already does, has to maintain. These are basic talks. Life is much more than what we think. It never has the one end. Every path will lead to the two ways, two ways but not the options. These are ways where we are 'meant' to go and not where we 'want' to go. And the factors, determination and dediction and efforts here are not considered. One can also say it as luck. As it plays a significant role in mans life. No consequences are pre-knowned. What will happen in the end is always a suspense.

Mostly, the common aim of mans life is of "success." As all have different definitions of life, so they have of success. It varies from person to person. Everyone wants to succed in their life. Obviously, no one wants to fail. Businesman wants to earn more profit and maximise his sales, Professionals wants to earn more reward for his service etc. Even people with cruel intentions, evil thoughts, or whom we call terrorists or criminal etc wants success in their plans. This success has nothing to go with impact on others howsoever dangerous it can be. This succes are what one 'Wants" and not what he "Gets'. It can have any result i.e. "Success" or 'Failure."

Now, This success also has a marginal concept, as a success of one may be failure for the other. Lets take example, if a group of terrosists plans to destrot national treasure and hurt the people and if they success, than for them it would be success no matter at the same time it is a failure of the nation and all people. Thus, two ends continues.

We live in a world where every things have two sides. We may name it as 'advantage and disadvantage', 'good and bad', 'ups and downs', 'positives and negatives', 'plus and minus', 'success and failure', and whatnot. Here, we can have options to choose. To choose the item not the results. If we go to buy and thing it will have benefits and also some limitations. Lets take example, Buying of a television the newly launched with many new features, say LED, yes advantage of this is that one gets a better view of the pictures shown and voice quality but at the same time it has disadvantage as it charges more units of electricity. This was just one example for the knowledge but we see this in every field. Every things has two sides in it and so has persons life.

Life is much more than what we live, what we see, what we understand. It has to deal with every aspects. And one has to face the two sides inevitably either in the form of options or its consequences. To some extent one can avoid the happening of event, but can't stop it at all. Yes! luck plays its role but it doesn't mean one will get good rewards at the cost of nothing. One has to pay every sort of effort for every sort of grain. Thus, life is all about what one wants and what one gets and what one gets with its negatives. Thus, life is all about its two sides, just like the coin has.

•

## અંધશ્રદ્ધા નહીં, પણ આત્મશ્રદ્ધા

રાયપુરના શ્રીમતિ ભાવિ બારમેડાનો 'જાગૃતિ' પ્રેરક લેખ વાંચ્યો. ગમ્યો.

નિષ્ફળતા મળે કે દુઃખ આવે અને પ્રયત્નો કરવા છતાં કારી ન ફાવે ત્યારે માણસ અંદરથી નબળો પડે છે અને ક્યારેક અંધશ્રદ્ધા તરફ વળે છે. અતુલભાઈનું 'ઓબ્ઝર્વેશન' સાચું છે કે મહિલા પૂર્તિઓ કે મહિલા સામયિકોમાં જ્યોતિષીઓની જાહેરાતોનો 'રાફડો' ફાટે છે. કુદરતી રીતે દરેક સ્ત્રી મૂળે શ્રદ્ધાળુ સ્વભાવની હોય છે. અવિશ્વાસનું સ્પષ્ટ કારણ ન મળે ત્યાં સુધી બધે વિશ્વાસ મૂકતી ફરે છે. કુટુંબ પર મુશ્કેલી આવે ત્યારે એક તરફ તે પોતે બધું કરી છૂટે છે તો બીજી તરફ જ્યોતિષ વગેરેનું તરણું-શરણું શોધે છે.

પુરુષ હોય કે સ્ત્રી, જેને પોતાનામાં વિશ્વાસ ડગી ગયો હોય એ કોઈ અજાણ્યાની ભ્રમિત વાતોમાં વિશ્વાસ મૂકીને મનની સ્થિરતા પ્રાપ્ત કરવાની કોશિષ વધુ કરે છે. જ્યોતિષ વિદ્યા સાચી હશે એમ માનીએ તો પણ હાલ જોવા મળતા 'જાહેરાતીયા' જ્યોતિષીઓ તો 'ડર' અને 'લોભ'ને હથિયાર બનાવીને રીતસરનો 'ધંધો' જ કરે છે. તેમનું પહેલું કામ તમારી નબળાઈઓને માપવાનું, બીજું કામ તમારામા વહેમનું આરોપણ કરવાનું તથા ત્રીજું કામ ઈચ્છિત પરિણામનું 'ગાજર' બતાવવાનું હોય છે.

મુશ્કેલી બધાના જીવનમાં આવે જ છે અને ક્યારેક તો એ ભલભલાને નરમઘેંશ જેવા બનાવી નાંખે છે, પણ મુશ્કેલીને આપણે આત્મવિશ્વાસ અને ધીરજની કસોટીરૂપ જ ગણવી જોઈએ. મુશ્કેલીના સમયે આપણે સૌથી મોટો સહારો આપણે પોતે જ હોઈએ છીએ, બીજું કોઈ નહીં, એ હંમેશા યાદ રાખવું જોઈએ. જરૂર પડ્યે બીજાની મદદ લેવી એ અલગ વાત છે, પણ આત્મશ્રદ્ધાના અભાવે કોઈ અજાણ્યાની વાતોમા આવી જઈને તેના પર આંધળો વિશ્વાસ મૂકીને મુશ્કેલીનો સામનો કરવાની જવાબદારીનું પોટલું બીજાના અભે મૂકવાનું વલણ આપણને જ નબળા પાડે છે. આપણી મુશ્કેલીને દૂર કરવાની ફરજ આપણી પોતાની જ છે. 'ભગવાને મને મુશ્કેલી આપી છે તો તેને દુર કરવાની તાકાત પણ આપી જ હશે.' એમ માનીને મુશ્કેલીનો સામનો કરતાં શિખીએ તો આત્મબળ વધે, બીજામાં નહિં, પણ પોતાની જાતમાં વિશ્વાસ વધે અને અંધશ્રદ્ધાના વમળમાંથી બચી શકીએ.

**- હરનિશ કંસારા (અમદાવાદ)**

❖

જ્ઞાતિસેતુના દરેક અંક વિશિષ્ટ હોય છે. જ્ઞાતિ-સમાજના અહેવાલ ઉપરાંત કુટુંબ-પરિવારોને ઉપયોગી થાય તેવા લેખો વાંચવા ગમે છે. આરોગ્યને લગતા લેખમાં હૃદયરોગ અને ડાયાબિટીસ વિશે સરસ જાણકારી મળેલ છે. જીનલ સોલંકીના 'રસાસ્વાદ'માં આપણા જુના કવિ-સંતો વિશે સરસ જાણકારી આપવામાં આવે છે. ગત અંકમાં 'અંધશ્રદ્ધા એક વમળ' ખૂબ સુંદર લેખ છે. રાયપુરના લેખિકાબેન ભાવિ બારમેડાને અભિનંદન. કચ્છમાં આપણા ઘણા પરિવારો તાંત્રિકોના રવાડે ચઢી બરબાદ થયા છે. માતાજી-ભગવાનમાં શ્રદ્ધા રાખી સારા કામો કરીએ પણ લેભાગુ જ્યોતિષીઓ અને પાંખડી તાંત્રિકોથી દૂર રહેવામાં જ શાણપણ છે.

જ્ઞાતિસેતુની ટીમને અમારા અભિનંદન છે.

**- સુરેશભાઈ સોની-ભુજ**

❖

છેલ્લા ૧૧ વર્ષથી સમગ્ર ભારત વર્ષના આપણા જ્ઞાતિજનોને એકબીજાની નજીક લઈ આવી પારિવારિક ભાવનાને ઉજાગર કરતા 'જ્ઞાતિસેતુ'ના વિવિધ ચિંતનાત્મક, વિચારાત્મક તથા જ્ઞાતિ સમાચારને લગતા લેખો ખૂબ જ પ્રેરક હોય છે.

ગત અંકમાં પ્રસિદ્ધ થયેલ 'વેદના' 'દિકરી' અને 'મા-બાપ'ની તથા અંધશ્રદ્ધા એક વમળ આજની પેઢીને વિચારવંત કરી મૂકે તેવા હતા. બંને લેખકોને ખૂબ ખૂબ અભિનંદન.

આ સાથે 'જ્ઞાતિસેતુ' માટે એક નાનકડો લેખ લખીને મોકલાવેલ છે. આગામી અંકમાં પ્રસિદ્ધ કરશો એવી આશા.

**પરેશ સી. ગુજરાતી-ભુજ**

❖

સવિનય સાથે જણાવવાનું કે જ્ઞાતિસેતુમાં પરિવાર પરિચયનો અહેવાલ મોકલવાનું આહ્વાન ખૂબ જ ગમ્યું. ઈતિહાસની જાણકારી તેમજ હયાત પેઢી/નવી પેઢી માટે ખૂબ જ જરૂરી છે. ઈતિહાસના ગુનેગારના બની જઈએ તેમજ વારસાગત સંસ્કૃતિનું પણ જતન કરીએ એ ખૂબ જ જરૂરી છે. ખૂબ ખૂબ અભિનંદન જ્ઞાતિસેતુની ઉપયોગ સામગ્રી તેમજ અહેવાલો તથા સાહિત્ય કાવ્ય, શિક્ષણને લગતી દરેક આવૃત્તિ સરાહનીય છે.

જ્ઞાતિસેતુ દિવાળી અંકમાં ગોત્ર(નુખ) પરિવારનો ટૂંક પરિચય મારી જાણે તેમજ વડીલોના મુખેથી તેમજ ભાટ મહારાજ પાસેથી જાણેલી બાબતો અંગે સંક્ષિપ્તમાં અહેવાલ મોકલાવું છું. જે જ્ઞાતિસેતુના અંકમાં પ્રદર્શિત કરવા વિનંતી કરું છું.

**- રમેશભાઈ સોની, કોટડા(જ) મો.૯૪૨૭૭૬૨૬૯૬**

❖

જ્ઞાતિસેતુનો ગત અંક ખુબ માહિતિપ્રદ રહ્યો. તંત્રીસ્થાનેથી અતુલભાઈ હંમેશા મુજબ સુપર્બ !!

"જાગૃતિ" કોલમ હેઠળ અંધશ્રદ્ધા એક વમળ... માટે શ્રીમતિ ભાવિ બારમેડાને અભિનંદન...

સ્વાસ્થ્ય અંતર્ગત ડાયાબીટીસ વિષે ખુબ જ ઊપયોગી માહિતી મળી. કાવ્યોમાં સ્પેશ્યલ લાગ્યું. મનાલી ડી. સોની, અને જીનલ (યાદ)ને વાંચવાની મઝા આવી...

'સેતુ' માં લખવા માટે પ્રેરણા મળે તેવું હંમેશા અતુલભાઈ તેમજ સમગ્ર ટીમની કોશીશ ખુબ જ ગમે છે...

અંતમાં વર્ષ દરમ્યાન મીતા સ કોર્નર ને વાંચ્યા પછી પ્રતભાવો આપવા બદલ થેન્કસ...

સર્વ વાચમિત્રોને હેપ્પી ન્યુ યર.... **- મીતા નીતિન સોલંકી**

# યુવા પ્રતિભાઓને અભિનંદન

## ડૉ. નેહા હસમુખભાઈ બગા

ડૉ. નેહા હસમુખભાઈ બગાએ માર્ચ-૨૦૧૫માં ગુજરાત યુનિવર્સિટીમાંથી M.B.B.S. ના Third Year (ii) માં ફર્સ્ટ ક્લાસ સાથે પસાર કરેલ છે. આમ તેઓ M.B.B.S.ની ડિગ્રી ફર્સ્ટ કલાસ સાથે પૂર્ણ કરેલ છે અને તેઓ ડૉક્ટર બનેલ છે.

ડૉ. નેહા હસમુખભાઈ બગા હાલ સિવિલ હોસ્પિટલ, અમદાવાદ મધ્યે 'ઈન્ટરશીપ' કરી રહ્યા છે. તેમજ મેડિકલક્ષેત્રની માસ્ટર ડિગ્રી MD/MSની ઓલ ઈન્ડિયા એકઝામની તૈયારી કરી રહ્યા છે.

ડૉ. નેહા હસમુખભાઈ બગા અગાઉ ૨૦૦૭માં S.S.C. બોર્ડમાં ટોપટેનમાં સ્થાન મેળવેલ તેમજ કચ્છમાં પ્રથમ સ્થાન મેળવેલ તેમજ H.S.C.માં સાયન્સમાં પણ કચ્છમાં પ્રથમ તેમજ ૧૨ સાયન્સમાં મેરીટમાં ૯૭.૩૩ ટકા સાથે ૨૦૦૯માં ગુજરાતની નંબર વન મેડિકલ કોલેજ બી. જે. મેડિકલ કોલેજ-અમદાવાદ સિવિલ હોસ્પિટલ મધ્યે એડમિશન મેળવેલ. તેઓ M.B.B.S.ના બધા જ વર્ષોના ફર્સ્ટ કલાસ સાથે ડૉક્ટરની ડિગ્રી મેળવેલ છે. તેઓ ભવિષ્યમાં મેડિકલની માસ્ટરડિગ્રીમાં એડમિશન મેળવી તેઓ નિષ્ણાત બનવા માંગે છે.

## હાર્દિક હસમુખભાઈ બગા

ડૉ. નેહાને જ્ઞાતિસેતુ પરિવાર તરફથી હાર્દિક અભિનંદન અને શુભકામના.


હાર્દિક હસમુખભાઈ બગા (ભુજ) હાલ D.DI.T. નડિયાદ મધ્યે સિવિલ એન્જિયરિંગના ચોથા(૪) વર્ષમાં અભ્યાસ કરે છે તેમજ ઓલ ઈન્ડિયા એન્જિનિયરની GATE-16ની તૈયારી કરે છે.

એપ્રિલ ૨૦૧૫માં સિવિલ એન્જિનિયરીંગના ત્રીજા વર્ષના છઠ્ઠા સેમમાં C.P.I. 7.32 અને S.P.I. 7.62 સાથે શૈક્ષણિક સિદ્ધિ મેળવેલ છે.

તેઓ સિવિલ એન્જિનિયરીંગના બધા જ વર્ષમાં સતત C.P.I. અને S.P.I. માં સતત ૭.૦૦ ઉપર રેન્ક મેળવી રહેલ છે.

ચિ. હાર્દિકને ઉજ્જવલ કારકિર્દીમાં જ્ઞાતિસેત પરિવારની શુભેચ્છા.

## ડો. પ્રીત સોની



શ્રી કચ્છી મારુ કંસારા સોની મલાડ (મુંબઈ)ના રહેવાસી શ્રીમતી કુસુમબેન અને કિશોરભાઈ વેલજીભાઈ સોનીની નાની સુપુત્રી ડો. પ્રીત સોની હાલમાં B.D.S. (Bachlor of Dental Surgery)માં ઉચ્ચ ક્રમાંક મેળવી જ્ઞાતિનું ગૌરવ વધાર્યું છે.

માતા-પિતાએ બન્ને દિકરીઓને ઉચ્ચશિક્ષા આપી ડોકટર બનાવવાનું સપનું જોયું, એ સપનાને સાકાર કરવા માટે ખૂબ જ મહેનત, ધગશ અને હિમ્મત દાખવી સપનું સાકાર કર્યું. ડો. શ્રધ્ધા સોની (MBBS, DNB) (Gynaecology) અને ડો. પ્રીત સોની BDS (Bachlor of Dental Surgery) બન્ને દિકરીઓએ જ્ઞાતિ માટે સફળતાનું એક નવું ઉદાહરણ પ્રસ્તુત કર્યું છે.

હાલમાં ડો. પ્રીત સોની M.D.S. (Master of Dental Surgery) ની પરીક્ષાની તૈયારી કરી રહી છે.

ડો. પ્રીત સોનીને જ્ઞાતિસેતુ પરિવારના હાર્દિક અભિનંદન અને ઉજ્જવળ કારકીર્દીની શુભકામના...

## Congratulation



**C.A. Mirat Katta**

Gnyatisatu proudly congratulate Mr. Mirat Katta son of Shee Mahendrabhai Velji Katta (Bhuj) for becoming chartered Accountant (C.A.)

Gnyati Setu Parivar heartly wishes him good luck for his futuere endevaours.



**Manish Sakariya**

Mr. Manish Sakariya, has got MBA Degee in Enter-preneurship from Nirma University, Ahmedabad.

He is son of Shree Kaushik Sakariya (Godavari Jwellers) from Ahmedabad.

Gnansetu Parivar heartly congratulate Mr. Manish and wishes for his bright career.

## હાર્દિક અભિનંદન



**સોની**
**મોહિની રાજેશભાઈ**
**F.Y.B.com**
**82.43 %**



**સોની**
**જીનલ રાજેશભાઈ**
**ધોરણ : 11**
**88.33 %**



**સોની**
**વિદ્યા રાજેશભાઈ**
**ધોરણ : 6**
**(A Grade)**

મને લાગે છે કે હું
મારી મા જેવી વાંકી થઈ છું.
હરતી ફરતી એમ્બ્યુલન્સ જેવી થઈ ગઈ છું.
છોકરાને લાગી છે ધૂમ
ધૂમ સ્ટાઈલ બાઈકની,
જ્યારે જ્યારે થઈ લઈ નીકળે
ત્યારે ત્યારે ઉંભરા પર
બે સ્વસ્તિક વચ્ચેનું સ્ટેચ્યુ થઈ ગઈ છું
મને લાગે છે કે હું મારી મા....
ઠાવકી દીકરી કોલેજ જતા કહી ગઈ,
ચિંતા ના કરતી જલદી પાછી આવું છું.
એના પાછા ફરતાં પગરવ સાંભળવા
ડેલીએ કાન ટીંગાળું છું
મને લાગે છે કે હું મારી મા....
ગળાડૂબ રહે ધંધામાં ઘણી,
નથી કરતા વોક કે કસરત.
ખાવાપીવામાં કેટલું ટોકું,
પાલવના છેડે બી.પી.
એસીડીટી ગોળી બાંધી ફરું છુ
મને લાગે છે કે હું મારી મા....
વહુ દીકરો ગયા ચાકરીએ,
ધાવણો દીકરો મેલીને.
એના પારણાની દોરી ખેંચતા,
મારા અસ્તવ્યસ્ત તન-મનને
ધીમી થપકી આપી જગાડું છું.
મને લાગે છે કે હું મારી મા....
દિવસ વિત્યો અને રાત પડી,
સાંજે દૂધના પ્યાલા આપું છું.
બહુત ગઈ થોડીક બચી કહી,
મારા દૂધનો પ્યાલો
હોઠેથી પાછો ઠલવી નાખું છું
મને લાગે છે કે હું મારી મા....

**- લતા સોલંકી**

## એક વૃક્ષ

તપસ્વીઓ એ ઉર્વર ભૂ બનાવી
બીજ રોપ્યાં વેદજ્ઞ ઋષિએ
ઉભું થયું વટવૃક્ષ
ભારત વર્ષ.
શાખા વિવિધ પ્રાન્તોની
પુષ્પભ્રાતા વિવિધનાં
રહ્યું મહેકતું કંટકોમાં
સમર્થ ભારતવર્ષ.
પર્ણો જેવા વર્ણો
પણ સંસ્કૃતિ એક અક્ષુણ્ણ.
સતત ફિરંગ કનડગત,
અડીખમ ભારત વર્ષ.
પ્રથા, રિવાજ પરંપરા ડાળખીઓ,
ઉત્સવ, પર્વના વાયરા,
વિવિધ પંથો-ઈન્દ્રધનુષ્ય સમ,
પ્રેમાળ ભારત વર્ષ.
મહાદેવ, મહાવર, બોધિસત્વ
બન્યા જગ આરાધ્ય.
ઉપનિષદ અમૃતને પામી
ઉત્તિષ્ઠ ભારત વર્ષ.
મહાશક્તિ થતું ક્રમશઃ
નવો યુગ પોકારતો
હવે શાસન સ્ફટિક-સમ છે,
સ્વચ્છ ભારત વર્ષ.

**ભાણજી ચુનિલાલ સોની-નાગપુર**

❖

## ઝરૂખો

ચાલો આજના સોનેરી દિવસથી
થોડુ માણસ માણસ રમીએ...
નમીએ, ગમીએ, ખમીએ અને
સૌના સુખ-દુઃખમાં એકબીજાને કહીએ,
તમે ફીકરના કરો અમે છીએ
આજથી નવા વર્ષમાં સહુ સંકલ્પને અભિગમ અપનાવીએ
એકબીજાની અદેખાઈ, ઈર્ષા,
સ્પર્ધા અને માન અપમાન ત્યજીને એકબીજાના...
પૂરક બનીએ ચાલો થોડુ માણસ માણસ રમીએ...

**લિ. રાધિકા દિપક કટ્ટા-નખત્રાણા**

# શ્રી મારુ કંસારા સોની જ્ઞાતિ
# મહિલા મંડળ - ભુજ

* * * નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ * * *



પ્રમુખ
રોહિણીબેન બુદ્ધભટ્ટી



ઉપપ્રમુખ
સુધા બુદ્ધભટ્ટી



મંત્રી
લતાબેન સોલંકી

સહમંત્રી
ખુશાલીબેન બુદ્ધભટ્ટી

ખજાનચી
અરૂણાબેન બુદ્ધભટ્ટી

સહખજાનચી
જયશ્રીબેન બુદ્ધભટ્ટી

## કારોબારી સભ્યો

નીલાબેન એમ. પોમલ
રીટાબેન ડી. બુદ્ધભટ્ટી
પ્રિતીબેન ડી. બગ્ગા
જયશ્રીબેન છત્રાળા

ભાવનાબેન એ. ચનાણી
શીતલબેન એ. બુદ્ધભટ્ટી
જેષ્ઠાબેન એ. સોલંકી
ભાવનાબેન વી. બુદ્ધભટ્ટી

## જ્ઞાતિસેતુ પરિવારમાં નવા જોડાયેલ સભ્યો

| સભ્યપદ નં. | નામ | ગામ | લવાજમનો પ્રકાર |
|---|---|---|---|
| ૧૧૨૬ | ગુણવંતભાઈ ડેલાવાલા | રાજકોટ | સામાન્ય |
| ૧૧૨૭ | ભગવતીબેન ઈશ્વરભાઈ સોની | તાલોદ | સામાન્ય |
| ૧૧૨૮ | સુન્દરજી ખેંગારભાઈ સોની | ભુજ | સામાન્ય |
| ૧૧૨૯ | પ્રબોધભાઈ રસીકલાલ બુધભટ્ટી | ભુજ | સામાન્ય |
| ૧૧૩૦ | મહેન્દ્ર મોહનલાલ બારમેડા | ભુજ | સામાન્ય |
| ૧૧૩૧ | જીગર મોહનલાલ બુધભટ્ટી | ભુજ | સામાન્ય |
| ૧૧૩૨ | બીપીન ઓધવજી પરમાર | સિકંદ્રાબાદ | સામાન્ય |
| ૧૧૩૩ | રાજા સોની | ઘાટકોપર (ઈસ્ટ) | સામાન્ય |
| ૧૧૩૪. | કે. કે. સોની | દેવીસર, તા. નખત્રાણા | સામાન્ય |
| ૧૧૩૫ | હર્ષદભાઈ રમેશભાઈ સોની | અમદાવાદ | સામાન્ય |
| ૧૧૩૬ | જયરાજ મનસુખલાલ પરમાર | જામનગર | આજીવન |
| ૧૧૩૭ | સોની દેવદાસ વિઠ્ઠલદાસ | આદીપુર | આજીવન |
| ૧૧૩૮ | સોની યોગેશ ઈશ્વરલાલ | ભુજ | આજીવન |
| ૧૧૩૯ | ભાવેશ ગોરધનદાસ સાકરીયા | દહીંસરા | આજીવન |
| ૧૧૪૧ | સોની જયેશ જેઠાલાલ | મુંબઈ | સામાન્ય |
| ૧૧૪૨ | તરુણ ધનજીભાઈ સોની | પુના | સામાન્ય |
| ૧૧૪૩ | સોની રાજેશકુમાર માવજી | કોડકી, તા. ભુજ | સામાન્ય |
| ૧૧૪૪ | સોની હંસરાજ ડુંગરશી | નલીઆ, તા. અબડાસા | સામાન્ય |
| ૧૧૪૫ | નરેશ ખેંગાર બીજલાણી | માંડવી | સામાન્ય |
| ૧૧૪૬ | ભગવાનજી મોતીલાલ સોની | મોતી રાયણ,<br>તા. માંડવી | સામાન્ય |
| ૧૧૪૭ | કટ્ટા દિનેશભાઈ રામજી ચક્કીવાળા | નેત્રા, તા. નખત્રાણા | સામાન્ય |
| ૧૧૪૮ | ભરત ત્રિભુવનદાસ પરમાર | ભુજ | સામાન્ય |
| ૧૧૪૯ | કમલેશ કાંતિભાઈ બુધભટ્ટી | ભુજ | સામાન્ય |
| ૧૧૫૦ | કંસારા કીશોર હરીરામભાઈ | નલીયા, તા. અબડાસા | સામાન્ય |
| ૧૧૫૧ | કંસારા મનોજકુમાર કાંતિલાલ | નલિયા, તા. અબડાસા | સામાન્ય |
| ૧૧૫૨ | નવિનચંદ્ર જી. બુધભટ્ટી | સિકંદ્રાબાદ | સામાન્ય |
| ૧૧૫૩ | ક્રિશ્ના સોની | ભુજ | સામાન્ય |
| ૧૧૫૪ | સુરેશભાઈ સોની (ગુજરાતી) | દિલ્હી | સામાન્ય |
| ૧૧૫૫ | અનિલ કાંતિલાલ સોલંકી | ભુજ | સામાન્ય |
| ૧૧૫૬ | નિલેશભાઈ મુકંદભાઈ કંસારા | અમદાવાદ | સામાન્ય |
| ૧૧૫૭ | નરોત્તમ દેવશી બુધભટ્ટી | ભુજ | સામાન્ય |
| ૧૧૫૮ | રામદાસ લખમશી બુધભટ્ટી | ભુજ | સામાન્ય |
| ૧૧૫૯ | નીતીનભાઈ કંસારા (ભારથેરા) | ભુજ | સામાન્ય |
| ૧૧૬૦ | બિપીન જેઠાલાલ સાકરીયા (સોની) | મીરજાપુર, તા. ભુજ | સામાન્ય |
| ૧૧૬૧ | સોની ત્રીભોવનદાસ માથુરદાસ | કોટડા (જાડોદર)<br>તા. નખત્રાણા | સામાન્ય |
| ૧૧૬૨ | સોની નારાયણભાઈ મોહનલાલ | ખોભંડી મોટી,<br>તા. નખત્રાણા | સામાન્ય |
| ૧૧૬૩ | ઈશ્વરલાલ અમૃતલાલ પોમલ | ભુજ | સામાન્ય |
| ૧૧૬૪ | અતુલ કરસનદાસ બુધભટ્ટી | ભુજ | આજીવન |
| ૧૧૬૫ | રોહીત જેઠાલાલ સોની | ઘાટકોપર (વેસ્ટ) | સામાન્ય |
| ૧૧૬૭ | સોની દિનેશકુમાર લાલજીભાઈ | નેત્રા,<br>તા. નખત્રાણા | સામાન્ય |

| | | | |
|---|---|---|---|
| ૧૧૬૮ | મોતીલાલ ક. સોની | નખત્રાણા | સામાન્ય |
| ૧૧૬૯ | સુંદરલાલજી પ્રહલાદજી સોની | અમદાવાદ | સામાન્ય |
| ૧૧૭૦ | લાલજીભાઈ (જયેશભાઈ) વિશ્રામભાઈ | આદીપુર | આજીવન સભ્ય |
| ૧૧૭૧ | ઠાકરશી ભગવાનજી સોની | નખત્રાણા | આજીવન |
| ૧૧૭૨ | નરોત્તમભાઈ શામજીભાઈ પોમલ | અમદાવાદ | સામાન્ય |
| ૧૧૭૩ | વિજયકુમાર રમણીકલાલ બુધભટ્ટી | માધપર | સામાન્ય |
| ૧૧૭૪ | દામોદર કેશવજી બારમેડા | માધપર | સામાન્ય |
| ૧૧૭૫ | સોની હરેશકુમાર ત્રીકમદાસ | નલીયા, તા. નખત્રાણા | આજીવન |
| ૧૧૭૬ | વી. વી. કટ્ટા | નેત્રા, તા. નખત્રાણા | સામાન્ય |
| ૧૧૭૭ | કીરીટકુમાર રતિલાલ બુધભટ્ટી | થાણે, મહારાષ્ટ્ર | સામાન્ય |
| ૧૧૭૮ | કલ્પેશકુમાર ગોવિંદજી કત્તા | મામૈઈમોરા, તા. માંડવી | આજીવન |
| ૧૧૭૮ | કલ્પેશકુમાર હીરાલાલ બગ્ગા | આદીપુર | સામાન્ય |
| ૧૧૭૯ | મહેન્દ્રભાઈ હીરાલાલ બગ્ગા | આદીપુર | સામાન્ય |
| ૧૧૮૦ | સોની ચંદ્રકાંતભાઈ ભગવાનભાઈ | આદીપુર | સામાન્ય |
| ૧૧૮૧ | પ્રકાશ કે. પોમલ | અંજાર | આજીવન |
| ૧૧૮૨ | નીતીનકુમાર પોમલ (સોની) | રાયપુર | આજીવન |
| ૧૧૮૩ | ભરત કાંતિલાલ પરમાર | રાજકોટ | સામાન્ય |
| ૧૧૮૪ | કટ્ટા લયકુમાર ધીરજલાલ સોની | નખત્રાણા | સામાન્ય |
| ૧૧૮૫ | સોની અશોકકુમાર ખીમજીભાઈ | માથલ, તા. નખત્રાણા | સામાન્ય |
| ૧૧૮૬ | કિશોરકુમાર ભલ્લાભાઈ કટ્ટા | ભુજ | સામાન્ય |

**જ્ઞાતિસેતુ પરિવારમાં જોડાયેલ સર્વે સભ્યોનું સ્વાગત છે.**

**શ્રી કચ્છી મારૂ કંસારા-સોની જ્ઞાતિ મંડળ**
**અમદાવાદ**

## શું આપના પરિવારના કોઈ સભ્ય કે સંબંધીઓ વિદેશમાં વસે છે?

આપણા સમાજના ઘણા પરિવારો અમેરિકા, યુરોપ, ઓસ્ટ્રેલીયા, ન્યુઝીલેન્ડ, કેનેડા, દુબઈ, શારજહાં વિગેરે સ્થળે વિદેશમાં સ્થાયી થયેલ છે.

'જ્ઞાતિસેતુ'ના આગામી અંકમાં આપણા NRI પરિવારોની વિગતો પ્રસિદ્ધ કરવાની નેમ છે. આથી સર્વે વાંચકોને વિનંતી છે કે આપના વિદેશમાં વસતા પરિવારોની માહિતી આપશો... તેઓ વિદેશમાં ક્યાં વસે છે, કેટલા સમયથી વિદેશમાં સ્થાયી થયા છે, હાલમાં ત્યાં રહી નોકરી, વ્યવસાય કરે છે કે અભ્યાસ કરે છે તે ખાસ જણાવવા વિનંતી છે. તે પરિવારના ફોટોગ્રાફ અને E-mail Id તેમજ ફોન નંબર પણ આપવા વિનંતી છે.

આ સમગ્ર માહિતીનું સંપાદન આદીપુર સ્થિત પ્રો. રસીક મહિચા દ્વારા કરવામાં આવશે. આપની વિગતો તા. ૩૧-૧૨-૨૦૧૫ સુધી 'જ્ઞાતિસેતુ'ના નીચેના સરનામે મોકલવા વિનંતી. આપ માહિતી E-mail દ્વારા પણ મોકલાવી શકો છો.... આભાર.

**અતુલ સોની**
E-504, આર્યમાન આવાસ, સાંઈબાબા મંદિર સામે, રામદેવનગર,
સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫.
**Email :** gnyatisetu@gmail.com • rrmahitcha@yahoo.co.in

# આપણો જીવન આધાર : પરિવાર

- કુ. એક્તા કટ્ટા (અંજાર)

*"ॐ ईशा वास्यमिदम् सर्वं यत्किंश्च जगत्यां जगत् ।
तेन त्यक्तेन भुज्जीथा मागृधः कस्यस्विद्धनम् ॥"*

"અખિલ બ્રહ્માંડમાં જે કંઈ પણ જડ, ચેતનરૂપ જગત છે, તે બધું ઈશ્વરથી વ્યાપ્ત છે. તેથી અહમ્ ભાવનાનો ત્યાગ કરીને ભોગ ભોગવતો રહે, તેમાં આસક્ત ન થા, કેમકે ધન (ભોગ્ય પદાર્થ) કોનું છે? (અર્થાત્ કોઈનું નથી, માટે કોઈના પણ ધન માટે આસક્તિ રાખીશ મા!)"

*- મંત્ર-૧ શ્રી ઈશાવાસ્યોપનિષદ્*

ક્યારેક પોતાની જાતથી પોતાને જ અળગી કરી જાત (સ્વયં) વિશે વિચારીએ તો લાગે, 'હું કોણ?' 'હું કોના માટે?' ત્યારે શ્રી ઈશાવાસ્યોપનિદ્ નો આ મંત્ર ઘણોખરો ઉકેલ આપી શકે છે. આપણી આસપાસ કેટલું વિશાળ વિશ્વ છે. કેટલીય નિર્જીવ, કેટલીય જીવિત વસ્તુઓ (સંજ્ઞાઓ) વિસ્તરેલી છે. તેમાંની કેટલીક આપણી, કેટલીક પારકી! ઉપનિષદકારે તો બે પરસ્પર વિરોધી વાત કરી. અહંકારને છોડી આ દુનિયાના બધા જ ભોગો ભોગવવા પણ તેમાં આસક્તિ રાખવી નહીં! કેમકે ભોગની વસ્તુઓ કદી પણ કોઈની થઈ શકતી નથી! આપણો મૂળભૂત સ્વભાવ તો કોઈપણ વસ્તુને પોતાની કરી ભોગવવામાં જ રાચે છે! પોતાની વસ્તુ પ્રત્યે હંમેશાં આસક્તિ ઉત્પન્ન થાય જ છે, પારકી પ્રત્યે નહીં. ઉપરોક્ત મંત્રમાં કહેલ અનાસક્ત રહી ભોગ ભોગવવાની રીત આપણી પરિવાર પદ્ધતિ શીખવે છે.

ઉપરોક્ત મંત્રમાં કહેલ બે વાતો - 'એક આ સૃષ્ટીનાં પ્રત્યેક ભોગોને ભોગવવા અને બીજું કોઈપણ વસ્તુ પ્રત્યે આસક્તિ ન રાખવી' - ના આધારે બે પ્રકારની માનસિકતા આપણને જોવા મળે છે. એક માત્ર પોતા માટે જ જીવવું, ભોગ ભોગવવા. બીજું આસક્તિ વગર સતત ત્યાગ કરી બીજા માટે જીવવું. રાવણ, કંસ, દુર્યોધન, પહેલી વાતને અનુસર્યા અને ભોગો જ ભોગવ્યા. તો બીજી તરફ લેનીન, હિટલર જેવાઓએ દેશ કે સમાજ વ્યવસ્થા માટે પોતાની જાતને ત્યજી દેવાનું કહ્યું. ત્યારે આપણી વૈદિક પરંપરાએ ઉપરોક્ત મંત્રના માધ્યમે "सर्वेषाम् अविरोधेन ब्रह्मकर्म समाचरेत्" (કોઈનો પણ વિરોધ કર્યા વગર જીવન જીવવા)નો આધાર લઈ પરિવાર પ્રણાલી વિકસાવી. પરિવારના સભ્યો માટે સતત ત્યાગ કરતાં-કરતાં પણ સૃષ્ટીની પ્રત્યેક વસ્તુને ભોગવવી." આમ, પરિવાર આપણે ત્યાગ કરી ભોગ ભોગવતાં શીખવે છે.

પરિવારમાં 'માતા'નું સ્થાન સર્વોપરી છે. સંતાનોની મમતા ભોગવવા માટે તે એટલું બધું ત્યાગે છે કે તેના માટે કહેવાઈ ગયું છે, "જનનીની જોડ સખી નહીં જડે રે લોલ..." એ માતા કોઈ જીવ ઉદરમાં ઉછરી રહ્યું છે એ જાણી એના સ્વાસ્થ્ય માટે પોતાની દિનચર્યામાં કેટલાયે બદલાવ કરે છે. અહીંથી એક જીવનનું પરિવાર નિર્માણ પ્રારંભ થાય છે. માતાના ઉદરમાં એ જીવ, જે ઉછરી રહ્યું છે, તે કોણ છે? કેવો છે? તે ન જાણતા હોવા છતાં પણ માતા-પિતા અને પરિવારનાં સભ્યો, સગા-સ્નેહીઓ તેને આવકારવા તત્પર બને છે. આપણા વૈદિક ગ્રંથોના આધારે કહીએ તો જ્યારે તે જીવ ઉદરમાં અકળાતું હશે, સૃષ્ટી વિશે સાશંક બની પ્રભુ સાથે વાતો કરતો હશે, ત્યારે આ પરિવારજનો તેને ધીરજ - આશ્વાસન આપવા માંગતા હોય તેમ તેના સૃષ્ટીમાં આવ્યા પહેલા જ શ્રીમંત જેવો પ્રસંગ ઉજવે છે. એ જીવની માતાના પાલવમાં શ્રીફળ, ફળ ફળાદી, ધાન્ય, સિક્કા, સૂતર - ખોંભાનાડું, પેંડા વિ. જેવી સામગ્રી ભરી તેને માતાના મમતાભર્યા પાલવની છાયાની સાથે સાથે તેના સુયોગ્ય પાલન પોષણ, સ્વાસ્થ્ય, દીર્ઘાયુષ્ય, વિત્ત - વૈભવ, સુતર - ખોંભાનાળા સમા પવિત્ર સ્નેહ સંબંધથી બાંધવાના સુંદર શુકન કરે છે. "ॐ अयम् ऊर्जावतो वृक्ष अजीर्व कलिनी भव" જેવા વૈદિક મંત્રોથી પ્રભાવી, તેજસ્વી અને દૈવી સંતાનની શુભેચ્છા આ પરિવારજનો સેવે છે. આપણા હિંદુ ધર્મના આધારસમા વેદો એ પ્રથમ સંતાન પ્રાપ્તિ સમયે શ્રીમંત જેવો સુંદર પ્રસંગ સૂચવ્યો છે તે પુત્ર કે પુત્રીમાં કશા જ ભેદ વગર માત્ર દૈવી સંતાનની અપેક્ષા સેવે છે. આપણી સંસ્કૃતિની આ ઉદારતા અત્રે નોંધનીય છે. "વિજ્ઞાનના વિકાસે આપણે પુત્રની ઘેલછાએ સ્ત્રી ભ્રૂણ હત્યા જેવા પાપ કરીને પણ વિકસિત કહેવડાવવા માંગીએ છીએ" - એ કેટલું અયોગ્ય છે તે આ પારિવારિક શ્રીમંત પ્રસંગ સ્પષ્ટ કરી દે છે. આપણા વૈદિક પરિવારોમાં પુત્ર-પુત્રી તો સમાન જ છે! આમ, 'આપણું પરિવાર આપણા આ જગતમાં અવતર્યા પહેલાથી જ આપણી સંભાળ અને વિકાસ અંગે તત્પર હોય છે."

આ સૃષ્ટીના સર્વોત્તમ સર્જન એવા માણસને કુદરતે વાણીરૂપી અદ્ભુત ભેટ આપી છે. જ્યારે એક જીવ બાળકરૂપે પરિવારનો ભાગ બની જન્મે છે ત્યારે તેની એ વાણી ઓજસ્વી બને તેવી કામના સાથે પિતા દ્વારા મધ અને ઘી ના મિશ્રણ વડે બાળકની જીભ પર 'ॐ કાર' લખવામાં આવે છે. વાણી, જે વિચારોની આપ-લે નું નૈસર્ગિક માધ્યમ છે, તેની ઉત્તમ શ્રવણ શક્તિ માટે તે બાળકના કાનમાં 'वेदः असि' (તું વેદ છે) જેવા વૈદિક મંત્રોચ્ચાર કરવામાં આવે છે. માતા એ સુયોગ્ય સ્વાસ્થ્ય માટે સંભાળ લીધી અને પિતા દ્વારા જન્મતાની સાથે જ વાણી શક્તિ, શ્રવણ શક્તિના સુયોગ્ય ઉપયોગ માટે પ્રાર્થના કરવામાં આવે છે. તદુપરાંત, આજે પ્રચલિત 'ગળથૂથી'ની પરંપરા કે જેમાં પરિવારની વડીલ વ્યક્તિ દ્વારા બાળકને ગોળ ચટાડવામાં આવે છે તે વાસ્તવમાં 'મેધાજનન' નામની વૈદિક પ્રક્રિયાનું બદલાયેલું રૂપ છે. તે વૈદિક પ્રક્રિયામાં એક ભાગ ઘી અને ત્રણ ભાગ મધનું મિશ્રણ સોનાની સળી વડે બાળકને ચાર વખત ચટાડી, બાળકને તેજસ્વી, મેધાવી, સ્વસ્થ અને દીર્ઘાયુ થવાની શુભેચ્છા છે. શારીરિક શક્તિની સાથે બૌધ્ધિક શક્તિના વિકાસનું ચિંતન છે. તો છ માસ બાદ અન્નબોટણા (અન્નપ્રાશન) દ્વારા બાળકનાં સ્વાસ્થ્ય સાથે સ્વાદેન્દ્રિયના વિકાસ માટે છ પ્રકારનાં રસ (મીઠાશ, ખારાશ, તીખાશ, ખટાશ, તુરાશ અને કડવાશ) રૂપે ભાત અને ઘી ની સાથે સાકર, મીઠું, મરી, આંબલી, હળદર અને લીમડો બહુ જ નહિવત્ માત્રામાં આપવામાં આવે છે. બાળકના સુયોગ્ય શારીરિક વિકાસ માટે આવશ્યક સુચારૂ પાચન શક્તિ માટે જઠરાગ્નિને સતેજ બનાવનારા આ રસોનો પરિચય પરિવારજનો દ્વારા કરાવવામાં આવે છે. ***"ચાંદા ચોળી, ઘી માં જબોળી, વ્હાલાના મ્હોંમાં હાબુક પુરી..."*** કહીને બા જમાડતી, તે પળો આજે પણ આપણને યાદ આવે જ છે ને! આમ, આપણા જન્મ બાદ આપણા જીવન વિકાસ માટે

આવશ્યક શક્તિઓની સંભાળ અને વિકાસ માટે જ્યારે આપણે સાવ જ અજાણ અને અશક્ત હોઈએ છીએ ત્યારે આ પરિવાર આપણા માટે તે શક્તિઓના અંગોનું સંરક્ષણ કરે છે.

"અરે! આપણી ઓળખસમું આપણું નામ કે જે આપણા 'અહમ્' - 'હું પદ'નું અવલંબન છે, તે નામ પણ આપણા ઓવારણા લઈ "ઓળી ઘોળી પીપળપાન, ફઈએ પાડ્યું વ્હાલું નામ...." કહી ફઈ બા જેવા પરિવારજને જ આપણને બક્ષ્યું છે. આપણાં વડીલો અથાગ મહેનત કરી નામના, વૈભવ - વારસો કે જે આપણા જન્મ સાથે જ આપણાથી જોડાઈ જાય છે, તે તેઓ આપણે જીવનમાં કોઈ પણ વિપદા ન ભોગવીએ તે માટે જ તો ભેગું કરતાં હોય છે. જેના આધારે ઘણી વખત જાણે અજાણે 'હું તો ફલાણા કુળની છું!' કહી વટ પણ પાડતા હોઈએ છીએ. આપણા વિકાસ માટે આ 'પરિવાર' સિવાય બીજો મજબુત આધાર કયો હોઈ શકે? આપણે ત્યાં સામાન્યતઃ પ્રચલિત 'છઠ્ઠી'નો પ્રસંગ 'નામકરણ સંસ્કાર'નું બદલાયેલું સ્વરૂપ છે. આજે સ્યાહી, કલમ અને કાગળ મૂકી, મગ જેવા પૌષ્ટીક ધાન્ય પર બાળકને સુવાડી 'ષષ્ઠી દેવી'ને બાળકના છઠ્ઠી તણા સુંદર લેખ લખવા અનુરોધ કરવામાં આવે છે. માતા-પિતાનાં સ્નેહ સાથે નામકરણનો અધિકાર લઈ ફઈબા હરખાય છે. જન્મ સમયની ચંદ્ર રાશિ અને નક્ષત્રના આધારે નામ પાડવું તેવો વૈદિક વિધાન છે.

ઘરના બહારના વાતાવરણના પરિચયનો પ્રારંભ સૂર્ય પ્રકાશ દર્શન અને દેવાલયોના દર્શન દ્વારા કરાવવામાં આવે છે. જે બાળકના મનને ઓજસ્વી અને પવિત્ર બનાવે છે. કુદરતે બુધ્ધિ તો થોડા બહુ પ્રમાણમાં અન્ય પ્રાણીઓને પણ બક્ષી છે, પણ 'મન' તો માત્ર માનવીને જ બક્ષ્યું છે. જે જો સાશક્ત હોય તો જીવનનાં કપરા ચઢાણો પણ સર કરી શકે છે. આ મનનું ઘડતર રામાયણ, મહાભારતના દૃષ્ટાંતો વર્ણવી કરવામાં આવે છે. વિટંબણા છે કે આજે સલમાન, ઋત્વિકનાં સ્ટન્ટ્સ જોઈ છ મહિનાના બાળકના હાવ-ભાવ જોઈ આપણે ખુશ થતા હોઈએ છીએ! મનના ઘડતરમાં બાળપણ સમયે ઘર-પરિવારનો માહોલ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. પ્રસન્ન છતાયે ગંભીર, સુસાંસ્કૃત - સભ્ય વાતાવરણમાં બાળકનું મન સોળે કળાએ વિકાસ પામે છે.



ત્રણ વર્ષ પૂરા થયા પહેલા બાળકના શરીર ઉપર કોઈ સાધન (અસ્ત્રા) વડે કોઈ ક્રિયા કરવામાં આવે છે, તો તે હોય છે મુંડનની ક્રિયા. 'શિખા' રાખવી તે એક વૈદિક વિધાન છે. બાળકના દીર્ઘાયુષ્ય, ધન પ્રાપ્તિ વગેરેના હેતુથી આ વિધિ કરવામાં આવે છે અને વિદ્યાભ્યાસ પૂર્ણ થયા સુધી શિખા રાખવી અનિવાર્ય છે. આધુનિક સમયે આ વિધાન બદલાયું છે. વિવિધ જાતિઓમાં કુળ દેવ-દેવીના ઋણ ઉતારવા આ ક્રિયા કરવામાં આવે છે.

હવે સમજ શક્તિ વિકસિત થવા લાગી છે. હવે અહીંયા 'બાળક'ના સ્થાને 'આપણે' શબ્દ લઈએ. સમજ શક્તિના વિકાસ માટે આપણે વિવિધ શિક્ષણનો અભ્યાસ કરવાનો છે. અગાઉ ભણવા જતા પહેલાં ઉપનયન સંસ્કાર કરી યજ્ઞોપવિત (જનોઈ) ધારણ કરવામાં આવતી. "ॐ यज्ञोपवितं परमं पवित्रं प्रजापतेः यत् सहजं पुरस्तात् । आयुष्य अंग्र्य प्रतिमुंच शुभ्रं यज्ञोपवितं बलं अस्तु तेजः ॥" વિવિધ નિયમોનાં પાલન વચનનું પ્રતીક, તાંતણે-તાંતણે દેવોના વાસનું પ્રતિબિંબ, આયુષ્ય, બળ અને તેજ દેનાર આ યજ્ઞોપવિત પરિવાર દ્વારા અપાતું એક રક્ષા કવચ હોય છે. અભ્યાસ સમયે બહારના વિશ્વમાં પગ મૂકતા સમયે પરિવારની મર્યાદાઓ, ફરજોનું સતત સ્મરણ કરાવનાર સાથી પણ હોય છે. આજે પણ આ વૈદિક વિધાન ઘણાં પરિવારો દ્વારા કરવામાં આવે છે. કદાચ તેનું રૂપ અને અર્થ બદલાયા છે. પરંતુ આજના બદલાયેલા આ વિધાન દ્વારા પણ આપણો પરિવાર આપણને કંઈ શીખવે જ છે. યજ્ઞોપવિત ધારણ કરવાના પ્રસંગે પરિવારજનો પાસેથી ભીક્ષા લેવાની એક વિધિ આવે છે. જે આપણે અભ્યાસકાળ દરમ્યાન સ્વજનો પાસેથી આવશ્યક્તાનુસાર નમ્રતાથી માંગવું જોઈએ તે શીખવે છે. અને પરિવારજનો આપે પણ છે. આ માત્ર એક વિધિ જ નથી, આપણા જીવનભરનાં પરિવારજનોના તાણા-વાણાં છે. પરિવારજનો પાસેથી કંઈ પણ (જ્ઞાન, વિત્ત, વિદ્યા આદિ) લેવામાં નાનપ નથી અને દેવામાં અહંકાર નથી તે જ કદાચ આ વિધિ સમજાવે છે. અને આ સમજ શક્તિરૂપી શિક્ષા જ સંપૂર્ણ જીવનની શિક્ષા છે. આજે ડોક્ટર બનો કે વકીલ, પણ આ એક વાત સમજાઈ જાય તો પરિવારજનો સાથે જીવનયાત્રા સુખદ બની જાય.

આધુનિક કાળમાં આપણો અભ્યાસ ત્રણ વર્ષની ઉંમરથી જ શરૂ થઈ જાય છે. જેના પાછળની અપેક્ષા 'કંઈક કરી બતાવી, આગળ નીકળી જવાની' જ હોય છે. અગાઉ અભ્યાસ તો પિતાની વ્યવસાયિક યોગ્યતા અને આવશ્યક્તા મુજબ, આર્થિક ધોરણનાં આધારે થતો. માતા માત્રા ઘરેલુ બાબતોમાં સહયોગ આપી ત્યાગ કરતી. જ્યારે આજે આપણા ભવિષ્યની ચિંતા કરી તેને ઉજ્જવળ કરવા માતાઓ ઘરેલુ બાબતો ઉપરાંત નોકરી - કામ કરવા લાગી છે. મોટા શહેરોમાં શિક્ષણનો ખર્ચ ઉપાડવા મધ્યમ વર્ગની લગભગ માતાઓ, નોકરી નહીં તો ઘરગથ્થુ આવકના સાધનો વિકસાવે છે. મોટા ભાઈ-બહેન માર્ગદર્શનથી લઈ અભ્યાસમાં સહયોગની સાથે ઘણીવાર પોતાના ભવિષ્યની સંભાળ લેવાનું પણ ચૂકી જાય છે. આપણા સારા અભ્યાસ માટે માતા-પિતા, ઘર, ગામ, નોકરી-વ્યવસાય સુદ્ધાં બદલાવતા હોય છે. આમ, આપણી આર્થિક સધ્ધરતા, આપણા ઉજ્જવળ ભવિષ્ય માટે આપણો પરિવાર તન-મન-ધનથી ઘસાઈ, ઘણીવાર પોતાનો વિકાસ પણ નેવે મૂકી દે છે.

હમણા સુધી આપણા તન-મન-બુધ્ધિના વિકાસની ચિંતા કરતું આપણું પરિવાર, આપણી કૌમાર્ય અવસ્થા પૂરી થતા પહેલાથી જ પરિવારના સ્તરની ચિંતા કરવા લાગે છે. તેને સતત ઊંચું લાવવા પ્રયત્નશીલ બને છે. પણ તે આપણા માટે જ! 'જો પારિવારિક સ્તર ઊંચું હશે તો આપણે સારો જીવનસાથી સાંપડશે' તેવી શુભેચ્છાથી દોરાઈ આપણો પરિવાર આપણા સુયોગ્ય જીવનસાથીની પણ ચિંતા કરવા લાગે છે. આધુનિક કાળમાં શિક્ષણની જેમ જ સંતાનનો વિવાહ અને સુખ વૈવાહિક જીવન પરિવારજનોની સર્વોપરી શુભેચ્છા હોય છે! આર્થિક, માનસિક અને વ્યવહારિક દૃષ્ટિએ એક પરિવાર બીજા પરિવાર સાથે જોડાઈ જવા કેટલુંય જતું કરતું હોય છે. સમાચાર

પત્રોમાં આવતું, પરિવારજનોને અચાનક આઘાત આપતું 'લગ્ન ગ્રંથિથી જોડાયા છીએ' વાક્ય પરિવારની એક મોટી વિટંબણા છે.

વિવાહ સુધી પરિવારજનોની છત્રછાયામાં આપણે વિકાસ સાધ્યો. વિવાહ પછી પરિવાર વૃક્ષની ડાળ બની (સાથે રહી) વિકાસ સાધવાનો છે. પરિવારજનોની સાથે સાથે પતિ કે પત્ની બની એક અન્ય વ્યક્તિને તદ્દન પોતાના જેટલું જ મહત્ત્વ આપવાનું છે, કદાચ પોતા કરતાંય વધુ! કારણકે તે આપણા પરિવારની અન્ય વ્યક્તિ - પતિ કે પત્ની બની આપણા માટે ત્યાગની ચરમ સીમા વટાવે છે. પોતાનું પોતાપણું (સ્વ) આપણામાં ઓગાળી દે છે. વૈદિક દૃષ્ટિએ વિવાહનો અર્થ છે - 'જોડાઈ જવું.' સપ્તપદી રૂપે એક પતિ પત્ની માટે, એક પત્ની પતિ માટે, વૈવાહિક જીવનના આધારસમા સાત સાત આદર્શો સ્વીકારે છે. ॐ एकम् इषे विष्णुं नयतु'' જેવા સાત મંત્રો કહી પતિ-પત્ની પાસેથી અન્નપૂર્ણા, પરિવારજનોને સમર્થ બનાવનાર, સંપત્તિ વધારનાર, ઘરને ઉલ્લાસિત કરનાર, ઘરના સર-સાધનોની સંભાળ, સુરક્ષા કરનાર, બધા જ પ્રકારની ઋતુઓ (સમય)માં પ્રસન્નતાપૂર્વ સાથ આપનાર તથા સુહૃદ સમર્થક - સંરક્ષક અને સંવર્ધક બનનારની ઝંખના સેવે છે. તો પત્ની પતિ માટે ''त्वतो मे अखिलं सौभाग्यं पुण्यैं त्वं विविधैः कृतैः। देवैः संपादितो मह्यं वधुः आद्यें पदे अब्रवीत् ॥'' ઝ કહીકહી પતિને પુણ્યફળ અને પ્રભુકૃપા માનવાનું, પરિવારને સંભાળી સંતુષ્ટ રહેવાનું, અન્નપૂર્ણા બની પતિનું કહ્યું માનવાનું, મન, વાણી અને કર્મથી પ્રસન્નતા, સુસંવાદિતા અને આળસ - પ્રમાદ છોડી પરિવારનાં હિત માટે કાર્યરત રહેવાનું, સુખ-દુઃખના સમયે સાથે રહી કદી પણ ખરાબ સમયે નાસીપાસ ન થવાનું, પતિ પ્રત્યે અટલ વિશ્વાસ રાખી પતિ પ્રત્યે સાફ - શુધ્ધ ભાવના કેળવવાનું અને પત્ની બની પતિવ્રતાનાં ગુણો (कार्येषु मंत्री करणेषु दासी, भोज्येषु माता शयनेषु रंभा । धर्मानुकूला क्षमया धरित्री षाड्गुण्यं अततहि पतिव्रतानाम् ॥) કરવાનું જેવા સાત-સાત વચનો આપે છે. આ સપ્તપદી પરિવાર પ્રણાલીનું આધારબિંદુ છે. આમ, સપ્તપદી (વિવાહ) રૂપે આપણો પરિવાર જીવનભર સાથ આપનાર એક જીવનસાથી પણ બક્ષે છે, જે સતત પરિવારના અતૂટ સાથ-સંગાથનું પ્રતીક બને છે.

આપણા જન્મ સાથે જ જે લ્હાવો પરિવારજનોએ લીધો હતો, તે જ લ્હાવો હવે આપણે લેવાનો. હમણા સુધી મેળવતા - મેળવતા સુખ ભોગવ્યું, હવે ત્યાગ કરતા કરતા સુખ ભોગવવાનું. બાળકમાંથી પરિવારજન બન્યાની સાથે જ એ જ બધા પારિવારિક પ્રસંગોનો ચક્ર પુનઃ ફરે છે. પહેલા આપણે તે ચક્રના કેન્દ્રબિંદુ હતા, હવે ચક્ર સાથે ફરવાનું છે. પરિવાર આપણા જીવનના નવા નવા અનુભવોમાં સાથ - માર્ગદર્શન - ત્યાગ આપતું રહે છે. આપણું જીવનચક્ર પૂરૂં થાય છે પરંતુ પરિવારનું નહીં! ''હમ રહેં ના, મુહબ્બત રહેગી, દાસ્તાં અપની દુનિયા કહેગી, નામ રહ જાયેગા આદમી કા....!'' પરિવારે કરેલા ત્યાગનો બદલો મુહબ્બતથી આપનારની દાસ્તાન દુનિયા હંમેશથી કહે છે. તે માણસનું નામ અમર થઈ જાય છે. ''नैनं छिन्दन्ति शस्त्राणि....''માં માનનાર આપણું પરિવાર આપણે નવો જીવન પ્રારંભ કરીશું તેવી આશાથી આપણા નશ્વર દેહને પણ શણગારે છે! વૈદિક વિધાનો મુજબની અંત્યેષ્ટી ક્રિયા પૂરી કરે છે. એ પરિવારજનો કે જેમને હંમેશા આપણે આપ્યું જ છે, તે આપણા જવાથી દુઃખી થાય છે. આપણા નશ્વર દેહનાં અંતિમ દર્શન કરવા જે કામ હાથમાં હોય તેને તેમને તેમ છોડી, દોડી આવે છે. શોક પાળે છે. ઇચ્છિત પ્રસંગો મોકુફ રાખે છે. આપણા આત્માની શાંતિ માટે વ્રત - નિયમો લે છે. પોતાના વ્રત-નિયમોનાં ફળ આપણાં આત્માર્થે અર્પણ કરે છે. સંતાનો મુંડન કરાવી ઋણ મુક્ત બનવા પ્રયત્ન કરે છે. વિવિધ સત્કાર્યો કરવાનું 'પાણી' આપી વચન આપે છે. ગરૂડ પુરાણ - ગીતાજીનું પારાયણ કરાવે છે. પહેલાં દોઢ મહિને, પછી છ મહિને અને પછી વર્ષે એકવાર શ્રાદ્ધ કરી આપણને પ્રતિ વર્ષ યાદ કરી આપણી ખોટ - ગેરહાજરી અનુભવનારા પરિવારજનોની પરિવાર પ્રણાલી વાસ્તવમાં ધન્ય છે!

તદુપરાંત રક્ષાબંધન, વીર પસલી, શીતળા સાતમ, તેરસ, ભાઈ-બીજ જેવા આપણાં ઉત્સવો પણ પારિવારિક સંબંધોની મીઠાશનાં સંદર્ભવાળા ઉત્સવો છે. તો સ્ત્રીઓ દ્વારા કરવામાં આવતા હિંદુ ધર્મના વટસાવિત્રી, જયા પાર્વતી, એવરત-જીવરત, કડવા ચોથ વિગેરે જેવા વ્રતો પણ પારિવારિક હિતોના સંદર્ભે જ કરવામાં આવે છે ને!

આપણા ઉપરોકત બધા જ પ્રસંગોએ માતા-પિતા સાથે પરિવારજનો, સગા સ્નેહીઓ, મિત્ર વર્તુળ આપણા માટે તન-મન-ધનથી યોગદાન આપે છે, ઘસાય છે. હા! વ્યવહાર છે, ''એક હાથે લ્યો, એક હાથે દ્યો.'' પણ આમ કરવાથી ફાયદો શો? લાગણી અને સંતોષ મેળવ્યાનો ફાયદો. પરિવારમાં ઉત્પન્ન થતું 'પોતીકાપણું' આ પ્રણાલીનું ફળ છે. પોતીકાપણા માટે ઘસાવાનો એક અનેરો આનંદ છે, અનેરો સંતોષ છે. અને આમ, આપણું જીવન આ વ્યવહારૂ રમત રમતાં-રમતાં ત્યાગ કરી ભોગવતા-ભોગવતા ક્યારે જીવ (અપૂર્ણ)માંથી શિવ (પૂર્ણ) બની જાય છે, ખબર જ નથી પડતી! અને આપણો જીવ એ ઈશ્વરને વિનવે છે :

*''अग्ने नय सुपथा राये अस्मान्विश्वानि देव वयुनानि विद्वान ।*
*युयोध्यस्मज्जुहुराणमेनो भूयिष्ठां ते नम उक्तिं विधेम् ॥''*

''હે માર્ગદર્શક દેદીપ્યમાન પ્રભો! વિશ્વમાં વણાયેલા બધા તત્ત્વોને તમે જાણો છો. હે દેવ! અમને સરળ માર્ગે તે પરમ આનંદ ભણી લઈ જાઓ. વાંકુ, અવળે માર્ગે લઈ જનારૂં પાપ અમારી પાસેથી દૂર ભગાડી દો. તમને ફરી ફરીને નમ્ર વાણીથી અમે વિનવીએ છીએ.''

***- મંત્ર-૧૮, શ્રી ઈશાવાસ્યોપનિષદ્.***

આ સૃષ્ટીનાં પ્રત્યેક ભોગો - તત્ત્વોમાં આ 'પરિવાર' શબ્દમાં સમાયેલા જણાય છે. જે પરિવારમાં આપણે જન્મ લીધો, જે આપણો જીવન આધાર બન્યો તેના પ્રત્યેક વ્યવહારોનું વહન જ આપણી ફરજ છે. તે ફરજપૂર્તિ જ સાચો - પરમ આનંદ છે અને ફરજ વિમુખતા જ તે પાપ છે. જે મંત્રમાં કહ્યું છે. આમ, જે પરિવારે આપણે અપૂર્ણમાંથી પૂર્ણ બનાવ્યો તેમાં જ ખરો 'ઇશ આવાસ્યમ્' છે. એ પરિવાર જ આપણો જીવન આધાર છે. 'ધન્યો ગૃહસ્થાશ્રમઃ'ની જનની આ પરિવાર પ્રણાલી પણ ધન્ય છે. આપણા પૂર્વજોએ કદાચ એટલે જ 'વસુધૈવ કુટુંબકમ્' એમ કહ્યું હશે. આ અષાઢી બીજનાં તે 'વસુધૈવ કુટુંબકમ્' જો આપણાથી શક્ય ન બને તો કમસે કમ આપણી પરિવાર પ્રણાલીના પાયાને લગતા પાશ્ચાત્યાનુકરણના લૂણને દૂર કરવા પ્રયત્નશીલ અચૂક બનીએ!

***વૈદિક મંત્રો-વિધાન :***
***'વિવાહ સંસ્કાર' પુસ્તકમાંથી સાભાર***
***લેખક : શ્રી ડૉ. મુકુંદચંદ્ર શાંતિલાલ ઠાકર***

# શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિના રીત રિવાજો

સંકલન : શ્રી અમૃતલાલ જેઠાલાલ સોલંકી (ભુજ)

## જ્ઞાતિ ઈતિહાસ અને ગૌરવની વાતો ટૂંકમાં

સુજ્ઞ જ્ઞાતિજનો,

જ્ઞાતિના રીત-રિવાજની આ પુસ્તિકા આપ સમક્ષ મૂકી સમસ્ત જ્ઞાતિજનોને આપણી જ્ઞાતિના મુખ્ય રીત-રિવાજોની જાણકારી આપવાનો નમ્ર પ્રયાસ કરીએ છીએ.

આપણા વડવાઓ સંવત ૧૬૦૦ની સાલમાં રાજસ્થાનથી કચ્છ તરફ આવેલા ત્યારે રાજસ્થાનમાં આપણે 'બ્રાહ્મણ સુવર્ણકાર સમાજ' તરીકે ઓળખાતા.

કચ્છમાં આવ્યા બાદ આપણા સમાજના કેટલાક ભાઈઓ સોની કામ કરવા લાગેલા, તેથી અહીં સોની તરીકે ઓળખાયા અને કેટલાક ભાઈઓ ત્રાંબા, કાંસા, પીતળના વાસણોનો વ્યવસાય અપનાવ્યો, તેથી તેઓ કંસારા કહેવાયા. મૂળ તો આપણે સૌ રાજસ્થાનના બ્રાહ્મણ સુવર્ણકાર સમાજના જ છીએ.

ધંધા-વ્યવસાયથી અલગ થયેલા ભાઈઓએ પોત-પોતાના સંગઠનો બનાવ્યા જે કંસારા સમાજ અને સોની સમાજ તરીકે ઓળખાયા. બન્ને સંગઠનોએ પોત-પોતાના અલગ પ્રમુખ, વહીવટદારો નીમી, પોતાના નિયમો બનાવી, સ્થાવર જંગમ મિલ્કતો ઊભી કરી સમાજના કાર્યો કરતાં, પોતાના વ્યવસાયને કારણે બે અલગ સમાજ બનેલા, તેમ છતાં મૂળ એક જ સમાજના હતા, બેટી વહેવારમાં વાંધો ન હોઈ એક-બીજાના ગમતા યુવક-યુવતિના લગ્નો કરી હર્ષ અને સહકાર સાથે જીવનભર સાથ નિભાવતાં.

આપણે એક જ સમાજના છીએ તેવું વારંવાર અહેસાસ થતાં, એકીકરણ માટે અનેકવારની ચર્ચા-વિચારણાના અંતે ૧૯૪૭માં બન્ને સંગઠનો એક થઈ 'શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ' નામ સ્વીકારી, એકત્રીકરણ કરી એક જ સમાજનું સંગઠન કરવામાં આવેલ. કચ્છમાં ભુજ, અંજાર, માંડવી, નખત્રાણા અને અન્ય ગામો તેમજ કચ્છથી બહાર મુંબઈ, અમદાવાદ, સાબરકાંઠા, રાયપુર ગયેલા ભાઈઓ પણ આ જ નામ સાથે સંગઠનો ચલાવે છે.

*કોઈપણ સમાજના રીત-રિવાજો અને પરંપરાઓ એ સમાજની એક ઓળખ બની રહે છે. ભુજ ખાતે આપણા સમાજના પરિવારો સૌથી મોટી સંખ્યામાં છે. અહીંના રીત-રિવાજો મહદઅંશે સમગ્ર જ્ઞાતિસમાજના રીત-રિવાજો ગણી શકાય. હાલ ભુજ જ્ઞાતિ દ્વારા ખૂબ જ પ્રશંસનીય પહેલ કરવામાં આવી. જ્ઞાતિના રીત-રિવાજોનું સંકલન કરી, તેને પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. સમાજમાં પ્રવર્તમાન શુભાશુભ પ્રસંગોના રીત-રિવાજોને ખૂબ સુંદર રીતે સંકલિત કરવામાં આવેલ છે. સમગ્ર કાર્યનું સંકલન શ્રી અમૃતલાલ જેઠાલાલ સોલંકી દ્વારા કરવામાં આવેલ છે. તેમની સાથે સહયોગીઓ સર્વશ્રી પ્રદીપ જીવરામ બીજલાણી, નિતીન અમૃતલાલ હેળાઉ, હિતેશભાઈ ધીરજલાલ પોમલ, મુળજીભાઈ નાનાલાલ કટ્ટા, કાન્તીલાલ નાનાલાલ બારમેડા, શ્રીમતિ રોહિણીબેન ભરતભાઈ બુદ્ધભટ્ટી, શ્રીમતિ લતાબેન ઈન્દુલાલ સોલંકી, શ્રીમતિ જયશ્રીબેન જયંતીલાલ બુદ્ધભટ્ટી, શ્રીમતિ અરૂણાબેન નરેન્દ્રભાઈ બુદ્ધભટ્ટી તથા મંજુલાબેન અમૃતલાલ સોલંકી વિગેરેએ ખૂબ જહેમત ઉઠાવી કાર્ય સંપન્ન કરેલ છે. મુદ્રણ શ્રી મેહુલ રમેશચંદ્ર બુદ્ધભટ્ટી દ્વારા કરવામાં આવેલ છે.*

*જ્ઞાતિના રીત-રિવાજોની માહિતી સર્વે પરિવારોને મળી રહે તે માટે જ્ઞાતિસેતુ દ્વારા તેને ગૌરવ સહ અહીં પ્રસિદ્ધ કરેલ છે.*

**- અતુલ સોની**

આ ઉપરાંત કેટલાક પરિવારો સૌરાષ્ટ્ર તરફ સ્થાયી થઈ કાંસા, ત્રાંબા, પીતળનો વ્યવસાય અપનાવેલ. આ ભાઈઓ શ્રી મારૂ કંસારા ના નામે સંગઠનો ચલાવે છે. આ બધા પરિવારો સાથે કચ્છના ભાઈઓને બેટી વહેવાર કરવામાં કોઈ વાંધો ન હોવાથી કચ્છ-સૌરાષ્ટ્રના ઘણાં પરિવારો સબંધી તરીકે જોડાયેલા છે. અગાઉ જ્ઞાતિમાં રીત-રિવાજના કડક કાયદા હતા અને કાયદાને તોડનાર પર દંડનીય કાર્યવાહી થતી. ક્યારેક આવી કાર્યવાહીમાં જ્ઞાતિના પરિવારને જ્ઞાતિ બહાર પણ કરવામાં આવતા.

હાલે જ્ઞાતિ ઉદાર નીતિ અપનાવી સમાજમાં વિકાસ અને સંગઠન મજબૂતીના કાર્યો કરે છે, જેમાં જ્ઞાતિના યુવક મંડળ, મહિલા મંડળ, સત્સંગ મંડળ વિગેરે સંસ્થાઓ સક્રીય રહી, જ્ઞાતિના કાર્યોને સફળ બનાવે છે.

## સર્વ પ્રથમ જ્ઞાતિ જે વાતો પર ગર્વ કરે છે તે વાતો

**૧. જ્ઞાતિમાં દહેજ પ્રથા નથી :**

જ્ઞાતિમાં આ સૌથી જૂની પરંપરા છે. આ પરંપરા અત્યારના સમયે પણ સ્વીકારવામાં આવેલ હોઈ છોકરા માટે જ્યારે કોઈ કન્યાનો હાથ માંગવામાં આવે છે, ત્યારે માત્ર

કન્યાનો હાથ જ માંગવામાં આવે છે. કન્યા પક્ષ કન્યાને કંઈ ન આપે તો તેવી સ્થિતિમાં પણ તેનો સહર્ષ સ્વીકાર કરવાનો હોય છે.

**૨. આખરી નિર્ણયનો અધિકાર કન્યા પક્ષને :**

સગપણ કે લગ્ન કરવાના કાર્યક્રમો બન્ને પક્ષ સાથે બેસી વિચારી બન્નેને અનુકૂળ હોય તે રીતે કાર્ય કરવાના હોય છે. આ બાબતે ક્યારેક સંમતિ ન સંધાય તો છોકરી વાળાઓ જે રીતે પ્રસંગ કરવા ઈચ્છે તે રીતે છોકરા પક્ષે સંમતિ આપી સહકારથી કાર્ય કરવાનું રહે છે. આ રીતે દરેક પ્રસંગનો આખરી નિર્ણયનો અધિકાર કન્યા પક્ષને આપવામાં આવેલ છે. જે છોકરા પક્ષે માન્ય રાખવાનું હોય છે, તેમજ આ બાબતે જિંદગીમાં ક્યારેય પણ છોકરીને છોકરા પક્ષના સભ્યોએ મેણાં-ટોણાં મારવા નહી.

**૩. જ્ઞાતિમાં હાલે દંડનીય કોઈ જોગવાઈ નથી :**

અત્યારે જ્ઞાતિમાં નીતિ-નિયમ કે રીત-રીવાજના કોઈ જાતના કાયદાના બંધનો નથી. તેથી સમાજમાં કોઈપણ પ્રકારની દંડનીય કાર્યવાહી કરવામાં આવતી નથી.

બદલાતા સમય સાથે જ્ઞાતિના રિવાજોમાં જ્ઞાતિજનો પોતે બદલાવ કરે છે, જે બધાને અનુકૂળ થતાં રિવાજમાં સ્વીકારવામાં આવે છે. ઉદાહરણ રૂપેઃ અગાઉ સગપણ વખતે છોકરા-છોકરીની ચાંદલા વિધિ અલગ-અલગ થતી અને તે સગપણ વિધિ પૂરી થતાં છોકરા-છોકરી વડીલોને પગે લાગવા તેની પાસે જતાં. પગે લાગી આશીર્વાદ અને રોકડ ભેટ મેળવતાં, જ્યારે અત્યારે દૂધપીણામાં કે સગપણમાં છોકરા-છોકરીને બન્નેને સાથે બાજુમાં ખુરશી પર બેસાડી વિધિ કરવામાં આવે છે, અને વિધિ પૂરી થતાં વડીલો ઊભા થઈ છોકરા-છોકરીને તિલક કરવા તેના પાસે જાય છે. તિલક કરી રોકડનો વહેવાર કરે છે અને આશીર્વાદ આપે છે. આ સમયે છોકરા-છોકરી ત્યાં આવતા તેમના વડીલોને પગે લાગે છે. મતલબ પગે લગાવવા જવાનું હોય છે. આ રીતે આપણા ધર્મ અને સંસ્કાર પ્રમાણે ગમે કે ન ગમે, અત્યારે પ્રચલિત હોતા સ્વીકારવામાં આવેલ છે.

## : જ્ઞાતિના શુભ પ્રસંગો :

**યુવક-યુવતિની પસંદગી :**

ઉંમર લાયક સંતાનોના માતા-પિતા પોતાના સબંધી કે અન્ય મધ્યસ્થી દ્વારા પોતાની પસંદગી મુજબના કુટુંબના પુત્ર-પુત્રીની તપાસ કરી સામે પક્ષે વાત મોકલે છે.

સામે પક્ષે સંમતી મળે તો બન્ને પક્ષના સંતાનો કુટુંબીજનો સાથે મળે, એક-બીજાને પોતાનો પરિચય આપી જરૂરી માહિતીની આપ-લે કરે. આ સમયે યુવક-યુવતિને જરૂર જણાય તો પરસ્પર વાતચીત દ્વારા અભ્યાસ, આવક, આરોગ્ય તેમજ ઉચ્ચ અભ્યાસ કે ભવિષ્યની કારકીર્દિ વિગેરે બાબતોની એકાંતમાં વાતચીત કરવા સંમતિ આપવામાં આવે છે.

બન્ને સંતાનો પોત-પોતાના માતા-પિતાને પોતાના સંબંધ માટે સંમંતિ આપે તો બન્ને પક્ષના વડીલો યુવક-યુવતિના એક-બીજાના જન્માક્ષર લઈ જ્ઞાતિ ગોર અથવા ગામના બ્રાહ્મણને જન્માક્ષર બતાવે, તેમાં જો નામા જોડું-મેળાપક મળે તો આગળની વિધિ દૂધ પીણું કે સગપણની વિધિ બાબતે ચર્ચા કરી સબંધ પાકો કરાય છે.

**દૂધ પીણું :**

દૂધ પીણું સાદાઈ થી કરવું હોય તો બન્ને પક્ષના નજીકના કુટુંબીજનો કન્યા પક્ષના ઘરે જઈ દૂધ પી મોં મીઠું કરે છે. આ કાર્યમાં અલ્પાહાર કે ભોજન જેવા કાર્યક્રમ બાદ વાત પાકી થાય છે.

અત્યારના સમયમાં વધારે સંખ્યામાં સંબંધીજનો મિત્રો વિગેરેને બોલાવવા હોય તો ચોક્કસ દિવસ નક્કી કરીને સમાજવાડી કે પાર્ટી પ્લોટમાં દૂધ પીણાનો કાર્યક્રમ રાખે છે. દૂધ પીણાના કાર્યક્રમમાં ઘણાં કુટુંબો યુવક યુવતિને સાથે બાજુ-બાજુમાં ખુરશી પર બેસાડી ચાંદલા કરી રોકડના કવર સાથે આશીર્વાદ આપી રસમ પૂરી કરવામાં આવે છે. આ સમયે દૂધ સાથે નાસ્તો અથવા ભોજન રાખવામાં આવે છે. વર-કન્યાને બન્ને પક્ષો તરફથી પરસ્પર ભેટ આપવામાં આવે છે.

**અગત્યના મુદ્દા :**

૧. સૌ પ્રથમ તો બન્ને પક્ષની જો અટક (નુખ) એક જ હોય તો સગાઈ કરવામાં આવતી નથી.

૨. સગાઈ નક્કી કરતી વખતે બન્ને પરિવારો તેમજ યુવક-યુવતિએ અભ્યાસ, જન્મ તારીખ, આરોગ્ય, શારીરિક તકલીફ, આવક વિગેરે બાબતે સત્ય માહિતી એક-બીજાને આપવાની હોય છે. ખોટી માહિતી આગળ વધતા સબંધમાં છેતરાયાની લાગણી થતા સબંધમાં તિરાડ પડતા સંબંધ વિચ્છેદ સુધી પહોંચે છે.

૩. આપણી જ્ઞાતિમાં દહેજ પ્રથા ન હોતાં કોઈપણ જાતની લેતી-દેતીની વાત કરવાની રહેતી નથી. માત્ર પુત્ર કે પુત્રીના વેવિશાળ નક્કી કરવાના રહે છે. આપણી જ્ઞાતિમાં દહેજ પ્રથા નથી તે આપણા માટે ગૌરવની વાત છે.

૪. દૂધ પીણા પ્રસંગે કન્યાને ચુંદડી ઓઢાળવામાં આવતી નથી.

૫. આ પ્રસંગ બાદ વર પક્ષવાળા કન્યાને પોતાના ઘરે લઈ જાય છે, તેમજ બન્નેને સાથે હરવા-ફરવાની મંજૂરી આપવામાં આવે છે.

**સગપણ અને ચુંદડી ઓઢાડવી :**

દૂધ પીણું ન કરવું હોય તો, અથવા દૂધ પીણા બાદ સગપણ વિધિ સારી રીતે કરવી હોય તો બન્ને પક્ષે અરસ-પરસ મીઠી જુબાન આપી સગપણ નક્કી કરાય છે. બન્ને પક્ષોની સંમતિ મુજબની તારીખે વર પક્ષવાળા કન્યા પક્ષવાળા ના ઘરે સગા-સંબંધીઓ સાથે જાય છે. ત્યાં ગોરબાપા કે ગામના બ્રાહ્મણ બધાની હાજરીમાં બન્ને પક્ષકારોના નામ તથા વર-કન્યાના નામ બોલી સગપણ થયાનું જાહેર કરે છે. વર-કન્યાને ચાંદલો કરી કન્યાના હાથમાં વર પક્ષ તરફથી લાવેલ કોરી (ચાંદીનો સિક્કો) નાળિયેર, સાટાનો બોક્ષ આપી મીઠો મોં કરાવે છે. કન્યાને સાસરા પક્ષ તરફથી ચુંદડી ઓઢાડી તેમના ખોળામાં સુકનના સાકર, દ્રાક્ષ, કંકુ, મહેંદીના ચાર પડા (પેકેટ) આપવામાં આવે છે. પધારેલ કુટુંબીજનો, સ્નેહીજનો વર-કન્યાને ચાંદલો કરી વધાવે છે. વર પક્ષ તરફથી લાવેલ સાટા અથવા સાકર બધાને આપવામાં આવે છે. કન્યા પક્ષ વાળા તરફથી ભાવપૂર્વક ભોજન અપાય છે. કન્યા પક્ષ વાળા તરફથી પોતાની શક્તિ અનુસાર પહેરામણી આપવામાં આવે છે. ત્યારબાદ છોકરીને છોકરા પક્ષ વાળા પોતાના ધરે લઈ આવે છે. અહીં શુભ મુહૂર્તે છોકરાને ચાંદલા વિધિ કરવામાં આવે છે. આ સમયે સગા-સંબંધીઓને સાટા કે સાકરનું વિતરણ કરાય છે અને કેટલાક ભોજન પણ કરાવે છે. બીજા દિવસથી છોકરા પક્ષવાળા કન્યાને પોતાના સગા-સંબંધીમાં ઓળખાણ કરાવવા માટે તેમના ઘરે લઈ જાય છે.

સગપણ માટે બન્ને પક્ષોની પરસ્પર સમજૂતી હોય તો છોકરા-છોકરીને એકસાથે ચાંદલા વિધિ કરી સંયુક્ત ભોજન સમારોહનું આયોજન કરવામાં આવે છે. સગપણ થયા બાદ જ્ઞાતિને રૂા. ૧૦૧/- ની લાગત ફરજિયાત ઉપરાંત ખુશાલી ભેટ રૂપે ડોનેશન આપવાનું હોય છે.

## તા. ૧૧/૦૯/૨૦૦૯ થી જ્ઞાતિ દ્વારા જાહેર થયેલ સગપણ વિધિ

આ વિધિ શ્રી મહાકાલિકા માતાજીના મંદિરમાં બન્ને પક્ષના ૧૫-૧૫ જણની હાજરીમાં સાદાઈથી સગપણ વિધિ પૂજ્ય ગોરશ્રી દ્વારા કરાય છે.

આ વિધિ વખતે છોકરા પક્ષે ચુંદડી, ચાંદીની કોરી (સિક્કો), ગોરશ્રી માટે મિઠાઈનો બોક્ષ અને યથાશક્તિ દક્ષિણાનો કવર તેમજ છોકરી પક્ષે વેવાઈ માટે સકનમાં આપવા નાળિયેર તથા રૂા. ૫૧/- નો કવર તેમજ ગોરશ્રી માટે મિઠાઈનો બોક્ષ અને યથાશક્તિ દક્ષિણાનો કવર લાવવાના રહે છે.

ઉપસ્થિત સર્વેને પેંડાની પ્રસાદી જ્ઞાતિ તરફથી આપવામાં આવે છે. માતાજી સામે પરસ્પર સ્નેહભરી લાગણીથી જિંદગીભરના એક-બીજાને વફાદારી સાથે સંબંધ નિભાવવાના સોગંધ લેવાય છે. આ પ્રસંગે જ્ઞાતિ હોદ્દેદારો હાજર રહે છે. મંદિરમાં સગપણની લાગત પેટે બન્ને પક્ષે રૂા. ૩૫૧/- અને સ્વૈચ્છિક ડોનેશન આપવાનું રહે છે.

**દાગીના ચડાવવા :**

સગપણ વખતે અથવા સગપણ બાદ અનુકુળ દિવસે સારો મુહૂર્ત જોઈ યુવકના કુટુંબીજનો યુવતીના ઘરે જઈ યથાશક્તિ દાગીના ચડાવે (પહેરાવે) છે. અથવા તો યુવકના કુટુંબીજનો સારા મુહૂર્તે યુવતિને પોતાના ઘરે તેડી આવી દાગીના ચડાવે (પહેરાવે) છે. દાગીના સાથે બે જોડી કપડા આપે છે. અગાઉ દાગીના ચડાવવા (પહેરાવવા) ની વિધિ ધામ-ધૂમથી કરવામાં આવતી. સમય અને સંજોગો વસાત્ પહોંચી ન શકાય તો લગ્ન વખતે, લગ્નના આગલા દિવસે શુભ સમયે દાગીના ચડાવવામાં આવે છે.

સગપણ અને લગ્ન વચ્ચેના ગાળામાં આવતા તહેવારોમાં કન્યાને વસ્ત્રો તેમજ સૌંદર્ય પ્રસાધનની વસ્તુઓ આપવામાં આવે છે.

## "લગ્ન પ્રસંગો"

**બોરી ઓઢવી/લગ્ન લખાવવા :**

બન્ને પક્ષોની અનુકૂળતા મુજબ લગ્નનો મુહૂર્ત અને તારીખ નક્કી કરવા માટે પરિવારના મુખ્ય વ્યક્તિઓ ગોર પાસે જઈ લગ્ન લખાવે છે. ત્યારબાદ કન્યા પક્ષના ઘરે બોરી ઓઢવા જાય છે, ત્યારે છોકરા વાળાને જમાડી પછેડીની પહેરામણી અપાય છે.

આ સમયે લગ્ન વિધિ, સમય, સ્થળ, જાનમાં આવનારી સંખ્યા વિગેરે બાબતો નક્કી કરવામાં આવે છે. ત્યારબાદ લગ્ન પત્રિકા છપાવવામાં આવે છે.

**સમૂહર્તા :**

લગ્ન નક્કી થાય એટલે રિવાજ પ્રમાણે આગલા દિવસે કે અનુકૂળ શુભ ચોઘડીયે સમૂહર્તા વિધિ કરવામાં આવે છે, જેમાં પ્રથમ ગણપતી સ્થાપના, પૂજા વિધિ બાદ છોકરા તેમજ છોકરીને ઘરના મહિલા સભ્યો ચાંદલા વિધિ કરી પીઠી લગાવે છે, તેમજ માતાજીના નૈવેધ કરવામાં આવે છે.

**પસ ભરાવવું :**

કાકા, મામા, મામી, ફઈ, બહેન વિગેરે તેઓ પોતાના

ઘરે છોકરા અથવા છોકરીને પોંખીને નાસ્તો કરાવે છે.

**મંડપારોપણ :**

પ્રથમ સવારે શુભ મુહૂર્તમાં લગ્ન મંડપમાં પિતા, કાકા, મામા, ભાઈ, માસા, ફુઆ સાથે પુરૂષ સભ્યોના હસ્તે માણેક સ્થંભ રોપવાની વિધિ ગોર દ્વારા કરવામાં આવે છે, ત્યારબાદ છોકરા-છોકરીને બાજોટ પર બેસાડી, ચાંદલો કરી, કાંડામાં ખોંભા નાડુ (મિંઢળ) બાંધીને શ્રી ફળ આપી વિધિ કરવામાં આવે છે. મંડપારોપણ વિધિ બાદ દેવસ્થાનમાં ગણપતી સ્થાપના કરી માઈ બેસાડી મોટા માંડવે પરણાવવાની વિધિ કાકા, મામા, પિતા, ભાઈ દ્વારા કરવામાં આવે છે.

**સાંતક (ગ્રહ શાંતિ) :**

આ વિધિમાં વર-કન્યાને લગ્ન મંડપમાં બાજોઠ પર બેસાડી હાથમાં પસનો નાળિયેર આપી નવ ગ્રહની સ્થાપના-પૂજા વિધિ થયા બાદ, મોસાળ પક્ષ તરફથી મામેરૂં કરવામાં આવે છે. વરરાજાને જનોઈ અપાય છે. સાંતક વિધિ બાદ વરરાજાને કાશી ભણવાની વિધિ કરવામાં આવે છે. વિધિ વખતે ખડિયો તથા સાંતકની વિધિ માટે રાડી મોસાળ પક્ષ તરફથી આપવામાં આવે છે.

**લગ્ન પ્રસંગ-હસ્ત મેળાપ-મંગળ ફેરા :**

બન્ને પક્ષ અનુકૂળતા મુજબ નક્કી કરેલ લગ્નની તારીખે શુભ મુહૂર્તે વર પક્ષ જાન લઈ કન્યા પક્ષના ઘરે/ગામે જાય છે. તે સમયે કન્યા પક્ષ વાળા તરફથી સામૈયું કરી જાનને લગ્ન મંડપમાં લઈ જાય છે. શુભ મુહૂર્તે ગોર દ્વારા વરમાળા પહેરાવી લગ્ન વિધિમાં હસ્ત મેળાપ, ચાર ફેરા, સપ્તપદીની પ્રતિજ્ઞા વેદ મંત્રોચ્ચાર સાથે વિધિ કરવામાં આવે છે. કન્યાના માવતર પક્ષ તરફથી શક્તિ મુજબ દાગીના, કપડા વિગેરેનું કન્યાદાન કરવામાં આવે છે. લગ્ન વિધિ બાદ કન્યા પક્ષના દેવસ્થાને નવદંપત્તિ દર્શન કર્યા બાદ ભોજન લે છે. પરસ્પર સમજૂતી મુજબ કન્યા પક્ષ તરફથી અથવા વર-કન્યા બન્ને પક્ષનું સંયુક્ત ભોજન સમારોહ યોજવામાં આવે છે.

**વિદાય :**

ભોજન બાદ વિદાયની તૈયારીમાં કન્યા પક્ષ તરફથી વર પક્ષને પહેરામણી (પડલા વિધિ) તથા માંડવા વરસાવવાની વિધિમાં કન્યા પક્ષના બધા જ સભ્યો કન્યાને મોકલામણી રૂપે રોકડ રકમ આપી આશીર્વાદ આપે છે. ત્યારબાદ કન્યાના પસનું નાળિયેર ગાડીના પૈડા નીચે સિંચન કરી, સિંચેલું નાળિયેર કન્યાના ખોળામાં મૂકવા સાથે વિદાય આપવામાં આવે છે.

સમાજમાં સમુહ લગ્ન થતા હોઈ મોટા ભાગના લગ્નો સમુહ લગ્નમાં જ થાય છે, જેથી ઘરે માત્ર માતાજીના નૈવેધ કરવાના હોય છે. અન્ય વિધિ કરવાની રહેતી નથી. સમુહ લગ્નમાં જોડાતાં કોઈપણ બાદ્ય લાગતો નથી. જેમ કે, વર-કન્યાના જન્મના મહિનામાં પણ લગ્ન કરી શકાય છે.

**આણું વારવું :**

લગ્ન બાદ અનુકૂળ મુહૂર્તે કન્યાની પગફેરા (આણું) વિધિ હોય છે. કન્યા પક્ષના સગા-સંબંધીઓને વર પક્ષ ઘરે જમાડી પહેરામણી આપે છે. પ્રથમ વાર કન્યાને માવતરે મૂકવા કન્યાને લીલી ચુંદડી પહેરાવી સાસુમાં કન્યાને ખોળામાં મિઠાઈનો બોક્ષ આપી ચાંદલો કરી તેને માવતરે મોકલે છે.

**સીમંત પ્રસંગ (ખોળો ભરાવો) :**

કન્યાનો ખોળો ગર્ભાધાનના સાતમે મહિને ભરવામાં આવે છે તેમજ કોઈક નવમાં માસે કરતા હોય છે. શુભ દિવસ અને મુહૂર્ત જોવડાવી પુત્રવધૂના માવિત્રોને જાણ કરી બન્ને પક્ષના સભ્યો સાથે મળી આ વિધિ કરે છે. આ વિધિમાં પુત્રવધૂ માવતરના ઘરનો ઘરચોળો પહેરે છે. આ ઘરચોળાના ખોળામાં સાત પ્રકારના ફળ (પપૈયા સિવાય)થી ખોળો જેઠાણી અથવા અખંડ સૌભાગ્યવતી સ્ત્રી ખોળો ભરાવે છે. સામાન્ય રીતે પ્રથમ પ્રસૂતિ માટે દિકરીને માવિત્રો તેમના ઘરે લઈ જાય છે. કેટલીક એટકો (નુખ)માં રિવાજ મુજબ અથવા અન્ય કોઈ કારણોસર પુત્રવધૂની પ્રસુતિ સાસરામાં જ કરાવાય છે. ગર્ભાધાન બાદ કેટલીક અટકોમાં તેમના નિયમ મુજબ માતાજીના નૈવેધ કરવામાં આવે છે, તેમજ કેટલાક પ્રતિબંધો પુત્રવધૂને પાડવાના હોય છે.

**પુત્રવધૂને પાડવાના નિયમો :**

૧. તલ અને પ્રસાદી ખવાય નહીં ૨. પિયરે જવાય નહીં ૩. ત્રીજા મહિનાથી માથું ધોવાય નહીં ૪. નદી અને પર્વત ઓળંગાય નહીં ૫. વાસ્તુ તથા સીમંત પ્રસંગોમાં જવાય નહીં ૬. મહેંદી, લિપસ્ટીક, નેઈલ પોલીશ કરાય નહીં ૭. કાળા જાંબુ, પપૈયું, ટોપરૂ ખવાય નહીં ૮. ગ્રહણ જોવાય નહીં.

**બાળ જન્મ :**

બાળ જન્મમાં દીકરો હોય તો 'ગુરી' (ઘી-ગોળ) નિયાણીઓને આપવામાં આવે છે તેમજ પોતાની ઈચ્છા મુજબ મિઠાઈ વહેંચી ખુશી વ્યક્ત કરાય છે અને દાન-પુણ્ય કરવામાં આવે છે.

જો દીકરી હોય તો જલેબી કે પેંડા વહેંચાય છે તેમજ પોતાની ઈચ્છા મુજબ મિઠાઈ વહેંચી ખુશી વ્યક્ત કરાય છે અને દાન-પુણ્ય કરવામાં આવે છે.

**છઠી :**

બાળકમાં છોકરો હોય તો પાંચમાં દિવસે અને

છોકરીની છઠ્ઠા દિવસે આ વિધિ કરાય છે.

વિધિમાં બાજોટ પર સફેદ કાપડ પાથરી કુલરની ૭ ઢગલી કરી બાજુમાં દીવો પ્રગટાવી બાજોઠ પાસે નોટબુક-પેન તેમજ ધંધાના સાધનો ગોઠવી દિવાલ પર ઘોડિયું (પારણું) અને સાત ત્રીકોણ આકારના ચાંદલા કરી જમીન પર મગ પાથરી છોકરાને સાત વાર લેટાડી છઠીની વિધિ કરવામાં આવે છે. આ પ્રસંગે બાળકના નાનાણા તરફથી યથાશક્તિ બાલાપણ કરવામાં આવે છે.

**નામકરણ :**

આ વિધિ બાળકના જન્મ પછી કુટુંબની અનુકૂળતાએ કરવામાં આવે છે. બાળકના ફઈબા બાળકને ઘોડિયામાં સુવડાવે છે, ઘોડિયાના ચાર છેડે નાના બાળકો ઘોડિયાને પકડીને ઉભા હોય છે ત્યારે ફઈબા અને નાના બાળકો, બાળકને ઝૂલાવતા-ઝૂલાવતા "ઓડી જોડી પીપળ પાન, ફઈએ પાડ્યું ......... નામ" સાત વાર બોલી નામકરણ વિધિ કરવામાં આવે છે. આ વખતે નાના બાળકોને પીપળાના પાનમાં એક પેંડો અને સિક્કો આપવાના હોય છે.

**બાલ મુંડન :**

આ વિધિ બાળક સવા વર્ષનું કે બે વર્ષનું થાય ત્યારે કરવામાં આવે છે. મુંડનના આગલે દિવસે જળ વાસવાનું એટલે કે, બાળકના માથામાં વીંટી બાંધવામાં આવે છે. બીજા દિવસે હજામને ઘરે બોલાવી બાળકનું મુંડન કરવામાં આવે છે. બાળકના વાળ ફઈબાએ લઈ જવાના હોય છે. તેમાં બાંધેલી વીંટી તેમની થાય છે. બાળકને નવડાવ્યા બાદ મોસાળ તરફથી નવા લાલ-સફેદ કપડા, ટોપી તેમજ બુટ પહેરાવવામાં આવે છે. બાળકને ચાંદલા વિધિ કરી કુળદેવીએ પગે લગાવાય છે. હજામને યોગ્ય દાન આપવામાં આવે છે. જ્ઞાતિની દરેક અટકમાં દરેકની અલગ-અલગ પરંપરા હોઈ, તેઓ તેમની પરંપરા મુજબ વિધિ કરે છે, જેમાં માતાજીના નૈવેધ અને મુંડન સ્થાન ખાસ હોય છે.

## "દુઃખદ પ્રસંગો"

**દૂધ પીણા વિચ્છેદ :**

દૂધ પીણા કરવા સાથે બન્ને પક્ષો સાધારણ સબંધે બંધાય છે. આ સબંધ બંધાયા બાદ જ્યારે યુવક-યુવતિ સાથે હરે-ફરે, ઘરે આવ-જાવ કરે ત્યારે અગાઉ કોઈ વાત એક બીજાને ન જણાવેલ હોય તે બાબત સામે આવતા કે અન્ય કોઈપણ વાત કે વર્તન કોઈ એક પક્ષને ન ગમતા તેમજ યુવક-યુવતિ વચ્ચે કોઈ વાતે મનદુઃખ થાય અને તેમાં બાંધછોડ ન થાય ત્યારે આ સંબંધમાં તિરાડ પડે છે અને સંબંધમાં આગળ ન વધવાનો નિર્ણય કરતાં આ સંબંધનો અંત આવતા વિચ્છેદમાં પરિણમે છે. બન્ને પક્ષ અરસ-પરસ એક-બીજાને તે વાતની જાણ કરી સંબંધો પૂરા કરે છે.

**સગપણ વિચ્છેદ :**

સગપણ એ યુવક-યુવતિ વચ્ચે લગ્નના પવિત્ર બંધને બંધાવાની બાંહેધરીનો કોલ છે. આ કાર્ય જ્ઞાતિના ગોરની ચેમજ બન્ને પરિવારના સભ્યો-સંબંધીઓ-મિત્રો વિગેરેની બહોળી સંખ્યાની હાજરીમાં જ્ઞાતિ ગોર દ્વારા યુવક-યુવતિ સગપણના બંધને બંધાયાની જાહેરાત કરે છે. આ કાર્યની જ્ઞાતિમા લાગત ભરી તેની નોંધ કરાવાય છે. સગપણ થયા બાદ યુવક-યુવતિ સાથે હરે-ફરે, ઘરે આવ-જાવ કરે ત્યારે અગાઉ અપાયેલ માહિતીમાં કંઈ છુપાવવામાં આવેલ હોય તેવી માહિતી સામે આવતા કે અન્ય કોઈ બાબતે બન્ને પરિવાર કે યુવક-યુવતિને વાંધો પડે ત્યારે આ સબંધમાં તિરાડ પડતા આ સંબંધ લગ્ન સુધી પહોંચે તેવી પરિસ્થિતિ ન રહેતા બન્ને પક્ષો સાથે બેસી આ બાબતે ચર્ચા કરી સગપણ ફોક થયાનું જાહેર કરે છે. આ વખતે કન્યાને ચુંદડી ઓઢાડેલ હોય તે તેમજ સોના-ચાંદીના દાગીના કે કપડા વિગેરેની સામ-સામે અપાયેલ વસ્તુઓ એકબીજાને પરત આપવાની હોય છે. આ બાબતે બન્ને પક્ષો કંઈ જતું કરે તો તેમની મરજી પ્રમાણે કરી શકે છે. આ બાબત જો બન્ને ઈચ્છે તો સમાજ દ્વારા તેના નિરાકરણ લાવવા પ્રયાસ કરે છે. આ પ્રયાસો ઘણી વાર સફળ થયાં છે અને થાય છે.

**લગ્ન વિચ્છેદ :**

કોઈના લગ્ન તૂટવા તે દુઃખદ બાબત છે. કારણ કે, લગ્ન ન તૂટે તે માટે સમાજમાં લગ્ન પહેલાં દૂધ પીણા અને સગપણના રિવાજો મૂકેલા છે. આ સબંધો બંધાયા બાદ યુવક-યુવતિ તેમજ બન્ને પરિવારો અવાર-નવાર એક-બીજાને મળતા હોય છે. તેથી એક-બીજાને અનુકૂળ ન થઈ શકાય તેવું હોય તો આ સમય દરમ્યાન જ સંબંધો પૂરા કરી દેવાય જેથી લગ્ન તૂટવાનો વખત ન આવે. અત્યારે લગ્ન તૂટવામાં સહનશીલતાનો અભાવ, જીદ્દીવલણ, અહંકાર, સ્વછંદતા, અવિશ્વાસ વિગેરે મોટા ભાગના કારણો હોય છે. સાધારણ વાતને સમજવાનો પ્રયાસ ન કરતાં અને કોઈના સમજાવે ન સમજતા લગ્ન તૂટવાના બનાવો બને છે. આવા સમયે શાંતિ જાળવી સમાજમાં જે તે વાતની રજુઆત કરવામાં આવે તો સમાજ દ્વારા બન્ને પક્ષને સાથે બેસાડી સમજૂતીના પ્રયાસો કરાય છે. સમાજના પ્રયાસથી ઘણા લગ્નો તૂટતા રહી ગયા છે. તેથી સંકોચ વગર સમાજને મધ્યસ્થી કરવા કહેવું. કોઈપણ પ્રયાસ સફળ ન થાય અને લગ્ન વિચ્છેદ કરવા જ પડે તો બન્ને પક્ષ સામ-સામે આપેલ વસ્તુઓ, કન્યાદાનમાં આપેલ વસ્તુઓ એક-બીજાને પરત કરવી. દરેક બાબતે એક મત થઈ કોઈપણ જાતના રાગ-દ્વેષ વગર છૂટા થવું.

**નોંધ :**

૧. લગ્ન પ્રસંગે થતા કાર્યો જેવા કે, સમૂહર્તા વિધિ, માંડવા વિધિ, સાંતક અને ગ્રહ શાંતિ, લગ્ન વિધિ તેમજ અત્યંષ્ઠીની વિધિઓ જેવી કે, ગરૂડ પુરાણ, ગીતાજીના પાઠ, સરામણું, અગિયારમાની વિધિ, બારમાની વિધિ, શૈયાદાન, માસિકો, છ માસિકો અને વરસી વારવાની વિધિ અને ભાદરવાના શ્રો વિધિ જેવી દરેક વિધિ જ્ઞાતિના ગોર અથવા અન્ય બ્રાહ્મણ દ્વારા સંપન્ન કરાવવાની હોઈ, આ બાબતે અગાઉ તેમની સાથે ચર્ચા કરી પ્રસંગ માટેની સામગ્રી તેઓના કહેવા મુજબની લઈ આપી, દરેક કાર્યો કરવા.

૨. જ્ઞાતિ પરિવારમાં કૌટુંબિક કલહ, મિલ્કત બાબતો, દાંપત્ય જીવન દરમ્યાન કે સામાજિક પ્રસંગે બે પક્ષો વચ્ચે મન દુઃખ થાય ત્યારે જ્ઞાતિ પ્રમુખને મધ્યસ્થી માટે જણાવે તો જ્ઞાતિ હોદ્દેદારોની સમાધાન સમિતિ બન્ને પક્ષોને સાથે બેસાડી, સમજાવી, સમસ્યાના સુઃખદ ઉકેલ લાવવા પ્રયાસ કરે છે.

૩. પરિવારમાં મહિલાના મૃત્યુ બાદ સિધ્ધપુર પાટણ (ગુજરાત) તેમજ પુરૂષના મૃત્યુ બાદ ગયાજી (બિહાર)માં જ્ઞાતિના ગોર કે અન્ય બ્રાહ્મણ દ્વારા સરામણાની વિધિ કરવામાં આવે છે. આ તીર્થ સ્થાનોએ વિધિ કરાવ્યા બાદ ઘરે ક્યારેય પણ કાગવાસ નાખવાની રહેતી નથી. તીર્થ સ્થાનમાં આ વિધિ મૃત્યુના એક વર્ષ બાદ કરાવાય છે.

૪. આપણી જ્ઞાતિમાં અલગ-અલગ અટકોમાં દેવસ્થાનના નિયમ પ્રમાણે વિધિઓમાં ફેરફાર હોય છે, તેમજ કેટલાક પ્રતિબંધો હોય છે. જેવા કે, ઢોલ-શરણાઈ ન વગાડવા, ચોક્કસ કલરના કપડા ન પહેરવા, ઘૂઘરી ન પહેરવી, ઝૂલો ન બાંધવો વિગેરે.

## અવસાન બાદ અંત્યેષ્ઠી વિધિ

**અવસાન થતાં ઘરમાં કરવાની વિધિ :**

સૌ પ્રથમ ડોક્ટર પાસે ખરાઈ કરાવવાની કે ચોક્કસ આ શરીર મૃત થયેલ છે. જો તે શરીર મૃત હોય તો કુટુંબમાં તથા સમાજમાં તેની જાણ કરવાની હોય છે. કુટુંબમાં રૂબરૂ જવાનું તેમજ સમાજમાં મેસેજ દ્વારા જાણ કરી શકાય છે. સ્મશાન યાત્રા ક્યારે નિકળશે, તેમાં સ્થળ અને સમયની જાણ કરવામાં આવે છે. ઘરમાં જ્યાં શબ મૂકવાનું હોય ત્યાં પુત્રવધૂ દ્વારા તે જમીનને ગાયના ગોબરનું લીંપણ કરી પવિત્ર કરવું. શબ જ્યાં હોય ત્યાં તેને સ્નાન કરાવી પવિત્ર કરી તે શરીર પર ચંદનનું લેપ લગાવી નવા વસ્ત્રો પહેરાવ્યા બાદ ગોબર વાળી જગ્યાએ ઉત્તર દિશા બાજુ મસ્તક રહે તે રીતે સુવડાવવું. મૃતક મહિલા હોય તો મહિલા અને પુરૂષ હોય તો પુરૂષોએ આ કાર્ય કરવાનું હોય છે. શબના મસ્તક બાજુ જમીન પર ઘઉંનો લોટ પાથરી તેની ઉપર દીવો રાખી દીવા બાજુ બે દાતણ મૂકી દીવા ઉપર ચારણી ઢાંકવાની અને થાળીમાં જવ-તલ રાખવાના. પરિવારના સભ્યો શબને પ્રદક્ષિણા કરે ત્યારે જવ-તલ ષબને ફરતે રેડી દર્શન કરે છે. ત્યારબાદ સ્મશાન યાત્રા માટે નનામી પર પ્રથમ કડબ મૂકી ઉપર સફેદ વસ્ત્ર મૂકવામાં આવે છે. નનામીના ચારે બાજુ છેડે સુકા નાળિયેરના કાચલા બાંધવામાં આવે છે. શબને નનામી પર સુવડાવી પુરૂષ હોય તો લાલ વસ્ત્ર, જ્યારે અખંડ સૌભાગ્યવતી મહિલા હોય તો ચુંદડી ઓઢાડવામાં આવે છે. શબને ફૂલ-હાર પહેરાવવું કે છુટા ફૂલ મૂકી શકાય છે. આ કાર્ય ચાલુ હોય તે દરમ્યાન ઘર બહાર છાણા પ્રગટાવી અગ્નિદાહ માટે અગ્નિ દાંડલીમાં મૂકી તૈયાર રખાય છે, સાથે દેશી ઘી તથા પાણી ભરેલો લોટો અને મગ સાથે રાખવાના હોય છે.

**સ્મશાન યાત્રા/અંતિમ વિધિ :**

સ્મશાન યાત્રાનો સમય જાહેર કરેલ હોય તે સમય થતાં શબને કુટુંબના સભ્યો દ્વારા શબનું મસ્તક પ્રથમ ઘર બહાર નિકળે તે રીતે ઘર બહાર લાવવામાં આવે છે. ત્યારબાદ આગળ અગ્નિની હાંડલી જમાઈને હાથે ઉપડાવી બોલો પંચો 'રામ' ના નારા સાથે સ્મશાન યાત્રા શરૂ થાય છે. યાત્રા દરમ્યાન અન્ય સંબંધી-મિત્રો કાંધ આપી તેમનો ભાવ પ્રકટ કરે છે. સ્મશાન દૂર હોય તો શબ વાહિની દ્વારા શબને સ્મશાનની નજીક લઈ જાય છે અને બાકીની યાત્રા પગે શરૂ કરી વિસામા પાસે પહોંચે છે. વિસામા પર પાણીનો છંટકાવ કરી પવિત્ર કરવામાં આવે છે અને તેના પર મગ અને રોકડ મૂકી શબને વિસામો અપાય છે.

વિસામા વખતે નનામીમાં બાંધવામાં આવેલ નાળિયેરના કાચલાના ટુકડા કરી ચારેય દિશામાં ફેંકવામાં આવે છે અને શબ નીચેના મગને પંખી માટે ઉડાડી દેવામાં આવે છે. વિસામા વખતે નનામી ઉપાડનાર જે આગળના ભાગે હોય તે પાછળના ભાગે અને પાછળના સભ્યો આગળના ભાગે આવી નનામી ઉપાડી બાકીની યાત્રા પૂરી કરાય છે. સ્મશાન યાત્રા પૂરી થયા બાદ જ્યાં ચિતા ગોઠવી હોય ત્યાં શબને નનામી સહિત ચિતાના ચાર ફેરા ફરવામાં આવે છે. ત્યારબાદ શબને ચિતા પર સુવડાવવામાં આવે છે અને શબનો મુખ ખુલ્લો મૂકી અંતિમ દર્શન કરાવાય છે. દર્શન બાદ શબના નાક, કાન, આંખ, મુખ અને છાતી પર દેશી ઘી લગાવવામાં આવે છે. મુખમાં સિક્કો આપી ભૂમિ ભાર ઉતારવામાં આવે છે. સ્મશાન યાત્રામાં આવેલા પણ શબ પર રોકડ રૂપે ભૂમિ ભાર આપે છે. ભૂમી ભાર રૂપી

રોકડનો ગાયોને ચારો નાખવામાં આવે છે. આ વિધિ બાદ શબને સંપૂર્ણ લાકડામાંથી ઢાંકવામાં આવે છે અને મૃતકના પુત્ર કે પૌત્ર દ્વારા હાંડલીમાં લાવેલ અગ્નિને મૃતકના જમણા પગના અંગૂઠાથી સ્પર્શ કરાવી અગ્નિ દાહ આપવામાં આવે છે. અંતિમ સમયે બાકી રહેલ ઘી ને ચિતા પર રેડીને ચિતા ફરતે પાણીની એક ધારા વાળી આપી દર્શન કરી આ પ્રસંગે આવેલ સગા, સંબંધી, જ્ઞાતિજનો કે મિત્રોને પ્રણામ કરી પાણીની છાંટ નાખી સૌ છૂટા પડે છે.

પરિણીત મહિલાના અંતિમ સંસ્કારમાં વપરાયેલ કાષ્ઠ-કફનનો ખર્ચ માવતર દ્વારા આપવામાં આવે છે. ૨૭ માસ સુધીના નાના બાળકોને અગ્નિ દાહ આપવામાં આવતું નથી. આવા બાળકોને લાલ વસ્ત્રમાં વિટી મામાના હાથે સ્મશાન યાત્રા કરાવાય છે. સ્મશાનમાં બાળકને દફનાવવા માટે ચાર ફૂટ ઊંડો ખાડો કરી મૃત બાળકને તેમાં મૂકી ઉપર નમકનો છંટકાવ કરી તે ખાડાને બંધ કરી દેવામાં આવે છે. દફન જ્યાં કરેલ ત્યાં દફનની તારીખ ખાસ લખવામાં આવે છે. ટૂંક સમયમાં કોઈ આ જગ્યાનો ફરી ઉપયોગ ન કરે તે માટે તારીખ લખવી જરૂરી છે.

**સૂતક/પન્ઢરૂ :**

મૃતક નાની બાળા હોય તો તે દિવસે સૂતક ઉતરે છે, જ્યારે બાળક હોય તો રાત્રી સુધીનો સૂતક લાગે છે. જ્યારે અગ્નિદાહ આપવા જેવા બાળક ૨૮ માસ થી ૧૦ વર્ષ સુધીના હોય તેમનું ૩ રાત્રી સુધી સૂતક લાગે છે. ૧૦ વર્ષ પછીના તમામ મૃતક નો ૧૨માં સુધી સૂતક લાગે છે.

સૂતક હોય તે દરમ્યાન ઘરે દેવસ્થાનને અડવાનું ન હોઈ, અન્ય પાડોશી દ્વારા દીવા-અગરબત્તી કરાવાય છે. પોતે દૂરથી દર્શન કરવા. આ સમયમાં કોઈ શુભ પ્રસંગો કરતા નથી. મંદિરે દર્શન કરવા જઈ શકાય પણ મંદિરની કોઈ વસ્તુને અડવાનું નહીં.

બારમાની વિધિઓ પૂરી થયા બાદ તેરમા દિવસે ઘરના દરેક સભ્યોએ સ્નાન કરી પવિત્ર થવું, તેમજ ઘરમાં ગૌમૂત્ર અથવા ગંગાજળ છાંટી પવિત્ર કરવું. ઘરમાંનું પાણી બધું કાઢી નાખી નવું પાણી લેવું, તેમજ આગલા દિવસે રાંધેલો ખોરાકનું નિકાલ કરવું તેમજ દેવને સ્નાન કરાવી તે જગ્યા પવિત્ર કરી દિવા-અગરબત્તી કરવા અને ભોગ ધરવું.

**પન્ઢરૂ :**

બાળકના જન્મ સાથે જ પન્ઢરૂ લાગે છે. જે ૯ દિવસ સુધી રાખવામાં આવે છે અને ૧૦મે દિવસે ઘરના દરેક સભ્યોએ સ્નાન કરી પવિત્ર થવું તેમજ ઘરમાં ગંગાજળ છાંટી પવિત્ર કરવું. ઘરમાં જુનો પાણી તેમજ આગલા દિવસના રાંધેલા ખોરાકનો નિકાલ કરવું. ઘરના દેવ તથા દેવસ્થાનને પવિત્ર કરી દીવો-અગરબત્તી કરવા.

**ટાઢી ઠારવી :**

આ વિધિ રવિવાર તથા મંગળવારના કરવામાં આવતી નથી, તેથી જો ત્રીજા દિવસે આ વારો આવે તો ટાઢી બીજા અથવા ચોથા દિવસે ઠારવી. સામાન્ય રીતે ટાઢી ત્રીજા દિવસે ઠારવામાં આવે છે. આ વિધિ માટે ત્રીજા દિવસે સવારે પરિવારના પુરૂષ સભ્યોએ સ્મશાનમાં જઈ ત્યાં ચિતાની રાખમાંથી અસ્થિ ભેગા કરવાના હોય છે. ચિતા ગરમ હોય તો ચિપીયાનો ઉપયોગ કરવો. ભેગો થયેલ અસ્થિઓને સાથે લાવેલ સફેદ કાપડમાં મૂકવા બાદ ચિતામાં પાણી રેડી ચિતા ઠંડી કરવી. ત્યારબાદ દીવો-અગરબત્તી કરી અસ્થિને ધોવાનું કાર્ય કરવાનું હોય છે. અસ્થિ ધોવા માટે હાંડામાં પાણી ભરી તેમાં ગંગાજળ, ગૌમૂત્ર, પંચામૃત, અબીલ-ગુલાબ, જવ-તલ વિગેરે બધી વસ્તુઓ નાખી પાણી તૈયાર કરવું. આ પવિત્ર પાણીથી નાની કરશલી દ્વારા અસ્થિ પર ૧૦૮ વાર ધોવાના હોય છે. અસ્થિ ધોવાની વિધિ પૂરી થતાં તે અસ્થિ વિસર્જન કરવા માટે અગાઉથી સ્થળ નક્કી કરેલ હોય તો તે અસ્થિ તે સમયે જ ત્યાંથી લઈ જવાની હોય છે. જો કોઈ દૂરના તીર્થ સ્થાને અસ્થિ વિસર્જન કરવા હોય તો તે અસ્થિ સ્મશાનમાં જ માટલીમાં મૂકવામાં આવે છે અને જ્યારે તીર્થ સ્થાને જવાનું હોય ત્યારે ત્યાંથી લઈ જવાના હોય છે. કપડામાં રહેલ અસ્થિની પોટલી બાંધી હાથમાં લઈ સ્મશાન બહાર નિકળવાનું હોય ત્યારે એક માટીનો મોરીયો પાણી ભરેલો અને તેના ઉપર ઢાંકણામાં ચોખાના લોટનો લાડુ મૂકેલો ચિતા પાસે રાખવામાં આવે છે. ત્યારબાદ અસ્થિની પોટલી હાથમાં લઈ દ્વાર બહાર નિકળતી વખતે ચિતા પાસે મૂકેલ માટલી પાસે ઊંધા ઊભી બે પગ વચ્ચેથી પત્થર મારી માટલી ફોડી નાખવાની હોય છે. માટલી ફોડ્યા બાદ પાછળ જોવું નહીં. સીધા સ્મશાન બહાર નિકળી જવું અને નક્કી કરેલ જગ્યાએ અસ્થિ વિસર્જન કરી, નાહી-ધોઈ, ઘરે જવું.

**પ્રાર્થનાસભા (ઉઠમણું) :**

આ કાર્ય રવિવાર અને મંગળવારે કરાતો નથી. જે દિવસે ટાઢી ઠારી હોય તે દિવસે સાંજના સમયે આ કાર્યનું આયોજન કરાય છે. આ આયોજનમાં તેમના સબંધો પ્રમાણે કેટલી સંખ્યામાં જ્ઞાતિજનો હેતુ સંતોષી આવશે તેના અંદાજ મુજબ સ્થળ પસંદ કરાય છે. સ્થળ પર મૃતકનો ફોટો ટિપોય પર મૂકી તેના પર હાર પહેરાવી અગરબત્તી કરવામાં આવે છે. પ્રાર્થનાસભામાં આવનારાઓને મૃતકને શ્રદ્ધાંજલિ આપવા

ફૂલ રાખવામાં આવે છે. આવનારા શ્રદ્ધાંજલિ અર્પી સ્થાન ગ્રહલ કરે છે. શ્રદ્ધાંજલિનો સમય પૂરો થાય તે પહેલા ગીતાના ૧૫મા અધ્યાયનું સમુહમાં પાઠ કરી મૃત આત્માની શાંતિની પ્રાર્થના કરી શિવ મંદિરે દીવો કરી, મગ રેડી દર્શન કરી બધા છૂટા થાય છે.

**ગરૂડ પુરાણ/ગીતાજીના પાઠ :**

ચોથા દિવસથી શરૂ થતું આ કાર્ય વડીલો પાછળ ગરૂડ પુરાણ તેમજ નાની ઉંમર વાળા પાછળ ગીતાજીના પાઠ કરાવાય છે. આ પાઠ જ્ઞાતિ ગોર કે અન્ય બ્રાહ્મણ દ્વારા કરાવવાના હોય છે. આ પાઠનો સમય અને કેટલા દિવસ વાંચન કરવું તે વાંચનાર સાથે ચર્ચા કરી નક્કી કરવાનું અને તેની જાણ સગા-સબંધીઓને કરવાની. આ કાર્યમાં પૂજાની સામગ્રીની જરૂર હોતા અબીલ-ગુલાલ, ચોખા, ફૂલ, ફળ, કપૂરી પાન, લવીંગ, એલચી વિગેરે તૈયાર રાખવા. વધુ માહિતી વાંચનાર બ્રાહ્મણ પાસેથી લેવી.

**દસમાંની વિધિ :**

કુટુંબના પુરૂષ સભ્યોએ આ દિવસે મુંડન કરાવવાનું હોય છે. મુંડન થયા બાદ નાહી, વસ્ત્રો બદલાવી પિતૃને કાગવાસ નાખવાની હોય છે તેમજ ખીટડીની પિંડલી મૂકવાની હોય છે.

**અગિયારમાની વિધિ (સરામણું અને ગળશા ભરવા) :**

સરામણાની વિધિ જ્ઞાતિના ગોર અથવા અન્ય બ્રાહ્મણ દ્વારા કરાવવાની હોય છે. આ વિધિ શિવ મંદિર અથવા સરોવર કાંઠે પિતૃના મોક્ષ માટે કરાવાય છે. આ વિધિમાં વાપરવામાં આવતી સામગ્રી જે બ્રાહ્મણ વિધિ કરાવે તેની પાસે લખાવી પૂરી પાડવી.

સરામણાની વિધિ પૂરી થયા બાદ ઘરે ગળશા વિધિ કરવાની હોય છે. ગળશા વિધિ જે બ્રાહ્મણે સરામણું કરાવ્યું હોય તેની પાસે જ કરાવવાની હોય છે. આ વિધિમાં અગિયાર ત્રાંબા અથવા સ્ટીલના લોટા ઢાંકણા સાથે પાણી ભરેલા રાખવાના તેમજ ઢાંકણામાં સોપારી, વલીંગ, એલચી તેમજ બુંદીનો એક લાડુ તેમજ એક લોટા પર વસ્ત્ર મૂકવાનું હોય છે. વિધિ પૂરી થતાં પિતૃને વાસ નાખી કાર્ય સંપન્ન થાય છે. વિધિ પૂરી થતાં વસ્ત્ર વાળો કળશ-લોટો વિધિ કરાવનાર બ્રાહ્મણને આપવાનું તેમજ બાકીના કળશ પરિવારની નિયાણીને આપવાના રહે છે.

**બારમાની વિધિ/શૈયા દાન :**

આ દિવસે સગા-સંબંધી-મિત્રોને બપોરનું ભોજન કરાવવામાં આવે છે. સાંજે દરરોજ થતાં પાઠ કરવામાં આવે છે. આ પાઠનો આજે અંતિમ દિવસ હોઈ પાઠ પૂર્ણ થતાં પાઠ સંપન્ન થાય છે. આ સમયે બ્રાહ્મણને શૈયા દાન આપવાનું તેમજ કુટુંબની નિયાણીઓને શક્તિ અનુસાર દાન આપી આ કાર્ય પૂરો થાય છે.

બ્રાહ્મણને શૈયાદાનમાં કપડાની જોડી, પથારી, લાલટેન, છત્રી, ચપ્પલ, (ચાંદીના ગાય, ચાંદ-સૂરજ, સ્વર્ગ સીડી), ટોર્ચ, સીધ્ધો, થાળી-વાટકો, કરશીયો, પાણીનો લોટો દોરી સાથે, ભાથાનો ડબ્બો ભાથા સાથે તેમજ (સોનાની વીંટી-ચેઈન) તથા રોકડનું કવર અપાય છે. આર્થિક રીતે સામાન્ય કે અશક્ત જ્ઞાતિજને આ બાબતે બ્રાહ્મણ સાથે ચર્ચા કરી તેનું નિવારણ કરવું.

**તેરમાની વિધિ (એક ગળશો ભરવાની વિધિ) :**

આ વિધિ બધી વિધિ કરાવનાર બ્રાહ્મણ પાસે કરાવવામાં આવે છે. આ ગળશો (માટીનો મોરીયો) માટીનો હોય છે. તેના ઢાંકણા પર સોપારી, લવીંગ, એલચી, બુંદીનો એક લાડુ મૂકવામાં આવે છે. આ ગળશો વિધિ સંપન્ન થતાં વિધિ કરાવનાર બ્રાહ્મણ લઈ જાય છે.

**માસીકો/છ માસિકો/વરસી વિધિ :**

આ વિધિ બ્રાહ્મણ દ્વારા કરવામાં આવે છે. આ વિધિ સાથે ઘણા જ્ઞાતિજનોની બધી વિધિ જેવી કે માસીકો, છ માસિકો કે વરસી બધી એક સાથે કરાવતાં હોઈ પોતાની અનુકૂળતા મુજબ બ્રાહ્મણ સાથે ચર્ચા કરી કરાવવામાં આવે છે.

**ભાદરવા માસે ધ્રો વિધિ તથા છાબ વિધિ :**

આ વિધિમાં ઘરના દરેક સભ્યોએ ભાદરવા સુદ પાંચમના રોજ ફરાળ કરવાનું, છઠ્ઠના દિવસે સાતમ માટે ટાઢું રાંધવું જે સાતમના દિવસે જમવાનું હોય છે. તેમજ આઠમના દિવસે પરિવારના સભ્યો, ભાયાતો, નિયાણી તેમજ બ્રાહ્મણ જમાડવાના હોય છે. તેમજ છેલ્લે પાંચ છાબ ભરવાની હોય છે. છાબમાં મહિલાની વિધિ હોય તો બ્લાઉઝ પીસ તેમજ સૌંદર્ય પ્રસાધન મૂકવામાં આવે છે, જ્યારે પુરૂષની વિધિમાં શર્ટ, ભમરડો, દંતીયો વિગેરે પુરૂષ વપરાશની વસ્તુ મૂકવામાં આવે છે. વિધિ બાદ એક છાબ વિધિ કરાવનાર બ્રાહ્મણને અને બાકી નિયાણીઓને આપવાની હોય છે. આ વિધિઓ સંપન્ન થતાં બ્રાહ્મણને વસ્ત્ર તથા રોકડ દાન આપવામાં આવે છે.

## : અંત્યષ્ઠી સમયે જરૂરી સામગ્રી :

**ઘરે વિધિ કરવા માટેની જરૂરી સામગ્રી :**

ગાયનું ગોબર, ચંદન, દીવો, અગરબત્તી, જવ-તલ, ચારણી, ગંગાજળ, તુલસી, ઘઉંનો લોટ, દાતણ

**સ્મશાનયાત્રા વખતે જરૂરી સામગ્રી :**
નનામી, અગ્નિ માટે હાંડલી, અગ્નિ માટે છાણા તથા ઘી, મગ ૨૫૦ ગ્રામ, સુકા નાળિયેરના કાચલા-૪, ૧ કિલો દેશી ઘી, જરૂરી લાકડા, પાણી ભરેલ લોટો, કડબ, લાલ+સફેદ કાપડ (કફન)

**ટાઢી ઠારવા વખતે જરૂરી સામગ્રી :**
પાણી ભરવા માટે બાલ્ટી, હાંડો, ચિપીયો, સફેદ કાપડ - ૧ મીટર, દીવો, અગરબત્તી, ગંગાજળ, ગૌમૂત્ર, પંચામૃત, અબીલ-ગુલાબ, જવ-તલ, ફૂલ, નાની કરસલી, માટીનો મોરીયો ઢાંકણા વાળો, ચોખાના લોટનો લાડુ

**પ્રાર્થનાસભા/ઉઠમણાં વખતે જરૂરી સામગ્રી :**
મૃતકનો ફોટો, ટીપોઈ (ટેબલ) ફૂલ હાર, છૂટા ફૂલ, દીવો, અગરબત્તી બાકસ, ગીતાના ૧૫માં અધ્યાયના પાના, મગ

**ગરૂડ પુરાણ-ગીતાના પાઠ વખતે જરૂરી સામગ્રી :**
દીવો, અગરબત્તી, ફળ, અબીલ-ગુલાલ, ચોખા વિગેરે પૂજા સામગ્રી

**દસમાની મુંડન વિધિ વખતે જરૂરી સામગ્રી :**
કાગવાસનું ભોજન, પિંડ માટે રાંધેલી ખીચડી

**અગિયારમાની વિધિ (સરામણું/ગળશા વિધિ) વખતે જરૂરી સામગ્રી :**
આ વિધિ જે બ્રાહ્મણ કરાવે તેની પાસેથી લખાવી તેના લખ્યા મુજબ સામગ્રી લઈ આપવી. ગળશા માટે ૧૧ ત્રાંબાના કે સ્ટીલના લોટા ઢાંકણી સાથે, સોપારી, લવીંગ, એલચી, બુંદીના લાડુ (બધા લોટા પર મૂકવા માટે), એક વસ્ત્ર કળશ પર મૂકવા

**બારમાની વિધિ/શૈયા દાન વખતે જરૂરી સામગ્રી :**
બ્રાહ્મણને દાનમાં આપવા માટે કપડાની જોડી, પથારી, લાલટેન, છત્રી, ચપ્પલ, ટોર્ચ, ચાંદીના ગાય-ચાંદ-સૂરજ-સ્વર્ગ સીડી, (સોનાની ચેઈન-વીંટી), થાળી, વાટકો, કળસીયો, પાણીનો લોટો, દોરી, ભાથાનો ડબ્બો ભાથા સાથે, સિધ્ધો તેમજ રોકડ દાનનું કવર (તમામ દાન યથાશક્તિ અનુસાર)


**તેરમાની વિધિ વખતે જરૂરી સામગ્રી :**
માટીનો મોરીયો, સોપારી, લવીંગ, એલચી, બુંદીનો લાડુ-૧

**ભાદરવા ધ્રો વિધિ/છાબ વિધિ વખતે જરૂરી સામગ્રી :**
મહિલા માટે છાબમાં બ્લાઉઝ પીસ, સૌંદર્ય પ્રસાધન.
પુરૂષ માટે છાબમાં શર્ટ પીસ, દંતીયો, ભમરડો.


* * * નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ * * *

## શ્રી મારુ કંસારા સોની જ્ઞાતિ - માંડવી

વિનોદ કંસારા, કાજીવાળી મસ્જીદ પાસે, કંસારા બજાર, માંડવી.



પ્રમુખ
શ્રી હરેશ નેણશી બારમેડા

ઉપપ્રમુખ
રમેશ વાલજી બીજલાણી
સહમંત્રી
શ્રી ચંદુલાલ વાલજી બીજલાણી
ખજાનચી
શ્રી સુરેશ પ્રાગજી સોલંકી
સહખજાનચી
શ્રી પ્રવિણ લક્ષ્મીદાસ સોલંકી



મંત્રી
શ્રી વિનોદ વલ્લભભાઈ હેડાઉ

કારોબારી સભ્યો

શ્રી આનંદ જેઠાલાલ બુદ્ધભટ્ટી
શ્રી રાજેશ ધનજી બુદ્ધભટ્ટી
શ્રી વેલજી દેવજી પોમલ
શ્રી કૈલાસ લક્ષ્મીદાસ સોલંકી
શ્રી પ્રવિણ શંભુલાલ સોલંકી

Wishing you a Joyous New Year!

**Dinkar Parmar**

**(M) 09374222269**

# Santkrupa

**Medical Store**

**(Since 1970)**

**Main Bazar, Sihor (Gujarat)**

**Ph. 02846-222269**

**Sanjaybhai Parmar**

# Santkrupa

**Medicine**

**Station Road, Sihor (Gujarat)**

**(Ph.) 02846 231150**



# જ્ઞાતિસેતુ

# વિરાસત

## વિશેષાંક

**આપણા પરિવારો**
**અને**
**આપણી પરંપરાઓ**

'જ્ઞાતિસેતુ'ના આ વિશેષાંકમાં શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ વિવિધ અટક-નુખ ધરાવતા પરિવારોની વાતો સાથે પરિવારના પૂર્વજોને યાદ કરવાનો પ્રયાસ કરવામાં આવેલ. એક અટક - નુખ ધરાવતા પરિવારો એક ગોત્રના ગણવામાં આવે છે. આમછતાં આ બાબતે પણ ઘણા પરિવારોમાં વિવિધતા જોવા મળેલ છે. નખત્રાણાના શ્રી પ્રવિણભાઈ બગ્ગાએ આ બાબતે સંશોધન કાર્ય કરી એક અભ્યાસ લેખમાં અટક/નુખને ગોત્ર સાથે સાંકળતી માહિતી આપેલ છે. આ વિભાગમાં આ માહિતીના આધારે પરિવારોની માહિતીનું વિભાગીકરણ કરવામાં આવેલ છે.

વિશેષમાં એક જ અટક ધરાવતા પરિવારોમાં નૈવેદ્ય અને અન્ય રીતરિવાજોમાં વૈવિધ્ય જોવા મળે છે. વિવિધ પરિવારો તરફથી આ સંબંધે મળેલ માહિતી અત્રે પ્રસ્તુત કરેલ છે. આથી શક્ય છે કે ઘણા પરિવારોમાં આનાથી અલગ વિધિ-વિધાનો પ્રવર્તમાન હોય. 'વિરાસત વિશેષાંક' દ્વારા વર્તમાન અને ભાવિપેઢીને પારિવારિક પરંપરાની માહિતીની ઝલક આપવાનો પ્રયાસ છે.

આશા છે કે આ વિગતો યુવાપેઢી માટે પણ કેટલીક અંશે માર્ગદર્શક બની રહેશે.

— તંત્રી મંડળ

✻ ✻ ✻ નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ ✻ ✻ ✻

# શ્રી મારુ કંસારા સોની સમાજ જ્ઞાતિ મંડળ - અમદાવાદ

ધવલ જ્વેલર્સ, ચાંલ્લાઓળ, માણેકચોક, અમદાવાદ - ૧ ફોન : ૦૭૯-૨૨૧૪ ૦૦૮



પ્રમુખ
રાજેન્દ્ર કે. સોની




ઉપપ્રમુખ
જયમીન જે. સોની



મંત્રી
અતુલ એસ. સોની



સહમંત્રી
રશ્મીન વી. બારમેડા



ખજાનચી
મનૂભાઈ વી. કોટડીયા




સહખજાનચી
ઊદય ડી. પરમાર


## કારોબારી સભ્યો



રમેશભાઈ વી. સોની



સૂર્યકાન્ત એમ. પોમલ



ગિરીશ કે. સોની



કનુભાઈ એન. બીજલાણી



નરેન્દ્ર એમ સોની



હસુભાઈ પી. બારમેડા



જયેશ કે. ઘડિયાળી



સુનિલ એસ. બીજલાણી



ઘનશ્યામ ડી. પરમાર



ચંદર આર .બારમેડા

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | **વિચાર બીજ** | **૫૨** |
| ૨. | **નૂખોનું મૂળ** | **૫૩** |
| ૩. | **અત્રી ગોત્રના પરિવારો** | **૫૫** |
| | ૩.૧ સાકરીયા ભાટી | ૫૫ |
| | ૩.૨ કોટડીયા | ૫૯ |
| ૪. | **ગૌતમ ગોત્રના પરિવારો** | **૬૩** |
| | ૪.૧ બારમેડા | ૬૩ |
| | ૪.૨ પરંપરાઓ, નૈવેદ્ય | ૭૧ |
| ૫. | **ભારદ્વાજ ગોત્રના પરિવારો** | **૭૩** |
| | ૫.૧ કટ્ટા | ૭૩ |
| | ૫.૨ અંગીયાવાળાના કટ્ટા પરિવારની પરંપરા | ૭૩ |
| | ૫.૩ પરંપરાઓ, નૈવેદ્ય | ૭૭ |
| | ૫.૪ ભારદ્વાજ ગોત્રના પરમાર પરિવારો | ૮૩ |
| | ૫.૫ પરમાર પરિવારનો ઈતિહાસ/પરંપરાઓ | ૮૫ |
| | ૫.૬ વિશા પરમાર કુટુંબનો ઈતિહાસ | ૮૬ |
| ૬. | **વશીષ્ટ ગોત્ર** | **૮૭** |
| | ૬.૧ બગ્ગા | ૮૭ |
| | ૬.૨ બગ્ગા અટકના બ્રાહ્મણ સોનીનો ઈતિહાસ | ૮૯ |
| | ૬.૩ ઢોરીવાળા બગ્ગા પરિવારો | ૯૨ |
| | ૬.૪ પરંપરાઓ, નૈવેદ્ય | ૯૪ |
| ૭. | **કશ્યપ ગોત્ર** | **૯૬** |
| | ૭.૧ સોલંકી | ૯૬ |
| ૮. | **પરાશર ગોત્ર** | **૧૦૬** |
| | ૮.૧ મહિચા | ૧૦૬ |
| | ૮.૨ પોમલ | ૧૧૩ |
| | ૮.૩ પોમલ પરિવારની નૈવેદ્ય પરંપરાઓ | ૧૨૩ |
| | ૮.૪ પરાશર ગોત્રના છત્રાળા પરિવારો | ૧૨૫ |
| | ૮.૫ છત્રાળાની નૈવેદ્ય પરંપરાઓ | ૧૨૬ |
| ૯. | **વત્સ ગોત્ર** | **૧૩૧** |
| | ૯.૧ હેડાઉ | ૧૩૧ |
| | ૯.૨ પરંપરાઓ, નૈવેદ્ય | ૧૩૫ |
| ૧૦. | **કૌશક ગોત્ર** | **૧૩૯** |
| | ૧૦.૧ ગેહલોત, ગુજરાતી કે ગોહિલ, ચનાણી, ચૌહાણ અને પવાર | ૧૩૯ |
| | ૧૦.૨ ચૌહાણ પરિવારની પરંપરાઓ | ૧૪૫ |
| | ૧૦.૩ ગુજરાતી ગેહલોત પરિવાર-માનકુવા | ૧૪૬ |
| ૧૧. | **હરિતસ ગોત્ર** | **૧૪૮** |
| | ૧૧.૧ બુદ્ધભટ્ટી અને બીજલાણી પરિવારો | ૧૪૮ |
| | ૧૧.૨ બુદ્ધભટ્ટી પરિવારના નૈવેદ્ય | ૧૫૮ |
| | ૧૧.૩ બુદ્ધભટ્ટી પરિવારના પુરષાદાદાનું સ્થાનક | ૧૬૦ |
| | ૧૧.૪ હરિતસ ગોત્રના બીજલાણી પરિવાર | ૧૬૧ |
| | ૧૧.૫ બિજલાણીઓની પરંપરાઓ, નૈવેદ્ય | ૧૬૧ |
| ૧૨. | લાયચા (ગોત્ર) નુખ અંગે પરિચય દર્શન | ૧૬૭ |
| ૧૩. | **અન્ય અટક ધરાવતા પરિવારો** | **૧૬૯** |
| ૧૪. | **કેટલીક નોંધપાત્ર વ્યક્તિઓનો પરિચય** | **૧૭૧** |


## સંપાદકીય

# આપણા પરિવારો અને પરંપરાઓ

શ્રી કચ્છી મારૂ કંસારાઓની વસ્તી કચ્છમાં ૧૯૫૫ પરિવારો સાથે ૮૯૫૫ની અને બૃહદ કચ્છ તેમજ ગુજરાત બહાર થઈને ૫૪૭ પરિવારો તેમજ ૨૨૫૮ સંખ્યા તેમાં ઉમેરતાં થાય ૨૫૦૨ કુટુંબો અને જન સંખ્યા ૧૦૯૯૩ (આધાર : જ્ઞાતિસેતુ : ઓગષ્ટ-સપ્ટે.-૨૦૧૩, પાના નં. ૭) ભાટ પ્રથાના ઘસાવા સાથે ૧૩૫૦૦ વરસો પહેલાં રાજસ્થાનથી શરૂ થયેલ આપણા સમાજનું સ્થળાંતર અંજાર અને પછી સારાયે કચ્છમાં ફેલાતું ગયું, પરંતુ પરિવારોને સાંકળતી કડી રૂપ અટકો અને કૌટુંબિક વંશાવલી મેળવવી મુશ્કેલ બનતાં, યુવા પેઢીને પોતાના મૂળ મળી રહે તે હેતુથી શરૂ કરેલ ‘‘આપણા પરિવારો’’ કોલમ ‘‘વડ વડવા અને વડવાઈઓની વાતો’’ના ટાઈટલ સાથે અનિયમિત મણકાઓ રૂપે અત્યાર સુધીમાં પ્રસિદ્ધ કરેલ માહિતીનું અને બેન એકતા કટ્ટાના ‘‘આપણી પરંપરાઓ’’ સાથે આ દિપોત્સવી અંકમાં સંપાદન કરતા એક હર્ષની લાગણી અનુભવું છું.

આ સંકલનના કાર્યમાં ટૂંક સમયમાં હિન્દુસ્તાનના દરેક ખૂણે વસેલ આપણા સમાજ તરફથી મળેલ સલાહ, સૂચનો અને માહિતીને શક્ય પ્રયત્ને સમાવ્યાનો ભગીરથ પ્રયાસ મારી સાથે સેતુ ટીમના દરેક સભ્યોએ કરેલ છે અને તેમના સાથ અને સહકારથી આપણા સમાજ માટે એક સુગ્રંથિત માહિતી ઉપલબ્ધ કરાવ્યાના શ્રેયમાં આપ સર્વે ભાગીદાર છો.

અહીં એક વાત નોંધવી આવશ્યક સમજાવું છું કે, ‘‘પરંપરા’’ હેઠળ કરવામાં આવતા નૈવેધો કે રીત-રિવાજોમાં લગભગ સામ્ય જણાય છે, તેનું કારણ એક ગોત્રની દિકરી બીજા ગોત્રમાં પરણે અને એમ એક ઘરના રીવાજોની અસર બીજા પરિવારમાં જોવા મળે. ઉપરાંત, દરેકને પોતાના દેવ હોય કે દેવી હોય, તેનું સ્થાન ઘરમાં હોય, વખત જતાં પરિવારોમાં વિભાજન થાય એટલે કૂળદેવતા એકજ ઘરમાં રહે. અને આગળ લખેલ છે તે મુજબ ગોત્ર તો એકજ રહે, પરંતુ કૂળદેવતા બદલાય પણ ખરા. આ બધી બાબતો ધ્યાનમાં લેતાં, નૈવેધોમાં સામ્ય લાગશે, પરંતુ દરેક ગોત્ર અને નૂખ સાથે તેમના નૈવેધોને લગતી માહિતી જે તે ગોત્રના પ્રકરણમાં મળી રહેશે, માટે વાંચકો પુનરાવર્તન જેવું લાગે તો ક્ષમા કરે.

આશા છે કે અહીં આપેલ માહિતી આપણા સમાજના ભાઈબહેનોને તેમજ ભવિષ્યની પેઢી માટે એક રેફરન્સ તરીકે ઉપયોગી ડોઝીયર બની રહેશે.

વિતેલા જમાનાની યાદ તાજી કરતાં એક શેરની સાથે દિપાવલીની શુભકામનાઓ સાથે નૂતનવર્ષાભિનંદન...

***વો પંગત મેં બૈઠ કે, નવાલો કો તોડના, વો અપનોંકી સંગતમેં રિશ્તોં કો જોડના.***

**— તુલસીદાસ કંસારા, અમદાવાદ.**

# વડ, વડવા અને વડવાઈઓની વાતો

તુલસીદાસ કંસારા

સંબંધો વિશે મને આ એક ઈ-મેઈલ મળ્યો, જે અહીં પ્રસ્તુત છે.

"એક જ કામ સંબંધમાં કીધું, લીધું એથી બમણું દીધું. દરેક સંબંધો જુદા જુદા હોય છે. કેટલાક સંબંધો સાથે જીવવાના હોય છે અને કેટલાક સંબંધો માત્ર શબ્દોના હોય છે. દરેક સંબંધોની એક સીમા હોય છે. દરેક લોકો માટે આપણે અલગ અલગ વર્તુળો દોરી રાખ્યાં હોય છે અને કોને ક્યાં સુધી આવવા દેવો તે આપણે નક્કી કરી રાખ્યું હોય છે. આપણા સંબંધો આપણા વર્તન દ્વારા વ્યક્ત થાય છે. આ વર્તનમાં જ આપણાં સંસ્કારો અને સંસ્કૃતિ છતાં થાય છે. તમે તમારા લોકો સાથે કેવી રીતે રહો છો તેના પરથી જ તમારા સારા-નરસા કે લાયક-નાલાયકની છાપ ખડી થતી હોય છે. આ છાપ જ પછી માણસની ઓળખ બની જાય છે. સંબંધો માણસની જરૂરિયાત છે. સંબંધો બંધાતા રહે છે. સંબંધો તૂટતા પણ રહે છે. સંબંધો દૂર પણ જતા રહે છે. સંબંધો સરળ નથી. સંબંધો જાળવવામાં આવડત અને કુનેહની જરૂર પડે છે. કેટલા સંબંધો કાયમી ટકે છે? સંબંધો કેવા રહે છે તે બે વ્યક્તિ ઉપર નિર્ભર કરે છે. સાથોસાથ એ વાત પણ સનાતન સત્ય છે કે એક વ્યક્તિના સંબંધ બીજી વ્યક્તિ પર સીધી અસર કરે છે. સંબંધોની સાર્થકતા એ આજની સૌથી મોટી જરૂરિયાત છે. માણસ સંબંધો ગુમાવતો જાય છે. માણસ એકલો પડતો જાય છે. ખુશીમાં સાથે હસે અને ઉદાસીમાં પીઠ પસવારે તેવા લોકો ઘટતા જાય છે. મારું કોણ? એવા પ્રશ્નોના જવાબ મેળવવા જ્યારે વિચાર કરવો પડે, ત્યારે સમજાતું હોય છે કે કેટલું બધું ખૂટે છે. ખટપટ, કાવાદાવા અને ટાંટિયાંખેંચ એ આજના સમયનું સૌથી મોટું દૂષણ છે. દોષનો ટોપલો ઢોળવા માણસ માથાં શોધતો ફરે છે અને પછી કોઈનો ભરોસો કરવા જેવો નથી તેવા નિસાસા નાખીએ છીએ સંબંધો બહુ નાજુક છે. સંબંધો પારા જેવા છે, ખબર ન પડે તેમ સરકી જાય છે અને વેરાઈ પણ જાય છે. છતાં માણસનું ગૌરવ એમાં જ છતું થાય છે કે એ સંબંધોના અપ-ડાઉન વખતે કેવું વર્તન કરે છે. તમે કેવી રીતે મળો છો તેના કરતાં પણ કેવી રીતે છૂટા પડો છો તેના પરથી જ તમારા સંબંધોના ગૌરવ અને ગરિમાની સાબિતી મળે છે. સંબંધોમાં હળવાશ હોવી જોઈએ. સંબંધો આરપાર જોઈ શકાય તેવા હોવા જોઈએ. ડબલ સ્ટાન્ડર્ડ કે ડબલ પર્સનાલિટીમાં જીવતો માણસ પોતાને જ છેતરતો હોય છે. સંબંધોને નેવે મૂકીને ક્યારેય સુખ મળી શકે નહીં. ઘણા લોકો સંબંધો જાળવવા માટે મહેનત કરતા હોય છે. કેટલાક લોકો સંબંધો માટે પેંતરા પણ કરતા હોય છે. સાચા સંબંધો મેઈન્ટેઈન કરવા મહેનત કરવી પડતી નથી. સાચો સંબંધ ઝરણા જેવો છે. એ વહેતો રહે છે અને ટાઢક આપતો રહે છે."




ઉપરના મેઈલ ઉપરથી એક વિચાર સ્ફૂર્યો કે અહમદશાહ બાદશાહના સમયનું કે તે પછી નું અમદાવાદ, કે જ્યારે અહીં વસેલ જૂની પેઢીના કંસારાઓ કચ્છ કે કરાંચીમાંથી રોટલો રળવા આવેલ હશે, જેમના બે-ચાર ઘરો કહીએ તો એક સ્વ. પ્રાગજી નાનજી ડોસાની પેઢી, અન્ય જુના પરિવારોમાં મોહનભાઈ દેવશી બુધ્ધભટ્ટીનો પરિવાર, શ્રી દલપતભાઈ બુદ્ધભટ્ટીનો પરિવાર, કે બાબુભાઈ કચ્છી અને તેમનો ભાઈઓના પરિવારો, પરમાર અને ઘડીયાળી કુટુંબો, કે કોટડીયા અને ઓઢવ અને નરોડા બાજુ વસેલ ફોટોગ્રાફરોના પરિવારો માંડવીની પોળમાં રહેતા કંસારાઓ. આ સર્વે અહી ક્યારે આવ્યા? કેવી રીતે વસવાટ કર્યો? તે સમયનું અમદાવાદ કેવું હતું? તે સમયે મુસાફરી કેવી હતી? તેમણે અહીં સ્થિર થવામાં

કેવી કેવી મુશ્કેલીઓનો સામનો કર્યો? તેમના કચ્છ અને કચ્છ બહારના સંબંધો કેવી રીતે બંધાયા, વિકસ્યા અને વિસ્તર્યા? આવા અનેક સવાલોના જવાબો મેળવવા દરેક કુટુંબને સાંકળતી કડીઓ મેળવવાનો, ગૂંથવાનો, સાંકળવાનો, ભગીરથ પ્રયત્ન શરૂ થયો.

આ લખનારને તેમની બચપણની યાદો માં સંગ્રહાયેલ સ્વપ્નમાં દરગાહો અને મિનારા દેખાતા હતા. જ્યારે તેમની બદલી અમદાવાદમાં આજથી ચાલિસેક વરસો પહેલા થઇ ત્યારે તેણે પીરાણા મુકામની મુલાકાત લીધી અને તેના દાદી-દાદા ના વખતથી ઘરમાં પડેલ એક છત્ર છબી ઈ. સામગ્રી જેને તેઓ એક પીરાણા ધરમ તરીકે પૂજતા હતા, તેની અર્પણ વિધિ કરી તેમના દાદાએ અહીં દીકરી દીધેલ અને ત્યારબાદ થોડા સમય પછી અહીં કચ્છ વર્ક ની ચાંદીના નમુનાઓ બનાવવાની દુકાન પણ કદાચ ખોલેલ, જેના ગ્રાહકો મુખ્યત્વે આ પીરાણા ધરમ પાડનાર પટેલો હોવાથી આપણા ઘણા કંસારાઓની જેમ તેમણે પણ આ ધરમ અપનાવેલ. આવી તો અનેક વાર્તાઓ દરેક કુટુંબમાં હશે, જેની ઝલક આ કોલમમાંથી મળતી રહેશે અને સેતુના પારિવારિક સંબંધો સુદ્રઢ બનતા રહેશે.

## ઓળખો (નૂખો)નું મૂળ

### આપણા પરિવારોની મૂળ અટકો કઈ કઈ ?

છેલ્લા દશ દાયકાઓના શ્રી (કચ્છ અને સૌરાષ્ટ્ર બંને) મારૂ કંસારા સોની જ્ઞાતિના વિવિધ દસ્તાવેજો જોતાં, આપણે ત્યાં મુખ્યત્વે સોળ નુખો કે ઓળખો પ્રચલિત જણાય છે. આમ તો આપણામાંથી એંસી ટકા લોકોને ગોત્ર પૂછવામાં આવે તો આપણી પાસે મૌન રહેવા સિવાય કોઈ વિકલ્પ રહેતો નથી. આવું મારી સાથે તો અમેરિકાના એક મંદિરમાં પૂજા કરાવતી વખતે બનેલું. ત્યારબાદ આભાર માનો આ "એક મેકને ઓળખવાના" સેતુનો કે તેના સ્વર્ણિમ સમાજના ખાસ અંકમાંથી મને ભાઈશ્રી પ્રવિણભાઈ બગ્ગાનો "આપણા પૂર્વજોનો ઈતિહાસ" નામનો લેખ વાંચવા મળ્યો અને તેમાંથી ન માત્ર અમારું પરંતુ લગભગ દરેક ઓળખોના ગોત્ર મળ્યા. જે નીચેના કોઠામાં આપેલ છે.

| **નં.** | **ગોત્ર** | **નુખ કે ઓળખ** |
|---|---|---|
| ૧. | અત્રિ | કોટડીયા, સાકરીયા(ભાટી) |
| ૨. | ગૌતમ | બાડમેરા |
| ૩. | ભારદ્વાજ | કટ્ટા, પરમાર |
| ૪. | વશિષ્ટ | બગ્ગા |
| ૫. | કશ્યપ | સોલંકી |
| ૬. | પરાશર | મહેચા(મહિચ્છા, મૈચા) પોમલ, છત્રાલા |
| ૭. | વત્સ | હેડાઉ |
| ૮. | કૌશિક | ગેહલોત ગુજરાતી કે ગોહિલ, ચૌહાણ, પવાર |
| ૯. | હરિતસ | બુદ્ધભટ્ટી, બિજલાણી |

કેટલીક અદ્વિતય કે મૂળ અટકો સિવાયની ઓળખો ધરાવતા કેટલાક પરિવારો મારી જાણમાં કચ્છ અને બૃહદ કચ્છમાં કે બૃહદ ગુજરાત અને વિદેશમાં પણ છે. મારી જેમ આપણા ઘણા ભાઈબહેનોને સવાલ થયેલ હશે કે ગુજરાતી અટક ક્યાંથી આવી? માનકુવાના ખેતસીભાઈના પરિવારની મૂળ નૂખ કઈ? તેવી જ રીતે અંજારમાં એક માત્ર અટક વિશાપરમાર વિશે પણ જાણવું રસપ્રદ થઈ પડશે. કારણ કે દશા અને વિશા એવું વણિક સમાજમાં સાંભળેલ છે. અન્ય સમાજોમાં પણ હોય છે. પરંતુ આપણી જ્ઞાતિમાં જવલેજ જોવા મળે છે. ગોત્રની રીતે જોઈએ તો વિશાનો ઉલ્લેખ બીસા તરીકે વત્સ ગોત્રમાં છે, પરંતુ પરમારનો ઉલ્લેખ ભારદ્વાજ ગોત્રમાં છે. ચનાણી પણ એક માત્ર ઓળખ છે. તેવી જ રીતે અમદાવાદમાં વસતો ગોદાવરી જ્વેલર્સવાળા પંકજભાઈ સાકરીયા પરિવાર મોરારજીની ઓળખ ધરાવે છે. તો દિલ્હીમાં જેઠા પરિવાર પણ દાદાના નામ પરથી ઉતરી આવેલ ઓખળ છે. મૂળ તો કોટડીયા નૂખ છે. મુંબઈનો બાંડીયાવાળા પરિવાર, મૂળ કચ્છના માંડવી તાલુકાના બાંડીયા નામના ગામના વતની હતા તેવું જણાય છે. પરંતુ તેમની મૂળ અટક તો કટ્ટા છે. આવી જ રીતે ઉપર ભાઈશ્રી બગ્ગાના ઈતિહાસના લેખમાં આવેલ ૯ ગોત્ર અને ૮૪ અટકો સિવાયની જેમની ઓળખ ઉભી થયેલ છે તેમના પરિવારોની મૂળ અટક જાણવામાં તેમને પણ કદાચ રસ હશે અને આપણા સમાજના દરેક પરિવારોની માહિતી એક જ જગ્યાએથી મળી રહે તો તેમાંથી ભાવિ પેઢીને પોતાના મૂળ શોધવા અન્ય જગ્યાએ નજર ફેરવવી ના પડે. એક ઓળખ ઘણા સમયથી સંભળાય છે. 'ભૂત' અને આ કોઈ ગોત્ર સાથે સંબંધિત નથી. આ 'ભૂત' વિશે થોડી શોધખોળ કરતાં તેના મૂળ મળેલ છે, જેની ચર્ચા 'અન્ય' શિર્ષક હેઠળ કરેલ છે. આપણી દેશ-વિદેશ વસતી પેઢીઓને ફુરસદની પળોમાં પોતાના વિશે જાણવામાં આવી ગ્રંથસ્થ માહિતી રસપ્રદ રહેશે.

### ગોત્રની ઉત્પત્તિ :

આમ તો ઋગ્વેદના સમયમાં ગોત્રનો અર્થ થતો હતો. ગાયોની ગમાણ કે ગાયોના ધણને જ્યાં રાખવામાં આવતા હોય તે જગ્યા. સમયના વહેવા સાથે આ શબ્દ વિવિધ સમાજના પ્રથમ પુરુષ સાથે જોડાઈ ગયો. અંગ્રેજીમાં જેને કલાન(Klan) કહેવાય છે. તે ગોત્ર એટલે એક એકત્ર રહેનારું કુટુંબ કે કબીલો,

કુળ કે પૂર્વજના વંશજ. બહુધા એમ કહી શકાય કે ચાલી આવતી પૂર્વજ પુરુષની લાઈન, વંશવેલો.

યજુર્વેદ સાથે સંકલિત બૃહદારણ્યક ઉપનિષદ (૨.૨.૬) પ્રમાણે ગૌતમ, ભારદ્વાજ, વિશ્વામિત્ર, જમદગ્ની, વશિષ્ઠ, કશ્યપ અને શંડિલ્ય આ સપ્તઋષિઓ તરીકે જાણીતા સાત મુનિઓના વંશજ કે સંતતિઓને તેઓના ગોત્ર કહેવામાં આવે છે. જ્યારે સામવેદ સાથે સંકળાયેલ ચન્દોગ્ય (Chandogya) ઉપનિષદના સમયના બ્રાહ્મણોની આ પદ્ધતિ, જે વખત જતાં ક્ષત્રિય અને વૈષ્ય જેવા અન્ય સમાજોએ પણ અપનાવેલ હતી, તે મુજબ બ્રાહ્મણો સાત કે આઠ ઋષિમુનિઓના વંશજ હતા. જેમાં ગૌતમ, ભારદ્વાજ, વિશ્વામિત્ર, જમદગ્નિ, વશિષ્ઠ, કશ્યપ અને અત્રીનો સમાવેશ થાય છે. આ લિસ્ટમાં કેટલાક વિદ્વાનો અગસ્ત્ય મુનિનો પણ સમાવેશ કરે છે. એવું મનાય છે કે એક જ ગોત્રના બધા જ સભ્યોમાં સામાન્ય રીતે સ્વભાવગત કે વ્યવસાયને લગતા કેટલાક લક્ષણો સરખા પ્રમાણમાં જોવા મળે છે. દા.ત. એન્જિનિયરીંગ, સંગીત કે ચિત્રકળા, વેપાર ઈત્યાદી.

ગોત્ર એ કૂળ કરતાં અલગ છે. કુળ એટલે એ લોકોનો સમુહ કે જે એકજ પ્રકારના વિધિવિધાનમાં માને છે અને તેમના કુળ દેવતાને ભજે છે. કુળને વંશપરંપરા કે જ્ઞાતિ સાથે સંબંધ નથી. ઈષ્ટદેવમાં શ્રદ્ધા બદલવાથી કોઈપણ વ્યક્તિ પોતાનું કુળ અને કુળદેવતા બદલી શકે છે. દા.ત., કોઈ ક્રિષ્ચિન થઈ જાય કે કોઈ બૌદ્ધ કે મુસ્લિમ થઈ જાય કે કોઈ જૈન બની જાય તો તેમના મૂળ દેવતા બદલાઈ શકે છે, પરંતુ તેનું ગોત્ર તો તેજ રહે છે, કારણ કે ગોત્રને સંબંધ છે તેના પિતા સાથે, પિતાને તેના પિતા સાથે મતલબ દાદા સાથે અને તેમ આગળ ઉપર સંબંધ ચાલતો રહે છે. આમ ગોત્ર તે જન્મથી મળેલ છે. જ્યારે કુળ જન્મ પછી અપનાવેલ આસ્થા કે શ્રદ્ધાને કારણે મળેલ છે.

આપણે ઉપર જોયું કે આપણી જ્ઞાતિના ૯ ગોત્ર સાથે ઉપનિષદોમાં આપેલ અત્રેય કે અત્રી, ગૌતમ, ભારદ્વાજ, વશિષ્ઠ અને કશ્યપ નામો સિવાયના પરાશર, વત્સ, કોશિક અને હરિતસના નામોનો સમાવેશ નથી. જ્યારે વિશ્વામિત્ર અને જગદગ્ની આપણા લિસ્ટમાં નથી.

**હરિતસ ગોત્રના આદિપુરુષ ક્ષત્રિય :**

હરિતા, હરિતસ કે હારિતાસા પુરાણા સમયમાં એક સૂર્યવશી રાજા હતો. જે નામી રાજા મન્ધાત્રાનો પૌત્ર હતો. વાર્તા રામાયણ સુધી લંબાય છે. આ મન્ધાત્રાને લવણાસુર નામના અસુર કે આતંકવાદીએ મારેલા અને તે અસુરને રામના ભાઈ શત્રુધ્નએ મારેલ. આ હરિતાને ક્ષત્રિય લોકોનો પ્રથમ પુરુષ માનવામાં આવે છે. જેમના નામ પરથી હરિતા કે હરિતસ ગોત્રની શરૂઆત થયેલ છે. જેમાં આપણા સમાજના બુદ્ધભટ્ટી અને બિજલાણી અટક ધરાવનારાઓનો સમાવેશ થાય છે.

**ગોત્ર કૌશિક અને ગાયત્રી મંત્ર :**

ગાયત્રી મંત્ર તેમજ ઋગ્વેદના ત્રીજા મંડલના રચયિતા બ્રહ્મર્ષિ વિશ્વામિત્રના પુત્ર કૌશિકના નામ પરથી આ ગૌત્ર કૌશિક નામે ઓળખાય છે. મરાઠાઓના ૯૬ રાજવંશોમાંથી ૧૧ વંશો આ ગોત્રના છે. જેમાં શિવાજી મહારાજનો સમાવેશ થાય છે. પંજાબ અને હરિયાણાના બીયાસ બ્રાહ્મણો આ જ ગોત્રના કહેવાય છે.

***વિષ્ણુ પુરાણ અને પરાશર ગોત્ર :***

જ્યારે પરાશર ગોત્રના પ્રથમ પુરુષ વિષ્ણુ પુરાણના રચયિતા મહર્ષિ પરાશર વશિષ્ઠ મુનિના પૌત્ર અને સાકતી મહર્ષિના પુત્ર હતા જેમના નામ પરથી આ પરાશર ગોત્ર ઉતરી આવેલ છે. જેમાં પોમલ, છત્રાળા અને મૈચા અટકો આવે છે.

**સપ્તર્ષિમાંના એક જમદગ્નીના વંશજ વત્સના નામથી શરૂ થતો ગોત્ર એટલે વત્સ ગોત્ર :**

વત્સ જગદગ્નિના વંશજ હતા. જે હેડાઉ અટક ધરાવનારાઓનું ગોત્ર છે. કહેવાય છે કે સમય જતાં ક્ષત્રિય તેમજ વૈશ્યોએ અપનાવેલ ગોત્ર અન્ય ઋષિઓના વંશજ પરથી આવેલ છે. અને આમ ગોત્રની સંખ્યા પણ વધતી ચાલેલ છે. આમ જોવા જઈએ તો આપણી સોલંકી, પરમાર, પવાર, ચૌહાણ, ગોહિલ કે બુદ્ધભટ્ટી અટકો પણ લડાયક કોમો કહો કે ક્ષત્રિયોની સૂચક છે. મહાભારતના યુદ્ધમા લડનારાઓ ક્ષત્રિયો પણ હતા અને બ્રાહ્મણો પણ હતા અને ઈતિહાસ ગવાહ છે કે જ્યારે લડાયક ક્ષત્રિયોનું લશ્કર ચાલતું હોય છે ત્યારે તેમના રથ, બખ્તરો, હથિયારો અને ખાદ્ય ખોરાકી, કપડાલત્તા, હિસાબ-કિતાબ વગેરે અનેક જરૂરિયાતો માટે તેમની સાથે વૈશ્યો, બ્રાહ્મણો, કારીગરો અને મજદૂરો પણ ચાલતા હોય છે. તમે મરાઠા અને પેશ્વાઓના ઈતિહાસ જોશો તો જણાશે કે આ લોકો લડાઈ કરવા નીકળતા ત્યારે તેમના રાજકુટુમ્બોની મહિલાઓ તેમની જ સાથે તે દિશામાં આવેલ દેવમંદિરોની યાત્રાએ નીકળતી. તેથી તેમના કારભારીઓએ તેમની પણ વ્યવસ્થા કરવી પડતી. આમ આપણો બ્રાહ્મણીયા કંસારા-સોનીઓનો કબિલો આ રીતે મુખ્યત્વે રાજસ્થાનના વિવિધ પ્રદેશોમાંથી સ્થળાંતર કરતો ઈતિહાસના અલગ અલગ તબક્કે કચ્છમાં આવીને વસી ગયેલ જણાય છે. જે નવ સૈકાઓનો સમયગાળો ઈસુની સાતમી સદીમાં થઈ ગયેલ અજમેરના અજેપાળજી (જેમણે કચ્છના સૌથી પ્રથમ વસેલ જૂનામાં જૂના શહેર અંજાર પર રાજ કરેલ)થી શરૂ થઈ ઈસુની સોળમી સદીમાં થઈ ગયેલ ચિત્તોડના મહારાણા પ્રતાપનો પણ હોઈ શકે.

# અત્રી ગોત્રના સાકરીયા-ભાટી પરિવારો

**તુલસીદાસ કંસારા (અમદાવાદ)**


**અત્રી ગોત્રના સાકરીયા-ભાટી પરિવારો :**

કહેવાય છે કે નવ પ્રજાપતીઓમાંના એક અત્રી ઋષિ બ્રહ્માના પુત્ર હતા. તેઓ વિદ્વાન પુરુષ હતા, જેમનો વંશ આગળ જતાં અલગ અલગ બ્રાહ્મણો, પ્રજાપતિઓ, ક્ષત્રિયો અને વૈશ્યો રૂપી સમાજોમાં વહેંચાઈ ગયો અને સપ્તઋષિઓમાંના એક તેવા આ આદિપુરુષના નામ ઉપરથી તેઓ અત્રી ગોત્રના કહેવાયા. મહાભારતના યુદ્ધમાં ભિષ્મપિતામહ પછી કૌરવ સેનાપતિ તરીકે દ્રોણાચાર્ય આવે છે અને તેઓ પાંડવ સેનાને પોતાના દૈવી શસ્ત્રો વડે વેરવિખેર કરતા હોય છે, ત્યારે અત્રી અને ગૌતમ મહર્ષિ યુદ્ધના મેદાનમાં આવે છે. શ્રીકૃષ્ણના કહેવાથી યુધિષ્ઠિર, પોતાના ગુરુ દ્રોણાચાર્યનો હતોત્સાહ કરવા માટે અવસ્થામાના મૃત્યુની વાત બૂમ મારીને કરે છે, ત્યારે દ્રોણાચાર્ય પોતા પરનો કાબુ ગુમાવે છે, ત્યારે અત્રીએ તેમને ધર્મયુદ્ધમાં તેમના સ્થાનનું મહત્ત્વ સમજાવવાથી તેઓ યોગમુદ્રામાં, ધ્યાનમાં બેસી જાય છે, અને બંધ આંખોએજ દેહનો ત્યાગ કરે છે. આમ અત્રી ઋષિનો રોલ મહાભારતમાં એક શાંત અને આદર્શ મધ્યસ્થીનો રોલ રહેલ.

સમયના વહેણ સાથે સમાજોના વિભાગો થતા ગયા અને તેઓ અલગ અલગ દેશોમાં વસવાટ કરતા ગયા, જેમાંનો એક ફાંટો રાજસ્થાનથી નીચે ઉતરીને કચ્છ તેમજ સૌરાષ્ટ્ર તરફ આગળ વધ્યો અને તે લોકો જ્યાં જ્યાં સ્થાયી થતા ગયા ત્યાં ત્યાં પોતપોતાની ઓળખ, આઈડેન્ટીટી, પરંપરાઓ અને જ્ઞાતિપ્રથાની સાથે રીતરિવાજો તેમજ મોટા પરિવારો, કબિલાઓની જેમ એક જુથ બની અને અસ્તિત્વની ખીજમાં વિસ્તરતા ગયા.

**શું સાકરીયા પ્રથમ અંજાર આવેલ ?**

આ સાકરીય અટક સાકરીયાભાટીમાંથી ટૂંકાવીને માત્ર સાકરીયા થઈ ગયાનું જણાય છે. આ લખનારનો જન્મ અંજારમાં, મોસાળમાં, કારણ તેમનો નાનાજીનો સાકરીયા પરિવાર ત્યાં વસવાટ કરતો હતો. કહેવાય છે કે અંજાર ગામ પહેલાં કચ્છની રાજધાનીનો દરજ્જો ધરાવતો હતો. પેલી કહેવત છે ને કે અંજાર ગામ અજેપાળ ધણી, તે અજેપાળજી કહેવાય છે કે અજમેરના રાજાના ભાઈ હતા અને તેમણે વિક્રમ સંવત ૬૫૦માં રાજસ્થાનથી આવીને અહીં વસવાટ કરેલ અને ગામધણી કે પછી અહીંના ઠાકોર તરીકે જાડેજાઓ પહેલાં આ શહેરને આ પ્રદેશની રાજધાનીનો દરજ્જો આપેલ. એ અજેપાળજીનો દેહાંત વિક્રમ સંવત ૭૪૧માં ખલીફાઓ સામેની લડાઈમાં થયેલ. તેમનું સ્થાનક આજે પણ અંજારમાં મોજૂદ છે. આ પ્રસ્તાવના કરવાનું કારણ એટલું જ કે ગયા મહિને જ અમદાવાદમાં આવેલ ભાટ પાસે તેમના મામાના દિકરાએ પોતાના કુટુંબનો આંબો (સાતેક પેઢી દર્શાવતો) બનાવડાવ્યો અને તેની એક કોપી તેમને આપી. આ નકલમાં દર્શાવેલ છે તે પ્રમાણે, નીચે ભાટના જ શબ્દો પ્રમાણે,



સાકરીયાઓનો ઈતિહાસ આ અજેપાળજીના સમય પછી તુરત જ શરૂ થાય છે.

"સાકરીયા વંશની ઉત્પત્તિ વિક્રમ સંવત ૭૫૯ અક્ષય તૃતિયા. (ઈશુનું ૭૦૩મું એટલે લગભગ ૧૩૧૨ વર્ષ પહેલાં) દેવરાજજીનો વંશ સાકરીયા કહેવાયા. કુલદેવી તનોટરાય માતા (ચામુંડા માતા) સ્થાન તનોટ, જસલમેર થી ૧૨૦ કિ.મી.ની દૂર પાકિસ્તાન બોર્ડર પાસે વાપ ગામનું ભૈરોજી મહરાજનું મંદિર (ખેતરપાળ દાદા) ગોત્ર અત્રી ઋષિ, સોજતની શતિમાતા સ્થાન ભુતનાથ મહાદેવની અંદર સોજતસીટી સાકરીયા પરિવારનું સતી માતાનું સ્થાન."

સાકરિયા પરિવારોના પ્રથમ પુરુષ ઉપર લખ્યું તેમ દેવરાજજી, પરંતુ મારી પાસે ભાટ શ્રી હરિશચંદ્ર રાઓ પાસેથી તેમના હસ્તાક્ષરમાં મળેલ માહિતીમાં આ પેઢી અમરસંગજી શરૂ થાય છે અને ત્યાર બાદ દેવિસિંગજીના ઉપર દર્શાવેલ ૬ પુત્રોમાંથી ધનરાજજીના પુત્રો રૂપચંદજી અને જેરામજી અને રૂપચંદજીની પેઢી આગળ વધે છે, અને નૈનુરામજી તે પેઢીને તેમના ત્રણ પુત્રોથી આગળ વધારે છે. અહીં દર્શાવેલ વંશાવળી મુજબ પેઢી આગળ ચાલે છે.

આમ ત્રણ ત્રણ પુત્રોની પેઢી આગળ જતાં પરસોત્તમજીના ચાર પુત્રો અનુક્રમે (૧) જામતજી (૨) ભગવાનજી (૩) જયસિંગજી અને (૪) દેવકિશનજીથી આગળ ચાલે છે. જેમા બીજા નંબરના ભગવાનજીના બે પુત્રો મેરારામજી અને પ્રેમચંદજી તેમજ ત્રીજા નંબરના જયસિંગજીના બે પુત્રો લાલજી અને રતનસિંગજી આ સાકરીયા પેઢીને આગળ ધપાવે છે.

આ લાલજીના સમયથી વિચારોમાં થોડો બદલાવ આવ્યો હોય તેવું જણાય છે કે કારણ કે અહીં પ્રથમ વખત લાલજીના ચાર પુત્રો (૧) કેશવજી (૨) વશનજી (૩) પોપટલાલજી અને (૪) દેવજીની સાથે તેમની પુત્રી વેલીબેનનું નામ પણ દર્શાવાયેલ છે. એવું તો બને જ નહી કે તે પહેલાં પુત્રીઓનો જન્મ જ ના થયો હોય. હવે અહીંથી કેશવજીભાઈની પેઢી આગળ ચાલે છે. તેમના ત્રણ પુત્રો (૧) ઠાકરશીભાઈ (૨) રાધવજીભાઈ અને (૩) પ્રવિણભાઈ. અહીંથી નામોમાં પણ ગુજરાત કે કચ્છની અસર દેખાય છે, જે નામોને છેવાડે સિંગજી, મલજી કે રાજસ્થાનના માનવાચક અંત્યાનુપ્રાસ જી, જી, આવતા હતા તેની જગ્યા ભાઈ લઈ લે છે.

શ્રી ઠાકરશીભાઈના પુત્રો દિપકભાઈ અન દિલીપભાઈ; રાઘવજીભાઈને ત્યાં ચાર સંતાનોમાં બે પુત્રો રમેશભાઈ અને દિનેશભાઈ તેમજ મંજુલાબેન અને મિનાક્ષીબેન નામે બે પુત્રીઓ, ત્રીજા નંબરના પ્રવિણભાઈને ત્યાં વિરેનભાઈ અને હેતલબેન નામે બે બાળકો.

હવે જો રૂપચંદજીના પુત્ર મેઘરાજજી પેઢીની વાત કરીએ તો, તેમની પેઢીમાં મેઘરાજજી-નારાણજી. નારાણજીના ત્રણ પુત્રો (૧) શ્યામજી (૨) રાયજી અને (૩) ભગવાનજીભાઈ, શ્યામજીના બે પુત્રો અને બે પુત્રીઓમાં નરશીભાઈ, જેન્તિલાલ અને કુંવરબેન તેમજ મટુબેન. સ્વ. નરશીભાઈ એટલે ભાટશ્રી હરીશચંદ્ર રાઓએ આપેલ માહિતીમાં અમરસિંગજીથી પ્રથમ પેઢી લેખતાં, તેમના ૧૧મી પેઢીએ પુત્ર થાય, (એટલે જો સો વરસમાં સરેરાશ ચાર પેઢીઓ લેખીએ તો અમરસીંગજી આશરે ૧૭મી સદીની શરૂઆતમાં થઈ ગયેલ હોવા જોઈએ. અને ઉપર જણાવ્યું તે સાકરીયા પરિવારોના પ્રથમ પુરુષ દેવરાજજી જો આઠમી સદીની મધ્યમાં હોય, તો તેમની અને અમરસિંગજી વચ્ચે બીજા ૯૦૦ વરસનો ગાળો થયો, જે દરમિયાનમાં બીજી આશરે ૩૬ પેઢીઓ થઈ ગયેલ હોવી જોઈએ.

આમ આ અરમસિંગજીની અગીયારમી પેઢીના વારસદાર શ્રી નરશીભાઈએ પ્રથમ કચ્છની (બાપુની ગાડી) રેલ્વેમાં સ્ટેશન માસ્તર તરીકે અંજારમાં કામ કરેલ અને ત્યારબાદ અંજારના સાહસિક મિસ્ત્રી લોકો જે આજના જારખંડ રાજયમાં આવેલ ધનબાદ જિલ્લાના ઝરીયા નામના સ્થળે આવેલ કોલસાની ખાણોના કોન્ટ્રેક રાખતા તેમની સાથે તેમના એકાઉન્ટસ લખવા એકાઉન્ટન્ટ  તરીકે સ્થળાંતર કરેલ. તેથી તેમના પરિવારનો વેલો પણ ત્યાંથી આગળ વધેલ. આમ ઝરિયા (ધનબાદ)ની ખાણો વચ્ચે  વરસો સુધી વસવાટ કરનારા કંસારા-સાકરીયા પરિવારનું એક માત્ર કુટુંબ એટલે નરશીભાઈ સામજીભાઈ સાકરીયાનું કુટુંબ. મેં ૧૯૬૫માં પ્રથમ વખત જ્યારે તે ખાણોની મુલાકાત લીધી ત્યારે જોયું કે વચ્ચે તેમના શેઠનો પરિવાર રહેતો હતો, તેમના ઝાંપાની સામે જ એક સ્વામિનારાયણનું મંદિર બનાવવામાં આવેલ અને તેમને ફરતે લાઈનસર પંદર વીસ ઘરો હતાં જેમાં ખાણમાં કામ કરતા એન્જિનિયરો, ઓવરસીયરો, એકાઉન્ટન્ટો, મેનેજરો ઈત્યાદ્યી બુદ્ધિજીવીઓનો વસવાટ હતો.

બારમેડા નાગજીભાઈના ભાણેજ અને તેમના બહેન રતનબાઈના પુત્ર તેવા શ્રી નરશીભાઈને ચાર પુત્રો અને એક પુત્રીમાં સૌથી મોટી પુત્રી હેમલતાને રાયપુર પરણાવેલ અને ત્યાં તેણીએ ભારતીય જનતા પાર્ટીના પાર્શદ તરીકે લાંબા ગાળા સુધી સેવાઓ આપેલ. તેમના લગ્ન જબલપુર નિવાશી કોટડીયા પરિવારના, રાયપુરમાં સ્થિત થયેલ શ્રી શશીકાન્તજી જોડે કરેલ, અને તેમના બે પુત્રો ભાવેશ અને વિપુલ તેમજ એક પુત્રી અમી

રાયપુરમાં સ્થાયી છે.

સ્વ. નરશીભાઈના મોટા પુત્ર ભરતભાઈ પણ રાયપુરમાં જ રહે છે અને ત્યાંના સમાજમાં આગળ પડતો રસ ધરાવે છે. તેમનો પુત્ર ભાવીન ઈલેક્ટ્રોનિક એન્જિનિયર છે અને પુનામાં મલ્ટીનેશનલ કંપનીમાં કાર્યરત છે. તેમની પુત્રીના લગ્ન અન્ય જ્ઞાતિમાં કરેલ છે. નરશીભાઈના બીજા પુત્ર રોહિતભાઈ છેલ્લા પાંચેક વરસથી અમદાવાદમાં સેટલ થયેલ છે કારણ કે તેમના બંને પુત્રોને અહીં કમ્પ્યૂટર એન્જિનિયર તેમજ ટ્રાવેલ લાઈનમાં સારી પોસ્ટ ઉપર જોબ મળેલ છે અને રોહિતભાઈનું સાસરું પણ અમદાવાદમાં વરસોથી વસવાટ કરતા બિજલાણી પરિવારનું છે

એક આડવાત, ત્યાં રાજસ્થાનમાં ભાટશ્રીઓના પરિવારોમાં પણ વિભાજનો થતાં, ભાટ શ્રી હરિશચંદ્ર રાઓ પાસે જે જે સમાજ કે જ્ઞાતિઓના વહીવટાઓ તેમને ભાગે આવ્યા તેમાં આ **હરિતસ ગોત્રના બિજલાણી પરિવારોની માહિતી ઉપલબ્ધ ન હોવાથી** તે વિશે આગળ વાતચીત થઈ શકેલ નહી.

સ્વ. નરશીભાઈની વાત આગળ વધારીએ તો તેમના ત્રીજાનંબરના પુત્ર શ્રી ભૂપતભાઈએ પોસ્ટ ગ્રેજ્યુએશન સુધીનો અભ્યાસ કરેલ છે અને અત્યારે રાયપુરમાં કો-ઓ. બેંકમાં મેનેજરનો હોદ્દો સંભાળે છે, જ્યારે સૌથી નાના પુત્ર બિપિનભાઈ પોતાનું કામકાજ સંભાળે છે.

રાયપુરથી પરત આવીએ તો નરશીભાઈના નાનાભાઈ સ્વ. જયંતિલાલ સાકરીયાએ વીસમી સદીના છઠ્ઠા દાયકામાં અંજાર છોડીને ભુજમાં સોનીનું કામકાજ શરૂ કરેલ અને આપણે અગાઉ જુન-જુલાઈ-૨૦૧૦ના સેતુના પાંચમા પેજ પર 'વિરાસત'માં વાત કરી ગયા છીએ તે મુજબ તેઓનો ભુજમાં કંસારા યુવક મંડળ સ્થાપવામાં સિંહફાળો રહેલ. તેમનો દેહાંત પણ પેલા ધૂમકેતુના ટપાલની રાહ જોતા અલીડોસાના અવસાનની યાદ અપાવે તેવી રીતે થયેલ; ભુજના એરપોર્ટ પર દુબઈથી આવનાર તેમના પુત્રને તેઓ લેવા ગયેલ, અને તે એરોપ્લેનમાંથી પુત્ર ન ઉતરતાં, તેમને હાર્ટ એટેક આવેલ અને ત્યાં જ તેમણે દેહ છોડેલ. ૧૯૬૧, પહેલી જુનનાં 'સાગર' નામના હસ્તલિખિત અંકમાંથી લેવાયેલ એક છબી અહીં પ્રસ્તુત છે. તેમના ચાર પુત્રોમાં મોટા પુત્ર શ્રી શરદકુમાર સોની કામ માટે દુબઈ જઈ આવેલ અને તેમના પત્નિનું ધરતીકંપમાં અવસાન થયા બાદ તેમનું કુટુંબ વેરવિખેર થઈ ગયું. સદગત શ્રી જયંતલાલમામાના બીજા પુત્ર સંજયનું આખું કુટુંબ પણ એજ ૨૦૦૧ના ગોઝારા ભૂકંપમાં તેમનાજ ઘરમાં દબાઈને ઈશ્વરાધિન થઈ ગયું. તેમના બાકીના બે પુત્રો મદનકુમાર અને વિજયકુમાર અત્યારે ભુજમાં સોનીનું કામકાજ કરતા હોવાની માહિતી છે. જ્યારે તેમની બે પુત્રીઓમાંથી કુસુમબેનનો ઘણા વરસો અગાઉ દેહાંત થઈ ગયેલ છે અને હંસાબહેન મુંબઈના ડોંબીવલીમાં હોવાની જાણ છે.

**અમદાવાદમા** સાકરીયા પરિવારોના માત્ર ચાર જ કુટુંબ છે. જેમાં મુખ્યત્વે ગોદાવરી જ્વેલર્સ તરીકે જાણીતા આફ્રિકાવાળા સ્વ. પુરુષોત્તમભાઈ સાકરીયાના પરિવારના બે ભાઈઓ શ્રી પંકજભાઈ અને કૌશિકભાઈ અને બાકીમાં નવાવાડજ તેમજ નરોડામાં રહેતા મંજલના શ્રી મંગળદાસ ધારશીભાઈ સોની અને મંગવાણાના શ્રી કાનજીભાઈ રવજીભાઈ સોની. તે ઉપરાંત સ્ટેટ બેંક ઓફ બિકાનેર અને જયપુરમાંથી દોઢ-બે દાયકા અગાઉ નિવૃત્ત થયેલ અને જૈફ વયે પહોંચેલ અંજારના શ્રી ઠાકોરલાલ કેશવલાલ કંસારા તેમજ અગાઉ ઉલ્લેખ કરેલ તે થલતેજ વિસ્તારમાં રહેતા શ્રી રોહિતભાઈનો પરિવાર. એક કુટુંબ ગુજરાતની રાજધાની ગાંધીનગરમાં પણ સ્થાયી થયેલ છે, જે છે દહીંસરના પ્રફુલકુમાર કાંતિલાલ સોની.

આપણે આફ્રિકાવાળા સ્વ. પુરુષોત્તમભાઈ સાકરીયાના પરિવારની વાત કરીએ તો શ્રી પંકજભાઈ પાસેથી પ્રાપ્ત થયેલ તેમની કૌટુંબિક માહિતી આપતી "શ્રદ્ધાંજલિ" નામની પુસ્તિકામાં આપેલ હકીકતો મુજબ તેમના દાદા શ્રી મોરારજી દેવશી નખત્રાણા તાલુકામાં આવેલ કાદીયા ગામમાં નિવાસ કરતા હતા અને ત્યાંથી રોજીરોટી કમાવા માટે આશરે વીસેક વરસની વયે જંગબાર (ઝાંઝીબાર) દરિયા રસ્તે પહોંચેલ, અને ત્યાં ચાંદીના મજુરીના કામથી શરૂઆત કરેલ. તેમને ત્રણ પુત્રો નામે (૧) લાલજીભાઈ (૨) પરસોત્તમભાઈ અને (૩) શવજીભાઈ તેમજ ત્રણ પુત્રીઓ (૧) રતનબાઈ (૨) પાનબાઈ અને (૩) વિજયાબેન હતાં. આમાંથી લાલજીભાઈ દારેસલામ સ્થળાંતર કરી ગયેલ અને શવજીભાઈ નૈરોબી, પરસોત્તમભાઈના લગ્ન દારેસલામ નિવાસી શ્રી મનજી સવજીની પુત્રી ગોદાવરીબેન સાથે થયેલ. આ દંપતિએ (૧) લક્ષ્મીદાસ (૨) અશોક (૩) અજીત (૪) કીર્તિ (૫) બિપીન (૬) પંકજ અને (૭) કૌશિક નામે સાત પુત્રરત્નો અને (૧) લીલા (૨) મના તથા (૩) રેખા નામે પુત્રીઓને જન્મ આપેલ.

શ્રી પરસોત્તમભાઈએ ૯૦ વરસની લાંબી આયુષ્ય ભોગવી અને તે દરમિયાન ૧૯૪૫ના મે મહિનાથી ફેબ્રુઆરી ૨૦૦૮ના ૬૪ વર્ષના ગાળામાં દારેસલામ, મોમ્બાસા, નૈરોબી વગેરે આફ્રિકન દેશો અને ભારતના વિવિધ શહેરોની વચ્ચે

પચીસેક જેટલા પ્રવાસો ખેડ્યા અને આમ વિવિધ જગ્યાએ રહેતા તેમના પુત્ર-પુત્રીઓ અને સ્નેહી-સગાંઓ સાથે સતત સંપર્ક જાળવી રાખ્યો. તેવી જ રીતે તેમના ધર્મપત્ની શ્રીમતી ગોદાવરીબેને પણ તેમના અમદાવાદના લાંબા નિવાસ દરમિયાનમાં લગભગ દરેક કંસારા ભાઈઓના ઘરની મુલાકાત લીધેલ જે તેમના સમાજ પ્રત્યેના લગાવનું પ્રતિબિંબ હતું. ૧૯૭૭ના ડિસેમ્બરમાં આ લખનારના કુટુંબે જ્યારે ભુજ છોડીને અમદાવાદમાં વસવાટ શરૂ કરેલ ત્યારે પ્રગતિનગરના તે ઘેર પધારનાર ગોદાવરીબેન પ્રથમ વડીલ હતા. અને અન્ય જ્ઞાતિભાઈઓ શ્રી શ્યામભાઈ(શ્યામ ફોટો સ્ટુડિયો)વાળા તે પ્રાગજી નાનજી બુદ્ધભટ્ટીના પુત્ર અને અમારા કૌટુંબિક ભાઈ આવેલ હતા.

શ્રી પરસોત્તમભાઈના મોટા પુત્ર લક્ષ્મીદાસભાઈ અત્યારે સરકારી નોકરીમાંથી નિવૃત્ત થઈ ભુજમાં નિવાસ કરે છે, જ્યારે પંકજભાઈ, કૌશિકભાઈ અને કીર્તિભાઈ અમદાવાદમાં રહે છે અને ગોદાવરી જ્વેલર્સ નામે એક પ્રતિષ્ઠિત શોપ ધરાવે છે. બિપિનભાઈ દારેસલામમાં સ્થાયી થયેલ છે. જ્યારે સર્વશ્રી અશોકભાઈ અને અજીતભાઈનો સ્વર્ગવાસ થયેલ છે.

**મુંબઈમાં સાકરીયા :**

૨૦૦૨માં મુંબઈના મંડળે પ્રસિદ્ધ કરેલ પરિવાર પરિચય પુસ્તિકામાં જણાવ્યા પ્રમાણે સાત સાકરીયા કુટુંબોનો વસવાટ ત્યાં હતો, જેમાંથી ત્રણ ભાઈઓના ફેમિલી ઘાટકોપરમાં, બે મુલુન્ડ અને એક એક ચેમ્બુર અને થાણામાં હતો. આમાંથી સેતુમાં અવાર-નવાર લખતા અને ત્યાંની જ્ઞાતિમાં પ્રમુખપદ સંભાળી ચૂકેલા બાબુભાઈ એન. સોની-મંજલવાળા તરીકે જાણીતા, તેમના અને તેમના અન્ય બે ભાઈઓના પરિવાર સાથે ૨૭ સભ્યોની સંખ્યા સાથે કુલ્લ ૪૭ સભ્યોમાંથી પચાસ ટકા કરતાં પણ વધારેની સંખ્યા ધરાવતો મોટો પરિવાર છે. તેમનો મુખ્ય વ્યવસાય સોની કામનો રહેલ છે. અને મર્યાદિત ભણતર છતાં, તેમણે લેખનની રૂચિને કારણે તે દિશામાં સારો એવો મહાવરો સિદ્ધ કરેલ છે.

**સાબરકાંઠામાં મારૂ કંસારા સોની સમાજનાં પ્રથમ પગરણ....**

કચ્છના નખત્રાણા તાલુકાના નાનકડા ગામ મંગવાણાના સ્વ. વેલજીભાઇ કરશન સાકરીયાના જયેષ્ઠ પુત્ર સ્વ. લાલજીભાઈ લગભગ ૫૫ વર્ષ પૂર્વે કચ્છથી ધંધાર્થે તેમના મિત્ર સાથે સાબરકાંઠાના ખેડબ્રહ્મા મુકામે આવી, વસવાટ કર્યો. તેમણે પોતાના નાના ભાઇઓને પણ વેપાર-ધંધા ક્ષેત્રે કચ્છમાંથી બોલાવી એક જ રસોડે સતત ૩૦-૩૫ વર્ષ સુધી સંયુક્ત કુટુંબ જાળવી રાખ્યું. ખેડબ્રહ્મા ગ્રામ પંચાયતમાં સભ્ય તરીકે સતત બે ટર્મ સુધી રહી તેમના રહેણાંક વિસ્તારની સેવા કરી. તદ્ઉપરાંત ખેડબ્રહ્મા નાગરીક બેંકમાં પણ બે વર્ષ સુધી ડિરેક્ટર પદે રહી, સામાજીક સેવા માટે હંમેશા તત્પર રહ્યા. સાબરકાંઠા મારૂ કંસારા સોની સમાજના પાયાના વિચારકોમાંના એક, શ્રી લાલજીભાઇએ સાબરકાંઠા જિલ્લા મારૂ કંસારા સોની સમાજનું મંત્રીપદ- તેમજ પ્રમુખ પદ પણ સંભાળેલ. જ્ઞાતિજનોના કૌટુંબીક તેમજ અન્ય સામાજીક પ્રસંગો દરમ્યાન સાબરકાંઠા તેમજ કચ્છ જિલ્લામાં તેમનું પ્રદાન નોંધપાત્ર રહ્યું. કોઇપણ વ્યક્તિએ ક્યારેય નિવૃત્ત ન થવું તે એમનું માનવું હતું અને જીવનપર્યંત એમણે આ નિયમ પાળી બતાવ્યો. બાર વર્ષ પૂર્વે જીવલેણ બિમારીના કારણે તેમણે આ દુનિયામાંથી વિદાય લીધી. કચ્છ જિલ્લામાં કે અન્યત્ર વસતા મારૂ કંસારા સોની સમાજના લગભગ તમામ કુટુંબ અથવા ગામથી તેઓશ્રી અજાણ ન હતા.

પૂરક માહિતી : વિનોદ સોની (સાકરીયા),
સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, ગાંધીધામ,
ખજાનચી- ઉત્કર્ષ મંડળ - ગાંધીધામ)

## સાધર્મિક ભોજન

*ભોજન કરાવવું એ સાધર્મિક ભક્તિનો એક વિશિષ્ટ પ્રકાર છે. સંસારમાં પણ જેની સાથે સંબંધ બગડે તેની સાથે ભોજન વ્યવહાર બંધ કરાય છે અને જેની સાથે સંબંધ સ્થાપિત કરવાનો હોય એને ભોજન માટે નિમંત્રણ કરાય છે. તે રીતે સાધર્મિકને ભોજન કરાવીને તેની સાથેનો આધ્યાત્મિક સંબંધ સ્થાપિત કરવાનો છે.*

## સાત પાપ

*શ્રમ વગર સંપત્તિ, આત્મા વગર આનંદ, માનવતા વગર વિજ્ઞાન, ચરિત્ર વગર જ્ઞાન,*
*સિદ્ધાંત વગર રાજકારણ, નૈતિકતા વગર વેપાર અને ત્યાગ-બલિદાન વિના પૂજા-અર્ચના,*
*આ સાત સૌથી જઘન્ય પાપ છે.* - મહાત્મા ગાંધી

# અત્રી ગોત્રના કોટડીયા પરિવારો

**બૃહદ્ કચ્છના કોટડીયા પરિવારો :**

આ અટક સાથેના પરિવારોની અત્રી ગોત્રમાં ક્યારથી શરૂઆત થાય છે તે માહિતી તો હજુ સુધી મળેલ નથી, પરંતુ સાકરીયા-ભાટીની જેમ તેઓ પણ સ્વભાવગત્ રીતે મોટે ભાગે ક્ષત્રિયના લક્ષણો બહોળા પ્રમાણમાં ધરાવે છે. પરિવારો કે સંખ્યાની દૃષ્ટિએ જોઈએ તો તેમનું પ્રમાણ આપણી ભુજ જ્ઞાતિના વસ્તીપત્રક પ્રમાણે પ્રમાણમાં ઓછું છે. ત્યાં માત્ર ૬૦ ની સંખ્યા નોંધાયેલ છે જે ત્યાંની વસ્તીના માત્ર ૧.૩૧ ટકા જ થાય છે.

આ નૂખ ધરાવતા પરિવારોના એક વડવા મૂળ કેરા ગામમાં ઉતરી આવેલ હોવાનું બહેન એકતા કટ્ટાએ તેના નૈવેદ્ય નામક પરંપરાના લેખમાં સેતુમાં નવેમ્બર-ડીસેમ્બર-૨૦૦૯ના અંમાં નોંધેલ છે. આ વડવા વખત જતાં બાંડિયા ગામે ગયા અને લગભગ ૧૨૫ વરસો પહેલાં ઉગેડી અને નલીયામાં વસવાટ કર્યો. સોની વેલજી હિરજી કોટડીયાના વંશજ ઉગેડીમાં વસ્યા અને વાઘજી ભાણજી તથા ધનજી ભાજણી વંશ જ નલીયામાં વસ્યા. નલિયામાં વસેલ પરિવાર જતે દહાડે ધંધાર્થે સિંધના ચુવડ જમાલી ગામે ગયેલ. અમદાવાદમાં ઉગેડીના બે પરિવારો છે તેમનું મૂળ પણ કદાચ આ ઉગેડીમાં વસેલ પરિવારો સાથે જોડાયેલ હશે. અત્રી ગોત્રના સાકરીયાઓ કરતાં તેજ ગોત્રના આ કોટડીયાઓ ઘણા પાછળથી કચ્છમાં પ્રવેશ્યા હોય તેમ જણાય છે, અને તેથી જ કદાચ તેમની વસ્તી ઓછી છે.

**અમદાવાદ :**

અમદાવાદમાં ૨૦૧૪ની પરિચય નિર્દેશિકા મુજબ માત્ર પાંચ જ પરિવારો નોંધાયેલ છે, જેમાંથી બે ભાઈઓ શ્રી મનુભાઈ અને રાજેશભાઈ કોટડીયા સંયુક્ત કુટુંબમાં રહે છે જેમની સંખ્યા ૧૦ ની છે, જ્યારે બાકીના ત્રણ પરિવારોમાંથી એક ગાંધીનગરમાં વસતા શ્રી જીજ્ઞેશ જયંતિલાલનું કુટુંબ છે, અને બીજા બે ઉગેડીવાળા કલ્પનાબેન દિનકરભાઈ તેમજ ગંગાબેન જેઠાલાલના કુટુંબો છે. મનુભાઈ આપણા અમદાવાદ મંડળના દ્વિતીય પ્રમુખ હતા અને અત્યારે સેતુની વ્યવસ્થા પ્રમુખપણે સંભાળે છે. જ્યારે તેમના ભાઈશ્રી રાજેશભાઈ ભારત સંચાર નિગમમાં ડેપ્યુટી જનરલ મેનેજરના ઉચ્ચ હોદ્દા પર સેવાઓ આપી રહેલ છે. આ પરિવાર તેમના પિતાશ્રીના સમયથી કચ્છી સમાજ - અમદાવાદમાં પણ સારું એવું યોગદાન આપી રહેલ છે, તેમના પરિવારના નામે દર વર્ષે તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઈનામો આપવામાં આવે છે, અને શ્રી મનુભાઈ ત્યાં માનદ્ ખજાનચીનું કામકાજ સંભાળે છે. તેમનું મૂળ વતન માંડવી છે.

**દિલ્હી :**

બૃહદ્ ગુજરાતની વાત કરીએ તો રાજધાની દિલ્હીમાં ગઈ સદીના સાતમા દશકામાં આફ્રિકાથી સ્થળાંતર કરીને પરત થયેલ નરેન્દ્ર શીવજી જેઠાના પરિવારના બે પુત્રો કૌશિકભાઈ અને વિમલભાઈના કુટુંબો, અનુક્રમે ગુડગાંવ અને વસંતવિહાર વિસ્તારમાં વસવાટ કરે છે. તેમના વિશે સેતુમાં અવાર નવાર લખાતું રહેલ છે જેમાંથી થોડા અંશો અહીં પ્રસ્તુત કરેલ છે.

શ્રી પરેશકુમાર કંસારા - દિલ્હીએ ઓકટોબર-નવેમ્બર-૨૦૦૮માં લખેલ લેખ તેમજ ભાઈશ્રી વિમલ તરફથી મળેલ માહિતીનો સાર નીચે આપેલ છે :

**• બૃહદ ભારતના કોટડીયા પરિવારો •**



Vimal Bhai being honoured by the Hon'ble Chief Minister of Delhi Smt. Shiela Dixit with the "Best Citizen's Award" at a grand function in New Delhi for his outstanding contribution towards social welfare

**અબજી**

**જેવત**

**જેઠા**

**હિરજી**

**કરમશી**

**ગીરધર**

**ભગવાનજી**

આ જેઠા પરિવારનું મૂળ વતન ભૂજ અને કચ્છના કાંઠેથી પરદેશ ઈસ્ટ આફ્રિકા પ્રથમ જનાર પુરુષ તે જેઠાભાઈ, જેમણે ઓગણીસમી સદીમાં પોતાનું વતન છોડ્યું.

મુલજી જેઠા અને શીવજી જેઠા બંને ભાઈઓના પરિવારમાંથી મુલજી જેઠાના પુત્રો લાલજી, કેશવજીભાઈ અને રામજીભાઈની પેઢીઓ અત્યારે આફ્રિકા અને યુ.કે.માં સ્થાયી છે. જ્યારે શીવજી જેઠાના નરેન્દ્રભાઈની પેઢીએ વીસમી સદીના છઠ્ઠા દાયકામાં ભારત પરત આવીને દિલ્હીમાં વસવાટ કરેલ છે.

તેમના ભાઈ રમેશભાઈ ઈલેક્ટ્રોનિક એન્જિનિયર હતા અને અત્યારે નિવૃત્ત થઈ લંડનમાં વસવાટ કરે છે. તેમને ચાર પુત્રીઓ અને એક પુત્ર છે.

તેમના બીજાભાઈ સુરેશભાઈ પણ ઈલેક્ટ્રોનિક એન્જિનિયર તરીકે નિવૃત્ત થઈ લંડનમાં રહે છે. તેમને બે પુત્રીઓ છે જે યુ.કે. અને યુ.એસ.એ.માં રહે છે.

આ માહિતી આપનાર ભાઈશ્રી વિમલે જ્વેલરી ક્ષેત્રે તેમજ જ્યોતિષી અને સમાજ સેવાના ક્ષેત્રે એવોર્ડ મેળવવાનો પણ જાણે ગિનીશ બુકમાં રેકોર્ડ નોંધાવવો હોય તેમ એક રેકોર્ડ કરેલ છે, જે આપણે અત્યાર સુધીના 'સેતુ'ના અંકમાં જોઈ ગયા છીએ.

## એક હસમુખી પ્રતિભા ધરાવતા મેધાવી મહિલા સ્વ. દમયંતીબેન નરેન્દ્રભાઈ



આ મહિલા એટલે જ્વેલરી બિઝનેસમાં નામ કમાવનાર અને સતત પ્રવૃત્તિમય રહેલ દમયંતીબેન નરેન્દ્રભાઈ શિવજી જેઠા. આ કદી ના ભૂલાય તેવો હંમેશ હસતો ચહેરો એટલે મુંબઈ રહેતા તારાબેનના મોટાબેન અને સુરતમાં રહેતા હંસાબેનના અંજારીયા નાનાબેન.

દમુબેને જેમણે ઈસ્ટ આફ્રિકામાંથી ૧૯૬૦-૭૦ ના દાયકામાં સ્વદેશ પરત આવી પોતાના માદરે વતનમાં કુટુંબને સ્થિર કરવા કઠીન પરિશ્રમ અને ખૂબ જ ધગશથી રશિયન ભાષા ઉપર ટૂંક સમયમાં પ્રભુત્વ મેળવી અને સથવારો કર્યો એક નવા સાહસનો, અને એજ બની રહ્યું તેમની ચાણક્ય પુરીની જ્વેલરી શોપની પ્રગતિનું રહસ્ય. અલબત્ત તેની સાથે તેમના પતિદેવ સ્વ. શ્રી નરેન્દ્રભાઈની તીક્ષ્ણબુદ્ધી, સતત આવકાર આપતું સ્મિત અને સખત મહેનત તો ખરાજ. ક્રાંતિકારી માસ ઓગષ્ટની ૧૫મી તારીખે આખો દેશ જ્યારે આઝાદીનો પર્વ મનાવે ત્યારે તેમનો જન્મદિવસ મનાવવામાં આવતો. ૧૯૩૬માં જન્મેલ મુંબઈના બાંડીયાવાળા કુટુંબનાં શ્રી હીરજીભાઈ અને કેશવજી પ્રેમજી બુદ્ધભટ્ટીના સૌથી નાના દિકરી કમળાબેનની પુત્રી દમુબેને ૪ થી ફેબ્રુઆરી ૨૦૧૨ના દિવસે, પોણી સદીની યાત્રા પૂરી કરીને પુનામાં ટૂંકી માંદગી બાદ છેલ્લા શ્વાસ લીધા. દમુબેનના પરિવારમાં તેમના મોટા પુત્ર શ્રી કૌશિકભાઈ, શ્રીમતી રીટાબેન, તેમના બે પુત્રો વિનીત અને વરૂણ ગુડગાંવમાં તેમજ નાના પુત્ર શ્રી વિમલભાઈ અને શ્રીમતી હિનાબેન તેમજ તેમનો પુત્ર જેસલ નવી દિલ્હીમાં સ્થાયી છે અને પુત્રી રેશ્મા પ્રવિણભાઈ શરાફ તેમની બે પુત્રીઓ ગીતીકા અને હર્ષાલા સાથે પુનામાં રહે છે. હસતા ચહેરા કદાચ ઈશ્વરને પણ વધારે ગમતા હોય છે તેથી તેમને તે પોતાની પાસે જલ્દીથી બોલાવી લ્યે છે !


## શ્રી નરેન્દ્રભાઈ શીવજી જેઠા

### ભારતની રાજધાનીમાં આપણા રત્નો



ગત પેઢીના આપણા સમાજના એક શ્રેષ્ઠી હતા – સ્વ. મુલજી જેઠા ઝવેરી. નૈરોબી (કેન્યા)માં જ્વેલરી તેમજ બેન્કીંગ ક્ષેત્રે સફળ વ્યવસાયી તરીકે એમનો સિક્કો હતો. મુલજી જેઠાના ભાઈ શીવજી જેઠાના યુવાન સુપુત્ર નરેન્દ્રભાઈની ભારતનાં તત્કાલીન પ્રધાનમંત્રી શ્રીમતી ઇંદીરા ગાંધી સાથે નૈરોબી હાઈ કમિશનરેટમાં મુલાકાત થઈ હતી. ઇંદીરાજીએ આ શ્રીમંત એન.આર.આઈ.ને ભારતમાં ટી.વી. ક્ષેત્રે મૂડી રોકાણ કરવા પ્રેરણા આપી. નરેન્દ્રભાઈએ પડકાર ઝીલ્યો. ૧૯૬૫માં એ સપરિવાર ભારત આવ્યા અને ૧૯૬૭માં સાન્યો (જાપાન) અને પાઈ (આયર્લેન્ડ)ના ટી.વી. ભારતમાં પ્રથમવાર લાવ્યા. અહીંના વહીવટીતંત્રથી અપરીચિત નરેન્દ્રને એ ક્ષેત્ર છોડવું પડ્યું પરંતુ એમણે દિલ્હી ન છોડ્યું. અને 'જેઠા એન્ડ કાું.'ને નામે એમનો પરંપરાગત ઝવેરાતનો વ્યવસાય શરૂ કર્યો. જોતજોતામાં ગલ્ફ અને યુરોપના દેશોમાં સુવર્ણ આભૂષણ નિર્યાત વ્યાપારમાં જામી ગયા. એમના સંઘર્ષકાળ દરમ્યાન એમનાં ધર્મપત્ની દમયંતીબેને એમને હુંફ અને હામ આપ્યા. એમના બે પુત્રોને 'ઝવેરી'ની તાલીમ મળી. જયેષ્ઠ પુત્ર કૌશિકે પિતાશ્રીની પેઢી સંભાળી, વિદેશી 'માંગ' પર લક્ષ્ય આપ્યું. નાના પુત્રે 'જેઠાભાઈ ઝવેરી' નામે દેશી 'માંગ' સંતોષવા પેઢી સ્થાપી. કૌશિકભાઈ એમના પુત્રો વરૂણ અને વીનિત સાથે મળી એમની પિતાની પેઢીનો વ્યાપ વધારી રહ્યા છે.

## સંયુક્ત પરિવારના સફળ સુકાની : સ્વ. મથુરદાસ કોટડીયા



શ્રી મથુરદાસ જબલપુરમાં આપણી જ્ઞાતિના એકમાત્ર પરિવારના મોભી, ત્રણ ભાઈઓમાં જયેષ્ઠ બંધુ તરીકે પરિવારના આદરણીય વડીલ હતા. સ્વભાવે ધીરગંભીર મથુરાદાસની જબલપુરના વેપારી આલમમાં, ઊંચી શાખ હતી.

જબલપુરના સંભ્રાંત પરિવારોમાં એમનું સન્માન હતું. મથુરાદાસભાઈના દાદા મોણજીભાઈ કોટડીયા, મૂળ કચ્છ મુંદ્રાના વતની હતા. યુવાવયે ધંધાર્થે તેઓ સપરિવાર કરાંચી ગયા. ત્યાં એમણે સોનાચાંદીના ઘાટ અને ઘડતરની દુકાન કરી. મોણજીભાઈના પુત્ર જયરામદાસ, એન્જીનીયરીંગનો અભ્યાસ કરી આર્કિટેક્ટ થયા. એમના ત્રણ પુત્રો હતા : સૌથી મોટા મથુરાદાસ, વચેટ ચમનલાલ અને સૌથી નાના ચંદુલાલ. મથુરાદાસનો જન્મ ૨૪ એપ્રિલ, ૧૯૨૭ના રોજ કરાંચીમાં થયો. તેઓ દસ વર્ષના હતા ત્યારે તેમણે પિતાની છત્રછાયા ગુમાવી. માતુશ્રી પ્રેમકુંવરબેને, ત્રણે બાળકોને ધીરજ અને હિંમતથી, આર્થિક કટોકટીનો સામનો કરી ઉછેર્યા.

મથુરાદાસે કરાંચીની વિખ્યાત શારદા મંદિરમાં મેટ્રીક સુધીનો અભ્યાસ કર્યો. ત્યારબાદ કોલેજમાં દાખલ થયા પરંતુ બરાબર એ જ વર્ષે ભારતના ભાગલા થયા. કરાંચીમાં વસતા હજારો પરિવારોની જેમ એમને પણ કરાંચી છોડવું પડ્યું. એ સમયની પરંપરા મુજબ એમના લગ્ન તો બે વર્ષ પહેલાં ૧૯૪૫માં જ થઈ ગયા હતા. તેઓ અને એમના પત્ની ઉપરાંત એમના માતુશ્રી અને તરૂણ વયના બે ભાઈઓ સહિતનો પરિવાર અચાનક ઘરબાર વિનાનો, સાધનહીન અને દિશાહીન થઈ ગયો. ત્યારે મથુરાદાસની ઉંમર માત્ર ૨૦ વર્ષની હતી. ભારતના ભાગલાએ એમને રાતોરાત વિદ્યાર્થી મટી, પરિવારના વડીલ બની જવું પડ્યું. એમનું ઉચ્ચ અભ્યાસનું સ્વપ્ન રોળાઈ ગયું.

પરિવારને લઈ, તેઓ ભારત આવ્યા. સૌરાષ્ટ્રના મોરબી શહેર પાસેના ગામ ટંકારામાં ઓળખીતાને ત્યાં આશ્રય લીધો. ત્યાંથી કામધંધો શોધતા, મોરબી અને પછી જામનગર આવ્યા. એક સુડીના કારખાનામાં કામ મળ્યું. કંઈક ઠરીઠામ થયા. પરંતુ આ એમની મંઝીલનો આખરી પડાવ નહોતો. બે વર્ષ પછી ૧૯૫૦માં તેઓ જબલપુર આવ્યા. એમના સાળા જમનાદાસ પોમલ સાથે ભાગીદારીમાં સેનીટરી વેરની દુકાન ખોલી. પરંતુ નસીબ બે ડગલાં આગળ હતું.

૧૯૫૨માં એમની પત્નીએ છુટાછેડા લીધા. ભાગીદારીમાં પણ ભંગાણ પડ્યું. ૧૯૫૬માં એમણે બંને ભાઈઓને સાથે રાખી ૧૯૬૦-૬૧માં ઈંદોર મધ્યે કોન્ટ્રાક્ટર તરીકેનું કામ શરૂ કર્યું. યુનાઈટેડ એન્જીનીયર્સ કોર્પોરેશન નામની ફર્મ ખોલી. મીલીટરી એન્જીનીયરીંગ સર્વિસનું કામ કોન્ટ્રાક્ટ પર લીધું. વ્યવહાર કુશળ ધૈર્યવાન માતુશ્રીની છત્રછાયા હેઠળ મથુરાદાસે ઘરના મોભી તરીકેની જવાબદારી પૂરી નિષ્ઠાથી અદા કરી. ત્રણે ભાઈઓમાં સંઘર્ષયુક્ત જીવને શીખવેલી સમજ હતી. રાત દિવસ કામ કરીને સમૃધ્ધ થવાની લગન હતી. પરસ્પર સંપીલી હુંફ હતી. પરિણામે સિધ્ધિના શિખરો એક પછી એક સર કર્યા. આજે આ પરિવારની માલીકીની ચાર ફર્મો છે. બે નાના ભાઈઓ ઉપરાંત એમના સુપુત્રો આ ફર્મોનો કારોબાર કુશળતાપૂર્વક સંભાળે છે.

એમના સમગ્ર જીવનની સૌથી મોટી ઉપલબ્ધિ એમના ભાઈઓ સાથેનો સંયુક્ત એકરાગી પરિવાર. એમના ટુંકા લગ્ન જીવનને 'નિયતિ' માનીને, એમણે ક્યારેય પુનઃ લગ્નનો વિચાર સુદ્ધાં ન કર્યો. બલકે બંને નાના ભાઈઓને યોગ્ય ઠેકાણા શોધી હોંશથી પરણાવ્યા. તેમજ પરિવારના પ્રત્યેક સભ્યને જીવનની અંત ઘડી સુધી ભરપૂર વાત્સલ્યની લ્હાણી કરી. આ તૃષ્ણામુક્ત તપસ્વીએ નિયતિ દ્વારા નિશ્ચિત, સ્વ- જીવનને ભાઈઓના પરિવાર માટે સમર્પિત કરી જીવન જીરવી અને ખુદ્દારીપૂર્વક જીવી જાણ્યું. જેમનું ૮૫ વર્ષની પાકટ વયે ૨ ઓગસ્ટ, ૨૦૧૧ના રોજ અવસાન થયું.

**આપણા પરિવારો**

## મારૂ કંસારા સોની જ્ઞાતિમાં કોટડીયા અટક ધરાવતા કચ્છમાં રહેતા અને કચ્છ બહાર રહેતા ભાઈઓની માહિતી

**- લખમશીભાઈ કોટડીયા (નખત્રાણા)**

મુળ રાજસ્થાનમાં બારમેડ જિલ્લાના કોટડા ગામથી ગુજરાત આવ્યા મુળ અટક **ભાટી** છે. પણ કોટડા ગામમાં રહ્યા તેથી કોટડીયા કહેવાયા તેવું આપણા ભાટનાં ચોપડાથી જાણવા મળ્યું હતું. મૂળ મહેલાં મૂરજીબાપા ગુજરાતથી કચ્છમાં કેરા (તા. ભુજ)માં આવ્યા. કેરાથી અંદાજીત ૨૦૦ વર્ષ પહેલાં તે બાંડીઆ(અબડાસા) આવ્યા પછી બાંડીઆથી હીરજીબાપા પરિવાર ઉગેડી આવ્યો અને વાઘજીબાપા પરિવાર નલિયા ગયો અને ત્યાંથી સિંધ ગયા અને ભાગલા પડતાં ૧૯૪૭માં ભાગલા પડતાં ફરી પાછા કચ્છ આવ્યા. જેમાં લખમશી બાપા - ભુજ જ હતા. બાકી ટોપણદાસ અમદાવાદ (મણીનગર) રહ્યા. ખીમજીબાપા-આદિપુર રહ્યા. ઈબજીબાપા ભુજ રહ્યા. ગોપાલદાસ સીંધથી નલિયા આવ્યા પછી ત્યાં ઘણાં વરસો રહ્યા પછી નખત્રાણા આવ્યા.


ગોવિંદબાપાનો પરિવાર ૧૯૪૭માં કચ્છ આવ્યો થોડો ટાઈમ માંડવીમાં રહ્યા પછી તેઓ મુંબઈ ગયા તથા સ્થપાઈ ગયા. પછી તેમના દીકરામાંથી હજી ૧ પરિવાર લક્ષ્મીકાંત


જેઠાલાલ મુંબઈ છે. બીજા દિકરા નારાણભાઈ જેના પરિવારમાં ઓધવજીનો દિકરો નરેન્દ્ર નારાણપર (ભુજ) છે. બીજો દિકરો ગાંધીધામ છે. નામ યાદ નથી મહેન્દ્ર નારાણજી પણ નારાણપર (તા. ભુજ) છે. તેનાં બે દિકરા છે. જેમાં નામ યાદ નથી. ૧ દિકરો લાઈટ વિ. કામ કરે છે. બીજો દીકરો ઈલે. ઈન્જિનિયર છે જે આરબ કેન્દ્રમાં સારી પોસ્ટ પર સર્વિસ કરે છે.

લખમશી બાપાનાં એક દિકરા જદુરામ ભુજમાં રહે છે. એસ.ટી. બસ સ્ટેન્ડમાં કેન્દ્રિત છે. તેમના દિકરા ૩ છે. જેમાં બે મનુભાઈ તથા દિલીપ કેન્ટીન વ્યવસાયમાં છે.

૩જો દિકરો છે તે સિવિલ એન્જિ. છે. જે કન્સ્ટ્રકશન લાઈનમાં છે. ઈબજીબાપાના પરિવારમાં સ્વ. દયારામનાં પાંચ દિકરા છે. જેઓ ભુજ છે. વ્યવસાય ચાની કેન્ટીન તથા ફરસાણની દુકાનો છે.

આ રીતે મારા ખ્યાલમાં જે વિગત હતી લખી મોકલાવી છે. જે વાંચી જે યોગ્યતા સેતુમાં આપશોજી.



# ગૌતમ ગોત્રના બારમેડા પરિવારો

**તુલસીદાસ કંસારા, અમદાવાદ.**

ગૌતમ ઋષિના ગોત્રની બારમેડા અટકને રાજસ્થાનમાં આવેલ બારમેડ નામના શહેર સાથે સંબંધ છે અને નથી. ખરેખર તો આ અટકની શરૂઆત બાડમેરની સ્થાપનાની એકાદ સદી પહેલા થયેલ છે અને તેના પુરસ્કર્તા હતા બારમેડાઓના વડવા શ્રી ધર્મસિંહજી. તેમનો જન્મ આજના બારમેડથી ત્રીસેક માઈલના અંતરે આવેલ જુના કરાડ (કે કરાડુ) નામના ગામમાં દેવરાજજીને ત્યાં લગભગ ૧૩૧૫ વર્ષો પહેલાં થયેલ (વિ. સં. ૭૫૬ વૈશાખ શુક્લપક્ષની ત્રીજ બુધવાર) ત્યારે આપણા મારવાડ (રાજસ્થાન)ના સમાજમાં કન્યાઓની અછતને કારણે કન્યા વિક્રયનો રિવાજ હતો અને નાણાની અછત ને કારણે કેટલાયે યુવકો કુંવારા રહી જતા હતા.

**પ્રથમ સમૂહ લગ્ન :** આવી વિપરિત સામાજિક પરિસ્થિતિમાંથી રસ્તો શોધી આ દૂરંદેશી મહાપુરૂષશ્રી ધર્મસિંહજીએ પોતાના સમાજના અગ્રણીઓ તેમજ કુટુંબીજનો નિમંત્રણ પાઠવીને આજુબાજુથી અનેક પરિવારોને બોલાવ્યા અને આશરે દોઢસો જેટલા યુગલોને પોતાના ખર્ચે પરણાવેલ. આ દ્રષ્ટિએ મારૂ કંસારાઓ માટે તે પ્રથમ સમુહ લગ્ન કહેવાય. તે સમયે તેમણે મહેમાનોને વિદાય આપતી વખતે આભાર માનતાં પોતાની અટક હવેથી બાડમેરા રાખવાનું નિશ્ચિત કરેલ અને તે પ્રમાણેની જાણ વિદાય લેતા મહેમાનોને કરેલ.

**બાડ-મેરાનો અર્થ અને ભવિષ્યવાણી :** વિદાય લેતા મહેમાનોમાંથી કોઈ જીજ્ઞાસુએ કારણ પૂછતાં તેમણે કહેલ કે તમે લોકો મારી વાડ-હદ-માં આવ્યા તેથી આજથી મેં મારી અટક બાડમેરા રાખેલ છે. બાડ એટલે મારવાડી બોલીમાં હદ અને મેરા એટલે મારી આજુબાજુના લોકો, જેના પરથી કદાચ મેરાવળો કે મેળાવળો શબ્દ ઉતરી આવેલ હશે. અને સાથે સાથે તેમણે એમ પણ કહ્યું કે આજથી સો એક વર્ષ પછી એક નગર બનશે જેનું નામ બાડમેર રાખવામાં આવશે. આમ તેમની ભવિષ્યવાણી પણ સાચી પડેલ તેથી જ બારમેડાઓને બારમેડ સાથે સંબંધ છે તે કરતાં તેમના વડવા ધર્મસિંહજી સાથે વધારે સંબંધ છે.

વિકીપીડીયામાંથી મળેલ માહિતી પ્રમાણે પણ અઢારમી સદીમાં બ્રિટીશ લોકોએ બારમેર અથવા તો બાલમેર નામ આ શહેર માટે સ્વીકારેલ જે તેરમી સદીમાં થઈ ગયેલ બહાડા રાઓ પરમાર (પનવાર) નામના રાજા અને તેમના કિલ્લાબંધ શહેર બહાડામેર પરથી ઉતરી આવેલ છે. આમ બાડમેર કહો કે બારમે, તે ઓળખનું નામ આપનાર હતા પ્રથમ બાડમેરા ધર્મસિંહજી.

**આપણી જ્ઞાતિના જાણવા જેવા બારમેડાઓ :** આજથી



પચાસેક વર્ષ પહેલા મુંબઈમાં ઝવેરભાઈ એન. બારમેડાને મળાનું થયેલ. તેઓ રીઝર્વબેંકમાં ડાયરેક્ટર પદે હતા. તેમના મોટાભાઈ ખેંગારભાઈ બારમેડા એજયુકેશન ડિપાર્ટમેન્ટમાં ઈન્સ્પેક્ટર હતા. તેમણે અંગ્રેજીમાં વિદ્યાર્થીઓ માટે બુક્સ પણ લખેલ. બંને ભાઈઓ મુંબઈમાં રહેતા. ઝવેરભાઈ પછીથી અમદાવાદ મારે ત્યાં સ્ટેટ બેંકની લઘુઉદ્યોગ શાખામાં મળવા આવેલ અને ત્યાંથી તેમને હું અમદાવાદની પ્રખ્યાત ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટમાં લઈ ગયેલ. તેમના પિતાશ્રી બાજુની **છબીમાં દેખાતા** શ્રી નાગજીભાઈ બારમેડાનું મુળ ગામ સિનોગ્રા જે મેં નાનપણમાં જોયેલ અને આજુબાજુની વાડીઓમાં તેમની સાથે ફરવા ગયેલ તે યાદ છે. ત્યારબાદ તેઓ અંજાર આવીને વસેલ. તેમના ચાર પુત્રો અને બે પુત્રીઓ. અહીં વાત કરી તે ઝવેરભાઈ અને ખેંગારભાઈ સિવાય ધનજીભાઈ અને પરમાનંદભાઈ તેમના પુત્રો. ધનજીભાઈ ના પુત્ર હરિલાલભાઈ મુબઈ ઘાટકોપર રહે અને જ્ઞાતિનું કામકાજ કરે.

**ભુજના બારમેડાઓ :** સમયના વહેણ સાથે બાડમેરાનું અપભ્રંશ થઈને બારમેડા થઈ ગયાનું જણાય છે. ભુજમાં બારમેડા પરવારોમાં સ્ત્રી અને પુરુષોનું પ્રમાણ લગભગ સરખું (૫૦:૫૦) થઈ ગયેલ છે. જે એક આદર્શ પરિસ્થિતિ કહેવાય, આમ આ પરિવારના દૂરંદેશી વડવા ધર્મસિંહજીના આશીર્વાદ આ પરિવાર પર ઉતર્યાનું કહી શકાય. મોટી સંખ્યા ધરાવતાં કુટુંબોની વાત કરીએ તો તે છે બાર સભ્યોની સંખ્યા ધરાવતા ઓધવજી રતનશીનો પરિવાર.

તેઓ પીપડા ફળિયામાં રહેતા હતા. ઘરમાં ગાય રાખતા હતા. સવારે વહેલા ઉઠી મહાદેવના નાકા બહાર ગરીબોને અને ગાય-કૂતરાઓને રોટલા ખવડાવવાનો તેમનો વર્ષોથી નિયમ હતો. તેમની વાસણો વેચવાની દુકાન અત્યારે તેમના પુત્રો અને પોત્રો કંસારા બજારમાં ચલાવે છે.

સૌથી વધારે ૧૬ની સંખ્યા ધરાવતા અને એક સાથે રહેતા પરિવાર તરીકે નોંધાયેલ સ્વ. માવજી ખીમજી બારમેડાનું ફેમીલી છે. જેમાં આવક ના સાધન તરીકે વેપાર અને નોકરીમાં શૈક્ષણિક પ્રવૃત્તિનો સુભગ સંગમ થયેલ છે. ઘરના બધા જ સભ્યોની ઉચ્ચ શૈક્ષણિક લાયકાતો જોતાં આ પરિવારનો ભણતર તરફનો લગાવ અનુસરવા લાયક છે. કુલ નોંધાયેલ ૧૩૪ ફેમિલી થઈ ૬૩૧ વ્યક્તિઓ સાથે વડીલશ્રી ધર્મસિંહજીએ અન્ય વધારે સંખ્યા ધરાવતા કુટુંબોનો ઉલ્લેખ કરીએ તો તે છે બાર સભ્યો સાથેનું સ્વ. મૂળશંકર શીવજી બારમેડાનો પરિવાર જે મુખ્યત્વે વેપારમાં રોકાયેલ હોવાનું જણાય છે. જ્યારે દસ સભ્યોની સંખ્યા સાથે સ્વ. જટાશંકર શીવજી બારમેડાનો પરિવાર વેપાર તેમજ નોકરી એમ સંયુક્ત પ્રકારે પોતાની આવક મેળવે છે. તેવું જ ૧૨ સભ્યોનું જગીદશ શીવજી બારમેડાનું કુંટુંબ માધાપર (ભુજ) મુકામે ચાંદીકામના વ્યવાસાય સાથે સંકળાયેલ છે. આવા જ બે અન્ય પરિવારોમાં દસ દસ સભ્યોની સાથે કાંતિલાલ કેશવજી બારમેડા, મુળ-કોટડા ચકારના, વકીલાત અને સોની કામમાં રોકાયેલ છે જ્યારે નરોત્તમ નરશી (મેઘપર) ગેરેજ ચલાવે છે. ૨૦૦૯ના વસ્તીપત્રક મુજબ ભુજમાં નોંધાયેલ ૫૩૦૯ પરિવારોમાં ૨૦ ટકા બુદ્ધભટ્ટી, ૧૩ ટકા પોમલ અને ત્રીજે નંબરે ૧૨ ટકા સાથે બાડમેરાઓની વસ્તી છે.

**અમદાવાદ અને બારમેડા :** અહીંની વાત કરીએ તો, પરિવાર-પરિચય નિર્દેશિકા-૨૦૧૪ની આવૃત્તિ પ્રમાણે અહીંના કુલ ૧૧૨ પરિવારોમાંથી ઓગણીસ બારમેડા પરિવારોમાં સૌ પ્રથમ અહીં વસેલ પરિવાર કાંતિલાલ નાગજી બારમેડાનો છે. જેમાં તેમના બે પુત્રો રાજેન્દ્રભાઈ અને ગિરીશભાઈના કુટુંબીજનો સાથે એક ડઝન સભ્યોનો સમાવેશ થાય છે. આ પરિવારના સહકાર અને સહયોગ શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિમંડળને શરૂઆતથી જ મળતો રહેલ છે. તેમના પુત્રશ્રી ગિરીશભાઈ નામાંકિત સિવીલ એન્જીનીયર છે અને એક સાહસિક બિલ્ડર તરીકે મધ્યમ વર્ગના લોકોના વસવાટ માટેના બાંધકામમાં સારું એવું ગજુ કાઢેલ છે. તેઓએ બે-ત્રણ વર્ષ પહેલા જ્ઞાતિના બધા જ સભ્યોને નળસરોવરનો પ્રવાસ કરાવેલ. તેમના બીજા પુત્ર શ્રી રાજેન્દ્રભાઈનો ફાળો અમદાવાદમાં મંડળ શરૂ કરવામાં બે રીતે નોંધનીય છે, પ્રથમ તો તેમણે પોતાની માણેકચોક વિસ્તારમાં સાંકળી ગલી જેવા રસ્તે આવેલ ચાંલ્લાની ઓળમાં ધવલ જ્વેલર્સ નામની દુકાનમાં મંડળની ઓફીસ કરવા માટે સ્વેચ્છાએ ઉમળકો દર્શાવ્યો જેથી કાયદેસરનું સરનામું આ મંડળને મળ્યું. અહીં આડવાત અમદાવાદમાં પોળ એટલે રહેણાકની જગ્યાઓ અને ઓળ એટલે ધંધાની જગ્યા. દા.ત. તેમની દુકાની આવેલ છે તે શેરીને ચાંલ્લા ઓળ કહેવાય છે. બીજું તેમની ઉદારતાને કારણે અમદાવાદમાં વસ્તી ગણતરી શક્ય બની અને તેના પરિણામ સ્વરૂપ પ્રથમ પરિચય પુસ્તિકાએ આકાર લીધો. અત્યારે શ્રી રાજેન્દ્રભાઈ આ મંડળનું પ્રમુખપદ સંભાળે છે. તેઓ શરૂઆતથી જ ખજાનચીનો હોદ્દો સંભાળી ચૂકેલ છે. તેમજ મંત્રી તરીકે પણ કાર્ય કરી ચૂકેલ છે. તેમનો શાંત સ્વભાવ અને ઓછાબોલાપણું દરેકને ગમી જાય તેવા સદ્‌ગુણો છે. જે કદાચ તેમના રોજેબરોજના કામકાજને કારણે હોઈ શકે, કારણકે તેઓ અવનવા રંગના ગ્રહોની તાસીર પ્રમાણેના નંગ, કિંમતી પથ્થરોના જાણકાર છે અને જ્યોતિષીઓ તેમજ દાગીના બનાવતા વેપારીઓ કે કારીગરો સાથે ઘરોબો જાળવીને પોતાના વેપારને વિસ્તારેલ છે. તેમના પિતાશ્રી સાથે થયેલ વાર્તાલાપ અહીં તેમના જ શબ્દોમાં આપેલ છે.

**અમદાવાદમાં પ્રથમ પગલાં મૂકનાર કાંતિલાલ નાગજી બારમેડા :** ''અમારા પરિવારમાં કચ્છના નખત્રાણા તાલુકાના વિથોણ ગામથી અમદાવાદમાં આવીને વસવાટ કરનાર અમારા મોટાભાઈશ્રી વેલજીભાઈ હતા. તેઓએ પછીથી અમને અમદાવાદ બોલાવ્યા અને ત્યારે અમો ચાંદીકામ કરતા હતા ત્યારે અમારો વસવાટ અમદાવાદના દાણીલીમડા વિસ્તારમાં હતો. ત્યાર બાદ મેં ઈલેક્ટ્રીકના માલસામાન વેંચવાની દુકાન કરેલ. મોટા દિકરા રાજેન્દ્રભાઈને ભુજથી ઝવેરલાલ શીવજી પ્રાગજી બુદ્ધભટ્ટીના પરિવારમાંથી પરણાવેલ ત્યારે ગઈ સદીના આઠમાં દાયકાના અંત ભાગમાં પ્રથમ વખત અમદાવાદના આપણા જ્ઞાતિજનોને ભેગા કરેલ અને તેમના દર્શન કરી ધન્ય થયેલ. અત્યારે મારી વય લગભગ ૭૬ વર્ષની છે. અને મારા બંને દિકરાઓના સુખી સંસાર જોઈ, ઈશ્વરને પ્રાર્થના કરતાં કરતાં સંતોષ સાથે આ લાંબા જીવનની સાંજને માણી રહેલ છું.''

મુંબઈમાં બારમેડા પરિવારોની સંખ્યા ત્યાં વસતા ૧૪૧ કુટુંબોમાંથી સત્તરની હતી. જે ત્યાં વસતા છત્રીસ બુદ્ધભટ્ટી પરિવારો પછી બીજા નંબરની હતી.
(સૌજન્ય મુંબઈ-પરિવાર પરિચયપત્રક, ૨૦૦૨ (સંવત ૨૦૫૯)

**બારમેડાની દિકરી અને દામાણી બુદ્ધભટ્ટીઓની માતા** : આજથી ૨૩૭ વર્ષ પહેલા પોષ વદ-૪, સંવત ૧૮૩૪ તા. ૧૪-૨-૧૭૭૭ શુક્રવારની સાંજે, ૨૫ વર્ષની યુવાન વયે ભુજ મધ્યે સતી થયેલ મા મેઘબાઈ (જન્મ સ્થળ કોઠારા, તા. અબડાસા, સોમવાર તા. ૧૭-૫-૧૭૫૨ સંવત ૧૮૦૯, વૈશાખ વદ-૮) નો જન્મ પણ બારમેડા પરિવારમાં થયેલ.

## લોકલાડીલા સ્વ. માધુબાપા
## સ્વ. માધવજી રતનશી બારમેડા

શ્રી મારૂ કંસારા સોની સમાજમાં મોભી અને વિથોણ પંથકમાં બુઝર્ગ સામાજિક અગ્રણી માધવજી રતનશી બારમેડા(ફાર્માશિસ્ટ).

પશ્ચિમ કચ્છ મારૂ સોની સમાજમાં અગ્રણ અને પશ્ચિમ કચ્છ સમુહ લગ્નનાં પ્રણેતા તેમજ લગ્ન સમિતિનાં કન્વીનર આજથી ૩ દાયકા પહેલાં કચ્છના સમસ્ત જ્ઞાતિજનોને વિથોણ ખાતે નિમંત્રી, સંગઠન ક્ષેત્રે પહેલ કરનાર જ્ઞાતિના જિલ્લા એજ્યુકેશન ટ્રટનાં કારોબાર સભ્ય હતા.

ઉપરાંત વિથોણ સમસ્ત મહાજન સમાજનાં પૂર્વપ્રમુખ વિથાણ ભીડભંજન મહાદેવ મંદિરના પુનઃ નિર્માણનાં પ્રેરક, કચ્છી-ગુજરાતી ભાષાનાં માહિર ઐતિહાસિક વાર્તાઓ બખૂબી રજૂ કરનાર, નામી નાટ્યકાર, નિર્દેષક, ભજનાનંદી, સેવાભાવ-પરગજુ અને પારકી છઠ્ઠીનાં જીગંતલ કહી શકાય આવી અનેક વિદ્‌બહુમુખી પ્રતિભા ધરાવતા સદ્‌ગત આ પંથકમાં 'માધુબાપા'નાં હુલામણા નામે જાણીતા હતા.

તેઓ નાયબ માહિતી નિયામક શ્રી શાંતિલાલ સોની, ભુજનાં પિતાશ્રી, સી. જી. સોની દાસના ભાઈ કલ્યાણજી નથુભાઈ બારમેડાનાં કાકાઈ ભાઈ અને મોટોચા પરિવાર માધાપર(ભુજ)નાં જમાઈ થતા હતા.

## શ્રી સાબરકાંઠા કચ્છ મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળના આદ્યસ્થાપક સ્વ. સોની જેઠાલાલ જુવરામભાઈ, તલોદ

કચ્છના અંજાર તાલુકાના ખંભરા ગામના મૂળ વતની સ્વ. સોની જીવરામભાઈ કલ્યાણજીભાઈ ૧૯૫૫માં તેમના પાંચ દિકરા સાથે તલોદથી ૮ કિમી. દૂર આવેલા મોતીસરી ગામે આવીને વસ્યા હતા. તેમના પાંચ દિકરા પૈકી ત્રીજા નંબરના દિકરા સ્વ. સોની જેઠાલાલ જીવરામભાઈ ૧૯૫૭માં ૧૮ વર્ષની ઉંમર તલોદ માર્કેટયાર્ડમાં આવેલ બચુભાઈ પટેલને ત્યાં લેથના કારખાનામાં માસિક ફક્ત ૬૦ રૂ.ના પગારથી નોકરીએ લાગ્યા

હતા. પરંતુ પોતાનો ધંધો હોય તો સારું તેવું તે હંમેશા વિચારતા. એ માટે તેઓ નોકરીએથી છુટ્યા પછી સાંજના ટાઈમે એક ઘડિયાળની દુકાને કામ શીખવા જતા. ૧૯૬૦માં તેમણે પોતાની ઘડિયાળ રીપેરીંગની એક નાની દુકાન કરી. ૧૯૬૨માં તેઓ સોની પ્રેમજીભાઈ ગોવિંદજીની દિકરી લીલાબેન સાથે સામાજીક રીત રિવાજ મુજબ લગ્નગ્રંથીથી જોડાયા. તેમના લગ્નજીવન દરમિયાન સમયાંતરે પાંચ પુત્રનો પ્રવેશ થયો. સમય જતાં તેમણે ઘડિયાળના રીપેરીંગની સાથે સાથે નવા ઘડિયાળનું વેચાણ પણ ચાલુ કર્યું અને આ ઘડિયાળના ધંધાનો ખૂબ જ સારો વિકાસ કર્યો. ૧૯૬૭માં તો તેમણે પોતાનું એક સુંદર મકાન બનાવ્યું. તેમનો સામાજિક દૃષ્ટિકોણ પણ સૌથી અલગ હતો. માટે તા. ૨૫-૫-૧૯૭૯ ના રોજ તેમણે તે વખતના સાબરકાંઠા જિલ્લાના વડીલો સોની રવજીભાઈ ખેતશીભાઈ, સોની લાલજીભાઈ વેલજીભાઈ તેમજ બીજા આઠ સભ્યોની એક મિટીંગ પોતાના ઘરે બોલાવીને શ્રી સાબરકાંઠા કચ્છ મારૂ કંસારા સોની જ્ઞાતિમંડળની સ્થાપના કરી. ઘડિયાળનો ધંધો મોટા દિકરા રશ્મીનભાઈને સોપીને તેમણે તા. ૨૫-૧૧-૧૯૮૭ ના રોજ જે. જે. જ્વેલર્સના નામથી સોના-ચાંદીની દુકાન ચાલુ કરી.

જ્ઞાતિ સેતુના વર્ષ ૨૦૦૪ના પ્રથમ અંકમાં સ્વ. સોની જેઠાલાલ જીવરામભાઈએ પોતાનું મંતવ્ય જણાવેલ અને લખ્યું હતું કે આપણું અખિલ ભારત લેવલનું એક મહામંડળ હોવું જોઈએ. તે માટે તેમણે તથા સોની પ્રેમજીભાઈ કેશવજીભાઈ (વડાલીવાળા) એ વર્ષ ૨૦૦૭ માં ખેડબ્રહ્મા મુકામે શ્રી સાબરકાંઠા મારૂ કંસારા સોની જ્ઞાતિમંડળ દ્વારા સમસ્ત મારૂ કંસારા સોની સમાજની એક ચિંતન શિબીરનું આયોજન કર્યું અને તે શિબીરમાં શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળની સ્થાપના કરાવી આપી.

**સ્વ. જેઠાલાલ જીવરામભાઈ સોની પરિવાર**

રશ્મીનભાઈ (તલોદ)
- દાનીશ

દિનેશભાઈ (તલોદ)
- વૈશાલી
- મનાલી • દર્શન

વિજયભાઈ (ગાંધીનગર)
- જયમીત
- હેનીલ

શૈલેષભાઈ (તલોદ)
- નૈનશી
- ખુશીલ

જયમીનભાઈ (અમદાવાદ)
- રાજ
- કશીશ

## ચીમનલાલ વેલજીભાઈ બારમેડા - વડોદરા

***વડોદરાની વિગત, વડોદરામાં વર્ષોથી વસવાટ કરતા શ્રી ચીમનભાઈ વેલજી સોનીએ મોકલી છે. તેઓશ્રી ખુદ ઉદ્યોગપતિ છે. સમાજ હિત કાર્યો માટે એમને કોઈ નાત, જાત, પદ પ્રતિષ્ઠાનો બાધ નથી. તેઓશ્રી દ્વારા પ્રેરીત કાર્યની વિગત અત્રે પ્રસ્તુત છે.***

વડોદરા મધ્યે આપણી જ્ઞાતિના એક મહાનુભવનો નમ્ર પ્રયાસ હું માનવ, માનવ, બસ માનવ બનું. ચીમનલાલ વેલજી સોની - વડોદરા વડોદરા મુકામે આપણી જ્ઞાતિના જુજ પરિવારો છે. કોઇ સંગઠન જેવું નથી. પરંતુ, મિત્રો અને સાથીઓ સાથે મળી થોડું થોડું સેવા કાર્ય કરીએ છીએ — નાતજાતના ભેદ વિના.

અમારી હાલની પ્રવૃત્તિઓમાં મુખ્યત્વે નાના બાળકોને આવરી લેવામાં આવે છે. તંદુરસ્ત બાળક અને શિક્ષિત બાળક ભારત અને દેશનું ભવિષ્ય હોઇ અમારું સમગ્ર ધ્યાન હાલ એમની તરફ કેન્દ્રિત છે.

**આયોજીત સેવાઓ**

(૧) નિષ્ણાંત ડોક્ટરો દ્વારા બાળકોનું મેડિકલ ચેકઅપ કરાવી જરૂરતમંદ બાળકોના ઈલાજ માટે જરૂરી દવાઓ અપાવી, બાળક તંદુરસ્ત થાય ત્યાં સુધી દવા અને ચેક અપ ચાલુ રાખવામાં આવે છે. ઘણા બાળકો શ્વસનની, પેટની નાની મોટી તકલીફો, આંખ અને અન્ય શારીરિક બિમારીથી પીડાતા હોય છે. કેટલાક કિસ્સામાં જરૂરી સર્જરીની પણ વ્યવસ્થા કરીએ છીએ.

(૨) આંગનવાડીમાં નાના બાળકો માટે રમત ગમતના સાધનો, રમકડાં, મેરી ગો રાઉન્ડ વગેરે પૂરા પાડવામાં આવે છે. યોગ્ય હવા ઉજાસ, બેસવાની વ્યવસ્થા, નાસ્તા માટેના સાધનો આપી યોગ્ય કરવામાં આવે છે. બાળકો માટેના શૈક્ષણિક સાધનો પણ આપવામાં આવે છે.

(૩) આંગનવાડીમાં આવતા બાળકોને એકસરખા યુનીફોર્મ પણ આપવામાં આવે છે.

(૪) પછાત વિસ્તારના બાળકો માટે આશ્રમમાં રહી ભણવાની અને રહેવાની વ્યવસ્થા કરાવી આપીએ છીએ. જેમને રહેવાનું, જમવાનું, શિક્ષણ, ચોપડી-નોટબુકથી લઈ દરેક સગવડ પૂરી પાડવામાં અમે મદદરૂપ થઈએ છીએ.

શહેરના ઘણા ગ્રામીણ અને પછાત વિસ્તારોમાં વસતા બાળકો શૈક્ષણિક અને મેડિકલ સવલતોથી વંચિત રહે છે. આવા વંચિત વર્ગના જે બાળકો તરફ સરકાર અથવા સ્વૈચ્છીક સંસ્થાનું ધ્યાન પૂરતું કેન્દ્રિત થયું ન હોય તેવા વિસ્તારોમાં અમે પૂરક સેવાઓ આપવા પ્રયત્નશીલ છીએ.

•


* * * નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ * * *

**સ્વઉત્કર્ષ મહિલા મંડળ - અંજાર**

| પ્રમુખ | ઉપપ્રમુખ |
|---|---|
| પીકીબેન કટ્ટા | કાશીબેન પોમલ |

| મંત્રી | સહમંત્રી | ખજાનચી | સહખજાનચી |
|---|---|---|---|
| અર્જુનાબેન પોમલ | રીમાબેન પોમલ | તરૂણાબેન બુદ્ધભટ્ટી | જયશ્રીબેન બારમેડા |

**કારોબારી સભ્યો**

| | | | |
|---|---|---|---|
| શાંતાબેન બારમેડા | કલ્પનાબેન બુદ્ધભટ્ટી | જસ્મીનબેન બગ્ગા | મીનાબેન બગ્ગા |
| સુશીલાબેન સાકરીયા | દક્ષાબેન સાકરીયા | જ્યોતિબેન બારમેડા | દીપ્તીબેન બુદ્ધભટ્ટી |
| દયાબેન ગુજરાતી | કુમારી પુજા બારમેડા | શારદાબેન બારમેડા | રમીલાબેન બારમેડા |
| સ્મિતાબેન વીસાપરમાર | વીણાબેન ગુજરાતી | હેમલતાબેન પોમલ | ગૌરીબેન બારમેડા |

*Wishing you a Happy New Year!*



AKASH COMPUTERS SAKSHARTA MISSION & EDUCATION
ACSM & E
AKASH COMPUTERS SINCE - 1995

Regd No.: GUJ-GUJ/1824/KUTCH,
N.C.T New Delhi:-2238
Skill Testing Centre from B.S.A.

IBC International Benchmarking & Certification
ASCB(E)

# AKASH COMPUTERS
# SAKSHARTA MISSION & EDUCATION

(An Autonomous Institution Registered under Govt. of India N.C.T. New Delhi, Govt. of Gujarat)

## AN ISO 9001 : 2008 Certified Organization

**AKASH COMPUTERS SHAKSHARTA MISION AND EDUCATION CHARITABLE TRUST**

**H.O.: OFFICE NO. 9-10, FIRST FLOOR, SAIBABA COMPLEX, PLOT NO.216, WARD -12 B, GANDHIDHAM (KUTCH) GUJARAT -370201**
E MAIL – AKASH COMPUTERS_EDU @ YAHOO.COM MOBILE NO. 9825061724 / 9909930088 ,TELEPHONE – 02836 231532

- PUBLIC CHARITABLE TRUST REGISTERED UNDER BOMBAY PUBLIC CHARITABLE TRUSTS ACT AND SOCIETY UNDER SOCITIES REGISTRATION ACT.
- PIONEER IN THE FIELD OF EDUCATION AND TRAINING IN THE FIELD OF COMPUTERS, BANKING &FINANCE PROVIDING SKILL ENHNCEMENT TRAINING IN COMPUTER BASIC HARDWARE AND NET WORKING, TALLY ACCOUNTING, COMPUTER OPERATOR AND WEB DESIGNING, DTP, ETC AND HAVING REGISTRATION AS VOCATIONAL TRAINING PROVIDER (VTP) AGENCY UNDER NCVT BY GOVT. OF GUJARAT .
- AN AUTONOMOUS INSTITUTION REGISTERED UNDER GOVT OF INDIA, NTC, NEW DELHI AND GOVERNMENT OF GUJARAT IN THE FIELD OF COMPUTER EDUCATION .
- REGISTERED SKILL TESTING CENTRE FROM B.S.A .
- AN ISO9001 : 2008 CERTIFIED AGENCY.

**SHRI RAJENDRA N JOSHI**
PRESIDENT

**BHAVESH R. JOSHI**
HON. SECRETARY

* * * નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ * * *

# શ્રી મારુ કંસારા સોની જ્ઞાતિ - ભુજ

## શ્રી મારુ કંસારા સોની જ્ઞાતિ લગ્નવાડી, કંસારા બજાર, ભુજ - કચ્છ.



પ્રમુખ
દિલીપભાઈ કે. બગ્ગા



ઉપપ્રમુખ
સુનિલભાઈ એમ. પોમલ




મંત્રી
રાજેશભાઈ એમ. સોલંકી



સહમંત્રી
સંજયભાઈ એ. બુદ્ધભટ્ટી



ખજાનચી
હિતેશભાઈ ડી. પોમલ



સહખજાનચી
રાજેન્દ્રભાઈ વી. બુદ્ધભટ્ટી



ખજાનચી - (MKF)
જમનાદાસ કે કટ્ટા



મેડીકલ સમિતિ-ચેરમેન
હર્ષદ ઝેડ. બુદ્ધભટ્ટી



શૈક્ષણિક કાયમી ફંડ-ચેરમેન
કિશોરચંદ્ર ડી. ચૌહાણ



શૈક્ષણિક કાયમી ફંડ સમિતિ-મંત્રી
પ્રદિપ જે. બીજલાણી



ખજાનચી-શૈક્ષણિક કાયમી ફંડ સમિતિ
મનસુખલાલ કે. બુદ્ધભટ્ટી

## કારોબારી સભ્યો

| | | |
|---|---|---|
| શ્રી ચંદ્રકાન્ત જદુભાઈ ચનાણી | શ્રી અશોકભાઈ જેન્તીલાલ બુદ્ધભટ્ટી | શ્રી ગિરીશ અમૃતલાલ સોલંકી |
| શ્રી બિપીનચંદ્ર શીવજી બુદ્ધભટ્ટી | શ્રી નવીન કલ્યાણજી બારમેડા | શ્રી અનિલભાઈ ત્રિકમદાસ બારમેડા |
| શ્રી હસમુખભાઈ કેશવલાલ મૈયા | શ્રી નીતિનભાઈ અમૃતલાલ હેડાઉ | શ્રી દયારામ મગનલાલ પોમલ |
| શ્રી ભરત શંભુલાલ કટ્ટા | શ્રી ચેતનભાઇ ઈશ્વરલાલ બારમેડા | શ્રી ભરતભાઈ હિંમતલાલ બગ્ગા |
| શ્રી અનિલભાઈ કેશવલાલ છત્રાળા | શ્રી મુકેશભાઈ લખમશી બારમેડા | શ્રી ત્રિલોકભાઈ કિર્તીભાઈ સોલંકી |

Wishing you a Joyous New Year!

**CA ARUN KUMAR T KANSARA**
B.Com., LL.B., FCA
Member –ICAI Panel of Arbitrators
Ex. General Manager (Finance) IFFCO

Ph.: (O) 02836-229163
(R) 02836-296122
(M) 09727300548

MANAGING PARTNER

## ARUN T KANSARA & ASSOCIATES

**CHARTERD ACCOUNTANTS**

204 (SF), Saibaba Complex, Plot No. 216 Ward 12/B,
Police Station Road, Above Akash Computers,
**Gandhidham (Kutch) 370201.**
Email : arunkansara@rediffmail.com

PRANLAL SONI

*Happy Diwali*

KISHOR P. SONI

KISNA

GJ

# GAYATRI
## JEWELLERS


MANUFACTURER & DEALERS IN GOLD & SILVER ORNAMENTS

SHOP NO: 4, PLOT NO: 510, SECTOR-5, OPP BHAVNATH MAHADEV TEMPLE, GANDHIDHAM-KUTCH
MO: 9825533371 • PH: 02836-23664

* * * નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ * * *

# શ્રી કચ્છ મારુ કંસારા સોની સમાજ ઉત્કર્ષ મંડળ - ગાંધીધામ

૭, રિદ્ધિ સિદ્ધિ, પ્લોટ નં. ૧૧૦,સેક્ટર-૨, ગાંધીધામ.



પ્રમુખ
ભરત તુલસી બગ્ગા



ઉપપ્રમુખ
જયેન્દ્રભાઈ ખીમજી કોટડીયા



મંત્રી
પ્રકાશ જે. બારમેડા

સહમંત્રી
સુરેશ પ્રાગજી બગ્ગા

ખજાનચી
વિનોદ લાલજી સોની

## કારોબારી સભ્યો

| | | |
|---|---|---|
| અરૂણ ટી. કંસારા | હિંમત એસ. સોની | ઈશ્વર એચ. કંસારા |
| પ્રકાશ જે. કંસારા | ઊતપલ આર. મૈયા | પ્રણલાલ જે. સોલંકી |
| પ્રફુલ કે. બગ્ગા | સમીર આર. કંસારા | કિશોર પી. સોલંકી |

* * * નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ * * *

# શ્રી મારુ કંસારા સોની જ્ઞાતિ - મુંબઈ

બી-૪, રાજમયુર સેવા રામ લાલવાણી રોડ, મુલડ પશ્ચિમ મુંબઈ-૪૦૦૦૮૦.



પ્રમુખ - ચાંદનીબેન બિજલાની



ઉપપ્રમુખ - વીણાબેન બગ્ગા



મંત્રી - ડોલર સાકરીયા



સહમંત્રી - સુરેશ પોમલ



ખજાનચી - રાજેશ સાકરીયા



સહખજાનચી - ભાવિક બિજલાની

## કારોબારી સભ્યો

કાંતિભાઈ બીજલાણી
ભરતભાઈ બુદ્ધભટ્ટી
પીયુષભાઈ બારમેડા
મહેશભાઈ બુદ્ધભટ્ટી
વિનોદભાઈ બગ્ગા
સુષ્માબેન બારમેડા
શોભનાબેન બારમેડા
મીનાબેન કટ્ટા

# બારમેડા ગોત્રનાં નૈવેદ્ય

સંકલન : શાંતાબેન અમૃતલાલ બારમેડા (અંજાર)

શ્રી ચામુંડા મા ગૌતમ ગોત્રજ બારમેડાનો ઈતિહાસ તથા નૈવેદ્ય ગૌતમ ગોત્રજ કુળદેવી માં ચામુંડા બારમેડાનોઇતિહાસ જોઈએ તો ધર્મસિંહજીથી શરૂ થાય છે. રાજસ્થાન જોધપુર જીલ્લામાં કેરાડુ ગામમાં વિક્રમ સંવત ૭૬૯માં દેવરાજજીને ત્યાં ધર્મસિંહજીનો જન્મ થયો. નાનપણથી તે બુધ્ધિશાળી અને પરાક્રમી પુરૂષ હતા. તેમણે જીવનમાં ઘણા કાર્યો કર્યા. સમાજ પ્રત્યેનો પ્રેમ અને સેવભાવથી તેમણે સમાજમાં એક વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. અનેક કુરીવાજો ખતમ કર્યા. સમાજની ૯૪૦ કન્યાઓ, જે દહેજને કારણે કુંવારી હતી તેમને પોતાના ખર્ચે એક માંડવે સમૂહ લગ્નમાં પરણાવી અને કન્યાદાન પણ આપ્યું. ધર્મસિંહજીએ ૮૪ અટક ગોત્રજ, ૯ ઋષિ દ્વારા અલગ અલગ કરી અને તેમ સાંચોરા બ્રાહ્મણને આપણા સમાજની વંશાવલીનો વહીવટ રાખવા માટે નીમ્યા.

ધર્મસિંહજીના વંશમાં એક દિવ્ય પ્રભૂતિ શ્રી પંછીદેવજીનો પ્રગટ વિક્રમ સંવત ૧૧૩૨ ચૈત્ર સુદ ત્રીજના મા ચામુંડાની અસીમ કૃપાથી પીંગાવતજીના ઘરે થયો હતો. તે ભૈરવનાં અવતાર હતા. માં એ પિંગાવતજીને કહ્યું હતું કે તેનો કોઈ પણ અપમાન કરશો તો તે અદ્રશ્ય થઈ જશે. પંછીજી બહુ તેજસ્વી હતા. જ્યારે બાર વરસના થયા ત્યારે એક દિવસ તેમની ભાભીએ કટુ વચન કહ્યું અને તરત જ તે અંતરધ્યાન થઈ ગયા. ભાભાની ખૂબ પ્રાર્થનાથી તે પ્રગટ થયા અને કહ્યું કે મારો જવાનો સમય થઈ ગયો છે.

આજે અખા ત્રીજ છે. આજે મારો નૈવેદ્ય ધરજો. જે આ પ્રમાણે : બે માટલી કોરી લઈ તેમાં શુધ્ધ પાણી ભરી અને આખા ઘઉંની માતર (ગળધાણિયા) બનાવી અને નાળીયેર વધારવો. ઘી નો દીવો, અગરબત્તી કરી મારૂં ચરિત્ર તે દિવસે સાંભળવું. આટલું બોલીને તેઓ અંતરધ્યાન થઈ ગયા.

● **બારેમાસના નૈવેદ્ય**

કારતક સુદ-૫ (લાભ પાંચમ)ના નૈવેદ્ય ઘઉંના શેકેલા દારાની લાપસી, ઘઉંના લોટની ભાખરીયો લાડવો, કાળા તલ કૂટીને લાડવો, મગ, ચોળા, જુવાર ત્રણે સવા-સવા મુઠ્ઠીના ઠુંઠા રાંધવા અને નાળીયેર નૈવેદ્યની મિક્સ પ્રસાદી કાળા કૂતરાને ખવડાવવી અને સીંદૂરનો ચાંદલો કરી પૂંછડીએ પાણી રેડવું.

● **મહા સુદ-૭ના નૈવેદ્ય (માતાજીના) :**

ઘઉંના શેકેલા દારાની લાપસી, ઘઉંના લોટની હાથે દબાવેલી રોટલી ૨૮ કરવી અને ૨ રોટલી દાદાની અને એક નાળીયેર વધારવો.

● **ચૈત્ર સુદ-૮ ના નૈવેદ્ય (માતાજીના) :**

ઘઉંના શેકેલા દારાની લાપસી, ઘઉંના લોટની હાથે દબાવેલી રોટલી ૩૨ કરવી અને ૨ રોટલી દાદાની અને એક નાળીયેર વધારવો.

● **વૈશાખ સુદ-૩ (અખાત્રીજ)ના નૈવેદ્ય (પંછીજીના):**

બે કોરી માટલી પાણીની ભરવી. ઉપર સફેદ કપડું ઢાંકો. માટલીને સિંદૂરના ચાંદલા કરવા. આખા ઘઉંની માતર કરી (ગરધાણિયા) નૈવેદ્ય કરવા અને નાળીયેર વધારવો.

● **શ્રાવણ માસની પૂનમનાં નૈવેદ્ય (બળેવના) :**

ઘઉંના લોટની માતર, પલાળેલી મગની છળીયા દાળ.

● **આસો સુદ-૮ના નૈવેદ્ય (માતાજીના) :**

ઘઉંના શેકેલા દારાની લાપસી, ઘઉંના લોટની હાથે દબાવેલી રોટલી ૩૨ કરવી અને ૨ રોટલી દાદાની અને નાળીયેર વધારવો.

● **આસો વદ-૧૪ (કાળી ચૌદસ)નાં નૈવેદ્ય :**

ઘઉંના શેકેલા દારાની લાપસી, ઘઉંના લોટનો ભાખરીયો લાડવો, કાળા તલ કૂટીને લાડવો, મગ-ચોળા-જુવારના ઠૂંઠા રાંધવા, નાળીયેર વધારવો.

● **દિવાળીના નૈવેદ્ય**

ઘઉંના શેકેલા દારાની લાપસી.

● **લગ્નનાં નૈવેદ્ય**

**માઈનાં નૈવેદ્ય :** કાચા દારાની લાપસી, સાત મોળી પૂરી અને મોળા ભાત. બે માટલી રાખવી. એક માટલીમાં ઓગણપચાસ પૂરી, માતરના સાત લાડવા અને બીજી માટલીમાં સવા કિલો ખીચડી, સવા પાંચ રૂપિયા, નાળીયેર લીલો અને લીલા કલરનો કપડાનો પીસ, માઈના નૈવેદ્ય પછી દેવસ્થાનના નૈવેદ્ય જે કાળી ચૌદસના કરીએ છીએ એવી રીતે કરવા અને જ્યારે મોટે માંડવે પેણાવે ત્યારે તે નૈવેદ્યનો લાડવો જે મોટે માંડવે ઉઠાડે તેના હાથમાં આપવો

અને જમણીમાં સફેદ, લીલો, મરૂન ત્રણ પીસ અને માતાજીની ચૂંદડી.

**● ખોળાના નૈવેદ્ય :**

ખોળાના નૈવેદ્ય જે કાળી ચૌદસના થાય છે તે રીતે કરવા. વહુના પીયરના ઘરનો ઘરચોળો અને સફેદ બ્લાઉઝ સીવેલો, પાંચ ફળ, જુવાર સવા કિલો, એક નાળીયેર, એક સોપારી, કાચા સૂતરની આંટી આ બધી વસ્તુ ખોળો ભરતી વખતે વહુના ઘરચોળાના ખોળામાં આપવી.

**● ઝંડાના નૈવેદ્ય :**

ઝંડાના પહેલા દિવસે રાત્રે માઈના નૈવેદ્ય કરવા. નૈવેદ્યમાં કાચા દારાની લાપસી, સાત મોળી પૂરી અને મોળા ભાત. બે માટલી રાખવી. એક માટલીમાં સવા પાંચ રૂપિયા, નાળીયેર અને લીલા કલરનો કપડાનો પીસ તથા બીજી માટલીમાં સાત લાડવા માતરના અને ઓગણપચાસ પૂરી. હવે છોકરાના માથે વીંટી બાંધી અને મંગળીત કરવા. લાણ બાંધવી. લાણ માટે ત્રવાટાની રેતી, કોડી, લોખંડનો કેડો, હનુમાનનો મેલ, ગરમ કપડામાં બાંધવો. માથાના વાળની દોરી બનાવી અને ગરમ કપડામાં બાંધેલી વસ્તુ દોરીમાં બાંધી અને છોકરાના પગમાં બાંધવી અને બીજે દિવસે લગનના નૈવેદ્ય થાય એમ કરવા. જમણીમાં સફેદ, લીલો, મરૂન કલરના ત્રણ પીસ અને માતાજીની ચુંદડી, સોનાની ટીલડી ૪૦૦ મિલી ગ્રામની અને પાંચ રૂપિયા નૈવેદ્ય વખતે રાખવા. છોકરાના કપડા લાલ અને સફેદ સુટ ટોપલો, બુટ, ખોંભા ફારીયો મોસાળ તરફથી થાય. ઝંડા ઉતારી નવડાવી, મોસાળ તરફથી આવેલ કપડા પહેરાવવા અને નૈવેદ્ય કરી પગે લગાડવા.

જ્યારે ગોઠી કરવા હોય ત્યારે ગોઠીને આમંત્રણ આપી ચાંદલો કરવો. ગોઠીનાં નૈવેદ્ય કરવા પણ પંછીજીનું નામ લેવું નહીં કારણકે પંછીજી પોતે પંગાતમાં જમવા આવે છે. ગોઠી જ્યારે જમવા બેસે ત્યારે બધા ગોઠીનાં જમણા પગનો અંગૂઠો ધોઈ ચાંદલો કરવો અને જમવા બેઠેલા ગોઠીના જમણા પગનો અંગૂઠો દીકરો ધોવે અને વહુ ચાંદલો કરે.

માહિતી-સૌજન્ય :

**કોટડા ચકારવાળા પ્રભાબેન કાંતિલાલ બારમેડા**


शुभ दिपावली

Vijay Parmar
C.E.O.

Ph. :F. 0281 - 2387389
R. 0281 - 2482247
Fax: +91-281-2387659
Mobile : 98240 59592

JAYCO

**JAYCO MANUFACTURES**

**SHED NO. 51, C/1, AJI GIDC, INDUSTRIAL ESTATE, ROAD-D, RAJKOT - 360 003. INDIA**

**E-mail : jayconet2001@yahoo.com • Web : www.jaycomilkcan.com**

**આપણા પરિવારો**

# ભારદ્વાજ ગોત્રના કટ્ટા પરિવારો

'કટ્ટા' ગૌત્રની ઉત્પત્તિ અંદાજે વિક્રમ સંવત ૬૮૯નાં વર્ષે રાજસ્થાનનાં જેસલમેર શહેરથી છ કિલોમીટર દૂર પ્રાચીન 'લુદ્‌વાગઢ' નામક સ્થળે થયેલ માનવામાં આવેલ છે. તેઓનું કચ્છમાં આગમન અંદાજે ૪૦૦ વર્ષ પૂર્વે થયું હશે. કચ્છમાં પ્રથમ મુદ્રામાં વસવાટ કર્યા બાદ સમયાંતરે જુદાં-જુદાં સ્થળે વસવાટ કર્યું હશે, તેવો અંદાજ 'કટ્ટા' ગોત્રનાં મુદ્રા સ્થિત કુળદેવી શ્રી ચામુંડા માતાજીનું શિખરબદ્ધ સ્થાનક આપે છે, જે અંદાજે ૪૦૦ વર્ષ જુનું છે. ગત વર્ષ આસો સુદ એકમનાં દિવસે તેની દેરીનો જીર્ણોધ્ધર કરવામાં આવ્યો. આ ઉપરાંત કચ્છમાં ભુજ, અંગિયા, બાંડિયા મધ્યે પણ 'કટ્ટા'ગોત્રનાં કુળદેવીનું સ્થાનક આવેલ છે. વિથોણ પાસે ચાવડકા ગામનાં સીમાડે આ ગોત્રનાં પુરસાદાદાનું સ્થાનક આવેલ છે. જ્યારે ખેતરપાળ દાદાનું પૂજન-અર્ચન અધિકાંશતઃ કુળદેવીનાં સ્થાનકે જ થતું હોય છે. આ 'કટ્ટા' ગોત્ર જેઓનાં વંશજ છે તે શ્રી લોહડજી, જેઓને રાજસ્થાની કટ્ટા ભાઈઓ 'દાદોજી' નામે સંબોધે છે ત્યાં કુળદેવ તરીકે પૂજે છે, તેઓનું સ્થાનક પ્રાચીન સમયે લુદ્‌વા-ગઢ ખાતે હતું. જેનું સંવત ૧૯૬૫માં બિકાનેરમાં સ્થળાંતર થયું જે આજે પણ અતિ પૂજનીય છે.

અત્રે તે ઉલ્લેખનીય બાબત છે કે, જૂના કાળમાં વાહન વ્યવહાર દુષ્કર હોતાં અને કુળદેવ-દેવી પ્રત્યે અતિ શ્રદ્ધા હોતાં આપણા પૂર્વજો જ્યારે જુદાં-જુદાં સ્થળોએ વસવાટ કરવા લાગ્યા ત્યારે પોતાની સાથે કુળદેવ-દેવીની પણ જે તે સ્થળે સ્થાપના કરી હશે. તેથી એક જ ગૌત્ર હોવા છતાં કુળદેવ-દેવીનાં સ્થાનક જુદાં-જુદાં છે, અને તેને પૂજનાર બંધુઓ પણ એક જ ગોત્રનાં હોવા છતાં મુન્દ્રાવાળા, અંગિયાવાળા વિગેરે જેવાં નામોથી પણ ઓળખાય છે.

**તુલસીદાસ કંસારા, અમદાવાદ.**

**આપણી પરંપરાઓ**

# અંગીયાવાળાના કટ્ટા પરિવારોની પરંપરાઓ

**- રમણીકલાલ કટ્ટા (નખત્રાણા)**

અંગીયાવાળા કટ્ટા પરિવાર જુદી-જુદી પાંખડીમાં વહેંચાયેલ છે.

(૧) એક મોટા અંગીયા ગામે (૨) વિરાણી ગામે (૩) મુરૂ ગામે (૪) બીબર ગામે (૫) બાંડીયા ગામે (૬) ઘડાની ગામે (૭) ભુજ ગામે

આવી રીતે અલગ-અલગ ગામમાં દેવસ્થાન છે.

જેમાં મોટા અંગીયાવારા દેવસ્થાન છે એ પહેલા ચાવડકા હતા. એમાંથી એક ભાઈ બીબર ગયા અને બીજા ભાઈ અંગીયા આવ્યા. એમ કહેવાય છે કે જે ભાઈ બીબર ગયા તેઓ ચાવડકા થી પોતાના દેવસ્થાન બીબર લઈ ગયા. ત્યારે અંગીયા આવેલ ભાઈઓની પ્રાર્થના થી અંગીયા મુકામે માતાજી દીવાલમાં પ્રગટ થયા એને આશરે ૨૫૫ વર્ષ થયેલા. ચાવડકાની સીમમાં પુરસાદાદા નું સ્થાન છે તેને આશરે ૨૭૫ વર્ષ થયેલ છે. શરદ પૂર્ણિમાં ના દિવસો દાદાની તિથી ઉજવાય છે ત્યાં બધી પાંખડી વારા કટ્ટા ભાઈઓ આવે છે. કહેવાય છે કે દાદા છે એ નાના બાળ સ્વરૂપે તળાવના કાંઠે થી મળેલા અને એ મોટા થતા કુટુંબની ગાયો ચરાવતા અને વસોંદીયા તરીકે રહેલાં. એક દિવસ સીમમાં ગાયો ચરાવવા માટે ગયેલા ત્યારે ડાકુઓ ગાયોને લઈ જતા હતા ત્યારે ગાયોની રક્ષા માટે તેઓ શહીદ થયેલા ત્યારે ગાયો એ એક ઝાંડ નીચે સુવડાવી અને ગાયો ઘેર આવીને વડીલોની ધોતી પકડીને ત્યાં લઈ ગઈ, જે જગ્યાએ શહીદ થયા હતા એ જગ્યાએ અત્યારે દાદાનું સ્થાન છે. અને ત્યાં પુરસાદાદાના સ્થાનની બાજુમાં ગોગાદાદા નું રાફડો ૨૫ ફૂટ જમીન અંદર આવેલ છે. પુરસાદાદા નું નામ વિરજીદાદા છે.

એક સતી માંનું સ્થાન માંડવી તાલુકામાં ધુણઈ ગામે આવેલું છે. તેમનું નામ અમરમાં સતીમાં છે. તેની થી તિથી કારતક સુદ ૧૪ ના ઉજવાય છે ત્યાં વિરાણી વારા કટ્ટા ભાઈઓ જાય છે. આમ તો બધા કટ્ટા પરિવાર જેસલમેર થી આવેલ છે. અને ગોટા અત્રિઋષિ છે. બધા કટ્ટા પરિવાર કાજોલીયા કટ્ટા તરીકે ઓળખાય છે.

મોટા અંગીયા મધ્યે શ્રી કટ્ટા પરિવાર દ્વારા કરવામાં આવતાં વાર્ષિક પ્રસંગોપાત નૈવેદ્ય ની માહિતી એક બુકમાં પ્રસ્તુત કરવામાં આવેલ છે. આ પરિવારની કુળદેવી શ્રી ચાંદ્રાદેવીમાં (ચાંમુડાં માં) છે. આ પરિવારનાં પુરશાદાદા શ્રી વિરજીદાદા છે. અને ગૌત્ર અત્રિઋષિ છે. અંગીયા મધ્યે

આવેલ આ સ્થાનકમાં શ્રી કુળદેવી ઉપરાંત શ્રી ક્ષેત્રપાળ દાદા, શ્રી પુરશાદાદા અને પેઢીનાં માતા શ્રી ભવાની માં નું પણ સ્થાપન છે.

આ પરિવારમાં શાસ્ત્રીપાઠ દરમ્યાન માતાજીની પધરામણી ચૈત્રસુદ સંવંત ૨૦૬૩ તા. ૨૮-૦૩-૨૦૦૭, સોમવાર આઠમ ના દિવસે થયેલ છે. માટે ચૈત્ર સુદ આઠમ ના દિવસે સૌ પરિવાર સાથે મળીને સમૂહ નૈવેદ્ય તેમજ હવન કરીને સાથે મળીને પ્રસાદ લે છે. અને આસો સુદ-૮ સંવંત ૨૦૬૩ ને શુક્રવારનાં ક્ષેત્રપાળ દાદાની સ્થાપના તથા ભવાની માતાજીની સ્થાપના કરવામાં આવી આ દિવસે બપોરે સમૂહ નૈવેદ્ય તથા હવન કરીને સાથે રહીને પ્રસાદ લે છે.

શરદ પૂનમનાં દિવસે ચાવડકાં મુકામે શ્રી પુરશાદાદા (વીરજીદાદા)નું સ્થાન આવેલ છે, ત્યાં ઉજવણી કરવામાં આવે છે. ત્યાં નૈવેદ્ય માં ચૂરમાના લાડુ અથવા ઘેર બનાવેલી મિષ્ટાન, શ્રી ફળ તેમજ સાકરનાં નૈવેદ્ય ધરાવાય છે, અને સમૂહ પ્રસાદ લેવામાં આવે છે.

**-: વાર્ષિક નૈવેદ્ય :-**

**ખાસ નોંધ :-**

મહા, ચૈત્ર, અષાઢ તેમજ આશો મહીનાની નવરાત્રી દરમ્યાન શ્રી ફળ વધેરવું નહી.

**કારતક :-**

**એકમ નવું વરસ :-** સાંજે પુડલાના નૈવેદ્ય શ્રી ભવાની માતા ને ધરાવવા.

**ચંદ્ર દર્શન :-**

ચંદ્ર દર્શન એકમનાં હોય તો ચાંદ્રા માતાને કોઈ પણ મિષ્ટાન તેમજ શ્રીફળ નૈવેદ્યમાં ધરાવવા અને ચંદ્ર દર્શન બીજના હોય તો બીજે દિવસે નૈવેદ્ય ધરાવવા.

**માગશર :-**

**ચંદ્ર દર્શન :-** આ સાંજે શ્રીફળ તેમજ સાકરનાં નૈવેદ્ય ધરાવવા.

**પોષ :-**

**ચંદ્ર દર્શન :-** આ સાંજે શ્રીફળ તેમજ સાકરનાં નૈવેદ્ય ધરાવવા.

**મહા :-**

**ચંદ્ર દર્શન :-** નવરાત્રી હોવાથી શ્રીફળ વધેરી શકાશે નહીં, સાંજે કોઈ પણ મિષ્ટાન ચંદ્રામાંને ધરાવવી. મહાસુદ સાતમ (માહિસાતમ) ના આ દિવસે બપોરે શીરો અને ઘુઘરીનાં નૈવેદ્ય ચાંદ્રા માતાને તેમજ ખીરના નૈવેદ્ય ભવાની માતાને ધરાવવા.

**ફાગણ :-**

**ચંદ્ર દર્શન :-** સાંજે શ્રીફળ અને સાકરનાં નૈવેદ્ય ધરાવવા.

ફાગણ સુદ પુનમ (હોળી) :- આ દિવસે સાંજે કોઈ પણ મિષ્ટાન તેમજ શ્રીફળ અને સાકરનાં નૈવેદ્ય ધરાવવા.

ફાગણ વદ એકમ (ધૂળેટી) :- આ દિવસે કોઈ પણ મિષ્ટાન અથવા સાકરનાં નૈવેદ્ય ભવાની માતાને ધરાવવા.

**ચૈત્ર :-**

**ચંદ્ર દર્શન :-** નવરાત્રી હોવાથી શ્રીફળ વધેરી શકાશે નહીં.

**ચૈત્ર સુદ આઠમ :-** બપોરે શીરો, ઘુઘરી, તેમજ શ્રીફળ માતાજીને ધરાવવા આ દિવસે સમૂહ નૈવેદ્ય તેમજ હવન કરીને સાથે મળીને સમુહ પ્રસાદ લે છે.

**વૈશાખ :-**

**ચંદ્ર દર્શન :-** સાંજે શ્રીફળ અને સાકરનાં નૈવેદ્ય ધરાવવા.

**જેઠ :-**

**ચંદ્ર દર્શન :-** સાંજે શ્રીફળ અને સાકરનાં નૈવેદ્ય ધરાવવા.

**અષાઢ :-**

**ચંદ્ર દર્શન :-** સાંજે કોઈ પણ મિષ્ટાન ચાંદ્રામાંને ધરાવવા. આ દિવસે શ્રીફળ વધેરવું નહી.

અષાઢ સુદ આઠમ :- આ દિવસે બપોરે શીરો, ઘુઘરી અને શ્રીફળ માતાજીને ધરાવવા.

**શ્રાવણ :-**

**ચંદ્ર દર્શન :-** સાંજે શ્રીફળ અને સાકરનાં નૈવેદ્ય ધરાવવા.

**ભાદરવો :-**

**ચંદ્ર દર્શન :-** સાંજે શ્રીફળ અને સાકરનાં નૈવેદ્ય ધરાવવા.

**ભાદરવા સુદ ચૌદશ :-** બપોરે ચોસઠહારા ઘી માં શકેલી પૂરી, શીરો અને ઘુઘરી ચાંદ્રા માંને ધરાવવા તેમજ શ્રીફળ ધરાવવું અને ક્ષેત્રપાળ દાદાને તલપીંડો અને કાચુ દૂધ ધરાવવું. ક્ષેત્રપાળ દાદાની પ્રસાદી નિયાણીને આપવી નહીં, અને પુરી માંથી પાંચહારા પૂરી બીજે દિવસે અંગીયા મુકામે પુરશાદાદાને ધરાવવી.

**આસો :-** નવરાત્રી હોવાથી શ્રીફળ વધેરી શકાશે નહીં.

**ચંદ્ર દર્શન :-** સાંજે કોઈ પણ મિષ્ટાન માતાજીને નૈવેદ્યમાં ધરાવવી.

**સુદ સાતમ :-** સાંજે ભવાનીમાં ને ઘુઘરી ધરાવવી.

**સુદ આઠમ :-** બપોરે ચંદ્રામાંને શીરો, ઘુઘરી અને શ્રીફળ નૈવેદ્યમાંને ધરાવવા. આસો સુદ આઠમનાં દિવસે સૌ પરિવાર સાથે મળીને સમૂહ નૈવેદ્ય તેમજ હવન કરીને સાથે મળીને પ્રસાદ લે છે.

**વદ ચૌદશ :-** આ દિવસે માતાજીને સિંદુર ચડાવવું અને સાંજે કોઈ પણ મિષ્ટાન અને શ્રીફળનાં નૈવેદ્ય ચાંદ્રામાં ને ધરાવવા તેમજ તલપીંડો ક્ષેત્રપાળદાદાને ધરાવવો અને ક્ષેત્રપાળ દાદાના સ્થાનક પર ઘુઘરી ઉડાળવી અને આપણી જ્યાં જ્યાં જમીન, મકાન, ઓફીસ, દુકાન કે ઘર હોય ત્યાં બધે જગ્યાએ ઘુઘરી ઉડાળવી.

**વદ અમાસ (દિવાળી) :-**

સાંજે ઘેર બનાવેલી કોઈ પણ મિષ્ટાન ના નૈવેદ્ય અને શ્રીફળનાં નૈવેદ્ય ધરાવવા, અને ઘુઘરી ઉડાળવી, જેમ ચૌદશનાં ઉડાળીએ એમ જ.. દર મહીનાની સુદ સાતમનાં દિવસે ખીરનાં નૈવેદ્ય ભવાની માં ના નામના ઘેર પાણીયારે કરવામાં આવે છે.

**પ્રસંગોપાત નૈવેદ :**

બાળકનાં જન્મ વખતે પુત્ર હોય તો તરત સ્નાન કરીને પાણીયારે મીઠીભાતના નૈવેદ કરવા અને માતાજીને વધામણી આપવી. અને ગોળ અને ઘીની ઘળી કાઢી રાખવી. બાળકનાં જન્મ પછી ચાલીસ દિવસે માતાજીને નૈવેદ ધરાવવામાં આવે છે. તેમાં ઘેર બનાવેલી કોઈ પણ મિષ્ટાન જે સવાયી (સવા મુઠી) અને શ્રીફળ ધરાવવામાં આવે છે. ત્યાર પછી જ પુત્રને ઘરની બહાર લઈ જવાય છે.

**ઝંડા (બાલ મુવારા :)**

આ પ્રસંગે આગળનાં દિવસે ગણેશની સ્થાપના કરવી ત્યારબાદ માય બેસાડવામાં આવે છે. તે દિવસે ઘરની વડીલ સ્ત્રી માતા ભુખી રહે છે. તેનો ઉપવાસ આ નૈવેદ બાદ પ્રસાદી લઈને છુટે છે. માયના નૈવેદમાં શેક્યા વગરનો શીરો અને ઘીમાં તળેલી પુરીનાં નૈવેદ ધરાવાય છે. બાજુમાં માય માટલી ભરવામાં આવે છે. તેમાં સવા પાલી ખીચડી, એકવીસ પુરી, એકવીસ લાડવા, સવામીટર લાલ અને લીલો કાપડ શ્રીફળ અને પાંચ રૂપિયા રાખવામાં આવે છે. પછી યક્ષદાદાની સ્થાપના કરવામાં આવે છે.

સ્થાપનામાં યક્ષદાદાને કોઈ તળાવ સ્થાનેથી તેડી આવીને એક પાટલા ઉપર સફેદ કાપડ પાથરી માથે સાત યક્ષને સફેદ કાપડ ઓઢાડીને રૂપાની ટીલી યક્ષદાદાને પહેરાવાય છે. પછી આગલા દિવસે બનાવી રાખેલ છાશમાં રાંધેલી ચોખાની રાબ અને ચણાનાં લોટનાં પુડલાના નૈવેદ ધરાવવામાં આવે છે.

પ્રસંગના દિવસે શીરો, ચોસઠહારા ઘીમાં શેકેલ પૂરી, ઘુઘરી અને શ્રીફળ માતાજીને ધરાવવામાં આવે છે. અને ક્ષેત્રપાળદાદાને તલપીંડો અને કાચુ દૂધ ધરાવવામાં આવે છે. તેમજ સવામીટર લાલ કાપડ અને પાણી વગરનો નાળીયેર (માતાજીના પડાઈ નાળીયેર) બદલવામાં આવે છે. યક્ષદાદાને એક રાત રાખ્યા બાદ જે સ્થાનેથી તેડી આવ્યા એ સ્થાને તેની સાથે થોડા શીંગા, ખીચડી અને ગોળ રાખી પાછા મૂકવામાં આવે છે.

**પુત્રની સગાઈ વખતે ચાંદલાના નૈવેદ :**

ચાંદલો દીધા બાદ શીરો અને હાથમાં લીધેલ શ્રીફળનાં નૈવેદ ધરાવવા.

**લગ્નના નૈવેદ :**

આ પ્રસંગના આગળનાં દિવસે શ્રી ગણેશની સ્થાપના બાદ મય બેસાડવા તેમાં શેક્યા વગરનો શીરો અને ઘીમાં તળેલી પુરીનાં નૈવેદ ધરાવવા તેમજ બાજુમાં માયમાટલી મુકવામાં આવે છે. તેમાં સવાપાલી ખીચડી, શ્રીફળ એકવીસ પૂરી, એકવીસ લાડવા, સવા મીટર લાલ અને લીલો કાપડ, શીંગા અને પાંચ રૂપિયા માટલી અથવા કોઈ પણ વાસણમાં મુકવામાં આવે છે.

આ નૈવેદ ધરાવ્યા પછી જ ઘરની વડીલ સ્ત્રી જે માય ભુખી રહી હોય તેનો ઉપવાસ પ્રસાદી લીધા પછી છુટે છે. પ્રસંગના દિવસે યક્ષદાદાની સ્થાપના થાય છે. સ્થાપનામાં યક્ષદાદાને તળાવ સ્થાનેથી તેડી ત્યાં થોડી ખીચડી અને શીંગા મુકી ઘેર તેડી આવી માયની સ્થાપનાની પાસે એક પાટલા પર સવા મીટર સફેદ કાપડ પાથરીને સાત યક્ષદાદાને સફેદ કાપડ ઓઢાડીને ચાંદીની ટીલી ચડાવવામાં આવે છે. નૈવેદમાં યક્ષદાદાની સ્થાપનાના આગલા દિવસે બનાવી રાખેલ છાશમાં રાંધેલ ચોખાની રાબ અને ચણાના લોટના પુડલા એ સ્થાપનાના દિવસે ધરવવામાં આવે છે. પછી માંડવા થઈ જાય પછી શીરો અને ઘીમાં તળેલી પૂરીના નૈવેદ મોટા માંડવે પરણાવવા સમયે ધરાવવામાં આવે છે.

પુત્રીનાં લગ્ન હોય તો લગ્ન બાદ એક વાર પુત્રીનાં સાસરા વાળાનાં ઘરની જોડ નાળીયેર માતાજીને ધરાવવામાં આવે છે. અને લગ્ન થયેલ જોને દર્શન લઈ આવવામાં

આવે.

પુત્રના લગ્ન હોય તો જાન પરત આવે પછી માય પાસે શેક્યા વગરનો શીરો તેમજ શમુંતા વખતે વરરાજા હાથમાં દીધેલ શ્રીફળના નૈવેદ થાય છે. અને પછી કાકણ-મીડંળ છોડાય છે. અને ચોથા ફેરા વખતે ચુંદડી ઓઢાવાય છે. તેની છેડાછેડીની ગાંઠ ઘરની નિહાણીના હાથે છોડાવાય છે. પછી જ્યારે સગવડ થાય ત્યારે પાનેતરની છેડાછેડીની ગાંઠ છોડાય છે.

**છેડા-છેડી છોડાય ત્યારનાં નૈવેદ :**

જોડ, શ્રીફળ, ઘુઘરી, શીરો અને ચોસઠહારા ઘીમાં શેકેલી પુરીનાં નૈવેદ માતાજીને ધરાવાય છે અને તલપીંડો અને કાચું દૂધ ક્ષેત્રપાળ દાદાને ધરાવાય છે. અને સવા મીટર લાલ કાપડ અને પાણી વગરનો નાળીયેર (પડાઈ અને નાળીયેર) માતાજીનાં બદલવામાં આવે છે.

**શ્રીમંત પ્રસંગના નૈવેદ :**

વહુને આશાબંધાય તેની જાણ થાય એટલે માથું ધોવું નહીં, તલ, ટોપરુ અને બીજાના કોઈ પણ દેવસ્થાનની પ્રસાદી લેવી નહીં અને કોરું કપડું કે કોઈ પણ કોરી વસ્તુ પહેરવી નહીં.

પુરશાદાદા અને ક્ષેત્રપાળ દાદાની પ્રસાદી લેવી નહીં. અને તેના સ્થાનકે જવું નહીં. સાતમે મહીને માથું ધોઈને નૈવેદ કરીને પછી ક્ષેત્રપાળદાદાની પ્રસાદી પ્રસાદી લેવી. તલ તથા નાળીયેરની પ્રસાદી લેવાની અને કોરા કપડા અને વસ્તુ પહેરવી. શ્રીમંત પ્રસંગે આગલા દિવસે સાંજે માયની સ્થાપના કરવામાં આવે છે. તેમાં શેક્યા વગરનો સીરો અને ઘીમાં તળેલી પુરીનાં નૈવેદ ધરાવવામાં આવે છે. તેમજ બાજુમાં માયમાટલી મૂકવામાં આવે છે.

તેમાં સવાપાલી ખીચડી, શ્રીફળ, એકવીસ પુરી, એકવીસ લાડવા, સવા મીટર લાલ, અને લીલો કાપડ, સીંગા અને પાંચ રૂપિયા, માટલી અથવા કોઈ પણ વાસણમાં મુકવામાં આવે છે. આ નૈવેદ ધરાવવા પછી જ ઘરની વડીલ સ્ત્રી જે માય ભૂખી રહી હોય તેનો ઉપવાસ પ્રસાદી લીધા પછી છુટે છે. પ્રસંગનાં દિવસે યક્ષ દાદાની સ્થાપના થાય છે. સ્થાપનામાં યક્ષદાદાને તળાવનાં સ્થાને ઘી તેળી ત્યાં ખીચડી અને સીંગા મૂકી ઘેર તેળી આવી, માયની સ્થાપનાની પાસે પાટલાં ઉપર સવામીટર સફેદ કાપડ પાથરીને સાત યક્ષદાદાને સફેદ કાપડ ઓઢાળીને ચાંદીની ટીલી ચડાવવામાં આવે છે. નૈવેદમાં યક્ષ દાદાની સ્થાપનાની આગલે દિવસે બનાવી રાખેલ છાશમાં રાખેલ ચોખાની રાબ અને ચણાનાં લોટના પુડલા ધરાવવામાં આવે છે. માથું ધોયા બાદ ચોસઠ હારા ઘીમાં શેકેલી પુરી, શીરો, ગુગરી અને શ્રીફળ માતાજીને ધરાવવા તેમજ ક્ષેત્રપાળ દાદાને તલ-તીંડો અને કાચુ દૂધ ધરાવવામાં આવે છે. તેમજ સવા મીટર લાલ કાપડ અને પાણી વગરનો નાળીયેર (માતાજીના પડાઈ નાળીયેર બદલાવવામાં આવે છે.)

યક્ષદાદો એક રાત રાખ્યાં બાદ જે સ્થાનેથી તેળી આવ્યા તે સ્થાને થોડા સીંગા, ખીચડી અને ગોળ રાખી તે સ્થાને મુકી આવવામાં આવે છે.

પ્રસંગ વખતે વહુ પીયરથી આવેલી ચૂંદડી પહેરતી નથી, કે ચૂંદડી બાળકનાં જન્મ બાદ ચાલીસ દિવસનાં નૈવેદ બાદ જ પહેરાય છે.

**બીજી વખત માથું ધોતી વખતેના નૈવેદ :**

શ્રીમંત વખતે જે નૈવેદ કરવામાં આવે છે એ જ પ્રમાણે નૈવેદ કરવા.

**કટા પરિવારની વાયણી :**

(૧) સફેદ કાપડમાં ગુરી (નીલ) નાખવી નહીં.

(૨) પરિવારની વહુએ ઘુઘરી અને કેડે કંદરો ન પહેરવો અને પુત્ર એ પણ કેડે કંદરો તેમજ પટ્ટો ન બાંધવો.

(૩) ઘરનો ઘોડિયો તેમજ છાંટલીયો ન કરવો અને ઝંડીયો હોય ત્યાં સુધી પુત્રનાં માથામાં દંતીયો ન નાખવો, ચંપલ કે બુટ ન પહેરાવવી. કપાળે કંકુનું તિલક ન કરવો, સફેદ કે લાલ કલરનાં વસ્ત્ર ન પહેરવા કોઈ પીર ઉપર દર્શને ન લઈ જવો.

(૪) પુરશાદાદાના મઢમાં કોઈએ કેસરી વસ્ત્ર ન પહેરી જવા તેમજ ચામડાની કોઈ વસ્તુ ન લઈ જવી, અને કાળા વસ્ત્ર અને કાળો દોરો પહેરવો નહીં. અને વહુએ માથે ઓઢીને બેસવું.

(૫) પુત્રીને મહેંદી ન લગાડવી. લગ્ન બાદ સાસરે જાય પછી લગાડી શકાય છે.

**મસ્તક અને મન વચ્ચે સંવાદ જરૂરી છે. પરંતુ એ સંવાદમાં ખલેલ પડે તો હંમેશા મસ્તક નહીં મનને અનુસરો.**

# કટ્ટા પરિવારની નૈવેદ્ય પરંપરા

એકતા કટ્ટા, અમદાવાદ.

''શ્રધ્ધા વિણ અંધ આંખે ન દિસે સાક્ષાત જગન્નાથ, શ્રદ્ધા સબૂરી હોય તો પાષાણેય પ્રગટે જગન્નાથ'' માણસમાત્ર, તે પછી ગમે તે ધર્મ, સંપ્રદાય કે પંથનો હોય થોડી-બહુ માત્રામાં શ્રદ્ધા ધરાવતો હોય છે. આ શ્રદ્ધાથી સંબંધિત થતી વિભિન્ન ક્રિયાઓ સમયાંતરે પરંપરામાં પરિણમતી હોયછે. આ પરંપરાઓમાં એક અવિછિન્ન પરંપરા છે, દેવ-દેવીઓ ને કર અથવા નૈવેદ્ય કરવાની. આપણી જ્ઞાતિમાં પણ જુદાં-જુદાં નુખનાં કુળદેવ-દેવીઓને કર કે નૈવેદ્ય (નિવેદ) કરવાની પરંપરા શ્રદ્ધાસહ જળવાય છે. જુદાંજુદાં નુખની આ પરંપરાને આલેખિત કરવાનો પ્રયાસ કર્યો છે. અત્રે'કટ્ટા' નુખનાં કુળદેવ-દેવી, ખેતરપાળ, પુરસાદાદાનાં વિભિન્ન ઉત્સવો અને વ્યવહારીક પ્રસંગોએ થતાં નૈવેદ્યનું આલેખન કર્યું છે.

**કુળદેવીનાં નૈવેદ્ય :** આસો સુદ આઠમ, મહાસુદ આઠમ, ચૈત્રી આઠમનાં દિવસે લાપસી તથા જોડ નાળિયેરનાં નૈવેદ્ય સવારનાં સમયે કરવાનાં હોય છે. દિવાળી, હોળી અને અષાઢી બીજનાં દિવસે લાપસી તથા જોડ નાળિયેરનાં નૈવેદ્ય સાંજનાં સમયે કરવાનાં હોય છે.

**ખેતરપાળનાં નૈવેદ્ય :-** કાળી ચૌદસનાં દિવસે ચુરમાનાં લાડુ, તલવટ અને નાળિયેરનાં નૈવેદ્ય સાંજના સમયે કરવાનાં હોય છે. શ્રાવણ સુદ પાંચમનાં દિવસે નાળિયેર વધેરવાનું હોય છે અને દૂધ ધરાવવાનું હોય છે.

**પુરસાદાદાનાં નૈવેદ્ય :-** શરદ પૂર્ણિમાનાં દિવસે પુરસાદાદાનાં સ્થાનકે સમગ્ર કટ્ટા બંધુઓનાં સામૂહિક નૈવેદ્ય કરવામાં આવે છે. જેમાં સુખડી, કુલેર, લાડુ, ખજુર જેવી મીઠી વસ્તુ યથાયોગ્ય, યથાશક્તિ લઈ જઈ, નાળિયેર સાથે નૈવેદ્ય ધરાવવામાં આવે છે અને સામૂહિક પ્રસાદનું આયોજન થાય છે. તદુપરાંત સ્થાનકે પહોંચી શકાય તેમ ન હોય તો, ઘરે પાણિયારે, ભાખરીનાં લાડુ અને નાળિયેરનાં નૈવેદ્ય સવારનાં સમયે કરવાનાં હોય છે. આ દિવસે પરણેલી નિયાણી (પુત્રી) પાસેથી (પુત્રી દ્વારા) યથાશક્તિ 'સાકર'ની ચડતર પુરસાદાદાને કરવાની હોય છે. પુરસાદાદાનાં નૈવેદ્યની ચડતર સામગ્રી (ધરાવેલ પ્રસાદ) શરદપૂર્ણિમાનાં દિવસે જ સમાપ્ત કરવાની હોય છે.

**બાલ મુંડનનાં નૈવેદ્ય :-** બાળકની ત્રણ અથવા પાંચ વર્ષની આયુએ મુંડન કરવામાં આવે છે. જેમાં મુંડનનાં આગળનાં દિવસે સાંજનાં સમયે માયનાં નૈવેદ્ય અને મંગલિત તથા મુંડનનાં દિવસે માતાજીનાં (કુળદેવીનાં) નૈવેદ્ય કરવામાં આવે છે. માયનાં નૈવેદ્ય અંતર્ગત સિંદુર ઘીમાં ભેળવી દિવાલ ઉપર પાંચ કે સાત ચાંદલાઓ કરી માયની સ્થાપના કરવી. માયમાટલી અને માયભાણું મૂકી નૈવેદ્ય ધરાવવું. બે માયમાટલીઓ તૈયાર કરવી. જેમાં એકમાં ૬૪ પૂરીઓ (ઘઉંના લોટની ઘીને સૂકી પૂરીઓ) અને ૭ લાડવા (માતરિયા લાડવા) મૂકવા અને બીજી માટલીમાં સવા કિલો ચોખા, સવા મીટર સફેદ કાપડ, સવા પાંચ રૂપિયા, એક નાળીયેર મૂકવું. ૧૬ પૂરી અને લાપસી બનાવી ૪-૪ પૂરી જુદી પાડી તેનાં પર લાપસી મૂકી માયભાણું તૈયાર કરી, માય સ્થાપેલ જગ્યાએ મૂકી નૈવેદ્ય કરવા. બાળકને મંગલિત કરવું જેમાં બાળકનાં વિભિન્ન અંગે કંકુ વડે ચાંદલો કરી, માથે તેલ લગાવવું અને જમણે પગે લાણ બાંધવી. (લાણ:- ત્રણ રસ્તાની ધૂળ, જવાર દાણાં લાલ કપડે બાંધી નાની પોટલી બનાવવી. તે પોટલી, કોડી, લોઢાનો કેળો આ ત્રણેય વસ્તુઓ કોઈપણ વ્યક્તિનાં વાળ લઈ તેનો દોરો બનાવી તેમાં બાંધી લાણ બનાવવી.) ખોંભાનાળા વડે યોગ્યતા મુજબ સોના અથવા ચાંદીની વીંટી બાળકના માથામાં બાંધવી. ઘરનાં વડીલ અથવા જે વ્યક્તિ નૈવેદ્ય કરનાર હોય તેમણે આ ક્રિયાઓ કરવી. બીજે દિવસે મુંડન પૂર્વે બાળકને પુનઃ વિભિન્ન અંગે ચાંદલો કરી મંગલિત કરી મુંડન કરવું.

બાળકનાં માથે બાંધેલ વીંટી તે સમયે ફઈએ ખોળામાં લેવી. બાળકનાં મોસાળ પક્ષેથી લાવેલ ટોપી અને બૂટ સાથે લાલ- સફેદ કપડા પહેરાવી, માથે સુખડ લગાવી, કંકુનો ચાંદલો કરી કુળદેવીનાં નૈવેદ્ય કરવાનાં. એક પડાઈ (સવા મીટર લાલ કપડા) અને ખળખળિયું નારિયેળ મૂકી, લાપસી અને જોડ નાળિયેરનાં નૈવદ્ય કરવા. ત્યારબાદ માયનું ઉત્થાપન કરી માયમાટલીઓ અને માયભાણું નિયાણીઓને આપી દેવું.

**લગ્નનાં નૈવેદ્ય :** ગણેશ બેસાડ્યા બાદ માયનાં નૈવેદ્ય અને મંગલિત કરવું. બીજે દિવસે માતાજીનાં નૈવેદ્ય કરવા ત્યારબાદ જ પુત્ર કે પુત્રી પરણવા જાય. આ બન્ને નૈવેદ્યની ક્રિયાવિધિ અને સામગ્રી મુંડનનાં નૈવેદ્ય મુજબ જ કરવાની હોય છે.

**શ્રીમંતનાં નૈવેદ્ય :-** વહુનાં માવિત્ર પક્ષેથી આવેલ ઘરચોળું અને સફેદ બ્લાઉઝ પહેરી, માવિત્ર પક્ષનાં જ સાત ફળ, નાળિયેર, કાચા સૂતરની આંટી અને જુવાર વડે ખોળો ભરી નૈવેદ્ય કરવાનાં હોય છે. જેમાં કુળદેવી પાસે એક પડાઈ અને ખળ-ખળિયું નારિયેળ મૂકી, લાપસી, જુવાર અને જોડ

નાળિયેરનાં નૈવેદ્ય કરવા તથા ખેતરપાળદાદા પાસે ચુરમાનાં લાડુ, તલવટ અને નારિયેળનાં નૈવેદ્ય કરવાનાં હોય છે.

**નૈવેદ્ય પૂર્વે પાળવાનાં નિયમો (અડી) :-** ઉપરોક્ત નૈવેદ્ય પૂર્વે અમુક નિયમો પાળવાનાં હોય છે, જે નૈવેદ્ય બાદ છૂટતાં હોય છે. જેમાં બાલમુંડન પૂર્વે બાળકને લાલ અને સફેદ કપડા ન પહેરાવવા, ટોપી અને બૂટ ન પહેરાવવા અને કપાળે તિલક ન કરવું. શ્રીમંત પૂર્વે કુળદેવીનો પ્રસાદ અને તલવટ ન ખાવા. પહેરવાની કોઈપણ કોરી વસ્તુ (કપડાં, આભૂષણ)નો ઉપયોગ ન કરવો. નૈવેદ્ય પૂર્વે સ્નાન કર્યા બાદ જ આ વસ્તુઓનો ઉપયોગ કરવો. પ્રસૂતિ પૂર્વે સોનાની બાધા લેવી જે માટે પ્રસૂતિનાં દોઢ મહિના બાદ કુળદેવીનાં લાપસી અને જોડ નારિયેળનાં વિશેષ નૈવેદ્ય કરવાનાં હોય છે.

'કટ્ટા' ગૌત્રનાં કુળદેવી શ્રીચામુંડા માતાજી, ખેતરપાળ દાદા અને પુરસાદાદાનાં ઉપરોક્ત નૈવેદ્ય કચ્છી કટ્ટા ભાઈઓ દ્વારા કરવામાં આવે છે. આ ઉપરાંત અગાઉ ઉલ્લેખિત કર્યું તે પ્રમાણે 'કટ્ટા' ગોત્ર જેઓનાં વંશજ છે તે શ્રી લોહડજી (દાદોજી)નું જેઠ સુદ બીજનાં દિવસે બિકાનેરનાં સ્થાનકે પૂજન-અર્ચન અને કર કરવામાં આવે છે. બિકાનેરનાં ભટરાજ શ્રીરાવ ભોપાદાનજી ગિરધારીજી બાગોરા પરિવારની વહીથી પ્રાપ્ત માહિતી મુજબ વિક્રમ સંવત્ ૯૮૯માં રાજા રાજ્યપાલજી રાજસ્થાનનાં 'લુદ્રવાગઢ' ઉપર શાસન કરતાં હતાં. જેમાં શ્રી લોહડજી રાજસોની હતા. ઈરાનનાં મોગલ બાદશાહે આ ગઢ ઉપર હુમલો કર્યો જેમાં રાજા રાજપાલજીની હાર થતાં રાજા રાજપાલજી અને શ્રી લોહડજી થોડો સમય જંગલમાં રહી સૈન્ય સંગઠિત કરી, મોગલ બાદશાહ શાહબુદ્દીન સાથે યુદ્ધ કર્યું જેમાં શ્રી લોહડજીનું મસ્તક છેદાઈ ગયું, છતાંયે તેમનું ધડ લડતું રહ્યું અને શાહબુદ્દીનને હાર સ્વીકારવી પડી. શ્રી લોહડજીનું મસ્તક છેદાઈ ગયું હોવા છતાંયે તેમનું ધડ લડતું રહેવાથી, તે સમયથી તેમના વંશજ 'ભાટી' ગૌત્ર, અધિકાંશતઃ 'કટ્ટા' ગોત્ર તરીકે ઓળખાયું. તેમના વંશજો દ્વારા કુળદેવ તરીકે તેમનું પૂજન-અર્ચન કરવામાં આવ્યું. તેમનું સ્થાનક રાજા રાજપાલજી દ્વારા લુદ્રવાગઢ ખાતે બનાવવામાં આવ્યું. જેનું તેમના વંશજોનું સંવત ૧૬૬૫માં બિકાનેરનાં રાજસોની તરીકે સ્થળાંતર થતાં, સંવત્ ૧૭૬૫નાં જેઠ સુદ બીજનાં દિવસે બિકાનેરમાં સ્થળાંતર કરવામાં આવ્યું. પ્રાચીન સમયે 'કટ્ટા' ગોત્રના વંશજોનાં પૂજ્ય એવાં શ્રીલોહડજી (દાદોજી)ની મહિમા અને પરચાઓનાં કારણે સમસ્ત ગોત્રો દ્વારા પૂજન-અર્ચન-કર કરવામાં આવે છે અને તે દિવસે મેળો પણ ભરાય છે. તે ઉપરાંત અમદાવાદ ખાતે પણ તેમનું એ દિવસે પૂજન-અર્ચન અને કર કરવામાં આવે છે.

માહિતી-સાભાર : ગં.સ્વ. દિવાળીબેન દામજીભાઈ કટ્ટા


**'જ્ઞાતિસેતુ'ને**

**નૂતનવર્ષની હાર્દિક શુભેચ્છા.....**


**શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ**
**કોઠારા**



**કાન્તીલાલ દામજી પોમલ**

**પ્રમુખ**

**પ્રમુખ**



**શ્રી બાબુલાલ રવજી સોની**

**'જ્ઞાતિસેતુ'ને**

**નૂતનવર્ષની હાર્દિક શુભેચ્છા.....**

**શ્રી મારૂ કંસારા સોની**
**જ્ઞાતિ મંડળ - નલીયા**


Jointly Organized by
GGJS
GOWJA
Supported by
iNDEXTb
INDUSTRIAL EXTENSION BUREAU
(A GOVT. OF GUJARAT ORGANISATION)
ISO 9001 : 2008 Certified
7th ggjs
gujarat gold
jewellery show 2016
08 09 10
January2016
600+Stalls
45+Premium pavilions
300+Exhibitors across India
20000+Expected trade visitors
1.2 lac+Sq.Ft. Exhibition area
5lac+Products
Venue
Gujarat University Convention
and Exhibition Centre
Ahmedabad, Gujarat
Sponsor
Pruthvi
Diamond Creation
a symbol of forever
Co Sponsor
R. K. Silver & Gold
Directory Sponsor
SALONI
Jewellers Pvt. Ltd.
Gold Rate Partner
JEWELTRADES
WWW.JEWELTRDES.COM
Logistic Partner
SEQUEL
B/109, Ganesh Plaza
Opp. Navrangpura Bus Stop
Navrangpura,Ahmedabad - 9, Gujarat
+91 2640 5757, +91 90339 91555
ggjsevent@gmail.com

* * * નુતન વર્ષાભિનંદન * * *

# ગોદાવરી જ્વેલર્સ

*Manufacturer, Exporter & Retailer*





દેવભુમિ, શોપીંગ સેન્ટર, વિજય રેસ્ટોરન્ટ પાસે, નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦૦૦૯.
ફોન : શો રૂમ ૦૭૯-૨૬૪૬ ૧૭૫૬ (રહે.) ૦૭૯-૨૭૯૧ ૨૭૯૩
Email : godavari_jew@yahoo.co.in

મો. ૯૯૯૮૬ ૭૪૭૧૯ કૌશીક પી. સાકરીયા
મો. ૯૯૯૮૨ ૫૫૭૬૭ મનિષ કે. સાકરીયા, દિપેશ કે. સાકરીયા

HL
Group of Companies

मानक: पथ प्रदर्शक:
BIS 916

# Harilal Lakhamshi Jewellers Pvt. Ltd.

[Mfr. Exporters, Wholesalers & Retailers of 916 Hallmark Jewellery]
The First & Only Showroom in Kuchchh Offering 100% Hallmark Jewellery & 100% Certified Diamond Jewellery





**Regd. Office :** Haribhai Soni Building, L. B. Shastri Road
Anjar (Kuchchh) 370110 (Guj.) India
Phone : 02836 329944 Fax : 02836 242481
Cellular : 91 98795 30854 Email : infohljpl@gmail.com

**Bullion Division :** 426 C, Supermall, C.G. Road, Ahmedabad.
Ph./Fax : - +91 79 30024481
Cellular : - +91 987 953 0853 Email : - iljpl.amd@gmail.com







**Group Companies**

## Shri Arbuda Infrastructure Development Pvt. Ltd.

## Soham Land Development Pvt. Ltd.

# M/s. Jatubhai Velji & Sons

Hospital Road, Bhuj-Kutch. Tel: 02832 - 221357, 227357, 226357

# M/s. J. V. Jewellers

Kansara Bazar, Bhuj-Kutch. Tel: 02832 - 256077

# M/s. Harshadkumar & Co.

Kansara Bazar, Bhuj-Kutch. Tel: 02832 - 255888

# ભારદ્વાજ ગોત્રના પરમાર પરિવારો

**તુલસીદાસ કંસારા, અમદાવાદ.**

ભુજમાં ૨૦૦૯ની ગણતરીને આધારે પરમારોની સંખ્યા માત્ર ૧૫૦ જેટલી હતી. જેમાં નોંધનીય ફેરફાર થયેલ નહીં હોય. જ્યારે અમદાવાદમાં રહેતા સૌરાષ્ટ્રના મારુ કંસારાઓમાં પરમારો વધારે પ્રમાણમાં હોય છે. તેમના ૭૫ પરિવારો સાથે સંખ્યા ૩૭૫ થાય છે. અહીં સ્થાયી થયેલ પરમાર પરિવારોમાં સૌથી વધારે ૧૮ની સંખ્યા ધરાવતું કુટુંબ નવનીતાલ જગજીવનદાસનું. જેઓ છેલ્લા આઠ-દશ દાયકાઓથી અમદાવાદમાં વસેલ છે. અને હાલે દેવની શેરીમાં, માંડવીની પોળ (માણેકચોક)માં પોતાની માલિકીના મકાનમાં રહે છે અને સાંકળી શેરીને નાકે પોતાની નાનીશી દુકાનમં કાચા સોનાનું મોટું કામકાજ કરે છે. જેના કારણે તેન્મની બીજી ઓળખ નવનીતલાલ સોનાવાળાની બની ગયેલ છે. તેમના પરિવારમાં એકજ ત્છન નીચે ચાર પેઢી એક સાથે શ્વાસ લઈ રહેલ છે જેમાં, ગઈ સદીના ચોથા દાયકામાં જન્મેલ પતિ-પત્નિ તેમજ ભાભી, ત્રણ જોડી ભત્રીજા-ભત્રીજા વહુઓની. બે જોડી પૌત્ર અને તેમના પત્નીઓની, બે પૌત્રો, એક પૌત્રી, તેમજ અકેક પ્રપૌત્ર અને પ્રપૌત્રીઓ આમ કુલ્લ વ્યક્તિઓ અઢાર.

સૌરાષ્ટમાં હજુ સંયુક્ત કુટુંબો જળવાઈ રહેલ છે. પરંતુ અમદાવાદ-મુંબઈ જેવા કોરમોપોલીટન અને મેટ્રોપોલીટન શહેરોમાં આવા કુટુંબો જ્યારે વિભાજીત થતા જાય છે ત્યારે આવા શહેરોમાં પણ અઢાર, ૧૮ વ્યક્તિઓની ચાર ચાર પેઢીઓ એક સાથે રહે છે. તે સરાહનીય અને ઉલ્લેખનીય કહેવાય.

સારાયે ભારતમાં ભુજ પછી સૌથી વધારે મારુ કંસારાઓની વસ્તી ધરાવતા સૌરાષ્ટ્રના જામનગરની વાત કરીએ તો ત્યાંની બુક પ્રમાણે પરમારોના ૯૮ કુટુંબો અને ૫૩૨ વ્યક્તિઓ હતી. જે ત્યાંના કુલ ૨૬૭૨ કંસારાઓની સંખ્યાના લગભગ ૨૦ ટકા થાય છે. જ્યારે રાજકોટ એટલે યુનાઈટેડ સ્ટેટ ઓફ કાઠીયાવાડ કે સૌરાષ્ટ્ર (૧૯૪૮ થી ૧૯૫૬)ની મધ્યમાં આવેલ તેનું પાટનગર અને ત્યાં કંસારાઓની વસ્તી સારી એવી. પરંતુ મારુ કંસારાઓના ત્યાં બહુ ઓછા પરિવારો છે અને તેમાં પણ પરમાર કુટુંબોમાં વંથલીવાળા સ્વ. ગોકલદાસ ત્રિભોવનદાસનો પરિવાર પ્રથમ અને વિશાળ કહી શકાય. તેમના પરિવારમાં સભ્ય સંખ્યા જ અંદાજે લેખું તો આજની તારીખમાં કદાચ સોનો આંક વટાવી જાય. તેમના હવેલી જેવા મોટા મકાનમાં, ઉનાળાની રાત્રીમાં ખુલ્લી અગાશીમાં જ્યારે ગોકલદાસભાઈ હયાત હતા ત્યારે સાથે બેસીને તેમના બધા જ પુત્રો અને પુત્રવધૂઓ દિકરીઓ અને તેમના પૌત્રો-પૌત્રીઓ, ઈત્યાદી. સાથે એક મેળવડા જેવા વાતાવરણમાં દિવસ દરમિયાનના કામકાજો, જેમાં દુકાન અને ઘરના વ્યવહારો પણ આવી જાય. સમાજના કાર્યો અને બજારમાં બ્નેલ બનાવોની ચર્ચા થતી અને જે રીતે એક સંયુક્ત કુટુંબના કર્તા તેમના નિર્ણયો લેતા હતા તે જોવાનો લ્હાવો મને મળેલ અને તે આખી પ્રક્રિયા ત્યાં હાજર રહીને આજે પણ જાણે રિવાઈન્ડ થયેલ ટેપ ફરીથી જોઈ રહ્યા હોઈએ તેમ દ્રશ્યમાન છે. આજે તો તેમના પાંચ-સાત કે કદાચ વધારે ઘરો અને તેટલા જ ધંધાકીય પ્રતિષ્ઠાનો થઈ ગયેલ છે. વાસણોની પણ બજાર અને કંસારા બજારમાં આવેલ દુકાનો અને વખારો ઉપરાંત ડિપાર્ટમેન્ટલ સ્ટોર્સથી કરીને મેન્યુફેક્ચરીંગ ક્ષેત્રે પણ તેમના પૌત્રો અને પ્રપૌત્રોએ પ્રતિષ્ઠા સ્થાપિત કરેલ છે.

અમદાવાદમાં ૨૦૧૪માં બહાર પાડવામાં આવેલ કચ્છી મારુ કંસારાઓની પરિવાર-પરિચય નિર્દેશિકા. જેમાં દહેગામ અને ગાંધીનગરના પરિવારોનો સમાવેશ થઈ જાય છે. તે મુજબ ૧૧૨ કુટુંબોમાંથી ૧૮ સોલંકી અને પરમારોના ઘરો છે. આમાંના પણ કેટલાક ઘરો તો છેલ્લા દોઢ દાયકામાં ભુજ-અંજાર-ભચાઉની શિકલ બદલી નાખનાર ૨૦૦૧ના ગોઝારા ભૂકંપ પછી ખૂલ્યા છે. દા.ત. ઘનશ્યાભાઈ પરમાર, પ્રધ્યુમનભાઈ પરમાર, ઈત્યાદિ. આ ઘનશ્યામભાઈના ભાઈ નિતીનભાઈ પણ અમદાવાદમાં સ્થાયી થયેલ છે. તેમના મોટાભાઈ અને મારા મિત્ર ચિત્તરંજનદાસ ધારશીભાઈ પરમાર ભુજમાં ટ્રક અને કારના ટાયરોની દુકાન વરસોથી ચલાવે છે. આ ધારશીભાઈના એક ભાઈ મોરબીમાં વસવાટ કરતા અને બીજા ભુજમાં. મોરબીની કોઈ પત્રિકા ઉપલબ્ધ ન હોવાથી ત્યાંના પરિવારો વિશે વિશેષ જાણી શકાયેલ નથી પરંતુ વધારે માહિતી પ્રાપ્ત થયે સોલંકી-પરમારો વિશે ફરી કોઈક વાર વાતો કરીશું.

મુંબઈ તરફ નજર કરીએ તો ૨૦૦૨ની ત્યાંના મંડળની પત્રિકા મુજબ ત્યાં પણ કચ્છી મારુ કંસારાની સરખામણીમાં

સૌરાષ્ટ્રના પરમારોનું પ્રમાણ વધારે છે. સૌરાષ્ટ્રની નવેમ્બર ૨૦૦૩ની સોશ્યલ ગ્રુપની ગણતરી પ્રમાણે તેમના ૮૫ પરિવારોમાંથી ૩૭ જેટલા પરમારો અને સોલંકીઓના કુટુંબો હતા. તેમાં તેમણે પૂનાના પરિવારોનો સમાવેશ કરેલ અને સંયુક્ત રીતે ૨૧ જણ સાથે રહેતા હોય તેવો પરિવાર હતો. કિશનલાલ વાલજીભાઈ પરમારનો અને તેના પછી નારણદાસ વાલજીભાઈ પરમાર, તેમના જ ભાઈનો જેમાં ૧૩ વ્યક્તિઓ આવે છે. તેમના ત્રીજા ભાઈ ચુનીલાલ વાલજીભાઈ પરમાર પણ ત્યાં જ ૧૦ જણના પરિવાર સાથે રહે છે અને આમ જોઈએ તો આ ત્રણે ભાઈઓના બંગલાઓ બાજુબાજુમાં એટલે એક જ ફળીયામાં જાણે ૪૪ જણ એક સાથે રહેતા હોય તેવું લાગે. ૧૯૮૪માં મેં પુનાની મુલાકાત લીધેલ ત્યારે ત્યાંની એજ્યુકેશન સિસ્ટમમાં મોટું નામ ધરાવતા અને સ્યુઈંગ મશીનનો વેપાર કરતા આ પરિવારના નારણદાસભાઈને મળવાનું થયેલ અને તેમણે મને મારા પુત્ર સાથે પ્રેમપૂર્વક જમવા માટે નિમંત્રિત કરેલ.

## પરમારોમાંના સવાયા પરમાર
## શ્રી ટી. ડી. કંસારા સાહેબ

આપણા કાઠીયાવાડના પરમારોમાંના સવાયા પરમાર એટલે વીસમી સદીના બેંકીંગ ક્ષેત્રના ધ્રુવતારા સમાન શ્રી ટી. ડી. કંસારા સાહેબ. વઢવાણના આ વિરલા ત્રિભોવનદાસ દામોદરદાસ કંસારાનો જન્મ ઈ.સ. ૧૯૦૬માં જુન મહિનાની ત્રીજી તારીખે માતા લહેરીબેન અને પિતાશ્રી દામોદરદાસ તેજાભાઈને ત્યાં થયેલ. તે જ વર્ષમાં યોગાનુયોગ, સપ્ટેમ્બરની સાતમી તારીખે બેંક ઓફ ઈન્ડીયાનો પાયો નંખાયેલ. કંસારા સાહેબ ન માત્ર તેમની સાદગી તેમજ સખત પરિશ્રમ અને સાહસિક નિર્ણયો માટે જાણીતા હતા પરંતુ તેઓ ભૌતિક સંપત્તિની વિરૂદ્ધ માનવીય સંપત્તિમાં વધારે વિશ્વાસ ધરાવતા હતા. તેથી જ તેમણે બેંકીંગ કારકિર્દી દરમિયાન નાના માણસોને નોકરીઓ તેમજ લોનો આપી વધારે પ્રોત્સાહિત કરેલ.

તેઓની પાસે આવતી સદીને જોઈ શકવાની એક અદ્‌ભુત આંતરસૂઝ હતી જે તેમના ઉદ્‌બોધનમાં પ્રદર્શિત થતી. આજથી આશરે ચાલીસેક વર્ષો પહેલાં આપણા સમાજની શિહોર ખાતે મળેલ એક મીટીંગમાં તેમણે સૂચન કરેલ કે હવે એવો સમય આવી રહેલ છે કે આપણા જ્ઞાતિ ભાઈઓએ હથોડાને બદલે સ્ક્રૂ ડ્રાઈવરનો ઉપયોગ શીખવો પડશે. આજે આપણે જોઈ રહ્યા છીએ કે આજની યુવાપેઢીએ એન્જીનીયરીંગ ક્ષેત્રમાં અને ખાસ તો હાર્ડવેર-સોફ્ટવેર, કમ્પ્યૂટર ટેકનોલોજીના ક્ષેત્રે સારી એવી સંખ્યામાં અભ્યાસ કરીને પ્રગતિ કરેલ છે.

તેમણે વિરમગામમાં શરૂઆતના અભ્યાસ બાદ, અમદાવાદની ગુજરાત કોલેજમાં વિજ્ઞાનનો અભ્યાસ કર્યો અને આર્થિક પરિસ્થિતિ નબળી હોવા છતાં લોન લઈને ઈંગ્લેન્ડની કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં વધારે અભ્યાસાર્થે ગયા. ત્યાં આઝાદીની ચળવળમાં પણ ઊંડો રસ લીધો. પરીક્ષામાં બેસવા સામે ત્યાંના સત્તાધારીઓએ ઉભી કરેલ તેમની ક્ષમતા બાબતની અડચણોનો સામનો કરીને પરીક્ષામાં પ્રથમ કક્ષામાં ઉત્તીર્ણ થયા અને ભારત પરત આવી એક સાન્ટિસ્ટ થવાની અભિલાષાને મનમાં ધરબી ને બેંક ઓફ ઈન્ડિયામાં નાના દરજ્જાથી નોકરીની શરૂઆત કરી અને પ્રથમ કામ લોન ભરપાઈ કરવાનું કર્યું.

તે અરસામાં બેંકના સાઈન બોર્ડ પર જનરલ મેનેજર તરીકે પોતાનું લખાવનાર તેઓ પ્રથમ ગુજરાતી હતા. ૧૯૬૯માં ઈન્દિરાબેન ગાંધીએ જ્યારે બેંકોનું રાષ્ટ્રીયકરણ કર્યું ત્યારે તેમને ચેરમેન બનવાનું આમંત્રણ આપવામાં આવ્યું જે સ્વીકારતાં તેઓ તે બેંકના "ધ્રુવતારા"ના નિશાનની માફક તે બેંકની સાથે સાથે આપણા સમાજના પણ એક "ધ્રુવ તારક" બની રહ્યા.

તેમણે ૭૭ વર્ષે લીધેલ તિબેટ્ટીયન સોસાયટીની મુલાકાત વખતે તેમણે દર્શાવેલ તેમની ભાષા શીખવાની તમન્ના અને તે માટે કરેલ પ્રયત્ન પરથી સતત કંઈક નવું નવું શીખવાની તેમની ધગશ પ્રદર્શિત થાય છે.

તેમની લાંબી આવરદા તેમના સાદા આહાર અને સખત પરિશ્રમને આભારી હતી. તેમનું અવસાન ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૧૯૮૭ના રોજ ૮૦ વર્ષ ઉપરની લાંબી આયુષ્ય ભોગવીને થયું.

**(માહિતી સ્ત્રોત : સમસ્ત મારુ કંસારા કેળવણી ઉત્તેજક મંડળ, જામનગરના ગોલ્ડન જયુબીલી અંકમાં પ્રસિદ્ધ થયેલ ભાઈશ્રી હરનિશ કંસારાનો લેખ તેમજ અન્ય સંકલન : તુલસીદાસ કંસારા)**

*ઊઠો, જાગો ને ધ્યેય પ્રાપ્ત ન થાય ત્યાં સુધી મંડ્યા રહો.* — **સ્વામી વિવેકાનંદ**

આપણા પરિવારો

# પરમાર પરિવારનો ઈતિહાસ અને પરંપરાઓ

**શ્રીમતિ જયશ્રીબેન પી. પરમાર (ભુજ)**

મારૂ કંસારા સોની જ્ઞાતિ જેનું મુળ વતન ''મારવાડ'' - રાજસ્થાન અને સમય - સંજોગોને ધ્યાનમાં લેતા અલગ અલગ પ્રાંત-જિલ્લામાં વસ્યા, ધંધા-રોજગાર સ્વીકાર્યા-અપનાવ્યા અને પોતાની આગવી ઓળખ ઉભી કરી. અરક કે નુરખની વાત કરીએ તો તેમાં પણ કાંઈક આવું જ જોવા મળે છે. અને બે રીતે ''પરમાર'' અટકની વાત કરીએ તો એનો પણ ચોક્કસ-વ્યવસ્થિત ઈતિહાસ કોઈ વ્યવસ્થિત જગ્યાએ સંકલિત થયો હોય તેવા આધાર-પુરાવાઓ ખાસ કોઈ મળતા નથી, છતાં જે કાંઈ વાતો-ચર્ચાઓ કે ભાટ પાસેથી જરૂરી માહિતી મળેલ છે તે અત્રે રજુ કરવાનો પ્રયત્ન કરું છું.

તો પરમાર પરિવારના દેવસ્થાન ચોટીલા-થાન મધ્યે આવેલા છે; જેમાં મુખ્યત્વે ''ચામુંડા'' માતાજીને માનનારા જ મોટાભાગના છે. થાન મધ્યે ''સુરાપુરા''નું સ્થાનક છે ત્યાં ઘણા પરિવારો જાય છે. તાજેતરમાં જ મળેલી માહિતી મુજબ ચોટીલા-થાનમાં અંદાજે મહિના પહેલા ગુજરાતના પરમાર પરિવારોએ ભેગા મળી ''ચંડીપાઠ'' કરેલ અને મળેલ જવાળ મુજબ ''ધ્રોલ'' ખાતે એક મુસ્લિમ પરિવારને ત્યાં ''સચાઈમાં'' કુળદેવી બિરાજે છે. જેને પુનઃ મુળ સ્થાને ''થાન'' લઈ આવવાની તજવીજ ચાલુ છે. ખંભાળિયાના શ્રી હસમુખભાઈ પરમારના કહેવા અનુસાર પરિવારોએ ''દિકરી''ને પુજવી જરૂરી છે; એ રીતે સતી સચાઈમાનું પુજન ફાયદાકારક ગણાય. ''રાંદલ'' તેડવા ફરજીયાત નથી પણ ''દિકરી'' પુજન વિધિ - નૈવેદ્ય ફરજીયાત છે. એ રીતે જો નૈવેધ પર આવીઓ તો ''માઈ સાતમ'' અને નવરાત્રી આઠમ એ બે દિવસ (વર્ષમાં) માતાજીના નૈવેધ કરવાના હોય છે. કચ્છમાં નેત્રામાં શ્રી કેશુભાઈ હંસરાજભાઈના ઘરે ઘણા પરિવારો ભેગા થાય છે. નૈવેધ - હવનવિધિ પછી સમુહપ્રસાદ લે છે અને વચ્ચેના સમયમાં પણ દેવસ્થાનમાં શ્રદ્ધા-ભક્તિભાવ રાખનારા ત્યાં જઈ પૂજાવિધિ કરી ''ચોટીલા'' સુધી માતાજીને મળી આવવાનો સંતોષ અનુભવે છે.

સંખ્યાની વાત કરીએ તો ભુજમાં ૩૫-૩૭, નલીયામાં ૩૦ અને નલિયાની આજુબાજુના ગામોમાં ૪૦ જેટલા પરિવારો રહે છે. માંડવી - અંજારમાં ૧૫-૨૦ પરિવારો રહે છે. હા, અંજારમાં વીસા પરમારના પણ ૬-૭ કુટુંબો રહે છે. પરમાર-વીસા પરમાર એક જ છે કે અલગ અટક છે તેની કોઈ આધારભૂત માહિતી હજુ પ્રશ્નાર્થ બની રહી છે. પણ વીસા પરિવારો ''અર્બુદા દેવી'' આબુ જાય છે. અલબત્ત કેટલાક ''પરમાર'' પરિવારો પણ ''અર્બુદાદેવી''ના દર્શને જાય છે. સાથે ખાસ નોંધવા જેવી બાબત એ છે કે કચ્છ કરતા કાઠીયાવાડમાં સંખ્યાની દૃષ્ટિએ સોલંકી પછી પરમાર પરિવારનો નંબર આવે છે. એજ રીતે અમદાવાદમાં ૮૦ જેટલા કુટુંબો રહે છે.

વળી પરમારનું પુછડું લાંબુ એ કહેવતને સાચી માનીએ તો માત્ર આપણી જ્ઞાતિ સિવાય ઘણી જ્ઞાતિઓમાં આ અટક વધુ પ્રમાણમાં જોવા મળે છે. અને કદાચ મોગલોના ત્રાસથી કંટાળીને હિંદુ પરિવારો જે રાજ્ય-જિલ્લામાં ગયા જે કામ-ધંધો મળ્યો તે સ્વીકાર્યો એ પ્રમાણે જ્ઞાતિ-વર્ણો બનતા ગયા એવું પણ ઈતિહાસ કહે છે.

પણ એક બાબત ચોક્કસ છે-નિર્વિવાદ છે કે પરમારના દેવસ્થાન ચોટીલા થાન છે - ચામુંડા માતાજી અને ''પુરસાદાદા''ના વર્ષમાં બે વખત નૈવેદ્ય કરવા જરૂરી છે. અને જે ચોટીલા સુધી ના પહોંચી શકાતું હોય તો ''નેત્રા''માં પણ આપણા પરમારના દેવસ્થાન છે ત્યાં જઈને પણ માતાજીના આશિર્વાદ મેળવી જીવનની ધન્યતાનો અનુભવ કરી શકાય છે.

•

*• ન્યાય અને સમાધાનમાં શું ફરક છે ? ન્યાયમાં એક ઘરે દીવો થાય અને બીજાને ઘેર અંધારું થાય. જ્યારે સમાધાનમાં બંને ઘેર દીવા થાય.*

*• ઝરણાને દરિયો થવું ક્યારેય નથી ગમતું કારણ કે મોટા થઈને ખારા થવું એના કરતાં નાના રહીને મીઠા રહેવું વધુ સારું.*

# વિશા પરમાર કુટુંબનો ઈતિહાસ

- શ્રીમતિ સ્મિતાબેન હરિલાલ વિશા પરમાર

'વિશા પરમાર'નું નુખ કદાચ સમગ્ર જ્ઞાતિમાં નાનામાં નાનું કુટુંબ હશે. વિશા પરમાર નુખના કુટુંબો અંજાર, અમદાવાદ, માધાપર, મિરજાપર અને નારણપર વસે છે.

અંજાર ખાતે સ્વ. લખમશી દેવશી વિશા પરમારનું કુટુંબ વિ. સંવત ૧૯૮૯થી વસે છે.

સ્વ. પરસોત્તમ લખમશી, સ્વ. કેશવલાલ લખમશી, સ્વ. રામદાસ લખમશી તથા શ્રી હરિલાલ લખમશી - એમ ચાર પુત્રોનું કુંટુંબ છે. જેઓ સોનાચાંદીના ધંધા સાથે સંકળાયેલા છે. સ્વ. પરસોત્તમ લખમશીના પુત્રો સુરેશ પરસોત્તમ, સ્વ. ધર્મેશ પરસોત્તમ, અરૂણ પરસોત્તમ તથા ચંપક પરસોત્તમ છે. જેઓ અંજારમાં વસે છે. સ્વ. કેશવલાલ લખમશીના પુત્રો રાજેશ કેશવલાલ, મહેશ કેશવલાલ તથા સ્વ. દીપક કેશવલાલના કુટુંબો અંજારમાં વસે છે. સ્વ. રામદાસ લખમશીના પુત્રો દિલિપ રામદાસ તથા આશિષ રામદાસના પુત્રો અંજારમાં વસે છે.

શ્રી હરિલાલ લખમશીના પુત્રો હેમલ હરિલાલ અને અંકીત હરિલાલ જેઓ અતયારે અમદાવાદ ખાતે વસે છે.

સ્વ. લખમશી દેવશી અને સ્વ. મયારામ દેવશી બે ભાઈઓ જેમાંથી મયારામ દેવશી મનફરા ખાતે વસતા હતા. જેમના પુત્ર શ્રી જેરામ મયારામ અત્યારે માધાપર ખાતે વસે છે. જેમના બે પુત્રો અરવિંદ તથા ઈશ્વરલાલ નારાણપર વસે છે. અને બે પુત્રો ચંદ્રકાંત તથા પ્રભુદાસ માધાપર રહે છે.

માધાપર ખાતે અમારા કુટુંબના નરેશકુમાર શીવજીનું કુટુંબ તેમના પુત્રો ધર્મેશ અને અંકિત સાથે રહે છે. સ્વ. શીવજીભાઈ ઘણાં વર્ષો પહેલા રાયપુર એમ.પી. ખાતે રહેતા હતા.

મીરજાપર ખાતે અમારા કુટુંબના ચમનલાલ જીવરાજ તેમના કુટુંબ સાથે રહે છે.

આમ વિશા પરમાર નુખના અમારા ભાયાતો, આંગળને વેઢે ગણી શકાય તેટલા છે. જેઓ અંજાર, અમદાવાદ, મધાપર, નારણપર, મીરજાપર વગેરે જગ્યાએ વસે છે.

ભાટના ચોપડેથી વિશા પરમાર નુખ 'પરમાર' નુખથી ક્યારે અલગ પડ્યા તેની તેનો કોઈ ચોક્કસ સમયગાળો મળતો નથી. વિ. સ. ૧૫૯૨માં અમારા વડીલો શ્રી કલ્યાણજી ગોવિંદજી રાજસ્થાનથી ચોબારી આવ્યા. અને અહીં વસવાટ કર્યો. ત્યારબાદનો ઈતિહાસ પ્રાપ્ય છે. પરંતુ એમાંય આગળની વિગતો ભાટના ચોપડે પણ પ્રાપ્ય નથી થતી.

## વિશા પરમાર પરિવારની પરંપરાઓ

'વિશા પરમાર' કુટુંબના કુળદેવી આબુ પર છે. 'અર્બુદાદેવી' ક્ષત્રિય પરમાર વંશના પણ કુળદેવી છે.

આબુથી જયપુર અને જયપુરથી કચ્છ ચોબારી (તા. ભચાઉ) પૂજ્ય કલ્યાણજી ગોવિંદજી વિ. સંવત ૧૫૯૨માં આવ્યા અને માતાજીની સ્થાપના ચોબારીમાં કરી. ચોબારીથી મનફરા પૂજ્ય કાનજીબાપા વિ.સં. ૧૯૫૫માં આવ્યા અને મનદૂરાથી અંજાર પૂજ્ય લખમશી દેવશી વિ.સં. ૧૯૮૯માં આવ્યા. વિ.સ. ૨૦૫૭, તા. ૨૭-૧-૦૧ના ભૂકંપ વખતે ચોબારી મંદિર ધ્વસ્ત થતા ઈ.સ. ૨૦૦૨માં શ્રી હરિલાલ લખમશીએ માતાજીની પધરામણી અંજાર ખાતે કરી. અંજાર ખાતે માતાજીનું મંદિર બનાવી તેમની સ્થાપના કરી. વિ.સં. ૨૦૫૮ના તા. ૧૪-૩-૨૦૦૨ ચૈત્ર સંદ-૨ના રોજ સ્થાપના કરી.

વિશા પરમાર નુખના ક્ષેત્રપાલ 'કાલાઘોડા'મંડોવર જોધપુર ખાતે છે.

ગોત્ર ગૌતમ ઋષિનું છે.

અર્બુદા માતાના નૈવેદ્ય -

ચાર નોરતાની આઠમના માતાજીને લાપસીના નૈવેદ્ય ધરાવાય છે.

કાળીચૌદશના દિવસે તલવટ, મગ, લાપસીના નૈવેદ્ય થાય છે અને નારિયેળ (જમણી) લાલ કપડું પણ બદલે છે.

- નાણું મૂકવા ઠેકાણું મળે પણ વાત કરવા ઠેકાણું નહીં મળે.
- તમારા વર્તનથી તમારા સંસ્કાર ઓળખાઈ જાય છે.
- સુખ હંમેશાં ધીમા પગલે આવે છે. દુઃખ દોડીને આવી જાય છે.

# વશિષ્ટ ગોત્રના બગ્ગા પરિવારો

- તુલસીદાસ કંસારા (અમદાવાદ)

ભુજમાં ૭૧ બગ્ગા પરિવારોની સભ્ય સંખ્યા થાય છે ૩૦૪ જ્યારે મુંબઈમાં આઠ પરિવારો નોંધાયેલ છે, જેની જનસંખ્યા ૨૭ છે. જ્યારે અમદાવાદમાં નોંધાયેલ ત્રણ પરિવારોમાંથી પ્રફુલચંદ્ર વિઠ્ઠલજી ગાંધીનગરમાં રહે છે અને વિજયાબેન જગદીશચંદ્ર તેમના પુત્ર મહત અને પુત્રવધૂ મમતા સાથે આદીપુરથી આવીને અમદાવાદમાં વસેલ છે. ત્રીજું કુટુંબ અમદાવાદ મંડળના સ્થાપક મંત્રી અને કચ્છી સમાજના ટ્રસ્ટી શ્રી અતુલભાઈ શંકરલાલ સોની, જેઓ પણ બગ્ગા અટક ધરાવે છે તેમના ભાઈ અનિલભાઈ અંજારમાં પ્રભુકૃપા જ્વેલર્સના નામે દાગીનાનો બીઝનેસ કરે છે.

## ''બગજી''ના વંશજ બગ્ગા તરીકે ઓળખાય છે

બગ્ગા. આ નૂખ સાથે આપણામાંના કેટલાક લોકોએ એક જોડકણું જોડી કાઢેલ છે કે ''બગ્ગા, નહીં કોઈના સગા'' પરંતુ મેં તેમાં ''જેવા'' શબ્દ ઉમેરીને સુધારો કરીને ફરી લખ્યું છે કે ''બગ્ગા જેવા, નહીં કોઈના સગા''.

વશિષ્ટ કુળ સાથે સંકળાયેલ બગા ઓળખ પંજાબ રાજસ્થાનમાં ખૂબ જ સામાન્ય છે. મારા કેટલાક સરદારજી અને પંજાબી મિત્રોમાં પણ આ અટક જોવા મળેલ છે. સેતુના સ્વર્ણિમ સમાજ (ઓકટોબર-નવેમ્બર-૨૦૦૮)ના અંકમાં ''આપણા પૂર્વજોનો ઈતિહાસ'' નામક આર્ટિકલ લખનાર પશ્ચિમ કચ્છ - નખત્રાણાના ભાઈ શ્રી પ્રવીણભાઈ બગ્ગા એજ ગોત્ર કે કુળ અને અટકો વિશેની માહિતી આપેલ છે.

મારા જાણીતા પરિવારોમાં મારા નાનીમાં રતનબેનના બેન રામુમાસી બગા પરિવારમાંથી હતા. તેમના ત્રણ પુત્રો નામે લાલજીભાઈ લંડનમાં રહે, વિઠ્ઠલભાઈ રાજકોટ, મુંબઈ અને પછીથી અંજારમાં માલાશેરીમાં રહેતા અને તેમના પુત્રો પ્રફુલ શિક્ષક તરીકે નોકરીમાં હોવાનું જાણવામાં આવેલ છે. તેમના ત્રીજા પુત્ર ખીમજીભાઈ, જે શંભુભાઈ તરીકે વધારે જાણીતા હતા અને છેલ્લે હેલ્થ ડિપાર્ટમેન્ટમાં મેલેરીયા ઈન્સપેકટર તરીકે બદલી થતાં જામનગરમાં સ્થાયી થયેલ. તેમના લગ્ન કાઠીયાવાડના સોલંકી પરિવારના શ્રી નાગરદાસભાઈ, જેઓ મુંબઈમાં સ્થાયી થયેલ તેમની સાળી પન્નાબેન સાથે થયેલ અને તેમને એક પુત્રી અને એક પુત્ર નામે સુનીલ થયેલ. સુનીલ અત્યારે જામનગરમાં સ્થાયી થયેલ છે. આ ત્રણ ભાઈઓના પિતાશ્રીનું નામ નારાયણભાઈ હતું અને તેમના નાના ભાઈ પ્રેમજીભાઈ નાનપણમાં કરાંચી હતા અને ભાગલા પછી મોરબી સ્થાયી થયેલ. તેમના ભૂજ સ્થિત લગ્ન પરમાર પરિવારના શંભુભાઈ અને કાકુભાઈના બ્હેન સાથે થયેલ. જેમને ત્રણ પુત્રો અને બે પુત્રીઓ નામે નૈરોબીમાં સ્થાયી થયેલ શ્રી બીપીનભાઈ, સ્વ. જયંતભાઈ જેઓ વીસમી સદીના સાતમાં દાયકામાં ભુજમાં ફોરેસ્ટ ડીપાર્ટમેન્ટમાં નોકરી કરતા અને ત્યારબાદ પોતાની ઈન્ડસ્ટ્રી મોરબીમાં શરૂ કરેલ. જેમાં ઘડીયાલમાં વપરાતા નાજુક બ્રાસ પાર્ટસ બનાવતા અને એલ્યુમીનીયમની રોલીંગ મીલ પણ ચલાવતા. તેમના લગ્ન નડીયાદના સંગીત અને કળાના ક્ષેત્રમાં નામાંકિત મૂળ સૌરાષ્ટ્રના નાગરદાસ વનમાળીદાસ કંસારા - પવાર પરિવારની દીકરી નિર્મળા સાથે થયેલ. તેમનો પુત્ર પારિતોષ માધાપરમાં સ્થિર થયેલ છે અને કન્સ્ટ્રકશન લાઈનમાં પોતાનો વ્યવસાય ધરાવે છે. તેની એક બહેન નિધી સીવિલ એન્જીનીયર છે અને તે તેમના હસબન્ડ જગદીશ બારમેડા સાથે બિલ્ડીંગ કન્સ્ટ્રકશનનું સંભાળે છે. તેમની બીજી મોટી પુત્રી શિલ્પા રાજકોટ મધ્યે વસવાટ કરતા જામનગરના શ્રી તુષારભાઈ સાથે પરણાવેલ છે જેઓ ગુજરાત સરકારમાં રાજ્યપત્રિત અધિકારી તરીકે વાતાવરણને સ્વચ્છ રાખતા પોલ્યુશન ડિપાર્ટમેન્ટમાં નોકરી કરે છે. તેમનો પુત્ર અત્યારે ડોકટર બનવા માટે મેડિકલ કોલેજમાં ભણી રહેલ છે.

નૈરોબી સ્થિત શ્રી બીપીનભાઈને બે પુત્રો ભરત અને સંજય છે.

પ્રેમજીભાઈ ટોકરસીભાઈ બગ્ગાના ત્રીજા પુત્ર શ્રી સુરેશભાઈ એક ફોજી હતા અને કમ્યુનિકેશન - વાયરલેસ સર્વિસ સંભાળતા હતા. હાલ મોરબીમાં સ્થાયી થયેલ છે. જ્યારે તેમની બે પુત્રીઓમાં મોટી દિકરી નિરંજનાના લગ્ન આ લખનારને પુરક માહિતી આપનાર અને સાબરકાંઠા મંડળના પૂર્વ પ્રમુખ શ્રી નરેન્દ્રભાઈ સાથે થયેલ છે, જેઓ પણ ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટમાંથી નિવૃત્ત થયેલ છે અને ગાંધીનગરમાં રહે છે. તેમના પુત્રશ્રીએ ઈન્ફર્મેશન ટેકનોલોજી ક્ષેત્રે અભ્યાસ કરેલ છે અને અત્યારે મલ્ટી નેશનલ કંપનીમાં અમદાવાદમાં સેવા આપી રહેલ છે.

નિરંજનાબહેનના નાના બહેન વત્સલા ઉર્ફે ઉમાબહેન

માંડવીના બુદ્ધભટ્ટી પરિવારના શ્રી મુકુંદરાય સાથે વરેલ છે જેઓ હાલે ભુજ મુકામે બેંક ઓફ ઈન્ડીયામાં સેવા આપી રહેલ છે.

## ભુજ જ્ઞાતિના પ્રમુખ શ્રી દિલીપભાઈ બગ્ગા

આપણી જ્ઞાતિના સૌથી મોટા ઘટક સમાજ ભુજ જ્ઞાતિના પ્રમુખ સ્વ. કિશોરભાઈ ચનાણીના દુઃખદ અવસાન થતા ભુજ જ્ઞાતિના પ્રમુખપદે યુવા કાર્યકર શ્રી દિલીપભાઈ બગ્ગાની વરણી થયેલ.

ભુજ જ્ઞાતિના આ પ્રમુખશ્રી દિલીપભાઈ બગ્ગા સ્વભાવે સાલસ અને બહુમુખી પ્રતિભા ધરાવે છે. સમગ્ર દેશ જ્યારે જાહેર જીવનમાં યુવા નેતૃત્વ પ્રાધાન્ય મળે તેવું ઈચ્છી રહ્યા છે ત્યારે સમાજના સૌથી મોટા ઘટકના પ્રમુખ સ્થાને એક યુવા નેતાની વરણી એક આવકારદાયક બાબત છે. શ્રી દિલીપભાઈ ભૌતિકશાસ્ત્રના સ્નાતક છે તેમજ તેઓ આપણા પરંપરાગત વ્યવસાય ક્ષેત્રે ખૂબ સારી પ્રગતિ કરેલ છે. તેઓનો પરિવારની સમાજના પ્રતિષ્ઠિત પરિવારોમાં થાય છે. તેઓ વર્ષોથી ભુજ જ્ઞાતિમાં સામાજીક કાર્યો સાથે સંકળાયેલા છે. ગત વર્ષોમાં જ્ઞાતિના માનદ્‌મંત્રી તરીકે રહી તેમણે ઉમદા કામગીરી કરેલ છે. સમાજના શૈક્ષણિક, આરોગ્યલક્ષી, તેમજ સમુહલગ્ન જેવા કાર્યોના આયોજનમાં તેઓ સદા અગ્રેસર રહેલ છે. તેઓનો પરિવાર એક સુશિક્ષિત પરિવાર છે. તેઓના ધર્મપત્ની શ્રીમતી પ્રિતીબેન ભુજ મહિલા મંડળના સક્રિય સભ્ય છે.

પરિવારના શિક્ષણ પ્રત્યેના અભિગમનો નિષ્કર્ષ એ છે કે તેમના બંને પુત્રો હાલમાં ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી રહેલ છે. જ્યેષ્ઠ પુત્ર કેવન હાલમાં અમદાવાદ ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી કોલેજમાં બેચલર ઓફ એન્જીનીયરીંગ (મીકેનીકલ) ના સાતમા સેમેસ્ટરમાં અભ્યાસ કરી રહેલ છે જ્યારે નાનો પુત્ર પુજન ગાંધીનગર સ્થિત પ્રતિષ્ઠિત પંડિત દીનદયાલ પેટ્રોલીયમ યુનિવર્સીટીમાં BBA (Hons.) ના પ્રથમ સેમેસ્ટરમાં અભ્યાસ કરી રહેલ છે.

## નખત્રાણાના શ્રી હિરાલાલભાઈ બગ્ગા

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ-કચ્છ જિલ્લાનું ગૌરવ 'એકલવીર' એવા શ્રી સોની હીરાલાલભાઈ બગ્ગાનો જન્મ તા. ૨૪-૬-૧૯૫૨માં થયેલ. તેમણે હાઈસ્કૂલ અભ્યાસ દરમિયાન એનસીસી કેડેટ ગ્રુપની લિડરઅપ દરમિયાન હિમાલયની રાણીખેત ખાતે ૧૯૭૧-૭૨માં ઈન્ડિયા લેવલનો એડવાન્સ લિડરઅપ કેમ્પ ૨૧ દિવસનો એટેન્ડ કરી મીલીટરી ગ્રેજ્યુએટ સુધીનો અભ્યાસની તાલીમ મેળવેલ અને તેમાં ૩૦૩ની ફાયરીંગમાં સેકન્ડ નંબર મેળવેલ.

શ્રી હીરાલાલભાઈ પાસે રાજકારણની સારી જાણકારી છે. તેમણે નખત્રાણામાં જે ગુજરાત રાજ્યની મોટામાં મોટી ગ્રામ પંચાયતના ગૌરવવંતા સરપંચશ્રીનું મહાપદ હાંસલ કરેલ. આ ગામના આપણી સમાજના પ્રથમ નાગરિક છે. જે આપણા માટે પ્રેરણાદાયી કહી શકાય. રાજકારણમાં કેમ આગળ આવવું તે તેમના અનુભવમાં જાણી શકાય. આજની જીવન જરૂરિયાત પાણીની સમસ્યાઓના નિષ્ણાતના કારણે આજે પણ નખત્રાણા નગર તેમની નોંધ લે છે, યાદ કરે છે. કરેલું કામ ફોગટ જતું નથી અને કર્યા વગર કંઈ મળતું નથી આ સંસારનો નિયમ છે.

શ્રી હીરાલાલભાઈ મોહનલાલ સોની અત્યારે કચ્છ જિલ્લા સોના-ચાંદી મહામંડળના પ્રમુખપદે આપણા સમાજનું સૌથી મોટું ગૌરવ કહી શકાય. આપણા સમાજના વેપારી કે કારીગરોને વિવિધ તકલીફો જેવી કે ચોરી, લૂટ, બંગાળીનું ભાગી જવું, પોલીસ કનડગત વગેરે સમયે તેઓ મદદરૂપ થાય છે. આપણા ધંધાકીયભાઈઓનું એક કચ્છવ્યાપી સંગઠન જે બેનમૂન છે. સમાજમાં ઉપયોગી થવા માટે તેમણે સોના-ચાંદીના કારીગરો અને વેપારીઓને નખત્રાણામાં એકઠા કર્યા અને મહામંડળની રચના કરી. એકલપંથ અને એકલવીર સાથે જ્ઞાતિભાવના લોકોએ તેમની કદર કરી તેમને પ્રમુખ બનાવ્યા. આજે પણ સોના-ચાંદીના કારીગર કે વેપારી ને કોઈપણ મુશ્કેલી થાય તો હીરાલાલભાઈનો ૨૪ કલાક સંપર્ક કરી શકે. તેમણે દરેક સભ્યોને પોતાના નંબર આપેલ છે. તેમનામાં અન્યને ઉપયોગી થવાની ખુમારી છે. તેમના કાર્યોમાંથી ઘણું બધું શીખી શકાય.

## શ્રી પ્રશાંત બગ્ગા

અમદાવાદની પ્રખ્યાત નિરમા ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી એન્ડ મેનેજમેન્ટ સ્ટડીઝમાં ફેકલ્ટ તરીકે કાર્યરત શ્રી પ્રશાંતભાઈએ એમના પિતાશ્રી જગદીશભાઈ કે જેઓ ગાંધીધામ (કચ્છમાં) તોલાની પોલીટેકનીકમાં પ્રિન્સિપાલનો હોદ્દો સંભાળતા હતા અને પોતે મીકેનિકલ એન્જિનિયર હતા, તેમનો ચીલો આગળ ધપાવેલ છે. તેઓ અવારનવાર 'સેતુ'ના માધ્યમ દ્વારા જ્ઞાતિ-યુવાનોને પણ પોતાના લેખો દ્વારા ગાઈડન્સ આપતા રહે છે.

•


# બગ્ગા અટકના બ્રાહ્મણ સોનીનો ઈતિહાસ

- પ્રવિણચંદ્ર બગ્ગા ''ઉચ્ચૈઃશ્રવા'' (નખત્રાણા)

આપણા પૂર્વજોનો ઈતિહાસ જાણવાની જીજ્ઞાસા હક કોઈને હોવી સ્વાભાવિક છે. એ જાણવા અને સમજવા થી આપણને આપણું કૂળ ગૌરવમય અને સુખમય હોવાની પ્રતીતિ થાય છે. એટલા માટે ઈતિહાસ જાણવું આવશ્યક છે. કચ્છી મારૂ કંસારા બ્રાહ્મણ સ્વર્ણકાર સમાજ, પુષ્કર્ણા સમાજ, શ્રીમાળી સોની સમાજ. આ બધા સમાજો ના ઈતિહાસ ૧૫૦૦ થી ૨૦૦૦ વર્ષ જૂનો છે. એ પણ હજુ અધુરા છે. અને આગળ હજી સંશોધન ની આવશ્યકતા રહેલી છે.

મારૂ કંસારા બ્રાહ્મણ સોનીઓ નું કચ્છમાં આવવાનું સમયવૃત સંવત ૧૦૦૦ આસપાસ ભાટ-વહીવંચાઓ ના ચોપડે જાણવા મળે છે. રાજસ્થાન, મારવાડ થી મહાકાળી ની મૂર્તિ લઈને કચ્છ અને ગુજરાત પ્રાંત માં વસવાટ માટે આવ્યા હતા.

નખત્રાણામાં રહેતા બગ્ગા પરિવારના પૂર્વજો વિક્રમ સંવત ૧૬૦૦ ની આસપાસ કચ્છમાં આવ્યા હતા. પ્રથમ તેઓ ધમડકા માં સ્થાઈ થયા હતા. ત્યારબાદ નખત્રાણા આવી વસ્યા હતા. અહીં એમની અત્યારે ૨૩મી પેઢી છે. ૪૫૦ જેટલા વર્ષથી અહીં વસે છે.



લગભગ ૩૫૦ વર્ષ પહેલા લૂંટના ઈરાદે સાત જેટલા વિધર્મીઓએ રાત્રે હુમલો કર્યો હતો. ત્યારે નાનજી બગ્ગા નામના એક જણાએ એ સાત જણનો લાકડીથી ફટકારીને અંત લાવી દિધો હતો! અને પોતે પણ શૂરા થયા હતા. મુખ્યત્વે બગ્ગા પરિવાર જ્યાં રહે છે. એ બહુચરાજી ફળિયા તરિકે ઓળખાય છે. ગ્રામ પંચાયતનું વોર્ડ નં. ૧ છે. મતદાર ક્રમાંક ૧ પણ લેખકના પરિવાર થી શરૂ થાય છે. નખત્રાણાનું બગ્ગા પરિવાર જ્ઞાતિના ઉત્કર્ષ માટે સદૈવ અગ્રેસર રહ્યું છે. આ લેખકના તાતશ્રી પાંચમી પેઢીના શ્રી જાદવજી પુંજા બગ્ગા સંવત ૧૯૮૦ના અરસામાં જ્ઞાતિના પ્રમુખ હતા.

એમની સ્વહસ્તે લખેલી બે વહીઓ લેખક પાસે હાલ પણ સાચવેલી છે. એકમાં જ્ઞાતિમાં થતા પ્રસંગો વખતે જ્ઞાતિમાં જમા થતા ડોનેશન ની વિગતો છે. તથા બીજી બહીમાં ત્રાંબા-પીતળના વાસણોની જાળવણીની વિગતો છે. બીજા કેટલાક નામો જ્ઞાતિ અગ્રણીઓના છે. જે અત્રે વાચકોને જાણ માટે લખ્યા છે. જેના પૂર્વજ હશે તેઓ પણ ગૌરવાન્વિત થઈ શકે.

(૧) સોની પ્રધાન લધા (૨) સોની ઓધવજી મુળજી (૩) સોની રણછોડ ગોપાલ (૪) સોની પરસોતમ પ્રેમજી (૫) સોની દેવજી ભાણજી (૬) સોની રણછોડ લખમશી (૭) સોની ઈશ્વર લખમશી (૮) સોની દુગરશી કાનજી (૯) સોની લાલજી ધનજી

નખત્રાણામાં રહેતા બગ્ગા જાદવજી પુંજા પરિવારના વંશજો ધારશી જાદવજી બગ્ગા, પ્રાગજી ધારશી બગ્ગા, મુળજી પ્રાગજી બગ્ગા, મોહનલાલ પ્રાગજી બગ્ગા, બેચરલાલ પ્રાગજી બગ્ગા જ્ઞાતિના વિકાસ માટે કાર્યરત હતા. આજની પેઢીના હીરાલાલ, સ્વ. રમેશચંદ્ર મોહનલાલ, હીમતલાલ બેચરલાલ, મહેન્દ્રભાઈ મુળજી, ભરતભાઈ બેચરલાલ, દિનેશચંદ્ર બેચરલાલ તથા અત્યારના યુવક મંડળમાં જાદવજી પુંજા બગ્ગાની છઠ્ઠી પેઢીના બ્રેગીન કુમાર રમેશચંદ્ર, સતીશ કુમાર મેન્દ્રભાઈ, શૈલેશ કુમાર હીમતલાલ અને ભાવેશકુમાર સુરેશચંદ્ર કાર્યરત છે. હીરાલાલ મોહનલાલ બગ્ગા બે વખત ગામ સરપંચ પદે રહ્યા હતા. હાલમાં કચ્છ જિલ્લા સોના ચાંદી મહામંડળના પ્રણેતા અને પ્રમુખ છે અને ભરતભાઈ બેચરલાલ ભાજપ ના ડેટા સેલ ના કન્વિનર છે. બગ્ગા જાદવજી પુંજાથી આગળની પેઢીના પૂર્વજો પણ જ્ઞાતિ ઉત્કર્ષ ક્ષેત્રે કાર્યરત હશે જ એમાં શંકાને કોઈ સ્થાન નથી. તથા હવે પછીની પેઢીના વંશજો પણ જ્ઞાતિ ઉત્કર્ષ ક્ષેત્રે અગ્રણી રહેશે એમાં પણ શંકાને કોઈ સ્થાન નથી. કેમ કે એ એમના જિન્સમાં છે. બીજા અનેક બગ્ગા પરિવારો કચ્છના વિવિધ ગામમાં સ્થાઈ થયા છે. જેવા કે ભૂજ, ઢોરી, માનકુવા, અંજાર, રવાપર, દયાપર, કોટડા, ખોંભડી, દેવપર, મોથાળા, સુખપર વગેરે. હિમાચલ પ્રદેશના શિમલામાં કાલીબાડીમાં શ્યામલા માતાનું મંદિર આવેલું છે. શિમલા નામ પણ એ શ્યામલા પર થી પડ્યું છે. શ્યામલા એટલે કાલિકા માતા.

બંગાળી બ્રાહ્મણો ત્યાં દર્શને જાય છે. એ જ પ્રમાણે આપણે પોષ શુદ ૧૪ ના કાલિકા માતાનો પાટોત્સવ ઉજવીએ છીએ. એ પરંપરા આપણે બ્રાહ્મણ હતા ત્યારથી ચાલી આવે છે. એ જ શ્યામલા માતા શામળા થઈ, અત્યારે સેમરામાતા નામથી બગ્ગા પરિવારની કૂળદેવી છે. આદ્યશક્તિ દેવી પાર્વતી હિમાલય પર્વતની પુત્રી હોવાથી પાર્વતી કહેવાઈ. જે રીતે જનક ની પુત્રી જાનકી-સીતા. એ દેવી પાર્વતી વિવિધ નામે બધા ગોત્ર પરિવારની કૂળદેવી છે. એક ગોત્રના પરિવારના દરેક સભ્યો એ સાથે મળીને કૂળદેવી ની તિથિ પ્રમાણે નૈવેદ્ય કરવા જોઈએ. એમાં જ ગોત્રનું કલ્યાણ રહેલું છે. આપણો સનાતન હિન્દુ ધર્મ જ એક માત્ર વૈજ્ઞાનિક ધર્મ છે. અને ઈશ્વર એક છે તેમ ધર્મ પણ એક જ હોય. સનાતન ધર્મના તહેવાર અને પરંપરાઓ માં વિજ્ઞાન રહેલું છે.

વિ.સંવત ૨૦૧૨ એટલે કે ઈ.સ. ૧૯૫૬ના તા. ૧૪-૧૦-૧૯૫૬ ના રોજ પશ્ચિમ કચ્છના ત્રણ તાલુકા નખત્રાણા, અબડાસા અને લખપતના તમામ ગામના આપણા સમાજના પ્રમુખ અગ્રણીઓ એ નખત્રાણા મધ્યે અધિવેશન ભર્યું હતું. તેમાં બગ્ગા મોહનલાલ પ્રાગજી, બગ્ગા મુળજી પ્રાગજી, બગ્ગા બેચરલાલ પ્રાગજી, કટ્ટા હંશરાજ વેલજી, કટ્ટા કેશવજી રણછોડ, કટ્ટા ગોવિંદજી ડુંગરશી, ગુજરાતી મોહનલાલ માધવજી વગેરેના વડપણ હેઠળ શ્રી મારૂ કંસારા જ્ઞાતિના લગ્ન પ્રસંગ વિગેરેના ધારા ધોરણ તથા બંધારણનું પુસ્તક કચ્છમિત્ર પ્રિન્ટીંગ પ્રેસમાંથી છપાવીને પ્રકાશિત કર્યું હતું. આ લેખકે એમના પિતાશ્રીને પ્રશ્ન કર્યો હતો. પશ્ચિમ કચ્છના ત્રણ જ તાલુકા શા માટે ? ત્યારે એમણે કહ્યું હતું. કચ્છના રસ્તા અને વાહનવ્યવહારની મુખ્ય સમસ્યા હતી. (યોગાનું યોગ આ લેખ પણ તા. ૧૪-૧૦-૨૦૧૫ ના લખ્યો છે.) બગ્ગાના ગોત્ર ઋષિ વશિષ્ઠ ઋષિ હતા. ગોત્ર એટલે ઋષિના વંશજ. પાંડવોના ગોત્ર ઋષિ પણ વશિષ્ઠ ઋષિ હતા. નવનાથ ચરિત્રમાં મળતા વૃતાંત મુજબ બંગાળના વશિષ્ઠ ગોત્રના બ્રાહ્મણના ઘેર ગોરખનાથનો આવિર્ભાવ થયો હતો. એના વંશજો બંગાળથી પંજાબ તથા રાજસ્થાન આવ્યા હતા. ત્યાં માતાજી ના સોનાના આભૂષણ બનાવ્યા હતા. ત્યાર પછી એમણે આજીવિકા તરિકે સ્વર્ણકારી અપનાવી હતી. અને બ્રાહ્મણ સોની તરિકે ઓળખાય છે. એમાંથી વિશિષ્ઠ ગોત્રના બગજી ના વંશજો બગ્ગા તરિકે ઓળખાયા. એમાના પંજાબમાં રહેતા બગ્ગા ના કેટલાક પરિવારો એ શીખ સંપ્રદાય અપનાવ્યો અને ત્યાં હજુ પણ સ્વર્ણકારી કરે છે. પંજાબના હોશિયારપુર માં પંજાબી બગ્ગાઓની બગ્ગા જ્વેલર્સ નામની દુકાનો આવેલી છે. પંજાબના બીજા શહેરો ઉપરાંત દિલ્હીમાં પણ પંજાબી બગ્ગા કુટુંબો રહે છે.

આપણને મળતા ઐતિહાસિક આધાર મુજબ વિક્રમ સંવત ૯૪૪ માં મહેમુદ ગઝની હિંદ પર ચડી આવ્યો હતો. એ અરસામાં દિલ્હીમાં મોગલોનું શાસન આવતાં એમના ક્રુર અત્યાચારના કારણે ઉત્તર પ્રદેશ, કનોજ, હરિયાણા, રાજસ્થાન વગેરે વિસ્તારમાં થી કાળક્રમે ઘણી હિન્દુ જાતિ ના લોકો ગુજરાત તરફ વસવાટ માટે આવ્યા હતા. કચ્છ રણ અને દરિયાઈ સીમાથી સુરક્ષિત ટાપુ પ્રદેશ હોવાથી વસવાટ માટે સુંદર સ્થાન હતું. સુરજબારી પૂલનું અસ્તિત્વ પણ ન હતું. સુરબારી પૂલ છેક ૧૯૬૮-૭૦માં બંધાયો હતો. એ પહેલા માંડવીથી નવલખી લોંચ મારફતે દરિયાઈ માર્ગે જ ગુજરાત જઈ શકાતું હતું.

એક હજાર વર્ષથી પહેલા બધી જ્ઞાતિઓ કાળક્રમે કચ્છમાં સ્થાઈ થઈ હતી. એ પહેલા કચ્છમાં ભીલ લોકો અને બીજી જાતિના લોકો વસતા હતા. ભીલ લોકો કોલી કરતા અલગ જાતિ છે. એ રામાયણ કાળના એકલવ્યના સમાજના લોકો છે. ૫૫૦૦ વર્ષ પહેલાં મથુરા, વ્રજ અને મગધ પ્રાંતમાં જરાસંધ ના કહેરથી લોકોને બચાવવા કૃષ્ણ દ્વારિકા વસાવવા ગુજરાત આવવા નિકળ્યા હતા. એમની જોડે આહિર લોકો ગુજરાતમાં સૌરાષ્ટ્ર, સોરઠ, કચ્છમાં રાપર, પ્રાંથળ, અંજાર, ભૂજ તથા ધીણોધર, આમારા, વંગ, ડાકોર, નિરોણા વગેરે વિસ્તારોમાં સ્થાઈ થયા હતા. આહિરો એ માતૃભૂમિની યાદને કાયમ રાખવા અહીં કચ્છમાં નવા વસાવેલા ગામના નામો એજ રાખ્યા હતા. નાગોર, ચિત્રોડ, પ્રતાપગઢ, કનોજ, બાગપત, અંધૌ, રાધાજીનું ગામ બરસાના એ અહીંનું વરસાણા વગેરે. જો એવું છે તો વ્રજ પણ હોવું જોઈએ ! વૃજ એક નહીં પણ બે છે. એક વ્રજ માંથી કચ્છી અપભ્રંશ થઈને ભૂજ થયું. અને બીજુ રાપર તાલુકામાં આવેલું વ્રજવાણી ગામ. રાપરમાં કચ્છી બોલાતી નથી. એ સૌરાષ્ટ્રની નજીક આવેલું હોવાથી અપભ્રંશ નથી થયું. આજે પણ રાપરના લોકો ભૂજ આવે ત્યારે કચ્છ જઈએ છીએ એમ કહે છે ! જૂના વખતમાં કચ્છ ને આભિર તરીકે ઓળખવામાં આવતું હતું.

માતૃભૂમિની ચાહના અર્વાચિન સમયમાં પણ જોવા મળે છે. ૧૯૭૧ ના ભારત-પાક યુદ્ધ દરમ્યાન કચ્છમાં સ્થાઈ થવા આવેલા સોઢા લોકોએ પણ નવા વસાવેલા ગામ પાકિસ્તાનમાં મોજુદ છે. જેવા કે ગેચડા, ગોધિયાર, વેડહાર, ચંદ્રનગર વગેરે. ૨૦૦૧ના ભૂકંપ પછી ભારાપર ગામના લોકોએ નવું ગામ એ જ નામનું વસાવ્યું છે. Etymology-વ્યુત્પતિ શાસ્ત્ર સંશોધન માટે ભાષાનું એવું માધ્યમ છે. જે વૈદિક કાળ સુધીના સંશોધન માટે ઉપયોગી પુરવાર થઈ શકે છે. જેના ઈતિહાસના લેખિત દસ્તાવેજી કે શિલાલેખ, શિલા-

લષ્ટિ વગેરે જેવા નાશવંત પુરાવાઓ ન મળતા હોય ત્યાં વ્યુત્પતિ શાસ્ત્ર ઉપયોગી નિવળ્યું છે. ઈતિહાસ ભાષા ના શબ્દરૂપે જીવંત રહેવા પામે છે. (જે રીતે સૂર્યનો અભ્યાસ સાદા કેમેરાને બદલે એક્ષ રે અને અલ્ટ્રાવાયોલેટ કેમેરાથી કરવામાં આવ્યો. ત્યારે સૂર્ય વિશે અનેક ઘણી નવી માહિતી અને સંશોધન મળ્યું.) એક સરસ દાખલો લઈએ તો કચ્છનું વૈદિક કાળમાં સંસ્કૃત નામ કશ્યપ દ્વીપ હતું. કશ્યપ એટલે કાચબો. કચ્છનો ભૌગોલિક નકશાના આકાર કાચબા જેવો છે. કશ્યપ ઋષિ પણ હતા. કચ્છ કશ્યપનું અપભ્રંશ થયેલું નામ છે. રાજસ્થાન ના સોઢા લોકો છોકરાનું નામ કાછબાજી નાખે છે. એ કશ્યપનું અપભ્રંશ છે. શ્રી લંકાના દરિયામાં રામસેતૂ પાસે કચ્છથિવુ નામનું ટાપું આવેલું છે જે ભારતે શ્રીલંકાને આપી દીધું છે.

જ્યોર્જિયામાં રહેતા એક સમુદાયની અટક કચ્છરવા છે. Lolita katcharava -લોલિટા-લલિતા કચ્છરવા !

ચોર્યાસી કોષની વ્રજની પરિક્રમાના માર્ગમાં કચ્છવન નામનું એક સ્થળ આવે છે.

રશિયા પાલે કાશ્પિયન સમુદ્ર આવેલો છે. જેને અર્વાચિન ઈતિહાસકારો કશ્યપ નામ સાથે જોડે છે.

ભૂકંપ અને વોલ્કેનો ના એક સંશોધન દરમ્યાન જાપાનના એક સુસુપ્ત જ્વાળામુખીનું નામ પણ કચ્છારો હોવાનું જાણવા મળ્યું હતું. લેખકને એવું લાગ્યું કે એનો આકાર પણ કશ્યપ જેવો હશે ! એટલે એનું નામ કશ્યપ જ્વાળામુખી પડ્યું હશે. નેટ પર તપાસ કરતાં કચ્છારો નામના સરોવરમાં કચ્છારો નામનું જ્વાળામુખી કાચબાના આકારનું જોવા મળ્યું ! જે જાપાન ના હોક્કાઈડો નામના પ્રાંતમાં આવેલું છે. કચ્છ શબ્દની વિશેષતા જોયા બાદ નખત્રાણા ગામના નામ વિશે જાણકારી મેળવીએ.

નખત્રાણા ગામનું નામ કઈ રીતે પડ્યું હશે એ વિશે અનામી વિદ્વાનો એ પોતાનું મંતવ્ય આ રીતે આપેલ છે. એ સમયમાં અનાજનો ચોથો ભાગ રાજકોષમાં આપવો પડતો હતો. એટલે આ ગામ વસાવ્યું ત્યારે એ ગામને કોઈ નામ આપવામાં નહોતું આવ્યું ! જેથી રાજાના ખતમાં એના નામનો કોઈ ઉલ્લેખ ન હતો. એટલે રાજાના ખતમાં નામ ખતવાયેલું ન હોવાથી ગામનું નામ પડ્યું ન+ખતવાણા જે પછી થયું નખત્રાણા. જો કે અનેક કારણસર આ તર્ક ખોટું છે. એક વિદ્વાન ઈતિહાસકારે ગામના નામકરણ વિશે એક પુસ્તક લખેલું. જેમાં એક તર્ક મૂક્યું કે દેવીએ ત્રણ નખો વડે ગામની રક્ષા કરી એટલે નખત્રાણા કહેવાયું. આ વિશે આ લેખકનું સંશોધન અને મંતવ્ય જોઈએ. પૂર્વે બધા ગામના નામ સંસ્કૃતમાં હતા. જેમાંથી ઘણા નામ સરળ હતા. એ અપભ્રંશ ન થયા. અભણ અને ગામઠી લોકો નામને બોલચાલની ભાષામાં નામને તદ્દન બદલી નાખે છે. જેવા કે ઉખેડા, વિગોડી, ઉગેડી વગેરે. નખત્રાણા બે શબ્દોનું બનેલું નામ છે. નખતર+આણા, નખતર એટલે નક્ષત્ર. નક્ષત્ર ને કચ્છી ભાષામાં નખતર કહે છે. આણા શબ્દ મારવાડી છે. રાજસ્થાનમાં ગામને આણા, આણું કહે છે. હવે જે રાજસ્થાન થી અહીં રહેવા આવ્યા એમણે નખતર સાથે આણા શબ્દ જોડીને નખતરાણા કહેવું શરૂ કર્યું. પછી નખત્રાણા પ્રચલિત થઈ ગયું. હવે એનું અસલ સંસ્કૃત નામ નક્ષત્રનગર હશે એવો આ લેખકનો નમ્ર મંતવ્ય છે. આ મંતવ્ય ૨૧ વર્ષ પહેલા એક લેખમાં પણ કરેલ હતો. પંદરેક વર્ષ પહેલા એક ઘર્મ પરિષદ નખત્રાણામાં ભરાઈ હતી. એમાં એક ઉત્તર ભારતના એક સ્વામીજીએ સંસ્કૃતમાં પ્રવચન આપ્યું હતું. તેમાં નખત્રાણાનો નક્ષત્રાણા તરીકે ઉચ્ચાર કર્યો હતો.

પરશુરામે એકવીસ વખત પૃથ્વી ને નક્ષત્રી કરી હતી. એટલે ક્ષત્રિયોનો નાશ કર્યો હતો. ત્યારે આ ગામને ન ક્ષત્રિયનગર તરિકે વસાવ્યું હોય એ પણ હોઈ શકે. નખત્રાણા કર્કવૃત પાસે આવેલું છે. અહીં થી નક્ષત્રો, ગ્રહોનું આકાશદર્શન સારી રીતે થઈ શકે છે એટલે નક્ષત્રનગર નામ પડ્યું હશે.

જ્યાં જ્યાં રાજસ્થાનના લોકો વસવાટ કરવા ગયા ત્યાંના ગામ ના નામ ને મારવાડી શબ્દ આણા જોડી નાખેલું જોવા મળે છે. બુલઢાણા (મહારાષ્ટ્ર), હરિયાણા (ઉત્તર પ્રદેશ), બગદાણા, મહેસાણા અને ભાવનગરને પણ ભાવેણા કહે છે. મારવાડી ગામઠી લોકો જયપુર ને જયપુરીયો કહે છે. રાજસ્થાનમાં દહેજ પ્રથા બહુ જ હતી. ત્યાંના રાજા કે જમીનદાર દીકરીને દહેજમાં ગામ આપતા હતા. એટલે દહેજમાં આણું આપ્યું એમ કહેવાતું. પછી દહેજ માટે આણું શબ્દ પ્રચલનમાં આવ્યું. ત્યાં જોધપુર ને જોધાણા અને બીકાનેર ને બીકાણા કહે છે.

આને ત્યાંના એક ગીતમાં જ જોઈ લઈએ.

**ઉદયપુર મે એકલીંગજી ગણપતિ રણથંભોર**
**જયપુર મે આમેર ભવાની જોધાણે મંડોર**
**બીકાણે મેં કરણી માતા રોઠાડાં રી શાન**
**કણ કણસું ગુંજે જય જય રાજસ્થાન.**

- **જૂઠ જ્યારે કાન પર સતત અથડાયા કરે ત્યારે જૂઠ જેવું જૂઠ પણ સત્ય થઈ જાય છે અને આવું સત્ય માણસની લાગણીઓને, એની સંવેદનાઓને મૂઠ મારે છે. - સુરેશ દલાલ**

# ઢોરીવાળા બગ્ગા પરિવારો

- અતુલ સોની (અમદાવાદ)

અંદાજે ૩૦૦ - ૪૦૦ વર્ષ પૂર્વે આપણા સમાજના અન્ય પરિવારોની જેમ રાજસ્થાનથી કચ્છમાં દુધઈ - ધમડકા રસ્તે બગ્ગા નૂખ ધરાવતા કેટલાક પરિવારો ઢોરી ગામમાં સ્થાયી થયા હોવાનો સંભવ છે. ભૂજ થી ૨૩ કિ.મી. દૂર આવેલ ઢોરી ગામમાં આજે પણ એક બગ્ગા પરિવાર વસે છે. અને ગામમાં બગ્ગા પરિવારના કુળ દેવતા શ્રી ખેતરપાળ દાદાનું સુંદર મંદિર આવેલ છે. પૂર્વજોની વાત કરીએ તો સાત-આઠ પેઢી પૂર્વે કદાચ પાંચેક પરિવારો હશે જેના વંશ વારસો આજે મુખ્યત્વે ભુજ, અંજાર, અમદાવાદ વિગેરે સ્થળોએ વસવાટ કરે છે. આગળ જતા આ પરિવારો તેમના વડવાના નામ પરથી ઓળખાય છે. જેમ કે શામજી પરિવારના શામાણી, ટોકરશી પરિવારના ટોકરિયાવાળા, તો ડોસો બાપાના પરિવારો ડોસાણીવાળા તરીકે ઓળખાયેલ.

હાલમાં ઢોરીમાં સ્વ. દેવજી ભાણજીનો પરિવાર રહે છે. જેના મોટા દિકરા જેઠાલાલભાઈ ગામના આગેવાન છે. તેમના પત્ની પણ અગાઉ સરપંચ રહી ચૂકેલ છે. તેમના અન્ય ભાઈઓ નંદલાલ, કિરણ અને અનીલ ત્યાં રહે છે. સ્વ. શાંતિલાલભાઈ હયાત નથી પણ તેમનો પરિવાર ત્યાં વસે છે. આજ પરિવારના સ્વ. શંકરલાલ ચાંપશીનો પરિવાર હાલ અંજારમાં વસે છે. સ્વ. શંકરલાલના મોટા પુત્ર અતુલભાઈ અમદાવાદમાં ઉચ્ચ અધિકારી તરીકે સરકારી નોકરીમાં છે. તેઓ અમદાવાદ જ્ઞાતિના માનદ્‌મંત્રી અને જ્ઞાતિસેતુના તંત્રી તરીકે સેવા આપે છે. તેમના પુત્ર પુનિત હાલ અમેરિકામાં વસવાટ કરે છે. અંજારમાં અનીલભાઈ 'પ્રભુકૃપા જવેલર્સ' નામે સોનાચાંદી વ્યવસાયમાં છે. તેમનો પુત્ર કિર્તન અભ્યાસ સાથે બિઝનેશ સંભાળે છે.

આજ પરિવાર સાથે પાંચમી પેઢીએ સંકળાયેલ સ્વ. કાનજી પ્રાગજી બગ્ગાનો પરિવાર ભુજમાં છે. સ્વ. હિંમતલાલ અને કિશોરભાઈના પુત્રો પણ સોનાચાંદીની દુકાનો ધરાવે છે.

સાતમી પેઢીએ સંકળાયેલ ટોકરશી બાપાના પરિવારો તેમના પુત્ર પ્રેમજીભાઈના ત્રણ પુત્રો પરસોત્તમભાઈ, પ્રાગજીભાઈ તથા વિરજીભાઈના વંશજો ભુજ અને ગાંધીધામમાં વસે છે.

આ પરિવારના સ્વ. તુલસીદાસ પરસોત્તમના પુત્ર શ્રી ભરતભાઈ આવકવેરા અધિકારી તરીકે ફરજ બજાવી નિવૃત્ત થયેલ છે. તેઓ ગાંધીધામમાં અખિલ કચ્છ મારૂ કંસારા સોની ઉત્કર્ષ મંડળના પ્રમુખ છે. પરિવારના શ્રી ઈશ્વરલાલ મેઘજીભાઈ પાસેથી પૂર્વજોની માહિતી આ સાથે દર્શાવેલ છે. મહદ્‌અંશે પરિવારો સોના-ચાંદીના વ્યવસાય સાથે જોડાયેલ છે.


વિશ્રામબાપાના વંશજોમાં ભુજમાં સ્વ. દામજી વેલજીના પુત્રો, નૌતમભાઈ, બિહારીભાઈ, કાન્તીભાઈ અને હરેશભાઈ મોટર્સ અને ઓટોપાર્ટ્સના બિઝનેશ સાથે સંકળાયેલ છે. તેઓ ભુજમાં આશા મોટર્સ, આશા ગેરેજ, માધાપરમાં રામા ઓટોમોબાઈલ્સ અને મુંદ્રામાં ઓટો સેન્ટર નામે વ્યવસાયિક પ્રતિષ્ઠાનો ધરાવે છે. તેમની વંશાવળીની વિગતો અહીં દર્શાવેલ છે.

**બગ્ગા પરિવાર ની વંશાવળી**

વિશ્રામ → ગોવિંદજી → વાઘજી → વેલજી → દામજી

- દામજી
  - ગૌતમ
    - રાજેશ
    - હિરેન
  - વિરાહીભાઈ
    - હિતેશ
    - અનીલ
    - રોહન
  - કાન્તીભાઈ
    - અતુલ
    - ધર્મેશ
    - વિમલ
  - હરેશભાઈ
    - વિશાલ

## ઢોરીવાળા બગ્ગા પરિવાર ની વંશાવળી




ડોસાણીવાળા પરિવારમાં સ્વ. તુલસીદાસભાઈ - ગીજુભાઈ નામથી ઓળખાતા, તેમની મહેરઅલી ચોકમાં વાસણની દુકાન છે.

ઢોરીવારા બગ્ગા પરિવારોના કુળ દેવતા ખેતરપાળ દાદા છે. ઢોરી ખાતે સોનાચાંદીના બનેલ હાર (હાયડા)ની પુજા થાય છે. પરિવારના પુત્ર જન્મ નિમિત્તે સોનુ-ચાંદી ચઢાવવામાં આવે છે. દર વર્ષ મહા સુદ સાતમ ના રોજ સર્વે ભાઈઓ પરિવાર સહ ઢોરીમાં નૈવેદ્ય વિધિ કરે છે.

ઢોરીવાળા બગ્ગા પરિવારો પૈકી કેટલાક પરિવારની આ માહિતી શ્રી જેઠાલાલ દેવજી (ઢોરી), શ્રી ઈશ્વરલાલ મેઘજી બગ્ગા (ભુજ), શ્રી કિશોરભાઈ કાનજી (ભુજ) તેમજ વડીલ શ્રી નરોત્તમભાઈ દામજી (ભુજ) તરફથી પ્રાપ્ત થયેલ છે.

આપણી પરંપરાઓ

# ઢોરીવાળા બગ્ગા પરિવારની નૈવેદ્ય પરંપરા

- એકતા કટ્ટા (અંજાર)

'પરિવર્તન સંસારનો નિયમ છે' આ લોકોક્તિનું પરિવર્તન શબ્દ આધુનિક કાળમાં વિશેષ પ્રભાવશાળી સિધ્ધ થઈ રહ્યો છે. આજની આધુનિક જીવનશ્રેણી, આવતીકાલે "Out of Fashion or Trend" બની જતી દેખાય છે ત્યારે પરંપરાઓ કે રીતિરીવાજોને પાળવા કે વિકસાવવા મહદ્અંશે અશક્ય જ લાગે તે સ્વાભાવિક છે, કારણકે પરંપરાનું મૂળભૂત લક્ષણ છે - 'સાતત્ય.' વરસો-વરસ સુધી સતત વ્યવહારમાં મૂકાતી પધ્ધતિઓ જ કાળક્રમે પરંપરામાં પરિણમે છે. જે કદાચ આજે આધુનિક કાળના વિકાસને માનતી જીવનશ્રેણી માટે અવરોધરૂપ પણ સિધ્ધ થઈ શકે છે. વાત પણ સ્વાભાવિક છે. ઉદાહરણરૂપે આપણી અવિચ્છિન્ન પરંપરા નૈવેદ્યને જ જોઈએ. સામાન્ય રીતે પોતપોતાના નિયત દૈનિક કાર્યક્રમમાં પરોવાયેલા, દૂર-સુદૂર વસેલા ગૌત્ર પરિવારો કુળદેવ-દેવીના સ્થાનકે પહોંચી નૈવેદ્ય પરંપરા જાળવવા કેટલા ઉત્સુક હોઈ શકે? આ પરંપરાનો આધુનિક જીવનને શું પ્રદાન? પ્રત્યક્ષપણે કદાચ કંઈ જ નહીં! પરંતુ આજના આ આધુનિક યુગમાં પણ આપણે 'જ્ઞાતિ', 'ગૌત્ર' જેવા શબ્દોને માત્ર શબ્દકોષમાં જ



ન મૂકતાં, વ્યવહારમાં પણ મૂકી તેની મહત્તા જાળવીએ છીએ તે આપણી જ્ઞાતિ માટે શ્રેયસ્કર છે. પૂર્વે કોઈપણ પારંપરિક પધ્ધતિના નિર્માણ પાછળ પૂર્વજોની દીર્ઘદષ્ટિ કાર્યરત રહી છે. દૂર-સુદૂર વસતા ગૌત્રજ કમસે કમ વર્ષમાં એકથી બે વાર સાથે મળી શકે તે નૈવેદ્ય પરંપરાનો હેતુ હશે. આ એકાદ મિલન દ્વારા પણ ગૌત્રજની જીવન શ્રેણી (Life Standard)નો પરિચય મેળવી એકબીજાનાં પૂરક બનવું તે તેના બીજો હેતુ. પૂર્વે આવાગમન દુર્ગમ હતું તેથી આ પરંપરા આવશ્યક હતી અને વર્તમાનમાં આવાગમન સુલભ છે. પરંતુ, ગૌત્રજ વચ્ચેનો સમન્વય દુર્ગમ છે. માટે આ પરંપરા જાળવવી આવશ્યક છે.

ઉપરોક્ત બાબતોનો વિસ્તારથી ઉલ્લેખનો હેતુ માત્ર એટલો જ કે, આપણી જ્ઞાતિ અંતર્ગત આ પરંપરા માત્ર ભૌતિક ન રહેતા જીવંતતાથી વિકસે. 'આપણી અવિચ્છિન્ન પરંપરા - નૈવેદ્ય' કોલમનાં સંકલન સમયે મહદ્અંશે (કદાચ 'હેડાઉ' પરિવાર સિવાય) વિવિધ ગૌત્રોમાં જ જુદા જુદા ભાગો જોવા મળ્યા. આવા જુદા જુદા ભાગો (ઉદાહરણરૂપે 'બગ્ગા' ગૌત્રના જ ખોંભડીવાળા, મોરબીવાળા વગેરે ભાગો (પરિવારો) વચ્ચે પણ જો આ પરંપરાના માધ્યમથી સમન્વય સધાય તો તે આ પરંપરાનો વિકાસ હશે. 'બગ્ગા' ગૌત્રનાં નૈવેદ્ય વિષે માહિતીના સંકલન હેતુ ભુજના ગં.સ્વ. તારાબેન કાનજીભાઈ બગ્ગા તથા તેમની ત્રણેય પુત્રવધૂઓ સાથે ચર્ચા દરમ્યાન ઉપરોક્ત વિચાર વધુ દ્રઢ થયો. ગત અંકોમાં આ કોલમ અંતર્ગત વિવિધ ગૌત્રોના ઇતિહાસનો ઉલ્લેખ થયો પરંતુ અહીં વર્તમાન અને ભવિષ્યના ઈચ્છીત સુધારાઓની કલ્પનાનો ઉલ્લેખ કરી રહી છું. આશા છે, માત્ર 'બગ્ગા' ગૌત્ર જ નહીં, જ્ઞાતિનાં અન્ય ગૌત્રબંધુઓ પણ આ વિષે દષ્ટિપાત કરશે.

અત્રે 'બગ્ગા' ગૌત્રના ઢોરીવાળા પરિવારના વાર્ષિક અને પ્રસંગોપાત થતાં નૈવેદ્યની માહિતીનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ પરિવારના કુળદેવી શ્રી વાઘેશ્વરી માતાજી છે. ઢોરીવાળા પરિવાર ઉપરાંત નખત્રાણા, ખોંભડી, નારાયણ સરોવર અને મોરબી ગામોનાં નામે પણ 'બગ્ગા' ગૌત્રનાં પરિવારો ઓળખાય છે.

મહા સુદ સાતમના દિવસે ઢોરી ગામ મધ્યે કુળતેવી તથા ખેતરપાળ દાદાના વાર્ષિક સામૂહિક નૈવેદ્ય કરવામાં આવે છે. અંદાજે બસ્સોથી અઢીસો જેટલાં પરિવારજનો સામૂહિક મહા પ્રસાદનો લાભ લઈ આ પરંપરામાં જોડાય છે. ગં.સ્વ. તારાબેન કાનજીભાઈ બગ્ગાએ માહિતી આપતા કહ્યું હતું કે, હજુ મોટી સંખ્યામાં પરિવારજનો ઉપસ્થિત રહી, એકબીજાના વધુ નજીક આવે અને નૈવેદ્ય વિષે માહિતી મેળવે તેવી ભાવના સેવું છું.

## વાર્ષિક નૈવેદ્ય

- **મહા સુદ સાતમ :**

આ દિવસે બપોરના સમયે, કોઈપણ સવાઈ માત્રામાં લાપસી, તલવટ, જુવાર કે જેમાં થોડી માત્રામાં ઘી તથા

ગોળ ભેળવેલ હોય, ઢોસાના લાડુ, ૧૨ પૂરીઓ અને બે શ્રીફળ લેવા. પ્રથમ એક લાડુ શ્રી ગણપતિજી સમક્ષ ધરવું. ત્યારબાદ માતાજી સમક્ષ સાત પૂરીઓ એક હરોળ (લાઈન)માં મૂકી, તેના પર એક એક કોર લાડુના મૂકી, એક શ્રીફળ વધેરી નૈવેદ્ય કરવા. નૈવેદ્ય બાદ આ સાત પૂરીઓ ગાયને આપી દેવી અને અન્ય બનાવેલ પાંચ પૂરીઓ પ્રસાદમાં ભેળવી દેવી. ત્યારબાદ સાત કોર લાપસી, સાત કોર જુવાર અને સાત કોર તલવટ ખેતરપાળ દાદા સમક્ષ મૂકી, શ્રીફળ વધેરી નૈવેદ્ય કરવા. શ્રીફળ વધેરવા પૂર્વે શ્રીફળ ધૂપ અથવા અગરબત્તીને અડાડી, ધૂપ અથવા અગરબત્તી ઉપરથી ફેરવી લેવું. માતાજીનાં નૈવેદ્યની પ્રસાદને ખેતરપાળ દાદાનાં નૈવેદ્યના પ્રસાદ સાથે ભેળવી, પહેલો કોર સાંખિયાને, બીજો કોર કુમારીકાને આપ્યા બાદ સમસ્ત પરિવારજનોએ પ્રસાદ લેવો.

**● ચૈત્ર સુદ આઠમ, અષાઢ સુદ આઠમ, આસો સુદ આઠમ :**

આ ત્રણેય દિવસોએ બપોરનાં સમયે, મહા સુદ સાતમનાં દિવસે થતાં માતાજી તથા ખેતરપાળ દાદાનાં નૈવેદ્ય મુજબ જ નૈવેદ્ય સામગ્રી દ્વારા નૈવેદ્ય વિધિ કરવી.

**● ફાગણ સુદ પૂનમ (હોળી) :**

આ દિવસે સાંજના સમયે કોઈપણ સવાઈ માત્રામાં લાપસી તથા તલવટ અને એક શ્રીફળ વધેરી ખેતરપાળ દાદા સમક્ષ નૈવેદ્ય કરવા.

**● આસો વદ ચૌદસ (કાળી ચૌદસ) :**

આ દિવસે સાંજના સમયે કોઈ પણ સવાઈ માત્રામાં તલવટ અને એક શ્રીફળ વધેરી ખેતરપાળ દાદા સમક્ષ નૈવેદ્ય કરવા.

**● આસો વદ અમાસ (દિવાળી) :**

આ દિવસે સાંજના સમયે હોળીના દિવસે થતાં ખેતરપાળદાદાના નૈવેદ્ય મુજબ નૈવેદ્ય સામગ્રી દ્વારા નૈવેદ્ય વિધિ કરવી.

**પ્રસંગોપાત થતા નૈવેદ્ય**

**● શ્રીમંત સમયે થતાં નૈવેદ્ય :**

શ્રીમંતના નૈવેદ્ય સમયે, મહા સુદ સાતમનાં દિવસે થતાં માતાજી તથા ખેતરપાળ દાદાનાં નૈવેદ્ય મુજબ જ નૈવેદ્ય સામગ્રી દ્વારા નૈવેદ્ય વિધિ કરવા ઉપરાંત નૈવેદ્ય સમયે બે પાંચ-પાંચ રૂપિયાના સિક્કા મૂકવા, જે નૈવેદ્ય બાદ નિયાણીને આપી દેવા. (અત્રે એ ઉલ્લેખનીય છ કે, પૂર્વકાળમાં આ નૈવેદ્ય સમયે લાલ રંગનું કાપડ મૂકવામાં આવતું હતું, જે નિયાણીને આપ્યા બાદ તેનો પવિત્રતાથી જ ઉપયોગ થશે તેવું નિશ્ચિત ન રહેતાં, સમયાંતરે પાંચ રૂપિયાનાં સિક્કા મૂકી નિયાણીને અપાતા. નૈવેદ્ય પરંપરા અંતર્ગત નિયાણીને અપાતા ભાગની વિધિ પણ પૂર્ણ થાય છે અને પવિત્રતા પણ જળવાઈ રહે છે.

**● પરંપરાગત હારનાં નૈવેદ્ય :**

આ પરિવારમાં બાળકનો જો પુત્રીરૂપે જન્મ થયો હોય તો જન્મનાં દોઢ મહિના બાદ, બપોરના સમયે કોઈપણ સવાઈ માત્રામાં લાપસી, તલવટ અને એક શ્રીફળ વધેરી ખેતરપાળ દાદા સમક્ષ નૈવેદ્ય કરવા.

અને બાળકનો પુત્રરૂપે જન્મ થયો હોય તો જન્મના દોઢ મહિના બાદ, બપોરનાં સમયે કોઈપણ સવાઈ માત્રામાં લાપસી, તલવટ, જુવાર અને એક શ્રીફળ વધેરી ખેતરપાળ દાદા સમક્ષ નૈવેદ્ય કરવા. આ નૈવેદ્ય પૂર્વે અઢી ગદીયાણા ચાંદીનો ગોળ સિક્કો બનાવી તેના પર સવા વાલ સોનું લગાવી ગોઠીનો સિક્કો તૈયાર કરાવવો. જેને નૈવેદ્ય સમયે ગંગાજળ વડે પવિત્ર કરી 'બગ્ગા' પરિવારનાં વંશવેલાનાં પરંપરાગત હાથળા (હાર)માં પરોવ્યા બાદ ખેતરપાળ દાદા સમક્ષ નૈવેદ્ય કરવા. સામાન્યતઃ પ્રત્યેક પરિવારોમાં પળાતી અડીઓ જેવી કે શ્રીમંત પૂર્વે કોરૂં કાપડ ન પહેરવું, ખેતરપાળ દાદા, માતાજી, યક્ષ કે પીરની પ્રસાદી ન લેવી, ખેતરપાળ દાદાનાં દર્શને ન જવું, બાલ મુંવારા (ઝંડા)નાં નૈવેદ્ય પૂર્વે બાળકને લાલ કે સફેદ કપડા ન પહેરાવવા, ટોપી કે બૂટ ન પહેરાવવા, ઉપરાંત બાળકના માથે 'બાંધણી' વર્કવાળું કોઈ પણ પ્રકારનું વસ્ત્ર (સાડીનો પાલવ, ચુન્નીનો પાલવ વિગેરે) ન ઓઢાડવું. કુટુંબ - પરિવાર સિવાયના કોઈ વ્યક્તિ દ્વારા બુટ કે ટોપી આપી શકાય પરંતુ તેનું પણ રંગ લાલ કે સફેદ ન હોવો જોઈએ - જેવી અડીઓ આ પરિવાર દ્વારા પાળવામાં આવે છે.

**● ઝંડાના નૈવેદ્ય :**

શ્રીમંત સમયે થતા માતાજી તથા ખેતરપાળ દાદાનાં નૈવેદ્ય મુજબ જ નૈવેદ્ય સામગ્રી દ્વારા નૈવેદ્ય વિધિ કરવી.

**● લગ્ન સમયે થતાં નૈવેદ્ય :**

સામાન્યતઃ લગ્ન સમયે થતી માઈ બેસાડવાની વિધિ સમયે માતાજીનાં નૈવેદ્ય અને માંડવા સમયનાં નૈવેદ્ય મહા સુત સાતમનાં દિવસે થતાં માતાજી તથા ખેતરપાળ દાદાનાં નૈવેદ્ય મુજબ જ નૈવેદ્ય સામગ્રી દ્વારા નૈવેદ્ય વિધિ કરવી.

**સાભાર સંદર્ભ માહિતી :**

**ગં.સ્વ. તારાબેન કાનજીભાઈ બગ્ગા - ભુજ (કચ્છ)**

# કશ્યપ ગોત્રના સોલંકી પરિવારો

- તુલસીદાસ કંસારા (અમદાવાદ)

પ્રાગતિહાસિક રીતે જોતાં અગ્નિવંશીમાંથી ઉતરી આવેલ જાતિઓમાં ચૌહાણ, પરિહાર કે પ્રતિહારા, પરમાર અને ચાલુક્ય કે સોલંકીઓનો સમાવેશ થાય છે, જેઓ પહેલાના ગુજરાત દેશ પર દશમીથી તેરમી સદી સુધી રાજ્ય કરી ગયા. તેમાં મૂલરાજ સોલંકી (જેમની સત્તા કચ્છ-સૌરાષ્ટ્ર સુધી ફેલાયેલ હતી) થી શરૂ થઈ, ભીમદેવ-૧ (મોઢેરાના પ્રખ્યાત સૂર્યમંદિરના બાંધનાર), કર્ણદેવ-૧ (કર્ણાવતી નગરી વસાવનાર), સિદ્ધરાજ જયસીંહ (માળવા સુધી પોતાના રાજ્યને વિસ્તારનાર અને જુનાગઢને જીતીને રાણકદેવીને વઢવાણમાં સતી બનવા મજબૂર કરનાર), તેમજ જૈન પ્રણાલીને પ્રોત્સાહન આપનાર કુમારપાલ અને બાલ મૂલરાજનો સમાવેશ થાય છે.

ગુજરાતમાં રાજપૂત ઉપરાંત અનેક જ્ઞાતિઓમાં જોવા મળતી આ સોલંકી અને પરમાર અટકો આમ તો સર્વ સ્વિકાર્ય બની ગયેલ છે કારણકે ક્ષત્રિય લોકોએ આઝાદી પહેલાં જ, વખત જતાં પોતાના ક્ષત્રિયને લગતા કામો સિવાયના કારીગરોને લગતા અનેક કામો અપનાવ્યા, અને તેઓ જે જે વ્યવસાય કરવા લાગ્યા તે મુજબ તેમની ઓળખ દરજી, કંસારા, સોની, લુહાર, મોચી, વણકર વિગેરે બની અને કેટલાક લોકોએ આવી ઓળખ એડોપ્ટ કરી કે અપનાવી, પરંતુ તેનું મુળ રાજસ્થાન અને ગુજરાતના પ્રદેશોમાં છે. જ્યાં સુધી આપણી જ્ઞાતિ, સમાજ કે પરિવારોને સંબંધ છે ત્યાં સુધી મારૂ કંસારાઓમાં તમને આવા સોલંકી અને પરમારોના પરિવારો કચ્છ તેમજ સૌરાષ્ટ્રમાં વધારે જોવા મળે છે.

ભુજમાં સોલંકીઓની સંખ્યા ૨૦૦૯ની ગણતરીને આધારે ૪૦૦ અને પરમારો ૧૫૦ જે બન્ને મળીને કુલ વસ્તીના દશ ટકા જેટલા થાય છે. આજથી ચાલીસ વરસ પહેલાં ભુજ છોડ્યું ત્યારે ત્યાંના ખમતીધર સોલંકી પરિવારોમાં નરભેરામ રવજીનું કુંટુંબ બહોળી સંખ્યા સાથેનો એક નામાંકિત પરિવાર હતો. અને ૧૯૪૭માં સોની અને કંસારાના ટ્રસ્ટોનું એકત્રીકરણ થયું ત્યારે પ્રથમ કારોબારીના તેઓ સહમંત્રી હતા. જ્યારે એકત્રીકરણ પહેલાં ૧૯૧૩માં સ્વ. હરખચંદ સોલંકીએ પ્રમુખ તરીકે વહીવટ કરેલ તેવું નોંધાયેલ છે. ભુજ જ્ઞાતિના પ્રમુખોમાં શ્રી ઈન્દુલાલ હરીરામ સોલંકી તથા શ્રી અમ્રતલાલ જેઠાલાલ સોલંકીએ પ્રમુખ તરીકે વહીવટ કરેલ તેવું નોંધાયેલ છે. ભુજ જ્ઞાતિના પ્રમુખોમાં શ્રી ઈન્દુલાલ હરીરામ સોલંકી તથા શ્રી અમ્રતલાલ જેઠાલાલ સોલંકીએ વરસો સુધી સેવા આપેલ છે. મહિલા મંડળના અત્યારના પ્રમુખ પણ શ્રીમતી લતાબેન ઈન્દુલાલ સોલંકી છે.

ભચાઉની વાત કરીએ તો ત્યાં તે સમયની હાડમારીઓને કારણે લોકજીભે રમતી કહેવત છે કે "દાદા હો દિકરી, વાગડમાં ના દેશો રે લોલ...."

સૌરાષ્ટ્રમાં માત્ર જામનગરની વાત કરીએ તો ત્યાંના બુક પ્રમાણે સોલંકીઓની સંખ્યા ૭૮ કુટુંબો સાથે ૪૪૯ છે જ્યારે પરમારોના ૯૮ કુટુંબો અને ૫૩૨ વ્યક્તિઓ, આમ આ બન્ને મળીને ૧૦૧૦ની સંખ્યા થાય છે` ત્યાંના કુલ ૨૬૭૨ કંસારાઓની સંખ્યાના ૩૬ ટકા ઉપર થાય છે.

તેવી જ રીતે મુંબઈમાં સોલંકીઓમાં નાગરદાસ રાઘવજી અને તેમના ભાઈઓ, જેઓ સાંતાક્રુઝ, ખાર અને દાદરની આસપાસમાં રહે તેમના પરિવારના સા ઘર, અને નઝદિકના ભૂતકાળમાં જ વિદાય લઈ ગયેલ સ્વ. શ્રી બટુકભાઈ ઉર્ફે કનૈયાલાલ રાઘવજી સોલંકીનો ત્યાંની તેમજ જામનગરની જ્ઞાતિના દરેક કામકાજોમાં સિંહફાળો રહેલ.

ફરી કચ્છ તરફ પાછા વળીએ તો માધાપરની જ્ઞાતિમાં પ્રમુખપદે નિર્વાચીત થયેલ રામજીભાઈ હરિલાલ સોલંકી, મુળ ભચાઉના મારા માસીના દિકરાના જયેષ્ઠ પુત્ર થાય, ભચાઉમાં વસવાટ કરનાર આપણી જ્ઞાતિમાં રામજીભાઈના દાદાજી સ્વ. દામજીભાઈ ઓધવજીનો પરિવાર કદાચ પરથમ પરિવાર હશે.

દાદા હો દિકરી, વાગડમાં ના દેશો રે લોલ... ગુજરાતના આ લોકગીતોમાં જે પ્રદેશને વખોડવામાં આવેલ છે, અને ચોમાસે વાગડ ભલો કહીને એક દોહામાં જેના વખાણ કરવામાં આવેલ છે, તેવા આજથી ચૌદ વર્ષ પહેલાં ધરતીકંપની ફોલ્ટ લાઈનમાં હોવાને કારણે નષ્ટ-નાબુદ થઈ ગયેલ વાગડના ભચાઉ શહેરમાં વસતા સોલંકી પરિવારની વાતથી આપણે આ મણકાની શરૂઆત કરીએ.


સોલંકી નુખ કશ્યપ ગોત્રમાં ક્ષત્રિય મૂળ દર્શાવે છે. હાલમાં જ આ ગામની મુલાકાત લેવાનું થયું અને શ્રી હરિલાલભાઈ દામજી સોલંકી (ઉ.વ.૭૫+) ને મળવાનું થયું. તેમની પાસે પુરાણો અને ઉપનિષદોનું કલેકશન જોઈને પ્રભાવિત થયો. તેમના કુટુંબના ભચાઉના આગમન વિશે પૂછતાં, તેમણે તો પટારામાંથી જૂના ચોપડા કાઢીને સાત પેઢીનો ઈતિહાસ કહી આપ્યો અને ભચાઉથી ૧૮-૨૦

કિ.મી.ના અંતરે આવેલ મૂળ આમરડી ગામના આ સોલંકી પરિવારના શ્રી દામજી ઓધવજી કંસારા ભચાઉમાં પગ મૂકનાર પહેલા કંસારા હતા તે જાણવા મળ્યું. તેમણે વીસમી સદીના બીજા કે ત્રીજા દાયકામાં ભચાઉમાં એક ઓટલા ઉપર પાન-બીડી વહેંચવાની શરૂઆત કરેલ. આ સોલંકી પરિવારના સાતમી પેઢીએ પહેલા પુરુષ હતા જેવત, અને તેમની છઠી-પાંચમી- ચોથી પેઢીએ એમ ચઢતા ક્રમમાં આવે ઓધવજી-કલ્યાણજી-મોરારજી-નાનજી જેવત. અઢારમી સદીના છેવાડા ઉતરાર્ધમાં (૧૭૮૬-૧૮૦૧) કે જ્યારે કચ્છમાં બારભાયાનું રાજ સ્થપાયેલ એ ભુજને રા'રાયઘણના જુલ્મોથી બચાવવા માટે જમાદાર ફતેહમોહમદે આગેવાની લીધેલ ત્યારના સમયમાં કદાચ આ સોલંકી પરિવારે વાગડમાં આમરડી મુકામે મુકામ કરેલ હશે. અહિં સોલંકી નુખ ધરાવતા આપણા અન્ય પરિવારો આ મોરારજી-મૂળજી-નાનજી-જેવત માંના કોઈ નામો સાથે સંકળાયેલ હોય તો તેમની માહિતી ઉપયોગી થશે.

શ્રી હરિલાલભાઈ તે દામજીભાઈના પુત્ર થાય અને તેમના સંતાનોમાં રામજીભાઈ (અત્યારે માધાપરમાં સોના-ચાંદીના દાગીના બનાવવા તેમજ વહેંચવાનો વ્યવસાય કરે છે) શાંતિલાલ ભચાઉમાં જુના એસ.ટી. રોડ ઉપર દામજી ઓધવજી કંસારાના નામે હોલ-સેલમાં ચીજવસ્તુઓ (પાન, બીડી, સોપારી, તંબાકુ, પીપરમેન્ટ, બિસ્કીટ વગેરે) વહેંચવાની દુકાન ધરાવે છે. ભગવાનજીભાઈ ટેલરીંગ શોપ ધરાવે છે. તેમજ ધનશ્યામે સોપારીને પાઉચમાં પેકીંગ કરવાનું નાનુ યુનિટ ઉભુ કરીને ગરીબ બહેનો માટે ઘરમાં બેસી કામકાજ કરવાની તક ઉભી કરેલ છે. શ્રી હરિલાલભાઈના નાનાભાઈ સ્વ. ખેંગારભાઈ માધાપરમાં રહેતા હતા અને તેમના ચાર પુત્રો પણ ભુજ-માધાપરમાં રહીને પોતપોતાનો વ્યવસાય-નોકરી કરે છે. શ્રી હરિલાલભાઈએ ધરતીકંપના આફટરશોકમાં તેમના પત્ની ગુમાવ્યા અને અત્યારે નિવૃત્તિમાં પણ થોડા સમય માટે દુકાનની સંભાળ લ્યે છે. તેમના સિવાય પણ ભચાઉમાં અત્યારે એકાદ કુટુંબ કદાચ તેમના પિતરાઈનું રહે છે.

અન્ય સોલંકી પરિવારોમાં આપણી જ્ઞાતિમાં ભુજમાં સોની હરિરામ રવજી અને નરભેરામ રવજીના કુટુંબો છે. જેમાંથી મારી જાણ મુજબ શ્રી પ્રાણલાલભાઈ, તે નરભેરામભાઈના પુત્ર બુલીયન મર્ચન્ટ એસોસીએશનના પ્રમુખ તરીકે અગત્યની જવાબદારી સંભાળેલ અને અત્યારે અમદાવાદમાં સ્થાયી થયેલ છે. ૨૦૧૨માં બજેટ પછી સોનીકામમાં રોકાયેલ કારીગરો તેમજ વેપારીઓની સરકારશ્રીએ નવી દાખલ કરેલ એકસાઈઝ ડ્યુટીને કારણે રેકોર્ડ રાખવાની જવાબદારી ખૂબ જ વધી જાય છે તેની સામે લડત અને હડતાલ ચાલુ થયેલ ત્યારે તેઓએ કચ્છ બુલિયન મર્ચન્ટના આગેવાન તરીકે સબળ નેતૃત્વ પૂરું પાડેલ.

**શ્રી નરભેરામભાઈની વાત કરીએ તો, તેમના પુત્ર શ્રી પ્રાણલાલભાઈ પાસેથી મળેલ માહિતી મુજબ તેમની વંશાવળી આ પ્રમાણે છે.**




શ્રી નરભેરામભાઈની સાત પુત્રીઓના નામ આ પ્રમાણે મળેલ છે : (૧) સાવિત્રીબેન (૨) સરસ્વતીબેન (૩) અમરતબેન (૪) લક્ષ્મીબેન (૫) મંગળાબેન (૬) નિરંજનાબેન (૭) ગીતાબેન

# શ્રી નખત્રાણા મારુ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ

* * * નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ * * *



પ્રમુખ
જ્યોતિબેન રમણિકલાલ કટ્ટા



ઉપપ્રમુખ
કલ્પનાબેન પરેશભાઈ સાકરીયા



ઉપપ્રમુખ
જયાબેન કિરીટભાઈ બારમેડા



મંત્રી
હેતલબેન ભાવેશભાઈ પોમલ



સહમંત્રી
ક્રિષ્ણાબેન અતુલભાઈ સોલંકી



ખજાનચી
રસિલાબેન ધીરજલાલ કટ્ટા



સહખજાનચી
વિજયાબેન દિનેશભાઈ બુદ્ધભટ્ટી



creating precious history...
Selected 2013-15
Quality Brands
INDIA
rashtriya udyog ratna
jetha bhai zaveri®
the signature of royality
Jai Swaminarayan
" In the joy of others lies our own"
NATURAL DIAMOND
GOLD FINE
8g* 916
jetha bhai zaveri®
2015 - Nominated Best Designer Diamond Jewellery ~UBM
2013 - Nominated Leaders of Tomorrow ~ ET Now
2013 - Honoured with the title "Rashtriya Udyog Ratna"
2013 - National Industrial Excellence Award
2012 - Certified "Quality Brands India"
2011 - Nominated Leaders of Tomorrow ~ ET Now
2009 - Nominated Best Men's Jewellery of the Year ~ TRJ
2008 - National Platinum Excellence Award ~ PGI
2008 - Best Platinum Jewellery Overall Excellence Award ~ PGI
2008 - Best Diamond jewellery showroom ~ DTC.
2008 - Best Showroom Nakshatra Diamond Jewellery (North India)
2007 - Best Diamond jewellery showroom ~ DTC
2007 - Best Luxury Platinum Jewellery
2006 - Best Citizens' Award – CSR ~ Honb'le CM of Delhi
2006 - Best Diamond Jewellery Showroom Diamond Season
2006 - Best Diamond Jewellery Showroom Lucky Laxmi ~ GJF
2006 - 2nd Largest Branded Jewellery Showroom ~ TRJ
2005 - Best Sales Consultants Diamond Season ~ DTC
2004 - Super Sales Ambassador Diamond Season~ DTC
2004 - Excellence in Platinum Jewellery ~ PGI
2004 - Best Super Sales Person Diamond Season ~ DTC
2003 - Best Diamond Jewellery Showroom Award ~ DTC.
1999 - Swaranjali Award for Designer Jewellery ~ WGC
jewellers by appointment
42, Basant Lok, Vasant Vihar, New Delhi - 110057 India
+91 - 11 - 2614 - 1462 +91 - 99 - 9933 - 6295
mail@jbzindia.com



# કંસારા નવનીતલાલ જગજીવનદાસ

## સોના ચાંદીના વહેપારી


૪૫૦/૧-૩, સાંકડી શેરીના નાકે,
માણેક ચોક, અમદાવાદ - ૦૧.

ફોન : (દુ) ૨૨૧૪૨૮૮૦,
૨૨૧૪૪૯૭૪
(ઘ) ૨૨૧૪૬૯૪૧
મો. : ૯૮૭૯૫૩૯૩૧૧

*** નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ ***

# શ્રી અખિલ ભારતીય મારુ કંસારા સોની જ્ઞાતિ મહામંડળ

સદ્‌વિચાર પરિવાર ઓફિસ, વ.ડી. હાઈસ્કૂલ પાસે, સીંધી વાડી સામે, ભુજ-કચ્છ. ૩૭૦૦૦૧



પ્રમુખ
શ્રી પ્રભુદાસભાઈ ખેતશીભાઈ ગુજરાતી



મહામંત્રી
શ્રી પ્રેમજીભાઈ કેશવજીભાઈ સોલંકી



ખજાનચી
શ્રી ચન્દ્રકાંતભાઈ જટુભાઈ ચનાણી

**ઉપપ્રમુખ**
હરિલાલ લખમશી વશા પરમાર
અમૃતલાલ જેઠાલાલ સોલંકી
લખમશીભાઈ ઈશ્વરલાલ કોટડીયા
પ્રકાશચંદ્ર ભગતલાલ બારમેડા

**મંત્રી**
ઈન્દુભાઈ હરિરામભાઈ સોલંકી
ભરતભાઈ તુલસીદાસ બગ્ગા
એક્તાબેન હેમેન્દ્રભાઈ કટ્ટા



**સહમંત્રી**
હેમેન્દ્રભાઈ મોહનભાઈ ગુજરાતી
ફોરમકુમાર સુરેશભાઈ પોમલ

**સંગઠન મંત્રી**
મનુભાઈ વિઠ્ઠલદાસ કોટડીયા
ગોપાલભાઈ રામજીભાઈ પોમલ

**મેડીકલ સમિતિ**
સુનિલભાઈ માધવભાઈ પોમલ

**નાણાકીય સમિતિ**
નીતિનભાઈ અમૃતલાલ હેડાઉ

**શિક્ષણ સમિતિ**
ચેતનકુમાર ઈશ્વરલાલ બારમેડા

**કલા-સંસ્કૃતિ સમિતિ**
સુધાબેન અમૃતલાલ બુદ્ધભટ્ટી

**મહામંડળ મહિલા સેલ**
લતાબેન ઈન્દુભાઈ સોલંકી

* * * નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ * * *

# શ્રી મારુ કંસારા સોની સમાજ જ્ઞાતિ મંડળ - માધાપર

સ્વામીનારાયણ નગરની બાજુમાં, જૂનાવાસ, માધાપર, તા. ભુજ -કચ્છ.

મારૂ કંસારા સોની જ્ઞાતિજનો તથા જ્ઞાતિના હિતેચ્છુ સર્વે પરિવારજનોને

**માધાપર મારૂ કંસારા સોની જ્ઞાતિમંડળ**

તથા માધાપર હોદ્દેદારો, કારોબારી સભ્યો, યુવક ફ્રેન્ડસ ગ્રુપ, મહિલા સત્સંગ મંડળ
દ્વારા દિપાવલીના શુભ અવસર નિમિત્તે ખુબ ખુબ
"નૂતન વર્ષાભિનંદન."



પ્રમુખ
રામજીભાઈ હરીલાલ સોલંકી




ઉપપ્રમુખ
વસંતભાઈ પ્રેમજી કટ્ટા



ઉપપ્રમુખ
હસમુખભાઈ બાબુલાલ બુદ્ધભટ્ટી



મંત્રી
નવીનભાઈ ઈન્દરજી હેડાઉ



સહમંત્રી
કિરણભાઈ શંભુલાલ બુદ્ધભટ્ટી



ખજાનચી
બીપીનભાઈ મનસુખલાલ પરમાર



સહખજાનચી
દિનેશભાઈ લીલાધર પોમલ

## કારોબારી સભ્યો

મનસુખભાઈ શીવજી પોમલ
પ્રદીપભાઈ મુળજી ચૌહાણ
મનસુખલાલ વેલજી પરમાર
ચંદ્રકાંત પ્રેમજી ચૌહાણ

જયસુખભાઈ જેરામબારમેડા
નીલેશ જગદીશ બારમેડા
દિનેશ જેઠાલાલ પોમલ
નરેન્દ્ર નારણદાસ બારમેડા
રાજેશ જેઠાલાલ મૈચા

ચંદ્રકાંત વેલજી મોટડીયા
શાંતિલાલ મુળજી બગ્ગા
દીલીપ લાલજી બીજલાણી
રાજેશ કાનજી પોમલ
ચેતનભાઈ વેણીલાલ કટ્ટા

રાજેશ અમૃતલાલ કટ્ટા
પરસોત્તમખેંગાર સોલંકી
મનસુખલાલ રામજી બુદ્ધભટ્ટી
ભાવેશ બંસીલાલ મૈચા

## કચ્છ માંડવીવાળા વ્યવસાયિક અભિયાન સને ૧૯૪૭થી ૨૦૧૩
## સ્વ. સોની માધવજી દેવશી સોલંકી

કચ્છ માંડવીમાં ચાંદીના કડલા-કાંબી જેવા દેશી ઘાટના દાગીના બનાવવાનો વ્યવસાય કરતા. માધવજીભાઈના મોટા પુત્ર કેશવજીભાઈ સને ૧૯૪૭-૪૮માં સોનાનું કામ કરવા મુંબઈ ગયા ત્યાં દોઢ-બે વર્ષ રહી માંડવી પરત આવ્યા તે પછી સને ૧૯૪૯માં કેશવજીભાઈ તથા તેમના ત્રીજા નંબરના નાના ભાઈ કલ્યાણજીભાઈ ધંધાર્થે સ્થાયી થવા માટે મુંબઈ જવા રવાના થયા.

કેશવજીભાઈના બીજા નંબરના નાનાભાઈ (દામજીભાઈ) ઉર્ફે શંકરભાઈના સસરા સોની દામજીભાઈ ખેતશીભાઈ બારમેડા મુળ ચકાર-કોટડા (કચ્છવાળા) ધનસુરા (સાબરકાંઠા) રહેતા હતા. તેમને મળીને તેમની સલાહ પ્રમાણે બંને ભાઈ ધંધા માટે વડાલી પહોંચ્યા. વડાલીમાં તે વખતે બંને ભાઈ કેશવજીભાઈ તથા કલ્યાણજીભાઈ ખુબ તકલીફમાં રહ્યા આર્થિક સ્થિતિ કપરી હતી. છતાં હિંમત રાખી વડાલીમાં દુકાન ભાડે રાખી ધંધાની શરૂઆત કરી તે વખતે કચ્છના કડવા પાટીદાર ભાઈઓ વડાલી આજુબાજુ ૧૦-૨૦ ઘરના સમુહમાં કંપામાં રહી ખેતી કરતા હતા તેઓ પણ થોડા વખત અગાઉ કચ્છમાંથી વડાલી બાજુ ખેતી માટે આવ્યા હતા. તેઓ તરફથી વડાલીમાં ધંધામાં સ્થિર થવા માટે ખૂબ જ સારી મદદ મળી.

દુકાનની સામે ડેલીમાં રહેતા અમૃતલાલ મગનલાલ જૈન વાણીયાના સાળા દોશી મણીલાલ માધવજી વડાલીના નગરશેઠ હતા. અમૃતકાકા દ્વારા તેમની સાથે સંબંધો બંધાયા. અમારો ધંધો જમાવવા ખૂબ જ મદદ કરી. આ રીતે બે ત્રણ વર્ષ વડાલીમાં સ્થિર થયા ત્યાર પછી કેશવજીભાઈએ માતાપિતા અને ભાઈઓ શંભુભાઈ, વિશનજીભાઈ, ભીમજીભાઈ, રજનીકાંતભાઈ તથા બહેનો બધાને માંડવીથી વડાલી બોલાવી લીધા.

તે પછી સને ૧૯૫૪માં શંભુભાઈએ ખેડબ્રહ્મમાં સોના-ચાંદીની દુકાન કરી. કલ્યાણજીભાઈએ વડાલીમાં સાયકલની દુકાન કરી. તે પછી સમય જતાં વિશનજીભાઈએ ખેડબ્રહ્મામાં મોટર સાયકલ રીપેરીંગની દુકાન, ભીમજીભાઈએ સાયકલની દુકાન તથા રજનીકાંતભાઈએ ઘડિયાળની દુકાન કરી. આ બધા ભાઈ પોતપોતાની રીતે ધંધો કરવા લાગ્યા.

શ્રી સાબરકાંઠા જીલ્લા મારૂ સોની મહામંડળની સ્થાપના તા. ૨૧-૧૧-૧૯૭૯ના રોજ કરવામાં આવી જેમાં સાબરકાંઠા જ્ઞાતિના અન્ય આગેવાનો ઉપરાંત શ્રી કેશવજીભાઈ તથા શ્રી દામજીભાઈ તેમજ માધવજી દેવશી પરિવારે સહકાર આપેલ.

આપણી ભારતભરની સમગ્ર જ્ઞાતિના મહામંડળની સ્થાપના સને ૨૦૦૬માં કરવામાં આવી. જેમાં સાબરકાંઠા જ્ઞાતિ ઉપરાંત પ્રેમજીભાઈ કેશવજીભાઈ સોલંકીનો મુખ્ય ફાળો હતો અને આજે પણ પ્રેમજીભાઈ મહામંડળના મહામંત્રી તરીકે સમાજ સેવા કરી રહ્યા છે. મહામંડળની સ્થાપનામાં રજનીકાંતભાઈ, નરેશભાઈ, ગિરિશભાઈ તથા પ્રેમજીભાઈના ભાઈ ચંદ્રકાંતભાઈ, લક્ષ્મીકાંતભાઈ તથા કીર્તિભાઈએ પણ સહકાર આપ્યો હતો.

માધવજી દેવશી પરિવારના સભ્યો આજે સુખ સૃદ્ધિથી વડાલી, ખેડબ્રહ્મા, ભુજ, સતલાસણા, જામનગર, મુંબઈ ખાતે વસવાટ કરી રહ્યા છે. જેમની વ્યવસાયિક વિગત નીચે જણાવેલ છે.

સોની પ્રેમજીભાઈ કેશવજીભાઈ (પ્રો. સંજયકુમાર પ્રેમજીભાઈ સોની) : સોના-ચાંદીના દાગીનાનો શો રૂમ (મુ. વડાલી)

સોની અતુલકુમાર પ્રેમજીભાઈ : સોના-ચાંદીના દાગીનાનો શો રૂમ (રૂપ જ્વેલર્સ-મું. ઈડર)

સોની વિજયકુમાર પ્રેમજીભાઈ : સોના-ચાંદીના દાગીનાનો શો રૂમ (મુ. વડાલી)

સોની કિર્તિભાઈ કેશવજીભાઈ, સોની ત્રિલોકકુમાર કીર્તિભાઈ, સોની રવિકુમાર કીર્તિભાઈ, સોની નરેનકુમાર કીર્તિભાઈ : (ચાંદીના દાગીના હોલસેલ બનાવવાનો વ્યવસાય (મુ. ભુજ)

સોની હિતેનકુમાર ચંદ્રકાંતભાઈ : એમ.સી.એક્સ બ્રોકર, રીયલ એસ્ટેટ કન્સલ્ટન્ટ (મુ. ભુજ)

સોની કેતનકુમાર ચંદ્રકાંતભાઈ : મીનરલ વોટર પ્લાન્ટ - જમીન લે-વેચ (મુ. ભુજ)

સોની ભાવિનકુમાર લક્ષ્મીકાંતભાઈ : સર્વિસ (વિરલ જ્વેલર્સ મુ. ભુજ)

સોની પંકજુકમાર કેશવજીભાઈ : ઈમીટેશન જ્વેલરી વ્યવસાય(મુ. વડાલી)

સોની નરેશભાઈ દામજીભાઈ : સોના-ચાંદીના દાગીનાનો શો રૂમ-પાર્થ જ્વેલર્સ (મુ. ખેડબ્રહ્મા)

ડૉ. ગીરીશકુમાર દામજીભાઈ સોની : વેટરનરી ડૉક્ટર (સાબરડેરી- મુ. ખેડબ્રહ્મા)

સોની નિતિનકુમાર રજનીકાંતભાઈ : સોના ચાંદીના દાગીનાનો શો રૂમ-પ્રજ્ઞા જ્વલર્સ (મુ. ખેડબ્રહ્મા)

સોની અનિલભાઈ કલ્યાણજીભાઈ : નાસ્તાની ગાડી (મુ.

નખત્રાણા)

સોની અજીતકુમાર કલ્યાણજીભાઈ : મોટર સાયકલ રીપેરીંગ કામ (મુ. ભુજ)

સોની દિલીપકુમાર કલ્યાણજીભાઈ : મોટર સાયકલ રીપેરીંગ કામ તથા ઓટોપાર્ટસ ડીલર-મુ. સતલાસણા, જિ. મહેસાણા

સોની વિશનજીભાઈ માધવજીભાઈ : ચાંદી કામ-ભુજ

સોની પ્રશાંતભાઈ દિનેશભાઈ : પોતાનો વ્યવસાય-મુંબઈ

સોની પારસભાઈ દિનેશભાઈ : સર્વિસ જામનગર.

## સ્વ. જેઠાલાલ સોલંકી

ઓક્ટોબર-૨૦૧૦ની ૨૬મી તારીખે, આપણા ભૂજ સમાજના, ગત-પેઢીના એક ખ્યાતનામ કલાકારનું ૮૭ વર્ષની પાકટ વયે, અવસાન થયું, માત્ર ભૂજમાં જ નહીં પરંતુ સમસ્ત કચ્છમાં તેમજ અન્યત્ર વસતા આપણા જ્ઞાતિબંધુઓ, જે ઓ તેમનાથી પરિચિત હતા કે એમના વિષે જાણતા હતા, સર્વેએ, ખેદ વ્યક્ત કર્યો. ભૂજ સમાજે, પાંખી પાડી, સદગતને હૃદયપૂર્વકની શ્રધ્ધાંજલી અર્પી. જ્ઞાતિ વડિલોએ, 'કચ્છવર્કની'ની આપણી વિસરાતી વિરાસતના આ આખરી વારસદારની વિદાય સાથે કચ્છ-વર્ક કલાનો યુગ પણ વિલોપ થયો હોવાનો ભાવ વ્યક્ત કર્યો.

'કચ્છ વર્ક'ના આ કલાકાર હતા સ્વ. જેઠાલાલભાઈ. સંવત ૧૯૨૩માં ભુજ મધે, માતા જાનુબેનની કુખે એમનો જન્મ થયો. એમના પિતાશ્રી સ્વ. નાનજીભાઈ ગેલા સોલંકી, ભૂજમાં ત્રાંબા-પિતળનું ઢાળકામ કરતા. ત્રણ ભાઈઓ અને પાંચ પહેનોમાં સૌથી નાના જેઠાલાલ, બાળવયથી જ પિતા તેમજ મોટાભાઈ માધવજી સાથે એમના પરંપરાગત કસબ, કાસ્ટીંગ કામ શીખવા લાગ્યા, ત્રાંબાપિત્તળના બેડાના કાંઠલા ઢાળવાના કામમાં એમનો હાથ અજમાવવા લાગ્યા, પરંતુ 'પુત્રના લક્ષણ પારણામાં....' કહેવત મુજબ, આ બાળ-કસબીની 'કાળા દૃષ્ટિ' છાની ન રહી. તેઓ આશરે પંદરેક વર્ષના હશે, ત્યારે કચ્છ રાજ દ્વારા આયોજીત 'માટી કળા' સ્પર્ધામાં એમણે ભાગ લીધો. એમની આંગડીઓએ એ ભીની માટીમાંથી ગુલાબની પાંખડીઓનું અદભૂત સર્જન કર્યું. એમની કૃત્તિ શ્રેષ્ઠ ઠરી. પ્રથમ ઈનામ મેળવ્યું. એ જમાનામાં માતબર ગણાય તેવું ઈનામ દર માસે, ચોખી ચાંદીનોરીંગવાળો ખણખણતો પાંચિયો એમને મળતો જે એમને જલસા કરાવતો, એમ એ ગર્વથી કહેતા.

જેઠાલાલની કળા-સૂઝે, એમને હુન્નર શાળામાં દેવજીભાઈ ગજ્જરના ગુરૂપદે અભ્યાસ કરતા કર્યા. કચ્છની હુન્નર શાળા એ સમયે આખા ભારતમાં એક જ હતી. જેણે આપણી જ્ઞાતિની અનેક પ્રતિભા ઝળકાવી છે. ખાસ કરીને આપણું 'કચ્છ વર્ક'નું કામ વિશ્વ-વિખ્યાત હતું.

સ્વ. જેઠાલાલભાઈએ પણ આ કળા હસ્તગત કરી હતી. એમણે સર્જેલી કેટલીક બેનમૂન કૃત્તિઓની તસવીરો એમની કળા દ-ષ્ટિ ઉજાગર કરે છે.

પરંતુ આપણા 'કચ્છ વર્ક'ની સૌથી મોટી કમનસીબી એ રહી કે એને હંમેશાં 'કસબ' ગણવામાં આવ્યું. કળા નહીં. જયારે કે ચાંદી ના પતરા પર નાનકડી હથોળીના શિસ્તબધ્ધ પ્રહારે ઊભરતી બારીક રેખાઓ માત્ર જન્મજાત કલાકાર જ કલ્પી અને આરખી શકે અને માત્ર કદરદાનો જ એને પારખી શકે.

સમયાંતરે, 'કલ' યુગમાં 'કલા' મારજીનમાં ધકેલાતી ગઈ. ઝડપી માસ- પ્રોડક્શન અને બેફામ ઉપયોગની ભોગવાદી માનસિકતાએ આ કળાની કદર ઘટતી ગઈ. કોઈ ચિત્રકારના કેનવાસ પર ન સમજાતી, કૃતિ માટે કરોડો ખર્ચનારાઓ તો આજે અનેક છે, પરંતુ ધાતુ પર દિવસો - મહિનાઓ કે વરસો સુધી ધિરજ થી આરખેલી કોઈ શણગાર કે ગ્રહશુશોભન વસ્તુને માત્ર એની ધાતુની કિંમતને આશરે રહેવું પડે છે. એનો કલાકાર માત્ર કારીગર કહેવાય છે એણે આપેલા સમય અને એની કલાદષ્ટિનો કોઈને અંદાજ નથી. કલાકાર માત્ર એની 'કલા' પર મુસ્તાક રહીને ક્યાં સુધી જીવી શકે? એનો અને એના પરિવારના જીવન માટે આખરે કંઈક વ્યવસાય તો કરવો જ પડે. આશરે ૫૫ વર્ષ પહેલાં સ્વ. નરભેરામભાઈ રવજી સોલંકીના પ્રોત્સાહનથી જેઠાલાલભાઈએ કચ્છ વર્ક ઉપરાંત રૂપાના તોડા બનાવવાનું કામ શરૂ કર્યું, જે આજ પણ એમનો પારિવારીક વ્યવસાય છે.

જેઠાલાલભાઈના 'કસબ'ની કદર નહોતી એવું નથી. ભારત આઝાદ થયું ત્યારબાદ 'ગ્રહ ઉદ્યોગો'ને ઉત્તેજન આપવા અનેક યોજનાઓ કાર્યાન્વિત થઈ. લગભગ ૨૬ વર્ષ પહેલાં, જેઠાલાલભાઈએ એમના પુત્ર સ્વ. અરવિંદ તેમજ હરેશની વિશેષ ઋચિ જોતાં, ફરી 'કચ્છ વર્ક'નું કામ હાથ ધર્યું, અનેક કૃતિઓનું સર્જન કર્યું, જેમાં ચાંદીની ડીશો, બેડાં શ્રીફળ, કંકાવટી, ફોટો ફ્રેમ, પાવડરના ડબ્બા (એપલ) દેવ દેવીના સિંહાસન, ગરબા વિ. બનાવવા લાગ્યા, રાજ્ય તેમજ જિલ્લા કક્ષાના અધિકારીઓ એમના કસબની કદર કરતા. પ્રદર્શનો સ્પર્ધાઓ આદીમાં ભાગ લેવા આગ્રહ કરતા. પરંતુ આ પરિવાર મોટે ભાગે પ્રસિધ્ધથી દૂર રહ્યો. તેમ છતાં,

સ્વ. અરવિંદે, જિલ્લા ઉદ્યોગ વિભાગ દ્વારા ગુજરાતમાં આયોજિત 'હસ્ત કળા' સ્પર્ધામાં દ્વિતિય ક્રમ મેળવ્યો હતો.

જેઠાલાલભાઈ 'બહુ આયામી' હતા. કચ્છ રાજ્યના ચલણમાં 'ઢબ્બુ'નો વિંધવારો સિક્કો બન્યો, તેનું પટ્ટી-કાસ્ટીંગ એમણે કર્યું હતું. એમની આંગળીએ રેખાઓ રમતી. પરિવારના સભ્યોના પોટ્રેટ, તેઓ પેન્સીલથી આબેહુબ આરખતા. એમણે નવરાત્રી દરમિયાન, ફળીયામાં રમાતી, ગરબીના ચોકમાં 'ગીતા-ઉપદેશ' આપતા રથમાં સવાર 'કૃષ્ણ'ના કટાઉટ સાથે પૃષ્ઠભૂમીમાં પાંડવ કૌરવના સૈન્યના ઓઈલ-પેઈન્ટીંગ બનાવેલા જેની ભૂજવાસીઓએ ખુબજ પ્રશંશા કરેલ હતી.

સ્વ. જેઠાલાલભાઈ માત્ર કલાકાર ન હોતા. સમયાનુસાર વ્યવસાયને વળાંક આપી એમના પરિવારના સમૃધ્ધ જીવન યાપનની પણ એમને ખુબ દરકાર હતી. ૧૯૭૧ સુધી 'તોડા'નું કામ ઘર બેઠે કર્યું, ત્યારબાદ પુત્રો સાથે ભૂજની કંસારા બજારમાં સોના ચાંદીના આભૂષણોની દૂકાન કરી. ૧૯૮૪માં ઊભા કાઉન્ટરનો પ્રથમ શો રૂમ શરૂ કરવાનું શ્રેય એમના પરિવારને જ જાય છે. આગળ જતાં એના પારિવારીક હિસ્સા થયા. આ જ પણ એના એક ભાગમાં એમના પુત્ર શ્રી અમૃતલાલભાઈનો શો રૂમ છે.

સદ્ગતના સંતાનોમાં સાત પુત્રો અને એક પુત્રી થયા. એક પુત્ર, જેને વારસામાં પિતાની કળાદષ્ટિ મળી હતી તેનું અકાળે અવસાન થયું.

જયેષ્ઠ પુત્ર, શ્રી અમૃતલાલભાઈ સોલંકી, વર્ષોથી જ્ઞાતિ-સેવા કાર્ય સમર્પિત છે. આ વરસે, હવે ગણત્રીનાં દિવસોમાં, આપણો ભૂજનો સમાજ એમના ૨૫માં 'સમુહ લગ્ન-સમારોહ'નું આયોજન કરી રહ્યું છે, ત્યારે શ્રી અમૃતલાલભાઈની સમાજ સેવા યશસ્વી કારકીર્દીની ઝલક જોવા મળશે. આજથી પચ્ચીસ વર્ષ પહેલાં શ્રી અમૃતલાલભાઈ અને એમના સાથીઓએ પ્રથમ સમૂહ લગ્ન યોજવાનું સાહસ કરેલું, જે પ્રવૃત્તિ આજે આપણા સમસ્ત સમાજના શીર મોર સમી દીપે છે. આવા સમાજ સેવી સપૂતના પિતાશ્રી અને જન્મજાત કચ્છ વર્ક કલાકાર સદગત જેઠાલાલભાઈના જીવનની આ આછેરી ઝલક છે. સમાજ જયારે 'ગૌરવદીન' ઊજવી રહ્યો છે ત્યારે 'કચ્છ વર્ક'ને 'નવજીવન બક્ષવા 'આભૂષણકળા'માં નવી પેઢી રસ લેતી થાય તે માટે સંસ્થાકીય રીતે જો કોઈ નક્કર આયોજન થાય તો, ડીઝાઈનર પ્રોડક્ટની હાલે જે હવા છે, તેમાં આપણું કચ્છ વર્ક અવશ્ય ફૂલે ફાલે આપણા યુવા વર્ગને વારસાગત વ્યવસાય ફળે.

(આધાર : શ્રી હંસરાજ કંસારા, જ્ઞાતિસેતુ-ઓકટો-નવે.-૨૦૧૦)

## મહામંડળની સ્થાપનાથી જ સંકળાયેલ સતત તેના મહામંત્રી શ્રી પ્રેમજીભાઈ કેશવજીભાઈ સોલંકી



આપણા સમાજમાં સેવા અનેક સેવા ભેખધારી મહાનુભાવો છે, જેઓ તન, મન, ધનથી સમાજ સેવા કાર્ય કરવા છતાં ક્યારેય પોતાની 'વાહ-વાહી'ના આગ્રહી રહેતા નથી. વાસ્તવમાં આવા સમાજ સેવકો પાસે, એવી કોઈ બાબત માટે સમય કે ઈચ્છા જ નથી હોતી. આવા જ આપણા સમાજના એક મૂક સેવક છે, શ્રી પ્રેમજીભાઈ કેશવજીભાઈ સોલંકી આપણા સમાજના મહામંડળની સ્થાપના થઈ ત્યારથી તેઓશ્રી આ મંડળના મહામંત્રી છે. પરંતુ આ બાબત તેઓશ્રીએ ભાગ્યે જ કાંઈ ફોરમમાં એમના એ હોદ્દા વિષે કંઈ કહ્યું હોય ! અને એમની આ નમ્રતાને લીધે જ એમની મહામંડળના મહામંત્રી તરીકેની કારકિર્દી સુદિર્ઘ અને સફળ રહી છે.

**યુવા સોલંકી :** જ્ઞાતિસેતુના ડિસેમ્બર-જાન્યુઆરી ૨૦૧૦, ના અંકમાં જણાવ્યા પ્રમાણે હરિત સોની, તે પ્રાણલાલ નરભેરામભાઈનો નાના પુત્રએ પણ જમાના સાથે તાલ મેળવીને સારી પ્રગતિ કરેલ છે. લંડન સ્કૂલ ઓફ ઈકોનોમિકસના ચીવનીંગ ગુરૂકુળ સ્કોલરશીપ ફોર લિડરશીપ એન્ડ એકસેલન્સની તાલિમ માટે ભારતના વિવિધ ક્ષેત્રે કાર્યરત નિષ્ણાતોમાંથી, ૨૦૦૯ના વર્ષ દરમિયાન, કપરી કસોટી બાદ પસંદગી પામેલ ૧૨ સ્કોલરોમાંના એક અને સૌથી નાની વયના એવા આ હરિત સોનીનું સિલેકશન થયેલ છે.

•

# પરાશર ગોત્રના મહિચા પરિવાર

- નરેન્દ્રકુમાર એમ. સોની (ગાંધીનગર)

મહીચા નુખની જોડણી જુદી જુદી રીતે ઉલ્લેખ થાય. છે જેમ કે, મૈચા, મયેચા, મેવચા, મઈચા, મહિચા, મહીચ્છા, સાચી જોડણી એ સંશોધનનો વિષય છે જે અંગે કોઈ નક્કર માહિતી ઉપલબ્ધ નથી જેથી મહિચા તરીકે અત્યારે સ્વીકારી માહિતી રજુ કરેલ છે.

મહિચા પરિવારના લગભગ ૧૫ થી ૧૭ પેઢી સુધીની નામાવલીની માહિતી ઉપલબ્ધ છે જેની સ્પષ્ટ આંબો (વૃક્ષ) તરીકેની વિગત દર્શાવતું ચિત્ર પણ છે. જે ચંદ્રકાંત એમ. સોની, જયનગર, ભુજના નિવાસે જાળવી રાખેલ છે. પરંતુ, આ તમામની વસવાટ-રહેણાંક તે વખતના કામકાજ-ધંધા રોજગાર અંગેના ઈતિહાસ-માહિતી ઉપલબ્ધ નથી. જેથી જૂની પેઢી હાલ વધુ પ્રકાશ પડી શકાય તેમ નથી.

### પોપટલાલ હેમરાજ મોરારજી

શ્રી હેમરાજ મોરારજી અને તેમના બે પુત્ર મેઘજીભાઈ અને પોપટલાલ છે. એ લોકો રંગુનમાં વસવાટ કરતા હતા અને ત્યારબાદ એ લોકો રાજકોટ અને કચ્છમાં પણ સ્થાયી થયેલ હતા.

હાલના તબક્કે બે પેઢીની એટલે કે, મેઘજીભાઈ અને પોપટલાલના વારસદારોની માહિતી આપી શકાય તેમ હોઈ પ્રથમ મહીચા પોપટલાલ હેમરાજની વિગતે અત્રે રજુ કરેલ છે.

મહિચા પોપટલાલ હેમરાજના સંતાનોની વિગત આ પ્રમાણે છે.

શ્રી ભગતલાલ (નાનાલાલ) શ્રી મગનલાલ અને સૌથી નાના પુત્ર : શ્રી વિઠ્ઠલદાસ અને ત્રણ પુત્રી નામે મણીબેન, રંગુબેન અને સંતોકબેન પણ હયાત નથી. તે પૈકી મણીબેનના લગ્ન શ્રી ઠાકરશીભાઈ કંસારા (જે તે સમયે ન્યાયધીશ) સાથે, સંતોકબેનના લગ્ન ભુજ નિવાસી જેરામભાઈ કાનજી બીજલાણી સાથે તેમજ રંગુબેનના લગ્ન રાયપુર નિવાસી બુદ્ધભટ્ટી દામજીભાઈ (મૂળ-કુંભારિયા) સાથે થયેલ હતા. તેમની ત્રણ પુત્રીઓ પૈકી પણ કોઈ હયાત નથી.

શ્રી ભગતલાલ (નાનાલાલ) શરૂઆતમાં રાજકોટ ખાતે જીવન વિતાવેલ અને જિંદગીના અંતિમ વારસો અમદાવાદ ખાતે પસાર કરેલ હતા. શ્રી મગનલાલભાઈએ તેમનું મોટાભાગનું જીવન રાજકોટ ખાતે વિતાવેલ હતું. જયારે શ્રી વિઠ્ઠલદાસભાઈ તેમનું જીવન રાજકોટ ખાતે અને માંડવી-કચ્છ જિંદગીના અંતિમ વારસો ભુજમાં પસાર કરેલ હતા. મહીચા પોપટલાલ હેમરાજ અને તેમના સંતાનો શ્રી ભગતલાલ (નાનાલાલ) શ્રી મગનલાલ અને પુત્ર શ્રી વિઠ્ઠલદાસ હાલે એમાનાં કોઈ હયાત નથી.

શ્રી ભગતલાલ (નાનાલાલ) ના બે પુત્ર નામે ૧. બટુકભાઈ (તનસુખભાઈ) અને ૨. હસમુખભાઈ છે.

બટુકભાઈ (તનસુખભાઈ) ભારત સરકારમાં વર્ગ-૧માં અધિકારી તરીકે અમદાવાદ, મેરઠ, ઈન્દોર, મુંબઈ વગેરે સ્થળોએ ફરજ બજાવતા હતા અને તાજેતરમાં એટલે કે જાન્યુઆરી-૨૦૧૨માં અવસાન થયેલ છે. બટુકભાઈ (તનસુખભાઈ)ને એક પુત્ર શ્રી મેહુલ મહીચા હાલ દિલ્હી

## પરાશર ગોત્રના પોમલ, મૈચા અને છત્રાળા

આપણા વેદો પ્રમાણે બ્રહ્માએ વશિષ્ઠમુનિને ઉત્પન્ન કર્યા અને તેમણે અરૂંધતિ સાથે પુત્ર સક્તિ મહર્ષિને જન્મ આપ્યો. નાનપણમાં જ પિતાશ્રીનું અવસાન થતાં સકતી મહર્ષિના પુત્ર પરાશનો ઉછેર વિશષ્ઠ મુનિને ત્યાં થયેલ. પરાશર અને સત્યવતીના પુત્ર કૃષ્ણદ્વૈપાયન, જેમણે પછીથી વૈદિક સાહિતયનું સંપાદન કર્યું. જેથી તેઓ વ્યાસ કહેવાયા. આ પરાશરના પુત્ર વ્યાસજી, ધૃતરાષ્ટ્ર, પાંડુ અને વિદુરજીના પિતા થતા હતા. આમ પોમલ, મહિચા અને છત્રાળા પરિવારોના મૂળ પુરુષ, મહાભારતના યુદ્ધમાં સામસામે લડતા બંને પક્ષ, કૌરવો અને પાંડવોના પ્રપિતામહ થતા હતા.

પરાશર નામ તરીકે પણ વપરાય છે તે તેમજ અટક અને ગોત્ર તરીકે પણ તેમના વંશજ તેનો ઉપયોગ કરે છે.

આપણા સમાજની મુખ્ય ૩ નૂખોમાં પોમલ, મહિચા અને છત્રાલનો સમાવેશ આ પરાશર ગોત્રમાં થાય છે. આમાંથી મહિચાનો ઉચ્ચાર અને જોડાણ અલગ અલગ લોકો પોતાને મનગમતી રીતે કરે છ. એવું નરેન્દ્રભાઈ તેમના ડિસે-જાન્યુ. ૧૫ના સેતુમાંના લેખનામાં જણાવે છે.

ખાતે સર્વિસ કરે છે અને બે પુત્રીઓ છે. પ્રવિણાબેન અને પ્રીતિબેન. પ્રવિણાબેનને શ્રી પ્રફુલભાઈ સાકરીયા સાથે પરણાવેલ છે અને પ્રવિણાબેન કેન્દ્રીય વિદ્યાલયમાં ટીચર તરીકે વડોદરા ખાતે સેવા બજાવે છે. જ્યારે પ્રીતિબેન બેંગ્લોર મુકામે નોકરી કરે છે.

ભગતલાલ (નાનાલાલ)ના બીજા પુત્ર હસમુખભાઈ અમદાવાદ ખાતે 'મઝદા' કંપનીમાં સેવા કરતા હતા અને નિવૃત્ત થઈને પણ તેમની સેવા ત્યાં જ ચાલુ છે.

આ ઉપરાંત શ્રી ભગતલાલ (નાનાલાલ)ને ચાર પુત્રીઓ પણ છે. તે પૈકી તારાબેનને શ્રી હરીલાલ કટ્ટા (ભચાઉવાલા) હાલે ભુજ સાથે પરણાવેલ છે. પુષ્પાબેનને શ્રી કાંતિલાલ બગા (ઢોરીવાળા) હાલે ભુજમાં થયેલ છે. ભારતીબેન હાલ હયાત નથી તેમના લગ્ન દીપકકુમાર ભાણજી (મોરબીવાળા) સાથે થયેલ.

નાના પુત્રી મીનાબેનના લગ્ન નરેશકુમાર દામજી સોલંકી ખેડબ્રહ્મા સાથે થયેલ છે.

મગનલાલભાઈના ત્રણ પુત્રો પૈકી ૧. શ્રી જયંતિલાલ સોની, તેમના જીવન દરમ્યાન રાજકોટ, અંજાર અને નખત્રાણા વસવાટ કરેલ અને હાલમાં ૧૯૭૪ થી એટલે કે ૪૦ વર્ષથી ભુજ ખાતે રહે છે. તેઓશ્રીએ મહેસુલ ખાતામાં નાયબ મામલતદાર તરીકે નોકરી કરી નિવૃત્ત થયેલ છે. તેમાં છતાંય ખાસ કેસ તરીકે તેઓ હજુ પણ મહેસુલ ખાતામાં તેમની સેવા આપી રહેલ છે.

મગનલાલના બીજા પુત્ર ચંદ્રકાંત (ચંદુ) છે. તેમના જીવન દરમ્યાન મુખ્યત્વે રાજકોટ, અંજાર અને નખત્રાણા વસવાટ કરેલ છે અને હાલમાં ૩૫-૪૦ વર્ષથી ભુજ ખાતે રહે છે. તેઓશ્રીએ પ્રાથમિક શિક્ષક તરીકે નોકરી કરી નિવૃત્ત થયેલ છે. ચંદ્રકાંત (ચંદુ)ને એક પુત્ર અલ્પેશ અને પુત્રી સમતા છે. અલ્પેશને એક પુત્ર અને એક પુત્રી જીનલ છે. અલ્પેશ ભુજમાં સોના-ચાંદીનું કામકાજ કરે છે.

મગનલાલના ત્રીજા પુત્ર નરેશ છે. તેમના જીવન દરમ્યાન મુખ્યત્વે રાજકોટ, અંજાર અને નખત્રાણા વસવાટ કરેલ અને હાલમાં સને ૧૯૭૭ થી (૩૭ વર્ષથી) ગાંધીનગર ખાતે રહે છે. તેઓશ્રીએ ગુજરાત સરકારના ફોરેસ્ટ ડીપાર્ટમેન્ટમાં મુખ્ય કારકુન તરીકે સેવા બજાવી, ૨૦૧૧ ઓક્ટોબરમાં નિવૃત થયેલ છે અને હાલમાં જ્ઞાતિની સામાજિક પ્રવૃત્તિમાં જોડાયેલા છે.

નરેન્દ્રભાઈ બે પુત્ર છે : હાર્દિક છે, તેઓ ચીમનભાઈ પટેલની કોલેજમાં નિયામક-કમ-પ્રોફેસર તરીકે સેવા બજાવી રહેલ છે. બીજા પુત્ર શ્રી હેમાંગ એન્જીનીયર તરીકે વિદેશમાં (આયરલેન્ડ) પ્રાયવેટ કંપનીમાં સેવા બજાવે છે.

આ ઉપરાંત મગનલાલભાઈને એક પુત્રી નામે જયશ્રીબેન છે. તેમના લગ્ન મૂળ-નાગલપરના શ્રી જગદીશ રમણીકલાલ બારમેડા સાથે થયેલ છે. જયશ્રીબેને પણ તેમના જીવન દરમ્યાન મુખ્યત્વે રાજકોટ, અંજાર અને નખત્રાણા વસવાટ કરેલ અને હાલમાં ૨૦-૨૨ વર્ષથી અંજાર ખાતે રહે છે અને પ્રાથમિક શિક્ષક તરીકે નોકરી ચાલુ છે.

વિઠ્ઠલભાઈને બે પુત્ર ગિરીશભાઈ અને ભરતભાઈ છે. તેમને પાંચ પુત્રી હસુમતી, કલુબેન, હેમુબેન, ખુશીબેન અને રંજનબેન.

ગિરીશભાઈ હાલમાં માધાપર-કચ્છ અને ભરતભાઈ ભુજ ખાતે રહી ચાંદી કામ કરે છે.

ગિરીશભાઈને બે પુત્ર ધવલ અને નીલ છે. બંને પુત્ર પણ તેમના પિતાજીની સાથે જ ચાંદી કામ કરે છે.

વિઠ્ઠલભાઈની પાંચ પુત્રીઓ પૈકી પુષ્પાબેન અને હેમુબેન હાલ હયાત નથી. હસુમતીબેનને શ્રી લવજી લખમશી બુદ્ધભટ્ટી (રાપર નિવાસી) હાલે ભુજ સાથે લગ્ન થયેલ છે. કલુબેનના લગ્ન શ્રી પ્રાણલાલ ધનજી સાકરીયા (અંજારવાળા) હાલે માધાપર રહેવાસી સાથે થયેલ છે. સ્વ. હેમુબેનના લગ્ન ધાનેરા મુકામે રહેતા ભુપેન્દ્ર અમીચંદ સોલંકી સાથે થયેલ હતા.

રંજનબેનના લગ્ન નાગલપર-માંડવીના શ્રી જયેશ લક્ષ્મીદાસ સોલંકી સાથે થયેલ છે. શ્રી મહિચા મેઘજી હેમરાજ તથા અન્ય મહિચા પરિવારની વિગતવાર માહિતી મેળવવામાં આવી રહી છે જેમ જેમ તૈયાર થશે તેમ તેમ આગામી અંકમાં આપવામાં આવશે.

## સ્વ. શ્રી વેલજીભાઈ ખીમજી મૈચા (વેલા મામા)

અંદાજે સન ૧૯૬૦માં ભારત સરકારે સુવર્ણ અંકુશ ધારો અમલમાં મૂકયો. જેના કારણે સુવર્ણ વ્યવસાય પડી ભાંગ્યો. આપણી જ્ઞાતિનો મોટો એવો વર્ગ તો આ વ્યવસાયમાં જ સંકળાયેલો. જેથી આપણાં જ્ઞાતિજનો મુશ્કેલીમાં મૂકાયાં. માત્ર ૧૪ કેરેટ સોનાનાં દાગીના અને તે પણ નિયત ગ્રામ સુધી જ રાખવાનાં. ઉપરાંત તે અંગેની સખત નોંધની ગૂંચવણભરી કાર્યવાહી. ૨૨ કેરેટ સોનાનાં

દાગીના બનાવવા અંગે પરવાનગી લેવી અનિવાર્ય. જેની પણ સમયે-સમયે ચેકીંગ. આ ધારાનાં અમલીકરણે સુવર્ણ વ્યવસાયક્ષેત્રને હલબલાવ્યું. તે સમયે શ્રી વેલજીભાઇ ખીમજી મૈચાએ, કે જેઓ અંજાર શહેરમાં 'વેલામામા'નાં નામે ઓળખાતાં તેઓ પણ આ વ્યવસાય ધરાવતાં હતાં, આ ધારા વિરૂદ્ધ દિલ્હીમાં સત્યાગ્રહ આદર્યો. આ સત્યાગ્રહમાં મંત્રીની ભૂમિકા અદા કરી, ત્રીસ દિવસનાં નકોરડાં ઉપવાસ કરી આ ધારામાં સુધારો કરાવવામાં સફળ રહ્યાં. કચ્છના તેઓ એકમાત્ર પ્રતિનિધિ હતાં. સત્યાગ્રહ સમયે તેઓની ઓજસ્વી વાણીમાં અપાતાં ભાષણથી સહુ પ્રભાવિત થયા હતાં. તેઓનાં યોગદાન બદલ તેઓને જીવનોપરાંત ભારત સરકાર દ્વારા સન્માનિત કરવામાં આવ્યાં હતાં.

આપણી જ્ઞાતિ પર આવેલાં કપરાં કાળને દૃઢ નિશ્ચય અને સ્પષ્ટ વાદિતાથી દૂર હડસેલનારાં શ્રી વેલામામાનો જન્મ સંવત ૧૯૬૫, આસો વદ સાતમને બુધવારે બળદિયા ગામે શ્રી ખીમજીભાઇ અને જેઠીબાઇને ઘેર થયો હતો. તેઓ બાર વર્ષની ઉંમરે તેમનો પરિવાર અંજારમાં સ્થાઇ થયો. શ્રી વેલામામા – પત્નિ સાવિત્રીબેન; પુત્રો – ઇશ્વરભાઇ, કાન્તિભાઇ, જેન્તિભાઇ તથા હરીશભાઇ અને પુત્રીઓ – કાન્તાબેન, કમળાબેન, ચંદ્રિકાબેન, હેમલતાબેન તથા નિર્મળાબેનના ભર્યા પરિવારનાં પ્રેમાળ મોભી હતા.

અસત્ય, અન્યાયને ન સાંખનારાં શ્રી વેલામામા આધ્યાત્મિક અને ભક્તિ ક્ષેત્રે આપણી જ્ઞાતિનાં રત્ન સમાન હતાં. સંપૂર્ણ નિરાભીમાની સ્વભાવ રાખનારાં શ્રી વેલામામાને માતા-પિતાનાં ભક્તિગુણો વારસામાં મળ્યાં. જેના જતનની સાબિતી તેઓનાં સ્વ-રચિત ભજનો આપે છે. સન્ ૧૯૬૦ના વર્ષથી ગાયત્રી પરિવારથી જોડાયેલાં શ્રી વેલામામા પર શ્રી ગાયત્રી મહામંત્ર, રામાયણ, મહાભારત અને ભગવદ્ ગીતાનો પ્રભાવ રહ્યો. સર્વેને ઉપયોગી થવાની પ્રબળ ભાવનાવાળાં તેઓ ભજનપ્રિય પણ એટલાં જ હતાં. અંજાર માઇ મંડળનાં અગ્રસર સભ્ય, તેઓ પર આ મંડળની આત્મિયતાનાં દર્શન તો શ્રી વેલામામાએ રચેલા અંદાજે ઓગણીસ ભજનોનું સંકલન 'ભક્તિની વાણી', એમને શ્રદ્ધાંજલિ સ્વરૂપે તેમના પરિવાર દ્વારા તેઓએ પ્રસિધ્ધ કરેલું. જેમાં તેઓની આધ્યાત્મિક્તાનાં ઊંડાણ તથા તેમાં રહેલી વ્યવહારીક્તા છતી થાય છે.

❖

### સ્વ. વેલા મામાની પુણ્ય સ્મૃતિ ભજનમાળા

"ધન જોબનની ધૂનમાં કદી નારી ચૂકે નિશાન,
ભદ્ર હૃદય સ્વામિનું એ કરતી રહે અપમાન.
નિજ નારી રડતી રહે અને અવર નારીનું માન,
લંપટ લક્ષ્મી લાલચુ સ્વામિ નહીં પણ શ્વાન!"

આ ચાર પંક્તિઓમાં વેલા મામાએ આપેલો નર-નારીની ફરજોનો સ્પષ્ટ ચિતાર હૃદયસ્પર્શી છે. આવા સ્પષ્ટવાદિતાનાં ગુણો સાથે સૌમ્ય સંબંધ કેળવનારાં શ્રી વેલા મામા જેવા વ્યક્તિત્વો જ્ઞાતિ રત્નો તુલ્ય છે.

### શ્રી શામજીભાઈ ગાંગજીભાઈ મૈચા

સામાન્યતઃ એવું થતું હોય છે કે, આવા જ્ઞાતિજનોનાં યોગદાનનું આલેખન તેઓનાં જીવનોપરાંત થતું હોય છે. પરંતુ, અત્રે આવાં જ જ્ઞાતિકાર્યમાં યોગદાન આપનારાં એક વડીલ જ્ઞાતિજનનાં સ્વમુખે જ એમનાં જીવન વિષે જાણવાનો સુયોગ પ્રાપ્ત થયો. પ્રથમ તે વડીલ અને અંજાર જ્ઞાતિનાં માજી પ્રમુખ શ્રી શામજીભાઇ ગાંગજી મૈચા (વલાડિયાવાળા)એ આપેલ યોગદાન તથા તેઓનાં જીવન વિષે જાણીએ.

સંવત ૧૯૮૬ જેઠ વદ આઠમ ને બુધવારે, શ્રી ગાંગજીભાઇ અને મમુબેનનાં ઘેર, અંજાર તાલુકાનાં નગાવલાડિયા ગામે તેઓનો જન્મ થયો. શ્રી ગાંગજીભાઇના સંતાનો શામજીભાઈ, વિઠ્ઠલદાસભાઇ, પ્રેમજીભાઇ, મટુબેન અને લક્ષ્મીબેન. આ સંતાનોમાં શામજીબાપા જયેષ્ઠ પુત્ર. અંજાર તાલુકામાં તે સમયે શિક્ષણક્ષેત્રનો વિકાસ નહિંવત્. પિતા ગાંગજીબાપાનાં ગામ વલાડિયામાં તે સમયે કોઇ પણ શાળા ન હતી. ગાંગજીબાપાનો વ્યવસાય સોનીકામ. આંકડાઓની ગણતરી માટેનાં તે સમયનાં એકમાત્ર આધારસમાં 'પહાડા'નું જેટલું જ્ઞાન હતું, તે બધું જ પુત્ર શામજીબાપાને આપ્યું. પરંતુ, વર્ણાક્ષરોનાં જ્ઞાનનો અભાવ. અત્રે ઉલ્લેખનીય છે કે, આજનાં સમયમાં પણ આપણી જ્ઞાતિમાં કન્યાઓ કરતાં કુમારોનું અભ્યાસ સ્તર નીચું હોવું આપણી જ્ઞાતિનાં પ્રત્યેક ઘટકની ચિંતાનો વિષય છે, ત્યારે શ્રી શામજીબાપા માતા-પિતા બન્નેનાં એ યોગદાનને યાદ કરતાં તેઓને મસ્તક નમાવતાં કહે છે કે, "દસ વર્ષની ઉંમરે મારાં શિક્ષણનો પ્રારંભ 'સિનુગ્રા' ગામે થયો. તે સમયે મિસ્ત્રી જ્ઞાતિનાં શ્રીમંતોનાં નેજાં હેઠળ ચાલતી તે શાળાનું શિક્ષણ અપાવવા મારી માતા મારી સાથે સિનુગ્રામાં મકાન

ભાડે રાખી રહ્યાં અને ત્યાં વલાડિયામાં મારા પિતાએ હાથે રસોઈ બનાવી, મારાં ભાઈઓને પણ સંભાળ્યા.'' અત્રે આ બાબતનો ઉલ્લેખ માત્ર એટલાં માટે જ કે, જો તે સમયે પુત્રનાં અભ્યાસ માટે માતા-પિતા આવું યોગદાન આપી શકતા હોય તો આજે પ્રત્યેક સુવિધાઓ ઉપલબ્ધ હોતાં શું પુત્રોને શિક્ષણ માટે પ્રોત્સાહિત કરવાનું યોગદાન ન આપી શકાય?

ચૌદ વર્ષની ઉંમરે કરાચી (પાકિસ્તાન) ગયા. ભાગલા બાદ વલાડિયા ગામે સોની કામનો પૈતૃક વ્યવસાય સંભાળ્યો. સન ૧૯૬૦ના વર્ષમાં સુવર્ણ અંકુશ ધારો અમલમાં આવતા સોનીકામનાં વ્યવસાયને ઘણી માઠી અસર પહોંચી. સંવત ૧૯૯૬માં દુષ્કાળ પડ્યો ત્યારે વલાડિયા ગામવાસીઓ અન્યત્ર જવા લાગ્યા. તે સમયે ત્યાંના શ્રી જાગેશ્વર મહાદેવ મંદિરમાં બેસી શ્રી શામજીભાઈએ ચૌદ દિવસનાં નકોરડા ઉપવાસ કર્યા. પરિણામે વરસાદ આવ્યો. ગ્રામજનોએ તેઓનું સામૈયુ કર્યું. આ ઉપરાંત વલાડિયા ગામમાં શાળા નિર્માણ તથા બસ સેવાનાં પ્રારંભ માટે પણ તેઓએ અથાગ પરિશ્રમ કર્યો હતો. સન્ ૧૯૫૯માં તેઓ પ.પૂ. પાંડુરાગ શાસ્ત્રીજી આઠવલે (દાદા) પ્રેરિત 'સ્વાધ્યાય પરિવાર'માં જોડાયા. અંજારનાં લોહાર ચોકમાં સોના-ચાંદીના દાગીનાં બનાવવાની દુકાનનો પ્રારંભ કર્યો. ત્યારબાદ સન્ ૧૯૮૫માં જ્યેષ્ઠ પુત્ર શ્રી શિવલાલભાઈ હસ્તક કાર્યરત એસ.એસ.એસ. જ્વેલર્સનો પ્રારંભ તેઓએ કર્યો હતો. સ્વ. શામજીભાઈએ ગાંધીધામ કંડલા વિસ્તારમાં દીર્ઘદષ્ટિથી વિકસતા મીઠા ઉદ્યોગમાં પણ ઝંપલાવેલ. આમ, વ્યવસાયિક ક્ષેત્રે સખત મહેનત, વ્યવસાયિક અભિગમ અને કાર્ય પ્રત્યેની લગનથી તેઓ સતત પ્રવૃત્ત રહ્યાં. હાલ પણ પુત્રો-પૌત્રોને આ ક્ષેત્રે દિશા નિર્દેશ આપતા રહે છે. સ્વ. શામજીબાપા અંજાર જ્ઞાતિના અંદાજે બાર વર્ષ સુધી પ્રમુખપદે રહ્યાં તેમજ જ્ઞાતિની સમાજવાડીનાં પ્રથમ નિર્માણકાર્યમાં સક્રિય યોગદાન આપ્યું.

સન્ ૨૦૦૧ના વિનાશક ભૂકંપ સમયે અંજાર જ્ઞાતિની સમાજવાડી ધ્વસ્ત થઇ ત્યારે અસરગ્રસ્ત જ્ઞાતિજનો માટે રામ- કૃષ્ણ-મહાવીરનગર મધ્યે ૬૫ હંગામી આવાસોનું નિર્માણ કરાવ્યું, જે અઢી વર્ષ સુધી જ્ઞાતિજનોને ઉપયોગી થયા. ત્યારબાદ વીડી રોડ પર આવેલી જમીન પર અસરગ્રસ્તો માટે હંગામી આવાસનું નિર્માણ કરાવ્યું. જ્યાં આજે પણ જ્ઞાતિનાં ૪૦-૪૫ પરિવારજનો વસવાટ કરી રહ્યાં છે.

શામજીબાપાના પ્રમુખપદ બાદ એમના પુત્ર શ્રી શિવલાલભાઈએ આ પદ સંભાળ્યું. જેઓના પ્રમુખપદ હેઠળ શ્રી મહાકાળી મંદિર ત્થા શ્રી માનકેશ્વર મહાદેવ મંદિરનું પુનઃ નિર્માણકાર્ય સંપન્ન થયું તેમજ ભૂકંપ પુનઃવસન કાર્યો સુપેરે પૂર્ણ કર્યા. શામજીબાપાના ધર્મપત્ની ગં.સ્વ. સાવિત્રીબેન અને પુત્રો શિવલાલભાઈ, વિનોદભાઈ અને ઉત્તમભાઈ ત્થા પુત્રીઓ લીલાવંતીબેન શાંતિલાલ બુધ્ધભટ્ટી અને પ્રવીણાબેન પ્રકાશભાઈ બારમેડા જ્ઞાતિમાં સમ્માનીય, સુસંસ્કારી પરિવારોની હરોળમાં શોભે છે.

ભગવદ્ ગીતાનાં નવમાં અધ્યાયનાં બાવીસમાં શ્લોક ''અનન્યાશ્રિંતયંતો માં યે જનાઃ પર્યુપાસતે''માં અખૂટ શ્રદ્ધા ધરાવનારા શામજીબાપાના જીવનનાં ત્રણ રૂપો કૌટુંબિક, સામાજીક અને આધ્યાત્મિકની પ્રત્યેક ફરજોનાં પાલન માટેના સખત મહેનતનો આગ્રહ એમનો જીવન સિદ્ધાંત હતો.

*(સાભાર : સેતુ સ્વર્ણીમ વિશેષાકમાં સંદર્ભ માહિતી નિર્દેશીત શ્રી હરીશભાઈ વેલજીભાઈ મૈચા, શ્રી પ્રફુલ્લભાઈ વિશનજીભાઈ સાકરીયા - અંજાર.)*

## જયંતીલાલ સોની

### આમઆદમીની ખુશી જ મારું મહેનતાપણું

આપણા નાનકડા સમાજમાં એવી અનેક વ્યક્તિઓ છે, જેઓ કોઈપણ પ્રકારની વાહવાહીની અપેક્ષા વિના, મુંગે મ્હોંએ એનાથી થાય તેટલું નાનું-મોટું સેવાકાર્ય કરતી હોય છે. ખાસ કરીને સરકારી નોકરીઓ, ભલે ગમે તેટલી નાની હોય, તો પણ પ્રભુ સાથે સીધો સંબંધ ધરાવતો હોય તેમાં વફાદારીપૂર્વક નોકરી કરતા છતાં લોકોને શુદ્ધ અને નિર્દોષ ભાવે મદદ કરે છે. આપણા સમાજના આવા જ એક સેવાભાવી વ્યક્તિ છે શ્રી જયંતીલાલ સોની.

ભુજના વતની જયંતીલાલ મગનલાલ સોની ૧૯૬૪માં સરકારી સેવામાં જોડાયા ત્યારથી નિવૃતિ સુધી મહેસુલી વિભાગમાં જ જુદી જુદી શાખાઓ અને જુદી જુદી કામગીરી સંભાળતા રહ્યા. પરિણામે સરકારી જટીલ મહેસુલી પ્રશ્નો અને આંટીઘૂંટી ધરાવતી સમસ્યાઓના સારા એવા જ્ઞાતા થઈ ગયા અને તેમના આ જ્ઞાનનો લાભ સરકારી સેવા દરમ્યાન તો કેટલાય લોકો લીધો જ છે પરંતુ હવે નિવૃતિ પછીએ તેમણે સમાજના આમવર્ગ માટે નિસ્વાર્થ કાર્ય ચાલુ રાખી નિવૃતિની એક ઉમદા પ્રવૃતિ આરંભી છે.

૨૦૦૩માં નિવૃત થયા ત્યાં સુધી મહેસુલ વિભાગમાં દુષ્કાળ, પુર રાહત, વાવાઝોડું, ધરતીકંપ, ચૂંટણી, મનોરંજન,

ચૂંટણી ઓળખપત્ર, વગેરે જેવી અનેક કામગીરી તેમણે સંભાળી, વિશાળ અનુભવ મેળવ્યો. આ દરમ્યાન સમાજના તમામ વર્ગનાં સંપર્કમાં તેઓ રહ્યા જેને કારણે ભુજ અને ભુજ તાલુકામાં તેઓ સોનીભાઈ તરીકે લોકપ્રિય પણ બન્યા. નિવૃતિ પછી પણ વિશાળ મહેસુલી અનુભવને કારણે તેમની સેવાઓ ભુજ વિસ્તાર વિકાસ સત્તામંડળ દ્વારા લેવાઈ અને ભુજ શહેરના નવસર્જન દરમ્યાન જમીન સંપાદનની મુશ્કેલ કામગીરી તેમણે સંભાળી.

સોનીભાઈ પોતાની આ કામગીરી ઉપરાંત સમાજનો નીચલો વર્ગ કે જે મહેસુલી આંટીઘૂંટી સમજતો જ નથી પરિણામે કેટલાય લાભોથી વંચિત રહી જાય છે તેઓને લાભ મળતા થાય એ માટે હાલ પોતાની મહેસૂલી કામગીરીના અનુભવ કામે લગાવી આવા લોકોને નિસ્વાર્થ ભાવે યોગ્ય માર્ગદર્શન, સલાહ અને સૂચન આપે છે.

આ વર્ગને રેશનકાર્ડ, આધારકાર્ડ, ઓળખકાર્ડ કે ચૂંટણીકાર્ડ મેળવી આપવામાં તેઓ માર્ગદર્શક બને છે. ખાસ કરીને રખડતી ભટકતી જાતિઓ પોતાની ઓળખ પ્રસ્થાપિત કરી શકે એ માટે પણ તેઓને રેશનકાર્ડ, આધારકાર્ડ, ઓળખકાર્ડ કે ચૂંટણીકાર્ડ મેળવી આપવામાં મદદ કરી રહ્યા છે. તો બહુરૂપી, કિન્નરો વગેરે પણ સમાજમાં પોતાનું સ્થાન મેળવી શકે પોતાની ઓળખ ઉભી કરી શકે એ માટે તેઓને રેશનકાર્ડ, ચૂંટણીકાર્ડ મેળવવામાં નિસ્વાર્થ કાર્ય કર્યું છે. પરિણામે આ વર્ગને અનેક સરકારી લાભો મળતા થાય છે તેનો સોનીભાઈને સંતોષ છે. જયારે નાનો કારીગર પગ ભર થશે ત્યારે જ સમાજમાં ક્રાંતિ આવશે. આ બધી બાબતો એક- બીજાના સહકારથી જ શક્ય થાય છે.

*– સૌજન્ય : કચ્છમિત્ર*

## મહિયા પરિવારના દેવસ્થાન



**ઓશિયામાં સંચાય માતાનું મંદિર**



**સંચાય માતાનું મંદિર - અંજાર**



**સંચાય માતા બેરાજા**



**સંચાય માતા - ભુજ**

# મૈચા પરિવારના કુળદેવી સંચાય માતા

**- રસિકભાઈ મહિચ્છા (આદિપુર, કચ્છ)**

કુળદેવી એટલે કોઈ વિશિષ્ટ પરિવાર સમૂહના માતાજી. જેને વર્તમાન પરિભાષામાં Family Deity કહી શકાય. કુળદેવીને જે તે કુટુંબના રક્ષણહાર અને તારણહાર તરીકે માનવામાં આવે છે. કુટુંબ પર આવી પડેલ આપત્તિઓ દરમ્યાન કુળદેવીનું શરણું લેવા આવે છે અને કુટુંબને પ્રાપ્ત થયેલ સુખ, સમૃદ્ધિ માટે પણ કુળદેવીની કૃપા માનવામાં આવે છે. તેથી કુળદેવી એક આરાધ્ય દેવી તરીકે સાંપ્રત સમયમાં પણ દરેક જ્ઞાતિમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિના પરિવારોની કેટલીક પ્રચલિત અટકોમાં બુદ્ધભટ્ટી, પોમલ, બારમેડા, મૈચા, કટ્ટા, છત્રાળા, સોલંકી, હેડાઉ, પરમાર, ગુજરાતી, ચનાણી, ચૌહાણ, કોટડીયા, બીજલાણી, સાકરીયા, વિશા પરમાર વિગેરે છે. આ દરેક પરિવારો અથવા પરિવાર સમૂહોના અલગ અલગ કુળદેવી અને કુળદેવતા અથવા ઈષ્ટ દેવતા હોય છે. મહદઅંશે મારૂ કંસારા સોની જ્ઞાતિના પરિવારો માતાપંથી હોવાના નાતે કુળદેવીની આરાધનાનું વિશેષ મહત્ત્વ રહ્યું છે. મોટાભાગે દરેક પરિવારમાં વર્ષના કેટલાક નક્કી કરેલ દિવસોમાં અને ખાસ કરીને વર્ષ દરમ્યાન આવતા વિવિધ નોરતાઓની આઠમ અથવા ચૌદસ - અમાસના નિવેદ કરવાના હોય છે. કુટુંબના વડીલ મહિલા પવિત્ર વસ્ત્ર ધારણ કરીને કોઈ અન્યને સ્પર્શ્યા વિના નૈવેદ્યનો પ્રસાદ કે જે મોટા ભાગે લાપસી હોય છે તે બનાવે છે. કુટુંબીજનોની સામૂહિક હાજરીમાં માતાજીને પ્રસાદ ધરાવે છે. ધૂપ, દીપ અને આરતી અને નાના હવન ક્રિયા અથવા ભોગ સાથે માતાજીની આરાધના કરવામાં આવે છે. ત્યાર બાદ દરેકને પ્રસાદનું વિતરણ કરવામાં આવે છે.

આ પ્રકારના નૈવેદ્ય માનતા, બાધા-આખડી નિમિત્તે, કોઈ વિશિષ્ટ તહેવાર - હોળી, દિવાળીના દિવસે અથવા વિશિષ્ટ પ્રસંગે જેવા કે લગ્ન, જનોઈ કે બાળ મુવારા દરમ્યાન પણ કરવામાં આવતા હોય છે. કુળદેવીની પ્રથા કુટુંબીજનોને માનસિક, સામાજિક અને આધ્યાત્મિક સામર્થ્ય બક્ષે છે. આપણા વડીલો હંમેશા કહેતા રહ્યા છે કે માતાજી હાજરા હજુર છે અને આપણા પર કૃપા રાખે છે. જેના આધારે પરિવાર - સભ્યોનું કૌટુંબિક જીવન શાંતિમય, કલ્યાણકારી, આત્મવિશ્વાસથી વ્યતિત થાય છે.

મહિચા, મેવચા, મૈચા અથવા મહિચ્છા શબ્દ સમયાંતરે અપભ્રંશ થતો ગયો. આ અટકધારી પરિવારો મારવાડ રાજસ્થાનથી આવેલા છે એવું માનવામાં આવે છે. આ બધા પરિવારોના કુળદેવી સંચાય માતાજી છે કે જે મૂળ જોધપુર રાજસ્થાનના ઓશિયા ગામમાં બિરાજે છે. તેનું મારવાડી ઉચ્ચારપ સચીયાઈ માતા છે અને ઓશિયા મધ્યે પરમાર વંશના રાજા ઉપેન્દ્ર દ્વારા નવ-દશમી સદી દરમ્યાન તેના ભવ્ય મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું છે. સચીયાઈ માતા પરમાર ઉપરાંત ઓશવાલ જૈન, પરિક, પારેખ, બિરલા, ક્ષત્રિય સોની, રાજપૂત, કુમાવત, મહેશ્વરી, બ્રાહ્મણો અને ક્ષત્રિય વંશીય કુટુંબોના કુળદેવી છે. જે સચીયાઈ માતાના મંદિરની ભવ્ય શિલ્પ સ્થાપત્યથી પ્રતિત થાય છે. ઓશિયાના આ મંદિરમાં માતાજીની પૂર્ણ કદની શ્યામ મૂર્તિ છે. તલવાર અને ઢાલ ધારણ કરેલ આ માતાજી વાસ્તવમાં રક્ષણહાર અને તારણહાર તરીકેનું દર્શન કરાવે છે.

હિંદુ ધર્મની પૌરાણિક કથા અનુસાર શચી એ અસુર રાજા પૌલોમાની પુત્રી હતી. તે અપાર સૌન્દર્યવતી હતી. તે સપ્ત-માત્રિક એટલે કે સાત અતિ શક્તિશાળી માતાઓમાંની એક છે. ઈન્દ્ર રાજા એ શચીના થનાર પતિ વ્રતને યુદ્ધમાં હણીને શચી સાથે લગ્ન કર્યા હતા. આ શચી તે જ ઈન્દ્રાણી થયા. ગુજરાતીના સુવિખ્યાત લેખક રમણલાલ દેસાઈએ શચી પૌલોમી નામની સુંદર નવલકથા લખી છે.

ઓશિયાના એક જૈન મંદિરના શિલાલેખ પ્રમાણે સચિયા માતા વાસ્તવમાં ચામુંડા માતાજી છે. તે સમયના એક પ્રભાવશાળી અને વિદ્વાન જૈન સાધુ વિજયરત્ન પ્રભસૂરિજી ઓશિયા વિહાર કરતા હતા ત્યારે તેણે જોયું કે ચામુંડા માતાને પ્રસન્ન કરવા માટે પશુઓનો બલી ચડાવવામાં આવતો હતો. પશુ હત્યાથી વ્યથિત થઈ જૈન સાધુ વિજય રત્નપ્રભસૂરિજી બલી આપવાની પ્રથા બંધ કરાવી દીધી. કહેવાય છે કે આને કારણે ચામુંડા માતાજી ક્રોધાયમાન થઈ ગયા. જૈન સાધુને વિવિધ પ્રકારના દુઃખો અને પરિતાપ આપ્યા. પરંતુ તે જરા પણ વિચલિત થયા નહીં અને પોતાના અહિંસાના સિદ્ધાંતમાં મક્કમ રહ્યા. પરિણામે ચામુંડા માતાજી પ્રસન્ન થયા અને કહ્યું કે હવેથી તે કોઈ પણ પ્રકારના બલીનો પ્રસાદ ગ્રહણ કરશે નહિ. આથી વિજય રત્નપ્રભસૂરિજી આનંદિત થયા અને બોલી ઉઠ્યા કે આ સાચા માતાજી છે. તેથી તે સચિયા માતા તરીકે પ્રસિદ્ધ થયા. સચિયા માતાના

પરિસરમાં મહાવીર સ્વામી અને અન્ય જૈન સંતોના પણ મંદિરો આવેલા છે. મારવાડ રાજસ્થાનનો બહોળો જૈન સમુદાય તેને અનુસરે છે.

બારમી સદીમાં અને ત્યારબાદ ભારતની પશ્ચિમ સરહદથી પ્રવેશતા ઈસ્લામિક સૈનિકોનું રાજસ્થાન પર આક્રમણ થયું. બ્રાહ્મણો, ક્ષત્રિયો અને જૈનો સુરક્ષા માટે મારવાડથી ગુજરાત અને મધ્યપ્રદેશ તરફ હિજરત કરવા લાગ્યા. તેને કારણે વર્તમાન મારૂ કંસારા જ્ઞાતિના વડવાઓ પણ કચ્છ સૌરાષ્ટ્ર તરફ આવી વસ્યા. સાથે મારવાડમાં રહી જે દેવી દેવતાઓને કુળદેવી તરીકે માનતા તેની કાષ્ઠ-મૂર્તિઓ પણ લાવીને વિવિધ વસવાટના સ્થળે પ્રસ્થાપિત કરી. માતાજીના પ્રતિક મૂર્તિ તરીકે ચલિત મૂર્તિઓને ફળા કહેવાય છે તે સામાન્ય રીતે લાકડાની અને હલકા વજનની હોય છે.

કચ્છમાં ૧૨૫ જેટલા મહીચા અથવા મૈચા પરિવારો હોવાનો અંદાજ છે. તેમના કુળદેવી સંચાય માતા હાલ ત્રણ દેવસ્થાનોમાં બિરાજે છે. ભુજમાં જય નગરમાં રહેતા શ્રી ચંદ્રકાંત મગનલાલ મહીચાના નિવાસસ્થાને, મુન્દ્રા તાલુકાના બેરાજા ગામે અને અંજારમાં નયા અંજાર મુકામે. આ ત્રણે દેવસ્થાનોમાં માતાજીના જોડિયા ફળા અથવા કાષ્ઠની પ્રતિક અને ચલિત મૂર્તિઓ છે. જે મૂળ મારવાડ રાજસ્થાનની હોય એવું માનવામાં આવે છે. તેમાંની બે મૂર્તિઓ પૈકી એક સંચાય માતા છે જે કુળદેવી છે અને બીજા તેમના બહેન શામળા માતા છે; જે ભાવ દેવી છે. ભુજના શ્રીમતિ લીલાવંતીબેન ધનજી કે જેઓ હાલ લંડન રહે છે. તેમના કહેવા મુજબ તેમના સસરા સ્વ. મૂળજી માવજી વર્ષ ૧૯૪૩માં અંજારમાં હવેલી ફળિયામાં રહેતા ચનાભાઈને ત્યાંથી સંચા માતા અને શામળા માતાના બે ફળા નાહી-ધોઈને પવિત્ર અને ભીના કપડાં પહેરી અંજારથી ભુજથી પગે ચાલીને છાબમાં લાવ્યા હતા અને પોતાના ઘરે પ્રસ્થાપિત કર્યા હતા. ત્યારથી મહીચા કુટુંબીજનો છેડા-છેડી છોડવા કે બાળ મોવારા પ્રસંગે નિવેદ કરવા તેમને ઘરે જતા હતા. કચ્છમાં આવેલા ૨૦૦૧ના ભૂકંપ પહેલા લગભગ સાતેક વર્ષથી મહા સુદ-ચૌદશના મોટા નિવેદ અને હવન સામૂહિક રીતે કરવા આવે છે. મહીચા પરિવારો વર્ષમાં એક વખત આ પ્રસંગે સાથે રહીને હવન કરે છે અને નિવેદ-પ્રસાદ લે છે. ભૂકંપ બાદ જેઠ વદ ૮ ને ગુરૂવાર તા. ૧૪-૬-૨૦૦૧ થી માતાજીની પધરામણી શ્રી ચંદ્રકાંત મગનલાલ મહીચાના ઘરે કરવામાં આવી છે. હાલ પર્યંત ત્યાં જ બેસણા છે. અંદાજીત સો જેટલા કુટુંબો આ માતાજીને નમે છે.

અંજારના સ્વ. ગાંગજી મેઘજી પરિવારના વડીલ શ્રી પ્રેમજી ગાંગજીના કહેવા મુજબ સંચાય માતા રાજસ્થાનથી અંજાર મુકામે હવેલી ફળિયામાં આવ્યા હતા અને તેમના કુટુંબીઓ નીવેદ-હવન પૂજા કરતા હતા. સમય જતા તે મકાનો ભાટિયાને ગીરવે મુકાયા. એટલે માતાજીને ભુજ તાલુકાના ડગાળા ગામે લઈ ગયા હતા. પરંતુ ત્યારબાદ તેમના પરિવારજનો અંજારમાં સ્થાઈ થયા હોવાથી ફરી અંજાર લાવ્યા હતા. અંજારમાં અંદાજીત છેલ્લા ૨૨ વર્ષથી માતાજી માટે સ્વતંત્ર દેવસ્થાનમાં બેસણા છે. આ દેવસ્થાનમાં માતાજીની બે ચલિત મૂર્તિઓ છે; જેમાં એક સંચા માતા અને બીજા વાન્કોલાઈ માતા કહેવાય છે. સાથે એક મહાકાળીની પણ મૂર્તિ મુકેલી છે. સુરાપુરાની પણ એક દેરી છે. સુરાપુરા એ બહાદુર સૈનિકો છે કે જેઓ ગ્રામીણ પરિવારો અને બહેનોની લાજ બચાવવા તથા ઈસ્લામિક આક્રમણને ખાળવા પોતાના જાનની કુરબાની આપી હતી. મહાસુદ ચૌદશ અને ચૈત્ર વદ છઠ્ઠ એમ વરસમાં બે વખત નીવેદ-હવન કરવામાં આવે છે. ત્યારે તમામ મહીચા ગોઠીભાઈઓ ભેગા થઈ ઉજવણી કરે છે.

માનકુવાના નિવૃત્ત શિક્ષક શ્રી કાંતિલાલ માવજી મયીચા પાસેથી બેરાજા સ્થિત સંચાય માતાના ઈતિહાસ વિષે માહિતી પ્રાપ્ત થઈ છે તે પ્રમાણે સંચા માતા રાજસ્થાનમાં બારમેડથી ૩૫ કિલોમીટર દૂર કીરાડુંથી અંજાર આવ્યા હતા. ત્યારબાદ આજથી લગભગ ૧૨૫ વર્ષ પહેલા એટલે કે તેમની છઠ્ઠી પેઢીએ શ્રી પરબત ભાણજીએ સંચા માતા અને શામળા માતાના બે ફળાની મૂર્તિઓ અંજારથી બેરાજા ગામે લાવ્યા હતા. તે વખતમાં બેરાજામાં સોનીઓની સારી જાહોજલાલી હતી અને સંખ્યાબંધ સોનાના છતરનો ચડાવો થતો હતો. હાલમાં બેરાજામા માતાજીનું સ્વતંત્ર દેવસ્થાન છે. વરસમાં બે એક વખત મહીચા પરિવારો ભેગા થઈને હવન, નીવેદ કરે છે અને પ્રસાદ લે છે.

સંચાય માતાજી ખૂબ ચમત્કારિક મનાય છે અને તેમના અનેક પરચાઓ અને લોક વાયકાઓ છે. તમામ મહીચા ગોઠી ભાઈઓ તેમાં અપાર શ્રદ્ધા અને આસ્થા ધરાવે છે. આ ત્રણે દેવસ્થાનમાં એક જ માતાજી છે. તેથી ત્રણે દેવસ્થાનોમાં માતાજીની સહિયારી ઉજવણી થાય અને તમામ મહીચા ગોઠી ભાઈઓ ત્રણે સ્થળે એકઠા થઈ શકે એવી વ્યવસ્થા ઉભી થાય તો આ ત્રણે દેવસ્થાનોનો આધુનિક વિકાસ થશે અને સાથે મહીચા પરિવારોનું સંગઠન બળ વધશે.

*(આ લેખ તૈયાર કરવામાં કેટલીક માહિતી કંઠોપકંઠ રીતે પ્રાપ્ત થઈ છે. જેને કારણે સ્થળ, સમય અને વિગતમાં કંઈ ફરક જણાય તો અમે દિલગીર છીએ.)*

# પરાશર ગોત્રના પોમલ પરિવાર

- તુલસીદાસ કંસારા (અમદાવાદ)

## પરાશર ગોત્રના પોમલ પરિવાર

પોમલોમાં એક પરિવાર માધવજી પ્રેમજીભાઇ પોમલ - ઝવેરીનો. તેઓ મુખ્યત્વે ઝવેરાતના વેપારને કારણે મુંબઇ વસતા હતા અને પરિવાર ભુજમાં પીપળા ફળિયામાં. મુંબઇમાં તેમની પેઢી એટલે દરેક કંસારાને ઉતરવાનું સ્થળ. તેમને નવ સંતાનો, જેમાં એક પુત્રી ભચીબેન અને આઠ પુત્રો. જેમના નામ :

(૧) મીઠુભાઇ, (૨) માવજીભાઇ, (૩) ખીમજીભાઇ,
(૪) વેલજીભાઇ, (૫) કેશવજીભાઇ, (૬) લાલજીભાઇ,
(૭) ચુનીલાલભાઇ અને (૮) નાનાલાલભાઇ.

અને આ વંશ નીચે મુજબ આગળ વધેલ છે.

(૧) મીઠુભાઇ - ને ત્યાં બે પુત્રો જટુભાઇ અને જેન્તિભાઇ તેમજ ચાર પુત્રીઓ - પદ્મમણી, કસ્તુરી, બબુબેન અને સવિતાબેન.

(૨) માવજીભાઇને સાત સંતાનોમાં ચાર પુત્રીઓ- કબુબેન, ત્રિવેણીબેન, ધનુબેન અને મુક્તાબેન તેમજ ત્રણ પુત્રોમાં મનસુખભાઇ, મોતીલાલભાઇ અને તેમના મોટાભાઇ.

(૩) ખીમજીભાઇના એક પુત્ર ધનજીભાઇ અને એક પુત્રી માકુબેન.

(૪) વેલજીભાઇને ત્યાં ચાર સંતાનોમાં જયંતીભાઇ અને રાજેન્દ્રભાઇ તેમજ દયાકુંવરબેન અને પ્રેમીલાબેન.

(૫) કેશવજીભાઇને ઘેર ત્રણ પુત્ર અને ત્રણ પુત્રીઓ - નવીનભાઇ, કનુભાઇ અને નરેન્દ્રભાઇ, જ્યોતિબેન, અનિલાબેન અને ભાવનાબેન.

(૬) ચુનીલાલભાઇને ત્યાં ધીરજલાલ, મોહનલાલ, ભરત અને વિજય નામે ચાર પુત્રો અને સુભદ્રા દિકરી.

(૭) લાલજીભાઇને માત્ર એક પુત્ર હર્ષદભાઇ.

(૮) નાનાલાલભાઇને બે સંતાનોમાં કિશોરભાઇ અને જયશ્રીબેન.

(૯) ભચીબેનના સંતાનોમાં એક પુત્ર રમેશભાઇ અને ત્રણ પુત્રીઓ.


## સુરખાબનું પેઇન્ટીંગ - એક સચવાયેલ યાદ :



ઉપર જણાવેલ નામોમાંથી આગળ વાત કરીએ તો સાતમા નંબરે લખેલ લાલજીભાઇના નામથી તો આપણી જ્ઞાતિ માત્ર નહિં પણ ગુજરાત અને મુંબઇ પણ ‘ચિત્રલેખા’ના વજુભાઇ કોટકના મિત્ર તરીકે અને એક નામાંકિત ફોટોગ્રાફર એલ. એમ. પોમલ તરીકે આજે પણ અનેક લોકો યાદ કરે છે અને સેતુમાં પણ તેમના વિશે અવાર-નવાર ઉલ્લેખ થતા રહે છે. અહીં તેમની યાદગીરી રૂપે મારી પાસે સચવાયેલ એક સુરખાબના પેઇન્ટીંગનો ફોટો આપેલ છે. તેઓ પોતાની ફુરસદમાં ફોટોગ્રાફી અને કવિમિત્રો સાથેની સંગત ઉપરાંત પેઇન્ટીંગ પણ કરતા હતા તે કદાચ ઘણા લોકોને ખ્યાલ ન હોય તે સ્વાભાવિક છે. પોમલ પરિવાર તેમજ અન્ય કંસારા જ્ઞાતિમાં અત્યારે અનેક કુટુંબોનો મુખ્ય વ્યવસાય ફોટોગ્રાફી થયેલ છે તેમાં તેમની પ્રેરણાનો મુખ્ય ફાળો છે.

અને પાંચમાં નંબરે ઉલ્લેખિત શ્રી કેશવજીભાઇ અત્યારે સમયના વહેણ અને સંજોગોની મજબૂરીને કારણે લગભગ લુપ્ત થઇ ગયેલ મીનાકારી કામના છેલ્લા કારીગર કે કલાકાર હતા. તે ગુણની દૃષ્ટિએ મૂલવીએ તો મીનાકારીનું કામ તેમને શોધતા આવતું, નહિ કે તેમને પોતાની દુકાનની બહાર તેના માટે પગ મૂકવો પડતો. પછી ભલે તે રાજા-મહારાજા કે રા-બાવાના કામ કેમ ન હોય! તેમને મોઢેથી સાંભળેલ એક નાની વાત અહીં મૂકી દઉં. રાજ પલટા પછી કલેક્ટરે એક વખત કહેણ મોકલાવ્યું તો તેમણે જવાબ મોકલાવ્યો કે તમારે મારું કામ હોય તો તમારે મારે ત્યાં આવવું જોઇએ. મારે હાલે તમારું કોઇ કામ નથી એટલે અત્યારે આવી શકાશે નહીં. આવી ખુમારી આપણા કારીગરો તેમજ કલાકારો બન્નેમાં જોવા મળે છે, પરંતુ કારીગરોમાં જોવા મળતી બીડી પીવાની ટેવ સિવાય અન્ય કોઇ આદત તેમણે રાખેલ ન હતી, અને પોતાના હસ્તેજ, પોતે બેસતા તે દુકાન જ્ઞાતિને અર્પણ કરી ગયા.

## છબીકલાના ઈતિહાસનો ધ્રુવતારો
## એલ. એમ. પોમલ



શ્રી લાલજીભાઈની વાત આગળ વધારીએ તો તસવીરની પણ એક આગવી તાસરી હોય છે, તેની પ્રતીતિ કરાવનાર વિશ્વવિખ્યાત તસ્વીરકાર તરીકે એલ.એમ. પોમલ અર્ધી સદીથી પણ વધુ સમય સુધી છબીકલા જગતના ઝળહળતા સીતારા રહ્યા. એટલું જ નહીં, એમના અવસાન પછી પણ એમણે સર્જેલી, માત્ર ખેંચેલી નહીં, તસવીરો-એક યા બીજી રીતે ક્યાંક ને ક્યાંક ઝળહળતી રહે છે. એમના છબીકલાના પ્રયોગો અને જેમણે એમની પાસેથી છબીકલાના રહસ્યોનું જ્ઞાન મેળવ્યું છે, તેવા એમના કેટલાય શિષ્યો આ 'છબીકલા ગુરુ'ને ક્યાંક ને ક્યાંક અર્ઘ્ય આપતા રહે છે.

ક્રાન્તિકારી માસ ઓગસ્ટની ૧૮મી તારીખે આવતો એમનો જન્મ દિવસે, એમના ચાહકો અવશ્ય યાદ કરતા રહશે. આવા અજોડ કલાકાર, જેમણે ફોટોગ્રાફી ક્ષેત્રે કચ્છનું નામ વિશ્વના તખ્તે ગાજતું કર્યું. અને "સાવન" નામક આશિયાનાને હિન્દુસ્તાન સાહિત્ય તેમજ કળા રસિકો માટે આશિયાના બનાવેલ તેમની યાદોને સંકલિત કરતો પ્રસ્તુત લેખ એમના સુપુત્ર શ્રી હર્ષદ પોમલે મોકલેલી વિગતો તેમજ સ્વ. લાલજીભાઈના અંતરંગ મિત્ર કચ્છની સંસ્કૃતિ પરના અજોડ પુસ્તક 'કચ્છનું સંસ્કૃતિ દર્શન'ના લેખક સ્વ. રામસિંહભાઈ રાઠોડના કચ્છમિત્રમાં પ્રકાશિત લેખના થોડા અંશોનું સંકલન છે.

સ્વ. લાલજીભાઈ પોમલનો જન્મ તા. ૧૮-૮-૧૯૧૯ના રોજ ભુજ(કચ્છ)માં એક સોની પરિવારમાં થયો. પરિવારનો વંશ પરંપરાગત સુવર્ણ આભુષણ-કળા કસબ શ્રી લાલજીભાઈને પણ વારસામાં જ મળેલો હતો. એટલે કળા પ્રત્યે એમની વિશેષ રૂચિ સ્વાભાવિક જ હતી અને તે સમયે એશિયાભરમાં ન હોતી તેવી હુન્નરશાળા કચ્છ ભુજમાં હતી. ત્યાં તેમણે ચિત્રકળા, મીનાકામ અને સોના ચાંદી પરના કચ્છ વર્ક આદિનું શિક્ષણ મેળવ્યું અને અહીં જ તે સમયે નવીન ગણાતી તસવીરકળામાં પણ એમણે રસ લીધો. ૧૯૩૭માં તેઓશ્રી મુંબઈ ગયા. એમને જે. જે. સ્કૂલ ઓફ આર્ટમાં અભ્યાસ કરવો હતો પરંતુ તે માટે ફીનો બંદોબસ્ત ન થતાં, તેમણે મુંબઈમાં જ આર. શિવાજીના સ્ટુડિયોમાં અપ્રેન્ટીસ તરીકે છબીકલાની તાલીમ લીધી. ૧૯૩૯માં તેઓશ્રી પાછા ભુજ આવ્યા. તેમનું વારસાગત મીનાકામ સંભાળ્યું. સાથે સાથે છબીકલાનો શોખ પોષતા રહ્યા. ૧૯૩૪રમાં પોમલ કરાંચી ગયા. ત્યાં એમણે હીરો સ્ટુડિયોમાં આર્ટીસ્ટ તરીકે પાંચ વર્ષ કામ કર્યું. દેશના ભાગલા થતાં તેઓ મુંબઈ પાછા આવ્યા. દાયકાથી વધારેના એમના તસવીરકળાના સાતત્યે એમની અંદરનો કલાકાર 'સર્જન' ઝંખી રહ્યો હતો. એમની તસવીરોને 'ટાઈમ્સ ઓઈ ઈન્ડિયા' અને બીજા અખબારોમાં સ્થાન મળવા લાગ્યું. ૧૯૫૧માં ઈલસ્ટ્રેટેટડ વિકલી દ્વારા આયોજિત ફોટો કોમ્પીટીશનમાં એમની તસ્વીરને પ્રથમ ઈનામ મળ્યું. ફરી ૫૫ અને ૫૬માં પણ એને શ્રેષ્ઠતા ઈનામો મળ્યા.

હવે તેમની સર્જનશીલ તસ્વીરકાર તરીકેની ઓળખ દેશભરમાં થઈ ગઈ હતી. મુંબઈમાં સ્વ. વજુ કોટક એમના ખાસ મિત્ર હતા. શ્રી પોમલની પ્રતિભાને પ્રકાશમાં લાવવામાં એનો સિંહફાળો રહ્યો. 'આન' ફિલ્મની સ્ટીલ ફોટોગ્રાફી એમણે કરી હતી. દરમ્યાનમાં એમના પ્રિય પત્ની શ્રીમતી જયાબેનનું, એક બાળકની એમને ભેટ આપી, ભરયુવાનીમાં અવસાન થયું. એમના ઉજ્જવળ ભાવિના સંકેતો અને પ્રલોભનો છતાં પત્નીના અવસાન પછી મુંબઈ એમને જરાય ગોઠ્યું નહીં. યુવાવસ્થા અને અનેક તરફી દબાણો છતાં એમણે પુનઃલગ્ન ન કર્યાં. એમના પુત્ર હર્ષદ અને એમની તસવીર કળાના વિકાસના લક્ષ્ય સાથે તેઓ ૧૯૬૫માં ભુજ આવી ગયા. ભુજમાં દરબારગઢ પાસે એમણે સ્ટુડિયો ખોલ્યો અને વિજયનગરમાં 'સાવન' નામનું રહેવાનું ઘર. આ સ્ટુડિયો એમને માટે આજીવિકાનું સાધન તો હતું જ સાથે સાથે એ કચ્છના ઉગતા છબીકારો માટે હેન્ડસ-ઓન તાલીમશાળા બની ગઈ. ભુજમાં એમણે 'રંગ' નામની સંસ્થાની સ્થાપના કરી. જ્યાં સાહિત્યકારો અને કલાકારો નિયમિત મળતા.

શ્રી પોમલ ઇન્ડિયા ઈન્ટરનેશનલ ફોટોગ્રાફિક કાઉન્સિલના માનદ્ સભ્ય હતા. તેમને છબીકલા ક્ષેત્રે ઝળહળતા ધ્રુવ તારા સમાન સ્વ. લાલજીભાઈ પોમલનો જન્મ દિનાંક ૧૮-૮-૧૯૧૯ના રોજ ભુજ(કચ્છ)માં એક સોની પરિવારમાં થયો. પરિવાનો વંશ પરંપરાગત સુવર્ણ આભુષણ-કળા કસબ શ્રી લાલજીભાઈને પણ વારસામાં મળેલો હતો. એટલે કળા પ્રત્યે એમની વિશેષ રૂચિ સ્વાભાવિક જ હતી અને તે સમયે એશિયાભરમાં ન હોતી તેવી હુન્નરશાળા કચ્છ ભુજમાં હતી.

ત્યાં તેમણે ચિત્રકળા, મીનાકામ અને સોના ચાંદી પરના કચ્છ વર્ક આદિનું શિક્ષણ મેળવ્યું અને અહી જ તે સમયે નવીન ગણાતી તસવીરકળામાં પણ એમણે રસ લીધો. ૧૯૩૭માં તેઓશ્રી મુંબઈ ગયા. એમને જે. જે. સ્કૂલ ઓફ આર્ટમાં અભ્યાસ કરવો હતો પરંતુ તે માટે ફીનો બંદોબસ્ત ન થતાં, તેમણે મુંબઈમાં જ આર. શિવાજીના સ્ટુડિયોમાં અપ્રેન્ટીસ તરીકે છબીકલાની તાલીમ લીધી. ૧૯૩૯માં તેઓશ્રી પાછા ભુજ આવ્યા. તેમનું વારસાગત મીનાકામ સંભાળ્યું. સાથે સાથે છબીકળાનો શોખ પોષતા રહ્યા. ૧૯૪૨માં પોમલ કરાંચી ગયા. ત્યાં એમણે હીરો સ્ટુડિયોમાં આર્ટીસ્ટ તરીકે પાંચ વર્ષ કામ કર્યું. દેશના ભાગલા થતાં તેઓ પાછા મુંબઈ આવ્યા. દાયકાથી વધારેના એમના તસવીરકળાના સાતત્યે એમની અંદરનો કલાકાર 'સર્જન' ઝંખી રહ્યો હતો. એમની તસવીરોને 'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા' અને બીજા અખબારોમાં સ્થાન મળવા લાગ્યું. ૧૯૫૧માં ઈલસ્ટ્રેટેડ વિકલી દ્વારા આયોજિત ફોટો કોમ્પીટીશમાં એમની તસવીરને પ્રથમ ઈનામ મળ્યું. ફરી ૫૫ અને ૫૬માં પણ એમને શ્રેષ્ઠતા ઈનામો મળ્યા.

શ્રી લાલજીભાઈ પોમલે કચ્છી સંસ્કૃતિ, લોકજીવન, પશુ-પક્ષી અને પ્રકૃતિ, પુરાતત્ત્વ અવશેષો અને સ્થાપત્યો જે કંઈ એમની સર્જક દૃષ્ટિએ દીઠું અને એમને સૌંદર્યબોધ થયો, તેને પોતાની આગવી છાયા પ્રકાશની સુઝબુઝગી કલાત્મક ઢબે કેમેરામાં કંડારી જગતને અર્પણ કર્યું અને પોતાના અસ્તિતવના સતોષ માટે ૮૨ વર્ષનું સ્વસ્થ અને સુદીર્ઘ જીવન જિંદાદિલીથી વિતાવી, ૧ ઓક્ટોબર ૨૦૦૦ના દિવસે અંતિમ શ્વાસ લીધા. શ્રી પોમલ ભલે હવે સદેહે નથી રહ્યા પરંતુ એમની પ્રતિભાના પ્રતિબિંબ પેઢીઓ સુધી પ્રકાશતા રહેશે.

ભુજનું કમાંગરી ચિત્રકળા, સોના-ચાંદીનું કચ્છ વર્કનું કળા કામ અને મીનાકામ એશિયાભરમાં ઉત્તમ પંકાયું છે. આના અભ્યાસ માટે ભુજમાં એક હુન્નરશાળા પણ ચાલે. ઉત્કૃષ્ટ મીનાકામના નિષ્ણાત દેવજીભાઈ એ વખતના એના સંચાલક ત્યાં ડ્રોઈંગની પરીક્ષાઓ આપવાનીય વ્યવસ્થા કરી. ફોટોગ્રાફર ધોળકિયા આલ્ફ્રેડ હાઈસ્કૂલમાં અમારા ડ્રોઈંગ ટીચર. ભુજમાં ભણતા ત્યાં મારે ડ્રોઈંગનો અભ્યાસ કરવાનું બન્યું. સને ૧૯૩૦માં સર જે. જે. સ્કૂલ ઓફ આર્ટ તરફથી લેવાતી એની એલીમેન્ટરી ગ્રેડની પરીક્ષા આપવા માટે મારે હુન્નર શાળામાં જવાનું થયું ત્યારે તે કામ કરતા હુન્નર કળાના વિદ્યાર્થીઓની કામગીરી જોઈ નાનો એવો હું દંગ થઈ ગયો. ત્યારે જેમાં મને વધુ રસ પડ્યો એવા બે કળા વિદ્યાર્થીઓ કોણ છે એમ જીજ્ઞાસા થઈ તો નામ જાણવા મળ્યું કે એક 'લાલજી' છે અને બીજો પણ 'લાલજી' છે. પાછળથી હવે ખ્યાલ થાય છે કે એ હતા આપણા કચ્છના નીવડેલા બે નામાંકિત કલાકારો એલ. સી. સોની અને એલ. એમ. પોમલ.

ભુજમાં ૧૯૩૪માં લાલજી પોમલનું નામ ફોટો કલાકાર તરીકે ઝબુકતું જાણ્યું. પછી તો પ્રમાણ્યું કે એમણે ચિત્રકળાને અનુસરી એમની આગવી સુઝથી એમની ફોટો કળાને વિકસાવી છે. તસવીર કામમાં એ સમજપૂર્વકનું ભાવદર્શન કરાવતા થયા. આગવી કલા તરીકે ફોટોગ્રાફીને એમણે અલીપ્ત વ્યક્તિત્વનું માધ્યમ બનાવ્યું. આ અરસામાં મુંબઈ તારાપોરવાલાનું નામ તો બહુ મોટું. કાલે ખંડાલાવાળા અને રત્નાકરના નામો પણ મળે કે ૧૯૨૫ અમદાવાદમાં કુમાર કેમેરા ક્લબ સ્થપાયેલી, તે ૧૯૩૬માં 'નિહારિકા' નામે જાણીતી બની. આવા સંજોગોમાં એલેમને મુંબઈ આવવું-જવું થયું. અહીં એમણે કલા વ્યવસાય તરીકે ફોટોગ્રાફીનો વિકાસ કર્યો. ધંધાદારીના વર્તુળ પૂરતાં મર્યાદિત રાખ્યા વિના એમણે આપવા માંડી. કૃતિ જોતાં કર્તા પરખાઈ જાય એવી કેટલીક કલાકૃતિઓનું એમણે સર્જન કર્યું. દેશ-પરદેશ એમની નામના થઈ. પોમલે પોતાની ફોટોગ્રાફીના વિકાસમાં ઘણી ઘણી અજમાયશો કરી છે. અને ઘણી તરકીબો લડાવી છે. માણસની આંખે ન પ્રમાણાય એવી ઘણી બાબતો કેમેરાની આંખે દેખાડી એમણે પોતાના ફોટોગ્રાફમાં ધારી અસર અને સચોટતા લાવી દીધાં છે. ખુલ્લા આકાશ નીચે મેદાનમાં કે સ્ટુડિયોમાં ફોટો પડાવો, પછી એનું ડેવલપીંગ, પ્રિન્ટિંગ, એનલારજીંગ, કાપકૂપ કરી ચિત્ર સંયોજીત કરવું એવી કાર્ડરૂમની ક્રિયા પ્રક્રિયાઓ તેઓ જાતે જ કે. પ્રેસ ફોટોગ્રાફીમાં ચિત્ર વિષયની પૂરેપૂરી વાસ્તવિકતા રજૂ કરવા સાથે દસ્તાવેજી વિગતોવાળા સુંદર ફોટો ચિત્રો એમણે આપ્યા છે.

એમણે પુષ્પની કુમાશની ફોટોગ્રાફી કરી છે. તો ચંબલવેલીમાં પહોંચી ત્યાંના ડાકુઓની કરડાકીભરી ફોટોગ્રાફી પણ કરી છે. ૧૯૭૧ની લડાઈ દરમ્યાન ભારતે કબજે લીધેલા પાકિસ્તાનના પ્રદેશની ફોટોગ્રાફી પણ એમણે કરી છે. પંખીની લાક્ષણિકતાઓ ઝડપવી પણ એમણે કરી છે. પંખીની લાક્ષણિકતાઓ ઝડપવી એ એમનો શોખ છે. કંઈ વિરલ દૃશ્ય નજરે પડે તો ગમે તે ભોગે એનો ફોટોગ્રાફ લેવાનું એ ચૂકતા નથી. રંગીન ફોટોગ્રાફીએ હજુ દેખા દીધી નહોતી ત્યારે કલાકાર તરીકે એમણે રંગીન ફોટો ચિત્રો હુબહુ પ્રાકૃતિક રંગોમાં રળીયામણાં બનાવ્યા છે. જ્યારે હવે અદ્યતન ઢબે અને ઉત્તમ પિણામભરી રંગીન ફોટોગ્રાફીને તેઓ એક વિશિષ્ટ શોખ તરીકે

વિકસાવી રહ્યા છે.

૧૯૬૮માં ગુજરાત રાજ્યમાં વન વિભાગ થકી તેના પ્રકાશન અને સંપર્ક અધિકારીની હેસિયતમાં ગુજરાતના જંગલોનો પ્રત્યક્ષ પરિચય કરાવવા મેં કલાકારોના એક પ્રવાસનું આયોજન ગોઠવ્યું. ત્યારે ભુજથી આવી પોમલ આ પ્રવાસમાં જોડાયા. વડોદરામાં અમે ફતેહસિંહ રાવ મ્યુઝિયમ જોવા ગયા. પોમલે ત્યારે ત્યાંથી એમને અતિપ્રિય બન્યા એવા પાનખર, વસંત અને વર્ષાના ફોટો ચિત્રો ઝડપ્યાં. કચ્છના નાના રણમાં કુડા અને બજાણ વચ્ચે જંગલી ઘૂડખરની ફોટોગ્રાફી કરવાની ઉત્તમ તક પણ અમે ત્યારે ઝડપી. અમારા વાહનને જંગલી ગધેડાંના ટોળા પાસેથી પસાર કરાવી સામેથી દોડતા આવતા ઘૂડખરની વિરલ છબી પોમલે ઝડપી છે. સાઠ કિલોમીટરના વેગે દોડતી અને આઘી પાછી તથા ઊંચીનીચી ધ્રુજારી પેદા કરતી જીપમાં ડોલતા પોમલ, હાલતા ચાલતા કેમેરા ગોઠવી, તેટલી જ અને તેવી પૂરપાટ ઝડપે દોટ દેતા રાની ગધેડાની લાક્ષણિકતાને કેમેરામાં કબજે કરી લેતા.

કચ્છના મોટા રણના મધ્ય ભાગે આવેલા 'સુરખાબનગર' (ફલેમિંગો સીટી) પહોંચવું એ સાધારણ પરિસ્થિતમાં અસંભવિત જેવું લાગે! ૧૯૭૦ના ઓક્ટોબરમાં કચ્છ વન વિભાગ તરફથી જવાહર નહેરુ સ્કોલર શૃંખલાના સુરખાબનગરના એક પ્રવાસનું આયોજન થયું ત્યારે બીએસએફના કમાન્ડેન્ટ બેદીના માર્ગદર્શન અને સંભાળ તળે એ સાહસ સભર પ્રવાસોમાં જોડાઈ, પોમલ ચાર દિવસ સુરખાબનગર રોકાયા અને સુરખાબ ફલેમિંગોની રંગીન દુનિયા અને ત્યાંની સૌંદર્ય ચેતનાની એમણે દિલભરી ફોટોગ્રાફી કરી. પ્રકૃતિની સ્વપ્ન સૃષ્ટિ સરીખી કચ્છી સુરખાબની અજબ એવી પ્રજનની ભૂમિમાં એમણે ફોટોગ્રાફી કરી. પછી એની રસલ્હાણના એમણે એના પ્રસન્નતાભર્યા પ્રદર્શનો પણ ગોઠવ્યા.

કચ્છના મારા પ્રવાસોમાં ક્યાંય ખાસ વિશિષ્ટ કે ચિત્રમય ભાસતું ત્યારે ત્યારે પોમલે અચૂક મારો સથવારો દીધો છે; અને એ વારે એમની ફોટોગ્રાફીની માવજતની રસલ્હાણ માણી છે, અને તરકીબથી ફોટોગ્રાફી કરતા પોમલને તસવીરોને ઝડપી લેવાની હામ પણ મેં ભીડી છે. એ છબીઓ જોવાની એમની ફોટો ખેંચવા માટેની તાલાવેલી, તરવરાટ અને તરકીબોની અંદાજ આવશે. કચ્છમાં એમણે પેટ ભરીને ફોટોગ્રાફી કરી છે.

## પ્રજ્ઞાચક્ષુ પોમલ અંબાલાલ શિવલાલ

નીર તો સમાયા સમંદરને ઉરે,
સાગર સમાયા છે, શાયરને ઉરે!
શાયર સમા અંબાલાલ છે હરદમ
સહેજેય સમાયા છે જનતાને ઉરે!

અંબર સમી ઉર્ધ્વગામી પ્રતિભા પ્રજ્ઞાચક્ષુ હોવા છતાં દૃષ્ટિવાનોને આંજી નાંખે તેવી આગવી વિશેષતા સાથે ઉજ્જવળ પ્રતિભા ધરાવે છે.

## કચ્છની ખમીરવંતી બિદડાની ધરા પર

તા. ૧૪-૯-૧૯૪૨નાં શુભ દિને એમનો જન્મ થયો હતો. પિતાશ્રી શિવાલાલભાઇ તેમજ માતૃશ્રી વેલુબેનને ખોળે ખેલવાને સર્જાયેલા અંબાલાલને જન્મતાંની સાથે જ નયન જ્યોત બુઝાઇ ગઇ. શિક્ષિત પરિવારે હિંમત રાખીને બાળકની અપંગતા તેમનાં જીવનમાં અડચણ રૂપ બનવાને બદલે પ્રેરણારૂપ બને એ રીતે તેમનું જીવન ઘડતર શરૂ કર્યું. આગવી દેખરેખ અને વિશેષ કાળજીનાં લાલન-પાલન સાથે અંબાલાલનું બચપણ સમાજના હર કદમ સાથે એકરૂપ બનતું ગયું. પાંચ ધોરણ સુધીનું શિક્ષણ અપાવ્યું અને પરિવારના સભ્યો વ્યવસાય અર્થે સાંગલી મહારાષ્ટ્રમાં સ્થળાંતરીત થવાથી તે પછી વિશેષ અભ્યાસ અર્થે નેત્રહીનોની સ્પેશિયલ સ્કૂલ વિક્ટોરીયા મેમોરીયલ સ્કૂલ ફોર ધી બ્લાઇન્ડ - મુંબઇ ખાતે પ્રવેશ અપાવીને બ્રેઇલ લિપિના માધ્યમ દ્વારા પ્રાથમિક શિક્ષણથી માંડીને યુનિવર્સિટી સુધીનું શિક્ષણ અવલ નંબરે રહીને મેળવવામાં પોતાના પરિવારની આગવી ભૂમિકા સાથે તેઓશ્રીએ પોલીટીક્સમાં બી.એ. ઑનર્સ
અને ગુજરાતી સંસ્કૃતમાં એમ.એ.ની ડિગ્રી ઇંગ્લીશ મિડીયમ સાથે મુંબઇ યુનિવર્સિટી દ્વારા પ્રાપ્ત કરી સૌને તાજ્જુબ કરી દીધેલા. આ ઉપરાંત સંગીતમાં વિવિધ વાદ્યોની જાણકારી સાથે ગાયનમાં વિશારદની ડિગ્રી
પ્રાપ્ત કરી તેમજ નેત્રહીનોના શિક્ષણ અને તાલીમનો કોર્ષ સ્પેશિયલ બી.એડ અને હિંદીમાં કોવિદની ઉપાધિ પ્રાપ્ત કરી ત્યારે ખરેખર એમ કહેવાનું મન થઇ જાય :

*"સ્વાતિ જલ છીપલે સંઘરાયા પાક્યા સાચા મોતી*
*અખંડ જોયત નીત ઝળહળશે જ્ઞાન-દીપની જ્યોતિ."*

સેવા સમર્પણ અને ત્યાગની વારસાગત પ્રેરણા જેમના રક્તમાં રંગાઇ ગઇ હોય તેવા વ્યક્તિને ધંધાકીય વિચારો કેમ આવે? ધંધાના અવલંબનો હોવા છતાં તેને અવગણીને ૧૯૭૬માં રાજકોટ ખાતે આગમન થયું.

## સ્વ. શિવલાલ પ્રાગજી પોમલ

'જ્ઞાતિસેતુ'ના ઓગસ્ટ- ૨૦૦૭ના અંકમાં ભુજના શ્રી હીરાલાલભાઈ નાનાલાલ સોનીએ એમના 'બહુશ્રુત'

મામા સ્વ. શિવલાલભાઈનો વિસ્તૃત પરિચય આપ્યો છે, જેનો સંક્ષેપ અત્રે પ્રસ્તુત

છે. વર્ષોથી કચ્છથી સ્થળાંતર કરી મહારાષ્ટ્રના સાંગલીમાં વસવાટ કર્યો હતો. આ બહુમુખી પ્રતિભા ધરાવતા વિદ્વાન આપણી જ્ઞાતિનું ગૌરવ છે. એમનાં બહેન – આપણી જ્ઞાતિના મીરાં એવા પૂ. ગોમતીબા વિશે તો જ્ઞાતિસેતુ અવારનવાર લખે જ છે.

આપણી જ્ઞાતિની એક સર્વતોમુખી પ્રતિભા ધરાવતી વ્યક્તિ શ્રી શિવલાલભાઈનો જન્મ અંજાર તાલુકાનાં નાનકડા ગામ દેવડીયાનાં સોની પ્રાગજી સુંદરજીને ઘેર માતા મોંઘીબેનની કૂખે થયો.

દેવડીયા મિસ્ત્રી લોકોનું ગામ. કચ્છનાં કરવરા વર્ષોને કારણે કચ્છના મિસ્ત્રી લોકો ગામડું છોડી વ્યવસાય અર્થે બિહાર અને ઓરીસ્સા બાજુ જઈ કોલિયારી અને બાંધકામનાં વ્યવસાયમાં લાગી ગયા. દેવડીયા ગામમાં સોની કામમાં ગુજરાન ચલાવવું મુશ્કેલ લાગતાં સને ૧૯૩૭માં શિવલાલભાઈએ પોતાના કુટુંબ સહિત માંડવી તાલુકાના બિદડા ગામે વસવાટ કર્યો.

બિદડામાં તેમનો સંપર્ક મહર્ષિ અરવિંદ ઘોષના શિષ્ય અને મહાત્મા ગાંધીજીની અહિંસા ભાવનાથી પ્રેરાયેલ શ્રી વેલજી ઠાકરશી શાહ, જે વેલજી બાપાના નામે પ્રખ્યાત હતા તેમની સાથે થયો. શ્રી વેલજી બાપાએ બિદડામાં ‘સાધનાશ્રમ‘ની સ્થાપના કરી હતી. આ આશ્રમમાં તેમણે, જગવિખ્યાત લેખકોનાં પુસ્તકોનું એક પુસ્તકાલય બનાવેલ, જે આજની તારીખે પણ એક અજોડ કહી શકાય તેવો પુસ્તક સંગ્રહ ગણાય છે.

શિવલાલભાઈએ ‘સાધના આશ્રમ’નાં આ પુસ્તકાલયનો ભરપેટ લાભ લીધો. દિવસે સોની કામ અને રાત્રે બબ્બે ત્રણ ત્રણ વાગ્યા સુધી દળદાર પુસ્તકોનું વાંચન. વેદો, ઉપનિષદો, નાટક, કાવ્યોથી માંડી મેડિકલ સાયન્સ અને આઈન્સ્ટાઈન ‘થિયરી ઓફ રીલેટીવીટી’ને લગતા ગ્રંથોનાં તલસ્પર્શી અભ્યાસે તેમનાં જ્ઞાનનો બહુમુખી વિકાસ થયો. વાંચન સાથે પૂ. વેલજી બાપાની વિદ્વતા અને માર્ગદર્શને તેમની સુષુપ્ત પ્રતિભા સોળે કળાએ ખિલી ઉઠી.

મહર્ષિ ચરકનું બિરૂદ પામેલ બિદડાના વૈદ્ય શ્રી ચુનીલાલભાઈનું સાનિધ્ય તેમને સાંપડ્યું. તેમનાં સંપર્કે શિવલાલભાઈએ આયુર્વેદ ઔષધોનું વિપુલ જ્ઞાન પ્રાપ્ત કર્યું.

પંદર વર્ષ પછી શિવલાલભાઈ મહારાષ્ટ્રમાં કૃષ્ણા નદીનાં કાંઠે વસેલ શહેર સાંગલી મુકામે સહકુટુંબ સ્થળાંતર કરી ગયા અને આજીવન ત્યાં જ રહ્યા.

મહારાષ્ટ્રમાં તેમણે બે વર્ષમાં મરાઠી ભાષા શીખી ઉચ્ચ કક્ષાનાં મરાઠી લેખકોનાં પુસ્તકોનું વાંચન કરી મરાઠી સાહિત્યનો અભ્યાસ, આજીવિકાર્થે સોની કામ કરતાં કરતાં કર્યો.

સાહિત્ય, સંગીત, વિજ્ઞાન, વૈદુ – એમ અનેક ક્ષેત્રે જ્ઞાન-પીપાસુ શિવલાલભાઈ એમના પરંપરાગત વ્યવસાયમાં પણ વિશિષ્ટ હતા.

સાંગલી હતા ત્યારે તે વખતે હિંદી ચલચિત્ર ‘મોગલે આઝમ‘ની હીરોઈન ‘અનારકલી’નું પાત્ર ભજવતી મધુબાલાએ પહેરેલા દાગીનાની માંગ જોઈ શિવલાલભાઈએ ‘અનારકલી’ નામે સોનાનો સેટ બનાવી સાંગલીના પ્રખ્યાત વેપારી ગાડગીલની દુકાને રજૂ કર્યો. તેમની સોની કામની કારીગરીથી સાંગલીના સુવર્ણ કસબીઓ દંગ થઈ ગયા હતા.

તે જ સમયના સાંગલીના મહારાણીનાં ઝવેરાતનાં લીલામ વખતે તેમને જયપુરના વેપારી સાથે લઈ ગયેલ ત્યારે એક વીંટીના હીરાના પરીક્ષણમાં તો સાંગલી અને બહારથી આવેલ ઝવેરીઓ પણ મોઢામાં આંગળા નાખી ગયેલ.

અંગ્રેજી ત્રણ ધોરણનાં અભ્યાસ છતાં પશ્ચિમનાં વિદ્વાનોને સમજવા, ‘દેશ અને કાળ’ જેવા ગ્રંથોના રચયિતા સ્વામી માધવાતીર્થને સમજવા, પ્રોફેસર આઈન્સ્ટાઈનના ‘ફોર્થ ડાયમેન્શન’ જેવા વિષયને સમજીને પચાવવા સાથે સાથે ઉપર દર્શાવેલા તમામ વિષયોમાં નિપુણતા, બહોળા પરિવાર માટે આજીવિકા રળવા સાથે મેળવેલ, બહુમુખી વ્યક્તિત્વ ધરાવનાર અનન્ય વ્યક્તિ તા. ૩૦-૧૦-૧૯૮૦નાં દિવસે આ દુનિયા છોડી ગયા.

## મનસુખભાઈ પોમલ-ભુજ

શ્રી મનસુખભાઈ પોમલે, બી.એ.એલ.એલ.બી. થયા પછી દ્વારા ગેઝેટેડ અધિકારી તરીકે સેવા બજાવી નિવૃત્ત થયા છે. તેઓશ્રીએ CIRTES, પૂસા, નવી દિલ્હી દ્વારા લેવાતી ઈન્ટેગ્રેટેડ ટ્રેનીંગ કોર્ષ, ક્રેસ ટ્રેનીંગ પ્રોગ્રામ, રીફ્રેશર ટ્રેનિંગ, સ્કીલ ડેવલપમેન્ટ થ્રુ બીહેવિયર સાયન્સ ફોર સીનીયર ઓફિસર્સ, હેન્ડલીંગ ઓફ પીપલ્સ કમ્પ્લેન વગેરેની તાલીમ મેળવેલ છે. વોકેશનલ ગાઈડન્સ તેમજ વહીવટી ક્ષેત્રે લાંબા સમય સુધી સેવા પ્રદાન કરી લશ્કરમાં ભરતી કેમ્પ, ઉદ્યોગની જરૂરિયાત મુજબના ભરતી મેળાઓ, સ્વરોજગાર શિબિર અને

વ્યવસાયલક્ષી પ્રદર્શન, રોટરી અને લાયન્સમાં વાર્તાલાપો યોજીને વર્ષ ૧૯૯૩માં વિઠ્ઠલ ઉદ્યોગનગર ઈન્ડ. એસોશિએશન દ્વારા ઉત્તમ કામગીરી બદલ મેડલ/સન્માન મેળવેલ છે. એમ.એસ. યુનિ., વડોદરા તથા સરદાર પટેલ યુનિ. બ્યુરોમાં કાઉન્સિલિંગની કામગીરી અને શારીરિક રીતે ખોડખાપણ વાળા વ્યક્તિઓને થાળે પાડવા ખાસ અધિકારી તરીકેની સેવાઓ પ્રદાન કરેલ છે.

**અશ્વિનભાઈ પોમલ**

અશ્વિનભાઈએ વન્યજગત, પક્ષીસૃષ્ટિ તેમજ પર્યાવરણ ક્ષેત્રે ખૂબ જાગૃત પ્રવૃત્તિ કરી છે. વન વિભાગ દ્વારા સમયાંતરે યોજાતી પશુ-પક્ષી ગણતરીમાં તેઓ સક્રિય ભૂમિકા ભજવતા. શાળાઓ અને સંસ્થાઓમાં તેઓ પોતાના વિષદ જ્ઞાનને એકદમ સરળ શબ્દોમાં ઝીણવટપૂર્વક રજૂ કરતા.

પ્રકૃતિના સફાઈ કામદાર એવા ગીધોની નોંધ લેવામાં તેઓએ વૈશ્વિક પ્રસિદ્ધિ હાંસલ કરી હતી. કચ્છમાં એક જ સ્થળે ૪૦૦ (ચારસો પૂરા) ગીધોનો ફોટો પ્રગટ કરીને તેઓએ એક અદ્‌ભૂત ગીધ કોલોની શોધી આપી હતી. આ કોલોનીમાં પ્રત્યેક વર્ષે ગીધો પોતાના માળાનું સમારકામ કરે છે જેને સંપૂર્ણ અભ્યાસ તેમની પાસે સચવાયેલો હતો. આ લખનાર એવી એ કોલોનીનો પ્રત્યક્ષદર્શી સાક્ષી છે.

ગુજરાત અને મુંબઈની વિવિધ પ્રાકૃતિક સંસ્થાઓ સાથે સંકળાયેલા અશ્વિનભાઈ માધાપર પાસે સોના-ચાંદીના આભૂષણોના વ્યવસાયી હતા. પરંતુ વાસ્તવમાં તો તેઓ પોતે સોનાનું હૃદય ધરાવતા હતા અને પક્ષી જગતનું ઘરેણું હતાં!

પક્ષી ગણતરી માટે મળતા હજારોના અનુદાનમાં અશ્વિનભાઈ એકપણ રૂપિયો પોતાના મહેનતાણા રૂપે લીધા વગર જેટલી આવતી એટલી જ રકમ રાખીને આખેઆખું ફંડ પરત પાછું આપી દેતા.


શુભ દીપાવલી

દિપક જી. સોની
મો. ૯૮૨૫૭૪૮૨૪૬
૦૨૮૩૫-૨૨૨૯૪૫

કૈલાશ જી. સોની
મો. ૯૯૦૯૧૯૩૩૩૫

**શ્રી મધુસુદન જ્વેલર્સ**

(કાદીયાવાળા)

**પ્રો. ગંગારામ કે. સોની**

સોના ચાંદીના ફેન્સી દાગીના બનાવનાર
તથા વેચનાર (KDM Specialist)

**મેઈન બજાર, નખત્રાણા (કચ્છ)**

ભાવેશ જી. સોની મો. ૯૯૦૯૧૯૩૩૩૫
(નખત્રાણાવાળા)

**પ્રો. ગંગારામ કે. સોની**

**સ્વામીનારાયણ મંદિર નીચે,**
**નવાવાસ, સુખપર**


Name : **Nitin Rameshbhai Buddhabhatti**



Address : 28/273, Ekta apartment,
Near Shastrinagar BRTS stop,
Navrangpura, Ahmedabad
Date of Birth : 21/10/1982
Time : 01:05 AM
Place : Sihor (Districe:-Bhavnagar)
Height : 5'11 – Weight : 78kg
Contact Details : 9879860832, 9727188705
E-mail : nitin.kansara@outlook.com
Education : B.Com, MCSA (Hyderabad)
Job : Anil group of Companies
Designation : Dy. Manager (Information Technology)
Father : Rameshchandra Harivallabhdas Kansara
Native Place :- Sihor (Bhavnagar)
Mother : Kusumben
Brother : Bimal Buddhabhatti (Working as Manager at Maruti Motors in Ahmedabad) (Unmarried)
Brother : Nitin Buddhabhatti (Working as Dy. Manager IT at Anil group of companies Ahmedabad) (Unmarried)
Sister : Darshana Rameshchandra Buddhabhatti (Unmarried)
Maternal Uncle : Kirit Pratapraі Pomal (Officer at State bank at Jamnagar)

Anilbhai
98242 85210

Atul S. Soni
Ahmedabad
97250 38140

Kirtan A. Soni
90336 28998

# પ્રભુકૃપા
## જ્વેલર્સ

Dealer & Makers of Gold & Silver Jewellery

5, Srimand Sikhar Complex, M. P. Road, Anjar-Kutch
Ph. : 02836 - 242347 • e-mai : asoni2910@gmai.com




*Happy Diwali*

# વૈશાલી જ્વેલર્સ

પ્રો. સોની દિનેશકુમાર જેઠાલાલ

સોના ચાંદીના ફેન્સી દાગીના બનાવનાર તથા વેચનાર

ઠે.અંબાજી ચોક, મુ. તલોદ, જી. સબરકાંઠાં
ફોન નં. (૦૨૭૭૦) ૨૨૧૨૯૭, ૨૨૦૮૯૭, મો. ૯૪૨૬૪૪૮૫૯૭

Chimanlal Soni 98985 15125 Pratish C. Soni 98240 31029

# PRATISH Industries

## MANUFACTURER OF :

- Sheet Metal Press Components
- Electronics Sheet Metal Press Components
- Tools & Dies
- CNC Wire Cut



**Factory :** 390 GIDC, Makarpura, Baroda-390010

**Tel. :** 0265-2637736 **Telefax :** 0265-2643155

**E-mail :** pratishindustries@yahoo.in



Season's Greeting

Dear Patron

As year comes to a close and we look ahead to 2016, we wanted to take a moment to say thank you for making us such an exciting, diverse and creative agency.

It is because of you that we come to work each day, challenged and inspired to build great things.

Thanks for affording us this opportunity and for allowing us to share in your artistic process.


Wishing you and yours a happy, healthy and creative New Year,

Jayesh - Amit - Kuldeep

PRINTOGRAPHY 1993 Designer & Consultants | Shabdagraphy Designing | Printing | Publishing | Best Becomes Better IMAGEGRAPHY | M TIME & TELECOM | PRIMEX Revalues the waste

VIJAY PLAZA, KANKARIA, AHMEDABAD | jkg@printography.co.in | mtime1992@gmail.com | kd@imagegraphy.co.in

॥ જય શ્રી રામ ॥





રાજેશ સી. સોની (રાજુભાઈ ભુજવાળા)
99130 27324, 0265 2961214

# આર. કે. જ્વેલર્સ

સોના, ચાંદી અને રીયલ ડાયમંડના દાગીના બનાવનાર તથા વેચનાર
દરેક ગ્રહોના નંગ વ્યાજબી ભાવે મળશે.



૨૩, પરમેશ્વર ટાવર - એ, સુસેન તરસાલી રીંગ રોડ, વડોદરા - ૩૯૦ ૦૦૯.
Follow us on : www.facebook.com/rkjewellers
rkjewellers9160@gmail.com



જ્ઞાની રાજેશ સોની
097220 20771


રાજેશ સી. સોની (રાજુભાઈ ભુજવાળા)
99130 27324

# આર. કે. જ્વેલર્સ

સોના, ચાંદી અને રીયલ ડાયમંડના દાગીના બનાવનાર તથા વેચનાર
દરેક ગ્રહોના નંગ વ્યાજબી ભાવે મળશે.

૧૪, સાઈ કોમ્પલેક્સ, માણેજા ક્રોસીંગ પાસે, મકપુરા વડોદરા
Phone : 0265 2649160
Follow us on : www.facebook.com/rkjewellers
rkjewellers9160@gmail.com





# પોમલ પરિવારની નૈવેદ્ય પરંપરાઓ

- એકતા કટ્ટા (અંજાર, કચ્છ)

પોમલ ગોત્રનાં કુળદેવી 'શ્રી વાંકલ ચામુંડા' છે. તેઓનું મૂળ સ્થાનક રાજસ્થાનનાં 'વિરાત્રા' ગામે આવેલ છે. અંદાજે સાચા ચારસો-પાંચસો વર્ષ પૂર્વે મૂળ રાજસ્થાનથી કચ્છમાં આગમન કરેલ છે. અંજાર શહેરમાં પૂર્વે ઘરમાં અને ત્યારબાદ મંદિરમાં સ્થાપના કરવામાં આવેલ. જ્યાં અખંડ જ્યોત અને સવાર-સાંજ ધૂપ-દીપ કરવામાં આવે છે. દર ચંદ્ર દર્શને પેંડા - શ્રીફળની ચડતર ચડાવવામાં આવે છે. મહા સુદ ચૌદશે મોટા નૈવેદ્ય કરવામાં આવે છે. જેમાં સમસ્ત પોમલ ભાઈઓ સાથે મળી હવન અને સમૂહ-પ્રસાદનું આયોજન કરે છે.

**પોમલ ગોત્રનાં વાર્ષિક નૈવેદ્ય :**

- કારતક વદ નોમ : લાસપીનાં નૈવેદ્ય કરવા (કુળદેવીની સ્થાપનાના નૈવેદ્ય)
- મહા સુદ આઠમ : લાપસી, તલ અને ચુરમાના લાડુનાં નૈવેદ્ય તથા આયુ માતાના ખીર તથા પૂરીનાં નૈવેદ્ય કરવા.
- મહા સુદ ચૌદસ : લાપસી, તલ અને ચુરમાના લાડુ, બાફેલી જુવાર, પૂરી તથા રમકડાંનાં નૈવેદ્ય કરવા.
- ફાગણ સુદ પૂનમ (હોળી) : લાપસીનાં નૈવેદ્ય કરવા.
- ચૈત્ર સુદ એકમ : લાપસી, ખીર, પૂરીનાં નૈવેદ્ય કરવા. (આયુ માતાનાં સ્થાપનાના નૈવેદ્ય કરવા.)
- ચૈત્ર સુદ આઠમ : લાપસીનાં નૈવેદ્ય તથા આયુ માતાને ખીર-પૂરીનાં નૈવેદ્ય કરવા.
- અષાઢ સુદ બીજ : લાપસીનાં નૈવેદ્ય તથા આયુ માતાને ખીર - પૂરીનાં નૈવેદ્ય કરવા.
- આસો સુદ આઠમ : લાપસીનાં નૈવેદ્ય તથા આયુ માતાને ખીર - પૂરીનાં નૈવેદ્ય કરવા.
- આસો વદ ચૌદસ (કાળી ચૌદસ) : તલ અને ચુરમાના લાડુનાં નૈવેદ્ય તથા આયુ માતાનાં ખીર-પૂરીનાં નૈવેદ્ય કરવા.
- આસો વદ અમાસ (દિવાળી) : લાપસીનાં નૈવેદ્ય કરવા.
- શ્રીમંતના નૈવેદ્ય : લાપસી, તલ અને ચુરમાના લાડુ તથા તલ અને બાફેલી જુવારનાં નૈવેદ્ય તથા આયુ માતાના ખીર-પૂરીનાં નૈવેદ્ય કરવા.
- બાળકના જન્મ બાદ દોઢ મહિના પછી લાપસીનાં નૈવેદ્ય કરવા.
- ધ્રબકના નૈવેદ્ય : પુત્રનાં જન્મ બાદ એક શ્રીફળ, લાપસી, પેંડાના નૈવેદ્ય કરવા તથા આયુ માતાને ખીર - પૂરીના નૈવેદ્ય કરવા. તદુપરાંત સોનાનાં બે ચાંદલા, એક છત્તર, ચુંદડી ચડાવવી તથા નવ કુમારીકા જમાડી ધ્રબકનાં નૈવેદ્ય કરવા.
- પુત્ર જન્મ બાદ ખેતરપાળ દાદાનાં નૈવેદ્ય : પુત્ર જન્મનાં દોઢ મહિના બાદ સમયાનુસાર ખેતરપાળ દાદાનાં કુલેર, મગદાળ (પલાળેલી), એક શ્રીફળ, તલનો લાડુ, પેંડા તથા દૂધનાં નૈવેદ્ય કરવા તથા સિંદૂર અને 'પિંગોડો' (લાકડીનું નાનું પારણું) ચડાવવો.
- બાલ-મુંડનના નૈવેદ્ય : કુળ દેવીને સવા રૂપિયાનું ઘી તથા ગોળ ચડાવી મુંડન કરાવવું.
- લગ્નનાં નૈવેદ્ય : લાપસી, તલ અને ચુરમાના લાડુ, બાફેલી જુવાર, શ્રીફળનાં નૈવેદ્ય તથા આયુ માતાનાં ખીર- પૂરીનાં નૈવેદ્ય કરવા.

પરણવા જતા પૂર્વે વરરાજા પ્રથમ કુળદેવી પાસે શ્રીફળ મૂકી દર્શન કરે છે તથા પરણીને પરત ફરતાં જોડલું પ્રથમ કુળદેવી માં ના દર્શન કરી, શક્ય હોય તો નૈવેદ્ય કરવા અથવા ઘી-ગોળ ધરાવ્યા બાદ જ ઘર સંસારમાં પ્રવેશ કરી શકે. પુત્ર જન્મ બાદ 'ગરી' (ઘી-ગોળ) કાઢવાની હોય છે. જે એકી સંખ્યામાં ત્રણ, પાંચ કે વધુ નિયાણીને આપ્યા પછી જ માતા પાણી પી શકે.

પોમલ ગોત્રમાં પ્રસંગોપાત ઢોલ વગાડવું, ઘુઘરી, બ્લ્યુ રંગનાં વસ્ત્રો કે ગરી કરેલ વસ્ત્રોનો નિષેધ છે. વિશેષતઃ કુળદેવીના મંદિરમાં તો કાળા તથા બ્લ્યુ રંગના વસ્ત્રો તો ન જ પહેરવા. કાળો રંગ કુળદેવીને પસંદ નથી. આ માહિતીનાં પ્રેષકનો સ્વયં અનુભવ છે કે બ્લ્યુ સ્યાહીથી ઉપરોક્ત માહિતી લખવાનો પ્રયાસ નિષ્ફળ જ રહ્યો અને જ્યારે લાલ સ્યાહીથી ઉપરોક્ત માહિતી પ્રથમ પ્રયાસમાં જ સફળતાપૂર્વક લખી શકેલ છે. કુળદેવીને 'લાલ' વસ્ત્રો જ પસંદ હોતાં, બીજા રંગના વસ્ત્રો કુળદેવી પર રહેતા જ નથી. કુળદેવી પોતાનાં ભક્તોની મનોઈચ્છા પૂરી કરતી હોવાથી, મંદિરમાં આગંતુકોની સંખ્યા સતત વધતી જ રહે છે અને દરેકની મનોઈચ્છા કુળદેવીમાં પૂરી પણ કરે છે.

# અંજાર પોમલ પરિવારની પરંપરાઓ

- શ્રીમતિ અંજના પોમલ (અંજાર-કચ્છ)

સમસ્ત કંસારા સમાજને નવા વર્ષ નિમિત્તે હાર્દિક શુભેચ્છા પાઠવું છું. આપણે એ જાણીએ છીએ કે આપણું સમાજ, દેશનાં દરેક મોટા શહેરોમાં વસવાટ કરીએ છીએ. પણ આપણું મૂળ સમાજ તો રાજસ્થાનમાંથી આવેલ છીએ. આજ પણ રાજસ્થાનમાં આપણી સમાજને "બ્રાહ્મણીયા" તરીકે ઓળખાઈએ છીએ. અને આપણા કુળદેવી પણ રાજસ્થાનમાં જ છે. પણ આપણે ભગ્યે જ આપણા કુળદેવીના દર્શને જતા હોઈશું. આપણામાંના ઘણા પરિવારોને આનો ખ્યાલ નથી. હું પણ કચછનાં અંજાર મધ્યે પોમલ પરિવારમાં આવેલી છું એટલે અહીં વસતા પોમલ પરિવાર પર જ લખું છું. અમારા કુળદેવી રાજસ્થાનાં વિરાત્રા ધામ બારમેડથી ચૌહટન મધ્યે બીરાજે છે.

કચ્છમાં વર્ષ ૨૦૦૧ના ભુકંપ બાદ પોમલપરિવારની બહેનોને કુળદેવી પર કેટલી આસ્થા છે તે જાણીએ. અહીંના પરિવારોની કૂળદેવી "શ્રી વાકેલ ચામુંડા" માતાજીનું "ફરા" સ્વરૂપે આશરે પંદરેક પેઢી વધારે સમયથી સ્થાપના હવેલી ફળીયા મધ્યે મહાસુદ -૧૪ના રોજ કરેલ છે. દર વર્ષે આ પ્રસંગ ધામધૂમથી ઉજવાય છે. દેશ આખાયમાંથી આશરે ૭૦૦ થી ૮૦૦ સદસ્યો આ કાર્યક્રમમાં ભાગ લેવા એકઠા થાય છે. જ્ઞાતિ ગોર "શ્રી કનકન્ચંદ્ર વ્યાસ" હોમ હવન કરાવે છે. હર મહિને ચંદ્રદર્શનના દિવસે માતાજીનો પ્રસાદ કરવાનો ચિલ્લો કાયમ રાખેલ છે. આ દિવસે પરિવારની બહેનો એક વખત મળે છે. જેમાં આવનાર દિવસોમાં માતાજીના નૈવેદ્ય (કર)ની તૈયારી રાખે છે.

પહેલાનાં દિવસોમાં નૈવેદ્ય કરવા માટે સૌ પોત-પોતાના ઘરનું રાંધી મંદિરે ચઢાવી જતા - હવે આ પ્રથાને હીંની બહેનોએ છેલ્લા દોઢ દાયાથી બંધ કરી છે. તેના બદલે સૌ બહેનો સાથે મળી નૈવેદ્યનો ખર્ચ ઘરદીઠ એકઠું કરીને મંદિરની અંદર બનાવવું તેવું નક્કી કર્યું. આ કામમાં બહેનોએ પોતાના કામની વહેંચણી કરી રાખેલ છે. નૈવેદ્યની તમામ વસ્તુ વહુના ચિલ્લાને અનુસરીને "સગડી" પર બનાવવાનું સાચું છે. મંદિરની ગરીમાનું પણ ખૂબ જ પાલન કરે છે. આમ થવાથી દરેક બહેનોને ઘર દીઠ વરસમાં એક વખત આવી પોતાનું યોગદાન આપી જાય છે. બહારગામ વસવા પામેલ પરિવારના ભાઈઓને જાણ કરવામાં આવી ત્યારથી તેઓ પણ નૈવેદ્યના ખર્ચમાં પોતાનો હિસ્સો ચાલુ રાખવા સહમતિ દર્શાવી. તેઓની આસ્થામાં વધારો અહીંની બહેનોએ કરાવ્યો. તથા માતાજીની ચડતરમાં આવતા સોનાના ચાંદલાને પોમલ પરિવારની પરણતી હોય તેવી દિકરીને માતાજીની ભેટ સ્વરૂપે આપી દેવું તેવું નક્કી કરેલ છે.

હવે પછીના સમયમાં આપણી આવનારી પેઢીને આપણા વંશજો, આપણી પરંપરાઓ, તરફ ધ્યાન અપાવવું જરૂરી છે. હવે તો આપણા બારોટ પણ આવતા નથી. તેઓના પરિવારો આ કામ છોડી અન્ય કામમાં જોડાઈ ગયા છે. એક હજાર વર્ષ જુની પરંપરા ચાલુ હતી તે બિલકુલ બંધ થઈ ગઈ. કચ્છમાં છેલ્લા દોઢ દાયકાથી બારોટ લોકો અવતા બંધ થઈ ગયા. આપણા દેશની નામાવલીને બ્રેક લાગી ગયું છે. કચ્છમાંથી ઘણા નુખના ભાઈઓ આ બાબતે સંમત થયા છે. તેઓ બારોટ પાસે જઈને વંશની નામાવલી-તૈયાર કરાવી આવ્યા-પોતાના-ગૌત્ર-સુરાપુરા-કૂળદેવતાના નામો મેળવી આવ્યા.

અંતમાં એજ કહેવાનું કે આપણા વંશનો ચિલ્લો ટકાવી રાખવા વકીલોએ પહેલ કરી આવનાર પેઢી માટે પોતાનો જ રાહ તૈયાર કરી આપે જેથી આપણા પછીની પેઢી પણ તેને અનુસરે.

રાજસ્થાનથી સૌ પ્રથમ અંજાર શહેરમાં માતાજીનું સ્થાપન લગભગ ૧૫૦ વર્ષ પહેલા કરવામાં આવ્યું અને અહીંથી ગઢશીશા, રવાપર તથા ભુજ શહેરમાં પણ ફરી લઈ સ્થાપન કરવામાં આવ્યું છે. જયશ્રીકૃષ્ણ.

## ● લગ્ન વિષયક ●



| | |
|---|---|
| નામ | : **રાજશ્રીબેન વિનોદભાઈ પોમલ** |
| જન્મ તા. | : ૩૧-૧-૮૯ |
| જન્મ સ્થળ | : ભીલોડા |
| જન્મ સમય | : ૧-૩૦ રાત્રે |
| ઉંચાઈ | : ૫' - ૩" / વજન : ૫૦ કિલો (સાદો મંગળ છે) |
| શૈક્ષણિક લાયકાત | : એમ.એ. બી.એડ્ વીથ અંગ્રેજી |
| પિતાનું નામ | : પોમલ વિનોદભાઈ લક્ષ્મીદાસ, ભીલોડા |
| માતાનું નામ | : રેખાબેન વિનોદભાઈ સોની |
| સરનામું | : ભીલોડા, સાબરકાંઠા. |
| મોબાઈલ નંબર | : ૯૯૭૯૩૭૨૨૯૫ |
| મોસાળ | : અતુલ કાકુભાઈ પ્રેમજી બુદ્ધભટ્ટી - અંજાર |

# પરાશર ગોત્રના છત્રાળા પરિવારો

- તુલસીદાસ કંસારા (અમદાવાદ)

ભુજમાં છત્રાળા પરિવારોના ૪૦ ઘર સાથે ૧૫૪ ની સંખ્યા. જેમાં મોટા પરિવારમાં જેરામભાઈના પુત્રો અને રામદાસ, ભાઈલાલભાઈ, વલ્લભભાઈ, વિ.ના પુત્રોના કુટુંબોનો સમાવેશ થાય. જામનગરમાં ભુજ કરતાં છત્રાળાના ઘરો વધારે, ૬૧ની સંખ્યા સાથે ૩૧૦ વ્યક્તિઓ નોંધાયેલ છે. જ્યારે અમદાવાદમાં કાઠીયાવાડના સાત કુટુંબો નોંધાયેલ છે.

## સ્વ. દિનેશ છત્રાળા

આપણી જ્ઞાતિની એક વિરલ પ્રતિભા દિનેશ છત્રાળા એમની તસવીર કળા વિશે માત્ર એટલું જ કહેવું બસ થશે કે એમની તસવીરોમાં તસવીરી કસબ, કલાકારની દૃષ્ટિ અને વિષયનું વૈવિધ્ય ધરાવતું ત્રિવેણી સંગમ હતું. દિનેશની તસવીરની તાસીર, કચ્છના લોકપ્રિય દૈનિક અખબારના તંત્રીશ્રી કીર્તિભાઈ ખત્રી વિશેષરૂપે પોતાની સ્મરણ યાત્રામાં સામેલ કરી છે, જે દિનેશની દક્ષતાનો દેખીતો પુરાવો છે.

— હંસરાજ કંસારા

દિનેશભાઈને બ્લેક એન્ડ વ્હાઈટ ફોટોગ્રાફીમાં ગજબની ફાવટ હતી. એમની સાથે છેક ૧૯૮૦થી જુદા જુદા પ્રસંગોએ અખબારી પ્રવાસ કર્યા છે. તસવીરકલા વિશ ઘણી ચર્ચાઓ પણ કરી છે. ૧૯૮૭ના દુષ્કાળના દોહ્યલા દિવસોનો ચિતાર રજૂ કરતી શ્રેણી હોય કે ત્રણ ત્રણ દુકાળ પછી વરસાદ આવતાં કચ્છભરમાં ફેલાયેલા આનંદને વાચા આપતી તસવીરો હોય, ઘાસિયા મેદાનો પર પોતાનાં ઢોર લઈને વિચરતા નાના-મોટા માલધારી હોય કે કચ્છ છોડીને હિજરત કરતા રબારી, પણ દરેક વિષયમાં કંઈક ને કંઈક તમને આગવો દિનેશ સ્પર્શ જોવા મળે જ. કોઈ પણ કેમેરામેન કે તસવીરકાર જ્યારે એક વિષયની - વસ્તુની આરપાર નીકળીને આગવી દૃષ્ટિની કોઈ છૂપો સંદેશ કે સંકેત, તસવીરના માધ્યમથી આપે છે ત્યારે એ તસવીર કલાત્મક રૂપ ધારણ કરે છે. એક સાદા કારીગર અને એક કલાકાર વચ્ચે આજ તો ફેર છે. તસવીરકાર તો ઘણાં હોય પણ કલાકાર બહુ ઓછા હોય.

સદીના સૌથી કાળમુખા દુકાળ તરીકે જેને વર્ણવવામાં આવ્યો છે તે ૮૫થી ૮૭ સુધીના ત્રણ ત્રણ દુકાળની પરાકાષ્ટા સમા સમયમાં માંડવીના દરિયા કિનારાથી સિંધોડી અને ત્યાંથી લખપતના કાંઠાળ વિસ્તારનો અમે (આ લખનાર, મહેશ ગઢવી અને દિનેશભાઈ) પ્રવાસ કરીને આંખે દેખ્યો હેવાલ લખ્યો હતો એ જિંદગીભર ભૂલાય તેમ નથી. ૧૨મી સપ્ટેમ્બર '૮૭ની એ ઉદાસ સાંજે માંડવી તાલુકાના પોલડિયા કે કોજાચોરા ગામની સીમમાં આપણાં અસ્તિત્વ માત્રને હચમચાવી મૂકે એવું કરૂણ દ્રશ્ય જોઈને અમે અવાક બની ગયા.

દુકાળની આ ક્રૂર અતિવાસ્તવિક્તાને દિનેશે આબાદ રીતે કેમેરામાં ઝીલી લઈને એક બેનમૂન કલાકૃતિ સર્જી હતી. બીજે દિવસે સિંધોડી પહોંચ્યા ત્યારે અમે ત્યાંના મોવડી માવજીભાઈ પાસેથી દુકાળે હજ્જારો ઘેટાંબકરાંને મોતને ઘાટ ઉતારી દીધા તેની કરુણ કથની સાંભળતા હતા ત્યારે દિનેશ દૂર દૂર ઊડતા ગીધના ટોળાં તરફ નીકળી ગયો હતો.

વહેલી સવારે સાડા પાંચ-છ વાગ્યે હમીરસરનાં કાંઠે કે એસ.ટી. બસ સ્ટેશન બહારની ઝરના ન્યુઝ પેપર એજન્સીની બાજુની હોટલ પાસે પાર્ક કરેલી સ્કુટી પર પગ પર પગ ચડાવીને દિનેશ એકદોઢ કલાક સ્થિતપ્રજ્ઞની જેમ બેસી રહેતો. આવા વખતે સામાન્ય માણસની હલચલનું સૂક્ષ્મ નિરીક્ષણ કરતો. પછી, એમાં ઊંડા ઉતરતાં સાચી ભૂકંપ કહાણી આકાર લેતી.

ભૂકંપમાં ઈજાગ્રસ્ત બનેલા પતિને ઘરે છોડી આવવાને બદલે એક ઝાડુવાળી સ્ત્રી પોતાની સાથે ગામમાં લઈ આવતી. સ્ટુડિયોની સામેના ઓટલા પર પતિ બેઠો હોય. બંને જણ સાથે બીડી પીએ, પછી પત્ની કામે જાય. દિનેશ જોયા કરે. આવી તો અનેક કહાનીઓ દિનેશે મેળવી હતી. ૨૦૦૪માં પુનર્વસનની ડગર પર ડગ ભરતાં લોકોની વ્યથા-કથાને આવરી લેતી કટાર 'સમાજ દર્પણમાં આજનો ચહેરો' નલીનભાઈ ઉપાધ્યાયની સાથે મળીને 'કચ્છમિત્ર'માં પેશ થઈ હતી તેમાં દિનેશની તસવીરોનું ખાસ આકર્ષણ હતું.

- **સત્ય હંમેશાં બે અંતિમોની વચ્ચે જ વસતું હોય છે.** - ભગવતીકુમાર શર્મા
- **આજના યુગમાં જો કોઈ અસહ્ય વસ્તુ હોય તો તે માત્ર સત્ય જ છે.** - મેરી ઈવાન્સ

# છત્રાળા પરિવારની નૈવેદ્ય પરંપરાઓ

- એકતા કટ્ટા (અંજાર)

**શ્રી છત્રાળા પરિવારનાં વાર્ષિક - પ્રસંગોપાત થતાં નૈવેદ્ય**

કોઇપણ પરંપરાનું દસ્તાવેજીકરણ કે સંકલન તેની પ્રક્રિયાનું સ્પષ્ટીકરણ આપી શકે છે. તો સમયે સમયે તેમાં થતાં પરિવર્તનોનો પરિચય પણ થઇ શકે છે. મૂળતઃ પરંપરાઓનું પ્રસાર મૌખિક કે વ્યવહારિક રૂપે જ થતું હોય છે. પરંતુ, જો તેને લેખિતરૂપે પ્રકટ કરવામાં આવે તો આધુનિક યુગમાં તે સૌથી સરળ પ્રસાર માધ્યમ નિવડી શકે છે. નૈવેદ્ય પરંપરા તો જે તે પરિવારનાં વડિલ મહિલાવર્ગ દ્વારા જ જળવાતી આવી છે. ત્યારે તેનું લેખિતરૂપ જે તે પરિવારની ઊગતી પેઢી માટે ઉપયોગી સિદ્ધ થઇ શકે છે.

આ અવિછિન્ન પરંપરા નૈવેદ્ય અંતર્ગત આપણી જ્ઞાતિનાં વિવિધ નુખ પરિવારો દ્વારા જળવાતી આ પરંપરાનું આલેખન કરવા પ્રયત્ન કર્યો છે. સમયાનુયોગે તેની નિયમિતતા ખોરવાઇ છે. ઘણાં પરિવારો આ પ્રત્યે સજાગ રહ્યાં છે તો ઘણાં પરિવારોની અલ્પ સંખ્યા અથવા અન્ય કારણોસર તેનાં આલેખન સંદર્ભે સુસ્તતા વર્તાઇ છે. અગાઉ જ્ઞાતિ-સેતુનાં જૂન-જુલાઇ, ૨૦૦૭ના અંકમાં શ્રી છત્રાળા પરિવારની નૈવેદ્ય માહિતી સંક્ષિપ્તમાં આલેખિત થઇ હતી. અત્રે તે પરિવારની નૈવેદ્ય માહિતી, તે પરિવાર દ્વારા કરવામાં આવેલ થોડા પરિવર્તનો સાથે પુનઃ પ્રસ્તુત છે.

શ્રી સુન્દા માતાજી આ પરિવારનાં કુળદેવી છે. જેઓનું નવનિર્મિત સ્થાનક ભુજનાં હવેલી ફળિયા મધ્યે આવેલું છે.

● **વાર્ષિક નૈવેદ્ય :-**

**મહા સુદ સાતમ :-** આ દિવસે બપોરનાં સમયે યથાશક્તિ લાપસી, લાડવો કુળદેવી સમક્ષ, કાળા તલ ખેતરપાળ દાદા સમક્ષ, તેલની કોઇપણ મીઠાઇ સુરાપુરા દાદા સમક્ષ અને મીઠી ભાત તથા શ્રી ફળ પુરસા દાદા સમક્ષ ધરાવી નૈવેદ્ય કરવામાં આવે છે.

**ફાગણ સુદ પૂનમ (હોળી) :** આ દિવસે સાંજના સમયે મહા સુદ સાતમ મુજબ નૈવેદ્ય કરવામાં આવે છે.

**ચૈત્ર સુદ આઠમ :** આ દિવસે બપોરનાં સમયે મહા સુદ સાતમ મુજબ નૈવેદ્ય કરવામાં આવે છે.

**ચૈત્ર સુદ ચૌદસ (પાટોત્સવ) :** આ દિવસે કુળદેવીનાં સ્થાનકે બપોરના સમયે મહા સુદ સાતમ મુજબ નૈવેદ્ય કરવામાં આવે છે.

ઉપરાંત કુળદેવીની પડાઇ બદલાવવામાં આવે છે. આ દિવસે પરિવારનાં ભાઇઓ દ્વારા સમૂહ પ્રસાદનું આયોજન કરવામાં
આવે છે.

**અષાઢ સુદ બીજ :** આ દિવસે સાંજના સમયે મહા સુદ સાતમ મુજબ નૈવેદ્ય કરવામાં આવે છે.

**ભાદરવા સુદ ચૌદસ :** આ દિવસે કુળદેવીના સ્થાનકે બપોરનાં સમયે યથાશક્તિ લાપસી કુળદેવી સમક્ષ, કાળા તલ ખેતરપાળ દાદા સમક્ષ, કાચા દારાની લાપસી તથા તેલની કોઇપણ મીઠાઇ સુરાપુરા દાદા સમક્ષ અને મીઠી ભાત પુરસા દાદા સમક્ષ ધરાવી નૈવેદ્ય કરવામાં આવે છે. આ દિવસે સુરાપુરા દાદાનાં મોટા નૈવેધ હોવાથી પરિવારના ભાઇઓ દ્વારા સમૂહ પ્રસાદનું આયોજન પણ કરવામાં આવે છે.


**આસો વદ અમાસ (દિવાળી) :** આ દિવસે સાંજના સમયે ખણ ભરવામાં આવે છે. જેમાં ઘી માં તળેલી મેંદા ની છત્રીસ પૂરીઓ અને ઘી માં તળેલા મેંદાના નવ દીવા, યથાશક્તિ લાપસી કુળદેવી સમક્ષ કાળા તલ ખેતરપાળ દાદા સમક્ષ, તેલની કોઇપણ મીઠાઇ સુરાપુરા દાદા સમક્ષ અને મીઠી ભાત પુરસા દાદા સમક્ષ ધરાવી નૈવેધ કરવામાં આવે છે. ઉપરોક્ત વાર્ષિક નૈવેધ ઉપરાંત મહા, ચૈત્ર, અષાઢ અને આસો મહિના સિવાયના દરેક મહિનાનાં ચંદ્ર દર્શનનાં દિવસે શ્રીફળ વધેરવામાં આવે છે.

● **પ્રસંગોપાત થતાં નૈવેધ :-**

પુત્રનાં લગ્ન પ્રસંગે થતાં નૈવેધ :- આ પ્રસંગે કુળદેવીની પડાઇ બદલાવવામાં આવે છે. યથાશક્તિ લાપસી, લાડવો કુળદેવી સમક્ષ, કાળા તલ ખેતરપાળ દાદા સમક્ષ, તેની કોઇ પણ મીઠાઇ સુરાપુરા દાદા સમક્ષ અને મીઠી ભાત તથા શ્રીફળ પુરસા દાદા સમક્ષ ધરાવી નૈવેધ કરવામાં આવે છે. લગ્નનાં દિવસે માય બેસાડી માય ભાણું પીરસવામાં આવે છે. જેમાં એક માટલામાં ઓગણ પચાસ પૂરીઓ અને સાત લાડવા મૂકવામાં આવે છે. બીજા માટલામાં એક મીટર સફેદ કાપડ, સવા પાલી ચોખા, પાંચ રૂપિયા અને શ્રીફળ મૂકવામાં આવે છે. ઉપરાંત એક મીટર સફેદ કાપડનો ખડિયો

બનાવી તેમાં ઓગણપચાસ પૂરીઓ, સાત માતરિયા લાડવા, સવા કિલો ચોખા, એક રૂપિયાનો સિક્કો અને શ્રીફળ મૂકવામાં આવે છે.

**પુત્રીનાં લગ્ન પ્રસંગે થતાં નૈવેધ :-** પુત્રીના લગ્ન પ્રસંગે નૈવેધ વિધિ અને સામગ્રી તથા માય બેસાડવાની વિધિ અને સામગ્રી પુત્રનાં લગ્ન પ્રસંગ મુજબ જ કરવામાં આવે છે. પરંતુ, તે ઉપરાંત આ પ્રસંગે પુત્રીનો વરઘોડો કાઢવાની એક વિશિષ્ટ વિધિ આ પરિવાર દ્વારા કરવામાં આવે છે. નૈવેધ સ્થળે કુળદેવીનાં દર્શન કરાવ્યા બાદ માંડવે ચાંદલો કરી પુત્રીને ઘોડે બેસાડવામાં આવે છે અને વરઘોડો કાઢવામાં આવે છે. જે સસરાને ઘેર અથવા લગ્ન સ્થળ જે નક્કી થયેલ હોય ત્યાં જાય છે. સસરા દ્વારા ચાંદલો કરી પસ (ખુબા) ભરાવવામાં આવે છે. જે ત્રાંસમાં મૂકેલ સવા કિલો ચોખા અને સો સિક્કા દ્વારા ભરાવવામાં આવે છે. ત્યારબાદ સસરા દ્વારા સાડી ઓઢાડવામાં આવે છે અને વરઘોડો પરત ફરે છે. જે માર્ગેથી વરઘોડો ગયો હોય તે સિવાયનાં માર્ગેથી તે પરત ફરે છે.



**શ્રીમંત પ્રસંગે થતાં નૈવેધ :-** પ્રસંગના આગળનાં દિવસે મંગળિત કરવામાં આવે છે. જેમાં યથાશક્તિ લાપસી, લાડવો કુળદેવી સમક્ષ, કાળા તલ ખેતરપાળ દાદા સમક્ષ, તેલની કોઇ પણ મીઠાઇ સુરાપુરા દાદા સમક્ષ અને મીઠી ભાત તથા શ્રીફળ પુરસા દાદા સમક્ષ ધરાવી નૈવેધ કરવામાં આવે છે.

પ્રસંગના દિવસે વહુને પગ પાથરણા આપવામાં આવે છે. જેમાં સફેદ કાપડનાં સવા બે મીટરનાં બે પગ પાથરણા લેવામાં આવે છે. પગ પાથરણા આપતી વેળાએ સાત પબડી, સાત સોપારી અને સાત સિક્કા પાથરણા પર મૂકવામાં આવે છે. આ તમામ સામગ્રી માવિત્રનાં ઘરની હોય છે. પ્રસંગના દિવસે કુળદેવીની પડાઇ બદલાવવામાં આવે છે. યથાશક્તિ સવાઈ માત્રામાં જાર, લાપસી કુળદેવી સમક્ષ, કાળા તલ ખેતરપાળ દાદા સમક્ષ, તેલની કોઈપણ મીઠાઈ સુરાપુરા દાદા સમક્ષ અને મીઠી ભાત પુરસા દાદા સમક્ષ ધરાવી નૈવેધ કરવામાં આવે છે.

વહુના મોસાળના ઘરનાં લાલ ચુંદડી- સફેદ બ્લાઉઝ પહેરી, મોસાળના ઘરના પાંચ ફળ, એક શ્રીફળ, સૂતરનો એક ઢેરો, એક કિલો જાર, ટોપરાનાં તેર કાચલા, તેર સિક્કા, ખોંભા નાળાના તેર ટુકડા અને તેર પેંડાથી ખોળો ભરવામાં આવે છે. તેર ગોયણીને તેલ નાંખવા માટે નોતરવામાં આવે છે.

**ઝંડા (બાલ મુવારા) પ્રસંગે થતા નૈવેધ :-** પ્રસંગના આગળનાં દિવસે માય બેસાડવામાં આવે છે. કુળદેવીની પડાઇ બદલાવવામાં આવે છે. યથાશક્તિ લાપસી, લાડવો કુળદેવી સમક્ષ, કાળા તલ ખેતરપાળ દાદા સમક્ષ, તેલની કોઈપણ મીઠાઇ સુરાપુરા દાદા સમક્ષ અને મીઠી ભાત પુરસા દાદા સમક્ષ ધરાવી નૈવેધ કરવામાં આવે છે. પ્રસંગના દિવસે પુત્રને મોસાળનાં ઘરનાં લાલ કપડા અને બુટ તથા દાદાના ઘરના સફેદ કપડા પહેરાવી, ખજૂરમાં ચાકો રાખી પગે લગાડવામાં આવે છે. ઝંડાની વિધિ પૂર્વે પુત્રને લાલ અને સફેદ કપડા પહેરાવવામાં નથી આવતા.

**સંદર્ભ માહિતી :**
**શ્રીમતી મુકુંદલતાબેન પી. છત્રાળા – અંજાર (કચ્છ)**

❖

# છત્રાળા પરિવારની નૈવેદ્ય પરંપરાઓ

- સંકલન : અનીલ છત્રાળા

શ્રી મારૂ કંસારા સોની સમાજમાં ઘણી બધી નુખો આવેલી છે. જે દરેક પોતાનાં કૂળદેવતા માટે અતુટ શ્રદ્ધા ધરાવે છે. તથા પોતપોતાનાં કૂળદેવતાનાં સ્થાનક બનાવિ ત્યાં શ્રદ્ધા પૂર્વક નૈવેદ્ય-હોમ, પૂજા વગેરે ધાર્મિક વિધીઓ કરે છે.

આજે આપણે છાત્રાળા પરિવારનાં કૂળદેવતા વિષે વાત કરશું.

છાત્રાળા પરિવારનું મંદિર પહેલાં અંજારીયા ફળિયાની સામે કાંતિલાલ ભાઈ છત્રાળાને ઘેર હતું. જ્યાંથિ ૨૦૦૯ માં આશાપૂરા રિંગરોડ પર નવું મંદિર બનાવિ ત્યાં કૂળદેવતાનું સ્થાપન કરવામાં આવ્યું. આ મંદિરના પાયાના પથ્થર તરીકે મગનલાલ ખેતશી છાત્રાળા, કેશવલાલ જેસમ છાત્રાળા, કિરણભાઈ છાત્રાળા તથા હરિલાલ બેચરદાસ છાત્રાળા રહ્યા હતા. અને તેમના આ કાર્યને નવિ પેઢી પણ બરાબર રિતે સંભાળે છે.

છાત્રાળા પરિવારના કૂળદેવી શ્રી સરચાઈ માતાજી, દાદા શ્રી દેવાંગી દાદા તથા શ્રી સુરાપૂરા દાદાની પૂજા તથા નૈવેદ્ય પ્રસાદ કરવામાં આવે છે. વર્ષમાં કૂલ ૯ વખત નૈવેદ્ય ધરાવવામાં આવે છે. જેમાં ૬ વખત સૌ પોતપોતાના ઘરે બનાવિ લાવિ અને મંદિરમાં ભેગા કરી ધરાવે છે. જેમાં આશો સુદ આઠમ નાં બપોરે, મહા સુદ સામનાં બપોરે, ચૈત્ર સુદ આઠમનાં બપોરે, અષાઠ સુદ બિજનાં રાત્રે, હોળીનાં રાત્રે તથા દિવાળીનાં પણ રાત્રે ધરાવવામાં આવે છે. જેમાં દિવાળીનાં નૈવેદ્યમાં ખાસ નૈવેદ્ય ઉપરાંત ખણ પ્રસાદ પણ બનાવવામાં આવે છે. આ ઉપરાંત વર્ષમાં ૩ વખત મહાનૈવેદ્ય તથા સમૂહ પ્રસાદનું આયોજન સમૂહમાં કરવામાં આવે છે. જેમાં ચૈત્ર મહિનાનાં સુદ ચૌદશનાં બપોરે માતાજીનાં મહાનૈવેદ્ય થાય છે. ભાદરવા મહિનાની સુદ ચૈદશનાં શ્રી દેવાંગી દાદાનાં મહાનૈવેદ્ય થાય છે. તથા આસો સુદ નોમનાં દિવસે નવા મંદિરમાં માતાજીનો સ્થાપના દિવસ મનાવીને હવન-નૈવેદ્ય તથા મહાપ્રસાદનું આયોજન કરવામાં આવે છે. ઉર્મિલાબેન અરવિંદભાઈ છાત્રાળાને ઘેર આ મહાનૈવેદ્યની રસોઈ બનાવવામાં આવે છે. જેમાં દક્ષાબેન, નિતાબેન,જ્યોતિબેન,ઉર્મિલાબેન વગેરે મદદ કરે છે.

આ કુટુંબની એક ખાસ વિષેશતા છે કે આ કુળની દિકરીઓને લગ્ન સમયે ઘોડાપર બેસાડવામાં આવે છે. જેમ દરેક કૂળમાં દિકરાનો વરઘોડો કાઢવામાં આવે છે. તેમ આ કૂળમાં દિકરીનો વરઘોડો કાઢવામાં આવે છે. કહેવાય છે કે આ કૂળમાં આ વિધી દ્વારા દિકરીઓને કૂળદેવતાનાં આશીષ મળે છે.

Name - **Sapna Rajivkumar Bijlani**



Date of birth- 23-09-1988
Birth time- 06.25 pm
Birth place- Ahmedabad
Height- 5;2 Weight- 43 kg
Education- B.com, M.com
Address- 12' Neerant Gordhanpark, shantinagar Juna vadaj Ahmedabad.
Native place- kutch.
Hobby. - Music, long Drive, movies
Cast. - Kutchi soni
Fathers name- Rajivkumar N Bijlani
Fathers job - Restaurant Manager
Mothers name- Deepaben R Bijlani
Sister. - Devi Rajivkumar Bijlani. ( job)
Aunty - Manjulaben N Bijlani( unmarried)
Contact - 07927557801, 9426340961

નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ

સંદિપ આર. સોની
મો. ૯૫૩૭૮ ૧૨૯૧૩

પૂર્વેશ આર. સોની
મો. ૯૯૭૮૨ ૧૮૫૬૫

**સંદિપ ભજીયા હાઉસ**

**ટેસ્ટફૂલ લસણીયા, વડાપાઉ ખમણ, સમોસા તથા શિયાળાની ઋતુમાં ટેસ્ટફૂલ ઊંધીયું મળશે.**

**મંગલમ્ ચાર રસ્તા, મુ. ભુજ-કચ્છ.**

शुभ दिपावली

Sukhdevsinh C. Zala
Partner

Harpalsinh S. Zala
Partner

## SADGURU CONSTRUCTION CO.

House No. 5, Plot No. 19, Ward No. 10A(A), Gurukul Road,
Gandhidham, Kuchchh-370201.

**Email : sadguru.constructions@gmail.com**

**Contact No. :**
**+91 98250 60597, +91 99099 22131 / 5.**



HAPPY NEW YEAR

## AAKAR CONSTRUCTION CO.

Sukhdevsinh C. Zala
Partner

Nandlal B. Prasad
Partner

House No. 6, Plot No. 19, Ward No. 10A(A), Gurukul Road,
Gandhidham, Kutch-370201.

**Contact No. :**
**(O) : 222365 • Mob. : 9825060597**

*Happy New Year*

**JAY SILVER**
Rajkotwala



92.5 Silver Dry Fruit Box



100% Pure Silver Coins

1, Super Mall, Nr. Lal Bungalow, C.G. Road, Ahmedabad.
Contact : 079-26560014 - www.jaysilver.in

---

નવા વર્ષની શુભેચ્છાઓ....

એન. એચ. સોની
મો. ૯૯૨૫૬૬૦૮૯૦

**નરેન્દ્રભાઈ હરીરામભાઈ સોની**
(સમાજ કલ્યાણ નિરક્ષિક - આણંદ)
રહેઠાણ શ્રીજી એપાર્ટમેન્ટ, કુબેર નિવાસની સામે,
મુ. પો. ઉરસંડા (નડિયાદ)

---

જે. એચ. સોની
મો. ૯૮૯૮૧૩૩૪૯

**જ્યોતિબેન હરીરામભાઈ સોની**
(મેડીકલ સ્કલ્પચર આર્ટીસ્ટ)
કેન્સર વિભાગ સિવીલ હોસ્પીટલ, અમદાવાદ.

---

Name - **Devi Rajivkumar Bijlani**
Date of birth- 21-02-1985
Birth time- 10.02 pm
Birth place- Ahmedabad .
Height- 5;4 Weight- 65kg
Education- B.com and
other- Computer courses
Address - 12' Neerant Gordhanpark,
shantinagar, Juna vadaj, Ahmedabad.
Native place- kutch
Hobby - Music, lon g Drive, movie
Cast. - Kutchi soni
Fathers name- Rajivkumar N. Bijlani
Fathers job - Restaurant Manager
Mothers name- Deepaben R Bijlani
Sister. - Sapna Rajivkumar Bijlani.
Aunty - Manjulaben N Bijlani (unmarried)
Contact - 07927557801, 9426340961



---

શુભ દીપાવલી

HSB

**સોની હિમંતલાલ બેચરલાલ**

**પ્રો. સંજય બેચરલાલ સોની**

**સોના ચાંદીના ફેન્સી દાગીના**
**બનાવનાર તથા વેચનાર**

**મેઈન બજાર, નખત્રાણા (કચ્છ)**
**(S) 222111 (M) 98791 22211**

# વત્સ ગોત્રના હેડાઉ પરિવારો

- કાંતિભાઈ વાલજીભાઈ કંસારા

## ઈતિહાસ-ધાર્મિકસ્થાનો-પૂજનની પરંપરા

સમગ્ર ગુજરાત રાજ્યનાં આલગ અલગ શહેરો અને ગામોનાં કંસારા સોની સમાજનાં ''હેડાઉ'' પરિવારોનું મૂળ રાજસ્થાનમાં છે. આજથી આશરે ૪૭૦ વર્ષ પહેલા રાજસ્થાનનાં નાંડોડગઢ જે હાલનું ''જેસલમેર'' ઓળખાય છે ત્યાં વસવાટ હતો. આ પરિવારનાં મુખીયા એ સમયમાં બારોટોને ૧૨-હેમર ઘોડાનું દાન આપતા એવી માહિતી પ્રાપ્ય છે.

જેસલમેરથી આ પરિવાર આશરે ૪૧૧ વર્ષ પહેલા એટલે કે સંવત ૧૬૬૦માં સવાણા ગામ (જિ. જોધપુર) આવ્યા અને ત્યાંથી કચ્છ જિલ્લામાં આવ્યાની માહિતી છે. આમાંથી અમુક ભાયાતો અને પરિવાર ભુજ શહેર અને આજુબાજુનાં ગામોમાં સ્થાયી થયા અને અમુક પરિવારો મોરબી અને ત્યાંથી જુનાગઢ અને જામનગર ધંધા વ્યવસાય અર્થે ગયેલા અને ત્યારબાદ ત્યાંજ સ્થાપી થયાનાં લેખિત પુરાવાઓ મળી આવે છે. આજ રીતે હેડાઉ પરિવારોનાં અમુક ભાયાતો રાજસ્થાનનાં જુદા જુદા શહેરોમાં અને ગુજરાતનાં અન્ય ભાગોમાં પણ સ્થાયી થયા છે. રાજસ્થાનમાં આ પરિવારોની સંખ્યા મોટી છે.

રાજસ્થાન અને ગુજરાત રાજ્યનાં આ પરિવારો હેડાઉ નુખ/અટક દર્શાવે છે પરંતુ સૌરાષ્ટ્રમાં સ્થાયી થયેલા પરિવારો 'હેડાવ' એમ લખાવે છે. જે તે સમયે, ત્યાં પ્રવર્તમાન ભાષા-બોલી-લઢણને કારણે થયું હશે તેમ જણાય છે.

કચ્છ જિલ્લામાં મારૂ કંસારા સોની સમાજનાં 'હેડાઉ' પરિવારો તેમના કુળદેવી શ્રી વેરાઈ માતાજી અને શ્રી ચામુંડા માતાજીની આરાધના કરે છે. આ બધા પરિવારોનાં અંદાજે ૩૫૦ વર્ષ પહેલાનાં પૂર્વજશ્રીનું નામ છે શ્રી દેવજીભાઈ ગોપાલજીભાઈ.

તેઓશ્રી નાંડોડગઢ રાજસ્થાનમાં ધંધો-વ્યવસાય તેમજ મિલ્કત ધરાવતા હતા. હાલે અંજાર(કચ્છમાં) રહેતા શ્રી છગનભાઈ નારાણદાસ હેડાઉ પાસે પ્રાપ્ય એવું સાહિત્ય પણ આ હકીકતની શાખ પુરે છે.

શ્રી દેવજીભાઈ ગોપાલજીનાં અમુક વારસો રાજસ્થાનમાં સ્થાયી થયેલા અને તેમનાં પ્રપૌત્ર શ્રી હેમરાજભાઈ ભીમજીનાં અમુક વારસો આશરે ૨૫૦ વર્ષ પહેલા કચ્છ જિલ્લામાં ધંધા-વ્યવસાય અર્થે આવેલા, અને જિલ્લાના જુદા જુદા ભાગોમાં કાયમી વસવાટ કરી તેને માદરે વતન બનાવી દીધેલ.



હાલે કચ્છ માંડવીમાં વસતા શ્રી વિનોદભાઈ વલ્લભદાસ હેડાઉ પાસે પ્રાપ્ય માહિતી અને ભાટનાં ચોપડામાં દર્શાવેલ લેખ અનુસાર આજથી ૨૨૩ વર્ષ પૂર્વે સંવત ૧૮૪૮માં હેડાઉ પરિવારોનાં પૂર્વજ શ્રી હંસરાજભાઈ હેમરાજભાઈ હેડાઉ કચ્છમાં ધંધાર્થે પધારેલા. તેઓશ્રી બળદગાડામાં ફરી વ્યવસાય કરતા. તેઓ ફરતા ફરતા મુંદ્રા તાલુકાના રામણીયા ગામે આવી પહોંચેલ જ્યાં તેમણે ગુર્જર સુતારનાં 'દુધૈયા' નુખનાં માતાજીનાં સ્થાનકમાં ઉતારો રાખેલ. યોગાનું યોગ એક રાત્રે ત્યાં ગુર્જર-સુતારો એકઠા થયેલા અને માતાજીનાં પૂજન અર્ચન કરતા હતા. આ સમયે શ્રી હંસરાજભાઈએ મનોમન નક્કી કરેલું કે જો મને સંતાનસુખ પ્રાપ્ત થશે તો મારા વંશજો આ માતાજીનાં દર્શને અચૂક આવશે. તેમની ઈચ્છા ફળી અને સમયાંતરે તેમનો વંશવેલો આગળ વધ્યો. રામાણીયા ગામે આવવું જવું દૂર પડતું હોવાથી અંજારમાં વસતા હેડાઉ પરિવારો અને ગુર્જર સુતાર પરિવારોએ આ દેવસ્થાન અંજાર તાલુકાનાં વરસામેડી ગામે સ્થાપિત કરેલ જે હાલમાં પણ મોજુદ છે અને ઘણા હેડાઉ પરિવારો શ્રદ્ધાપૂર્વક દર્શને જાય છે.

શ્રી હેમરાજભાઈ ભીમજીનાં અમુક વંશવારસો કચ્છ જિલ્લાનાં ભુજ અને આસપાસનાં વિસ્તારોમાં સ્થાયી થયેલા


વારાહી મંદિર

તેઓએ કંસારાબજાર વિસ્તારમાં તેમજ કંસારા નાના ફળીયા વિસ્તારમાં રહેઠાણ રાખેલ જેનું નામ 'હેડાઉ ડેલી' તરીકે ઓળખાતું હતું. કુળદેવી શ્રી વેરાઈ માતાજી અને શ્રી ચામુંડા માતાજીનું મંદિર, દેરી સ્થાપિત કરેલ જેમાં નિયમિત ભાવપૂર્વક પૂજન-અર્ચન થતું. આ મંદિરમાં ભુજ અને કચ્છ જિલ્લાનાં 'હેડાઉ' પરિવારો ઉપરાંત મારૂ કંસારા સોની સમાજનાં અન્ય નુખભાઈઓ પણ દર્શનાર્થે આવતા અને શ્રી વેરાઈ માતાને ગોળ ચઢાવવાની માનતા રાખતા.

માતાજીનાં આ પુરાતન સ્થાનકમાં નિયમિત ધૂપ-દીપ, સેવા-પૂજા કરવાની પરંપરા સ્વ. વાલજીભાઈ નારાણજી હેડાઉ તથા તેમનાં પરિવાર અને હેડાઉ પરિવારે દ્વારા વરસોથી જાળવી રાખવામાં આવી છે. આજે પણ શ્રી ભવાનીશંકર વાલજીભાઈ છેલ્લા ૬૦થી વધુ વરસોથી આ ધૂપ-દીપ, સેવા-પૂજા નિયમિત રીતે કરે છે. ઘણા જ વર્ષોથી દર મહિનાનાં 'ચંદ્રદર્શન'નાં દિવસે સાંજે આ પૂજામાં નિયમિત રીતે બધા જ હેડાઉ પરિવારો, શ્રી ઈંદરજીભાઈ રવજીભાઈ પરિવાર, જાદવજી પરિવાર, શ્રી મેઘજીભાઈ રતનશી પરિવાર, શ્રી પ્રાણલાલભાઈ માવજી પરિવાર, શ્રી ચમનલાલ જેઠાલાલભાઈ પરિવાર વગેરે પરિવારો એકત્રિત થઈ પૂજન-અર્ચન પ્રસાદની વિધિ કરે છે અને ભાવપૂર્વક ભાગ લે છે. અંજાર ખાતે વસતા શ્રી નારાણદાસ ગોવિંદજી અને શ્રી કાનજીભાઈ ગોવિંદજી પોતે તથા તેમના પરિવારજનો પણ દર્શનાર્થે ચંદ્રદર્શનનાં દિવસે અચૂક ભુજ આવતા. ઉપરાંત સમયાનુસાર માંડવી, અંજાર વગેરે સ્થળોએ રહેતા હેડાઉ પરિવારો, દીપાવલી, નવરાત્રિ, નવું વરસ પ્રસંગોચિત ઉત્સવોમાં આ સ્થાનકે શ્રદ્ધાપૂર્વક આવતા.

ભુજનાં સ્વ. વાલજીભાઈ નારાણજી હેડાઉની વડિલોપાર્જિત અને વારસાઈ અધિકારવાળી હેડાઉ ડેલીની આ સ્થાનકવાળી જગ્યા તેઓશ્રીએ પોતાના કૌટુંબિક બહેન અને હેડાઉ પરિવારનાં નિયાણી સ્વ. વાલુબેન ઠાકરશી (ઢોરીવાળા)ની તરફેણમાં લખી આપેલી. આમ છતાં હેડાઉ પરિવારનાં કુળદેવી માતાજી સ્થાનક અને સેવા-પૂજા આજ જગ્યાએ ચાલુ રાખેલ. આ જગ્યાને સન ૨૦૦૧માં વિનાશક ભૂકંપમાં નુકશાન થયું હતું. આથી થોડા માટે મૂર્તિઓની પધરામણી અને પૂજા ભુજનાં ગણેશનગરમાં રહેતા શ્રી નંદલાલ મેઘજી હેડાઉનાં નિવાસસ્થાનની બાજુમાં કરેલ. ત્યારબાદ હેડાઉ નુખના બધા જ પરિવારોના નાણાકીય સહયોગથી હેડાઉ ડેલીવાળી માતાજીનાં સ્થાનકવાળી મૂળ જગ્યા/જમીન વાલુબેન ઢોરીવાળાના વંશવારસો (શંભુલાલ ઠાકરશી ઢોરીવાળા) પાસેથી ખરીદી લીધેલ અને શ્રી ઈશ્વરલાલ વાલજીભાઈ હેડાઉ તથા શ્રી નિતિનભાઈ અમૃતલાલ હેડાઉ અને અન્ય હેડાઉ ભાઈઓની અંગત અને સક્રિય દેખરેખ હેઠળ, હેડાઉ પરિવારનાં કુળદેવી માતાજીનાં સ્થાનકનું પુનઃનિર્માણ કરવામાં આવેલ. ચૈત્ર સુદ-૨, રવિવાર તા. ૧૦-૪-૨૦૦૫નાં રોજ વિધિપૂર્વક હોમહવન કરી, કચ્છ જીલ્લામાં અને કચ્છની બહાર પણ વસતા સર્વે હેડાઉ પરિવારની રૂબરૂમાં કુળદેવી માતાજીની મૂર્તિઓનું પુનઃ પ્રતિષ્ઠાન અને પુનઃસ્થાપન કરવામાં આવેલ.

ત્યારબાદ સમયાંતરે આ સ્થાનકમાં શ્રી ખેતરપાળ દાદા તથા મામાનું પણ વિધિ-વિધાનપૂર્વક સ્થાપન કરી પૂજન-અર્ચન ચાલુ કરવામાં આવેલ.

કચ્છ જિલ્લામાં હેડાઉ પરિવારોનાં દેવસ્થાન ઉપરાંત બનાસકાંઠા જિલ્લાનાં ફૂલપુર ગામે પણ શ્રી વેરાઈ માતાજીનું એક પુરાતન મંદિર આવેલ છે. જેના દર્શને ઘણા હેડાઉ પરિવારો જાય છે. આ મંદિર એક સુંદર જળાશયની બાજુમાં નયનરમ્ય સ્થળે આવેલ છે. તેમાં શ્રી વેરાઈમાતાજી અને શ્રી ચામુંડા માતાજીની મૂર્તિઓનું સ્થાપન થયેલ છે. આ મંદિર અને મૂર્તિઓના ફોટોગ્રાફસ આ સાથે આપેલ છે. આ ફૂલપુર ગામ, બનાસકાંઠા જીલ્લાનાં સાંતલપુરથી ૩૦ કિ.મી.નાં અંતરે આવેલા વારાહી ગામથી અંદરનાં ભાગે ૩ કિ.મી. દૂર આવેલ છે. આ મંદિરમાં રસોઈ વગેરે બનાવવા માટેનાં વાસણોના સગવડ રાખેલ છે. આ મંદિરે હેડાઉ પરિવારનાં ભાવિકો ઉપરાંત જૈન સમાજ અને અન્ય સમાજનાં ભાવિકો પણ દર્શનાર્થે આવે છે. મુખ્ય પૂજારી શ્રી અંબારામજી છે.

ગુજરાત રાજ્યની આપણી જ્ઞાતિમાં હેડાઉ પરિવારોની સંખ્યા પ્રમાણમાં ઓછી છે અને કૌટુંબિક સંબંધો પણ પેઢીઓ દૂરનાં હોય છે. છતાં નિયમિત રીતે એકત્રિત થવું, જુદા જુદા પ્રસંગો અને ઉત્સવોની એકસાથે રહી ઉજવણી કરવી અને પ્રેમપૂર્વક એકબીજાનાં સક્રિય સંપર્કમાં રહેવાનાં હેડાઉ પરિવારોનાં પ્રયત્નો ઉદાહરણીય છે. ભુજ ઉપરાંત માંડવી-અંજાર, મીરજાપુર, સુખપર અને જીલ્લાનાં અન્ય ગામો



ઉપરાંત હેડાઉ પરિવારો મોરબી, રાજકોટ, જામનગર, જુનાગઢ, સુરેન્દ્રનગર, અમદાવાદ વગેરે શહેરોમાં પણ વસવાટ કરે છે અને પ્રસંગોપાત સર્વે ભેગા થાય છે.

હેડાઉ પરિવારોમાં કૌટુંબિક સારા પ્રસંગો જેવા કે લગ્નપ્રસંગ, બાલ મુવારા ઉતારવાનો(ઝંડા ઉતારવા પ્રસંગ, શ્રીમંત પ્રસંગ વગેરેમાં માતાજીનાં નૈવેદ્ય માતાજીને ચૂંદડી ચઢાવવી) પડાઈ ચડાવવી) મંદિરમાં ચંદરવો ચઢાવવો વગેરે વિધિઓ તો કરવામાં આવે જ છે. પરંતુ કારતક સુદ-૫ (લાભપાંચમ), મહા સુદ-સાતમ (માહી સાતમ), ફાગણ સુદ-પુનમ (હોળી), ચૈત્ર સુદ-આઠમ (નવરાત્રી), આષાઢી બીજ, આસો સુદ આઠમ(નવરાત્રી), આસો વદ અમાસ (દીપાવલી)નાં દિવસે માતાજીનાં ખાસ પૂજન અર્ચન અને નૈવેદ્ય કરવામાં આવે છે. આ ઉપરાંત શ્રાવણ સુદ પાંચમ (નાગપંચમી)નાં શ્રી ખેતરપાળ દાદાના નૈવેદ્ય અને આસો વદ ચૌદસ (કાળી ચૌદશ)નાં રાત્રે 'મામા'નાં નૈવેદ્ય ધરાવવામાં આવે છે.

ખાસ કરીને મહા સુદ-સાતમની પૂજાને મોટી પૂજા કહેવામાં આવે છે અને આ દિવસે બધા હેડાઉ પરિવારો પોતપોતાનાં ધંધા-રોજગારમાં રજા રાખી આ પૂજા અને મહાપ્રસાદ લેવા ખાસ ઉપસ્થિત રહે છે. આ પ્રસંગે કચ્છ જિલ્લા ઉપરાંત બહારગામનાં પરિવારોને પણ નિમંત્રવામાં આવે છે અને આ સમુહપ્રસાદમાં દરેકે દરેક હેડાઉ પરિવારની પરિણિત પુત્રીઓ (નિયાણીઓ)ને તેમના કુટુંબ સાથે નિમંત્રિત કરવામાં આવે છે અને નિયાણીઓ દરેકે દરેકને ખાસ ભેટ સોગાદ-આર્ટીકલ આપવામાં આવે છે.

**શિસ્તનું સંચાલન :**

હેડાઉ પરિવારોનાં ધાર્મિક સ્થાનોનાં વહીવટ સંચાલન, પૂજન વિધિ, ધાર્મિક વિધિ ઉત્સવોની ઉજવણી, હોમહવન, નૈવેદ્યની સામગ્રી તૈયાર કરવી. પ્રસાદ સમારંભનું આયોજન, નિયાણીઓને વિતરણ કરવાની ભેટસોગાદની વસ્તુઓની ખરીદી, નિયમન વગેરે બાબતો માટે હેડાઉ પરિવારોએ કોઈ મંડળ/કાર્યકારીણી/સમિતિની રચના કરી નથી કે નથી સરજી કોઈ હોદ્દેદારોની હારમાળા... આવી નિમણુંકો કરવાની હજી સુધી જરૂર જ પડી નથી. દરેકે દરેક કુટુંબનાં સભ્યો એ હોદ્દેદારો જ છે. તેઓ શ્રદ્ધા પ્રેમ અને મીઠાશથી બધી બાબતોમાં ભાગ લે છે અને નિષ્ઠાપૂર્વક જવાબદારી સમજી, શિસ્તબદ્ધ રીતે ફરજો બજાવે છે. હા, આ પરિવારોએ સર્વાનુમતે વડીલ શ્રી વેલજીભાઈ કાનજીભાઈ હેડાઉને મુખીઆ ગણેલ છે અને શ્રી ભવાનીશંકર વાલજીભાઈ હેડાઉ જે આશરે ૬૦ વર્ષથી પૂજન કાર્ય સંભાળે છે તેમને આ કાર્યના વડા ગણે છે. આ સિવાય દરેક બાબતો માટે શ્રી ગોવિંદભાઈ નરશી (ભુજ), શ્રી છગનભાઈ નારાણદાસ (અંજાર), શ્રી ઈશ્વરલાલ વાલજીભાઈ (ભુજ), શ્રી જેન્તીલાલ ઈંદરજીભાઈ (ભુજ) વગેરેનું માર્ગદર્શન મળતું રહે છે અને આ પરિવારોનાં મહાકાર્યકરો જેવા કે શ્રી નિતિનભાઈ અમૃતલાલ (ભુજ), અનિલભાઈ અમૃતલાલ (ભુજ), શિશિરભાઈ અમૃતલાલ (ભુજ), શ્રી મનીશભાઈ ગોવિંદભાઈ, શ્રી ધીરૂભાઈ પ્રાણ, રાજુભાઈ અને તેઓની વિશાળ ટીમો અવેલેબલ છે. જેઓ ખૂબ જ કુશળતાપૂર્વક રોજબરોજનાં કાર્યો સંભાળે છે.

## સમાજનાં સમર્પિત કાર્યકર

## સ્વ. સોની અમૃતલાલ વાલજી

"સોની અમૃતલાલ વાલજી" આ નામ આપણા સમાજની હાલની પેઢીમાં અજાણ્યું લાગશે પણ આપણી પાકટ પેઢીમાં આ નામ ખૂબ જ જાણીતું છે.

ભુજનાં હેડાઉ પરિવારનાં અમૃતલાલભાઈ મોચી ગલીમાં ૭×૧૦ ની મઢુલી જેવી "બેઠક" દુકાન. સોનાચાંદીનો વેપાર કરતા. વેપાર કરતાં આ "બેઠકમાં" સેવાકામ વધારે કરતા એમ કહીએ તો કંઈજ ખોટું નથી. સેવાભાવી-સાદું જીવન, મિલનસાર, સરળ અને રમુજી સ્વભાવ અને જરૂરિયાતમંદ માટે બધું જ કરી છૂટવાની ભાવના એ એમની મૂળ ખાસિયત હતી.

આ મઢુલી જેવી દુકાનમાં તેમનો વેપાર નાનકડો પણ વહીવટ અને વહેવાર સમગ્ર કચ્છનાં ગામેગામના સોનીભાઈઓ સાથે હતો. આ સ્ટેજે પહોંચતા તેમણે ઘણી જ તડકી છાંયડી જોઈ નાખી હતી અને અથાગ પરિશ્રમ કરેલ. સોના-ચાંદીની દલાલી-કમિશનથી શરૂ કરીને ગાળવાની કુયડી, મુશ, પિત્તળનાં બ્રસ, તાંબા, સોનાચાંદી કામનાં ઓજારો, જુવેલ બોક્ષ, પીન રાખવાના કાર્ડ, દાગીના વીંટવા માટે વપરાતા લાલ-સફેદ કાગળ, મોતી, ઈમિટેશન નંગ,

ત્રીચીનંગ, શંકુપારા વગેરે બધી જ વસ્તુઓનો વેપાર સોનાચાંદી વેપાર સાથે કરતા. વ્યાજબી ભાવે ''ગોલ્ડ કંટ્રોલ''ને કારણે આપણા સમાજમાં એ સમયે સર્જાયેલ ધંધાકીય કટોકટીને કારણે આવો વિવિધલક્ષી વેપાર જરૂરી હતો.

એ સમયે કચ્છનું વેપારીમથક ભુજ હતું. આથી મોટાભાગનાં ગામડાઓના વેપારીઓને, તારપટ્ટી, કઢાવવા સહિતનાં બધા કામો માટે ભુજ આવવું પડતું. શ્રી અમૃતલાલભાઈની દુકાને આવવાનું. આવા ગામડાનાં વેપારી કારીગર ભાઈઓ વધારે પસંદ કરતા કારણ કે વિશ્વાસપાત્ર રીતે, વ્યાજબી ભાવે એક સાથે ઘણા બધા કામ થઈ શકતા, પૈસા બાકી રહી શકતા. વેપારી-વહીવટ, કાયદાકિય, એકાઉન્ટિંગ અને સામાજિક બધી જ બાબતોનું માર્ગદર્શન તેમને ફ્રીમાં મળી રહેતું. તેઓનાં અંગત પ્રશ્નોમાં પણ લાગણી સભરતાથી સાંભળી અમૃતલાલભાઈ તેમનાં સોલ્યુશનમાં મદદ કરતા અને સાથે રહેતા. તેમના સેવાભાવી, મદદરૂપ અને રમુજી સ્વભાવ તથા વહેવારિક સામાજિક ઉંડા જ્ઞાન અને જટિલ પ્રશ્નોનું સુંદર રીતે નિરાકરણ કરવાની આંતરસુઝને કારણે તેમનું સામાજિક નેટવર્ક વિશાળ હતું. યશ રેખા પણ પાવરફૂલ...

શ્રી અમૃતલાલભાઈને સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રે જ્ઞાતિ માટે ઘણુંબધું કરવાની નાનપણથી જ આદત હતી. ભુજના મારૂ કંસારા સોની યુવક મંડળનાં સ્થાપક સભ્ય હતા. શ્રી નાનાલાલ માધવજી, જેન્તિલાલ શામજી સાકરિયા વગેરે મિત્રો સાથે તેઓએ યુવક મંડળની સ્થાપના કરી હતી અને પીપળા ફળિયામાં આવેલ નાતની જગ્યાનાં ખુલ્લા વંડામાં(મેદાનમાં) સરસ્વતી સન્માન સમારંભ જે અગાઉ ફક્ત ''ઈનામ વિતરણ કાર્યક્રમ'' મેળાવળો તરીકે ઓળખાતું તેનું આયોજન દર વર્ષે ગોઠવતા સાથે સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ સંચાલન-વહીવટ સંભાળતા. તેઓ ભુજમાં હવેલીફળિયા, વોરાશેરી પાસે આવેલ નાતની બોર્ડિંગમાં પણ સેવા આપતા.

જામનગરથી સંચાલિત સમસ્ત મારૂ કંસારા કેળવણી ઉત્તેજક મંડળ જે રાષ્ટ્રીય કક્ષાએ સમાજનાં નબળા વર્ગનાં વિદ્યાર્થીઓને આર્થીક સહાયતા અને ઉચ્ચ અભ્યાસમાં સહાયતા કરે છે. તે સંસ્થાના કચ્છનાં પ્રતિનિધિ તરીકે તેમણે ૭૦નાં દાયકાથી સેવાઓ આપેલ અને ૧૯૭૬ની સાલમાં ભુજ ખાતે આ સંસ્થાના મહાસંમેલનનું આયોજન તેમણે ભુજ જ્ઞાતિનાં સહયોગથી કરી. મારૂ કંસારા સોની સમાજની કચ્છની મહેમાન નવાજીનો પરિચય દેશભરમાંથી પધારેલા સમસ્ત મારૂ કંસારા સમાજના મોવડી-ખેરખાંઓને કરાવેલ, અને કચ્છ સમાજનો અવાજ બુલંદ કરેલ. આપણા સમાજનાં કચ્છનાં ઘણા-બધા જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને તેમણે આ સંસ્થામાંથી આર્થિક સહાયતા મેળવવાની ભલામણ સાથે વ્યવસ્થા કરી આપેલ.

આવા પ્રકારની સંસ્થાની ભુજજ્ઞાતિને જરૂરત હોવાનું જણાતાં ભુજ ખાતે ''શૈક્ષણિક કાયમી ફંડ''ની ઉપયોગિતા અંગે જ્ઞાતિજનોનું ધ્યાન દોરી, સર્વોનાં સહયોગથી શૈક્ષણિક કાયમી ફંડની રચના કરેલ જે સંસ્થા આજે ખૂબ જ વિકાસ પામેલ છે અને જરૂરિયાતવાળા જ્ઞાતિનાં વિદ્યાર્થીઓ માટે આશીર્વાદરૂપ સાબિત થઈ છે.

શ્રી અમૃતલાલભાઈએ મારૂ કંસારા સોની જ્ઞાતિ તેમજ બુલિયન મરચંટ એસોસિએશનનાં ઉત્કર્ષ અને સામાજિક ઉત્થાન માટે જીવનપર્યંત કોઈપણ હોદ્દો સ્વીકાર્યા વગર અને કોઈ સ્વાર્થ કે મોટાઈની ખેવના વગર નિષ્ઠાપૂર્વક દરેક ક્ષેત્રે એટલે કે સામાજિક, ધાર્મિક, શૈક્ષણિક તેમજ જ્ઞાતિની મિલકતોની બાબતો અંગેનાં કાર્યો સફળતાપૂર્વક કર્યા છે. ઉપરાંત આપણા સમાજનાં ઘણા જ નાના-મોટા વેપારી-કારીગર ભાઈઓનાં જટીલ પ્રશ્નો, પોતાના વિચક્ષણ વ્યક્તિત્વ, કાયદાકિય જ્ઞાન અને કોઠાસૂઝથી નિરાકરણ કરાવી આપેલ.

ફક્ત કંસારા સોની સમાજમાં જ નહિં પરંતુ જિલ્લાનાં સરકારી, નોન સરકારી, બેન્કોના અધિકારીઓ/કર્મચારી વર્ગમાં પણ તેમની ચાહના હતી. અબાલ-વૃદ્ધ સર્વોને પ્રિય હતા. ઘણા વર્ષો પર્યંત તેમણે એક ટેવ કેળવેલ. દરરોજ સાંજે પોતાની દુકાનેથી બાળકોને ચોકલેટ આપતા. તેમનું મિત્રમંડળ અને અમુક વેપારીઓ પણ સાંજે તેમની પાસેથી ચોકલેટ લેવા આવતા અને મેળાવડો જમાવી, એ સમયનાં દુનિયાભરનાં 'કરંટ અફેર્સ' પર નિર્દોષ અને રમુજી બાબતોનું સર્જન કરી બધાને ખુશ કરી દેતા... આ હતો તેમનો સત્સંગ.

૧૯૯૬નાં ઓગષ્ટ માસમાં ભુજજ્ઞાતિએ યોજેલા સમારંભમાં 'આજીવન કાર્યક્રમ' તરીકે તેમનું ભવ્ય અને ભાવપૂર્વક સન્માન કરેલ. પહેલી સપ્ટે. ૧૯૯૬નાં દિવસે, ૬૪ વર્ષની વયે તેમનું દુ:ખદ અવસાન થયું.

ખરેખર કંસારા સમાજનાં 'હિરો' હતા.

આપણી પરંપરાઓ

# હેડાઉ નુખ પરિવારોનાં દેવસ્થાનો તથા નૈવેદ્ય પૂજાવિધિ

- એકતા કટ્ટા (અંજાર)

'આપણી અવિચ્છિન્ન પરંપરા : નૈવેદ્ય' અંતર્ગત આપણી જ્ઞાતિના જુદા જુદા નુખ પરિવારો દ્વારા જળવાતી આ નૈવેદ્ય પરંપરાને આલેખવાનો પ્રયત્ન કર્યો છે. આ પરંપરાની સાથે સાથે જે તે પરિવારોનાં પગરવ કેવી રીતે મંડાણા? તે અંગેની માહિતી પણ પૂરકપણે પ્રાપ્ત થવા લાગી, જે પણ આ સાથે આલેખવા પ્રયત્ન કર્યો. આ પરંપરા વિશે વિચારતાં એક એ વિચાર પણ ઉદ્‌ભવ્યો કે આપણી આ પરંપરા જાળવવા પાછળ આપણાં પૂર્વજોની ધાર્મિકતા કે ભક્તિભાવની સાથે સાથે કદાચ મનોવૈજ્ઞાનિક કારણ પણ રહ્યું હશે કે આ પરંપરાની જાળવણીનાં માધ્યમે પારસ્પરિક કૌટુંબિક સંબંધોની જાળવણી અને તેની મહત્તા પણ જળવાઈ રહેશે. આપણી જ્ઞાતિના 'હેડાઉ' નુખનાં પરિવારો ઉપરોક્ત વિચારને સાર્થક કરે છે. સાંપ્રત સમયમાં યુવાપેઢીને તેમનાં પોતાના પરદાદાનું નામ પણ યાદ હોતું નથી. ઘણાઓ પાસે પોતાના પરિવારની સાત પેઢીની માહિતી પણ પ્રાપ્ય હોતી નથી ત્યારે આપણી જ્ઞાતિનાં 'હેડાઉ' નુખનાં પરિવારો કે જેઓ કચ્છમાં સ્થાઈ થયા છે, તેઓએ પોતાનાં પૂર્વજો અને આશરે એકવીસ પેઢીઓનાં નામો, માહિતી અને ઇતિહાસની નોંધ રાખેલ છે. આ ઉપરાંત પણ વિશેષ માહિતી પ્રાપ્ત કરવા અને તેનું વ્યવસ્થિત સંકલન કરવાના પ્રયત્નો પ્રગતિમાં છે.



સમગ્ર કચ્છ જિલ્લાનાં જુદા જુદા શહેર - ગામોનાં રહેવાસી એવા 'હેડાઉ' પરિવારોનું મૂળ રાજસ્થાનમાં છે. આ બધા જ પરિવારો તેમના કુળદેવી શ્રી વેરાઈ માતાજી અને શ્રી ચામુંડા માતાજીની આરાધના કરે છે. આ બધા જ પરિવારોના અંદાજે ૩૫૦ વર્ષ પૂર્વેનાં પૂર્વજશ્રીનું નામ છે - શ્રી દેવજીભાઈ ગોપાલજીભાઈ, જેઓ રાજસ્થાનમાં વસતા હતા. તેમજ ધંધા વ્યવસાય અને મિલ્કત ધરાવતા હતા. અંજાર (કચ્છ)માં વસતા શ્રી છગનભાઈ નારાણદાસ ગોવિંદજી હેડાઉ પાસેથી પ્રાપ્ય એવું સાહિત્ય પણ આ હકીકતની શાખ પૂરે છે.

શ્રી દેવજીભાઈ ગોપાલજીભાઈના પ્રપૌત્ર શ્રી હેમરાજભાઈ ભીમજીનાં અમુક વંશ-વારસો રાજસ્થાનમાં જ સ્થાઈ હતા, પરંતુ અંદાજે ૨૭૦ વર્ષ અગાઉ તેમના અન્ય વંશ-વારસો કચ્છ જિલ્લામાં ધંધા-વ્યવસાય અર્થે આવેલા. કચ્છ આવેલાં એ વંશ-વારસોનાં અમુક પરિવારોએ જિલ્લાનાં જુદા જુદા ભાગોમાં કાયમી વસવાટ કરી, તેને માદરે વતન બનાવી દીધેલ. હાલે માંડવી (કચ્છ)માં વસતા શ્રી વિનોદભાઈ વલ્લભદાસ હેડાઉ પાસે પ્રાપ્ય માહિતી અને ભાટના ચોપડામાં દર્શાવેલ લેખાનુસાર આજથી ૨૧૫ વર્ષ પૂર્વે સંવત ૧૮૪૮માં તેઓનાં પૂર્વજ શ્રી હંસરાજભાઈ હેમરાજભાઈ હેડાઉ કચ્છમાં ધંધાર્થે પધારેલા. જેઓ બળદગાડામાં ફરી વ્યવસાય કરતા. તેઓ ફરતાં ફરતાં મુંદ્રા તાલુકાના રામાણિયા ગામે પહોંચેલ. જ્યાં તેમણે ગુર્જર સુતારનાં 'દુધૈયા' નુખનાં માતાજીના સ્થાનકમાં ઉતારો રાખેલ. યોગાનુયોગ એક રાત્રે ત્યાં ગુર્જર સુતારો એકઠા થયા. તેઓ માતાજીનું પૂજન-અર્ચન કરતા હતા. આ સમયે શ્રી હંસરાજભાઈએ મનોમન નક્કી કરેલું કે જો મને સંતાનસુખ પ્રાપ્ત થશે તો મારા વંશજો આ માતાજીનાં દર્શને અચૂક આવશે. તેમની ઈચ્છા ફળી અને સમયાંતરે તેમનો વંશવેલો આગળ વધ્યો. ઘણા સમય પછી રામાણિયા ગામે આવવું - જવું દૂર પડતું હોવાથી અંજારમાં વસતા હેડાઉ પરિવારો અને ગુર્જર સુતાર પરિવારોએ તે દેવસ્થાન અંજાર તાલુકાનાં વરસામેડી ગામે સ્થાપિત કરેલ જે હાલમાં પણ મોજૂદ છે.

શ્રી હેમરાજભાઈ ભીમજીનાં અમુક વંશ-વારસો કચ્છ

જીલ્લાનાં ભુજ અને આસપાસનાં વિસ્તારોમાં પણ સ્થાયી થયેલા. તેઓએ ભુજમાં કંસારા બજાર વિસ્તારમાં અને કંસારા નાના ફળીયામાં રહેઠાણ રાખેલ. જેનું નામ 'હેડાઉ ડેલી' તરીકે ઓળખાતું હતું. આ 'હેડાઉ ડેલી'માં ઘણાં વર્ષો પૂર્વે આ પરિવારોના કુળદેવી શ્રી ચામુંડા માતાજી અને શ્રી વેરાઈ માતાજીનું મંદિર - દેરી સ્થાપિત કરેલ. જેમાં નિયમિત ભાવપૂર્વક પૂજન - અર્ચન થતું.

આ મંદિરમાં ભુજ અને કચ્છ જીલ્લાના શ્રી વેરાઈ માતાજી અને શ્રી ચામુંડા માતાજી હેડાઉ કુટુંબના કુલદેવી માતાજીની પૂજા. કંસારાબજાર, નાના ફળીયા, ભુજ. હેડાઉ કુટુંબના કુળદેવી શ્રી વેરાઈ માતાજી અને
શ્રી ચામુંડા માતાજીનું દેવસ્થાન. વારાહી, ભુજ. 'હેડાઉ' પરિવારો ઉપરાંત આપણી જ્ઞાતિનાં અન્ય નુખભાઈઓ તથા અન્ય જ્ઞાતિઓનાં ભાવિકો પણ દર્શનાર્થે આવતા. તેમજ શ્રી વેરાઈમાં ને ગોળ ચઢાવવાની માનતા રાખતા.
માતાજીનાં આ પુરાતન સ્થાનકમાં નિયમિત 'ધૂપ-દીપ-સેવા-પૂજા' કરવાની પરંપરા સ્વ. શ્રી વાલજીભાઈ નારાણજી હેડાઉ તથા તેમનાં પરિવાર દ્વારા વર્ષોથી જાળવી રાખવામાં આવી છે.



આજે પણ શ્રી ભવાનીશંકર વાલજીભાઈ છેલ્લા ૫૫ વર્ષથી આ 'ધૂપ-દીપ-સેવા-પૂજા' નિયમિત રીતે કરે છે. વર્ષોથી દર મહિનાના 'ચંદ્ર દર્શન'ના દિવસે સાંજે આ પૂજામાં નિયમિત રીતે બધા જ 'હેડાઉ' પરિવારો જેવા કે શ્રી ઇંદરજીભાઈ રવજીભાઈ પરિવાર, શ્રી નરસિંહભાઈ માવજીભાઈ પરિવાર, શ્રી મોરારજીભાઈ જાદવજીભાઈ પરિવાર, શ્રી મેઘજીભાઈ રતશીભાઈ પરિવાર, શ્રી પ્રાણલાલભાઈ માવજીભાઈ પરિવાર, શ્રી ચમનલાલભાઈ જેઠાલાલભાઈ પરિવાર વગેરે પરિવારો એકત્રિત થઈ પૂજન-અર્ચન તથા પ્રસાદની વિધિ કરે છે અને તેમાં ભાવપૂર્વક ભાગ લે છે. ઉપરાંત સમયાનુસારે અંજાર, માંડવી જેવા કચ્છ જીલ્લાનાં અન્ય સ્થળોનાં 'હેડાઉ' પરિવારો પણ ઉપસ્થિત થતાં હોય છે. તેમજ નવરાત્રી, દીપાવલી, નવું વર્ષ અને અન્ય ઉત્સવોનાં દિવસોમાં પણ ઉપરોક્ત બધા જ પરિવારો આ સ્થાનકે ભાવપૂર્વક ઉપસ્થિત થતાં હોય છે.

ભુજના સ્વ. શ્રી વાલજીભાઈ નારાણજી હેડાઉની વડીલોપાર્જીત અને વારસાઈ અધિકારવાળી માતાજીનાં સ્થાનકવાળી (હેડાઉ ડેલીવાળી) જગ્યા તેમણે પોતાના કૌટુંબિક બહેન અને 'હેડાઉ' પરિવારનાં નિયાણી સ્વ. વાલુબેન (ઢોરીવાલા)ની તરફેણમાં વર્ષો પહેલાં લખી આપેલ. આમ છતાં હેડાઉ પરિવારના કુળદેવી માતાજીનું એ સ્થાનક તેમાં ચાલુ રહેવા દીધેલ. આ જગ્યાને સન ૨૦૦૧નાં વિનાશક ભૂકંપમાં નુકસાન થયું હતું. આથી થોડા સમય માટે મૂર્તિઓની પધરામણી તથા તેમની પૂજા ભુજનાં ગણેશનગર વિસ્તારમાં રહેતા શ્રી નંદલાલભાઈ મેઘજીભાઈ હેડાઉનાં નિવાસસ્થાન પાસે કરેલ. ત્યારબાદ હેડાઉ નુખનાં બધા જ પરિવારોનાં નાણાંકીય સહયોગથી હેડાઉ ડેલીવાળી માતાજીનાં સ્થાનકવાળી મૂળ જમીન ખરીદી લેવામાં આવેલ અને શ્રી ઈશ્વરભાઈ વાલજીભાઈ હેડાઉ તથા શ્રી નીતિનભાઈ અમૃતલાલભાઈ હેડાઉની અંગત અને સક્રિય દેખરેખ હેઠળ કુળદેવી માતાજીનાં સ્થાનકનું પુનઃ નિર્માણ કરવામાં આવેલ અને ચૈત્ર સુદ-૨, રવિવાર, તા. ૧૦-૪-૨૦૦૫નાં રોજ વિધિપૂર્વક હોમ-હવન કરી કુળદેવી માતાજીની મૂર્તિઓનું પુનઃ પ્રતિષ્ઠાન અને પુનઃસ્થાપન કરવામાં આવેલ. સમગ્ર કચ્છ જીલ્લાનાં 'હેડાઉ' પરિવારોનાં બધા જ સભ્યો દર વર્ષે મહા સુદ સાતમનાં રોજ કુળદેવી માતાજીનાં આ સ્થાનકમાં એકત્રિત થઈ ભાવપૂર્વક પૂજન-અર્ચન, નૈવેદ્ય વિધિમાં ભાગ લઈ સમૂહ પ્રસાદ લે છે.

કચ્છ જીલ્લાના 'હેડાઉ' પરિવારોનાં ઉપરોક્ત દેવ-સ્થાન ઉપરાંત 'ફૂલપુર' ગામે પણ શ્રી વેરાઈ માતાજીનું એક પુરાતન મંદિર આવેલ છે. ગુજરાત રાજ્યનાં બનાસકાંઠા જીલ્લામાં આવેલ સાંતલપુરથી આશરે ૩૦ કિ.મી. દૂર 'વારાહી' ગામ આવેલ છે. આ ગામથી અંદરનાં ભાગે અંદાજે



૩ કિ.મી. દૂર 'ફુલપૂર' ગામ આવેલ છે. આ મંદિરના દર્શને પણ ઘણા 'હેડાઉ' પરિવારો નિયમિત રીતે જતા હોય છે. આ મંદિરમાં પણ શ્રી વેરાઈ માતાજી અને શ્રી ચામુંડા માતાજીની મૂર્તિઓનું સ્થાપન થયેલ છે. તે મંદિર તથા મૂર્તિઓનાં ફોટોગ્રાફ્સ આ સાથે આપેલ છે. આ મંદિર અંગે વધુ માહિતી મેળવવાના પ્રયત્નો થઈ રહ્યા છે.

સમગ્ર ગુજરાત રાજ્યની આપણી જ્ઞાતિમાં 'હેડાઉ' પરિવારોની સંખ્યા પ્રમાણમાં ઓછી છે અને કૌટુંબિક સંબંધો પણ પેઢીઓ દૂરનાં હોય છે, છતાં નિયમિત રીતે એકત્રિત થવું, જુદા જુદા પ્રસંગો - ઉત્સવોની સાથે ઉજવણી કરવી અને પ્રેમપૂર્વક સક્રિય સંપર્કમાં રહેવાનાં તેઓનાં પ્રયત્નો નોંધપાત્ર અને ઉદાહરણીય છે.

'હેડાઉ' પરિવારોની બધી જ પ્રવૃત્તિઓ ભુજનાં શ્રી વાલજીભાઈ નારાણજીભાઈ હેડાઉ પરિવાર, શ્રી ઇંદરજીભાઈ રવજીભાઈ હેડાઉ પરિવાર, શ્રી નરસિંહભાઈ માવજીભાઈ હેડાઉ પરિવાર વિગેરે તથા અંજારનાં શ્રી નારાણજીભાઈ ગોવિંદજીભાઈ હેડાઉ પરિવાર અને શ્રી કાનજીભાઈ ગોવિંદજીભાઈ હેડાઉ પરિવાર વગેરેનાં સક્રિય માર્ગદર્શન, યોગદાન અને સહિયારા સહયોગથી થાય છે.

'હેડાઉ' પરિવારોનાં કૌટુંબિક સારા પ્રસંગો જેવા કે લગ્ન-પ્રસંગ, ઝંડા ઉતારવા (બાલ મુવારા), શ્રીમંત પ્રસંગ વગેરે પ્રસંગોએ 'શ્રી ગણેશજીનું પૂજન', માઈ પૂજન તથા નૈવેદ્ય થતાં હોય છે. ઉપરાંત નીચે દર્શાવેલ નૈવેદ્ય નિયમિત રીતે કરવામાં આવે છે.

- **કારતક સુદ પાંચમ (લાભપાંચમ) :**

આ નૈવેદ્ય હેડાઉ પરિવારોનાં ઘેર પાણિયારા પાસે અથવા પવિત્ર જગ્યાએ તલનો ચુરમો, ઢોસાનો ચુરમો, ચોળા ધરાવીને તથા શ્રીફળ વધેરીને આ દિવસે બપોરનાં સમયે કરવામાં આવે છે. આ નૈવેદ્યનાં સમયે ગાયનાં ગોબરની નાની કુંડી બનાવી તેમાં કાચું દૂધ પણ ચઢાવવામાં આવે છે.

- **મહા સુદ સાતમ :**

શ્રી કુળદેવી માતાજીનાં સ્થાનકમાં બપોરના સમયે અંદાજે ૧૨.૦૦ વાગે શ્રી માતાજી સન્મુખ આ દિવસે ઐ નૈવેદ્ય ધરવામાં આવે છે. આ મોટા નૈવેદ્ય છે, જેમાં ઘઉંના લોટમાંથી આઠ નાના અને એક મોટો એમ નવ દીવડા બનાવી, પાંચ-પાંચ પૂરીઓ ઉપર એક એક દીવડો એમ આઠ દીવડા અને વચ્ચે મોટો દીવડો પધરાવી પ્રગટાવવામાં આવે છે. આ નૈવેદ્ય પૂજા સમયે શ્રી માતાજી સન્મુખ લાપસીનાં નૈવેદ્ય ધરવામાં આવે છે.

- **ફાગણ સુદ પૂનમ (હોળી) :**

શ્રી કુળદેવી માતાજીનાં સ્થાનકમાં આ દિવસે શ્રી માતાજી સન્મુખ લાપસીનાં નૈવેદ્ય ધરીને, રાત્રે પૂજન કરવામાં આવે છે.

- **ચૈત્ર સુદ આઠમ :**

શ્રી કુળદેવી માતાજીનાં સ્થાનકમાં આ દિવસે શ્રી માતાજી સન્મુખ લાપસીનાં નૈવેદ્ય બપોરનાં સમયે ધરવામાં આવે છે તથા પૂજન કરવામાં આવે છે.

- **અષાઢી બીજ :**

અષાઢ મહિનાના 'ચંદ્ર દર્શન'ની સાંજે શ્રી માતાજીનાં સ્થાનકમાં શ્રી કુળદેવી માતાજી સન્મુખ લાપસી નૈવેદ્ય ધરી, પૂજન કરવામાં આવે છે.

- **શ્રાવણ સુદ પાંચમ (નાગ પાંચમ) :**

ઘરમાં પાણિયારા પાસે અથવા પવિત્ર જગ્યાએ શુધ્ધિકરણ કરી આ દિવસે, બપોરનાં સમયે આ નૈવેદ્ય વિધિ કરવામાં આવે છે. જેમાં તલનો ચુરમો, ઢોસાનો ચુરમો, મગ ધરાવીને તથા શ્રીફળ વધેરીને નૈવેદ્ય ધરવામાં આવે છે.

- **આસો સુદ આઠમ (નવરાત્રી) :**

શ્રી કુળદેવી માતાજીનાં સ્થાનકમાં શ્રી માતાજીનાં સન્મુખ આ દિવસે બપોરના સમયે પૂજન-અર્ચન સાથે લાપસીનાં નૈવેદ્ય ધરવામાં આવે છે.

- **આસો વદ ચૌદસ (કાળી ચૌદસ):**

કાળી ચૌદસની રાત્રે પીળી ખીચડી, ભજીયા, તલનો લાડવો વગેરેનો ભોગ ધરાવી, 'મામા'ને નૈવેદ્ય ધરવામાં આવે છે.

- **આસો વદ અમાસ (દિવાળી) :**

દિવાળીની રાત્રે, શ્રી કુળદેવી માતાજીનાં સ્થાનકમાં શ્રી માતાજીનાં પૂજન-અર્ચન સાથે લાપસીનાં નૈવેદ્ય ધરવામાં આવે છે.

# શ્રી રાયપુર મહિલા મંડળ

## 'જ્ઞાતિસેતુ'ને

## * * * નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ * * *

અધ્યક્ષ



શ્રીમતી ઊર્મીલાબેન વી. પોમલ

સહ-અધ્યક્ષ



શ્રીમતી હર્ષાબેન એચ. પોમલ

સચિવ



શ્રીમતી કિરણબેન ડી. બારમેડા

સહ-સચિવ



શ્રીમતી વામિનીબેન સી. બારમેડા

કોષાધ્યક્ષ



શ્રીમતી ધ્રુપાલીબેન સી.

સહ-કોષાધ્યક્ષ




શ્રીમતી ઊર્વશીબેન ડી.

### • કાર્યકારિણી સદસ્ય •



બ્રીન્દાબેન જે. બુદ્ધભટ્ટી



દિપીકાબેન જે. કટ્ટા



કલ્પનાબેન વી. બારમેડા



વંદનાબેન એચ. પોમલ



યોગીતાબેન એમ. બારમેડા

# કૌશિક ગોત્રના પરિવારો
## ગેહલોત, ગુજરાતી કે ગોહિલ, ચનાણી, ચૌહાણ અને પવાર

- તુલસીદાસ કંસારા (અમદાવાદ)

આજે મારા હાથમાં એક વ્યક્તિ દ્વારા લખાયેલ વંશાવળી આવેલ છે. એક ડઝન પેઢીઓને કવર કરતી આ વંશાવળીની કેટલીક ખૂબીઓ છે. જે તેનું પૃથ્થકરણ કરતાં જણાય છે. પ્રથમ તો બે રાજ્ય પદ્ધતિ, રાજાશાહી અને લોકશાહી.. ને સાંકળતી કડી સમાન ન્યાયતંત્રના એક ખૂબ જ જવાબદાર ન્યાયાધીશ અને કચ્છના નામાંકીત ઈતિહાસવિદ્‌ના હસ્તે તે લખાયેલ છે અને બીજું તેમણે તથ્યોની ચકાસણી કરી પુરાવાઓના ઉલ્લેખ સાથે વિષય વસ્તુને યોગ્ય ન્યાય આપેલ છે. તેમણેઆ માહિતી જ્યાંથી મેળવેલ છે તે ભાટનું સરનામું પણ આપેલ છે જેથી ચકાસણી કરવાની હોય તો કોઈ પણ જીજ્ઞાસુ આ જુના ચોપડાઓ ભાટ શ્રી ભીમરાજના વંશ વારસો પાસેથી મેળવી, તપાસીને વધારાની માહિતીનો અભ્યાસ કરી શકે છે.

ગોવિંદજીથી શરૂ થતી અને આશરે ત્રણસો સાડા-ત્રણસો વરસોને આવરી લેતી આ પેઢીમાં આપણી જ્ઞાતિના Legend કહી શકાય એવા નામો સંકળાયેલ છે. આ વંશાવલીમાં અમૂક જ નામોનો વંશ આગળ વધતો જણાય છે. જ્યારે બાકીના નામોની નીચે મીંડું આવી જાય છે જે કદાચ દર્શાવે છે કે તેમની પેઢી આગળ વધેલ નથી કે પછી તે વિષે લખનાર પાસે માહિતી નથી. તે જમાનામાં કોઈ કુટુંબ નિયોજનનો વિચાર કે કાયદો ન હતો તેથી કુટુંબો વિશાળ બનતા પરંતુ મેડીકલ સારવારના અભાવે જીવાદોરી કદાચ ઓછી હોવાથી સાત આઠ ભાઈઓમાંથી એકાદ બેનો જ વંશવેલો આગળ વધતો.

મને મળેલ વંશાવલીની ફોટો કોપીમાં આવી બાર પેઢીમાંથી જોઈએ તો ગોવિંદજીના ૪ પુત્રો જેમાંથી ૩ નો વેલો આગળ ધપેલ નથી. માત્ર પ્રતાપસિંહનો વેલો ૭ પુત્ર રત્નો સાથે આગળ વધેલ છે. જેમાંથી માત્ર માવજી અને વર્ધમાને તેમના વંશને આગળ વધારેલ. તે જમાનો પુરુષ પ્રધાન હોવાથી દીકરીઓનો ઉલ્લેખ જોવા મળતો નથી. તેથી જ્યારે ૭ પુત્ર રત્નો જન્મતા હોય તો કેટલીક પુત્રીઓ પણ જન્મેલ હોઈ શકે. મતલબ સંયુક્ત પરિવારોની સંખ્યા વિશાળ હોવી જોઈએ. માવજીના વંશમાં બે પુત્રો ગોપાલજી માવજી અને નેણશી માવજી, જ્યારે વર્ધમાનના વંશમાં દેવકરણની પેઢી લુપ્ત થતી જણાય છે. કલ્યાણજીની પેઢી આગળ વધેલ નથી. માત્ર એક લખમશી વર્ધમાનને ત્રણ પુત્રો, નામે અર્જુન, ખીમજી અને હરચંદ સાથે તેમનો વેલો આગળ વધારેલ છે. અહીં પણ અર્જુન અને તેમના ભાઈ ખીમજીનો વંશ થોડી પેઢી બાદ આગળ વધ્યો નથી. જ્યારે હરચંદ લખમશીના ત્રણ પુત્રોમાંથી માત્ર ઓધવજીનો વેલો આગળ ધપે છે. આવી જ રીતે માવજીના વંશમાં પણ બનેલું છે.

ગોવિંદજીની પહેલી પેઢીએ પ્રતાપસિંહ અને બીજી પેઢીએ માવજી તેમજ વર્ધમાન. અને આ માવજીની સાતમી પેઢીએ હંસરાજભાઈ, ચાલીસ વર્ષ દિલ્હીના સ્વાસ્થ્ય મંત્રાલયમાં ઉચ્ચ હોદ્દા પર કાર્યરત રહી, નિવૃત્તિ બાદ અમદાવાદમાં છેલ્લા દાયકામાં કચ્છી સમાજના મુખપત્ર 'કચ્છશ્રુતિ'નું માનદ્‌ તંત્રી પદ શોભાવીને તેને લોકપ્રિય બનાવ્યું અને તેઓશ્રી અત્યારે તેના માનદ્‌ સલાહકાર તરીકે દિશા સૂચન કરી રહેલ છે. તદુપરાંત તેઓશ્રી આપણી જ્ઞાતિના મુખપત્ર 'જ્ઞાતિસેતુ'ના સ્થાપક મુખ્યતંત્રી છે. આવી જ રીતે તેમના સૌથી નાના ભાઈશ્રી અરૂણભાઈ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ છે. તેમના પુત્ર આનંદ ગાંધીધામની સાલ-સ્ટીલમાં ઈલેક્ટ્રીકલ એન્જીનીયર તરીકે કાર્યરત છે. પુત્રી અંજલી ભુજના મિતેષ પોમલ, બૂલિયન મર્ચન્ટના પત્ની છે. તેમના અન્ય બે ભાઈઓ સ્વ. રમેશભાઈ અને રાજેન્દ્રભાઈનો વેલો પણ આગળ વધેલ છે. સ્વ. રમેશભાઈના બે સુપુત્રોમાંના એક ભુજમાં ટેકસેસન કન્સલ્ટન્ટ છે અને બીજા પુત્ર ગાંધીધામની એક ફર્મમાં સારો નોકરી ધરાવે છે. પુત્રી જ્યોતિ અમદાવાદમાં પરણાવેલ છે. એમના પતિ રશ્મીન બારમેડા મીકેનીકલ એન્જીનીયર છે. રાજેન્દ્રભાઈના પણ બે પુત્રો છે. જેઓ એમના પિતાશ્રી સાથે ટેક્સેસન પ્રેકટીસ કરે છે અને પુત્રી મોસમી એલ.એલ.બી. કર્યા પછી HDFC બેંકમાં કાર્યરત છે.

ગોવિંદજી પ્રતાપસિંહ પરિવારની નવમી પેઢીનો ઈતિહાસ જોઈએ તો, માવજીભાઈના ભાઈ વર્ધમાનભાઈની નવમી પેઢીએ શ્રી કિશોરભાઈ જટાશંકર ચનાણી જેઓ ભુજ

જ્ઞાતિમંડળના પ્રમુખ છે. અને આ કિશોરભાઈના મામી તે આ લખનારના નાના ફઈબા થતા હતા. કિશોરભાઈ પણ લખનારના કાકાફઈબાના જમાઈ થાય છે.

આ લખનારને જ્યારે નોકરીમાં દાખલ થવાનું હતું ત્યારે ઓળખાણ રૂપે એક ચિઠ્ઠીની જરૂરત ઉભી થયેલ ત્યારે પણ વડીલ શ્રી ઠાકરશીભાઈ ન્યાયાધીશ સાહેબે આજથી પચાસ વર્ષ પહેલાં લખી આપેલ સર્ટીફિકેટ અત્યારે પણ તેની પાસે મોજુદ છે. આ તો ત્યારના સમય અને સંજોગોમાં જ્ઞાતિનું મહત્વ કેટલું હતું અને જ્ઞાતિના વડીલો કેવી રીતે ઉપયોગી થતા હતા અને કેવો ઉમદા સ્વભાવ ધરાવતા હતા, તેની ઝલક મેળવી, યાદદાસ્તને તાજી કરવાનો એક પ્રયત્ન છે. અને માત્ર આડવાત તરીકે જ તેનો ઉલ્લેખ કરેલ છે.

ફરી મૂળ વાત પર આવીએ તો શ્રી ઠાકરશી પુરુષોત્તમ - ડુંગરશી - પ્રેમજી - રામજી - નેણશી - માવજી - કંસારાનો પરિવાર પણ બહોળો છે અને તેની એક પાંખ રાજધાની દિલ્હી સુધી વિસ્તરેલ છે. દિલ્હીમાં હાલે શ્રી હંસરાજભાઈ ઠાકરશી કંસારાના ત્રણ પુત્રો રહે છે.

### અમદાવાદ મંડળ અને જ્ઞાતિ સેતુનો વિચાર....

શ્રી હંસરાજભાઈ ઠાકરશીભાઈના જયેષ્ઠ પુત્ર શ્રી શૈલેષભાઈ જે હાલે ભુજમાં કચ્છમિત્રના વ્યવસ્થાપકની જવાબદારી સંભાળી રહેલ છે. તેઓશ્રી અગાઉ દિલ્હી તેમજ અમદાવાદમાં દિલ્હી પ્રેસના પ્રતિનિધિ તરીકે કાર્યરત હતા. અમદાવાદનું આપણું મંડળ સ્થાપવામાં તેમનો સહમંત્રી તરીકેનો ફાળો નોંધનીય હતો તેમજ આપણી જ્ઞાતિનું મુખપત્ર જ્ઞાતિ સેતુ તેમના દિલ્હી પ્રેસના અનુભવને કારણે જ અસ્તિત્વમાં આવેલ છે. તેમના પુત્ર એટલે કે નવમી પેઢી એ પુત્ર હની છે તેઓ મીકેનીકલ એન્જીનીયર છે અને અમદાવાદમાં એમની વ્યવસાયીક ફર્મ છે. નાના પુત્રી ખ્યાતિ એમ.કોમ. થયેલા છે. હંસરાજભાઈના બીજા પુત્ર નિકીત દિલ્હીની આઈઆઈટીમાંથી એમ.ટેક. થયેલ છે અને હાલે દિલ્હી ખાતે ભારત સરકારના 'બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડસ'ના સાયંટીસ્ટ છે અને આ સંસ્થાની લેબોરેટરીના ડિરેક્ટર છે. એક પુત્રી અને એક પુત્ર છે. પુત્રી કૃતિએ બાયો મેડીકલ એન્જીનીયરીંગ કર્યું છે. અને પેટન્ટની US Firm કાર્યરત છે. ત્રીજા પુત્ર પરેશ ભારત સરકારના માહિતી ખાતામાં કાર્યરત છે. એમની બે સુપુત્રીઓ છે. નેહા અને પૂર્વી. નેહા C.A. કરેલ છે. જ્યારે પૂર્વી કમ્પ્યુટર એન્જીનીયરીંગ છે. શ્રી હંસરાજભાઈના સૌથી નાના પુત્ર મનીષ એક ઉચ્ચ દરજ્જાના સ્કલ્પચર આર્ટીસ્ટ છે. જેમના પુત્ર હાલમાં જ સેકન્ડરી સ્કૂલ પરિક્ષામાં 'એ' ગ્રેડ મેળવેલ છે.

શ્રી હંસરાજભાઈની સુપુત્રી દિપ્તીબેન - નાગપુરમાં પરણાવેલ છે. એમના પતિશ્રી રાજેશકુમારનો ઈલેક્ટ્રોનીક્સ ક્ષેત્રે પોતાનો ટેકનીકલ વ્યવસાય છે.

### પાવાગઢમાં કાલિકાના મંદિરમાં સિંહ ફાળો.....

આ વંશાવળીની એક નોંધવા લાયક વાત એ પણ છે કે વર્ધમાનના વંશમાં ચોથી પેઢીએ થયેલ ઓધવજીના એક પુત્ર સુંદરજીના વારસ ગલુમલ અને તેમના પુત્ર નેનમલ જોધપુર રાજસ્થાનમાં તે સમયે સ્થાયી થઈ ગયેલ જણાય છે. જ્યારે મુળજીનો વેલો ભુજ જ્ઞાતિના હાલના પ્રમુખશ્રી કિશોરભાઈ ચનાણી સુધી વિસ્તરેલ છે. આ ઐતિહાસિક માહિતી પરથી કહી શકાય કે જ્યારે હિજરતની પ્રક્રિયા ચાલુ થયેલ હશે ત્યારે કેટલાક ભાઈઓ રાજસ્થાનમાં પણ રહી ગયેલ હશે. જ્યારે સમય અને સંજોગો મુજબ કેટલાક અંજારમાં સ્થાયી થઈ ગયેલ હોઈ શકે અને આગળ વધતાં કેટલાકે ભુજમાં રહેણાંક પસંદ કરેલ હોય અને આ ચારસો - પાંચસો વરસ પહેલાંના મારવાડથી કચ્છ સુધી થયેલ લાંબા સ્થળાંતરનો ઈતિહાસ તો ખરેખર રસપ્રદ હશે જેમાંથી આપને આ વખતે આટલી માહિતી સાંપડેલ છે. એક ન્યાયાધીશના પરિવારની અને તેની સમાંતર પેઢી ભુજના જ્ઞાતિ શિરોમણીના પૂર્વજોના પરિવારોની.

અહીં જણાવ્યા મુજબ આ પરિવારના પૂર્વજ પ્રતાપસિંહે પાવાગઢના મા કાલિકાના મંદિરને ચણાવવામાં કે તેનો જીર્ણોદ્ધાર કરવામાં શ્રદ્ધા અને ભક્તિથી રસ લઈને સિંહ ફાળો આપેલ હતો, એવું પણ એ વંશાવલી સાથેની વિગત પરથી ફલીત થાય છે.

## ભુજ જ્ઞાતિ શિરોમણી વડીલ
## શ્રી જટાશંકર વેલજી ચનાણી

આજે આપણી વચ્ચે આ સૌમ્ય વ્યક્તિત્વ સદેહે નથી પરંતુ વિવિધ સ્થળે વસતા આપણી જ્ઞાતિ તેમજ મોટાભાગના અન્ય કચ્છી સમાજોની યાદોમાં તેઓ હંમેશ માટે અંકિત રહેશે.

લગભગ સદી ફટકારવાને આરે પહોંચેલ શ્રી જટુભાઈ માટે તો એમ કહી શકાય કે એક નિરામય દેહના નિજાનંદી માલિક, એક બહોળા સંયુક્ત પરિવારના કર્તા,

કેપ્ટન, તેમની દરેક ઈનિંગ હસતે મોઢે રમીને છેલ્લે બોલે સેલ્ફ આઉટ થયા. સમાજ માટે બધું જ કરી છૂટવું છતાં હોદ્દો તો બાજુએ રહ્યો પણ નામની પણ જેમને તમા નહિં તેવા વડીલને જ્ઞાતિ શિરોમણીથી વધારે ક્યું વિશેષણ ઉચિત હોઈ શકે ? સામાન્ય રીતે આપણી જ્ઞાતિમાં શબ્દના ઉત્તરાર્ધમાં 'આણી' આવતું હોય તેવી ઓળખો કદાચ બેજ છે, એક દામાણી અને બીજા ચનાણી, પરંતુ મોટા ભાગના દામાણી પરિવારના લોકો પોતાને બુદ્ધિભટ્ટી, સોની કે કંસારા તરીકે ઓળખાવે છે. તે બાજુ, ત્યાંની ભાષામાં ગેહલોત નૂખ સામાન્ય છે. શક્ય છે કે ગેહલોતનું ગોહિલ થઈ ગયેલ હોય.

## આપણા સમસ્ત પરિવારો માટે<br>સર્વથા સન્માનીત જ્ઞાતિ શિરોમણી<br>શ્રી વેલજી આણંદજી ચનાણી પરિવાર

આશરે ૧૦૦ વર્ષ જૂની આ પેઢીની વિકાસયાત્રા તેમજ વિનમ્ર સેવા ભાવનાનો પરિચય.

મહારાવ શ્રી ખેંગારજીના રાજાશાહીના સમયમાં તત્કાલીન કચ્છી ચાંદીકામ-મીનાકામ તેની ટોચ ઉપર હતું ત્યારે શ્રી વેલજીભાઈએ ભુજ ખાતે કંસારા બજારમાં ચાંદીના તોડા-કડલાં બનાવવાનું શરૂ કરી એક સમૃધ્ધ- પ્રતિષ્ઠાવાન ભાવિ વેપારી પેઢીની જાણે પાયાવિધિ કરી...!

સમય જતાં તેમનાં બે પુત્રો શ્રી જટુભાઇ તથા શ્રી મગનભાઇ તેમની જોડે વ્યવસાયમાં જોડાયા. ચાંદીકામની કારીગરી સાથે તેઓએ ધીરેધીરે સોનાના વ્યાપાર જગતમાં પ્રવેશ કર્યો. અથાક પરિશ્રમ અને દૂરંદેશી વિચારધારાને પરિણામે ધંધાનો વિકાસ દિનબદિન હરણફાળ ભરતો થયો. શુધ્ધતા, ગુણવત્તા અને નીતિમત્તાના પ્રખર આગ્રહને પરિણામે સોના-ચાંદીની ક્ષિતિજે એક દેદીપ્યમાન સૂરજનો "ફ.છ."ના નામથી ઉદય થઇ રહ્યો હતો.

પણ, તેઓની વ્યાવસાયિક વિકાસયાત્રામાં જબ્બર વેગ ત્યારે આવ્યો કે જ્યારે કુટુંબનું યુવાધન શ્રી કિશોરભાઇ, શ્રી ચંદ્રકાન્તભાઇ, શ્રી હર્ષદભાઇ, શ્રી વિનોદભાઇ, શ્રી પ્રદીપભાઇ, શ્રી અનિલભાઇ તેમાં સક્રિય જોડાયાં....!

બદલાતાં જતાં સમય-સમાજની તાસીર પારખી આભૂષણોમાં નિત્ય નવી ડિઝાઇનો, કલાકૃતિઓ વગેરે ગ્રાહકને પીરસતાં રહ્યાં. સમાજનાં લગભગ તમામ વર્ગ જેવાં કે પાટીદાર, જૈન, લોહાણા, ક્ષત્રિય, ખત્રી, મુસ્લિમ કોઇ વર્ગ એવો નહોતો કે જેમને ત્યાં તેઓના દાગીના ન હોય!

કાળક્રમે, કૌટુંબિક વિસ્તરણ અને વધુ સરળતાપૂર્વક ધંધાનું આયોજન-વિસ્તરણ થઇ શકે તે માટે પરિવારનું બે પ્રવાહમાં વિભાજન થયું.

(૧) જટુભાઇ વેલજી એન્ડ સન્સ J.V.

(૨) વેલજી આણંદજી ફ.છ.

આ બન્ને નામો સોના ચાંદીના વેપાર જગતમાં જાણે સીમાચિન્હ બની રહ્યાં. આટલો વિકાસ, આટલી ઉન્નતિ, સમૃધ્ધિ શેને આભારી રહ્યાં...? એકમાત્ર કુટુંબના વટવૃક્ષ સમા વડીલ શ્રી જટુભાઇના પ્રેરક માર્ગદર્શનને આધારે જ સ્તો...

"નીતિ, ગુણવત્તા, અને પ્રતિષ્ઠા" જેમનો જીવનમંત્ર છે તેવા શ્રી જટુભાઇના માર્ગદર્શન હેઠળ અથાક મહેનત, ચુસ્ત સમયપાલન, લશ્કરી શિસ્તની સાથે સાથે સસ્મિત વિનય પૂર્વકની ગ્રાહકસેવા.... આ તમામ ગુણો અને તેમનાં સંસ્કારનો વારસો તેઓનાં કુટુંબમાં સુપેરે ઉતરી આવેલ છે.

વ્યવસાયિક પ્રગતિના તમામ સોપાન સર કરવાની સાથે સાથે આ કુટુંબે પોતાની સામાજીક જવાબદારી હંમેશા બખૂબી નિભાવી છે. આર્થિક, શૈક્ષણિક, તબીબી સહાય, સાંસ્કૃતિક, સામાજીક સમસ્યાઓ.... દરેક ક્ષેત્રમાં તેઓનું યોગદાન અપૂર્વ-અપ્રતીમ રહ્યું છે. વખતોવખત સમાજને જ્યારે પણ જરૂર પડી છે ત્યારે આ પરિવાર તન-મન-ધનથી સેવા આપવા તત્પર હોય છે. ઇ.સ. ૨૦૦૧ના ભૂકંપ પહેલાં મારૂં કંસારા સોની લગ્ન વાડી-ભુજ માટે તેઓના પરીવાર દ્વારા રૂા.૧૨ લાખનું માતબર દાન થયેલું. હાલ જટુભાઇ વેલજી પરીવાર તરફથી ભુજ ખાતે કંસારા બજાર રીંગ રોડ ઉપર સમાજ માટે પાર્ટીપ્લોટનું બાંધકામ ચાલુ છે જે સંપૂર્ણ થઇ જશે.

તદુપરાંત, સમાજના શૈક્ષણિક ફંડ હોય કે મેડિકલ ખર્ચ હોય, સમૂહ લગ્નનું આયોજન હોય કે સરસ્વતી સન્માન કાર્યક્રમ હોય, સાંસ્કૃતિક કાર્યક્રમ સહિત તમામ ક્ષેત્રે આ કુટુંબ દિન-રાત તન-મન-ધનથી સેવા આપી રહ્યો છે.

આ વિશાળ વટવૃક્ષ સમાન કુટુંબના સંબંધીઓ મુખ્યત્વે રાયપુર, મુંબઇ, દિલ્હી, અમદાવાદ, પોલેન્ડ, અમેરિકા તથા ભુજ અંજાર ખાતે સ્થાન ધરાવે છે.

સંસ્કૃત સુભાષિત "विद्या विनयेन शोभते" અનુસાર આ પરિવારના તમામ સભ્યો સુસંસ્કૃત, સંસ્કારી અને વિનયી હોવા ઉપરાંત માનવતાના પ્રહરી છે. માત્ર લક્ષ્મીને મહત્ત્વ ન આપતાં, જીવનમાં ઉચ્ચ મૂલ્યો, સંસ્કાર, ભાઇચારો, સદભાવ, ઐક્ય અને કૌટુંબિક ભાવનાને બળવત્તર બનાવે

તેવા વિચારોને પોષનાર પરિવાર છે. સમાજનો નાનામાં નાનો વ્યક્તિ પણ તેમના પાસે જઈને ઘેઘૂર વડલા હેઠળ જે શીતળતાનો અનુભવ પામે તેવી હૂંફ, પ્રેમ અને વાત્સલ્ય પામે છે. દરેક સમાજ માટે આવા કુટુંબ દીવાદાંડી સમાન હોય છે જે લોકોના જીવનમાં પથદર્શક હોય...!

## ગુજરાતી (ગેહલોત) પરિવાર - માનકુવા

રાજસ્થાનથી સ્થળાંતર કરી આવેલા બ્રાહ્મણ, સુવર્ણકાર પરિવારોએ કચ્છના અનેક ગામડાઓમાં કાયમી વસવાટ કર્યો છે. આરંભે એકાદ બે પરિવાર અને પછી તેના વંશજોએ ગામડામાં રોજગાર અર્થે રહ્યા તેમણે એ ગામને પોતાનું બનાવી, એ ગામના તેમજ સમાજના વિકાસમાં શક્ય યોગદાન આપ્યું. આવા જ એક 'ગેહલોત' અટકના પરિવાર – જેણે માનકુવાને કર્મભૂમિ બનાવી તેની આછેરી ઝલક અત્રે પ્રસ્તુત છે.

આપણે મૂળ બ્રાહ્મણ સુવર્ણકાર તરીકે ઓળખાઈએ છીએ. શ્રીમાલ પુરાણ અનુસાર બ્રાહ્મણ સુવર્ણકાર લક્ષ્મીજીની માળામાંથી ઉત્પન્ન થયેલ છે. ત્રેતાયુગમાં ૧૨૫૨ વૈશાખ સુદ તૃતીયા અને રવિવારનાં દિવસે બ્રાહ્મણ સુવર્ણકાર જાતિની સ્થાપના થઈ. આ જાતિમાં ૯ ગોત્ર અને ૮૪ અટકોનો સમાવેશ છે, જેમાંની એક અટક ગુજરાતી (ગેહલોત)ની માહિતી નીચે મુજબ છે.

★ ગોત્ર : કૌશિક ★ ભૈરવ : કાળભૈરવ
★ શાખા : કૌયુમી ★ યક્ષ : કામેશ્વર
★ દેવી : આશાપુરા ★ ગણેશ : ગોવત્સ
★ શંકર : ત્ર્યંબકેશ્વર ★ સતી : ચાંગબાઈ

જેનું મૂળ સ્થાન રાજસ્થાનનું ભાટુંડ ગામ છે. મૂળ રાજસ્થાનના મારવાડ પ્રદેશમાં રહેતા મારવાડ (રાજસ્થાન)ના એક ગેહલોત પરિવારે આજથી આશરે ૪૦૦ વર્ષ પહેલાં ગુજરાતના કચ્છ જીલ્લામાં ધમડકા ગામે વસવાટ કર્યો. આ પરિવારના વડા જગશીભાઈ હતા. ત્યારબાદ આશરે ૧૦૦ વર્ષ બાદ આ પરિવાર ભુજથી ૧૨ કિ.મી. દૂર એવા માનકુવા ગામે સ્થાયી થયા. ત્યારથી આ પરિવારના વંશજો માટે માનકુવા માતૃભૂમિ સમાન છે.

આપણા સ્વર્ણિમ સમાજના વિકાસમાં આ પરિવારની અનેક પ્રતિભા સંપન્ન વ્યક્તિઓએ સામાજીક, રાજકીય તથા અન્ય ક્ષેત્રે પ્રગતિશીલ રહી, પોતાનું યોગદાન કરેલ છે. જેમાં સૌપ્રથમ સ્વ. શ્રી ખેતશીબાપાને મૂકી શકાય. દિન-દુઃખીયા અને જરૂરતમંદ ગરીબ લોકોની તકલીફો વચ્ચે જાતે હાજર રહી સેવા કરવી, એ એમનો જીવનમંત્ર હતો. તેમના જ પુત્રો શ્રી વાલજીભાઈએ વકીલાત ક્ષેત્રે તથા શ્રી પ્રભુદાસભાઈ (તેઓશ્રી હાલે અખિલ ભારતીય મહામંડળના પ્રમુખ છે) પિતાના પગલે ચાલી સમાજમાં પોતાનું અમૂલ્ય પ્રદાન કરી રહ્યા છે. આ ઉપરાંત રાજકીય ક્ષેત્રે શ્રી હેમેન્દ્રભાઈ કંસારા તથા અધિક જીલ્લા સરકારી વકીલ તરીકે શ્રી ચંદ્રકાંત સી. ગુજરાતી ફરજ બજાવે છે.

ગુજરાતી પરિવારનું દેવસ્થાન માનકુવામાં છે. જ્યાં વર્ષમાં ત્રણ વખત પરિવારના સભ્યો સાથે મળી ગોઠ કરે છે. આ ઉપરાંત સરસ્વતી સન્માન, શૈક્ષણિક સહાય અને મેડિકલ સહાયની પ્રવૃત્તિઓ પણ હાથ ધરે છે. જેમાં સ્વ. શ્રી ખેતશી ખેંગાર ટ્રસ્ટ હંમેશા મદદરૂપ થાય છે. માનકુવામાં આપણા સમાજની આ પ્રવૃત્તિઓને આગળ ધપાવવામાં શ્રી બકુલભાઈ, મુકુંદભાઈ, મહેશભાઈ, દિનેશભાઈ, પ્રફુલ્લભાઈ, બીપિનભાઈ તથા પ્રતિશ સોનીનો સાથ સહકાર મળે છે. *લેખન સહયોગ : શ્રી મહેશભાઈ કંસારા*

## શ્રી ઠાકરશી પુરૂષોત્તમ કંસારા

સ્વ. શ્રી ઠાકરશી પુરૂષોત્તમ કંસારા ન્યાયાધીશ, વહીવટકર્તા, અધ્યાપક, ઈતિહાસકાર, લેખક અને ચિંતક હતા.

૨૦ ફેબ્રુઆરી, ૧૯૦૮ના કચ્છ મુંદ્રા ખાતે એમનો જન્મ થયો. કચ્છમાં તેમની જ્ઞાતિમાં B.A., LL.B. સુધીનું ઉચ્ચ શિક્ષણ મેળવનાર તેઓ પ્રથમ હતા.

૧૯૩૩માં તેઓ વકીલ થયા. ૧૯૩૮માં ન્યાયાધીશ નિમાયા. એક ઈમાનદાર - ન્યાયપ્રિય ન્યાયાધીશ તરીકે કચ્છ તેમને ક્યારેય ન ભૂલે એવી અમિટ છાપ તેમણે ઉપસાવી.

તેઓશ્રીએ નિવૃત્ત થયા બાદ ગુજરાતની પ્રખ્યાત જીંથરી ટી.બી. હોસ્પિટલ ખાતે વહીવટદાર તરીકે સેવાઓ આપી. ત્યારબાદ ભુજની ડી.એલ. લૉ કોલેજમાં પ્રાધ્યાપક તરીકે કાયદાના વિદ્યાર્થીઓને પોતાના જ્ઞાનનો લાભ આપ્યો.

શ્રી ઠાકરશીભાઈએ એક લેખક તરીકે 'સંધ્યાના રંગ', 'ગુજરાતના સીમાડે', 'ઝારાનું યુધ્ધ', 'ક્રાંતિની જ્યોત' જેવી ઐતિહાસિક નવલકથાઓ લખી. 'પથિક' સામાયિકમાં તેમના લેખો, વાર્તાઓ અને એક ધારાવાહિક નવલકથા નિયમિતરૂપે પ્રસિધ્ધ થઈ હતી. આ ઉપરાંત સ્વદેશ, રંગતરંગ, અખંડ આનંદ અને કચ્છમિત્ર જેવા દૈનિક અને સામાયિકોમાં તેમના લેખ અને વાર્તાઓને સ્થાન મળતું. એમના કાયદા વિષયક લેખો 'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા' અને


'નેશનલ હેરાલ્ડ' જેવા અંગ્રેજી રાષ્ટ્રીય દૈનિકોમાં પણ પ્રકાશિત થતા.

તેમજ ભગવદ્ ગીતા અને મહાભારત ઉપર એમની સંશોધનયુક્ત પુસ્તિકાઓ પ્રગટ થઈ છે.

૨૦ જાન્યુઆરી, ૧૯૯૬ના રોજ એમનું અવસાન થયું.

## પુણ્યાત્માનો પરિચય

### સ્વ. ખેતશી ખેંગાર સોની



બેઠી દડી, એકવડો બાંધો, વાત્સલ્યસભર વદન, અંગે ખાદીનો ઝભ્ભો અને ધોતિયું, એક હાથમાં ટિફીન અને બીજા હાથમાં ફળો અને દવાઓની થેલી સાથે આ સીધાસાદા એકલપંથી મિતભાષી માડુ ભુજની જનરલ હોસ્પિટલમાં કોઈ દર્દીની પથારી નજીક પહોંચે ત્યારે એ દર્દીની આંખોમાં એમના માટેનો અહોભાવ સ્પષ્ટ વરતાય. આ વિરલ વ્યક્તિનું નામ માત્ર હોસ્પિટલ પૂરતું જ જાણીતું નથી. ભુજવાસીઓ અને કચ્છના અનેક ગ્રામવાસીઓ માટે આજે પણ એમનું નામ 'આદરયુક્ત' છે. સન ૧૯૯૩માં ભુજ નગરપાલીકાએ સ્વ. ખેતશીબાપાની 'સેવા સ્મૃતિ જાળવવા ભુજની સદા હસતી અને વસતી બજાર કંસારા ચોકથી લોહાર ચકલા સુધીના માર્ગને, સોની ખેતશી ખેંગાર પાર્ક નામકરણ કર્યું હતું. તો હવે, ભુજના હૃદયસમા વિસ્તારમાં જાતપાત, આયુ કે આવક કોઈ પણ પ્રકારના ભેદ વિના આબાલવૃધ્ધ સહુ કોઈ બેઘડી વિસામો લઈ શકે આશાયેરા મેવી શકે તેવા અદ્યતન ઉદ્યાન સાથે એમનું નામ યોગ્ય રીતે જોડાય છે.

શ્રી ખેતશીભાઈનો જન્મ તા. ૧૩-૯-૧૮૯૬ના રોજ ભુજ તાલુકાના માનકુવા ગામમાં, શ્રીમતી ગંગુબાની કુખે થયો. એમના પિતાશ્રીનું નામ ખેંગારભાઈ. જાતે કચ્છી મારૂ કંસારા સોની. વ્યવસાય સોની કામ. માનકુવામાં એમની નાનકડી દુકાન હતી. ઉંમરલાયક થતાં એમણે પૈતૃક વ્યવસાય સંભાળી લીધો. પ્રેમુબેન સાથે એમનાં લગ્ન થયાં. ઘરગૃહસ્થી સંભાળી. દંપતિને કુલ આઠ સંતાન - ચાર પુત્ર અને ચાર પુત્રી. સમય જતાં પુખ્ત થયેલા એક પુત્ર શ્રી પ્રભુદાસભાઈએ ભુજમાં સોના-ચાંદીની દુકાન કરી.

શ્રી ખેતશીભાઈએ પણ એમની સાથે ભુજમાં વસવાટ કર્યો. ગામડાનો જીવ. શરૂઆતમાં તો ગોઠ્યું નહીં. બીમાર પડ્યા. બીમારી દરમ્યાન હોસ્પિટલમાં એમણે ગામડાઓમાંથી આવતા ગરીબ દર્દીઓની હાલત જોઈ. સ્વભાવે બાળપણથી જ માયાળુ એટલે સહેજે અનુકંપિત થયા અને એમણે એમના નિવૃત્તિકાળની એક પ્રવૃત્તિ તરીકે આ સેવા કાર્યનો આરંભ કર્યો. એમનું આ સેવાકાર્ય એમના જીવનના અંતિમ શ્વાસ સુધી એમણે તેમજ એમના પરિવારે સતત જાળવી રાખ્યું. શ્રી ખેતશીબાપા જ્યાં સુધી જીવિત રહ્યા ત્યાં સુધી તેઓ જાતે જ કાર્ય કરતા. દર્દીઓને દરરોજ રૂબરૂ મળવું. એમાંના જે જરૂરતમંદ હોય તેમને આવવા જવાના ભાડા સહિત દવાઓ, ફળફળાદી અને ભોજન જાતેજ પહોંચાડ્યું. એ એમનો નિયમ હતો.

એમના સુપુત્ર શ્રી પ્રભુદાસભાઈએ કહ્યું કે, "બાપુજી, દરરોજ સવારે પૂજા-પાઠ કરી રૂપિયા લઈ બજારમાં નીકળે. કોઈ સામું મળે અને કહે, ખેતશીબાપા, મને ૨૫ રૂપિયાની જરૂરત છે. બાપુજી એન તરત રૂપિયા આપી દે. કોઈ કહે, ખેતશીબાપા મને ૧૦૦ રૂપિયાની જરૂરત છે. બાપુજી એને નિરાશ ન કરે. સાંજે જ્યારે પાછા અમને મળે ત્યારે અમને કહે, આજે આટલા રૂપિયા વધ્યા, તો ક્યારેક કહે, આજે બધા પૈસા વાપરી આવ્યો. બાપુજીએ હંમેશા પોતાના હાથે જ કામ કર્યું છે અને આજે બાપુજીનું વાવેલ અમે લણી રહ્યા છીએ."

શ્રી ખેતશીબાપા ૯૫ વર્ષની ઉંમરે તા. ૪-૧-૧૯૯૨ના રોજ નિર્વાણ પામ્યા. પરંતુ, તેઓના આદર્શ કાર્યોને તેમના પુત્રો પિતાનાં અમૂલ્ય વારસાની જેમ જતન કરી સતત વધારતા રહ્યા છે. શ્રી રામમાં અતૂટ શ્રધ્ધા ધરાવનાર અને પ.પૂ.શ્રી મોરારીબાપુને ગુરૂ સમાન માનનાર શ્રી પ્રભુદાસભાઈ રામાયણની ચૌપાઈ "રઘુકુલ રીતિ સદા ચલી આઈ..."ની જેમજ પિતાનાં આદર્શ કાર્યોનાં વારસાનું સુપેરે જતન કરી રહ્યા છે.

સન ૧૯૯૫માં શ્રી સોની ખેતશી ખેંગાર ચેરીટેબલ ટ્રસ્ટનું નિર્માણ કર્યું. આ ટ્રસ્ટ દ્વારા કોઈપણ નાત-જાતના ભેદભાવ વગર ગામડાઓમાં દર મહિને ઘઉંનું વિતરણ કરવું, દવા તથા ફળનું વિતરણ કરવું, નિઃશુલ્ક મેડિકલ કેમ્પનું આયોજન કરવું, શિયાળામાં ધાબળાનું વિતરણ કરવું, વિદ્યાર્થીઓ માટે રાહતદરે નોટબુકોનું વિતરણ તથા જરૂરતમંદ વિદ્યાર્થીઓને નિઃશુલ્ક શાળાકીય સુવિધાઓ (ચોપડાઓ, અભ્યાસ ફી, ગણવેશ વિગેરે) આપવાનું કાર્ય શ્રી પ્રભુદાસભાઈ કરી રહ્યા છે.

બરોડાની ફોરેન મિશનરી તથા રોટરી ક્લબના સંયુક્ત ઉપક્રમે, જેમને જન્મતા જ હોઠમાં ખોડ હોય (ફાટેલ હોઠ) તેમના ઓપરેશનના શિબિરના આયોજનમાં શ્રી પ્રભુદાસભાઈ દ્વારા આર્થિક સહયોગ આપવામાં આવે છે.

છેલ્લા ત્રણ વર્ષથી રાજકોટના ડો. શ્રી લાભુભાઈના દાંત યજ્ઞનું આયોજન પણ શ્રી પ્રભુદાસભાઈ દ્વારા કરવામાં આવે છે.

કોઈપણ નાત-જાતના ભેદભાવ વગરના ઉપરોક્ત સેવાકીય કાર્યો ઉપરાંત શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ - ભુજના વિદ્યાર્થીઓ માટે રાહતદરે નોટબુકોનું વિતરણ, જરૂરતમંદ વિદ્યાર્થીઓને નિઃશુલ્ક શાળાકીય સુવિધાઓ તથા સ્કોલરશીપ આપવાનું કાર્ય શ્રી પ્રભુદાસભાઈ દ્વારા કરવામાં આવે છે. તદુપરાંત જ્ઞાતિનાં કોઈપણ કાર્યમાં શ્રી પ્રભુદાસભાઈ સદા અગ્રેસર હોય છે.

શ્રી સદવિચાર પરિવાર, ભુજમાં શ્રી ખેતશી બાપાએ પ્રમુખપદે યોગદાન આપ્યું હતું, તેવી જ રીતે શ્રી પ્રભુદાસભાઈ પણ શ્રી સદવિચાર પરિવાર, ભુજના પ્રમુખપદે યોગદાન આપી રહ્યા છે. આ પરિવારનાં સેવાકીય કાર્યોમાં શ્રી પ્રભુદાસભાઈ આર્થિક સહયોગ આપી રહ્યા છે.

સન ૨૦૦૧માં આવેલ વિનાશકારી ભૂકંપ બાદ માધાપર ખાતે એક રૂમ - રસોડાવાળા ૧૭ મકાનોનું નિર્માણ કરી, કશાય નાત-જાતના ભેદભાવ વગર, ચાર વર્ષ સુધી લોકોને નિઃશુલ્ક આવાસીય સુવિધા પૂરી પાડી હતી. તદુપરાંત મેડિકલ સહાય, ભોજન સહાય, ધાબળા વિતરણનું કાર્ય પણ કર્યું હતું. જેમાં ફક્ત ભુજ જ નહીં, પરંતુ આસપાસના ગામડાઓના લોકોને પણ સેવા આપી હતી.

## પવાર

તા. ૧૩-૯-૨૦૧૫ના રવિવારના રોજ પવાર કુશાભાઈ ઠાકરે હોલ, રામોલ, અમદાવાદ મધ્યે સમસ્ત કંસારા સમાજના ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટ તરફથી તેજસ્વી વિદ્યાર્થીઓને સત્કારવાનો સમારંભ ઉજવાઈ ગયો. તેમાં ૧૦ સન્માનનીય શિક્ષણ ક્ષેત્રના મહાનુભાવો તેમજ એક વિશિષ્ટ સન્માનનીય ડૉ. નારાયણભાઈ કંસારા (પીએચ.ડી. સંસ્કૃત, રાષ્ટ્રપતિ ચંદ્રક સન્માનિત)નું દબાદબા સાથે સાલ ઓઢાડીને મોમેન્ટો આપી બહુમાન કરવામાં આવ્યું.

વિશિષ્ટ સન્માનિત બુઝુર્ગ ડૉ. નારાયણભાઈ વિશે ખાસ જાણકારી એ મળી કે તેઓએ જ્યારે સંસ્કૃત વિષયમાં ડૉકરેટ મેળવી ત્યારે તેમણે લખેલ થીસીસનું મૂલ્યાંકન કરવા માટે આપણા હિન્દુસ્તાનમાં કોઈ નિષ્ણાંત મળેલ નહી. તેથી જર્મની, જ્યાં સંસ્કૃતના નિષ્ણાંતો છે, તેમની પાસે મૂલ્યાંકન કરાવવાનો નિર્ણય... લેવો પડેલ. અને કદાચ આજ કારણે આ વિષયમાં ડૉકટરેટ મેળવનાર આપણા કંસારા સમાજના ગૌરવપ્રદ એવા ડૉ. નારાયણભાઈને રાષ્ટ્રપતિ ચંદ્રકથી સન્માનિત કરવામાં આવેલ.

## શ્રી ચંદ્રકાન્ત નાગરદાસ કંસારા (પવાર)



અન્ય મહાનુભાવોમાંથી મારૂ કંસારાના એક માત્ર શ્રી ચંદ્રકાન્ત નાગરદાસ કંસારાનું સન્માન કરવામાં આવેલ. જેમનો ટૂંકો પરિચય અહીં આપેલ છે.

શ્રી ચંદ્રકાન્તભાઈનો જન્મ ૧૯૫૦માં નડિયાદ મુકામે થયો. ૧૬ વરસની ઉંમરે શેઠ સી.એન. કોલેજ ઓફ ફાઈન આર્ટસમાં એપ્લાઈડ અભ્યાસ શરૂ કર્યો. સાથે પેઈન્ટીંગ અને સ્કલ્પચરનો અભ્યાસ પણ કર્યો.

૧૯ વર્ષની ઉંમરે, ૧૯૬૯માં તો તેઓ શેઠ સી.એન. કોલેજ ઓફ ફાઈન આર્ટસમાં જ લેકચરર તરીકે જોડાયા. ત્યારથી છેક ૨૦૦૮ સુધી ત્યાં જ. નિવૃત્તિ આચાર્યપદેથી લીધી.

સંદેશ દૈનિકની રવિપૂર્તિમાં લગભગ ૬ વર્ષ સુધી નિયમિત કળા વિષયક કોલમ એ તેમનું કલમરૂપે પ્રદાન. નજદિકના ભવિષ્યમાં લોકાર્પણ થનાર તેમના બે પુસ્તકોના નામ છે. 'વો અક્સર યાદ આતે હૈ' અને 'ખોજ ખોજ ગયે હાર'. ચિત્રકલા ઉપરાંત સંગીતનો અનન્ય શોખ, શાસ્ત્રીય સંગીતનો અભ્યાસ પણ કર્યો. સંગીત, વિશારદ અને ત્યાર બાદ સંગીત અલંકારમાં પણ સુવર્ણ ચંદ્રક મેળવ્યા. વિવિધ ચિત્રકારો, કલાકારો અને સંગીતકારો પર દૂરદર્શન માટે ડૉક્યુમેન્ટરી બનાવી. ડઝન કરતાં વધુ ગુજરાતી ટીવી સિરિયલ્સમાં સંગીત પણ આપ્યું છે. પોતાના કંઠમાં જ બે ઓડિયો સીડી રેકોર્ડ કરેલ છે.

શ્રી ચંદ્રકાન્તભાઈ કહે છે તેમ સંગીત તેમને ગળથૂથીમાં તેમના પિતાશ્રી નાગરદાસ (જેઓ નડિયાદમાં સંગીત વિદ્યાલય ચલાવતા અને તે સમયમાં મૂંગી ફિલ્મો આવતી ત્યારે થીયેટરમાં પડદા પાસે બેસીને, હારમોનિયમ અને તબલાને તાલે ફિલ્મમાં આવતા સીન સાથેના ગીત સ્વમુખે ગાતા) અને ચિત્રકલા પણ તેમને મોસાળ તરફથી વારસામાં મળેલ છે. કારણ કે તેમના બંને મોટા મામાઓ શ્રી પ્રાગજીભાઈ અને દામજીભાઈ બુદ્ધભટ્ટી રાજકોટમાં તે સમયે અવલદરજ્જાના આર્ટીસ્ટ હતા, જેઓ ત્યાં ભુજવાળા તરીકે જાણીતા હતા.

•

# ચૌહાણ પરિવારની પરંપરાઓ

- જગદીશ દયારામ ચૌહાણ (ભુજ)



કૌશિક ગોત્રના ચૌહાણ પરિવારો કચ્છમાં ૨૫ કુટુંબો સાથે ૧૧૮ની સંખ્યા ધરાવે છે. અમદાવાદમાં એક પણ ચૌહાણ પરિવાર નથી. આપણે ૧૨ મા પ્રકરણમાં ''અન્ય''માં ભૂત ની ઓળખની વાત કરેલ છે તે ભાઈશ્રી જગદીશ દયારામ ચૌહાણે મોકલાવેલ માહિતી પ્રમાણે આ ચૌહાણ કુટુંબોના અમુક પરિવારોની ઓળખ બનેલ છે, જેમની સંખ્યા જામનગરમાં વિશેષ જોવા મળે છે.

ભુજમાં નાનાલાલ વેલજી ચૌહાણનો સંયુક્ત પરિવાર માધાપર મુકામે રહે છે અને ચૌહાણ પરિવારોમાં સૌથી વધારે ૧૩ ની સંખ્યા ધરાવે છે.

## ચૌહાણ કુટુંબની માહિતી

ચૌહાણ કુટુંબનો વંશજ મૂળ રાજસ્થાનથી ૩૦૦-૩૫૦ વર્ષ પૂર્વે કચ્છમાં આવેલો. રાજસ્થાનમાં ચૌહાણ કુટુંબના કુળદેવી આશાપુરા માતાજી નાડોલ મધ્યે આવેલ છે. અને ખેતરપાળદાદાનું મંદિર નાડોલથી ૨૦ કિ.મી. દૂર ખેતલીયાજી તરીકે ઓળખાતા ગામમાં આવેલો છે. રાજસ્થાનમાં સાલાવાસ નામનું ગામ આવેલું છે. જે જોધપુરથી ૨૨ કિ.મી. દુર આવેલ છે. તે ઘરમાં ભૂત રાત્રે કામ કરતા. જે મકાન ૩૫૦-૪૦૦ વર્ષ જુનું છે.

રાજસ્થાનથી કચ્છ આવીને ચૌહાણ ભાયાતાઓ માંડવી તાલુકાના મોટા આસંબીયા મધ્યે ગામ વસાવ્યું અને અમુક ભાયાતોએ જામનગર તેમજ અન્ય શહેરોમાં ગયા. જામનગરમાં જે ભાયાતો છે તેઓ આજે ભૂત નૂખ તરીકે ઓળખાવે છે અને કચ્છના ભાયાતો ચૌહાણ નુખ ધરાવે છે. ઘરે ભૂત કામ કરતા એટલે ઓળખ ભૂતની પડી, બાકી કુટુંબ એક જ છે.

ભુજથી મોટા આસંબીયા ૪૦ કિ.મી. થાય છે. આ ગામમાં ચૌહાણ કુટુંબના દેવસ્થાન બિરાજે છે. ત્યાં રહેવા માટે ઉતારાની વ્યવસ્થા છે.

જેઠ સુદ-૯ ના પુરસા દાદાના નૈવેદ સમુહમાં કરાય છે. ચૌહાણના કુળદેવી આશાપુરા માં પણ બિરાજે છે. ભાદરવા સુદ બીજના માતાજીનો પાટોત્સવ ઉજવાય છે અને હવન કરી પ્રસાદ સમૂહમાં ભાયાતો લે છે. ગામની બહાર વાડીમાં ભુતાડા દાદા તેમજ ખેતરપાળ દાદાનું સ્થાન છે. ભુતાડા દાદાને જેઠ સુદ-૯ના ઘુઘરી તેમજ ગોળનો નૈવેદ ચડાવવામાં આવે છે અને ખેતરપાળ દાદાને તલવટનો પ્રસાદ ચડાવવામાં આવે છે.

પુરસાદાદાના નૈવેદમાં લાપસી, મીઠી ભાત, ગોળતલ, ઘુઘરી તથા નારીયેળનો પ્રસાદ ધરવામાં આવે છે. આશાપુરા માં ને ભાદરવા સુદ બીજના હવન કરી સીરાનો પ્રસાદ ચડાવવામાં આવે છે. નવરાત્રી દરમિયાન ગામની બહેનો દ્વારા નવ દિવસ સુધી ગરબા લેવાય છે તેમજ સાંજે સ્તુતિ કરવામાં આવે છે.

ચૌહાણ કુટુંબમાં ભુતાવડાદાદા-પુરસાદાદા તેમજ ખેતરપાળદાદા દરેક કુટુંબ માટે દુવાકુ સાબિત થયા છે. તેમનો પરચો હાજરાહજુર છે. પહેલા બધાં કુટુંબ બસમાં આવજાવ કરતા પરંતુ જે શ્રદ્ધાથી આવેલા છે તેઓ આજે પોતાના વાહનથી આવે છે.

આ બન્ને પ્રસંગે બહારગામથી તેમજ કચ્છમાં વસતા ૧૨૫ કુટુંબ સાથે મળીને સમૂહમાં પ્રસંગ ઉજવે છે. આ સિવાય હોળી તેમજ દિવાળી પડવાના દિવસે ઘાવલસાપીરને મુઠીયાનો લાડુ નંગ-૧ ચડાવવામાં આવે છે. તેમજ કાળી ચૌદશની સાંજે ઘરના પુરૂષો દ્વારા પાણીયારા ઉપર સિંદૂર ચડાવીને તલ, જાર, મીઠીભાત, લાપસી અને નાળીયેર તથા અલગથી ભુતારાદાદા માટે જાર, તલ, ઘીનો પ્રસાદ તેમજ લોબાનનો ધૂપ કરવામાં આવે છે. દિવાળીના દિવસે સાંજે પાણીયારે ઘી થી તરેલી પુરી તેમજ ઘઉંના લોટનો શીરો અને નાળીયેર - આશાપુરી ધૂપ કરવામાં આવે છે.

ચૌહાણ કુટુંબના જેમના ઘરે લગ્ન પ્રસંગ લેવાય છે તેમની છેડાછેડી દાદાના મંદિરે છોડવામાં આવે છે અને દાદાના આશીર્વાદ લેવાય છે. તેમજ મુંડનની વિધી દાદાના મંદિરે તેમજ ઘરે કરી શકાય છે. મુંડન વિધી વખતે દાદાને નૈવેદ ચડાવવામાં આવે છે. - જય આશાપુરા.

**તા.ક. :** ***આ માહિતી અમારા કુટુંબમાં પરંપરા મુજબ ચાલી આવતી વિધી મુજબ આપેલ છે.***

# ગુજરાતી ગેહલોત પરિવાર-માનકુવા

- બકુલભાઈ ગુજરાતી • મહેશભાઈ ગુજરાતી (ભુજ)

મારૂ કંસારા સોની જ્ઞાતિની વિવિધ અટકો જ્યારે રાજસ્થાનથી સ્થળાંતરિત થઈ અને ગુજરાત સૌરાષ્ટ્ર કચ્છ વિવિધ જગ્યાએ સ્થિર થતા ત્યાંની પરિસ્થિતિ, રીતરિવાજ, રસમને પોતાના જીવનમાં વણી લીધા. અને ધર્મ સંપ્રદાયને અપનાવી લીધા તેવી જ રીતે કચ્છમાં પણ ગેહલોત પરિવારનો આગમન થયેલ અને ક્યાંથી આવ્યા, કેવી રીતે આવ્યા અને ગુજરાતી કેમ કહેવાયા એ અંગે જ્ઞાતિના ભાટ પાસેથી મળેલ માહિતી મુજબ આપણી ઉત્પત્તિ સતયુગના પ્રથમ ભાગમાં થયેલ છે. તેત્રા યુગના ધર્મગ્રંથો તથા ઈતિહાસમાં જેનો ઉલ્લેખ છે. તેમજ મહાભારતમાં પણ બતાવેલ છે. પરશુરામે જ્યારે નિરંકુશ ક્ષત્રિય રાજાઓનો સંહાર કરેલ ત્યારે એ ક્ષત્રિય રાજાના પરિવારોએ આપણો આશરી લીધેલ છે.

આપણે અસલ બ્રાહ્મણી સોની પરિસ્થિતિ તથા પરિવર્તનના કારણે આપણી જ્ઞાતિમાં યુગેયુગે પરિવર્તન આવેલ છે. પુરાણોની દંતકથાના આધારે મારવાડ (રાજસ્થાન)માં માલનગર બહુ જ જુનું નગર આવેલ છે જે યુગોથી અલગ અલગ નામેથી પ્રચલિત છે. જેવાં કે, માલનગર, રત્નમાલનગર, ભીલમાલનગર વગેરે અને બધા ઈતિહાસમાં બતાવેલ છે.

સંવત ........ વૈશાખ વદ-૩ ને રવિવારના રોજ આપણી બ્રાહ્મણી સોની તરીકે સ્થાપના થયેલ છે. સતયુગની સમાપ્તિ બાદ આપણો સમાજ પોતાના ધંધાર્થે ભારતના દરેક રાજ્યમાં ફેલાઈ ગયેલ છે.

આપણી બ્રાહ્મણીઆ સોનીની આખા ભારતમાં ૮૪ અટકો છે અને એના ૯ ગોત્રો પૈકી આપણું ગુજરાતી ગેહલોત ભાઈઓનું ગોત્ર કૌશિક છે. આપણો વેદ ઋગ્વેદ છે, આપણી શાખા કૌયુમી છે, આપણી ભાગ્યોવી આશાપુરા છે, આપણા શંકર ત્ર્યંબકેશ્વર છે, આપણા ગણેશ ગૌવસ્ત છે, આપણા ભૈરવ કાળભૈરવ છે અને આપણા યક્ષ કામેશ્વર છે.

આપણા પરિવારમાં થયેલ સતીમાં તથા સુરધનદાદાના પરિવાર અંગેની માહિતી મેળવવાની મને હજુ બાકી છે. જે મળ્યા બાદ તેના સ્થાનક ક્યાં આવેલ છે તે તથા આપના ખેતરપાળ અંગે જાણવું આપના માટે ખૂબ જ જરૂરી છે.

મારવાડમાંથી આપણું ગુજરાતી ગેહલોતનું માત્ર એકજ કુટુંબ આવેલ છે જેને કચ્છમાં ૪૦૦ વર્ષ થયા અને આપણે બધાય એકજ વંશના પરિવારજનો છીએ.

રાજસ્થાન (મારવાડ)માંથી ધંધાર્થે આવેલ આપણા બાપા જગશીબાપાની મૂળ અટક ગેહલોત છે. તેઓ ગુજરાત-કચ્છમાં સ્થાયી થતાં આપણી અટક ગુજરાતી ગેહલોત પડેલ છે. અને આપણો પરિવાર આજે ગુજરાતી ગેહલોત તરીકે ઓળખાયેલ છે.

આપણા કચ્છમાં અંજાર તાલુકામાં ધમડકા ગામ આવેલ છે જે તે સમય ધમધમતું ગામ હતું અને રાજસ્થાનમાંથી બીજી જ્ઞાતિના કચ્છમાં વસનારાઓ પણ ધમડકામાં આવી વસેલ છે અને આપના વડીલ જગશીબાપા પણ પોતાના કુટુંબ સાથે પ્રથમ ધમડકામાં આવી વસેલ છે.

## ગુજરાતી-ગેહલોત પરંપરાઓ - નૈવેદ્ય

ગુજરાતી ગેહલોત પરિવાર દેવસ્થાન કચ્છમાં માનકુવા મુકામે આવેલ છે. આજ પણ વર્ષમાં આસો સુદ-૮, મહા સુદ-૮ તેમજ ચૈત્ર સુદ-૮ના હવન તેમજ નૈવેદ્ય અને ગોઠી પ્રસાદ કરવામાં આવે છે. આ પરિવારના ૬૪ ખંડના નૈવેદ્ય માનકુવા સ્થાન ઉપર જ કાળી ચૌદશના કરવામાં આવે છે. વર્ષ દરમ્યાન સંયુક્ત પરિવારની ગોઠીનું પણ આયોજન કરવામાં આવે છે. જેમાં નિયાણીને સહપરિવાર નિમંત્રણ આપવામાં આવે છે અને પ્રસાદ બાદ નિયાણીને લહાણી આપવામાં આવે છે. પરિવારમાં નૈવેદ્ય જુની પ્રણાલિકા પ્રમાણે કરવામાં આવે છે જેમાં કાળી ચૌદશના ૬૪ ખંડ નૈવેદ્ય જે માત્ર માનકુવા મૂળસ્થાનમાં થાય છે જેમાં નીચે મુજબ નૈવેદ્ય કરવામાં આવે છે.

(૧) ચામુંડા માતાજી : સેકેલા ઘઉંના ડારાની લાપસી

(૨) ભવાની માતાજી : કાચા ઘઉંના ડારાની લાપસી


(૩) સુરધનદાદા : ગોળવાળા મીઠી ભાત

(૪) ક્ષેત્રપાલદાદા : કાળા તલનો તલપીંડો

(૫) સતી માતાજી : ખીર, પુરી, ખજુર

નૈવેદ્ય ધરાવતી વખતે આ ચારે જગ્યાએ શ્રીફળ વધેરવાનું જેમાં ક્ષેત્રપાલદાદાને તલની, શ્રીફળ પ્રસાદ




નીયાણીને ન આપવો.

**ખણ ભરવામાં :** ઘીમાં તરેલ પુરી, મગની દાળના વડા, ચોરાની ખીચડી, અને દર્શન કરવા માટે બાફેલ ચોરા.

**આઠમના નૈવેદ્ય :** સેકેલા ઘઉંના ડારાની લાપસી

**મહા સુદ-આઠમ, ચૈત્ર સુદ અને આસો સુદ આઠમ :** કાચા ઘઉંના ડારાની લાપસી, ગોળવાળા મીઠી ભાત, કાળા તલનો તલપીંડો, ખીર, પુરી, ખજુર.

**લગ્ન પ્રસંગે :** સેકેલા ઘઉંના ડારાની લાપસી, કાચા ઘઉંના ડારાની લાપસી, ગોળવાળા મીઠી ભાત, કાળા તલનો તલપીંડો, ખીર, પુરી, ખજુર.

માયના નૈવેદ્ય કરવા જેમાં જુવાર બાફેલી નૈવેદ્ય પ્રસાદ સાથે મીક્ષ કરી આપવી.

**શ્રીમંત પ્રસંગે :** સેકેલા ઘઉંના ડારાની લાપસી, કાચા ઘઉંના ડારાની લાપસી, ગોળવાળા મીઠી ભાત, કાળા તલનો તલપીંડો, ખીર, પુરી, ખજુર.

માયના નૈવેદ્ય કરવા જેમાં જુવાર બાફેલી નૈવેદ્ય પ્રસાદ સાથે મીક્ષ કરી આપવી.

**ઝંડા / મુંડન પ્રસંગે :** (૧) પરિવારના ઘરે લગ્ન પ્રસંગે માંડવા નીચે જ ઝંડા/મુંડન કરવાનું, (૨) માય બેસાડેલ હોય ત્યાં મુંડન કરાવી, સ્નાન કરાવી, માય ના દર્શન કરાવવા અને માય પાસે દક્ષિણા મૂકવી, (૩) પરમુંડન દોઢ માસ બાદ કરવાના અને ઉપર મુજબના નૈવેદ્ય કરવાના અને જો નજદીક હોય તો દેવસ્થાન ઉપર નૈવેદ્ય કરવાના અને દૂર હોય તો પાણીયારે નૈવેદ્ય કરવાના. અને જ્યારે દેવસ્થાને જવાનું થાય ત્યારે બાળકને પગે લગાડી આવવાનું.

(૧) દરેક અજવાળી પાંચમના તેમજ ઘરના કોઈપણ સારા પ્રસંગે ક્ષેત્રપાલ દાદાના કુંડ ભરવાના.

(૨) સતીમાતાની ખીરની પ્રસાદી નોમના દિવસે કરવી.

(૩) લગ્ન પ્રસંગે છેડા-છેડી છોડવા ચુંદડીના બાંધેલા છેડા-છેડી છોડવા અને માય પાસે ગોળ અને ઘીના નૈવેદ્ય કરવાના.

(૪) લગ્ન પ્રસંગે પાનેતરના છેડા-છેડી છોડવા દેવસ્થાન ઉપર જવું, અને માતાજીના નૈવેદ્ય કરવાના.

(૫) પુત્ર જન્મ બાદ દોઢ માસ પછી નૈવેદ્ય કરવાના.

(૬) શ્રીમંત / ઝંડા / પરમુંડન / પાનેતરના છેડાછેડી / પુત્ર જન્મના નૈવેદ્ય વખતે જમણી બદલવાની. આ રીતે ગુજરાતી પરિવારના રીતરસમ અમલમાં છે.

**નોંધઃ** ગુજરાતી પરિવાર વિશે આથી વિશેષ જો કોઈની પાસે માહિતી ઉપલબ્ધ હોય તો અમોને જાણ કરવા વિનંતી. જેથી વિશેષ પ્રકાશ આ પ્રસંગે પાડી શકાય. સતી માતાનું મૂળસ્થાન ભાટુંડ, તા. બાલી, જી. પાલી, રાજસ્થાનમાં આવેલ છે. અત્રે દેવસ્થાન ઉપર તેમનો પ્રતિક સ્થાપિત કરવામાં આવેલ છે. આ તમામ વિગતોમાં કોઈ પણ ક્ષતિ હોય તો જણાવવા વિનંતી.

- **સ્વપ્ન ! આંખો બંધ કર્યા વિના ક્યારેય આવે નહીં અને સત્ય ! આંખો ખોલ્યા વિના ક્યારેય લાધે નહીં !**
- **સુખ હંમેશાં ધીમા પગલે આવે છે. દુઃખ દોડીને આવી જાય છે.**

# હરિતસ ગોત્રના બુદ્ધભટ્ટી અને બિજલાણી પરિવારો

- તુલસીદાસ કંસારા (અમદાવાદ)

## બુદ્ધભટ્ટી

આપણી જ્ઞાતિમાં એક બહોળો સમુદાય છે હરિતસ ગોત્રના બુદ્ધભટ્ટીઓનો છે. સૌરાષ્ટ્રમાં આ અટક ટૂંકાવીને 'બુદ્ધ' થઈ ગયેલ છે. જ્યારે આપણે ત્યો સાકરીયાભાટી માંથી ભાટી નીકળી ગયેલ છે. પરંતુ બુદ્ધને છેડે ભટ્ટી ચાલુ રહેલ છે.

આ બુદ્ધભટ્ટીઓમાં પણ "દામાણી" પરિવારના સાત પેઢી સુધીના વડવાઓની માહિતી મોટેભાગે મળે છે, જેમાંથી આપણે જાણી શકીએ છીએ કે આ પરિવારે ઈતિહાસમાં "લેન્ડમાર્ક" સમાન અનેક જ્ઞાતિરત્નો આપેલ છે. આ પરિવારનું ઉપનામ "દામાણી" ઉતરી આવેલ છે  મા મેઘબાઈ સતીના પુત્ર દામજીના નામ પરથી. આજથી લગભગ પંચાવન વર્ષો પહેલાં આ લખનારને ભુજથી અમદાવાદ આવવાનું થયેલ ત્યારે વડિલો પ્રત્યેના આદરને કારણે ઘીકાંટા મોટી હમામ પાસેના મુરબ્બી શ્રી પ્રાગજીકાકાને મળવા ગયેલ. જેમનો પરિવાર પ્રાગજી નાનજી ડોસા તરીકે ઓળખાય છે. ભુજમાં આવેલ સતીમાંની દેરીના અગાઉ થયેલ જીર્ણોદ્ધાર વખતે લગાવેલ આરસની તકતીમાં પણ એ નામનો ઉલ્લેખ છે.

### બુદ્ધભટ્ટી દામાણીમાં મેઘબાઈ સતીમાંના સંતાનો

"પરંપરા" કોલમમાં બુદ્ધભટ્ટી દામાણી પરિવાર વિશે સુધાબેન એ. બુદ્ધભટ્ટી સંકલિત માં મેઘબાઈ સતીમાં નો લેખ આ મણકાની શરૂઆત કરવા માટે પ્રેરક બની રહ્યો. આપણી જ્ઞાતિમાં એક બહોળા વટવૃક્ષ સમો સમુદાય ધરાવતા આ પરિવાર વિશે શ્રી પ્રાગજીકાકાએ વિગતે વાત કરેલ. હું જ્યારે તેમને મળ્યો, ત્યારે તેઓ તેમના વિશાળ ઘરમાં નીચે મોટા ડેલા જેવી જગ્યામાં સેટી ઉપર ગાડી-તકિયાને અઢેલીને બેઠેલ હતા. તેમણે પોતાના માથાના ટૂંકાવાળ પ્રત્યે અંગુલી નિર્દેશ કરીને સૌ પ્રથમ તો મને મારા લાંબા વાળ કપાવી ને તેમના જેવા ટૂંકા રાખવા, હસતા હસતા છતાં થોડા ગુસ્સામાં હોય તેવા વડિલ ભાવે સલાહ આપી. જે અહીં તેમના જ શબ્દોમાં મૂકેલ છે. "લાંબા વાળ સારા નહીં, મારા જેવા ટૂંકા વાળ કરાવી નાંખો, લાંબા વાળ વધારે લોહી પી જાય અને આપણી બુદ્ધિ ટૂંકી થઇ જાય, ટૂંકા વાળ સરસ દેખાય અને આપણું મોઢું પણ સરસ દેખાય" અને વાત આગળ ચલાવતા તેમણે એક કાગળ હાથમાં લીધો અને આ પરિવાર વિષે વિસ્તૃત માહિતી તે કાગળ ઉપર વંશાવળી રૂપે દોરીને આપી, જે કાગળ આજે પણ મારી પાસે છે.

શ્રી પ્રાગજી ભાઇએ આપેલ માહિતી કુંવરજીના સમયથી શરુ થાય છે. કુંવરજીના વિસ્તારમાં (૧) દયાળજી (૨) ડોસાજી (૩) શામજી (૪) દેવકરણ (૫) ચાંપશી (૬) જગશી અને (૭) વાઘજી એમ સાત પુત્રો હતો. જેમાંથી તેમના લખાણ મુજબ દયાળજીના બે પુત્રોના નામ પ્રેમજી અને વશરામ. ડોસાજીના વિસ્તારમાં લધા, નાનજી, ગોવિંદ અને દેવશી એમ ચાર નામ દેખાય છે. અને નાનજીના પુત્રોમાં પ્રાગજી, મણીલાલ, રતિલાલ અને શિવજીભાઇ એમ ચાર નામો આવે છે. અને અહીંથી પ્રાગજીભાઇ, જેમણે મને આ માહિતી આપેલ તેમના પરિવારમાં કિશોરચંદ્ર, શ્યામભાઇ, વિઠ્ઠલભાઇ અને મોરારભાઇ એમ ચાર દીકરાઓ હતા. આમ ડોસાજી થી શરૂ થયેલ ચાર ચાર પુત્રો ની હારમાળા ત્રણ પેઢી સુધી ચાલે છે અને પ્રાગજી કાકા ના ચાર પુત્રો પછી માહિતી મેળવવાની છે. આમ અત્યારે એક કુટુંબ લઇએ તો વિઠલભાઇના પુત્રમાં કિરીટભાઇ આવે અને શ્યામભાઇના પુત્ર પંકજભાઇ. એટલે કે પંકજ - શ્યામભાઇ - પ્રાગજીભાઇ - નાનજી - ડોસાજી - કુંવરજી એમ છ પેઢી થઇ. આવીજ રીતે આ લખનાર તુલસીદાસ - લક્ષ્મીચંદ (ભાઇલાલ) - કેશવજી - પ્રેમજી - દયાળજી - કુંવરજી એમ છ પેઢી થાય છે.

### શામજી (૩) ના પુત્ર — દેવશીના પુત્ર — રવજી

અહીં પણ નાનજીભાઇની પેઢી સિવાય ઘણી માહિતી ખૂટે છે. રવજી દેવશીના એક પુત્ર શ્રી મોહનલાલ રવજી બુધભટ્ટી એ વરસો પહેલા એક દામાણી સંગઠન સમિતિ શરૂ કરેલ જેની સભ્ય ફી વરસે ચાર આના રાખેલ અને આ સમિતિમાં સતીમાં ના મંદિરની દેખભાળ કરતી. તેમણે એક ઝૂંબેશ ચલાવી ને દરેક કુટુંબના સભ્યો પાસેથી સારી એવી માહિતી પણ એકત્રિત કરેલ જે એક ફાઇલમાં મૂકેલ, અને મેં તે ફાઇલ જોયાનું પણ યાદ છે. આ સમિતિ અત્યારે કાર્યરત છે કે નહીં તેની માહિતી નથી પરંતુ ૨૩ મી જાન્યુઆરી ૨૦૧૧ ના ઉજવવામાં આવેલ સતીમાંના પાટોત્સવના અહેવાલ ઉપરથી જણાય છે કે રામદાસ લાલજી

બુદ્ધભટ્ટી, જનકબેન ત્રિકમદાસ બુદ્ધભટ્ટી, હરેશ રમેશચંદ્ર બુદ્ધભટ્ટી, રાજેશ મગનલાલ બુદ્ધભટ્ટી, જીતેન્દ્ર નાનાલાલ બુદ્ધભટ્ટી, પરેશ રામદાસ બુદ્ધભટ્ટી, જીગર મોહનલાલ બુદ્ધભટ્ટી વિગેરે નવી યુવા પેઢીના કાર્યકર્તાઓ તૈયાર થઇ ગયેલ છે, અને તેઓ સતીમાંનો પાટોત્સવ પ્રણાલીગત રીતે ઉત્સાહ અને શ્રદ્ધાથી મનાવે છે, જે કારણે આ પરિવારના ભાઇ-બહેનો એકબીજાને મળી શકે છે અને ઓળખી શકે છે.

## બુદ્ધ અને ભટ્ટી નામના ભાઈઓ પરથી ઉતરી આવેલ ઓળખ

ભુજ જ્ઞાતિના ૨૦૦૯ના વસ્તીપત્રક મુજબ ૧૧૩૩ પરિવારોમાંથી ૨૨૬ પરિવારો બુદ્ધભટ્ટીઓના છે, જે ત્યાંની કુલ વસ્તીના ૨૦ ટકા થાય છે. બુદ્ધભટ્ટીઓના નૂખ વિશે આગળ વિચારીએ તો સોની કાન્તિલાલ નારણજી બુદ્ધભટ્ટી એ ડિસે.-જાન્યુ./૨૦૦૭ના સેતુમાં આપેલ માહિતી પ્રમાણે બુધ અને ભટ્ટી નામના બે ભાઈઓની વાત આ પ્રમાણે છે :

**● બે ભાઈઓની વાત :**

બુધ્ધભટ્ટી મધુદીક્ષીનાં વંશજ છે. સંવત ૧૬૨૦ના શાખ પડી ૪૪૩ વર્ષ થયા. મૂળ સિંધના (પાકિસ્તાન)થી આવેલ બુધ અને લાટી બે ભાઈ હતાં. જેમાં મોટાં ભટ્ટી અને નાનાં બુધ હતા. એક વખત સિંધમાં મુસલમાનોનો બળવો થયો. જેમાં હિન્દુ બહેન-બેટીઓની લાજ રાખવી મુશ્કેલ થઈ ત્યારે ભટ્ટીએ બુધને કહ્યું કે ''બહેન, બેટી અને બાળકો લઈને ભૂજ જા.'' બુધ ભુજ આવતાં હતાં, ત્યારે ભટ્ટી યુદ્ધે ચડ્યાં. યુદ્ધ લાંબું ચાલ્યું અને ભટ્ટી ઘવાયા. ભટ્ટી પાસે એક બળદ હતો જના પર તે વેપાર કરતાં. તેના પણ શિંગડા ઘવાયા. તેનાં શીંગડામાંથી લોહી વહેતું હતું. બુધ બાળકોને મૂકી પાછો ફર્યો. ત્યારે તેને થયું કે, ''ભાઈને ગોતવો ક્યાં?'' શીંગડામાંથી વહેતાં લોહીની નિશાનીનાં આધારે ભાઈને ગોત્યા. યુદ્ધમાં ઘવાયેલ ભાઈનાં શરીરમાંથી ઘણું લોહી વહી ગયું હતું. તેણે કહ્યું કે, ''હું બચીશ નહીં માટે તું મારી મરણોત્તર વિધિ કરી સંસાર આગળ વધાર અને અટક બુધ્ધભટ્ટી રાખજે. વંશને બુધ્ધભટ્ટી રાખજે.'' અને ભટ્ટી ગુજરી ગયાં. તેમનાં ધર્મપત્ની સતી થયા અને આજે પણ સતીમાં પૂજાય છે.

ભટ્ટી કારતક સુદ ૧૪નાં શુરાપુરા થયાં. રસ્તામાં નલીયા-કોઠારાની વચમાં જંગલમાં મુસલમાનોનો સામનો કર્યો. મુસલમાનોએ બહેન-બેટીઓ સોંપી દેવાની વાત કરી. બન્ને ભાઈઓએ આ વાત નકારી. બુધને બુધિયો અને ભટ્ટીને ભટિયો કહેતા.

બુધ કુટુંબ સહિત બળદ સાથે લઈને ભુજ આવ્યા. ભુજમાં કુટુંબની વ્યવસ્થા કરી અને મહારાવશ્રીને વાત કરી.

આ લખનારે આજે આ લેખમાં થોડી તેમના દાદાના પરિવાર તેમજ થોડી માં મેઘબાઇ વિશે તેમના મોટાભાઇ (કઝીન) સ્વ. ઇન્દ્રવદનભાઇ રાજકોટ પાસેથી સાંભળેલી વાત પણ કરવાની છે. તેમના દાદા એટલે કેશવજી-પ્રેમજી-દયાળજી-કુંવરજી એતો આપણે પ્રથમ મણકા માં જોયું. આ કેશવજી દાદાએ પ્રથમ લગ્ન બાદ રાજકોટમાં પંચનાથ વિસ્તારમાં આપણા દુકાન કરીને ચાંદીનું કામકાજ કરેલ, અને તેઓ ત્યાં ભુજવાળા તરીકે ઓળખાતા. હજુ પણ તેમનો પરિવાર તેજ નામે ઓળખાવવાનું પસંદ કરે છે. તેમના મોટા પુત્ર પ્રાગજીભાઇ એક મોટા દરજ્જાના આર્ટીસ્ટ, તેઓ કહેવાયછે કે બન્ને હાથ સાબૂત હોવા છતાં પણ, મોઢામાં પેન્સિલ રાખીને સ્કેચ દોરતા, અને હરિફાઇમાં ભાગ લઇને પ્રથમ નંબર મેળવતા. તેઓ છેલ્લે રાજકોટ મધ્યે લક્ષ્મીવાડીમાં રહેતા હતા. તેમના બીજા ભાઇનું નામ દામજીભાઇ, તેઓ આર્ટીસ્ટ તો હતા જ, પરંતુ સાથે સાથે એક સારા શિક્ષક પણ હતા અને સાંભળવા મુજબ રાજકોટની ઓલ્ફ્રેડ હાઈસ્કુલમાં આર્ટ અને અંગ્રેજી શીખવાડતા, ભણાવતા. તેમના પુત્ર તે સ્વ. ઇન્દ્રવદનભાઇ, જેઓ વ્યવસાયને કારણે પેઇન્ટર તરીકે ઓળખાતા, પરંતુ આર્ટ તેમની રગ-રગમાં હતું.

**● સતી થતી વખતનું દૃશ્ય :**

એમના સતી થવા વિશેના પ્રમાણોનો ઉલ્લેખ તો ભાઇશ્રી ઇન્દુભાઇ કેશવજી બુધ્ધભટ્ટી (કાકુભાઇ) એ તેમની તા. ૩-૧-૨૦૦૪માં પ્રસિદ્ધ કરેલ પુસ્તિકા ''શ્રી આઇ સતીમાં મેઘબાઇ માં (જન્મ સ્થળ : કોઠારા તા. અબડાસા, જીલ્લો કચ્છ : સોમવાર તા. ૧૭-૫-૧૭૫૨, સંવત ૧૮૦૯, વૈશાખ વદ-૮, માવિત્રની અટક - બારમેડા)''માં કરેલ છે. (સતિ થવાનો દિવસ અને સમય : પોષ વદ-૪, સંવત ૧૮૩૪ તા. ૧૪-૨-૧૭૭૭, શુક્રવાર. લગભગ ૨૩૪ વરસ પહેલાનો સૂર્યાસ્તનો સમય) આ કદાચ રાજસ્થાનના રાજપૂતોની પરંપરાગત રૂઢી સૂચવી જાય છે. આ પુસ્તિકાના થોડા અવતરણો નીચે મુજબ છે. ''પોતાના પતિના દેહના મસ્તક પાસે આથમણી દિશામાં જ્યાં સૂર્ય અસ્ત થવાની

તૈયારીમાં હતા તેને વંદન કરી પલાંઠીવાળીને ચિતા પર (તેમણે) પોતાના પતિનું મસ્તક ખોળામાં લઇ લીધું અને એમના જમણા પગના અંગુઠામાંથી અગ્નિ સ્વયં પ્રજ્વલિત થયો ત્યારે તેમણે કહ્યું કે મારા પુત્ર દામજીનાં નામે તમારો વંશ દામાણી કહેવાશે. તેમના સંતાનો સારૂં જ્ઞાન પ્રાપ્ત કરશે, રાજ્યના સારા હોદા ભોગવશે. મારા વંશમાં કુશળ કારીગરો થશે એમ કહીને પતિ સાથે અગ્નિખોળે સમાઇ ગયા'' (ઉપરોક્ત પુસ્તકના પાના ક્રમાંક-૬).

## કેશવજી પ્રેમજી રાજકોટ પરિવાર

કુશળ કારીગરોની વાત કરીએ તો, કેશવજી બાપાના બીજા લગ્ન રાયણ-માંડવીથી વેલજીભાઇ (તેમની વાડી અને સિગરામ જોયાનું મને યાદ છે) ના બહેન સંતોક બહેન સાથે થયેલ, જેનું નામ જીવીબા રાખેલ (કદાચ પ્રથમ પત્નિ વહેલા ગુજરી ગયેલ તેથી બીજી પત્નીનું નામ બદલાવીને આવું રાખેલ હશે) આ જીવીબાને ત્રણ દિકરીઓ અને એક પુત્ર થયેલ. દિકરીઓમાં એક લક્ષ્મીબેન - લવીંગાબેન - અમદાવાદમાં વસવાટ કરતા, બીજા સાકરબેન નડિયાદમાં-પવાર કુટુમ્બના કંસારા નાગરદાસ વનમાળીદાસ સાથે પરણાવેલ અને ત્રીજા સૌથી નાના કમળાબેન મુંબઇમાં બાંડિયાવાળા બાબુભાઇ સાથે પરણાવેલ. અને, બે પુત્રી પછીના એક પુત્ર લક્ષ્મીચંદ (ભાઇલાલ)ના લગ્ન અંજારથી સાકરિયા રતનબેન સામજીભાઇની પુત્રી મટુબેન જોડે કરેલા અને પુત્ર જન્મ બાદ છએક મહિને તેમનું માંડવીમાં અવસાન થયેલ.

## જૈન દેરાસર ચાંદીના નકશીદાર દરવાજા

કેશવજીભાઈએ બીજા લગ્ન કર્યા. તેઓના માંડવીના વસવાટ દરમિયાન, કે તે પહેલાં રાયણ (મોટી)માં આવેલ **જૈન દેરાસરના ચાંદીના નક્શીદાર દરવાજા** તેમની રાહબરી હેઠળ બનાવાયેલ એવું મેં ત્યાંથી સાંભળેલ.

આ લખનારના અંજારમાં, તેના નાનાણે થયેલ જન્મ પછીના સમય ગાળામાં, કેશવજીબાપા ના પરિવારે ભુજ માં, પ્રથમ અંજારીયા ફળીયામાં અને ત્યારબાદ પબુરાઇ ફળીયામાં ઘર ભાડે રાખેલ. ત્યારે, એક રૂમનું ભાડું માત્ર બે રૂપિયા હતું, અને તેમાં સોળેક વરસ દરમિયાન કોઇ વધારો કરવામાં આવેલ નહિં. છ-એક વરસની ઉંમરે આ લખનારને પ્રાથમિક શાળામાં દાખલ કરાવ્યા બાદ તેમના દાદા કેશવજીભાઈનું અવસાન થયેલ. તેમના બનાવેલ કચ્છવર્ક ના ચાંદીના સાવજ, ઘોડા, ફોટોફ્રેમ્સ, રાજ્યચિન્હો, ઇત્યાદિ નમૂના રાજકોટની રાજકુમાર કોલેજમાં જોયા હોવાનું યાદ છે.

માં મેઘબાઇ સતિ માં ની વાત કરીએ તો ભાઇશ્રી ઇંદુભાઇએ તેમની ઉપર્યુક્ત પુસ્તિકામાં તેમના લગ્ન જીવન બાબતમાં નીચે મુજબ જણાવેલ છે.

''તેમનાં લગ્ન ભુજના કંસારા બુધ્ધભટ્ટી નુખનાં પ્રાગજી સાથે સંવત ૧૮૩૩ માગશર સુદ-૧૦, મંગળવાર તા. ૨૦-૧-૧૭૭૬ નાં રોજ થયેલ..... સાસરીયાં પરણી આવ્યા બાદ... સિમન્ત (ખોળા) પ્રસંગ બાદ કોઠારા ગયા બાદ ફરીથી ભુજ સાસરે આવ્યા જ નહિં અને માવિત્રે રીસામણે બેસી રહ્યા. બે અઢી માસે એમણે પુત્ર ને જન્મ આપ્યો જેનું નામ **દામજી** પાડવામાં આવ્યું...... અને થોડાજ ગાળામાં મહારાઓ શ્રી ગોળજીની વારીમાં સંવત ૧૮૩૪ના પોષ વદ-૩, ને ગુરુવાર તા. ૧૩-૨-૧૭૭૭ ના રોજ એમના પતિ પ્રાગજી કોઇ અસાધ્ય રોગથી અવસાન પામ્યા.''

## સતી માંની પૂર્વ પેઢીઓના નામ

ભાઇશ્રી ઇન્દુભાઇએ તેમની પુસ્તિકામાં સારી એવી માહિતી આપેલ છે. દા.ત. તેમણે એકવીસ પૂર્વ પેઢીના સતાજી, ખોંભાજી થી લઇને પ્રાગજી, દામજી, કુંવરજી સુધીના નામો આપેલ છે. (પાના નં. ૮) અને સાથે સાથે કેટકેટલા સારા કારીગરો, ઇજનેરો અને પાયલોટો વિગેરે ઉચ્ચ કક્ષાએ કાર્ય કરી ગયેલ વ્યક્તિઓને બિરદાવેલ છે, પરંતુ એક પરિવારનું વૃક્ષ બનાવવા માટે તેમાં કડીઓ ખૂટતી જણાય છે અથવા તો સરખા નામોને કારણે ગૂંચવાડો થતો જણાય છે. આમ છતાં, આ લખનારની માહિતી અને તે પુસ્તિકાને સહારે, કુંવરજી ના સાત પુત્રોની માહિતી આ મુજબ આગળ વધે છે.

પ્રથમ મણકામાં આપેલ ટેબલમાં કુંવરજીભાઇ (જે દામજીભાઇના દિકરા થાય તેવું ઉપરની પુસ્તિકામાં જણાવેલ છે) ને સાત પુત્રો થયેલા. અને આ વધતા વિસ્તાર સાથે, જે મકાનમાં માં મેઘભાઇએ સતિ થતાં પહેલાં પોતાના હાથના થપ્પા કરેલ, તેની આજુબાજુની જમીન-મકાન વખત જતાં ખરીદાયેલ હશે, દા.ત. તે મકાનના રસ્તાની સામેનું રવજી દેવશીવાળું મકાન, કે અંજારીયા ફળીયાનું પ્રાગજી-નાનજી-લધા-ડોસા નો ડેલો, પીપળા ફળીયાનું કેશવજી રણછોડનું મકાન કે આગળ જતાં આવતું મોતીલાલ રણછોડનું મકાન, વિગેરેના દસ્તાવેજોએ બાબતની તવારીખ છે કે કુંવરજીભાઇ ના દિકરાઓની પેઢીએ જરૂરત પ્રમાણે આજુબાજુમાં, મિલકતો ખરીદીને વસવાટ કરેલ.

## દેવકરણજીની પેઢી

આ કુંવરજીભાઇના ચોથા નંબરના દિકરા એટલે દેવકરણ. હવે તેમના વંશજ બાબતમાં નીચે મુજબ માહિતી મળેલ છે.

દેવકરણના પુત્ર રણછોડ અને બાપુભાઈ

રણછોડના ત્રણ પુત્રો (૧) મોતીલાલ, (૨) જટુભાઇ, (૩) કેશવજીભાઇ.

મોતીલાલભાઇના ચાર પુત્રો (૧) કાન્તિભાઇ, (૨) મીઠુભાઇ, (૩) ઇશ્વરલાલભાઇ, (૪) શિવલાલભાઇ.

જટુભાઇના (પાંચ પુત્રો) (૧) મનહરલાલ, (૨) હિરાલાલ, (૩) જવેરલાલ, (૪) ચંપકલાલ, (૫) શાંતિલાલ.

અને કેશવજીભાઇના પાંચ પુત્રો (૧) રતિલાલ, (૨) હરિલાલ, (૩) ઇન્દુલાલ, (૪) પ્રિતમલાલ, (૫) શશીકાન્ત.

રતિલાલભાઇના ચાર પુત્રો (૧) અશોક, (૨) ભરત, (૩) સતીશ અને (૪) શરદ.

હરિલાલભાઇનો એક પુત્ર હિતેશ.

ઇંદુલાલભાઇનો એક પુત્ર સંદીપ.

પ્રીતમલાલના ત્રણ પુત્રો : (૧) ઉત્તમ, (૨) દીપક અને (૩) મુકેશ.

શશીકાંતભાઇના બે પુત્રો (૧) ચિરાગ અને (૨) જય.

જ્યારે બાપુભાઇના પુત્ર જાદવજીભાઇ અને તેમની પુત્રી ચંદાબેન.

## ગોવિંદજી ડોસા પરિવાર

આજે અંજારથી જયાબેન કાકુભાઇ બુદ્ધભટ્ટીએ મોકલાવેલી પૂરક માહિતીને સહારે, આ લેખમાળા જેમની સાચવી રાખેલી એક ચબરખીથી શરૂ થયેલ છે, તે સ્વ. શ્રી પ્રાગજી નાનજી ડોસાના ત્રણ કાકાઓ લધા, ગોવિંદજી અને દેવશીમાંથી ગોવિંદજી ડોસાના પરિવાર વિશે વાત કરીશું.

આ ગોવિંદજીના છ સંતાનો હતા. જેમાં જમનાબેન અને ગંગાબેન નામે બે પુત્રીઓ તેમજ પ્રેમજીભાઇ, પુરૂષોત્તમભાઇ, હરીરામ અને દેવરામભાઇ નામે ચાર પુત્રો હતા. પ્રેમજીભાઇ કદાચ કરાંચીથી માધાપર (કચ્છ) થઇ અમદાવાદ આવી વસેલ હતા. તે સિવાય તેમને અન્ય ચાર પુત્રીઓ, કંકુબેન (ભુજમાં રહે છે), તારાબેન (ધનસુરા રહે છે) લીલાબેન (તલોદ રહે છે) અને પુષ્પાબેન (કદાચ જામનગર રહે છે) તેમજ મોટા પુત્ર સ્વ. જમનાદાસભાઇ અને નાના કાકુભાઇ જેમના પત્ની જયાબેને કાળજી લઇને આ પૂરક અંજારથી માહિતી મોકલાવેલ).

શ્રી કાકુભાઇની ત્રણ દિકરીઓમાંથી ગીતાબેનને અમદાવાદમાં ગોદાવરી જ્વેલર્સવાળા કુટુંબમાં પંકજભાઇ સાથે પરણાવેલ છે અને બાકીની બે બહેનોના નામ છે રેખાબેન તથા હર્ષાબેન. તેમના બે પુત્રો અતુલભાઇ અને ભરતભાઇ. અને અતુલભાઇને એક પુત્રી હેમાંશી અને એક પુત્ર રાહુલ. આ રાહુલ શ્રી સતીમાંનો નવમી પેઢીએ પુત્ર થાય અને જેમના નામ પરથી દામાણી ઓળખ આવી છે તે દામજીભાઇનો આઠમી પેઢીએ પુત્ર થાય. આજ પરિવારમાં, શ્રી પ્રેમજીભાઇના ભાઇ પુરૂષોત્તમભાઇના વિસ્તારમાં જોઇએ તો, તેમને બે પુત્રીઓ, ગુલાલબેન અને પુંજીબેન અને પાંચ પુત્રો ધનજીભાઇ, જેઠુભાઇ, ત્રિકમભાઇ, ભગવાનજી અને રસિકભાઇ. રતનકાકી જેઓ આ સાત સંતાનોના માતુશ્રી થતા તેઓ મને યાદ છે કે હું ત્રણ-ચાર વરસનો હતો ત્યારે અમારી બાજુમાં અંજારીયા ફળીયા (ભુજ)માં રહેતા હતા. અને વરસો પછી, તેમના પુત્ર ભગવાનજી, જે એક સારા સ્કૂટર મિકેનીક હતા તેમને ત્યાં હું મારું લેમ્બ્રેટા મૂકી આવેલ તેને નવા રંગ-રૂપ આપી, રિનોવેટ કરીને મને અમદાવાદમાં ૧૯૭૭-૭૮માં ડિલીવર કરવા આવેલ. પુંજીબેનના પુત્ર શ્રી સૂર્યકાંતભાઇ, નવનીતલાલ એન્ડ કંપની નામની અમદાવાદની મોટી એડ એજન્સીમાંથી સારા હોદ્દા ઉપરથી નિવૃત્ત થઇને અમદાવાદના મંડળમાં અત્યારે સક્રિય કામગીરી બજાવે છે.

શ્રી પ્રેમજીભાઇના ત્રીજા ભાઇ હરીરામભાઇને પાંચ પુત્રીઓ અને ત્રણ પુત્રો ભૂપત, રમેશ અને અનંત. તેમજ ચોથા ભાઇ દેવરામભાઇને બે પુત્રો સુરેશ અને હસમુખ હતા.

## દિકરીઓની માહિતી

હવે આપણે મુખ્યતંત્રી શ્રી હંસરાજભાઇના સૂચનને ખ્યાલમાં રાખી દિકરીઓને પણ સ્થાન આપીએ તો કેશવજી-પ્રેમજી-દયાળજીકુંવરજીને ત્યાં ત્રણ પુત્રો સાથે ત્રણ પુત્રીઓ પણ હતી, જેમાંથી સૌથી મોટાં લક્ષ્મીબેન અમદાવાદ ઘી-કાંટા રહેતા હતા, અને તેમના હુલામણા નામ લવિંગાબેન તરીકે ઓળખાતા હતા. તેમને એક પુત્ર ચુનીલાલ અને એક પુત્રી ચંપાબેન હતાં. ચુનીલાલભાઇને બે પુત્રો નામે પ્રકાશ અને દેવદાસ અનુક્રમે અમદાવાદ અને સુરતમાં સ્થાયી છે. પ્રકાશભાઇનો સાયકલ સ્પેરપાર્ટનો હોલસેલનો બિઝનેસ છે જ્યારે દેવદાસ હીરા બજારમાં કામકાજ કરે છે. એક દિકરી ઘીકાંટા અમદાવાદ રહે છે. લવિંગાબેનની દિકરી રાજકોટ

ગોકલદાસ ત્રિભોવનદાસ વંથલીવાળા સાથે વળાવેલ, જેમની મુખ્ય દુકાન પરાબજારમાં કંસારા જેસુખલાલ ગોકલદાસ તરીકે જૂની અને જાણીતી છે, જ્યાં તેઓ બેસતા અને હસતે હસતે વાસણોનો વેપાર કરતા. આજે તો તેમની પેઢીમાં છોકરાઓએ સારી પ્રગતિ કરેલ છે અને રાજકોટમાં કારખાના તેમજ દુકાનોની હારમાળા છે. તેમની એક દિકરી થાણાવાળા લક્ષ્મીદાસભાઇ પોમલના પરિવારમાં છે.

કેશવજીભાઇની બીજી દિકરી સાકરબેન નડિયાદના તે સમયના એક માત્ર મારૂ કંસારા નાગરદાસ વનમાળીદાસ પવારની સાથે વળાવેલ. તેમને ત્યાં પાંચ પુત્રીઓ અને ત્રણ પુત્રો, નામે મનેશચંદ્ર-ઉર્ફે બાબુભાઇ જેઓ આફ્રિકા થઇને લંડનમાં, પિતાશ્રી તરફથી મળેલ સંગીતનો વારસો જાળવતા હતા, અને તેમના એક પુત્ર અત્યારે અમેરિકામાં છે અને બીજા લંડનમાં. સાકરબેનના બીજા પુત્ર મધુસૂદન બેંક ઓફ ઇંડિયામાં હતા અને તેમના ત્રણ પુત્રોમાંથી બે ફોટોગ્રાફી તેમજ સંગીતનું કામકાજ કરે છે અને એક બેંક ઓફ ઇંડિયામાં છે. તેમજ ત્રીજા પુત્ર ચંદ્રકાન્તભાઇને પણ વારસામાં સંગીત પિતાશ્રી તરફથી અને ચિત્રકામ મોસાળ તરફથી મળેલ છે, જેઓ હમણાંજ અમદાવાદની પ્રખ્યાત સ્કૂલ સી.એન. વિદ્યાલયની આર્ટ સ્કૂલમાંથી પ્રિન્સીપાલનો હોદ્દો ભોગવીને નિવૃત્ત થયેલ છે. અને જો કેશવજીભાઇની ત્રીજી અને સૌથી નાની દિકરી કમળાબેનની વાત કરીએ તો તેમના લગ્ન મુંબઇ બાંડિયાવાળા પરિવારમાં બાબુભાઇ સાથે થયેલ અને બે પુત્રીઓ- દમુબેન અને તારાબેનના જન્મ પછી નાની વયમાં તેમનો દેહાંત થયેલ. દમુબેનના દિકરાઓ અત્યારે દિલ્હીમાં જ્વેલરીનો બિઝનેસ કરે છે અને તારાબેન મુંબઇ રહે છે.

## કેપ્ટન બુદ્ધભટ્ટી ઈઝ ઈન કમાન્ડ

વિક્રમ સંવત ૨૦૬૮ના પ્રારંભે, ભાઈબીજને દિવસે, હું જ્યારે નેવાર્ક (અમેરિકામાં ન્યુયોર્કની બાજુમાં આવેલ એરપોર્ટ) થી જેટ એરવેઝની ફ્લાઇટમાં બેઠો અને એરક્રાફ્ટ ઢળતી સાંજે, હડસન નદી ઉપરથી વહેતી ઠંડી હવામાં પવન વેગે રનવે ઉપર દોડતાં દોડતાં ઊંચકાઇ રહ્યું હતું, ત્યારે થયેલ એનાઉન્સમેન્ટે મારા મગજમાં એક ગૌરવની લાગણી સર્જીને હૈયાને પુલકિત કરી દીધું. એ પ્લેનમાં ત્યારે ગુંજેલા આ પાંચ શબ્દો “કેપ્ટન બુદ્ધભટ્ટી ઇઝ ઇન કમાન્ડ” હજુ મારા કાનમાં રણકી રહ્યા છે. મેં આ સાંભળીને એરહોસ્ટેસને કહેલ કે, ધીસ બુદ્ધભટ્ટી મસ્ટ બી ભારત. તેણીએ સામો સવાલ કરેલ કે હાઉ ડુ યુ નો? ત્યારે મેં થોડા અહં ભાવમિશ્રીત ગૌરવ સાથે કહેલ કે ઇન્ડિયામાં માત્ર બેજ બુધ્ધભટ્ટી પાઇલોટો છે, જેમાંથી એક રીટાયર્ડ છે અને બીજા મારા કઝીન ભરત જ હોઇ શકે. આ સાંભળીને મારૂ નામ નોંધીને મારા હેપ્પી દિવાલી અને ન્યુ ઇયરના ગુડ વિશીસ કોકપીટમાં તુરત જ પહોંચાડવામાં આવેલ અને મને બ્રસેલ્સ સુધી ઉત્તમ સુવિધાઓ આઠ-દસ કલાક સુધી મળતી રહેલ. ત્યારબાદ ક્રુ-ચેન્જ પછી સુકાની બદલાઇ ગયેલ.

અત્યારે આપણે ઇસુની એકવીસમી સદીના બીજા દાયકામાં જીવી રહ્યા છીએ ત્યારે ઓગણીસમી સદીના છેલ્લા દાયકામાં જન્મેલ આપણી જ્ઞાતિ અને દામાણી બુદ્ધભટ્ટી પરિવારના, ઉપર જણાવેલ ભરત રતિલાલ કેશવજી રણછોડ બુદ્ધભટ્ટીના પિત્રાઇ દાદા શ્રી મોતીલાલ રણછોડની વાત કરવાની છે.

## રોટેરીયન મોતીલાલ રણછોડ

એક ઝળહળતી કારકિર્દી અને આત્મસૂઝ સાથે સૌમ્ય વ્યક્તિત્વના માલિક એવા સ્વ. રોટેરીયન મોતીલાલ રણછોડ બુદ્ધભટ્ટી (જ. તા. ૧૧-૭-૧૮૯૫) વિશે, મારી ભુજની મુલાકાત વખતે તેમના પૌત્ર શ્રી ભરતભાઇ કાંતિલાલ બુદ્ધભટ્ટી પાસેથી મળેલ માહિતીના આધારે, અહીં પ્રસ્તુત ખાસ ખાસ ગૌરવપ્રદ વિગતો જાણીશું, જે કારકિર્દીની શરૂઆત કરી રહેલ મારા ઘણા યુવા મિત્રોને પ્રેરણાદાયક બની રહેશે.

આજથી સો વરસ પહેલાં સત્તર વરસની ઉમંગભરી ઉંમરે તેઓ મુંબઇની વિક્ટોરીયા જ્યુબિલી ટેકનીકલ ઇન્સ્ટીટ્યુટમાં ઓટોમોબાઇલ એન્જીનિયરીંગના વિદ્યાર્થી તરીકે શિક્ષણ મેળવવા જાય છે અને બે વરસ બાદ તે જ્ઞાનનો ઉપયોગ ઍડન જઇને કાવસજી દિનશા એન્ડ કું.ની મોટર ગેરેજના ફોરમેન તરીકે કરી, ચાર વરસ સુધી અનુભવનું ભાથું ૧૯૧૪થી બાંધે છે, જે ભાથું તેમની આગળની કારકિર્દી ઘડવામાં મહત્ત્વનો ખોરાક પૂરો પાડે છે.

૧૯૧૯માં વિદેશથી પરત આવી કચ્છ રાજની મોટર ગેરેજ તેમજ આઇસ ફેક્ટરીમાં સહાયક મિકેનીકલ એન્જીનીયર તરીકે હોદ્દો સંભાળી બાવાનો વિશ્વાસ સંપાદન કરે છે. (કચ્છી બોલીમાં બાવા એ તે સમયના કચ્છના રાજાઓ માટેનો માનવાચક શબ્દ હતો.) ૧૯૧૯થી ૧૯૨૪નો પાંચ વરસનો સમય તેમની કારકિર્દીનો પાયાનો સમય હતો અને નાની ઉંમરમાં જ તેમણે કચ્છ રાજની પ્રથમ મોટર ટ્રાન્સપોર્ટ સર્વિસનું આયોજન કરી તેના ઉપર ૨૪ વરસો

સુધી દેખરેખ રાખવાની જવાબદારી સંભાળી.

## કેશવજી શામજી

યોગાનુયોગ, આ કુટુંબને કચ્છના વાહન વ્યવહાર સાથે સારૂં એવું લેણું હશે, કારણકે તેમના કાકા (એ જમાનાના એ.એમ.આઈ.સી.ઇ., સી.ઇ. : કૂપર્સ હિલ-લંડન : ) શ્રી કે.એસ. બુદ્ધભટ્ટી, (જેમનું આખું નામ કેશવજી શામજી બુદ્ધભટ્ટી - જે દેવકરણના ભાઇ શામજીના પુત્ર એટલે કે મોતીલાલભાઇના દાદા દેવકરણના ભાઇના પુત્ર હોવાના નાતે કાકા થાય) કચ્છ રાજમાં આપણી જ્ઞાતિના પ્રથમ સ્ટેટ એન્જીનીયર તરીકે નિમણૂંક પામેલ. તેમણે ૧૯૦૩માં કચ્છમાં પ્રથમ રેલવેનો પાયો નાખવાનું માન મળેલ, અને તેઓ લંડનમાં પ્રથમ ક્રમાંકે એન્જીનીયરની ડિગ્રી મેળવીને વિક્ટોરિયા ક્રોસ અને ગોલ્ડ મેડલથી સન્માનીત થયેલ હતા. અત્યારે પાકિસ્તાનમાં આવેલ કરાંચી બંદરના વિકાસની જવાબદારી અઢાર સ્ટીમરો એક સાથે લાંગરી શકે એવી ૧૮ ગોદીઓ બનાવડાવીને પૂરી કરેલ. જેના પ્રતીકરૂપે ત્યારની બ્રિટિશ સરકારે તેમના નામની એકએક ફુટના અક્ષરોની તકતીઓ કરાંચીના ક્યામારી પુલ ઉપર જડાવેલ. જેનો ઉલ્લેખ આપણા જ્ઞાતિસેતુના સ્વર્ણિમ સમાજ અંક (ઓક્ટો.-નવે. ૨૦૦૮) માં તેમના પુત્ર શ્રી દલપતભાઇના મુખે કહેવાયેલ વાત ઉપરથી નોંધાયેલ છે.

## કચ્છમાં પ્રથમ બસ સર્વિસ

આ કરાંચી બંદર તેમજ કચ્છની રેલવેલાઇનના આદ્ય સ્થાપક જ્ઞાતિ રત્ન શ્રી કેશવજીભાઇ શામજીના પગલે તેમના ભત્રીજાએ પેસેન્જરોની સવલત માટે **કચ્છમાં પ્રથમ બસ સેવાનો આરંભ** કરાવ્યો અને આગળ જતાં રોડ ટ્રાન્સપોર્ટ ઉપરાંત ૧૯૨૯માં "સરીતા" નામની ડિઝલ બોટની ડિઝાઇનથી કરીને નિર્માણ સુધીનું કાર્ય કર્યું અને ૧૯૩૪માં મહારાઓના મોજશોખ માટે "રંગમતી" નામના યાચ તરીકે ઓળખાતી મોટી બોટનું નિર્માણ કરીને પત્રકારોને કચ્છની ક્રાફ્ટમેનશીપની ખાત્રી કરાવવા મુંબઇ-માંડવી-કરાંચીની સફર કરાવી.

આજ દરિયાઇ યાતાયાતના મહાવરાને કારણે તેમને બીજા વિશ્વયુદ્ધ દરમિયાન (૧૯૩૯-૪૫) ગવર્મેન્ટ ઓફ ઇન્ડિયા માટે બાર્જીસ (દરિયામાં માલવહન માટે વપરાતા લોખંડ કે લાકડાના મોટા તરાપાઓ)નું નિર્માણ કર્યું અને ૧૯૪૧માં કચ્છ રાજની સેન્ટ્રલ વોર કમિટીના સભ્યપદે રહેવાનું માન મળ્યું. અને આજ સમયમાં તેમની કારકિર્દીમાં પ્રમોશનથી ૧૯૪૨માં કચ્છ રાજ્યમાં મિકેનીકલ એન્જીનીયર તરીકે નિમણૂંક થઇ અને રોડ ટ્રાન્સપોર્ટના રાષ્ટ્રીયકરણ બાદ તેનું નામ કચ્છ સ્ટેટ રોડ મોટર ટ્રાન્સપોર્ટ સર્વિસ થયું ત્યારે તેની કમિટીમાં મેનેજીંગ સભ્ય તરીકે લેવામાં આવેલ.

## વિદેશ યાત્રાઓ

શ્રી મોતીલાલભાઇની કુશાગ્ર બુદ્ધિ અને કામ લેવાની કાબેલિયતને કારણે મહારાઓશ્રીના વિશ્વાસુ રહીને તેમની સાથે ઇજીપ્ત અને સુદાનની સફર કરેલ, તેમજ એબીસીનીયા અને બ્રિટીશ સોમાલીલેન્ડ (૧૯૨૬) અને ટાંગાનીકા (૧૯૨૯) ની મુલાકાત લીધેલ અને તે અગાઉ તેઓ ઇંગ્લેન્ડ, ફ્રાંસ, બેલ્જીયમ, હોલેન્ડ, ઇટાલી, વિ. યુરોપીયન દેશોની મુલાકાતો પણ લઇ ચૂકેલ. આમ વિવિધ દેશોની જાત માહિતીએ તેમના ઇજનેરી વ્યક્તિત્વને ઘડવામાં અગત્યનો ભાગ ભજવેલ હોવાનું જણાય છે.

## દિલ્હીમાં બુદ્ધભટ્ટી પરિવાર

રતનશીદાદાના પત્નીનું નામ રતનબાઈ, પુત્રમાં અગાઉ ત્રણ જણાવેલ, તેને બદલે ચાર પુત્રોમાં કાનજી, નરભેરામ, નાનાલાલ અને ચુનીલાલ. ગ્વાલિયર વસવાટ કરતા ચુનીલાલભાઈના પુત્ર ચંદ્રકાંતભાઈને થોડા સમય પહેલા દિલ્હીમાં મળવાનું થયેલ. તેમના કહેવા પ્રમાણે હવે ગ્વાલિયરમાં કોઈ પરિવાર નથી. તેમના નાના ભાઈ સુરેશભાઈ પણ દિલ્હીમાં સાથે જ રહે છે. ઉપરાંત રતનશીભાઈને ચાર દિકરીઓ પણ હતી જેમના નામો આ પ્રમાણે મળેલ છે : (૧) વિજયાબેન જે રાયપુર પરણાવેલ (૨) રૂક્ષ્મણીબેન (૩) દિવાળીબેન (૪) લક્ષ્મીબેન. વિજયાબેનના પુત્ર રસિકભાઈ અને તેમના નાનાભાઈ પુરુષોત્તમભાઈ મુરજી બારમેડા રાયપુરમાં છે. પુરુષોત્તમભાઈના પુત્ર વિજયની છત્તીસગઢ ઓલમ્પિક સંઘની કાર્યકારીણી સમિતિમાં સભ્ય તરીકેની નિમણુંક થયેલ.

## સ્વ. શ્રી મોહનલાલ રવજી :



૧૯૬૩ના ફેબ્રુઆરીમાં નોકરી લાગ્યા બાદ મારી ઓળખાણ ભુજના મારા પાડોશી અમૃતલાલભાઈ મહેતાને ત્યાં એક મહેશ્વરી બુઝુર્ગ સાથે આવતા મોહનભાઈ સાથે થયેલ. ત્યારે આ લોકો કોઈ જગ્યાએ લિલામ વગેરે હોય તો તે માલની ખરીદી-વેચાણનું

કામકાજ પણ કરતા. ત્યારબાદ તેમણે ભીડમાં ચબુતરા પાસે કરેલ દુકાન અમારો મળવાનો અડ્ડો બનેલ અને ત્યાંથી તેમણે બુદ્ધભટ્ટી દામાણી સંગઠનની શરૂઆત કરેલ, જેના પ્રથમ પ્રમુખ મોતીલાલ બુદ્ધભટ્ટી હતા અને દ્વિતીય તેમના પુત્ર ઈશ્વરલાલભાઈ બુદ્ધભટ્ટી. આ સંગઠનનો મુખ્ય ઉદ્દેશ સતીમાની દેરીની જાળવણીનો હતો. ત્યારે દરેક સભ્યની ફી વર્ષના ચાર આના રાખેલ. આ મોહનભાઈની સામાજીક કામો માટેની ધગશ અને તેમણે ૧૯૮૮-૮૯માં મારા એક વિચારને અમલમાં મૂકતા દામાણી સંગઠન સમિતિના પ્રમુખના નાતે બની શકે તેટલા સભ્યશ્રીઓના સરનામા શોધી, તેમની સાથે પત્રવ્યવહાર કરી,

આ લેખમાં તેમના મળતાવળા સ્વભાવ અને સામાજીક કામો માટેની એક મિશનરી ઝીલને બિરદાવતાં, ત્યાં પુત્રોમાં રવજી અને વિશ્રામ તેમજ પુત્રીઓમાં વિરૂબેન અને સાકરબેન થયેલ. જેમાંથી રવજી (પત્ની પ્રેમબાઈ) દેવશીના પરિવારમાં છ પુત્રો નામે મીઠુભાઈ, બચુભાઈ, ભાઈલાલ, વાલજી અને મોહનભાઈ તથા પ્રાણલાલ થયેલ અને પુત્રીઓમાં માણેકબેન અને બબીબેન. મોહનભાઈ ઉપર તેમના વડીલ મિત્ર મહેશ્વરીભાઈના પ્રભાવને કારણે તેમણે પોતાના પ્રથમ ધંધાનું નામ પણ મહેશ્વરી ઓટોમોબાઈલ રાખેલ. જે નામ કદાચ અત્યારે પણ ચાલુ છે અને તેમના બે પુત્રો જીગર અને સચીન તેમજ ભત્રીજા અમરતલાલ વાલજીભાઈ સાથે, આ બેટરી અને તેને સંબંધિત બીઝનેસ તેઓ ભુજના સ્ટેશન રોડ પર સંભાળી અને વિસ્તારી રહેલ છે. તેમના પત્ની જયાબેન ભુજના છત્રાળા ફેમીલીમાંથી છે (સામજી દેવશી કંસારા (છત્રાળા) અને તેમના ભાઈઓનો પરિવાર) અને તેમની પુત્રીનું નામ પ્રીતિ છે અને ભચીબેનને ત્યાં ચાર પુત્રો થયેલ જેમાં મોહનભાઈએ સર્વે કરેલ ત્યારે રામદાસ, સુરેશ અને દિલીપ હયાત હતા જ્યારે વિનોદ નામની સામે સ્વ. લખેલ છે. પુત્રીઓમાં દમયંતીબેન અને હીરાકુંવર તેમજ બેબીબેન. મીઠુભાઈ તેમજ તેમના પુત્ર રામદાસભાઈ અને તેમના પત્ની ગીતાબેન ને ત્યાં છ પુત્રોમાં પરેશ, ચંદ્રેશ, બીમલ, બિપીન, સતિષ અને ભાવેશ અને તેમની તેમની એક બહેન કામિની. પરેશ પણ તેમના પિતાશ્રી રામદાસભાઈ સાથે ગાડીઓના કામકાજમાં જોડાયેલ છે.

- **વસિયત કરવું એ જીવનનું આખરી સદ્કાર્ય છે.**

## જાદવજીભાઈને વફાદારીનું ઈનામ



અહીં પ્રસિદ્ધ કરાયેલી તસવીર સને ૧૯૨૦ની છે. એ સમયે પહેલી મોટરકાર સોલિડ ટાયરવાળી આવી, જેમાં ખેંગારજી અને તેમના પૌત્ર મદનસિંહજી બેઠેલા જોઇ શકાય છે. જેના પહેલા ડ્રાઈવર ભુજના જાદવજીભાઇ બુદ્ધભટ્ટી હતા. આ તસવીર તે સમયે શરદબાગમાં લેવાયેલી. આજથી નેવ્યાસી વર્ષ પહેલાંનો ફોટો છે.

જાદવજીભાઇ મહારાઓ ખેંગારજીના માસિક કોરી ૪૦ ના પગારથી ડ્રાઈવર હતા. જે તે જમાનામાં મર્સીડીસ, રોલ્સરોયસ, બ્યુક જેવી મૂલ્યવાન ગાડીઓ એકમાત્ર તેઓ જ ચલાવતા. મહારાવ ખેંગારજીએ તેમને આ માટે ટેકનિકલ જ્ઞાન માટે લંડન મોકલાવેલા. ભુજમાં પહેલી વીજળી બતી, ટેલિફોન, લોટ દળવાની ફ્લોર મીલ, આઇસ ફેક્ટરીનું ભુજમાં પદાર્પણ એમને જ આભારી છે. છેલ્લે છેલ્લે રેલવે મોટર કોચ (ટ્રામ) નેરોગેજ જેને આર.એમ.સી. કહેવાતું, એ રેલવે કોચમાં મોટરનું મશીન બેસાડી તેને ચાલુ કરી એટલે ભુજના આધુનિકીરણમાં જાદવજીભાઇનો ઘણો ફાળો છે.

## દામાણી બુદ્ધભટ્ટીમાં ૧૭ વર્ષની વયે ઊંચી ઉડાન ભરતા ચંદાબેન બુદ્ધભટ્ટી



આજે જ્યારે અમેરિકાની નાસા નામની વિશ્વમાં જાણીતી સંસ્થા સાથે સંકળાયેલ સુનીતા વિલિયમ્સ, ગુજરાતની પુત્રી, અવકાશયાનમાં લાંબી સફર કરીને, અવકાશમાં લાંબો સમય રહેવાનો વિક્રમ કરીને હિંદુસ્તાનનું નામ રોશન કરી રહેલ છે ત્યારે આજથી અડધી સદી ઉપરાંતના સમય પહેલા જ્યારે કચ્છના આકાશમાં વિમાન દેખાય તો લોકો કામધંધા છોડીને વિસ્મયતાથી એ વિમાનને જોયા કરતા હતા ત્યારે એ વિમાનને ૧૭ વરસની

નાની વયે વ્યવસાયીક ધોરણે ઉડાડવાનું ગૌરવ મેળવનાર હતા પાંજા કચ્છના, ભુજ શહેરના કંસારા જ્ઞાતિમાં બુધ્ધભટ્ટી પરિવારના શ્રી જાદવજી બાપુભાઈના પુત્રી ચંદાબેન બુધ્ધભટ્ટી. તેમને સારાય ભારતમાં પ્રેમ માથુર અને દૂર્વા બેનરજી બાદ ત્રીજા ક્રમે મહિલા વ્યવસાયિક તરીકે પાઈલોટનું લાઈસન્સ મેળવવા બદલ કચ્છ ઈન્ડસ્ટ્રીયલ ગ્રુપ મુંબઈ તરફથી સત્કારવામાં આવેલ.

આમ નાની વયેથી ઉડાન બાદ તેમની અવિરત આકાશીય પ્રવૃત્તિને બિરદાવતાં, તેમની કારકીર્દિની કદર કરતાં નામો, ઉપનામો અને ખિતાબો તેમને મળતાં જ રહેલ છે. દા.ત. બેસ્ટ સ્પોટ લેન્ડીંગ ટ્રોફી, સ્પિરીટ ઓફ અમેલીયા રોલ મોડેલ, કચ્છ શક્તિ એવોર્ડ, ચક યીગર એરોસ્પેસ એજ્યુકેશન એવોર્ડ, ફર્સ્ટ વુમન પાઈલોટ ઓફ ગુજરાત, સ્પીડ રેકોર્ડ માટે નેશનલ એરોનોટીકલ એસોસિએશન, યુ.એસ.એ. અને વર્લ્ડ રેકોર્ડ માટે ફેડરેશન ઓફ એરોનોટીકલ ઈન્ટરનેશનલ, પેરીસ ફ્રાંસ તરફથી મળેલ બહુમાન મુખ્ય છે. તેઓ અમેરિકામાં કોમર્શિયલ પાઈલોટનું લાઈસન્સ મેળવનાર પ્રથમ ભારતીય મહિલા છે અને નજદીકના જ ભૂતકાળમાં ચાર વર્ષ પહેલાં ૨૦૦૪ની સાલમાં એમણે, સીપ્લેનનું લાઈસન્સ પણ પ્રથમ ભારતીય મહિલા તરીકે મેળવીને તેમની અત્યાર સુધીની કારકીર્દિમાં એક ઓર કલગીનો ઉમેરો કરેલ છે.

ઉલ્લેખનીય કહી શકાય એવું ભણતર એટલે એરોનોટીકલ સોસાયટી ઓફ ઈન્ડિયાની ફેલોશીપ. ઈન્ડિયન પાઈલોટ એસોસિએશનના પ્રમુખ, વર્લ્ડ એવિએશન એજ્યુકેશન અને સેફટી કોંગ્રેસના ચેરપર્સન, નાઈન્ટી નાઈન ઈન્કો. (ઈન્ડિયા)ના ફાઉન્ડર ગવર્નર, વિમેન ઈન ફ્લાઈટ યુ.એસ.એ.ના ફોર્મર ચેરપર્સન હતા. ડઝનેક સંસ્થાઓમાં હોદ્દેદાર હતા અને ૧૫થી ૧૭ સંસ્થાઓની મેમ્બરશીપ અને બોર્ડ મેમ્બરશીપ હતી.

## ઘડિયાળી બુદ્ધભટ્ટી

ભુજમાં દામાણી પરિવારોમાંનો એક હતો કેશવજી રણછોડ બુધ્ધભટ્ટી પરિવાર. શ્રી કેશવજીભાઈ કચ્છમાં ઘડિયાળી તરીકે જાણીતા હતા. ભુજનો મોલાત ટાવર નિયત અવધીએ નિયમીત રણકતું રાખવાનું એમના અને નાનાભાઈ જટુભાઈના હસ્તે હતું. ઉપરાંત, તેઓશ્રીએ કચ્છમાં સર્વપ્રથમ પબ્લિક ટ્રાન્સપોર્ટ સિસ્ટમ (ભુજ, માંડવી વચ્ચે) શરૂ થઈ ત્યારે તેના મેનેજર પણ હતા.

## શ્રી રતિલાલભાઈ કેશવજી બુદ્ધભટ્ટી

ગુજરાત રાજ્યના પ્રથમ ડાયરેક્ટર ઓફ પોર્ટસ



આ કેશવજીભાઈ અને એમનાં ધર્મપત્ની કેશરબેનના જ્યેષ્ઠ પુત્ર રતિલાલ. એમનો જન્મ ૨૫મી ઓક્ટોબર ૧૯૧૯માં અંજાર મધ્યે થયો. ભણવામાં પ્રથમથી જ તેજસ્વી. કચ્છમાં મેટ્રીક સુધીનો અભ્યાસ કરી તેઓશ્રી મુંબઈથી - મેથેમેટીક્સ ગ્રેજ્યુએટ થયા. ત્યારબાદ સિવિલ એન્જીનીયરની સ્નાતકોતર ડિગ્રી મેળવી. એમની કારકીર્દીનો આરંભ ૧૯૪૪માં કરાંચી (સિંધ)માં થયો. વિભાજન થતાં કચ્છ આવ્યા અને ૧૯૪૭થી ૫૬ સુધી કચ્છ રાજ્યમાં સર્વે સુપ્રિન્ટેન્ડન્ટ તેમજ જાહેર બાંધકામ એન્જીનીયર તરીકે કાર્ય કર્યું. ત્યારબાદ મુંબઈ સરકારમાં ૧૯૬૦ સુધી પોર્ટ કમિશ્નર તરીકે રહ્યા. ૧૯૬૧માં ગુજરાત સરકારમાં અમદાવાદ ખાતે, એક્ઝીક્યુટીવ એન્જીનીયરની ઉચ્ચત્તમ કેડરમાં, ગુજરાત રાજ્યના ડાયરેક્ટર ઓફ પોર્ટસ નિમાયા, ત્યારથી અમદાવાદ એમનું વતન બન્યું.

**નાના બંદરોનો વિકાસ :**

ગુજરાતમાં નાના બંદરોના વિકાસમાં એમનું મહત્ત્વનું યોગદાન છે. પોરબંદરને બારમાસી બંદર તરીકે વિકસાવી વિશ્વબેંકની વાટાઘાટોમાં ભારત સરકારના પ્રતિનિધિ મંડળના સભ્ય તરીકે વેરાવળના મત્સ્ય ઉદ્યોગ માટે સહાયતા મેળવવામાં તેમના પ્રયાસો સફળ થયા.

ગુજરાતના નાના બંદરો માટે **'મેરીટાઈમ બોર્ડ'** જેવું સ્વાયત્ત એકમ થયું તેમાં પણ એમનું યોગદાન છે. એમના એન્જીનીયરીંગ કૌશલ્ય અને સંચાલન ક્ષમતાની કદર રૂપે, સરકારી સેવાઓ દરમ્યાન ઉચ્ચ અભ્યાસ માટે ૧૯૫૭-૫૮માં, નેધરલેન્ડની વિશ્વવિખ્યાત DELFTની ટેકનોલોજી ઈન્સ્ટીટ્યુટમાં એન્જીનીયરીંગ ક્ષેત્રે વિશેષ તાલીમ મેળવી. તદુપરાંત જાપાનની વિખ્યાત સંસ્થા પોર્ટસ એન્ડ હાર્બર ઈન્સ્ટીટ્યુટ કુરીહામા ખાતે બંદરીય વિકાસ માટે ઉચ્ચ શિક્ષણ મેળવ્યું. ૧૯૭૭માં નિવૃત્ત થયા. ત્યારબાદ રીલાયન્સ, ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ કોર્પો., એસ્સાર ગ્રુપ, એસ.એન.પી. ગ્રુપ, કૃષ્ણભારતી આદિ મોટા ઉદ્યોગોને એમના વિશિષ્ટ ટેકનીકલ જ્ઞાન તેમજ અનુભવનો લાભ

આપ્યો. ૧૯૯૨ના ૨૫મી જુનના રોજ એમનું અવસાન થયું.

**રાયપુર જ્ઞાતિ વટવૃક્ષના મૂળાધારો :**

**રાયપુરમાં ૮૨ વર્ષ પહેલાં આપણી જ્ઞાતિના પ્રથમ પગરણ માંડનાર શ્રી લાલજી હીરજીભાઈ અને પછી ખંભરાના લખમશી પદમશી પોમલ આવ્યા.** ત્યારબાદ અનેક પરિવાર અહીં સ્થાયી થયા. અને આશરે ૧૦ વરસે સંગઠન બન્યું. સર્વ શ્રી સ્વ. નારાયણભાઇ પદમશી પોમલ, સ્વ. ઓધવજી મુરજી બીજલાણી, સ્વ. ગોપાલજી પરષોતમ કટ્ટા અને ચતુર્થ પ્રમુખશ્રી તરીકે સ્વ. નાનાલાલભાઇ શીવજી બુધ્ધભટ્ટી જ્ઞાતિના પ્રમુખ બન્યા. તેઓએ સમાજની આર્થિક આવક માટે "લાણા પ્રથાની" શરૂઆત કરી. સમાજ ધીમી ગતિએ પણ મક્કમ થતું ગયું. તેમને થયું કે હું અંજારથી આવ્યો ત્યારે મને માથું છુપાવવા કે ચાર દિવસ રહેવા માટે પણ કોઇ વ્યવસ્થિત રહેવાની જગ્યા ન'તી. તો મારી જેમ બીજા આવનારને રહેવાની તકલીફ ન થાય તે માટે સમાજવાડી હોવી જોઇએ. એવી ભાવનાને મૂર્તિમંત કરવા પોતાની જમીનનો એક ભાગ જ્ઞાતિને ભેટ સ્વરૂપે આપ્યો. ટાટીબંધ પાસેની એ જમીન આશરે ૧૦,૦૦૦ સ્કેવર ફીટ હતી. આ જમીનને સદસ્યોની મંજૂરી લઇને તત્કાલીન જ્ઞાતિ પ્રમુખ સ્વ. શ્રી છગનલાલ પદમશીએ વેચી સમાજ માટે મૂડી ઊભી કરી. શ્રી મનોહરલાલ છગનલાલ પોમલના પ્રમુખપદ હેઠળ ફાફાડીહમાં જમીન લઇ, જ્ઞાતિ પ્રમુખ શ્રી નરભેરામ બુધ્ધભટ્ટી – જેઓ શ્રી નાનાલાલભાઈના સુપુત્ર થાય તેમના વરદ્ હસ્તે સમાજવાડીનું ભૂમિ પૂજન થયું અને ભવનના નિર્માણનું નાનાલાલભાઇનું સ્વપ્ન સાકાર થયું. કચ્છ બહાર વસતા આપણા જ્ઞાતિજનો માટેની અત્યાર સુધીમાં આ એક જ સમાજવાડી છે.

ખાસ નોંધનીય બાબત એ કે સમાજને જમીન ભેટ સ્વરૂપે આપી ત્યારે તેઓ પત્ની અને છ સંતાનો સાથે બુઢાપારામાં એક ભાડાના મકાનમાં રહેતા હતા.

**કંસારા જ્ઞાતિના પ્રથમ આઈએએસ કાર્તિકેય બુદ્ધભટ્ટી**



કચ્છ જિલ્લાના સરહદી વિસ્તાર એવા અબડાસા તાલુકાના ૫૦૦૦ની વસ્તી ધરાવતા કોઠારા ગામના વિદ્યાર્થી બુદ્ધભટ્ટી કાર્તિકેય ધનજીભાઈએ ગામડાના બાળકો સ્પર્ધાત્મક પરીક્ષાઓથી દૂર રહે છે એવી ભ્રામક માન્યતાઓનો છેદ ઉડાડી યુનિયન પબ્લિક સર્વિસ કમિશનની પરીક્ષામાં ૭૩૪ વિદ્યાર્થીઓમાંથી ૭૦માં ક્રમ સાથે પાસ કરી ઝળહળતી સિદ્ધિ મેળવી, ગામનું, તાલુકાનું, જિલ્લાનું તેમજ પોતાની જ્ઞાતિનું નામ રોશન કર્યું છે.

સખત મહેનતનો કોઈ વિકલ્પ નથી એ વાતને ચરિતાર્થ કરનારા ૨૭ વર્ષીય કાર્તિકેય પરીક્ષાની તૈયારી માટે શરૂઆતમાં ૧૨થી ૧૫ કલાક વાંચન કરતા. પણ પછી જેમ પકડ આવીત ગઈ તેમ કલાકો ઘટતા ગયા અને ફાઈનલ પરીક્ષા દરમ્યાન સરેરાશ ૭ થી ૮ કલાક તૈયારી કરતા.

કાર્તિકેયનો કચ્છના મિડિયાવાળા તેમજ જી ગુજરાતી ટી.વી. વાળાએ ઈન્ટરવ્યુ લીધો ત્યારે એમણે જણાવ્યું કે સફળતા માટે ડરી જવું એ જીવનની નિષ્ફળતા સ્વીકારી લેવા બરાબર છે. દૃઢ મનોબળથી પ્રયત્ન કરવામાં આવે તો જરૂર સફળતાના શિખર સર કરી શકાય છે. એમણે પરીક્ષામાં પબ્લિક એડમિનિસ્ટ્રેશન અને સોશ્યોલોજી વિષય સાથે ચોથા પ્રયત્ને સફળતા મેળવી અને તેમના માર્ગદર્શકો માટે આભારની લાગણી વ્યક્ત કરી.

UPSCની પરીક્ષા માટે તૈયાર કરતાં તેમણે જોયું કે, મને SSCમાં ફીઝીક્સ અને કેમીસ્ટ્રીમાં ૮૪ ટકા મેળવ્યા ત્યારે મારા પિતાએ મને જણાવ્યું કે અમારી ઇચ્છા તને IAS બનાવવાની છે. જો તારામા દૃઢ વિશ્વાસ હોય તો તને એ મુજબ અભ્યાસ કરવાનો રહેશે. એટલે મેં મારા માતાપિતાની ઇચ્છાને સ્વીકારીને પ્રથમ જ ધો. ૧૧માં અંગ્રેજી મીડિયમમાં અભ્યાસ કરવા જણાવ્યું અને HSCમાં સાયન્સના વિષયો સાથે ૬૫ ટકા સફળતા મેળવી અને BSC અંગ્રેજી મિડિયમ ફીઝીક્સ સાથે ૭૨ ટકા મેળવ્યા. ત્યાર બાદ મેં ડિગ્રી મેળવવા MLW (માસ્ટર ઓફ લેબર વેલ્ફેર) ગુજરાત યુનિવર્સિટીમાં ગોલ્ડ મેડલ મેળવ્યું ત્યારે મને નોકરીના ઘણા ચાન્સ હતા. છતાં માતાપિતાની ઈચ્છા પૂર્ણ કરવા UPSCની તૈયારી કરી અને અંતે સફળતા પ્રાપ્ત કરી અને હું વિદ્યાર્થીઓને સંદેશ પાઠવું છું કે, કોઈપણ ક્ષેત્રમાં અભ્યાસ કરવું હોય તો યોગ્ય દિશા અને યોગ્ય માર્ગદર્શનથી મહેનત કરવામાં આવો તો ચોક્કસ સફળતા મળે જ છે

કાર્તિકેય જેવા યુવાનો માટે જ કહેવાય છે કે "ઊંચી ઉડાન, સપનોમેં જાન તો મંઝીલ હો જાયે આસાન."

એમના પિતાશ્રી પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે કોઠારા ગામમાં ફરજ બજાવી હાલે નિવૃત્તમય જીવન ગાળે છે. એમના પિતાશ્રીએ SSC PTC સુધી અભ્યાસ કરેલ છે.

એમનું સ્વપ્ન મોટા પુત્રને એન્જિનિયર બનાવવાનું અને બીજાને IAS બનાવવાનું હતું જે તેમનું સ્વપ્ન સાકાર થયું.

એમનો મોટો પુત્ર ચિ. ભાવેશ ડી. બુદ્ધભટ્ટી હાલે બેંગ્લોરમાં સોફ્ટવેર એન્જિનિયર છે. આ કંપનીમાં મેનેજર તરીકે ફરજ બજાવે છે. નોકરી દરમ્યાન તેમણે અમેરિકા, ચાઈના, સિંગાપોર અને કોરિયામાં પણ કંપની તરફથી ફરજ બજાવી છે. તેમણે પણ કોઠારા ગામનું, જ્ઞાતિ તેમજ માતા-પિતાનું નામ રોશન કર્યું છે.

## બૃહદ ગુજરાતના બુદ્ધભટ્ટી

હૈદ્રાબાદ-સિકંદરાબાદની વિગતો શ્રી પ્રાણલાલભાઈ કંસારા (બુધ્ધભટ્ટી) દ્વારા મોકલવામાં આવી છે. તેઓશ્રી જ્ઞાતિ-હિતના કાર્યોમાં રસ લે છે તેમજ આપણા પરિવારોને વ્યક્તિગત આવશ્યક્તાનુસાર મદદ કરવા તત્પર રહે છે.

શ્રી પ્રાણલાલભાઈ કંસારા (બુધ્ધભટ્ટી) અહીં સર્વપ્રથમ આવેલા પરિવારોમાંના એક છે. એમની પેટ્રોલ ડિલરની એજન્સી છે.

## હૈદ્રાબાદ-સિકંદરાબાદ (આંધ્રપ્રદેશ)માં આપણા પરિવારો

આંધ્રપ્રદેશમાં સિંકદરાબાદ-હૈદ્રાબાદ જોડિયા શહેર છે. અહીં આપણા અંદાજે સોએક પરિવારો છે, જેઓ આ બંને નગરમાં છુટાછવાયા વસેલા હોતાં એમનું સામુદાયિક સંગઠન જેવું નથી. અલબત્ત, આ પરિવારો, વાર તહેવારે કે જ્ઞાતિબંધુના કોઇ સારા માઠા પ્રસંગે એકત્ર થઇ જાય છે, તેમજ એકબીજાને મુશ્કેલી વખતે મદદરૂપ થવા તત્પર રહે છે. આપણા જ્ઞાતિબંધુઓ વચ્ચેની આ ભાવનાથી અહીં વસતી નવી પેઢી સંગઠીત થશે તેવી આશા છે. આ ઐક્યની ભાવના જાગૃત કરવામાં 'જ્ઞાતિસેતુ' આ જોડિયા નગરમાં વસતા આપણા પરિવારોને જોડવા માટે 'જ્ઞાતિસેતુ' સેતુરૂપ બની રહ્યું છે.

મોટાભાગની વ્યક્તિઓ આ જોડિયા શહેરમાં આવે ત્યારે એમનો શ્રી પ્રાણલાલભાઇ ઉર્ફે જીવણભાઇ, એમના વડીલ બંધુ પ્રીતમભાઇ અથવા ભગવાનભાઇના નામ એમના હોઠે અવશ્ય હોય છે.

આ જોડિયા નગરમાં સર્વપ્રથમ આવનારા પરિવારોમાં સર્વશ્રી મોહનલાલ આણંદજી, વાલજી આણંદજી, ઝવેરીલાલ જાદવજી અને ગોપાલજી જાદવજી મુખ્ય હતા. આ પરિવારોના વંશજો ઉપરાંત નોંધપાત્ર પરિવારોમાં સર્વશ્રી શાંતિલાલ વેલજી અને હર્ષદકુમાર છગનલાલના પરિવારો છે. આરંભમાં અહીં સ્થાયી થયેલા પરિવારોનો મુખ્ય વ્યવસાય જ્વેલરી આભુષણ કારીગરી અને વ્યાપાર હતો.

## CAPTAIN BUDHABHATTI

Captain J.B. Budhabhatti, A.I.N.A., F.R.S.A. was the State Mechanical Engineer and A.D.C. to the Maharao of Kutch. He was born in 1896. He joined the State service in 1913 and became A.D.C. in 1921. His name has become noted in the State history of Kutch by various works which he has carried out for the development and benefit of the State. The first of these works was the establishment of a mint in Bhuj in 198.

He won the credit as a yacht builder. He has built the "Rangmati", the first craft of its type in India. On the occasion of the Silver Jubilee Durbar, he was awarded the honorary title of Captain - the first Kutchi on whom this title has been conferred.

(Times of India : 1940)

Courtesy : T.P. Kansara's Collection - News item abridged.

## પોર્ટેટ કળામાં પ્રવીણ પંડિત – શ્રી ઝવેરીલાલ બુધ્ધભટ્ટી

પોર્ટેટ કળાનાં ખરાં દર્શન તો એમને જ થયા હશે જેમણે ભુજના શ્રી ઝવેરીલાલ શિવજી બુધ્ધભટ્ટીની આંગળીએ દબાયેલી, સિફતથી ફરતી પેન્સિલને સફેદ કાગળ પર રેખાઓની ધૂપછાંવ ઉપસાવતી જોઈ હશે. શ્રી ઝવેરીલાલભાઈએ આરખેલાં આહેબૂબ વ્યક્તિચિત્રોની એક ઝલક એમના ડ્રોઈંગ રૂમમાં લટકતાં વિવેકાનંદ, સુભાષચંદ્ર બોઝ, વિજયરાજજી બાવા અને વલ્લભભાઈ પટેલનાં પોર્ટેટ્રોમાં જોવા મળે છે. કેમેરાની આંખ પણ ઝડપી ન શકે તેવી બારીકાઈથી વિભિન્ન વ્યક્તિઓનું સમગ્ર વ્યક્તિત્વ ઉપસાવતાં એમના રેખાંકનો પ્રાણવાન છે. વ્યવસાયે તેઓશ્રી સોના ચાંદીના અગ્રણી વેપારી.

ઉપરાંત મીનાકામ, એન્ગ્રેવિંગ વર્ક અને નકશીકામના કસબી તરીકે નામના મેળવી. એમનો જન્મ ૧૯૨૩માં થયો. ડ્રોઈંગમાં ઈન્ટરમિડીયેટ થયા. એમના અનેક ચિત્રો પ્રમાણિત થયા. વિજયરાજજી બાવાના શાસનકાળ દરમ્યાન આયોજીત એક પ્રદર્શનમાં તે સમયની મશહુર અભિનેત્રી કાનન બાળાના આબેહૂબ રેખાચિત્ર માટે તેમને પ્રથમ ઈનામ તેમજ ૪૦-૪૦ કોરીની બે થેલી ભેટ મળી. કચ્છના આ સિધ્ધહસ્ત કલાકારનાં ચિત્રો દિલ્હી દૂરદર્શન દ્વારા પણ પ્રદર્શિત થયા છે. એમનો કલાવારસો એમની પૌત્રી બિંદુબેન સંભાળે છે. 'વસુધૈવ કુટુંબકમ' ભાવના પ્રેરીત એમના સંયુક્ત કુટુંબમાં પુત્રો રસીકભાઈ અને હર્ષદભાઈ તેમજ તેમનો પરિવાર છે. બંને ભાઈઓ વ્યવસાય ઉપરાંત સમર્પિત સમાજ સેવક છે.

# બુદ્ધભટ્ટી પરિવારના નૈવેદ્ય

- એકતા કટ્ટા (અંજાર)

- **બુધ્ધભટ્ટીનાં કુળદેવી :**

શ્રી મોમાઈ માતાજી બુધ્ધભટ્ટી ગૌત્રનાં કુળદેવી છે. તેઓનું મુખ્ય સ્થાનક કચ્છનાં રાપર તાલુકાનાં 'મોરાગઢ' ગામે આવેલ છે.

- **શ્રી પુરસાદાદાનું સ્થાનક :**

અબડાસા તાલુકાનાં નલીયા-કોઠારાની વચ્ચે 'ભાનાડા; કે, જે નલીયાથી નવ કિ.મી.નાં અંતરે છે અને કોઠારાથી પણ નવ કિ.મી.નાં અંતરે છે, ત્યાં બુધ્ધભટ્ટી ગૌત્રનાં પુરસાદાદાનું સ્થાનક આવેલ છે.

- **શ્રી મોમાઈ માતાજીની સ્તુતિ :**

નમન હૈ, હસ્ત જોડું મૈયા, શરણ મેં તેરા છૈયા,
કુળદેવી મોમાઈ માત તું મેરી, અરજ સુન લડકે કી તેરી,
સકલ જગ વ્યાપી રહી તું હી, આજ હોંશ મુજ પડી મોહી,
ભુલા મૈં મોહ કે સપને મેં, જાના નહીં રૂપકો અપને,
બુરા મૈંને બહોત કિયા હૈ માઈ, શરણ તેરે આ પડા હું આઈ,
ક્ષમાકર પાપ સૌ મેરા, ભરોસા માઁ તું હૈ મેરા,
કરૂણા દષ્ટિ કર માતા, આયુષ્ય, ધન, સુખ કી દાતા,
જગત કી માં તું મોમાયા, તેરા ગુણ વેદ નિત્ય ગાયા,
તું હી બ્રમ્હ તેજ, તું હી શક્તિ, રમા, ગંગા, પાર્વતિ, ભક્તિ,
અલખ તું ઈશ્વરી અંબા, નમામિ માં તું જગદંબા,
અરજ સુણ 'માધવ' કી મૈયા, શરણ મેં રખ મૈં તેરા છૈયા.

- **શ્રી મોમાઈ મંત્ર :**

જગજનની, દુઃખ હરની, મનોવાંચ્છિત પુરણી,
શ્રી મોમાઈ માતાય નમો નમઃ
બુધ્ધભટ્ટી પરિવારના નૈવેદ્ય

- **કુળદેવીનાં નૈવેદ્ય :**

આસોસુદ બીજનાં રાત્રે સવા પા શેર ઘઉંનાં ડારાની લાપસી તથા બે શ્રીફળનાં નૈવેદ્ય કરવા.

આસો સુદ આઠમનાં બપોરે સવા પા શેર ઘઉંના ડારાની લાપસી તથા બે શ્રીફળનાં નૈવેધ કરવા.

દિવાળીનાં રાત્રે એક શ્રીફળ, સવા પા શેર ઘઉંના ડારાની લાપસી, ઘઉંની ઘી નાં મોણવાળી, હથેળી પર થેપી, ઘીમાં શેકેલ ૬૪ પૂરીઓ બનાવી તેની સાત-સાત થપ્પી ઉપર લાપસી મૂકી નૈવેધ કરવા.

મહાસુદ સાતમનાં બપોરે પા શેર ડારાની લાપસી તથા એક શ્રીફળનાં નૈવેદ્ય કરવા તથા સાત બુધ્ધભટ્ટી ભાઈઓનાં ઘેરથી સાત ધાન માંગી લાવી તેને નૈવેધ સમયે માતાજી પાસે મૂકવું.

મહાસુદ ચૌદસનાં બપોરે માંગેલ સાત ધાન દળાવી તેનાં મોળાં રોટલા બનાવી, લાપસી તથા રોટલાંનાં નૈવેધ કરવા. વધેલો પ્રસાદ સાંજ પહેલાં ગાયને આપવો.

હોળીનાં સાંજે સવા પા શેર ડારાની લાપસી તથા એક શ્રીફળનાં નૈવેધ કરવા.

ચૈત્ર સુદ બીજનાં સાંજે સવા પા શેર ડારાની લાપસી તથા એક શ્રીફળનાં નૈવેધ કરવા.

ચૈત્ર સુદ આઠમનાં બપોરે પા શેર ડારાની લાપસી તથા એક શ્રીફળનાં નૈવેધ કરવા.

અષાઢ સુદ બીજનાં સાંજે પા શેર ડારાની લાપસી તથા એક શ્રીફળનાં નૈવેધ કરવા.

- **પુરસાદાદાનાં નૈવેધ :**

બુધ્ધભટ્ટી ગૌત્રનાં સમસ્ત ગૌત્ર બંધુઓ દ્વારા કારતક સુદ ચૌદસે, પુરસાદાદાનાં 'ભાનાડા' મધ્યે આવેલ સ્થાનકે નૈવેધ કરવામાં આવેલ છે. જેમાં જોડ દીવા (બે દીવા) કરી, સેકેલી લાપસી તથા છ ચણાંનાં લોટનાં થેપલાનાં નૈવેધ કરવા. એક થેપલો અને લાપસી ધૂપમાં અને પાંચ થેપલા ઉપર લાપસી મૂકી કાંસાની થાળીમાં ધરાવવા. પુરસાદાદાનાં સ્થાનકે ન પહોંચી શકાય તો ઉપર મુજબનાં નૈવેધ પાણિયારે કરવા. આસો વદ ચૌદસે (કાળી ચૌદસે) પુરસાદાદાને સિંદૂર ચડાવવામાં આવતું નથી.

- **ખેતરપાળદાદાનાં નૈવેધ :**

આસો વદ ચૌદશે (કાળી ચૌદશે) રાત્રે જાડી ભાખરી શેકી, કૂટી, ગોળ-ઘી ભેળવી ચુરમો કરવો તથા સવા પાશેર કાળા તલ કૂટી ગોળ ભેળવી ચુરમો કરવો. ઘઉં તથા તલનો ચુરમો તથા એક શ્રીફળનાં નૈવેધ કરવા. કારતક સુદ પાંચમનાં સવારે નવા ચોળા અથવા મગ સવા પવાલો બાફી તથા કાળા તલનાં નૈવેધ કરવા. શ્રાવણ સુદ પાંચમનાં સવારે પા શેર લોટની ભાખરી તથા પા શેર કાળા તલનો ચુરમો તથા એક શ્રીફળનાં નૈવેધ કરવા.

- **શ્રીમંતનાં નૈવેધ :**

સવા પા શેર લાપસી, સવા પા શેર કાળા તલનો

ચુરમો, ઘઉંની પા શેરની ભાખરીમાંથી બનાવેલ ચુરમો, પા શેર સફેદ જુવાર તથા એક જમણી, એક રાતીરા ગજની સાથે બે રૂપિયા, એક સૂકું શ્રીફળ માતાજી પાસે મૂકવું. અને નૈવેધ કરવા. જ્યારે બાળક દોઢ માસનું થાય ત્યારે શ્રીમંતનાં નૈવેધ સમયે જે બે રૂપિયા માતાજી પાસે મૂક્યા હોય તેમાં ખૂટતાં પૈસા નાખી શ્રીફળ લેવું અને પા શેર અથવા વધારે લાપસી કરી પાણિયારે નૈવેધ કરવા.

● **બાલ મુંડનનાં નૈવેધ :**

**ગણેશ સ્થાપના :** બાજોઠ પર કોરું સફેદ કાપડ પાથરી ગોળ-ઘી મૂકી ગણેશજી પધરાવવા અને વડી મૂકવી. પા શેર ચોખા, પા શેર ડારાની લાપસી, પા શેર જુવાર ને રાંધવું. શ્રીફળ, ચાર પુરી રાખી, માય ભાણ, ચાર સરખા રાખવા. ચાર-ચારની થપ્પી કરી મિક્ષ કરીને નૈવેધ કરવા. બે માયમાટલા રાખવા જેમાં એક માટલામાં ૪૯ પૂરી,
સાત માતરિયા લાડવા (ગોળ-પાપડીની રીતનાં) રાખવા અને બીજામાં સફેદ કોરું કપડું સવા ગજ, એક શ્રીફળ, સફેદ જાર પા શેર, સવા પાલી ખારેક અથવા સીંગ, રૂપાની મોર અથવા સવા રૂપિયો મૂકવા. આ માયમાટલા મુંડન વિધિ બાદ નિયાણીને આપવા.

● **લગ્ન (માંડવા)નાં નૈવેધ :**

મુંડન નૈવેધ પ્રમાણે જ બે માય-માટલા તૈયાર કરવા. તે ઉપરાંત એક શ્રીફળ, સવા શેરની લાપસી, સવા શેર ઘઉંના લોટની ભાખરીનાં ચુરમાનાં લાડવા, પા શેર સફેદ જુવાર બાફેલીમાં કાળા તલ, પા શેર ગોળ મેળવી માતાજી પાસે મૂકી નૈવેધ કરવા.

**નોંધ :-** બુધ્ધભટ્ટી ગૌત્રમાં વહુનું શ્રીમંત સાત મહિના બાદ કરવું. શ્રીમંત બાદ વહુ માવિત્રિ જઈ શકે છે અને દિકરી પણ માવિત્રે આવી શકે છે. શક્ય હોય ત્યાં સુધી રજોધર્મનિયમ પાળવો જ જોઈએ અને આવશ્યક હોય તો વર્ષમાં એક વખત શાન્તિપાઠ કરાવવો પણ શાસ્ત્રીપાઠ ન થાય તો સારૂં. એમાં તકલીફ થઈ શકે છે.

●

## પરંપરાના મૂલ્યો દેશ માટે, એ જ જ્ઞાતિ માટે

''દેશની જે પરંપરા છે, તે જ દેશ છે, તે જ પ્રજા છે; અને એ પરંપરા એવી કીંમતી ચીજ છે કે બીજા દેશની પરંપરા સાથે એને સેળભેળ કરી ખીચડો કરી શકાય નહિ. જ્યારે દેશની પરંપરા મરી જાય છે ત્યારે દેશ મરી પરવારે છે. અને દુનિયામાં મહાન સત્તા તરીકે ચાલુ રહે તો પણ એ કેવળ મનુષ્યોના સરવાળા સિવાય બીજું કાંઈ નથી.''

**- યોગી પ્રેમકૃષ્ણ**

આપણા પ્રાચીન ઋષિમુનિઓએ દીર્ઘકાળના તપશ્ચર્યામય જીવન, ઊંડા ચિંતન અને અનુભવના આધારે વ્યક્તિ અને સમષ્ટિના ઐહિક અને પરમાર્થિક અભ્યુદયની કેટલીક પરંપરાઓ આપણને વારસામાં આપી છે. સમન્યવૃત્તિ, સહિષ્ણુતા, સર્વત્ર પ્રભુ છે એમ માની પ્રાણી માત્રમાં ઈશ્વરનું દર્શન કરવું, આખું વિશ્વ એક કુટુંબ છે એવી વિશાળ ભાવના રાખવી, જીવનને ઈશ્વરનો પ્રસાદ માની શરીર, બુદ્ધિ અને હૃદયનો ઉપયોગ પ્રભુકાર્યમાં કરવો, વગેરે.

વ્યક્તિગત જીવનમાં સત્ય, પ્રેમ, કરુણા, મૈત્રી, ત્યાગ, તપ, આત્મસંયમ, ક્ષમા, સમર્પણ, ગંભીરતા, ઉદારતા, વીરતા, કર્તવ્ય પરાયણતા, નિઃસ્વાર્થતા, પવિત્રતા, વિનમ્રતા, પરોપકાર, સેવા, સહાનુભૂતિ, દામ્પત્યનિષ્ઠા, અતિથિસત્કાર વગેરે ગુણોના વિકાસ દ્વારા સ્વનું ને સમાજનું શ્રેય સાધવું, સાધુ-સંતો પ્રત્યે પૂજ્યભાવ રાખવો, માતા, પિતા અને ગુરુને દેવસમાન ગણી એમની આજ્ઞાનું પાલન કરવું. વડિલોની મર્યાદા જાળવવી, માનવની મૂળભૂત સદ્‌વૃત્તિમાં વિશ્વાસ રાખવો, તથા પ્રાણાંતે પણ મૂલ્યોનું જતન કરવું આ છે આપણી એ સાંસ્કૃતિક પરંપરાઓ.

સદ્‌ભાવ રામાયણનાં સંપાદકીય લેખમાંથી સાભાર.

સંકલન : સારાંશ - **બાબુભાઈ એન. સોની.**

**સર્વેઽત્ર સુખિનઃ સન્તુ સર્વે સન્તુ નિરામયાઃ ।**
**સર્વે ભદ્રાણિ પશ્યન્તુ મા કશ્ચિત્ દુઃખમાપ્નુયાત્ ॥**

# બુદ્ધભટ્ટી પરિવારના પુરસાદાદા 'ભટ્ટીદાદા'નું સ્થાનક અને સતીમાતા

- સોની કાન્તીલાલ નારાયણ બુદ્ધભટ્ટી (અંજાર)

**સતી મેઘબાઈ માની આછેરી ઝલક :**

બુદ્ધભટ્ટી દામાણી પરિવારના સતી મેઘબાઈ માંનો જન્મ અબડાસા તાલુકાના કોઠારા ગામ મધ્યે મારૂ કંસારા - નુખે બારમેડાને ત્યાં વર્ષ સવંત ૧૮૦૯ વૈશાખ વદ ૮, ૧૭-૦૫-૧૭૫૨ ના રોજ થયેલ તેમજ તેમના લગ્ન ભુજના કંસારા બુદ્ધભટ્ટી નુખના સાથે સંવત ૧૮૩૩ તા. ૨૦-૧-૧૭૭૬ના રોજ થયેલ. એમને પોતાના લગ્ન જીવન સંસારમાં અનેકવિધ તડકી-છાંયડી જોવા મળેલ. દામાણી પરિવારના વંશજો સતી મેઘબાઈ માંનો પાટોત્સવની ઉજવણી પોષ વદ ચોથના રોજ કરે છે તેમજ બહારગામ વસતા દામાણી પરિવાર જો આ ઉજવણીમાં હાજરી ના આપી શકે તો તેમના ઘેર જ તે દિવસે ખીર અને ફુલકા અથવા દૂધ-પુરી સતી માં ને ધરે છે. આ ઉજવણીના ભાગ રૂપે ભુજ મધ્યે ભીડનાકા બહાર આવેલ સતી માતાના મંદિરે તા. ૨૩-૧-૨૦૧૧ રવિવારના રોજ ધામધૂમથી ઉજવવામાં આવેલ.

કચ્છમાં અબડાસા તાલુકાના ગામો નલીયા કોઠારાની વચ્ચે 'ભનાડા' કે જે નલીયાથી નવ કિ.મી.ના અંતરે છે અને કોઠારાથી પણ નવ કિ.મી.નાં અંતરે છે, ત્યાં બુધ્ધભટ્ટી ગોત્રનાં પુરસાદાદાનું સ્થાનક આવેલ છે.

● **કુળદેવીનાં નૈવેધ :**

આસો સુદ બીજનાં રાત્રે સવા પા શેર ઘઉંનાં ડારાની લાપસી તથા બે શ્રીફળનાં નૈવેધ કરવા.

● **આસો સુદ આઠમનાં બપોરે સવા** પા શેર ઘઉંના ડારા લાપસી તથા બે શ્રીફળના નૈવેધ કરવા.

● **દિવાળીનાં રાત્રે એક શ્રીફળ, સવા** પા શેર ઘઉંના ડારાની લાપસી, ઘઉંની ઘીનાં મોણવાળી, હથેળી પર થાપી, ઘીમાં શેકેલ ૬૪ પૂરીઓ બનાવી તેના સાત - સાત થપ્પી ઉપર લાપસી મૂકી નૈવેધ કરવા.

● **મહાસુદ સાતમનાં બપોરે માંગેલ**

સાત ધાન દળાવી તેનાં મોળાં રોટલા બનાવી, લાપસી તથા રોટલાનાં નૈવેધ કરવા. ચૈત્ર સુદ આઠમનાં બપોરે પા શેર ડારાની લાપસી તથા એક શ્રીફળના નૈવેધ કરવા.

● **અષાઢ સુદ બીજનાં સાંજે પા શેર** ડારાની લાપસી તથા એક શ્રીફળના નૈવેધ કરવા.

● **પુરસાદાદાના નૈવેધ :**

બુધ્ધભટ્ટી ગૌત્રના સમસ્ત ગૌત્ર બંધુઓ દ્વારા કારતક સુદ ચૌદસે, પુરસાદાદાનાં 'ભનાડા' મધ્યે આવેલ સ્થાનકે નૈવેધ કરવામાં આવેલે છે. જેમાં જોડ દિવા (બે દીવા) કરી, સેકેલી લાપસી તથા છ ચણાના લોટનાં થેપલાનાં નૈવેધ કરવા. એક થેપલો અને લાપસી ધુપમાં અને પાંચ થેપલા ઉપર લાપસી મુકી કાંસાની થાળીમાં ધરાવવા. પુરસાદાદાના સ્થાનકે ન પહોંચી શકાય તો ઉપર મુજબનાં નૈવેધ પાણિયારે કરવા. આસો વદ ચૌદસ (કાળી ચૌદસે) પુરસાદાદાને સિંદુર ચડાવવામાં આવતું નથી.

● **ખેતરપાળદાદાના નૈવેધ :**

આસો વદ ચૌદશે (કાળી ચૌદસે) રાત્રે જાડી ભાખરી શેકી, કૂટી, ગોળ-ઘી ભેળવી ચુરમો તથા સવા પા શેર કાળા તલ કૂટી ગોળ ભેળવી ચુરમો કરવો. ઘઉં તથા તલનો ચુરમો તથા એક શ્રીફળના નૈવેધ કરવા. કારતક સુદ પાંચમનાં સવારે નવા ચોળા અથવા મગ સવા પવાલો બાફી તથા કાળા તલના નૈવેધ કરવાં. શ્રાવણ સુદ પાંચમનાં સવારે પા શેર લોટની ભાખરી તથા પા શેર કાળા તલનો ચુરમો તથા એક શ્રીફળના નૈવેધ કરવા.

● **શ્રીમંતના નૈવેધ :**

સવા પા શેર લાપસી, સવા પા શેર કાળા તલનો ચુરમો, ઘઉંની પા શેરની ભાખરીમાંથી બનાવેલ ચુરમો, પા શેર સફેદ જુવાર તથા એક જમણી, એક રાતીરા ગજની સાથે બે રૂપિયા, એક સુકું શ્રીફળ માતાજી પાસે મુકવું. અને નૈવેધ કરવા.

● **બાલમુંડનના નૈવેધ :**

ગણેશ સ્થાપના : બાજોઠ પર કોરું સફેદ કાપડ પાથરી ગોળ - ઘી મૂકી ગણેશજી પધરાવવા અને વડી મૂકવી. પા શેર ચોખા, પા શેર ડારાની લાપસી, પા શેર જુવારને રાંધવું, શ્રીફળ, ચાર પુરી રાખી, માય ભાણ, ચાર સરખા રાખવા. ચાર-ચારની થપ્પી કરી મિક્ષ કરીને નૈવેધ કરવા. બે માયમાટલા રાખવા જેમાં એક માટલામાં ૪૯ પૂરી, સાત માતરિયા લાડવા (ગોળ-પાપડીની રીતનાં) રાખવા અને બીજામાં સફેદ કોરું કપડું સવા ગજ, એક શ્રીફળ, સફેદ જાર સવા રૂપિયો મુકવા. આ માયમાટલા મુંડન વિધિ બાદ નિયાણીને આપવા.

● **લગ્ન (માંડવા)નાં નૈવેધ :**

મુંડન નૈવેધ પ્રમાણે જ બે માય - માટલા તૈયાર કરવા. તે ઉપરાંત એક શ્રીફળ, સવા શેરની લાપસી, સવા શેર ઘઉંના લોટની ભાખરીનાં ચુરમાનાં લાડવા, પા શેર સફેદ જુવાર બાફેલીમાં કાળા તલ, પા શેર ગોળ મેળવી માતાજી પાસે મુકી નૈવેધ કરવા.

●

# હરિતસ ગોત્રના બીજલાણી પરિવાર

- તુલસીદાસ કંસારા (અમદાવાદ)

## બીજલાણી પરિવારનો ઈતિહાસ

- રાજસ્થાનથી અંદાજે ૩૦૦ વર્ષથી ભુજમાં વસવાટ.
- અંદાજે ૧૨૫ પરિવાર.
- ભુજ-અંજાર-માંડવી-નખત્રાણા-મુંબઈ-પુના-અમદાવાદ-રાયપુર વિગેરે શહેરોમાં બીજલાણી ભાઈઓ વસવાટ કરે છે.
- પુરષાદાદા મીઠુભાઈ સુરા (માંડવી)
- પુરષાદાદાનું સ્થાનક નાની રાયણ (માંડવી) ઘોરમનાથ દાદાના મંદિર પાસે ગઢવીની વાડીમાં દેરી બનાવેલ છે.
- સતીમાતા + માતાજીની પ્રાચીન મૂર્તિ (ખંડિત અવશેષ રૂપે) નવું મંદિર બનાવી તે જ સ્થળે સ્થાપના કરેલ છે. શ્રાવણ સુદ-૨ (બે વર્ષ પહેલા)


  સ્થળ : સરવાડી, રવજી રામજી પટેલની વાડી, (પુરષાદાદાની વાડીની સામેની વાડીમાં).
- **જુની પેઢીના આગેવાન પરિવારો :**

- ગોવીંદ કાનજી બીજલાણી - સોના-ચાંદીના વેપારી
- શીવજી પ્રાગજી બીજલાણી - સોના ચાંદીના કારીગર
- બેચરદાસ દેવકરણ બીજલાણી-તાંબા-પિત્તળના વાસણના કારીગર
- માધવજી રામજી બીજલાણી-સોડા-બાટલીવાળા
- પરસોત્તમ ધારશી બીજલાણી-સોના-ચાંદીના વેપારી

- **વિશેષ :-** સમસ્ત બીજલાણીભાઈઓની 'પરિવાર પરિચય' પુસ્તકરૂપે પ્રસદ્ધિ કરવાનું આયોજન કરેલ છે.

**સંકલન : અનિલભાઈ બીજલાણી (ભુજ)**

## રજવાડી મિજાજ અને સખાવતી દિલના ધની – પરસોત્તમ ધારશી વરસામેડીવાળા



કચ્છના આખરી મહારાવ મદનસિંહજીનો જે દિવસે જન્મ થયો તે જ દિવસે કંસારા સોની ધારશી દેવશીને ઘેર પણ પુત્રનો જન્મ થયો. તે જ આપણા પરષોત્તમ બાપા. તેઓ કહેતા કે રા'ને ત્યાં જનમ્યો છું. આપણી કંસારા જ્ઞાતિ પણ એક રા'ને છાજે તેવી છે. માધાપરની શાળામાં દાખલ થયાનાં પહેલા જ દિવસે હાથી ઉપર બેસી શાળામાં ગયા હતા.

ધાણેટી મોસાળમાં કામ શીખી વરસામેડી આવ્યા. અંજારમાં સોના-ચાંદીની દુકાન કરી. કંસારા જ્ઞાતિના પ્રમુખપદે ઘણાં વરસ સુધી રહ્યા. અંજારમાં પોતાની જ્ઞાતિની વાડી બનાવવા માટે તેઓએ રૂા. ૧,૧૧,૧૦૧/-નો ફાળો આપ્યો હતો. ત્યારપછી મૃત્યુ બાદના વીલમાં પણ રૂા. ૧ લાખ ન્યાતની વાડીને આપ્યા, જે ભૂકંપથી પહેલા સંવત ૨૦૦૦માં નાતને તેમની પુત્રીઓએ અર્પણ કરેલ છે. માતાના મઢમાં પણ કંસારા જ્ઞાતિની વાડીમાં તેમનો સારો સહયોગ રહ્યો છે.

જાહેર જીવનમાં યુસુફ મહેરઅલી જેવા નેતા સાથે કામ કર્યું છે. વરસામેડી પંચાયતના પ્રમુખ હતા ત્યારે ત્યાં પ્રાથમિક શાળા નવી બંધાવી જેનું ઉદ્‌ઘાટન કરવા ઈંદીરા ગાંધી આવ્યા હતા. વરસામેડીમાં તળાવની વચ્ચે કૂવો હતો. વરસાદમાં પાણી ભરવામાં મુશ્કેલી પડતી હતી. તેથી ત્યાં પૂલ બનાવ્યો. ૧૯૭૮માં તેમના નાના ભાઈ સ્વ. જેરામ ધારશી પાછળ ભાગવત સપ્તાહ વંચાવી અને ધૂઆબંધ આખું ગામ જમાડ્યું. ગામલોકોએ તેમનું વાજતે ગાજતે સ્વાગત કરી વેલજીભાઈ ગજ્જરનાં હસ્તે પાઘડી અને સોનાની વીંટી પહેરાવી. તેમણે અંજાર અને માંડવી કંસારાની નાતને જમાડી હતી.

સને ૧૯૫૬ના ભૂકંપ વખતે આપણી જ્ઞાતિના સંતૃપ્ત

પરિવારોને વરસામેડીમાં આશ્રય આપ્યો અને સરકારી સહાય અપાવી. વરસામેડી ગામે તેમનું સન્માન કર્યું ત્યારે એમણે ગામને ગૌચારા માટે એક ખેતર અર્પણ કરેલું અને આપણી જ્ઞાતિના ગોરબાપાને એક ખેતર આપ્યું.

❖

## સ્વ. શ્રી માધવજી રામજી બીજલાણી (ઉર્ફે માધુભાઈ બાટલીવાળા)

***ઈ.સ. ૧૯૦૫માં જ્યારે કચ્છમાં રાજાશાહીનો સમય હતો ત્યારે સર્વ પ્રથમ વખત સોડા બોટલ (સોડા મેકર) બનાવવાનું કારખાનું કંસારા બજાર (સોની બજાર) ભુજ મધ્યે નાખવામાં આવ્યું હતું. આ કારખાનાનું નામ "કચ્છ સોડા વોટર હાઉસ" હતું.***



આ ઉદ્યમના પ્રણેતા હતા શ્રી માધવજીભાઈ રામજી બીજલાણી.

રાજાશાહીના સમયમાં રાજ્યની મોનોપોલી ધરાવતું આ કાર્ય કોઈ પ્રજાજને પોતાનું કરવાનું સાહસ કરનાર માધવજીભાઈ આપણી જ્ઞાતિનું ગત પેઢીનું ગૌરવ છે. એનાથીય આશ્ચર્યની વાત તો એ હતી કે સોડા બોટલ બનાવવાનું મશીન એ માધુભાઈએ પોતાની બુધ્ધિપૂર્વક કારીગર પાસે (કાસ્ટીંગ) કરાવીને જાતે બનાવ્યું હતું. તે પહેલા માધુભાઈ કચ્છ રાજમાં
નોકરી કરતાં હતાં ત્યારે તેમણે એ મશીન દ્વારા સોડા બોટલનું ઉત્પાદન ચાલુ કર્યું હતું.

માધુભાઈ દ્વારા સોડા બોટલનું ઉત્પાદન કરીને રાજ મહેલમાં સપ્લાય કરવામાં આવતું હતું. સાથે રાણી મહેલ અને બહારથી આવતાં મહેમાનને જ્યાં ઉતારો દેવામાં આવતો તે દરેક જગ્યાએ (સોડા બોટલ)નો સપ્લાય કરતાં હતાં.

રાજાશાહીમાં કચ્છના રાજા દ્વારા માધુભાઈને રાજા મહેલમાં અને ખાસ કરીને રાણીના મહેલની અંદર સોડા બોટલ સપ્લાય માટે વિશેષ છુટ આપવામાં આવી હતી.

કચ્છ રાજાશાહી સમય દરમ્યાન રાજાના બહારથી આવતાં (બ્રિટીશ) અફસરોના મહેમાનોને જ્યાં ઉતારો દેવામાં આવતો ત્યાં ખાસ મહેમાનો માટે મનોરંજન પ્રોગ્રામ રાખવામાં આવતો. ત્યારે માધુભાઈની સોડા-બોટલ સપ્લાય કરવામાં આવતી હતી.

બ્રિટીશરો પણ એ સોડા બોટલના સ્વાદની મજા માણતા અને માધુભાઈ અને તેમના પુત્ર મોતીલાલ માધવજીની પ્રશંસા કરતાં હતા. તે સમયે સોડા વોટરનું ઉત્પાદન એક નવાઈની વાત ગણાતી. તે રાજાના મહેમાનોને (બ્રિટીશરો) જ્યાં ઉતારો દેવામાં આવતો ત્યાં જવાની રાજના મહેમાનો કે અધિકારીઓ સિવાય કોઈને અનુમતી મળતી નહીં, ત્યારે માધુભાઈને એમની ગુડવીલને લીધે ખાસ અનુમતી રાજા દ્વારા આપવામાં આવી હતી.

એક વખત એક કિસ્સો એવો બન્યો જ્યારે માધુભાઈ પોતાના કારખાનામાં સોડા-બોટલ બનાવતા હતા ત્યારે રાજાના મહેમાન એક (બ્રિટીશ અફસર) માધુભાઈનાં કારખાનામાં આવ્યા અને માધુભાઈને કહ્યું કે એને સોડા બનાવવાના મશીનનું નિરીક્ષણ કરવું છે. અને બ્રિટીશ અફસરે નિરીક્ષણ કરીને માધુભાઈની કાર્યકુશળતા, ઈમાનદારી અને કાર્ય પ્રત્યેની વફાદારીની પ્રશંસા કરીને સરકારનું પ્રશંસાપત્ર આપીને તારીફ કરી હતી.

માધુભાઈને વૈદકનું પણ સારું એવું જ્ઞાન હતું. એ સમયે લોકોને ઉધરસની ગોળી બનાવી નિઃશુલ્ક વિતરણ કરતાં હતાં અને માધુભાઈ પાસે અનેક લોકો તે ગોળીઓ લેવા આવતા હતાં. કોઈ વ્યક્તિને માથાનો દુઃખાવો થાય ત્યારે માધુભાઈ તે વ્યક્તિની પગની નસ એમના નાડીજ્ઞાન મુજબ દબાવીને તે માણસનો માથાનો દુઃખાવો દૂર કરી દેતા હતા. માધુભાઈએ પોતાની સખત મહેનત અને પરીશ્રમથી રાજાશાહીની અંદર (રાજમહેલ) પોતાનું નામ અને મોભો બનાવ્યો. સાથે સમાજમાં પણ એક આગેવાન વ્યક્તિ તરીકે લોકો તેમના પાસે સલાહ સુચન લેવા આવતાં હતાં. માધુભાઈ અદનામાં અદના વ્યક્તિને પણ કાયમ મદદરૂપ થતાં હતાં.

માધુભાઈ એમનું જીવન કર્તવ્ય ભાવનાથી જીવ્યા હતા. સોડા બોટલ કારખાનાની આ જગ્યા આજે પણ એમના વંશજો પાસે છે. એમના પૌત્રો સાથે મળીને સોનાચાંદી વ્યાપાર તેમજ ઘડતરનું કાર્ય કરે છે. એમની આ દુકાન દીપેન જ્વેલર્સ તરીકે જાણીતી છે. પરંતુ સમસ્ત પરિવાર એમના પ્રતિભાશાળી પૂર્વજ માધવજી રામજી બીજલાણી (બાટલીવાળા)ના પરિવાર તરીકે ઓળખાય છે.

•

SMK

રજીસ્ટ્રેશન ક્રમાંક - રા.સં. / ૨૦૩૩

# શ્રી મારૂ કંસારા સોની સમાજ રાયપુર

પીલી બિલ્ડિંગની પાછળ
ફાફાડીહ, રાયપુર (છત્તીસગઢ)

## - કારોબારી સમિતિ -



**પ્રમુખ**
કૌશિક કિશોરભાઈ કટ્ટા
મો. : 94061 21399



**ઉપપ્રમુખ**
અજય રતિલાલભાઈ પોમલ
મો. : 98266 69955



**ઉપપ્રમુખ**
રમેશ ધનજીભાઈ મૈચા
મો. : 88717 16000



**સચિવ**
નિતિન દિલીપભાઈ પોમલ
મો. : 98271 91541



**સં. સચિવ**
જયેશ મનોહરલાલભાઈ પોમલ
મો. : 98261 29007



**સં. સચિવ**
હરીશ નરભેરામભાઈ બિજલાણી
મો. : 99261 76865



**ખજાંચી**
અનિલ જમનાદાસભાઈ મૈચા
મો. : 98266 45788



**સહ ખજાંચી**
દિનેશ વાલજીભાઈ બારમેડા
મો. : 98932 18535



**સહ ખજાંચી**
દીપકકુમાર શશિકાંતભાઈ બારમેડા
મો. : 98263 22764

## - કાર્યકારિણી સભ્યોં -

હર્ષદ અમરશીભાઈ બારમેડા મો. : 99815 77107
ચેતન કાંતીલાલભાઈ બારમેડા મો. : 98265 15728
ભાવેશ રસિકલાલભાઈ પોમલ મો. : 93291 01951
વિજય વાલજીભાઈ બારમેડા મો. : 93298 28445


**મહિલા મંડળ પ્રમુખ**
ઉર્મિલાબેન વિનોદભાઈ પોમલ
મો. : 9424226673


**- ભવન બુકીંગ -**
હિતેશ રસિકભાઈ પોમલ
મો. : 96854 33844
સુરેશ બચ્ચુભાઈ બુધભટ્ટી
મો. : 81039 94780

**યુવા મંડળ પ્રમુખ**
પરેશ મગનભાઈ બારમેડા
મો. : 94255 13684

## રાયપુર ખાતે રહેવાની નિઃશુલ્ક સુવિધા

સમગ્ર ભારતથી છત્તીસગઢમાં રાયપુર, ચંપારણ્ય, દુર્ગ, ચિત્રકુટ, રાજીવ લોચન, અમરકંટક તથા આસપાસના વિસ્તારોના પ્રવાસે આવતા તથા લગ્નપ્રસંગ જેવા સામાજીક કાર્ય માટે આપણા સર્વે જ્ઞાતિ પરિવારો માટે


નુતન વર્ષાભિનંદન
SHREE
VIKAS
GOLD
Wholesaler of Gold Ornaments
G.F. 22-23, Super Mall, Nr. Lal Bunglow, C.G.Road, Ahmedabad.
Ph. 079-26405524 M.7227855524 • Ph. 079-26405525 M. 7227855525
Manekchowk, Ahmedabad,
Ph. 079-22110566 / 77 / 88
E-mail : shreevikasgold@gmail.com
Babubhai Modi • Kalpesh Modi • Shrish Modi




www.swarnshilpchains.com

Swarnshilp® CHAINS

Mfgrs. & Dealers in Gold Fancy Chains & Jewellery

1208-A/2, Virchand Deepchand Ni Haveli, 1st Floor, Manek Chowk,
Ahmedabad - 380001 (INDIA) Tel.: +91-79-2214 7627, 2214 7257, 2214 7258, 2215 3167
E-mail: swarnshilpdharmin@yahoo.in


Wishing you
a Joyous New Year!
મે. સોની પ્રભુદાસ ખેતશી
મે. મીના જ્વેલર્સ
સુવર્ણ અલંકારોનો અદ્યતન શોરૂમ
૨-૩, સ્વામિનારાયણ વાણિજ્ય સંકુલ, બેંક ઓફ ઈન્ડિયાની બાજુમાં,
હોસ્પિટલ રોડ, ભુજ-કચ્છ-૩૭૦ ૦૦૧.
ફોન : (શોરૂમ) ૦૨૮૩૨-૨૨૦૯૦૯, ૨૫૫૯૭૭ (ઘર) ૦૨૮૩૨-૨૫૦ ૫૬૫, ૨૨૩૯૦૯

આપણા પરિવારો

# લાયચા (ગોત્ર) નુખ અંગે પરિચય દર્શન

- રમેશચંદ્ર રાઘવજી સોની, કોટડા (જ.)

સમસ્ત મારુ કંસારા સોની જ્ઞાતિના કોટડા (જ.) મધ્યે ૨૦ પરિવારો વસવાટ કરે છે જેમાં સ્થાયીરૂપે લાયચા તેમજ બુધભટ્ટી ગોત્ર વર્ષોથી કોટડાના રહેવાસી છે, સાથે બગ્ગા, પોમલ, કટ્ટા, નુખના ઘર પણ છે. પોષ સુદ ચૌદશ (પાટોત્સવ) સાથે મળી પૂજા, અર્ચના, પ્રસાદનો લાભ લઈએ છીએ.

કચ્છ ભૂમિ શહેર અને ગામડા/વાંઢનો બનેલો પ્રદેશ છે, કુદરતની અવકયા કઈ રીતે આવે તે પ્રભુ ભરોસે હોય છતાં સંકટો આફતો ભોગવી-ભોગવી સહજ રીતે સાહસિકતાથી ભરપુર વિચારધારાને વરેલો છે. શહેરને ગામડાની વિચાર વ્યવસ્થાનો જમીન-અસામાન જેટલો તફાવત છે છતાં આધુનિક શોધખોળ તેમજ શિક્ષણના કારણે ગામડું પણ શહેર વ્યવસ્થાના વિચારો સાથે તાલમેલ મેળવી શકે છે.


શ્રી મારું કંસારા સોની (બ્રાહ્મણિયા સોની) લોકમુખે તેમજ પુસ્તક આધારિત લેખથી આપણે સૌ ૩૦૦ વર્ષ (અંદાજીત) પૂર્વે રાજસ્થાન છોડ્યું સાથે આપના પૂર્વજો મહાકાલીમાંની મૂર્તિ સાથે લઈ આવ્યાનો ઈતિહાસ સૌને વિદિત છે, તે સમયથી મહાકાલી પાટોત્સવ તરીકે ઉજવીએ છીએ. પુરા કચ્છ તેમજ પુરા હિન્દુસ્તાનમાં વસતા આપણી સમાજના તમામ ઉપરોક્ત ઉત્સવની ઉજવણી કરે છે.

શ્રી મારું કંસારા સોની જ્ઞાતિની જુદા જુદા ગોત્રનો વસવાટ કચ્છમાં છે, પુસ્તક આધારિત જાહેર મેળાવડામાં થતી ચર્ચા તેમજ વડીલો જૂની પેઢીના મુખે સાંભળેલી હકીકત અત્રે રજુ કરું છું. રાજસ્થાન પ્રવાસમાં જાણવા મળેલી બાબતો એ છે કે ૨૫૦ થી ૩૦૦ વર્ષ (અંદાજીત) અગાઉ આપણા સમાજે રાજસ્થાન છોડ્યું અથવા છોડવું પડ્યું. ધંધાર્થે રાજા રજવાડના ત્રાસ અથવા જીવલેણ રોગને લઈ આપણે ગુજરાત તથા કચ્છ મધ્યે પ્રયાણ કર્યું. પુસ્તક આધારે અંદાજીત ૨૦૦૦ કુટુંબો અલગ અલગ સમયે વિચર્યા છે.

લાયચા પરિવાર, અમારા વડીલો તથા ભાટ મહારાજના મુખે સાંભળેલ હકીકત મુજબ પ્રથમ દુધઈ-ધમડકા, અંગિયા મોટા વસવાટ કરેલ. કોટડા ગામ, જડોદર જાગીરનું ગામ છે. જે ૪૦૦ વર્ષ જૂનું ગામ છે. તેમાંથી અંદાજીત ૧૭૦ વરષ પૂર્વે પટેલ સમાજે કોટડા ગામનું તોરણ બંધાવેલ છે તે ઈતિહાસ બોલે છે.

કોટડા ગામના પટેલ આગેવાનોએ અમને અંગિયા મોટાથી કોટડા મધ્યે ૧૩૦થી ૧૪૦ વર્ષ પૂર્વે સન્માનપૂર્વક વસવાટ કરાવેલ છે. આજે પણ જૂની પદ્ધતિ પ્રમાણેગોખરું બુટા (જમીન) અમારા વડીલોની મીલકતનો ૭ (સાતમી) પેઢીના અમો ભોગવટો કરીએ છીએ. કોટડા ગામ ખેત પ્રદેશ માટે જાણીતો છે. અહીંનો મગફળીનો પાક સારો હોવાથી દક્ષિણ ભારતમાં ખુબ જ માંગ છે. ગામડું ગામ હોવા છતાં ધંધા રોજગાર ખેતી જીવિત હોવાથી સારા છે.

**લાયચા પરિવારનો આંબો**




લાયચા પરિવાર વિષે કહું તો હું, અમો સૌ એક બાબતથી ચિંતિત હતા કે ૨૦૦૦ કુટુંબ કચ્છમાં સ્થાપિત થયા તો લયાચા પરિવારની સંખ્યા તેમજ અન્ય વંશજો ક્યાં? ક્ષાતિ ચર્ચા પ્રમાણે લયાચા પરિવારની ઓળખ જાહેર કરીએ તો તમે લાયચા કે મહેચા ? એવા સવાલો સામે આવતા હતા., ઈતિહાસના ગુનેહગાર ના બનીએ તે માટે અમોએ સંશોધન કર્યું કે ખરેખર શું છે કારણ કે કોટડા મધ્યે અમારા વડીલો સ્વ. ટોકરશી લધાના વંશજ અત્યારે નાના-મોટા

૧૧૦ની સંખ્યા છે. તેમાં પણ સ્વ. રણછોડબાપા પરીવાર મુંબઈ, ઈન્દોર, ગાંધીધામ, રાજકોટ ધંધા અર્થે અંદાજીત ૪૦ વર્ષથી કોટડાનો વસવાટ છોડી ગયેલ છે. કુળદેવી દેવસ્થાન અંગિયા મોટાથી કોટડા સ્થાપિત કરેલ છે. વંશનો વિકાસ વિષે પણ એક એવી હકીકત સામે આવી કે પરિવારની પેઢીમાંથી એક સભ્યને પુત્ર પ્રાપ્તિ ના થતા નિર્વંશના કારણે કુટુંબ વિશાળ ફાલ્યું ફળ્યું નથી.



ઉપરોક્ત બાબત અંગે વિશેષ પ્રકાશ પાડું તો મને તથા મારા પરિવારના વડીલોને એક સંશય સદા રહ્યા કરતો કે પરિવાર (ગોત્ર)ના બીજા સભ્યો ક્યાં હશે ? જેમાં સ્વ. નારણ બાપા, સ્વ. રાઘવજી બાપા, સ્વ. તુલસીદાસ બાપા વિગેરેને પણ આ અંગે વિવશતા હતી. હયાત પેઢીમાં લહેરીભાઈ, શમ્ભુભાઈ તથા હું રમેશભાઈ આ અંગે કૈંક જાણવાજોગ પ્રયત્ન કર્યો. અચંબામાં પડી જવાય તેવી હકીકતો સામે આવી. સંશોધનના ભાગરૂપે ભુવાના આસરે ગયા તો ત્યાં એવી હકીકત ઉજાગર થઈ કે લાયચા અને મહેચા બંને ગોત્ર એક જ છે. કાળક્રમે મહેચા અને લાયચા પરિવાર વચ્ચે ક્યાંય લોહીના સંબંધો થયા નહોતા. નહીંતર ઈતિહાસ માફ ના કરે, શાસ્ત્રનો લોપ થાય ભાઈ અને બહેન એક ગોત્રના લગ્નબંધન માન્ય નથી.

ખેર ઈશ્વરકૃપા ઉપરોક્ત બાબતને લઈ કુળદેવીની સ્થાપના માટે કોટડા મધ્યેના કાર્યક્રમ માટે પહેલા મીટીંગ કરી ચર્ચાની રૂપરેખામાં રાજસ્થાનના એક ભાઈ વિજય સાકરિયા વાચોરની સિમેન્ટ કંપનીમાં ઉચ્ચ હોદ્દા પરની નોકરી કરે. પ્રસંગોપાત તેની સાથે ચર્ચામાં જાણવા મળ્યું કે રાજસ્થાનમાં આપણી જ્ઞાતિના લાયચા ગોત્રના પરિવારો પણ છે. તેમના સીધા માર્ગદર્શન હેઠળ રૂબરૂ રાજસ્થાન પ્રવાસ નક્કી કરેલ. જેમાં રાજસ્થાનના જાલોર જીલ્લાના સંચોર તાલુકામાં લાછીવાડ નામનું ગામ આવેલ. એ ગામનું નામ લાયચા નુખ પરથી જ રાખવામાં આવેલ છે. લાયચા પરિવારની અંદાજીત ૨૫૦ ઘરની સંખ્યા એ ગામમાં ıવેલ હતી. ત્યાંના બુઝુર્ગ લોકો દ્વારા જાણવા મળ્યું કે ૨૫૦ વર્ષ જુના ઈતિહાસ પરથી પડદો ઉંચકતા ત્યાંના રહીશો દ્વારા પણ જાણવા મળ્યું કે ક્ષેત્રપાળના રૂપમાં નકલંક દેવનું રમણીય મંદિર છે. જેમાં ત્યાંના હયાત હિંદુ સમાજના દરેક જન ખુબ જ આસ્થા ધરાવે છે.

લાયચા પરિવાર ભારતના ઘણા વિસ્તારોમાં ધંધા અર્થે આજ સ્થાયી થયેલા છે. અમારો રૂબરૂ રાજસ્થાનમાં પ્રવાસમાં જાણવા મળેલ હકીકતોમાં બે બાબતોનો ઉલ્લેખ જરૂરી છે. ત્યાં સમસ્ત સુવર્ણકાર બ્રાહ્મણિયા સોની કહેવાય છે. ઘણા જુના રીવાજો આજના યુમાં અમલમાં મુકેલ ઘુંઘટપ્રથા, પુનઃલગ્ન નિષેધ તેમજ ધંધા રોજગારમાં પણ સોનાચાંદીના ધંધા સિવાયના કામને નાનપ અનુભવે જે પ્રત્યક્ષ જોવા પણ મળ્યું. સમાજ સંગઠન, પરિવાર જુથ પણ અલ્પ પ્રમાણમાં છે. ખાન-પાન રહેણી-કરણી રીત-રીવાજ ઠીક કહી શકાય તેવું જણાયું. પ્રવાસ પરથી બે બાબત ખાસ ઉજાગર થઈ કે લાયચા-મહેચા ગોત્ર એક નથી અને પુરા હિન્દુસ્તાનમાં ૮૦૦ ઘરની વસ્તી લાયચા પરિવાન્રની પુસ્તકમાં દર્શાવેલ છે.

પરિવારના સૌ સભ્યો સાથેમળી કોટા જ મધ્યે માતાનો મંદિર બનાવી, મુર્તિ પધરાવી હોમ હવન કરી, નીયાણીઓને ભેટ આપી ભોજન કરી એક બાબતનો સુખદ અંત વૈચારિક રીતે ડંખ્યાકરતો હતો તે શાંત થયો. લાયચા પરિવારની પાછળની પેઢી ૯૦ ટકા શિક્ષિત છે. પોસ્ટ ગ્રેજ્યુએશન પ્રાપ્ત કરેલ છે. મારા વ્યક્તિગત વિચારો સૌના માધ્યમથી જણાયું તો ભાઈ-ભાઈ પરિવાર તેમજ સમાજ સંગઠનને અગ્રતા આપે. સંગઠિત સમાજ ધાર્યું પરિણામ લાવી શકે. આપણે સૌએ સાથે હીએ સાથે જીવીએ અને મનુષ્ય અવતારને સાર્થક કરીએ. લાયચા પરિવાર વિ મને જેટલી જાણ હતી. એ મારી સમજણ મુજબ જણાવેલ છે. શબ્દની ભૂલ વ્યાકરણનો અભાવ તેમજ અન્ય બાબતો વિષે સુધારી વાંચશો લખશો. હું ખુદઅને મારી પત્ની ૭ ગુજરાતી ધોરણ પાસ છીએ. મારી દીકરીઓ તથા દીકરો તેમજ પુત્રવધુ શિક્ષિત છે. જેમાં પણ સમાજ દ્વારા થા સરસ્વતી સન્માન તેઓને આગળ વધવા પ્રોત્સાહિત કરેલ છે. આ પ્રગતિ માટે હું સમાજનો ઋણી છું. મારું આખું લાયચા પરિવાન્રના સર્વે સભ્યો પણ આદર્શ વિચારોને વરેલા છે.

મહામંડળની ગત મીટીંગ વડાલી મધ્યે મળી જેમાં એક એજન્ડા એ પણ હતું કે રાજસ્થાન સમાજ સો આપની જ્ઞાતિનો જોડાણ કરીએ. એકંદરે સારી બાબત છે કે સંકુચિતતા છોડી અમુક બાબતોમાં બાંધ છોડ કરવી સમયની માંગ છે.

અસ્તુ...

### ગઢવાલા અટક ધરાવતો એક માત્ર પરિવાર

અચાનક એક રવિવારની બપોરે નાના કુટુંબ મેળા જેવા પ્રસંગે વિમલભાઈ ગઢવાલાને ઘણાં લાબાં સમય પછી મળવાનું બન્યું અને વાતવાતમાં માનવ સહજ જીજ્ઞાસાને કારણે મારાથી તેમની નુખ વિશે પૂછાઈ ગયું. તેમના જવાબમાં જાણવા મળ્યું કે તેમના દાદા-પરદાદા મૂળ લાઠીના અને તેમનું પોતીકું મકાન જ્યાં આવેલું હતું તેની એક દિવાલ ત્યાંના દરબારગઢની લગોલગ આવેલ હતી, કહો કે તેમના ઘર અને દરબારગઢની એક કોમન વોલ હતી, મજમું દિવાલ હતી. આ કારણે તેમનું કુટુંબ ગઢવાલા તરીકે જાણીતું થયું અને વખતના વહેણ સાથે તેમની મૂળ નુખ ભૂલાઈ ગઈ અને આ ગઢવાલા બની ગઈ તેમની સરનેઈમ.

આ ગઢવાલા પરિવાર સાથે આમ તો મારે છેલ્લા ચાલીસેક વરસથી ઓળખાણ, કારણે સુરેશભાઈ ગઢવાલા એટલે વિમલભાઈના પિતાશ્રી મારી સો સ્ટેટ બેંકમાં કામ કરે, અલબત્ત અમારે સાથે કામ કરવાનો મોકો મળેલ ન હતો, પરંતુ એકજ સંસ્થામાં અલગ અલગ સ્થળે કામ કરવા છતાં મળવાનું બનતું. તેમની બેંકની અંદર છાપ એક પ્રમાણિક અને કાર્યદક્ષ ઓફીસર તરીકે અને બ્રાન્ચ મેનેજર તરીકે તેમની નીચેના કાર્યકર્તા તેમનું માન થોડા ડર અને વધારે રીસ્પેક્ટથી રાખે. તેમના પુત્ર વિમલભાઈ અત્યારે બેંક ઓફ ઈન્ડીયામાં સહાયક મહા પ્રબંધકના હોદ્દા સાથે ગાંધીનગર શાખામાં કાર્યરત છે અને તેમને નાની ઉંમરે બજાવેલ ઉત્તમ કાર્યદક્ષતાને કારણે આફ્રિકા, લંડન ઈત્યાદિ જગ્યાઓએ ફોરેન પોસ્ટીંગ મળેલ જે તેમણે સેકન્ડ જનરેશન બેંકર તરીકે તેમના પિતાશ્રીનો ચીલો જાળવતા સફળતાપુર્વક નિભાવેલ છે.

### ચારસો ચાળીશ વરસ જુના ભૂતની ઓળખ !

ભૂત કોઈ ગોત્ર સંબંધિત નૂખ નથી પણ કદાચ સદીઓથી ચાલી આવતી અમૂક પરિવારોની ઓળખ છે. આપણે અગાઉ જોઈ ગયેલ નવ ગોત્ર અને ૧૬ અટકોમાં ક્યાંય ભૂત જોવા મળેલ નથી. આમ છતાં કચ્છમાં અને કાઠીયાવાડમાં ઘણા પરિવારોની ઓળખ ભૂત જોવા મળે છે. ભુજની વસ્તિપત્રિકામાં ક્યાંય આ સરનેઈમ જોવા મળેલ નથી, પરંતુ જામનગરની બુકમાં ૩૦-૩૫ કુટુંબો ભૂત અટક નીચે નોંધાયેલ છે. આ ઓળખની પણ કેટકેટલીયે વાર્તાઓ હશે, જેમાં એક પરિવાર બાબતમાં લોકવાયકા એવી હતીકે તેમના ઘેર ભૂત કામ કરતા અને કુટુંબના લોકોને પેઢીઓ સુધી કમાવા માટે બહાર જવું ના પડે તેવી જાહોજલાલી હતી. જોકે, મને આ કુટુંબનું નામ ખબર નથી. હમણાજ એક ઈ-મેઈલ દ્વારા જાણવા મળ્યું કે આ ભૂત (અટક) નો ભૂતકાળ ખાસો એવો લાંબો છે. અને તેનો છેડો સલવાસ નામના જોધપુરથી ૨૨ કી.મી.ના અંતરે આવેલ રાજસ્થાનના એક ગામમાં નીકળે છે. આ અટક ધરાવનાર પરિવારોના વડવા છાછોજી ને આજથી ૪૩૯ વરસો પહેલાં કંઈક અવનવો અનુભવ (માગશર સુદ ૧૩, રવીવાર સંવંત ૧૬૩૨ ના રોજ) થયેલ એવું આ ઈ-મેઈલમાં જણાય છે. આ ગામમાંથી લગભગ બધાજ પરિવારો હિજરત કરી ગયેલ છે, જેમાંના મોટાભાગ ના કચ્છ - કાઠીયાવાડમાં સ્થાયી થયેલ છે.

આપણા મારૂ કંસારાઓની વસ્તી મુખ્યત્વે બે સ્થળોએ જોવા મળે છે, જેમાંથી એક ભુજ અને બીજું જામનગર. જામનગરની વાત કરીએં તો ત્યાં ૩૫ થી ૪૦ ભૂત પરિવારો નોંધાયેલ છે જે ત્યાંની વસ્તી (આશરે ૩૦૦૦) ના ૬.૬૬ ટકા થવા જાય છે. ખાસ ઉલ્લેખનીય પરિવારોમાં જવાહરભાઈ રૂઘનાથ ભૂત અને જેઠાલાલ વલ્ભદાસ ભૂત ના પરિવારો આવે છે જેઓએ તેમના સમયમાં જામનગરનું કેળવણી મંડળ ઉભું કરવામાં સારા એવા યોગદાન સાથે ખાસી એવી જહેમત ઉઠાવેલ. જેઠાલાલભાઈ તેના પ્રમુખ હતા. જામનગરમાં એક ભૂત તાંબુલ ગ્રહ કરીને દિપક ટોકીઝની આસપાસમાં એક ખાસી એવી જુની પાન ની દુકાન આવેલ છે જેની ખૂબી એ છે કે ત્યાં તંબાકૂ વેંચવામાં નથી આવતી, પરંતુ તેના પાન ખૂબ વખણાય છે, અને આ દુકાન શરૂકરનાર આપણા ભૂત પરિવારના એક વડવા હતા. કદાચ આ વિશે ચિત્રલેખામાં પણ એકાદ આર્ટીકલ આવ્યાનું મને કહેવામાં આવેલ છે. અમદાવાદના સૌરાષ્ટ્ર મારૂ કંસારાના ૧૬૧ પરિવારોમાં પણ આ ઓળખ ધરાવતા ચાર ફેમીલી નોંધાયેલ છે.

આ ઓળખ ધરાવતો એક સંયુક્ત પરિવાર જોધપુરમાં શ્રી નવરતનજી નો છે, જેઓએ સેતુના મુખ્યતંત્રી સાથે, તેમના દિલ્હીના રહેણાક અને સરકારી નોકરી દરમિયાનના મિલનસાર સ્વભાવને કારણે સારો એવો ઘરોબો કેળવેલ છે

અને જાળવેલ છે. નવરતનજીના પરિવાર વિશે તેમનો મારૂ ઘરા ના ધૂરંધર નામનો લેખ અહીં પ્રસ્તુત છે પરંતુ જ્યાં સુધી આ ભૂત ઓળખને લાગે વળગે છે ત્યાં સુધી મળેલ માહિતી પ્રમાણે હવે માત્ર એકજ બુઝર્ગ વ્યક્તિ તેમના સલવાસ નામના ગામમાં મોજૂદ છે અને સારાયે રાજસ્થાનમાં ભૂત અટક સાથે જ્વલેજ ચાર-પાંચ મારૂ કંસારા ના પરિવારો હશે, જેમાંનો એક તેમનો છે.

ભુજ કે કચ્છ કરતા જામનગરમાં વધારે સંખ્યામાં જોવા મળતી આ ઓળખ માટેનું કારણ કદાચ એ હોઈ શકે કે જ્યારે જામરાવળે કચ્છ છોડી નવાનગર વસાવેલ હશે, ત્યારે ત્યાં કામ-ધંધાનો સ્કોપ વધારે હશે અથવા તો તેમણે કેટલાક પરિવારોને બોલાવીને ત્યાં વસાવેલ હશે. વખત જતાં આ પરિવારો પોતાની મૂળ નૂખ ભૂલી ગયેલ હશે અને ભૂત યાદ રહી ગયેલ હશે, જે આગેસે ચલી આતી હય ની જેમ, હવે તેમની સરનેઈમ બની ગયેલ છે. પરંતુ ભુજના વસ્તિપત્રિકામાં આ ઓળખ ન મળવાનું કારણ ત્યાંના કાર્યકરોએ કરેલ રીસર્ચ અને મૂળ અટકોને વળગી રહીને જ તે પ્રમાણે વર્ગીકરણ કરવાનો આગ્રહ હોઈ શકે.

*(નોંધ : ભાઈ શ્રી જગદીશ ચૌહાણ - ભુજ તરફથી તાજેતરમાંજ પ્રાપ્ત થયેલ વિગત પ્રમાણે, તેમની કૌશિક ગોત્રમાં આવતી નૂખ ચૌહાણ ના પરિવારો સાથે આ ભૂત ઓળખ સંકળાયેલ છે.)*


*Happy New Year* **મો. ૯૭૧૨૨૦૨૧૦૫**

**શ્રી કૃષ્ણ જ્વેલર્સ**

**પ્રો. સોની આશિષકુમાર કાનજીભાઈ**

**સોના ચાંદીના ફેન્સી દાગીના**
**બનાવનાર તથા વેચનાર**

**દુ.નં.૪, પાવન એપાર્ટમેન્ટ, મોહનનગર સોસાયટીની સામે, બેઠક પાછળ, નરોડા-અમદાવાદ.**


**Name: Kansara Arpana Dineshbhai**
**Date of Birth: 12th September 1987**
**Birth Time: 8:15 am**
**Janmakshar: Manglik**
**Place of Birth: Rajkot**
**Height: 5'2**
**Weight: 67kg**
**By Cast: Maru – Kansara (Parmar)**
**Qualification: Completed B.com and Fashion Designing from NIFD.**



**Hobbies: Listening Music, Reading**
**Father: Kansara Dineshbhai Jayantilal**
**(Business of Silver Utensils)**
**JAY SILVER, 1, Supermall, Nr. Lal Bungalow, C. G. Road, Ahmedabad - 9**
**Mother: Kansara Jashvantiben Dineshbhai (Housewife)**
**Brother: Kansara Kaushik Dineshbhai (Married at Jamnagar)**
**Current occupation: Business with Father.**
**Bhabhi: Kansara Pooja Kaushikbhai**
**Sister: Kansara Vanashree Dineshbhai (T.Y.Bcom)**
**Address:"Manorath"**
**3, Devalayam Bunglow,**
**Bh. SBI Bank,**
**Iskcon – Ambli Road,**
**Ambli,**
**Ahmedabad – 54**

**Contact Number:9328233337 (Dineshbhai)**
**8905033337 (Kaushik)**
**Email: info@jaysilver.in**

Name : **Darshna Rameshbhai Buddhabhatti**
Address : 28/273, Ekta apartment,
Near Shastrinagar BRTS stop,
Navrangpura, Ahmedabad
Date of Birth : 30/11/1979
Time : 01:30 AM
Place : Sihor (Districe:-Bhavnagar)
Height :-5'7 -- Weight :-57kg
Contact Details : 9879860832



E-mail : nitin.kansara@outlook.com
Education : 12th pass
Hobby : Cooking, Reading, glass painting and other creativity
Father : Rameshchandra Harivallabhdas Kansara
Native Place : Sihor (Bhavnagar)
Mother : Kusumben
Brother : Bimal Buddhabhatti (Working as Manager at Maruti Motors in Ahmedabad) (Unmarried)
Brother : Nitin Buddhabhatti (Working as Dy. Manager IT at Anil group of companies Ahmedabad) (Unmarried)
Sister : Darshana Rameshchandra Buddhabhatti (Unmarried)
Maternal Uncle : Kirit Prataprai Pomal (Officer at State bank at Jamnagar)

# કેટલીક નોંધપાત્ર વ્યક્તિઓનો પરિચય

## આપણી મારૂધરાના ધૂરંધર શ્રી નવરતનભાઈ કંસારા

"ઓગણીસ શયન ખંડ, પણ, હું એક રસોડું સત્તાવીસના પરિવાર જણ, હું એમ જ જોડું." આ છે, આપણા પૂર્વજોની ધરતી પર ધબકતા એક સમૃધ્ધ સંસ્કારી સંયુક્ત કંસારા પરિવારની સફળતાનું રહસ્ય. પાંચ ભાઈના સત્તાવીસ પરિવારજનોનું એક જ રસોડે 'અન્ન'. અને એટલે જ એ બધાનાં એક જ 'મન'. પરંપરા અને આધુનિકતાનું આદર્શ સંયોજન.

રાજસ્થાનના જોધપુર નગરનો આ સમૃધ્ધ કંસારા પરિવાર, ઔદ્યોગિક અને સામાજીક ક્ષેત્રે 'અગ્રણી'ની નામના ધરાવે છે. પરિવારનો સૌથી નાનો પુત્ર ઓસ્ટ્રેલિયાની વિખ્યાત યુનિવર્સિટીનો મેનેજમેન્ટ - અનુસ્નાતક છે, તો જયેષ્ઠ પુત્ર મીકેનોટ્રીક્સ અને કમ્પ્યુટર એન્જીનીયર છે. વચેટ દીકરો દક્ષિણ કેલિફોર્નિયા યુનિવર્સિટીનો 'કમ્પ્યુટર વિજ્ઞાન વિશેષજ્ઞ' છે, જે યુ.એસ.એ.માં 'માઈક્રોસોફ્ટ' સાથે જોડાયો છે.

આ પરિવારની દીકરી પણ શિક્ષિત પ્રોફેશનલ છે, જે કમ્પ્યુટર સાયન્સ સ્નાતક છે. એ તરતમાં 'તાતા કન્સલ્ટન્સી' સર્વિસીસમાં જોડાશે. આ પરિવારના બધા જ સભ્યો, ધર્મમાં આસ્થા અને ભારતીય સંસ્કૃતિદત્ત મૂલ્યનિષ્ઠા સાથે શુધ્ધ આહાર-વિહાર અને નિર્વ્યસની જીવનના ચુસ્ત આગ્રહી છે.

છેલ્લા ત્રણ દાયકાથી આ પરિવારે સમાજ સુધાર ક્ષેત્રે સ્વયં ઉદાહરણ પ્રસ્તુત કરીને સમસ્ત સમાજનું નેતૃત્વ જાળવી રાખ્યું છે. એમના પરિવારના પાંચે બંધુઓએ 'દહેજ' તો દૂર, પરગામ લગ્ન માટે જતી જાનમાં ૨૧થી વધુ જાનૈયા ન લઈ જવાનો દાખલારૂપ શિરસ્તો સર્જ્યો અને જાળવ્યો છે. આ પરિવારે ક્યારેય 'મૃત્યુ-ભોજ' (બારમાનું જમણ)ને ઉત્તેજન આપ્યું નથી.

જોધપુરમાં આ પરિવારે ઉદ્યોગ ક્ષેત્રે ઉચ્ચ સિધ્ધિ પ્રાપ્ત કરી છે. જેની ઝલક નીચે આપી છેઃ

૧. કંસારા બોરીંગ્સ લિ. અને

૨. કંસારા મોડલર લિ. (ઈન્ડો જર્મન સંયુક્ત ઉપક્રમ)

આ બે ઔદ્યોગિક એકમોએ દેશમાં આ ક્ષેત્રે અનેક રીતે પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. દા.ત.

૯૦૦૦ પ્રમાણિત દેશનું બેરીંગ કોમ્પોનન્ટ બનાવતું પ્રથમ એકમ છે,

- યુ.એસ.એ., લેટીન અમેરિકા, યુરોપ અનેમધ્યપૂર્વ એશિયામાં 'ટેપર રોલર્સ'ની નિકાસ કરતું પ્રથમ એકમ છે.
- બેરીંગ કોમ્પોનન્ટ મેન્યુફેક્ચરીંગમાં વિશ્વશ્રેષ્ઠ ટેકનોલોજીનો ઉપયોગ કરતું દેશનું પ્રથમ અને એકમાત્ર સંયુક્ત ઉપક્રમ છે.
- રોલર્સ નિર્માતાઓમાં પણ દેશના 'સર્વપ્રથમ' છે.
- વાસણો અને બીજી ઉપભોક્તા વસ્તુઓનો જયપુર અને ઉદયપુર ખાતે વ્યાપાર છે. આ સમસ્ત ઉદ્યમોના પ્રણેતા અને મેનેજીંગ ડાયરેક્ટર નવરતનભાઈ ૫૩ વર્ષના છે. તેઓશ્રી બેરીંગ કોમ્પોનન્ટ્સ મેન્યુ. એસોસિએશનના તેમજ 'મારૂધરા જાયસીઝ'ના માજી પ્રમુખ છે. ઉપરાંત રાજસ્થાન સરકારના ટેકનીકલ એજ્યુકેશન બોર્ડના સભ્ય છે. રાજ્યની બીજી અનેક વ્યવસાયીક અને સામાજીક સંસ્થાઓ સાથે સંકળાયેલા છે. પ્રગતિશીલ છતાં પરંપરા પ્રેમી આ પરિવાર સમયાનુસાર પરંપરાગત વ્યવસાય બદલાવ સ્વિકારીને સમૃધ્ધિ પ્રાપ્તિનું ઉમદા ઉદાહરણ પ્રસ્તુત કરે છે.

## જ્યોતિકા — કલા, વ્યવસાય અને સેવાનો ત્રિવેણી સંગમ



અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં ગુજરાત કેન્સર રીસર્ચ એન્ડ હોસ્પિટલના પ્રોસ્થેટીસ વિભાગમાં આપણી એક કચ્છી યુવતી, મેડિકલ સ્ક્લપ્ટર તરીકે કાર્યરત છે. મૂળ કચ્છ જેરાના વતની શ્રી હરીરામ વેલજીભાઈ સોની - જેઓ છેલ્લા ૫૦ વર્ષથી ઉત્તરસંડા (જી. નડિયાદ)માં સ્થાયી થયા છે, જ્યોતિકાબેન તેમના સુપુત્રી છે. એસ.એસ.સી. પછી, એમની કળા પ્રત્યે ઋચિ અને માતા-પિતાની પ્રેરણાથી એમણે શિલ્પકળા ક્ષેત્રે વલ્લભવિદ્યાનગર - આણંદની ફાઈન આર્ટસ કોલેજમાં શિલ્પકળાનો અભ્યાસ કર્યો. ત્યારબાદ બે વર્ષનો ડ્રોઈંગ ટીચરનો ડિપ્લોમા મેળવ્યો. પરંતુ એમના સેવાભાવી માતુશ્રીની પ્રેરણાથી એમણે પ્રોસ્થેસીસનો વિશેષ અભ્યાસ કર્યો અને ૧૯૮૫થી ઉપરોક્ત હોસ્પિટલમાં એમની સેવાઓ આપી રહ્યા છે.

જ્યોતિકાબેને એવું ક્ષેત્ર પસંદ કર્યું છે અને અનેક દર્દીઓના વિકૃત અંગોને કૃત્રિમ અવયવો વડે પુનઃ જીવન બક્ષ્યું છે. સુશ્રી જ્યોતિકાબેનની સેવાઓનો લાભ આપણા ઘણા ભાઈ-બહેનો અને કચ્છથી આવતા અનેક દર્દીઓને મળતો રહ્યો છે. જો કે તેમના માટે તો બધા દર્દી, નાત, જાત, ધર્મ, પદ, પ્રતિષ્ઠા કે પૈસાના ભેદભાવ વિના સરખા જ છે. છતાં જ્યારે કોઈ કચ્છી પરિવાર એમના સંપર્કમાં આવે ત્યારે સ્વાભાવિક રીતે જ આત્મીયભાવ પ્રગટ થાય છે. સેવા તો બધાને સરખી મળે છે પરંતુ દર્દી એને સ્વજન સમજ્યા વિના રહેતો નથી.

જ્યોતિકાબહેન કહે છે કે : "હું માનું છું કે સમાજમાં દરેક દીકરા-દીકરીને કોઈપણ ભોગે ઉચ્ચ અભ્યાસ કરવો જ જોઈએ. એ જ આધુનિક યુગની માંગ છે. તો સૌ પ્રયત્ન કરે તેવી આશા."

## નખત્રાણાના 'નર-રત્ન' – શ્રી માવજીભાઈ વેલજી સોની

'નખત્રાણા' આજથી એક સદી પહેલાં કેટલાક સાહિત્ય - રસિક સન્મિત્રોના સંગઠનથી ધમધમતું હતું. આ સાહિત્ય-પ્રિય સજ્જનોએ સાથે મળીને નખત્રાણામાં 'શ્રી સાર્વજનિક શ્રેય વર્ધક મંડળ'ની સ્થાપના કરી હતી. આ મંડળનો હેતુ સાહિત્ય- પ્રવૃત્તિ સાથે લોકોને ઉપયોગી થવા આયુર્વેદની દેશી દવાઓ બનાવી દર્દીઓને આપી શ્રેય સાધવાનો હતો. મંડળના સભ્યોમાં સર્વ શ્રી કોરજી વસ્તા ઠક્કર, માવજી વેલજી મહાજન, વેલજી કચરા ઠક્કૂર, એ. એસ. સુમરા વિગેરે હતા.

શ્રી માવજી વેલજી મહાજન (એમ.વી ગોલ્ડ સ્મિથ) એક સારા આયુર્વેદ પ્રેમી, સાહિત્યકાર અને કવિ હતા. તેમણે રચેલ કવિતાઓનો સંગ્રહ 'કાવ્ય-કલ્પલ-તિકા' મંડળ તરફથી આવૃતિ પહેલી, પ્રત ૫૦૦, સંવત ૧૯૭૨ વિક્રમાર્ક સને ૧૯૧૬ ઈસ્વી.માં કિંમત બાર આના લેખે પ્રસિદ્ધ થયો હતો. આ કાવ્ય સંગ્રહ શ્રીયુત શેઠ વેલજીભાઈ માધવજી શર્મા- નખત્રાણા(કચ્છ-પ્રાન્ત) ને ગ્રંથાર્પણ કર્યો હતો.

શ્રી માવજી વેલજી મારૂ કંસારા સોની હતા અને આજથી સાઠેક વર્ષ પહેલાં અવસાન પામ્યા છે. તેઓ વ્યવસાયે સોની હતા, ઉપરાંત આયુર્વેદિક દવાઓ બનાવી દર્દીઓને મફત આપતા. મંડળના એક સભ્ય શ્રી કોરજી વસ્તા ઠક્કૂર પણ એક સારા સાહિત્યકાર અને કવિ હતા. તેમણે 'વિનાશિકા' નામે એક અત્યંત ઉપયોગી પુસ્તકની રચના કરી હતી. જેમાં કેટલીક પ્રચલિત વહેમી વાતો પ્રત્યે લાલબત્તી ધરવામાં આવી હતી. જ્યારે બીજા એક સભ્ય એ.એસ. સુમરા (અહમદ સુમાર સુમરા) એ 'મહોબત યાને પ્યાર' નામની એક મુસ્લિમ સંસારિક કથા લખી, તેમાં પ્યારનો ચિતાર આલેખ્યો હતો. તે સાથે શ્રી વેલજી કચરા ઠકકૂર અને અમહદ સુમરાએ 'વીર વિજયસિંહ' ને 'પવિત્ર પ્રભાવતી' નામની નવલકથા લખી હતી ઉપરાંત 'પ્રેમી પોપટ અને શોખીન સુંદરી' નામની ચાલુ જમાનાનો ચિતાર આપતી નવલકથા લખી હતી. આ રીતે મંડળના સાહિત્ય-રસિક સભ્યોએ નવલિકા, નવલકથા અને કવિતા, ત્રણેમાં ચંચુપાત કર્યો હતો.

શ્રી માવજીભાઈએ 'પન્નગ કિશોરી' નામે આધુનિક સંસારનું અદ્ભૂત ચરિત્ર આલેખતી રસિક વાર્તા પણ લખી હતી. 'કાવ્ય-કલ્પલતિકા' કાવ્ય-સંગ્રહમાં શ્રી માવજીભાઈએ મુખ્યત્વે પ્રચલિત છંદોનો ઉપયોગ કર્યો છે. તે સાથે તેમણે સરલ મઝાની સુંદર ગઝલો પણ રચી છે. એમાંથી શાયર પોતાના દિલ સાથે વાતો કરે છે... તેવા બે શેર

***અરે! દિલ તું દિવાનો થઈ ભમે છે ભોગની આશે;***<br>
***પરંતુ ભોગ ભોગવતાં પરિણામે તું પસ્તાશે,***<br>
***કહું છું 'માવજી' દિલને, તુ માની લે કહ્યું મારૂં,***<br>
***નથી તારૂં અગર જે છે મળેલું તે ગુમાવશે.***

---

## કચ્છવર્કના કળાકાર – સ્વ. શિવજીભાઈ મેઘજી સોની

સમગ્ર વિશ્વમાં 'કચ્છવર્ક', ધાતુ પર નકશીકામ કરવાની વિખ્યાય કલા હવે લુપ્ત થવાના આરે ઊભી છે. સ્વ. શિવજીભાઈ કચ્છવર્ક કામના ગણ્યાગાંઠ્યા અડીખમ કસબીઓમાં એક હતા. જીવનના આખરી શ્વાસ સુધી આ અદ્ભુત કળાને જીવાડી રાખવા ઝઝુમતા રહ્યા. મદ્રાસથી પ્રકાશિત અંગ્રેજી અખબાર 'હિંદુ'એ શિવજીભાઈના કામની નોંધ લીધી છે. એમણે આરખેલી હથોડી દ્વારા તદ્દન શાંતિથી હળવે હાથે નાનકડી રૂપાની ટ્રે પર ટાંકણું ફેરવતા ગુજરાતના સોની શિવજીભાઈ મેઘજીને લોકો બસ જોતા જ રહે છે. શિવજીભાઈને તામિલનાડુની રાજધાની મદ્રાસ ખાતે આયોજીત પ્રદર્શનમાં ભાગ લેવાની, રાજ્યના બીજા ૨૨ કલાકારો સાથે તક મળી હતી. જ્યાં એમના કસબની ખૂબ પ્રસંશા થઈ હતી.

શ્રી શિવજીભાઈના કસબનું છેલ્લું પ્રદર્શન ભુજના કચ્છ મ્યુઝીયમમાં ૭-૨- ઘર સુધી પહોંચી જતા હતા. ૧૯૯૩ના રોજ યોજાયું હતું. ત્યારબાદ માત્ર બે માસમાં જ એમનું તા. ૭-૪-૧૯૯૩ના રોજ ૮૭ વર્ષની વયે અવસાન થયું. ગુજરાત રાજ્ય હસ્તકલા નિગમ એમની કલાકૃતિઓ ખરીદતું, જેની માંગ વિદેશોમાં અધિક રહેતી.

૮૭ વર્ષની વય અને ઘસાતું જતું નાજુક શરીર જોઈને એમ થાય કે લુપ્ત થઈ રહેલી આ કલાના જાણે શિવજીભાઈ એક પ્રતીક બની રહ્યા છે.

શિવજીભાઈને કોઈપણ ધાતુ આપો – ચાંદી, તાંબુ, પિત્તળ, જર્મન સિલ્વર પર આ કામગીરી કરી શકે છે. મુંબઈ, મદ્રાસ અને વડોદરાના હેન્ડીક્રાફ્ટ ફેસ્ટીવલોમાં શિવજીભાઈએ ભાગ લીધો હતો. જ્યાં દેશી વિદેશી પ્રવાસીઓમાં એમની કારીગરીએ સારૂં આકર્ષણ જમાવેલું.

ગુજરાત રાજ્ય હસ્તકલા ઉદ્યોગ વિકાસ નિગમ દ્વારા ૧૯૯૦માં એમને ચાંદીનો ચંદ્રક રાજ્યપાલના હાથે એનાયત થયો હતો.

૬૫ વર્ષ સુધી આ કારીગરીમાં રચ્યાપચ્યા રહેલા આ કલાકારની

કલાકૃતિઓ ગુજરાત રાજ્ય હસ્તકલા નિગમ તેમજ વિદેશી પ્રવાસીઓ ભુજમાં, એમના ઘર સુધી પહોંચી જતા હતા.

*નવા વર્ષની હાર્દિક શુભેચ્છા.....*

## શ્રી પશ્ચિમ કચ્છ મારૂ કંસારા સોની જ્ઞાતી એજ્યુકેશન ટ્રસ્ટ

(નખત્રાણા - અબડાસા - લખપત તાલુકો)

નખત્રાણા - કચ્છ.

આ ટ્રસ્ટનાં નોંધાયેલા આજીવન સદસ્યો તથા ટ્રસ્ટનાં શુભેચ્છકો, ત્થા જ્ઞાતિબંધુઓ, આપ સર્વેને સવંત ૨૦૭૨ નું વર્ષ સુખમય, નિરામય, પસાર થાઓ તેવી હાર્દિક શુભેચ્છા પાઠવીએ છીએ. ટ્રસ્ટને આપનાં તરફથી સહકાર મળ્યો છે અને હજુ પણ મળતો રહેશે તેવી અપેક્ષા.

| | | |
|---|---|---|
| લખમશીભાઈ આઈ. કોટડીયા<br>પ્રમુખ - નખત્રાણા | ધનજીભાઈ એચ. બુદ્ધભટ્ટી<br>ઉપપ્રમુખ - કોઠારા | હેમેન્દ્રભાઈ એમ. ગુજરાતી<br>મહામંત્રી - નખત્રાણા |
| જેરામભાઈ ડી. બુદ્ધભટ્ટી<br>ખજાનચી - નખત્રાણા | | દિનેશભાઈ જે. બગ્ગા<br>મંત્રી - નખત્રાણા |

**● મેનેજીંગ ટ્રસ્ટીઓ ●**

| | | |
|---|---|---|
| મણીલાલ જી. કટ્ટા<br>નખત્રાણા | ગંગારામ કે. કટ્ટા<br>નખત્રાણા | રમણીકલાલ જી. સાકરીયા<br>નખત્રાણા |
| નારાયણભાઈ એમ. પરમાર<br>ખોંભડી | રમેશચંદ્ર આર. પોમલ<br>નલીઆ | વાલજીભાઈ વી. કટ્ટા<br>નેત્રા |

*હાર્દિક શુભેચ્છા સહ....*





**જયંતિલાલ કંસારા** **(મો.) : ૯૯૭૯૩ ૨૬૧૬૦**

# વિપુલ મેટલ સ્ટોર્સ



**દરેક જાતના ત્રાંબા, પિત્તળ, એલ્યુ.,**
**સ્ટેનલેસ વાસણના વેપારી**





મેઈન બજાર, નખત્રાણા-કચ્છ.

ફોન : (ઓ.) (૦૨૮૩૫) ૨૨૮૩૦ (રહે.) ૨૨૦૩૦

હાર્દિક શુભેચ્છા સહ....

# ઓમ ડિઝાઈન્સ

## બંગડીવાળા

**Since : ૧૯૬૫**

**દરેક ટાઈપની નક્કર બંગડીઓ બનાવનાર**

**CNC બંગડીના સ્પેશિયાલિસ્ટ**

**વેપારી ભાઈઓ માટે "ખુશખબર"**

આપના ગ્રાહકને તૈયાર ફેન્સી બંગડી બનાવવા માટે તથા ઓર્ડર લેવામાં ખૂબ જ સરળ પડે તે માટે આખી બંગડીઓ સેમ્પલ માટે મળશે...

* * *

**ઓમ ડિઝાઈન્સ,** ગ્રાઉન્ડ ફલોર, સંભવનાથ ખડકીની સામે, ઝવેરીવાડ, રતનપોળ, અમદાવાદ-૩૮૦૦૦૧.

ફોન : ૦૭૯-૨૫૩૫૯૮૧૬, ૨૫૩૫૦૯૭૯ મો. ૯૮૯૮૧૨૬૪૭૦

**અમારી બીજી કોઈ શાખા નથી.**

## WISHING YOU A JOYOUS NEW YEAR!

*Jayesh B. Pomal* + 91-9424225067, +91-9329599889
*Shobhna J. Pomal* + 91-9300445567
*Rishabh J. Pomal* + 91-9039103302
*Chirag J. Pomal* + 91-9424233586 +91-9302155574

Symbol of Quality

# Adarsh Industries

Manufactures of:
Wireless Towers, Watch Towers, Sign Boards,
Tubular Structures, Trollies

**Office:**
36/588, "Pomal Wings"
Fawwara Chowk, Byron Bazar, Raipur (C.G.)
Tele fax:0771-4068987

**Factory:**
Near SBI Colony, Hirapur,
P.O. Tatibandh, Raipur (C.G.)

Email: adarshindustriesraipur@yahoo.com
**website: www.adarshindustriesraipur.comz**



*Jayesh B. Pomal* + 91-9424225067, +91-9329599889
*Shobhna J. Pomal* + 91-9300445567
*Rishabh J. Pomal* + 91-9039103302
*Chirag J. Pomal* + 91-9424233586 +91-9302155574

JRC STEEL

# JRC STEEL INDIA PVT. LTD.

**Manufacturers:R.C.C. Poles, Barbed Wire, Chain Links,**
**Deal: Joints, Channels, Angles, TMT Bars**

**Office:**
36/588, "Pomal Wings"
Fawwara Chowk, Byron Bazar, Raipur (C.G.)
Tele fax:0771-4068987

**Site:**
Tendua – Sondongri Road,
Tendua, Raipur (C.G.)

E-mail: jrcsteelraipur@yahoo.com

RNI No. Gujguj/2005/16692 Posted at PSO Ahmedabad.




Printed & Published by : Shri Manubhai Vitthaldas Kotadia on behalf of Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal. Printed at : Madhavi Offset, Kankaria, Ahmedabad - 380 021. Published at : Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal, 14, Dhaval Jewellers, Chandla Odd, Manek Chowk, Ahmedabad-380 001. Editor : Shri Hansraj Kansara. Price : Rs. 20.00